1944 - १९४४

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૭

મુંબઇ: ૧ જાન્યુઆરી ૧૯૪૪ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

## સર્વધર્મ સમભાવ

(૧૯૪૦ ના નવેંબર માસના 'નવચેતન'ના અંકમાં લેસિંગ કૃત 'Nathan the wise' નામના એક જર્મન નાટકનો અધ્યાપક ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડયાએ કરેલા અપ્રગટ અનુવાદનો એક પ્રવેશ 'ચમત્કારી વીંટી' એ મથાળાથી પ્રગટ થયો હતો તે અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. નાટકમાંના નીચેના પ્રવેશની વસ્તુ 'સર્વધર્મ સમભાવ' એ મથાળાથી વધારે સારી રીતે સૂચિત થાય છે એમ સમજીને મથાળું ફેરવવાની છૂટ લીધી છે. પરમાનંદ.)

જર્મન નાટકકારોમાં લેસિંગ ઉંચું સ્થાન ભોગવે છે. ૧૮મી સદીમાં એ થઇ ગયો. આ એનું એક ઉત્તમ ને બહુ લોકપ્રિય થયેલું નાટક છેઃ સન ૧૭૭૯ માં તે પ્રગટ થયું હતું. 'One of the noblest pleas for toleration ever penned' અર્થાત્ ધાર્મિક સહિષ્ણુતાની આવી ઉચ્ચ ઉદાર વકીલાત કલમથી કદિ પણ લખાઇ નથી, એવી તો એની ખ્યાતિ છે. જર્મનીમાં તેમ જ અન્ય દેશોમાં, ભજવાતા નાટક તરીકે તેમ જ સાહિત્ય તરીકે એ પંકાયલું તથા પ્રિય થઇ પડેલું છે. એને જર્મનીનું મ્હોટામાં મ્હોટું ધાર્મિક કાવ્ય કહેવામાં સન્ડરલેન્ડે જરા ય અત્યુક્તિ કરી નથી.

યૂરોપખંડના ખ્રિસ્તિઓ મુસ્લીમોની કનેથી જેરૂસલેમ પાછું મેળવવાને એશિઆખંડ ઉપર ચઢી આવી યુદ્ધ કરતા હતા, તે Crusadesનું યુદ્ધ આ નાટકના સ્થળ તથા સમયની ભૂમિકા છે. મુસ્લીમોનો નેતા, જેને અંગ્રેજી લખાણોમાં સેલેદિન કહ્યો છે તે, સલાઉદ્દીન પોતાની બેહદ ઉદારતાથી, તેમ જ અન્ય સંયોગોથી, નાણાંની ભીડમાં આવી ગયો છે. નિરંકુશ સત્તાવાળા અધિકારીઓનો તેવી હાલતમાં સુલભ ઉપાય એજ હોય છે કે ધનાઢય શાહુકારોને નીચોવવા. તેમાં ય એ શાહુકાર વિધર્મી કે અન્યધર્મી હોય તો વળી સૌથી ઉત્તમ. જેરૂસલેમના ધનાઢયમાં ધનાઢય યહૂદી વેપારી નેથનને આ રીતે સુલતાનની પાસે હાજર થવાનું કહેણ મળે છે. પણ સત્ત્વશાલીઓની પ્રકૃતિ ગમે તેવી વિપત્તિમાં ય વિકૃતિને પામતી નથી. તેમ ધમકી કે જોરજુલમથી પૈસા કઢાવવા એ મહાનુભાવ સુલતાનથી બન્યું નહિ. વળી નેથનનું ધન જેટલું મશહૂર હતું એથી ય વધુ મશહૂર એની દાનેશમંદી હતી. એ મુંઝવણમાં કાંઇક સાચા કુતૂહલથી ને કાંઇક યુક્તિથી કામ લેવાની ઇચ્છાથી સલાઉદ્દીન પ્રશ્ન મૂકે છે : ઇસ્લામી, યહૂદી ને ઇસાઇ એ ત્રણ ધર્મોમાં ખરો ને સાચો ધર્મ કીયો ?

પ્રશ્નની વિકટતા તેમ જ પ્રશ્ન એ માત્ર પૈસા કઢાવવાની જાળમાત્ર હોય—એ કળી જતાં ચતુર નેથનને જરા ય વાર લાગતી નથી. તેમ છતાં એણે પણ સલાઉદ્દીનની ખ્યાતિ સાંભળી હતી, ને પ્રશ્નમાં સાચી જીજ્ઞાસા હોઇ શકે એ સંભવ પણ એની વિશાળ દૃષ્ટિની બહાર રહી શકયો નહિ. ઉત્તર તરીકે એક વાર્તા કહેવાની એ રજા મેળવે છે. હવે વ. ...

**નેથન** :—અતિ પુરાતન કાળમાં પૂર્વ તરફના ખંડમાં એક માણસ રહેતો હતો, જેને કોઇ સ્નેહી તરફથી અમૂલ્ય કીમતની એક વીંટી મળી હતી. એ વીંટીમાં એક તેજસ્વી રત્ન હતું. તેમાંથી સેંકડો સુંદર ને રંગરંગી કિરણો સૌ દિશામાં ફુટી નીકળતાં હતાં. વળી એમાં એક એવી ભેદભરી શક્તિ હતી કે જે માણસ એ વીંટીને પૂરી શ્રદ્ધાથી પહેરી રાખે તે પરમેશ્વરને તેમ જ મનુષ્યમાત્રને પ્રિય થઇ જાય. પછી એ પૂર્વવાસી એ વીંટીને કદિ ય અળગી થવા ન દે એમાં શી નવાઇ હતી? વળી, એથી જ, એણે પાકો દૃઢ નિશ્ચય કર્યો કે આ વીંટી તો હવે મ્હારા વંશમાં જ રહેવી જોઇએ. એટલા માટે એણે એ અંગુઠી પોતાની પાછળ પોતાના વ્હાલા પુત્રને સોંપી, અને સાથે એવી કડક શરત કરી કે એ પુત્રે પણ, એવી જ રીતે, પોતાની પાછળ, પોતાના પુત્રોમાં જે એને સૌથી વધારે પ્રિય હોય તે પુત્રને એ વીંટી સોંપી જવી, અને આ પ્રમાણે પેઢીએ પેઢીએ જે પ્રિયતમ પુત્ર હોય તે એ વીંટી પામે અને વળી, પોતે મ્હોટો પુત્ર હોય કે ન હોય તો પણ તે, એ વીંટીને જ પ્રતાપે, આખા કુળનો નાયક થઇને રહે. સુલતાન, હું પૂછું છું કે મ્હારૂં કહેવું ત્હમે બરોબર સાંભળ્યું ને?

**સલાઉદ્દીન** :—હા, હા, પછી?

**ને** :—અને આ રીતે એ વીંટી પિતાની કનેથી પુત્રને વારસામાં ઉતરતી ચાલી. એમ કરતે કરતે તે એક એવા પિતાની પાસે પહોંચી જેને ત્રણ પુત્રો હતા. એ ત્રણે એનું મન એકસરખી સારી રીતે રાખતા, એટલે એ ત્રણેને એકસરખા ચ્હાવાની એને ય ફરજ પડી હતી. તે છતાં, વખતોવખત એમ બની જતું કે એ ત્રણ પુત્રમાંનો કોઇ એક જ એની પાસે એકલો રહ્યો હોય, ને બીજા બે ગેરહાજર પુત્રોએ ઉભરાતા સ્નેહવાળા એના હૃદયમાં તે ક્ષણે ભાગ પડાવ્યો ન હોય, તેવે વખતે તે પિતાને એમ ખાતરીથી લાગતું કે પોતાની પાસે છે એ પુત્ર જ આખરે સૌથી વધારે લાયક છે. આમ ત્રણેને માટે બનતું. એમ કરતે કરતે પરિણામ છેવટે એ આવ્યું કે એનાથી પ્રેમાળ નિર્બળતાના આવેશમાં ત્રણે ય ને અલગ અલગ ખાનગી વચન આપી જવાયું કે હું ત્હને જ આ વીંટી આપી જઇશ. આમ થોડો વખત ચાલ્યું, પણ એ સ્થિતિ નભી ક્યાં લગી રહે? ન છૂટકે એ પિતાને પોતાની આખરી ઘડીનો વિચાર કરવો પડયો, અને ત્યારે આ લાયક પિતા બહુ જ મુંઝાઇ ગયો. આખરે પણ ત્રણમાંના કોઇ પણ બે વ્હાલા દીકરાઓ

સાથે વચનભંગ તથા વિશ્વાસઘાત કરવાં પડશે—એ વિચાર જ એના કુંણા દિલથી વેઠી શકાયો નહિ. હવે શું થઇ શકે? તાબોડતોબ એક હુશિયાર ઝવેરીને એણે ખાનગીમાં બોલાવ્યો અને એને હુકમ આપ્યો કે પેલી ચમત્કારી વીંટીના જેવી જ આબેહુબ બીજી બે વીંટીઓ તૈયાર કરી લાવ: ગમે તે ખર્ચ થાય તો ય. પોતાની કારીગીરીથી ઝવેરીએ આ મુશ્કેલ કામ પણ કર્યું—એવું સરસ કે જ્યારે ઝવેરી એ ત્રણે વીંટીઓ લઇને એની પાસે હાજર થયો ત્યારે એ પિતા પોતે ય પરખી ન શકયો કે ખરી વીંટી કયી ને નકલી કયી. પછી હર્ષભર્યા દિલથી એણે પોતાના પુત્રોને પોતાની પાસે તેડાવ્યા—એક પછી એક ને અલગ અલગ, દરેકને પોતાની ખાસ આશિષ આપી અને એને માટેની વીંટી અર્પણ કરી. પછી તે મરણ પામ્યો. સુલતાન, સાંભળો છો ને?

**સ**:—(ગુંચવાડામાં બાજુએ નજર કરતે કરતે) હા, સાંભળું છું, સાંભળું છું. ચાલ, હવે, વાતનો પાર આણ.

**ને**:—પાર આવી જ ગયો છે. પછી શું બન્યું તે બરોબર કલ્પી શકાય. હજી તો હમણાં જ એ પિતા મરણ પામ્યો છે, એટલામાં તો દરેક પુત્ર પોતપોતાની વીંટી સાથે આવી પહોંચ્યો અને દરેક જણ કુલપતિનો દાવો કરવા મંડયો. તેઓએ પૂછપરછ ને તપાસ કરવા માંડી, પછી એક બીજાની ઉપર આળ મૂકયાં, ને છેવટે તેઓ વઢવા લાગ્યા. પણ એ બધું વ્યર્થ હતું—કયી વીંટી સાચી છે ને કયી ખોટી છે એ કોઇથી ય પૂરવાર થઇ શકયું નહિ—

[ સ્હેજ અટકે છે; તે દરમ્યાન સુલતાનને બહુ બારીકીથી નિહાળે છે. ]

તે પૂરવાર કરવું લગભગ એટલું જ અશકય હતું જેટલું અશકય આજે ત્રણ ધર્મોમાંથી કયો એક જ ધર્મ સાચો છે એ પૂરવાર કરવાનું આપણે માટે છે.

**સ**:—નેથન, શું મ્હારા સવાલના જવાબ તરીકે આ ચલાવી લેવાનું છે?

**ને**:—ના, સુલતાન. ફકત વધારે સારો જવાબ નથી એ દર્શાવવાના બહાના પૂરતો એનો ઉપયોગ છે. પિતાએ પોતે જ જાણી જોઇને એવી વીંટીઓ યોજી કે ત્હેમની વચ્ચે કાંઇ ફરક પાડી શકાય નહિ; તો પછી તેઓની અંદર ખરાંખોટાંનો ભેદ કરવાની ધૃષ્ટતા હું કેવી રીતે કરી શકું?

**સ**:—વળી પાછી વીંટીઓ! મ્હારી સાથે રમત કરતો નહિ. મ્હારૂં ધારવું તો એ છે કે જે ત્રણ ધર્મોની વાત મ્હેં ત્હારી આગળ મૂકી, ત્હેમની વચ્ચે તો સ્હેલાઇથી ફરક પાડી શકાય એમ છે: માત્ર પહેરવેશ ને ખાનપાન એ જ લઇએ તો તેઓ એથી જ આ ત્રણેમાં તફાવત કરી શકાય.

**ને**:—પણ કોઈ મૌલિક ભેદથી તો નહિ જ ને? શું એ સૌ ધર્મો ઇતિહાસના પાયા ઉપર ઉભા થયા નથી? તે ઇતિહાસ લિખિત હોય કે વાણીનો—દન્તકથાનો હોય, તેથી શું? આખરે ય ઇતિહાસ તો શ્રદ્ધાથી જ સ્વીકારાય છે: તો આપણી શ્રદ્ધાની ઉપર સારામાં સારો હકક કોનો છે? બેશક, આપણા પોતાના જ લોકોનો, જેનું લોહી આપણે છીએ, જેઓના સ્નેહની પ્રતીતિ આપણને બચપણથી જ થયેલી છે, અને જેઓએ આપણને કદિ ય છેતર્યા નથી—સિવાય કે કદિક કોઇ પ્રસંગે જ્યારે આ પ્રેમાળ વ્યંજના ખુદ સત્યના કરતાં ય આપણે માટે વધારે કલ્યાણકારી હોય. ત્હમે ત્હમારા પૂર્વજોની ઉપર જે ભરોસો રાખો છો તે કરતાં ઓછો ભરોસો મ્હારા પૂર્વજોની ઉપર હું કેમ રાખું? અથવા તો હું ત્હમને પણ એમ કેમ કહી શકું કે કેવળ મ્હારા પૂર્વજોની સાથે સંમત થવાને ખાતર ત્હમે ત્હમારા પોતાના પૂર્વજોને ખોટા પાડો?—અને આ બધું મ્હેં કહ્યું છે તે ખ્રિસ્તિઓને પણ એવી જ સારી રીતે લાગુ પાડી શકાય. શું એમ નથી?

**સ**:—(સ્વગત) જીવતા અલ્લાહના કસમ, આ આદમી તદ્દન ખરો છે; મ્હારે ચૂપ થવું પડશે.

**ને**:—ત્યારે આપણે ફરીથી આપણી વીંટીની વાર્તા તરફ વળીએ. મ્હેં આગળ કહ્યું તેમ પેલા છોકરાઓએ સ્હામસ્હામાં દાવા માંડયા; તેઓમાંના દરેકે કાજીની પાસે સોગન ખાઇને કહ્યું કે મ્હારી વીંટી મ્હને ખુદ મ્હારા બાપુના હાથથી જ સીધી મળેલી છે—જે વાત તદ્દન સાચી હતી—અને તે પહેલાં કેટલા ય વખત થયાં એ વીંટી મ્હને એકલાને આપી જવાનું વચન બાપુએ મ્હને આપ્યું હતું—એ વાત પણ તદ્દન સાચી હતી. એકએક દીકરાએ પ્રતિજ્ઞા ઉપર કહ્યું કે મ્હારા બાપુ મ્હારી સાથે આવો દગો ને વિશ્વાસઘાત કરે જ નહિ. આવા પ્રેમાળ પિતાની વિરૂધ્ધ આવું માનવાના કરતાં—જો કે મ્હારા ભાઇઓને વિષે અનુદાર તર્ક કરતાં મ્હને ઘૃણા ઉપજે છે તો પણ—બીજા બન્ને ભાઇઓની ઉપર કોઇ દુષ્ટ તર્કટનો આરોપ મૂકવાની લાચારીથી જરૂર પડે છે. અને હવે તો એમના દગાના ઘડાને હું ફોડીશ જ, અને આવી ક્રૂર નુકશાનીનો બદલો લઇશ.

**સ**:—વારૂ, પછી કાજીએ શું કર્યું? એને મ્હોડે તું શુ કહેવરાવે છે એ સાંભળવા હું આતુર છું. પછી, પછી, કહેને.

**ને**:—કાજીએ આમ ફેંસલો કર્યો: ત્હમે ત્હમારા પિતાને લાવો અને ન્યાયાસન આગળ રજુ કરો, નહિ તો મ્હારે ત્હમારો દાવો કાઢી નાખવો પડશે: શું ત્હમે ત્હમારા મનમાં એમ સમજો છો, હું અહીં ઉખાણાં ઉકેલવાને માટે છું?—અથવા તો ખરી વીંટી એની મેળે જ શાયદ ખુલ્લી પડશે, ત્યાં લગી ત્હમે ખમી જાઓ તો. અરે, પણ, ઉભા રહો. ત્હમે કહ્યું છે ને કે ખરી વીંટીમાં એવી જાદુઇ શકિત છે કે એને જેણે પહેરી હોય તે ઇશ્વરની તેમ જ માનવીની દૃષ્ટિમાં, બીજા સૌ કરતાં વધારે પ્રિય થઇ જાય. બસ, આ એક જ વાતથી ઝઘડાનો નિકાલ થઇ જવો જોઇએ. પેલી નકલી વીંટીઓમાં આવી શકિત નથી—ત્યારે કહો, ત્હમારા ત્રણમાં એવો કોણ છે જેને બીજા બેઉ સૌથી વધારે ચ્હાય છે?—કેમ, કશો જવાબ દઇ શકતા નથી? ત્યારે ત્હમારી વીંટીઓ બહારનાઓ ઉપર અસર નથી કરતી પણ અંદર જ, ત્હમારા પોતાના મનની ઉપર જ, અસર કરે છે, કારણ કે ત્હમને દરેકને પોતપોતાનો જ મોહ છે એમ જણાઇ આવે છે. અરે, ત્યારે તો ત્હમે ત્રણે ય ઠગાઇ ગયા છો, ને ભેગભેગા ત્હમે ત્રણે જાતે ઠગ પણ છો: અને ત્હમારી ત્રણે વીંટીઓ ખોટી ને નકલી છે—સાચી વીંટી, બહુ સંભવ લાગે છે કે, ખોવાઇ જ ગઇ હશે, અને એ ખોટ છુપાવવાને માટે તથા એની બદલીમાં, ત્હમારા બાપુએ તદબીર કરી આ ત્રણ વીંટીઓ બનાવરાવી હશે.

**સ**:—શાબાશ! શાબાશ!

**ને**:—અને પછી કાજીએ આગળ કહ્યું—મ્હેં જે ચૂકાદો હમણાં કર્યો તે ત્હમને જેટલો અણગમતો લાગ્યો હશે એથી ય વધુ અણગમતી મ્હારી સલાહ ત્હમને કદાચિત લાગશે. જો એમ હોય તો ચાલતી પકડો—પણ મ્હારી સલાહ આ છે. આજે જે વસ્તુસ્થિતિ છે, બરોબર ત્હેનો જ સ્વીકાર કરો. જો ત્હમારામાંથી દરેકે દરેકે પોતાની વીંટી સાચેસાચ ખુદ ત્હમારા બાપુના હાથથી જ મેળવી હોય, તો દરેક પોતપોતાની વીંટી ખરી અસલી છે એમ માની લે. કદાચિત્ ત્હમારા પિતાના મનમાં એમ થયું હશે કે આ ખાસ વીંટીનો દબાવ ને ત્રાસ મ્હારા વંશજોની ઉપર રહે નહિ. એટલું તો ખાતરીથી માનજો કે ત્હમને સૌને ચ્હાતો હતો, ને સૌને એકસરખા ચ્હાતો હતો: કારણ કે, ત્હમારામાંના કોઇ એકની ઉપર મહેરબાની કરવા ખાતર બીજા બે

જણને નુકશાન કરવું એ એને ગમ્યું નથી. વારૂ, ત્યારે, હવે ત્હમારે દરેકે ત્હમારા બાપુના આ નિષ્પક્ષ પ્રેમની—જે પ્રેમ કોઇ જાતના આગ્રહથી કે કોઇ તરફના પક્ષપાતથી એટલો બધો મુક્ત હતો તે પ્રેમની હરિફાઇ બાંધવાની છે. જે વીંટી ત્હમે પહેરો છો ત્હેના સદ્ગુણો સાબિત કરવાના ઉદાર કલહમાં ત્હમે હવે એકબીજાની સ્પર્ધા કરો: અને આ હેતુ સાધવાને માટે સૌમ્ય નમ્રતા, હૃદયની સહિષ્ણુતા, શુદ્ધ સાચી હિતૈષિતા અને ઇશ્વરેચ્છાને અધીનતા—એ સૌને ત્હમારી સહાયે આવવા દો.—અને જો, પછીના દૂરના કાળમાં, ખરા હીરાના ગુણો ત્હમારા છોકરાઓમાં ઉતરેલા દેખાશે, તો તેઓને, હજારો હજારો વર્ષો વીત્યા બાદ ફરીથી આ ન્યાયાસનની આગળ બોલવવામાં આવશે. તે વખતે મ્હારા કરતાં બહુ વધુ ડાહયો એવો કોઇ પુરૂષ આ આસને વિરાજતો હશે, અને તે ચૂકાદો આપશે.—હવે, જાઓ. આ પ્રમાણે તે પ્રજ્ઞાવાળો ન્યાયાધીશ બોલ્યો.

**સ** :—યા અલ્લાહ!

**ને** :—ઓ સલાઉદ્દીન, પેલો સંકેત થયેલો વધારે ડાહયો ન્યાયાધીશ ત્હમે પોતે જ હોઇ શકો તો!

**સ** :—(આગળ પગલાં ભરી નેથનનો હાથ ઉમળકાથી ઝાલી) હું! ખાક તથા નાચીજ જેવો છું તે હું! ના રે ના, નહિ જ.

**ને** :—સુલતાન, ત્હને શી વ્યથા થઇ?

**સ** :—ના, નેથન, નહિ જ. એ દાના ન્યાયાધીશને આવવાનાં હજારગણાં હજાર વર્ષો હજી વીતી ચૂકયાં નથી; તેમ એનું ન્યાયાસન પણ કાંઈ સલાઉદ્દીનને માટે નથી. હવે તું જા-પણ, મ્હારો મિત્ર થઇને રહેજે.

અનુવાદક—**કાન્તિલાલ છગનલાલ પંડયા.**

---

## પરિગ્રહ વિચાર

એક વસ્તુ આપીને એટલા જ મૂલ્યની બીજી વસ્તુ લેવી એ ચોરી નથી. પણ વાજબી કરતાં વધારે મૂલ્ય લેવું તે ચોરી છે, નક્કી કરેલી સામાજિક સરતનો ભંગ થતો હોવાથી વિશ્વાસ ઘાત પણ છે અને બીજાઓ નબળા તથા લાચાર હોવાથી એમની લાચારીનો એ રીતે લાભ લેવો એ હિંસા છે. પરિગ્રહમાં આવાં ઘણાં પાપો સમાઇ જાય છે.

"ધનનો અધિકો સંગ્રહ સમાજના નિયમથી વિરૂદ્ધ છે. મૂળ વાત એવી છે કે દરેક માણસે કંઇ સેવા કરવી અને બદલામાં સેવા લેવી. તમારી સેવા વધારે કીંમતી હોય તો સમાજ પાસેથી તમે અધિક સેવા લઇ શકો. આજ ને આજ એ ન લઇ શકો તો આવતી કાલને માટે તમે થોડું ધન સંઘરી રાખો. એ ધનના બદલામાં તમને એટલી સેવા લેવાનો અધિકાર મળે. બાકી તમે પેઢી દર પેઢી ધનનો સંઘરો કર્યા કરો તો એ ચોખ્ખો વિશ્વાસઘાત છે. આપણા બાપદાદા આપણને વારસામાં જે ધનસંપત્તિ આપતા ગયા છે તે એમને સમાજસેવાના બદલારૂપે મળી હતી, એટલે કે એમની સેવા ઘણી મૂલ્યવાન હતી તેથી સમાજે રાજીખુશીથી આપી હતી એમ ન કહેવાય. ખરી વાત એ છે કે સમાજે આપલે માટે જે નિયમો બાંધેલા તેના ઓઠા નીચે એમણે જે ચાલાકી વાપરી અને એ ચાલાકીના પરિણામે જે લૂંટ ચલાવી અને સંપત્તિ મેળવી તેનો આપણને વારસો મળ્યો. એને છેક નિર્દોષ કે નિષ્પાપ તો કેમ કહેવાય? પરિગ્રહ એ લૂંટ યા ચોરીનો જ એક પ્રકાર છે. પાપ કર્યા વિના કોઇ પણ માણસ અધિક ધનસંગ્રહ કરી શકે નહિ. એટલા સારૂ જ મેં શરૂઆતમાં કહ્યું તેમ સમાજમાં દાનદ્વારા છૂટે હાથે સંપત્તિ વેરી દેવી અથવા વાવી દેવી એ ધનવાનોનું મુખ્ય કર્તવ્ય છે. એ પાપનું પ્રાયશ્ચિત પણ છે.

'નવી દુનિયામાંથી સાભાર ઉદ્ધૃત'

# ધર્મની વિકૃતિ : માનવતાની ક્ષતિ

આજે ધર્મના નામે નાસ્તિક અને આસ્તિક, મિથ્યાત્વી અને સમકિતી, ખ્રીસ્તી અને યહુદી, મૂર્તિમંડક અને મૂર્તિખંડક પાક અને નાપાક, આર્ય અને મ્લેચ્છ—આવા અનેક ઝગડા પેદા છે. તેમાં ઇતિહાસ કે ખગોળ—ભૂગોળની દૃષ્ટિએ સ્થળ, કાળ, અને તિથિના ઝગડા પેદા છે; વિજ્ઞાનની દૃષ્ટિએ સૃષ્ટિ ઇશ્વરરચિત છે કે સ્વયંભૂ ઉભી થયેલી છે તેવી માન્યતાના ઝગડા પેદા છે અને કેટલીએક ક્રિયાઓ અને વિધિઓના પણ ઝગડા પેદા છે, જેણે આજે માનવજીવનના વ્યાપક ધર્મને કુંડાળાનો ધર્મ વાડાનો ધર્મ—બનાવી દઇ સત્વહીન કલહમય કરી નાંખ્યો છે. આ બધી બાબતો ભલે અભ્યાસીઓને ઉપયોગી કે મહત્વની લાગતી હોય, પરન્તુ સામાન્ય જનતાને તેમાં કાંઇ રસ નથી. તેનો તેને ઉપયોગ પણ નથી. છતાંય તેણે આ ઝગડાથી ઘણું ગુમાવ્યું છે એ નિઃસંદેહ વાત છે.

આવી વિવાદગ્રસ્ત અને જેનો તાગ પણ સામાન્ય રીતે ન આવે તેવી ઉંડી અને અર્થહીન બાબતોને વર્ષો સુધી ચાલુ રાખ્યા છતાં પણ નથી તો તે ધર્મનું મહત્ત્વ વધ્યું કે નથી તે વધુ કલ્યાણકારી બન્યો. માનવજાત તો ત્યાંની ત્યાં જ પડી છે—બલ્કે પાછી હઠી છે અને ધર્મવિમુખ બની છે.

જેટલી કાળજી, ભક્તિ કે પૂજા માનવજાતે મોક્ષ કે મુક્તિશિલા માટે કરી છે, જેટલી ગંભીર વિચારણા અગમ્ય કોયડાઓ ઉકેલવા માટે કરી છે, જેટલો કાલક્ષેપ મૂર્તિઓ ઘડવા કે શણગારવા પાછળ કર્યો છે, તેટલી કે તેથી પણ ઓછી કાળજી જો તેણે મનુષ્યત્વની કે માનવતાની કરી હોત, અને તેટલો કાળક્ષેપ જો માનવજાતને ઘડવા કે સંસ્કારી બનાવવામાં કર્યો હોત તો માનવજાત આજે પૃથ્વી ઉપર સ્વર્ગ અને મોક્ષ દેખી શકત, પણ અહિં તો માનવધર્મને માનવજીવનમાંથી આ જગતના જીવનમાંથી ખેંચી લઇ બીજી કોઇ દુનિયામાં લઇ જવામાં આવ્યો છે એટલે આવતા ભવનો વાયદો ફળે કે ન ફળે તે તો સર્વ શકિતમાન જાણે પણ માનવનું વર્તમાન જીવન અનેક રીતે નિષ્ફળ બની ગયું છે. આ ખોટ મોટી છે.

માનવી માટે ભાવી જીંદગી હોય તો ભલે હોય. તેમાં કોઇ વાંધો નથી. પણ તેનું ઘડતર આ જીંદગીના ભોગે કરવાની કાંઇ જરૂર નથી. આજના જીવનનું ઘડતર કરતાં આપોઆપ તેનું ઘડતર થઇ જવાનું છે. ખેડુત જમીન, બીયાં, રોપા અને તેના મૂળીઆની દરકાર કરતાં કરતાં જેમ યથા સમયે આપો આપ ફળ પામે છે તેમ આ જીવન સુધરતાં સુધરતાં આપોઆપ ભાવી જીવનની ભૂમિકા તૈયાર થતી જાય છે અને તેમાં નૂતન ભાવી જીવનમાં સુંદર ફળો પાકે છે. માટે આવતા ભવની ચિન્તા છોડીને વર્તમાન જીવનને સંસ્કારો અને ધાર્મિક મતમતાન્તરો છોડીને સાચી માનવતાને અપનાવો! **વ્રજલાલ મેઘાણી**

---

## શ્રી મહેરઅલીની નાદુરસ્ત તબિયત **નોંધ**

શ્રી. મહેરઅલીની તબિયત રાષ્ટ્રવાદી સર્વ કોઇ યુવક યુવતીની ભારે ચિંતાનો વિષય થઇ પડયો છે. હૃદય રોગ તેમને કેટલાંય વર્ષોથી લાગુ પડયો છે. છેલ્લા જેલવાસે એ રોગને ખુબ સંવર્ધિત કર્યો છે અને એ જ કારણે કેટલાક સમય પહેલાં સરકારે તેમને છુટા કર્યા છે. એ છુટયા ત્યારે તેમની બહુ જ ચિંતાજનક હાલત હતી. વચગાળે તેમને સારો આરામ હતો. પાછી તેમની તબિયત વધારે નાદુરસ્ત અને ચિંતાજનક હોવાના સમાચાર આવ્યા કરે છે. તેમને આરામ આવે અને આપણી સૌની વચ્ચે પહેલાં માફક તેઓ હરતા ફરતા થાય એ સૌ કોઈના દિલની ઝંખના અને પ્રાર્થના છે.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણુમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જાન્યુઆરી ૧ ૧૯૪૪


## આપણી સંસ્કૃતિનો વારસો.

આપણી સંસ્કૃતિના મૂળમાં જતાં પહેલાં સંસ્કૃતિ જેવા સુભગ વિષય આસપાસ સામાન્ય રીતે ગુંથાઇ રહેલી અસંદિગ્ધતાને દૂર કરવી એ ખાસ આવશ્યક છે. સંસ્કૃતિ એટલે પ્રકૃતિનું સંસ્કરણ. બાળક જન્મે છે ત્યારે તેના અંગ ઉપર વસ્ત્ર નથી હોતું. પરંતુ તેના પર આપણે જે વસ્ત્રનું ઢાંકણ કરીયે છીએ તે સંસ્કૃતિ. કયાં પેલો ગુફામાં રહેનારો વનચર પ્રાગૈતિહાસિક કાળનો માનવી અને કયાં આજે સુંદર મકાનોમાં રહેનારો સુંદર વસ્ત્રો પહેરનારો મનફાવતા મોજશોખ કરનારો સભ્યતા, વિચારકતા અને વિપુલ યાંત્રિક ઉત્પાદન શક્તિથી સમૃદ્ધ બનેલો વિજ્ઞાન યુગનો માનવી! તે ગુફામાં રહેનારા મનુષ્ય અને આજના નાગરિક વચ્ચેનો વિકાસ ગાળો તે આપણી સંસ્કૃતિ. મનુષ્ય પ્રકૃતિનું સંસ્કરણ કરે તેને આપણે સંસ્કૃતિના ગૌરવભર્યાં નામે ઓળખીએ છીએ.

ઝાડપાન નહિં, ને મનુષ્ય જ શા માટે સંસ્કૃતિ સર્જક છે તે વિષય વિચારવા જેવો છે. પાશ્ચાત્ય જગતમાં ડાર્વીને મનુષ્યના ઉત્ક્રાંતિ વાદની સ્થાપના કરી છે. આ ઉત્ક્રાંતિવાદના મૂળમાં Survival of the Fittest નો સિદ્ધાંત રહેલો છે. ઉત્ક્રાંતિવાદનો મૂળભૂત મર્મ એ છે કે જે આદમી–કાળ બળની સામે–સંજોગોની સામે ઝઝુમી શકે છે, તેજ જીવી શકે છે. આજદિન પર્યંત મનુષ્ય આ કાળબળ સામે ટકી રહ્યા છે. એટલું જ નહિં પરંતુ ઉત્તરોત્તર પ્રકૃતિ ઉપર વધારે ને વધારે કાબુ મેળવતો ગયો છે. તેનું કારણ શું છે?

પશુ પંખીને કુદરતે સરંક્ષણના સાધનો આપ્યા છે પરંતુ માનવીને કુદરતે એવી કશી બક્ષીસ નથી આપી. પરંતુ મનુષ્યને કુદરતે એક અતિ ઉંચી માત્રાની બક્ષીસ આપી છે અને તે બુદ્ધિ. મનુષ્ય પોતાના બુદ્ધિબળે પોતાના અનુકુળ ઉપાયો યોજી લે છે. એટલે સમગ્ર જીવ સૃષ્ટિમાં મનુષ્ય રાજા જેવો છે. હાથી જેવું પોતામાં બળ ન હોવા છતાં મનુષ્યે હાથથી અનેકગણી શક્તિવાળા યંત્રો શોધ્યા. હરણ જેવી ચપળતા ન હોવા છતાં તેથી પણ વધારે વેગવાળી મોટરકારો શોધી. પાંખ નથી છતાંયે માનવીએ પંખીથી વધુ ઉંચે લઇ જનારા વિમાન તૈયાર કર્યાં મનુષ્યમાં કુદરતે જે બુદ્ધિ મૂકી છે તેના વિકાસ અને ઉપયોગથી મનુષ્યે કુદરતની પ્રતિકુળતાઓ ઉપર વિજય મેળવ્યો છે. જેમ જેમ સંસ્કૃતિ વિકાસ પામતી ગઇ તેમ તેમ મનુષ્યની શક્તિ પણ વધતી ગઇ.

મનુષ્ય કાંઇ જન્મ લેતાની સાથે સંસ્કૃતિ લઇને નથી આવતો. એ તો જન્મ પામ્યા પછીનો સુધારો છે. દા. ત. બતક પક્ષીના બચ્ચાં વિયાંય કે તરત જ તરવા મંડી જાય છે. આની પાછળ કુદરતી પ્રેરણા છે, જે મનુષ્યમાં નથી. મનુષ્યનું બાળક ભલે હિંદી માતપિતાનું હોય પરંતુ જો અમેરીકામાં અને અમેરીકન વાતાવરણમાં જન્મે તો તે ત્યાંના સંસ્કારો મેળવશે. મનુષ્ય આ રીતે પોતાની સંસ્કૃતિ સાથે જન્મતો નથી પરંતુ આસપાસના વાતાવરણમાંથી અનુકરણ કરી પછી બુધ્ધિનો વિકાસ થતાં તે વિચારકતાથી આગળ વધે છે. સંસ્કૃતિ આમ જન્મસિદ્ધ વસ્તુ નથી, પરંતુ આસપાસના વાતાવરણમાંથી મેળવવાની હોય છે એટલે વાતાવરણ સંસ્કારી હોય તો બાળક પણ સંસ્કારી થાય છે. સમાજવાદ પણ એમજ કહે છે કે ગરીબો આસપાસ શોષણનું એવું વાતાવરણ હોય છે કે તે વાતાવરણ દૂર કર્યાં પહેલાં ગરીબોમાં પોતાની અધોગતિની જાગ્રતિ લાવવી અતિ મુશ્કેલ છે.

એજ રીતે સંસ્કૃતિએ કોઇ સ્થગિત વસ્તુ નથી. માણસ જેમ જેમ વિકાસ સધે છે. તેમ તેમ તેની સંસ્કૃતિ સમૃદ્ધ બનતી જાય છે. એકજ સંસ્કૃતિને પકડીને બેસી રહીએ તો તે મોટામાં મોટી ભૂલ છે. સંસ્કૃતિના બે સામાન્ય પ્રકાર છે. સ્થુલ–જડ અને સૂક્ષ્મ. સ્થુલ સંસ્કૃતિનો વિકાસ માનવીને પ્રાથમિક જરૂરીઆતોના ઉકેલ માટેના પ્રયત્ન પરથી થયો છે. મનુષ્યના જીવન નિર્વાહ માટે અન્ન, આશ્રય અને સંરક્ષણ જોઇએ છીએ. આ પ્રાથમિક જરૂરીયાતો પૂરી પાડતાં પાડતાં જે અનુભવ મળ્યો તેમાંથી જે સંસ્કૃતિનું સર્જન થયું તે સ્થુલ સંસ્કૃતિ.

પહેલાં જંગલ અને કોતરોમાં ભમતાં ભમતાં કાચા ફળ અને પ્રાણીના શિકારમાંથી આહાર કરતા હતા તે મનુષ્યો હવે સુંદર મિષ્ટાન આરોગી શકે છે: પગપાળા અરણ્યમાં ભટકવું પડતુ હતું તેને બદલે આજે ઝડપી વાહનો મળે છે. આ રીતે મનુષ્યના બુદ્ધિ વિકાસમાંથી જડ સંસ્કૃતિનો ઉદ્ભવ થયો.

મનુષ્યની પ્રાથમિક જરૂરીઆતો પુરી થઇ ત્યારે બીજા વિષયો આગળ આવ્યા. પોતે કોણ છે? પોતે કયાંથી આવ્યો? એ પ્રશ્નો સાથે સાથે મનુષ્યને સૌંદર્યની ઝંખના, સારૂં નરસું જાણવાની ઝંખના થાય છે. આ ઝંખનાને સથવારે મનુષ્ય તત્વ ચિંતનમાં પ્રવેશે છે. તે સાહિત્ય અને કલાને વિકસાવે છે. શ્રેય, અશ્રેય પરથી મનુષ્યને જાતિ–અજાતિના વિચારો સુઝે છે. અને એવી રીતે લોક વ્યવહારમાંથી આદર્શ સામાજીક જીવન પણ ઘડાય છે.

ઘણાને એમ લાગે છે કે પાશ્ચાત્ય દેશોમાં જડ સંસ્કૃતિનું પ્રાધાન્ય વધારે છે અને આપણે આધ્યાત્મિક સંસ્કૃતિ પ્રત્યે વધુ ઢળેલા છીએ. દેખીતી રીતે એ સાચું લાગશે, પરંતુ વાસ્તવમાં તે માન્યતા સાચી નથી. આપણે પણ વિજ્ઞાનવાદ તરફ ઢળ્યા હોત. પરંતુ જે ઠેકાણે આપણો વિકાસ થંભી ગયો, ત્યાંથી ઉઠી આગળ ચાલીને પાશ્ચાત્ય દેશોએ વિજ્ઞાનની શોધો કરી પ્રકૃતિ ઉપર મહાન વિજય મેળવ્યો છે. એ વિજયના ઉન્માદમાં જડ સંસ્કૃતિને વધુ પડતું મહત્વ પાશ્ચાત્ય દેશોમાં અપાતું હોય તે બનવાજોગ છે.

વિજ્ઞાન વિહોણી કળા દરિદ્ર રહે છે:–Art without science is Poverty. એ સત્યનો આપણે આજે પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા છીએ. વિજ્ઞાન પ્રત્યે દુર્લક્ષ સેવવાને કારણે આપણે ગરીબાઇમાં સબડતાં રહ્યાં છીએ એ કહ્યા વગર છૂટકો જ નથી. એ જ રીતે કલાદૃષ્ટિ વગરનું વિજ્ઞાન એટલે પાશવતા Science without art is Barbarism. અત્યારનો ઘોર સંગ્રામ તેનો પૂરાવો છે.

વાસ્તવિક રીતે તો સ્થૂળ અને સૂક્ષ્મ સંસ્કૃતિઓના સમન્વયની જરૂર છે. એકને ભોગે બીજી સંસ્કૃતિ પોષાય તે ઇષ્ટ નથી. જુના વખતમાં એ બન્ને સંસ્કૃતિઓનો સરસ સમન્વય હતો અને તેથી જીવન સમૃદ્ધ હતું. જીવનકલાની આપણને પિછાન હતી. એ સંસ્કૃતિનો આજે આપણને વારસો મળ્યો છે. આપણી

# કેટલાક સમાચાર અને નોંધ

## ફરતાં પુસ્તકાલયોની પ્રવૃત્તિ:

**અ. સૌ. મુળી બહેન સ્મારક.**

શ્રી. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી જેઓ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના એક સભ્ય છે તેમને પોતાનાં સદ્‌ગત પત્ની શ્રી. મુળી બ્હેનના સ્મરણમાં ફરતાં પુસ્તકાલયોની પ્રવૃત્તિ શરૂ કરવાનો વિચાર આવ્યો અને તે નિમિત્તે તેમણે પોતે કેટલાંક પુસ્તકો આપ્યાં અને પોતાના મિત્રો અને સ્નેહીઓ પાસેથી દરેક જણ દીઠ માત્ર રૂા. ૨૦ ની માગણી શરૂ કરી. અને જેમ જેમ એ રીતે રકમ ભેગી થતી ગઇ તેમ તેમ જુદા જુદા વિષયોને લગતા પુસ્તકોની પેટીઓ તૈયાર તેમણે કરવા માંડી, જેના પરિણામે તેમણે આજ સુધીમાં રૂ: ૫૦૦૦ એકઠા કર્યા છે અને તેમાંથી આજ સુધીમાં ૩૫૦ પુસ્તક પેટીઓ તૈયાર કરી છે. અને જુદી જુદી સંસ્થાઓમાં એ પેટીઓ તેમણે વહેંચી દીધી છે જેની યાદી નીચે મુજબ છે.

| | પુસ્તકો | પેટી |
|---|---|---|
| મુનીશ્રી મોહનલાલજી સેન્ટ્રલ લાઇબ્રેરી | ૧૦૦૦ | ૧૫૦ |
| જૈન મહિલા સમાજ | ૨૫૦ | ૩૦ |
| ભગિની સમાજ | ૩૫૦ | ૧૮ |
| હિંદ મહિલા સમાજ ( મરાઠી ) | ૧૦૦ | ૮ |
| મુંબઇ જૈન યુવક સંઘ પુસ્તકાલય | ૩૦૦ | ૨૪ |
| મુંબઇ હિંદી વિદ્યાપીઠ ( હિંદી ) | ૨૦૦ | ૧૨ |
| માટુંગા ગુજરાતી સેવાસમાજ | ૨૫૦ | ૨૪ |
| સાર્વજનિક વાંચનાલય, અગાસી | ૫૦ | ૪ |
| શાન્તિચંદ્ર સેવાસમાજ, અમદાવાદ | ૩૦૦ | ૩૦ |
| ,, ,, બારેજા | ૧૦૦ | ૧૦ |
| આપારાવ ભોળાનાથ પુસ્તકાલય, અમદાવાદ | ૩૦૦ | ૨૫ |
| રાષ્ટ્રીય યુવક મંડળ, અમદાવાદ | ૧૦૦ | ૧૫ |
| | ૩૩૦૦ | ૩૫૦ |

હમણાં હમણાં તેમણે થોડી પેટીઓ સર હરકીસનદાસ હોસ્પીટલમાં પણ મુકી છે. બીજમાંથી છોડ અને છોડમાંથી વૃક્ષ—એવી રીતે આ ઉત્તરોત્તર વિકાસ પામતી જતી અને સામાન્ય જનતાની જ્ઞાનરૂચિને તૃપ્ત કરતી અને રોચક તેમજ પુષ્ટિકારક વાચન સાહિત્ય પુરું પાડતી આ પ્રવૃત્તિને હાથ ધરવા માટે શ્રી. ભોગીલાલ અમૃતલાલને ધન્યવાદ ઘટે છે. આ વાંચન કશું પણ વેતન કે લવાજમ લીધા સિવાય પુરૂ પાડવામાં આવે છે. ઉપર જણાવ્યા મુજબ જુદી જુદી સંસ્થાઓમાં મુકાયલી પેટીઓ દર પેટી દીઠ રૂા. ૨૦) અનામત લઇને એક માસ માટે આપવામાં આવે છે, અને એક પેટી પાછી લાવે તેને બીજી પેટી આપવામાં આવે છે. પેટી લઇ જનારના કુટુંબને તેમજ આડોશી પાડોશીને વિવિધ વાંચન સાહિત્ય વાંચવાનો લાભ મળે અને સામાન્ય જનતામાં વાંચનનો શોખ કેળવાય એ આ ફરતા પુસ્તકાલયોનો હેતુ છે અને તેથી પ્રસ્તુત પ્રવૃત્તિ સર્વ પ્રકારના આવકાર અને ઉત્તેજનને યોગ્ય છે.

---

સંસ્કૃતિનું તત્વજ્ઞાન એટલું સંગીન છે કે પાશ્ચાત્ય વિદ્વાનો પણ તેના મૂળભૂત સિદ્ધાંતોમાં સુધારો નથી સુચવી શકયા.

એવી જ રીતે સાહિત્ય ક્ષેત્રમાં મહાકવિ કાલીદાસ જેવા સાહિત્ય સર્જકોથી ભારતીય સંસ્કૃતિનું ગૌરવભર્યું સ્થાન છે. એજ રીતે કોઇ પણ ક્ષેત્રમાં ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધિ અને વર્ચસ્વ સ્વીકારવા જ પડશે: પરંતુ ગમે તેટલો વારસો મનુષ્યને આપો પરંતુ જો તે વારસાનું મૂલ્ય આંકી તે ન શકે તો તે નકામું છે. ભારતીય સંસ્કૃતિનું પણ આપણે સાચું મૂલ્યાંકન નહિં કરી શકીએ તો એ વારસો આપણો ટકવાનો નથી. સંસ્કૃતિ કદી સ્થગિત રહી ન શકે. સંસ્કૃતિનો ઇતિહાસ એટલે જ માણસની બુદ્ધિનો વિકાસ. વિકાસ ન થાય તો મનુષ્ય પશુ બની જાય પરંતુ આપણે તો આપણી સંસ્કૃતિને દાબડામાં પૂરીને તેને યાદ કરી કરીને આનંદ માણીએ છીએ. તેના સંસ્કરણની આપણે ચોખ્ખી ના પાડીએ છીએ. એ મૂર્ખાઇની પરિસીમા છે. દરેક વિષયમાં જોઇએ તો કયાં સદીઓ પહેલાંના સંસ્કારી પ્રજાજનો અને કયાં આજના મુંબઇની ચાલીમાં રહેનારા ભાડુતો!!

ભારતીય સંસ્કૃતિ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે, છતાં આપણે જીવનમાં અજ્ઞાનજ નહિ, કેવળ ગુલામ જ નહિ પરંતુ કેટલા બધાં દરિદ્ર છીએ!! આપણી સંસ્કૃતિ આટલી મહાન છે તેમ એક હિન્દુસ્તાનનું ધ્યાની ખેંચવું પડે તે પણ આપણી પામરતાની અવધિ છે. આપણે કેવળ ભૂતકાળમાં રાચીએ છીએ અને બુદ્ધિનો ઉપયોગ કરતાં નથી. મારે તો એટલું જ કહેવાનું છે કે આજના કાળબળને પારખીને આપણે આપણી સંસ્કૃતિને જીવનમાં પચાવવા કટિબદ્ધ થઇએ. એવા પુરૂષાર્થમાંજ આપણી સમૃદ્ધિનું સાર્થકય છે. નહિંતર આપણે મનુષ્યો પશુ કરતાં પણ અધમ છીએ. તેમ જણાવ્યા વગર છૂટકો નથી.

(છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

**હંસાબહેન મહેતા.**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદની આગામી બેઠક વડોદરા મુકામે લેડી વિદ્યાબહેન નીલકંઠના પ્રમુખપણા નીચે ડીસેંબરની તા. ૨૫, ૨૬, અને ૨૭ મીએ ભરાઇ હતી. કળા વિભાગના પ્રમુખ તરીકે જાણીતા ચિત્રકાર શ્રી. કનુ દેસાઇની પસંદગી કરવામાં આવી હતી.

## ડો. બાલાભાઇ નાણાવટીનું ખેદજનક અવસાન

ગયા ડીસેંબર માસની ૨૪ મી તારીખે ડો. બાલાભાઇ નાણાવટીનું ૯૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. ડો. બાલાભાઇ જૈન સમાજની એક અગ્રગણ્ય વ્યક્તિ હતા. તેમના જીવનનો મોટો ભાગ તેમણે વડોદરા રાજ્યની નોકરીમાં પસાર કર્યો હતો. તેઓ કેટલોક સમય વડોદરાના ચીફ મેડીકલ ઓફીસર હતા અને કેટલાંક વર્ષ સુધી સદ્‌ગત મહારાજ સયાજીરાવના ખાસ તબીબ હતા. ડો. બાલાભાઇએ પોતાનું જીવન બહુ જ સાધારણ સ્થિતિથી શરૂ કર્યું હતું અને ઉચ્ચ ચારિત્ર અને ઉત્કૃષ્ટ પ્રકારની કાર્યદક્ષતા વડે તેમણે વડોદરા રાજમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જૈન સમાજ સાથે પણ તેમનો ગાઢ સંપર્ક હતો. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના કેટલાક વર્ષ પહેલાં મુંબઇ ખાતે ભરાયલા અધિવેશનમાં તેઓ પ્રમુખ હતા. સામાજિક તેમજ ધાર્મિક વિષયોમાં તેઓ બહુ જ ઉદાર વિચારો ધરાવતા હતા અને જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે ત્યારે જૈન સમાજની સેવા કરવામાં તેઓ કદિ પાછીપાની કરતા નહોતા. તેમનું અંગત જીવન સાદાઇ અને ઉંડા સૌજન્યથી ભરેલું હતું. તેઓ આજે ઘણું જ આગળ પડતું અને સમૃદ્ધિશાળી કુટુંબ મુકી જાય છે જેમાં તેમના પુત્ર સર મણિલાલ બાલાભાઇ નાણાવટીનું નામ જૈન જૈનેતર સર્વ સમાજમાં બહુ જ જાણીતું છે. તેમના અવસાનથી એક શાણા, દીર્ઘદૃષ્ટિવાળા, સેવાપરાયણ સજ્જન અને માર્ગદર્શક આગેવાન પુરૂષની જૈન સમાજને ખોટ પડી છે. પરમાત્મા તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ અર્પો!

**પુનર્લગ્ન**

માંડલના વતની અને વીરમગામ તાલુકામાં મહાસભાવાદી કાર્યકર ભાઇ લીલચંદ મગનલાલે જૈન વિધવા બ્હેન સાથે પુનર્લગ્ન કર્યાં છે.

**ઇનામી હરિફાઇ**

પાટણ જૈન મંડળ તરફથી 'સ્ત્રીઓની પ્રગતિ રૂંધતા આપણા સામાજીક રિતરિવાજો પણ દેશની ગુલામી માટેનાં અનેક કારણોમાંના એક છે' એ વિષય ઉપર જૈન બ્હેનોમાંથી માગવામાં આવેલા નિબંધમાંથી બ્હેન સરોજ જે. ઝવેરી (મુંબઇ) ને રૂપીઆ ૨૦નું અને રમણબ્હેન દુર્લભચંદ શાહ (ખીલીમોરા) ને રૂપીઆ ૧૦નું સરસ્વતિબાઇ પ્રાઇઝ આપવામાં આવ્યાં હતાં.

પરમાનંદ

**જૈન સાધુઓથી સાવધાન**

હું નીચે સહી કરનાર જીવરાજ ભણુસાલી આથી જૈનોને જાગ્રત કરી જણાવું છું કે મારા નાની ઉમ્મરના પુત્ર ભાઇ લક્ષ્મીચંદને અમદાવાદ ખાતે મારી આપેલી નોટીસ વિરૂધ્ધ જઇને દીક્ષા આપી છે; અને તે દીક્ષા આપનાર શ્રી સીદ્ધિસૂરીજીના શીષ્યના શીષ્ય શ્રી કંચન વિજય છે.

વિક્રમ સંવત ૧૯૯૦ ના મૂર્તિપૂજક સાધુ સંમેલનના ઠરાવ વિરૂદ્ધ મારી પોતાની આજ્ઞા સિવાય ચોરી છુપીથી મારા પુત્રને દીક્ષા અપાઇ છે; તો સાધુઓ પાસે પોતાના બાલકોને મોકલતાં જૈનો અટકે તે દ્રષ્ટીએ જ આ લેખ પત્રોમાં પ્રગટ કરવા મોકલેલ છે. કારણ કે પંચ મહાવ્રત અંગીકાર કરીને પણ આ સાધુઓ જુઠ અને ચોરી કરીને ધર્મનો મહીમા વધારવાના બણુગાં ફુંકનારા છે.

મેં આ સાધુને તાર કરેલ છે અને પત્રો લખેલ છે, તેમજ બીજી છ સંસ્થા અને વ્યકિતઓને પણ તાર કરેલ છે અને પત્રો લખેલ છે. છતાં તેનું પરીણામ પોતાના વૃત્તોને નેવે મુકીને મારી પરવાનગી સિવાય દીક્ષા અપાઇ છે. તે સામે મારો વિરોધ જૈન જનતા સમક્ષ જાહેર કરું છું.

લી૦ જીવરાજ ભણુસાલી.

## સંઘ સમાચાર

**શ્રી. માણેકલાલ ચુનીલાલનાં લગ્ન**

તા. ૧૬-૧૨-૪૩ ના રોજ મળેલી કાર્યવાહી સમિતિએ નીચે મુજબ ઠરાવ કર્યો છે.

ઠરાવ

શ્રી માણેકલાલ ચુનિલાલ એક હયાત પત્ની અને પાંચ હયાત બાળકો છતાં ફરીવાર લગ્ન કરવાના છે એવી વાત ચાર માસ અગાઉ જણાઇ ત્યારે યુવકસંઘના કાર્યકર્તાઓએ એ વાતને પ્રસિદ્ધી આપી આવું લગ્ન શેઠ માણેકલાલ ન કરે તેવી જાહેર પત્રમાં વિનંતી કરી હતી અને તેના પરિણામે શેઠ માણેકલાલે આવું લગ્ન પોતે કરવાના નથી એવો ખુલાસો એક દૈનિક પત્રમાં કર્યો હતો. આ છતાં સૌને અંધારામાં રાખી શેઠ માણેકલાલે આ અયોગ્ય લગ્ન કર્યું છે તેને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહી સમિતિ વખોડી કહાડે છે અને શેઠ માણેકલાલનાં દુઃખી પતિન શ્રી કમળાબ્હેન અને બાળકો પરત્વે સહાનુભૂતિ દર્શાવે છે.

**રાહત ફંડને મદદ** રૂા. ૨૫) ભાઇશ્રી ઝવેરચંદ ભુદરજી તરફથી મળ્યા છે તે સ્વીકારવામાં આવ્યા છે.

**રાહત યોજનાનો લાભ** આજે લગભગ ૭૫ કુટુંબો લઇ રહ્યા છે.

—ગયા અંકમાં સુતર કંતામણની રાહતની યોજના રજુ કરવામાં આવી હતી તે રાહત જાન્યુઆરીની પ્હેલી તારીખથી શરૂ કરવામાં આવશે.

# કલાકારનાં મનોમન્થનો

(ગુજરાતી સાહિત્ય પરિષદનાં પંદરમાં સંમેલન પ્રસંગે કલાવિભાગના પ્રમુખસ્થાનેથી સુપ્રસિદ્ધ કલાકાર શ્રી. રવિશંકર રાવળે..., શ્રી. કનુ દેસાઇએ આપેલું વ્યાખ્યાન)

ગુજરાતી સાહિત્ય પરિષદે સાહિત્યના વિશાળ અર્થ કરી જીવનને ઉન્નત કરનારું સર્વ કોઇ ગણી લઇ કલાને પણ તેના અંગમાં સમાવી લઇ, એક અત્યન્ત ઉદાર અને વિશાળ ભાવનાનો પાયો રચ્યો છે; નહિ તો રંગ અને રેખાના ઉપાસકને ભાષાના પંડિતો આગળ ઉભા રહેવાનો આવો અમૂલો અવસર ક્યાંથી પ્રાપ્ત થયો હોત? મારી વિનમ્ર કલાસેવાઓને ગુજરાત આ રીતે ગણનામાં લઇને મારા જીવનને સધન્ય બનાવે છે અને તેથી હું ગુજરાતના સુજ્ઞ સાહિત્ય ઉપાસકોનો હૃદયથી ઉપકાર માનું છું.

આવાં કાર્યોને લાયક બીજા ઘણા સાહિત્યકારો અને કલાવિશારદો છે, અને તેઓનો સહકાર આપણી કલાના સંસ્કાર અને ઉદ્ધાર માટે જનતાને ઉપકાર થઇ પડયો છે. એ બધાના સુપ્રયાસોથી સાહિત્ય, નાટય, શિલ્પ, સંગીત અને ચિત્રમાં ગુજરાતે નવી અસ્મિતા પ્રાપ્ત કરી છે અને ગુજરાતને ગુણગૌરવ અર્પ્યું છે; પરન્તુ હજુ આમ જનતામાં તેમના આદર્શો અને પ્રતિભા જોઇએ તેટલા પ્રમાણમાં આદર અને સ્વીકારને પ્રાપ્ત થયાં નથી. તેથી આવાં સંમેલનો દ્વારા, તથા દેશની વિદ્યાપીઠો દ્વારા તેની પ્રતિષ્ઠા અને સંપાદનકાર્ય અતિ વિસ્તૃત કરવાની જરૂર છે.

ભૂતકાળમાં તો ધનિક અને સામાન્ય પ્રજાજનોને ચિત્રકળા પ્રત્યે પ્રેમ હતો, તે બતાવતાં પુષ્કળ પ્રમાણપત્રો આપણી પાસે છે. મંદિરો અને પ્રસાદોના ભીંતચિત્રોની શૈલી સાધારણ જનસમાજ નીરખી શકે તેવી હતી; તેમાં સામાન્યથી માંડી ભવ્ય વર્ણનો અને કથાવાર્તાઓમાં ચિતરાયેલી ચિત્રમાળાઓ ઉચ્ચ કોટિના હતાં એમ જરૂર માલૂમ પડે છે. તે જોઇને પ્રેક્ષકોને ઉલ્લાસ અને આનંદ મળતો હતો એવું પણ આપણે વાંચીએ છીએ. પણ અત્યારે તેમાંથી આપણી પાસે થોડા ચિત્રો સિવાય કાંઇ જ રહ્યું નથી.

ઘણા વર્ષો પહેલાની બીજી કલાઓની સાથે સાથે આપણી ચિત્રકલામાં કેટલાક વિવેચકો વિદેશી શિક્ષણ અને સાંપ્રદાયિકતા જુએ છે, તેમને કલાશિક્ષાના પ્રાચીન સંસ્કૃત ગ્રન્થો જોવાની ભલામણ છે. કલાશિક્ષણથી પ્રજાનો ઘણો ભાગ પરિચિત ન હોય તો એ વિષય પર શાસ્ત્રીય વિવેચનો સંભવે નહિ. વિષ્ણુધર્મોત્તરપુરાણમાં ચિત્ર કરવાની ભૂમિકા કેવી રીતે તૈયાર થવી જોઇએ, કેવી જાતની પીંછીઓ ઉપયોગમાં લેવી, ઘરમાં, દીવાલમાં, મંદિરોમાં અને પ્રજાસમૂહને મળવાના આંગણાની દીવાલો પર કેવા ચિત્રો હોવા જોઇએ, તેની વિસ્તારથી ચર્ચા કરેલી છે અને એ મર્યાદાનો ભંગ કરનારને શાપિત ગણેલા છે. એ સમયે ચિત્ર વિનાના ઘરને સ્મશાન સમું ગણવામાં આવતું. એટલું સ્પષ્ટ છે કે રામાયણકાળથી માંડી ૧૮ મી સદી સુધી હિન્દુસ્તાનના પ્રાન્તેપ્રાન્તમાં લોકમાન્ય થયેલી કલા-રૂઢિઓ પ્રચલિત હતી અને સૌમાં પશ્ચિમ હિન્દુસ્તાન અને ગુજરાતમાંથી જેટલો ચિત્રકલાનો ઇતિહાસ મળે છે તેટલો બીજા કોઇ પણ પ્રાન્તમાંથી તે નથી મળ્યો. આજે યુરોપ તથા અમેરિકાના વિદ્વાન મંડળો બહુ એકાગ્રપણે તેનો અભ્યાસ કરવા લાગ્યા છે. એમને હિસાબે આપણી વિદ્યાપીઠો અને શિક્ષણદાતા સંસ્થાઓએ કશું જ કર્યું નથી તેમ કહી શકાય. કાલાન્તરે પણ સચવાઇ રહેલા થોડા ચિત્રો ભારતીય કલાના દ્રષ્ટિબિંદુનું મહત્ત્વ પુરવાર કરે છે. બુદ્ધ અને શિવમંદિર સુશોભનો માત્ર નથી, પરન્તુ તેઓ

લાંબા સમયના ચિંતન અને શોધનની ભૂમિકા પરથી મનઃસંવેદના અને ચિત્તંત્રના અનુભવની ઝાંખી કરાવે છે. અજંતાના ભીંતચિત્રોમાં કલાના અનેક સ્વરૂપો મૂર્તિમંત થયા છે અને ભવ્ય સંસ્કૃતિની સાક્ષી પૂરે છે. તેમાં લાખો ભક્તહૃદયની આરાધ્ય મૂર્તિઓનું ચિત્રકારોએ અપાર્થિવ દર્શન કરાવ્યું છે. આપણા પૂર્વજોને મન કલા એ વિદ્યાપીઠની ચર્ચાનો વિષયમાત્ર નહોતી, કે નહોતી સામાન્ય સંપ્રાપ્તિ, પરન્તુ માનવીનું જીવનને ઉન્નત કરનારૂં તત્ત્વ અને ચિત્તની પરમ સાધના હતું.

મધ્યયુગમાં વિગ્રહ, કલહ અને અહંતાના ઉંડા અંધકારમાં ડૂબી ગયેલા હિન્દુસ્તાનમાં અનેક જગ્યાઓએ કલાનો સોનેરી તંતુ અખંડ સચવાયો છે. બૃહદ્‌ભારતના વિશાળ સંસ્થાનોમાં મધ્ય એશિયા, બાલી, જાવા, સિયામ, તિબેટ અને ચીનમાં અજંતાના કલાના પ્રસાદ સમું રેખાવિધાન સચવાઇ રહ્યું છે. ભારતમાં આ સંસ્કૃતિ અને કલાના સુવર્ણયુગનો કેમ અંત આવ્યો તે ઇતિહાસના પાને પાને લખ્યું છે. પરદેશી આક્રમણો અને પરસ્પરના વિગ્રહોએ આપણી ઘણી સંસ્કૃતિને છિન્નભિન્ન કરી નાખી; છતાં જરાક સ્વસ્થતા થતાં, હિંદની કલાપ્રતિભા ૧૨ થી ૧૮ મા સૈકા સુધી નવા નવા અવતાર ધરતી આવી છે. રુદ્રમહાલ, ડભોઇ, ઝીંઝુવાડા, આબુના દેલવાડાનાં દેરાં, અને તે પછી અમદાવાદ અને ચાંપાનેર, તેમજ ૧૬-૧૭ મા સૈકામાં મોગલ સામ્રાજ્યની જાહોજલાલીએ બધી કલાઓને નવપ્રફુલ્લતા આપ્યા જ કરી છે. ૧૮ મી સદી સુધી હિંદુસ્તાનને મૂર્તિકારો અને સ્થપતિઓની ખોટ પડતી નહોતી.

સર્જન અને સુશોભનોથી ટેવાઇ ગયેલા પ્રજામાનસે, એ સમયે ભારતમાં રજપૂતાના, માળવા અને ગુજરાતમાં નવી શૈલી જન્માવી અને તેનો પ્રચાર ૯ માથી ૧૫ મા સૈકાસુધી ચાલુ રહ્યો હશે, અને તેને જૈન સંપ્રદાય તરફથી બહુ સારો આશ્રય મળ્યો જણાય છે; કારણ કે જેસલમીર, પાટણ, અમદાવાદ, ખંભાત વગેરે જૈન ભંડારોમાં અતિ ઉત્કૃષ્ટ સુશોભન કૃતિઓવાળા ગ્રન્થો આજે પણ મોજૂદ છે; અને તે શ્રી સારાભાઇ નવાબના સુપ્રયાસથી જાણવા મળ્યું છે; પણ તે શૈલી ઇતર સંપ્રદાય અને સાહિત્યમાં પણ એટલીજ સમૃદ્ધપણે ઉપયોગમાં લેવાઇ છે, તે વાત "વસંતવિલાસ" અને "બાલગોપાલસ્તુતિ" આદિ નવા ગ્રન્થો મળતાં સિધ્ધ થયું છે.

ચિત્રકલાની આ વિશિષ્ટ શૈલીએ રાજસ્થાની કલમને જન્મ આપ્યો. એમાં રાગરાગિણીઓ, રાધાકૃષ્ણનાં ગીતો, લોકકથાઓ તથા મહાભારતનાં પ્રસંગોના ઉઠાવદાર અને સુરેખ આલેખનો થયાં છે. ૧૬ મી સદીના મુગમ સમય દરમિયાન રાજપૂત કલમનો સમાદર થયો હતો અને મોગલ શહેનશાહતના સત્કારને પરિણામે, તે રાજપુત કલમે હિન્દમાં અજોડ એવું રંગ અને રેખાનું સૌન્દર્ય, માર્દવ અને લાલિત્ય મેળવ્યું છે.

મોગલ સામ્રાજ્યનાં પતન પછી હિમાલયની નજીકના રાજસ્થાનોમાં કેટલાક ચિત્રકારોને આશ્રય મળતાં; ત્યાંથી પહાડી કલમ નામે ઓળખાતી એક નવી મનોહર ચિત્રશૈલી પ્રચારમાં આવી. રાજપૂત અને પહાડી બન્ને શૈલીમાં ચિત્રિત પ્રસંગો તો એકસરખા જ છે, છતાં સુરૂચિ અને રચના-સૌષ્ઠવમાં રાજપૂત કલમથી આ ચિત્રો જુદાં તરી આવે છે.

અંગ્રેજી શાસનસમયમાં ભારતીય કલાપદ્ધતિની ઉપેક્ષા જ કરવામાં આવી છે; એટલું જ નહિ પણ સુશિક્ષિત અને ધનિક વર્ગોના પ્રોત્સાહનના અભાવે તેનો વિનાશ થવા દેવામાં આવ્યો છે. કલાશાળાઓમાં હિંદી ચિત્રકલાનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતે જ, અને યુરોપમાં જૂની થઇ ગયેલી ચિત્રરૂઢિઓ પ્રમાણે અભ્યાસ ઠોકી બેસાડવામાં આવ્યો હતો; અને હજુ એ ભારતીય કલાનું શુદ્ધ સ્વરૂપમાં અનુષ્ઠાન અને અભ્યાસ કરવાની જોગવાઈ સરકારીતંત્ર કરી શક્યું નથી. ભારતીય સંસ્કૃતિની પરંપરાથી પોષાયેલી એ કલાથી એ શાળાઓનો અભ્યાસક્રમ નિર્લેપ હતો અને પારકી કલા હિંદી માનસમાં સર્જનશકિત જાગૃત કરી શકી નહિ. કલા વિષે કોઇપણ પ્રકારના અભ્યાસક્રમની સોઇ રાખી નહોતી. ચિત્ર, શિલ્પ કે નાટય તેમને મન કોઇ પરભાષાના શબ્દો હતાં, છતાં રોમ ગ્રીસની શકિતના ગુણ ગાતા થાકયા નહોતા.

આપણી અજંતા, ઇલોરા, રાજપૂત અને મોગલ કે રાજસ્થાની કલાસમૃદ્ધિનું પાન કરાવનાર કોઇ જન્મ્યું નહોતું કે કોઇએ એના મૂલ્ય જાણ્યા નહોતાં. આપણા કેળવાયેલા વર્ગ પાસે શબ્દો હતા, લાગણી નહોતી. આપણા દેશના ચિત્રો, ગરબી, નૃત્ય કે ઉત્સવોમાં એમને આનંદ નહોતો અને એથી જ આપણી કલાની અવનતિ થઇ. આપણું ઘર કલા વિનાનું, આનંદ વિનાનું દુઃખી અને વિરૂપ થઇ પડયું. આપણી સંસ્કૃતિ ઉપર વિદેશી અસરની અવધિ થઇ છે. રાચરચીલાથી માંડીને દરેક ચીજો પર તેમની છાપ પડી છે; અને તે એટલે સુધી કે આપણા વિદ્વાનોએ આપણી સંસ્કૃતિના વિવેચનો ભાગ્યે જ દેશની ભાષામાં લખ્યા હશે. સામાન્ય કેળવણી પામેલા વર્ગને પણ કલા વિષેનું જ્ઞાન તો અપ્રાપ્ય જ રહ્યું. પરન્તુ—

સ્વામી વિવેકાનંદ, સિસ્ટર વિવેદિતા, આનંદકુમાર સ્વામી, પ્રિન્સિપાલ હેવલ અને કવિવર ટાગોરના શાન્તિનિકેતનના સંદેશાઓ રાષ્ટ્રોદ્ધારની ભાવના સેવનારાઓએ પહેલા ઝીલ્યા; અને પૂ. ગાંધીજીના આગમન પછીથી તો હિન્દુસ્તાનની સંસ્કૃતિ અને અર્થશાસ્ત્રપર પ્રજાએ નવયુગનિર્માણ કરવા આત્મનિર્ણયનો સિદ્ધાન્ત સાબિત કરી દીધો છે. એટલે હવે યુરોપના મૂલ્યાંકનો ઉપર જ જીવતો કલારસિક વર્ગ આજે ઓછો થતો જાય છે. ભારતીય દૃષ્ટિબિંદુ તેમ જ ભારતીય સંસ્કૃતિની લહેરો બતાવતી કલા લોકાદર પામતી થઇ છે; અને તેમાં આપણી રાષ્ટ્રિય જાગૃતિ લોકોમાં પોતાપણું બતાવવા આગ્રહ જણાવે છે. પોતાના દેશની સંસ્કૃતિ અને પ્રતિષ્ઠા આપવાની તમન્ના જાગી છે. શિક્ષણમાં રાષ્ટ્રિયતા અને સ્વનિર્ણયનો સિદ્ધાંત વિદ્યાપીઠે કબૂલ કર્યો, તેને લઇને જ મારી પોતાની કલા મુંબઇ ઇલાકામાં પ્રવર્તતી કલાથી અલગ માર્ગે વળી છે અને તે કલાની પાછળ શ્રી. હેવલ, શ્રી. અવનીંદ્રનાથ, શ્રી. રવીન્દ્રનાથ ટાગોર, શ્રી. નન્દલાલ બસુ જેવાની તપ્રશ્ચર્યાનું પીઠબળ છે. તેમાંથી જ આત્મપ્રતિભા જાગૃત કરવાનો મંત્ર ગ્રહણ કરી મેં કલાની ઉપાસના અને અનુષ્ઠાન કર્યાં; અને તેના પ્રસાદ રૂપે ગુજરાતને જનતાની અને સાહિત્યની સેવા કરવાની મને અનેક તકો મળી છે. મારી તો ખાત્રી જ થઇ છે કે કલાની દીક્ષા આપવાનો અધિકાર રોમ, ફ્રાન્સ કે ઇંગ્લન્ડની મોટી કલા-પીઠો કે સરકારે નીમેલા અધિકારીઓના હાથમાં નથી. પણ પ્રજાજીવનનો સાચો પરિચય, તેનું લાગણીપૂર્વક દર્શન, અને સહૃદયતાથી કરેલો આવિષ્કાર કલાની કૃતિઓને લોકસન્માન્ય બનાવી શકે છે.

આગળ કહ્યું તેમ, આપનો બધાનો અનુભવ છે કે પચાસ વર્ષ સુધી યુરોપીય ધોરણે અપાયેલું શાળાઓનું ચિત્રશિક્ષણ અને યુરોપીય ગુરૂઓનું વિશૃંખલ કલાઅધ્યાપન ત્રણ, ચાર પેઢીઓ થયાં રાષ્ટ્રિય અભિરૂચિમાં કે રાષ્ટ્રિય ઉન્નતિમાં અથવા કલા કે, સંસ્કૃતિના વિસ્તારમાં કશો ફાયદો આપી શક્યું નથી. તે ઉપરાંત યુરોપની કલા શીખવા યુરોપ જઇ આવેલ અનેક હિંદી કલાપંડિતો પણ હજુ સુધી પ્રાચીન ભારતની કલાકીર્તિને ઉજાળે એવી

કોઇ ભવ્ય કૃતિઓ પ્રજાસન્મુખ ધરી શકયા નથી. આ રીતે કલાતત્ત્વોનો વિચાર અને તૂલ્યાંકન યુરોપને મૂલ્યે કરાવવા જતાં આપણે અપમાનિત અને શૂન્ય પ્રતિભાવાળા ગણાયા છીએ; બલ્કે તેથી ઊલટું જ જે કાળમાં પરદેશનાં કોઇપણ સાધનો અને સહયોગ મળતાં નહિ. તેવે સમયે ભારતે નિજસંસ્કાર બળે જે ભાવના અને કલાશિલ્પની વિરલ સમૃદ્ધિ ઉપજાવી છે તેના આંક સુધી હજુ કોઇ પહોંચી મઠયું નથી, એ શું સૂચવે છે? કલાનિર્માણ માટે અને કલાની રસલહાણ માટે આપણને યુરોપના આદેશો અને મંત્રો કોઇ પણ રીતે ખપમાં આવી શકે તેમ નથી.

વેદો, ઉપનિષદો, રામાયણ અને મહાભારત કે પુરાણો, નાટકો કે મહાકાવ્યો સર્જનારી પ્રતિભા હિન્દમાં જેટલી બહુ પ્રમાણમાં હતી તેટલી જ નૃત્ય, સંગીત, ચિત્ર અને સ્થાપત્યની અપ્રતિમ સૃષ્ટિ ભારતની ભૂમિ પર પાંગરી રહી હતી, અને આજે તેનો પુરાવો માગનાર માણસ મૂર્ખજ ગણાવો જોઇએ.

આપ પૂછશો કે એ સૃષ્ટિના મંત્રગુરૂઓને કયાં શોધવા? યુરોપના પાઠયપુસ્તકો અને વાર્ષિકો વિના અમારૂં શું થાય? અમે શુદ્ધ ભારતીય કલારસ શી રીતે પ્રાપ્ત કરી શકીએ? તો મારો જવાબ એ જ છે કે આપ યુરોપ અને યુરોપીય સામગ્રી પરથી દૃષ્ટિ પાછી ખેંચી લો, અને આપના યંત્રસામગ્રીથી સુસજ્જ થયેલા દોડધામ અને ધમાલિયા નગર છોડી ભારતની સાચી જનતા અને ભારતભૂમિની સુંદરતા જોવા બહારગામ નીકળો. તમા હૃદય શુદ્ધ હશે, તમારી વિચારશકિત શુદ્ધ હશે, તમે સાચા હિંદીજન હશો તો તમને ભારતીય જનતાનું જીવન, સુંદરતા અને કલાના કુમકુમ પગલે રંગાયેલું દેખાશે. જ્યાં જુઓ ત્યાં કોઈ ખેડૂત, તો કોઇ મહિયારી, તો કોઇ ઘાસચારો લઇ જતી સ્ત્રી, તો કોઇ પાવા વગાડી આનંદ લેતો ભરવાડ છોકરો, કે વૃક્ષ હીંડોળે રમતાં બાળકો સુંદરતાને ખોળે અચૂક જોવા મળશે.

આવા અસંખ્ય ચિત્રો કોઈ કૂટપટ્ટીથી અંકાશે નહિ. આ ચિત્રો કોઇ તમને બતાવશે નહિ, પણ મને વારંવાર પૂછવામાં આવે છે કે આ બધું શિક્ષણ કયાંથી તમે મેળવ્યું? એ કાર્ય શિક્ષણથી નથી બનતું. ભૂમિપરનો પ્રેમ અને દરેક વસ્તુ કે પ્રસંગમાં ઓતપ્રોત થઇ રસ લેવાની ઊર્મિ મને ચિત્રોની ભરતી લાવે છે. મારા ઘણાં વિદેશી મિત્રોએ પણ એવા જ ચિત્રોની પ્રશંસા કરી છે. મારી જનતા મને સમજે છે, મારૂં હૃદય ઓળખે છે અને મને દરેક જગાએ કે કોઇપણ પળે ચિત્રો દેખાયા વિના રહેતા નથી.

કલાની પ્રદીપ્તિ મનુષ્યને એવો સંસ્કાર આપે છે કે એ દ્વારા જીવનના અનેક રસો અને ઉલ્લાસોનો એ સહેજે ભોક્તા બની શકે છે, સંગીત કે નાટક કે શિલ્પ કે ચિત્ર એ બધી કલાનો એક મહાન યોજનામય રાસ તેને દેખાય છે, અને તેથી પ્રત્યેકમાં રહેલા તાલ અને ડોલનનો ઉન્માદ તે અનુભવે છે. તેનું ચિત્ત સમાધિયોગને પામે છે અને તેથી જે કોઇ વસ્તુ, ક્રિયા કે પ્રવૃત્તિનો તે વિચાર કરે છે ત્યાં એ જ ડોલન અને સ્પન્દનથી નવા સ્વરૂપો, નવા આકારો જન્માવવાની શકિત ઉત્પન્ન થાય છે. આ સમાધિયોગ એટલે પરમાત્માની સર્જનશક્તિ સાથે સહયોગ એક રીતે કહો તો કલાકાર એ પરમાત્માનો દૂત બની, તેની સૃષ્ટિને સવિશેષ શણગારથી વિસ્તારવાનો અધિકાર મેળવે છે; એટલે નિરાકાર દેવસ્વરૂપોને તે પાષાણ, લાકડા, કે ચિત્રપટપર સાકાર બનાવે છે, પદાર્થો પર, વસ્ત્રો પર કે કાગળ પર ખાલી જગ્યામાં તે રંગ અને રૂપની નવી ભરતી ઉતારે છે અને માનવીના ઇતિહાસમાં અમર આનન્દની લહરીઓ મૂકતો જાય છે.

આવતી કાલની ઉષાના રંગો કલાકારની કલ્પના જ રંગશે, અને તેના સદ્‌ગુણો જ જગતમાં પવિત્ર રંગોથી રંગાયેલું ભવ્ય સર્જનરૂપે રહેશે. આજનો કલાકાર આવતી કાલના નવી પ્રેરણા અને કલ્પનાસામગ્રીના અનુભવો આપી સમાજસંસ્કૃતિને સ્વતંત્રતાની ટોચે રાખશે જ. પરંતુ તે પહેલાં એનો એ અધિકાર મેળવવાને તેને શાં શાં તપ, શાં શાં મનોમન્થનો અને કેવી કેવી કૌશલ્યપરાયણતાનો સંચય કરવો પડશે તેનો ક્રમ માત્ર માનસશાસ્ત્રના અભ્યાસીઓને જ સમજાશે. જીવનનાં અગોચર આદર્શો પ્રથમ જોવા મથનાર, તેનો અનુભવ આપનાર અને જન્મ આપનાર કળાકારની મનોવ્યથા પ્રસવ કરનાર સ્ત્રીના કરતાં પણ અનેક ગણી વિશેષ હોય છે, અને એવાને કાજે જો સંસારમાં યોગ્ય સાધનો, સગવડો અને અવસરો ના મળે, તો કોઇક જ તેમાંથી સહીસલામત પાર ઉતરી શકે છે. એવા દુર્ભાગી કલાકારના જીવનમાં કાં તો ભાવનાનો ગર્ભપાત. કાં તો માનસ વિભ્રમ, અથવા નિરાશાની કાળી ખીણમાં તેને જીવનભર નિષ્ફળતાના ડંખો ભોગવતા રહેવું પડે છે.

સંસારની બેપરવાઇ, બેકદર અને દરિદ્રતા, દુઃખોમાંથી કોઈ પાર નીકળ્યો તો તેને ઉલ્લાસ અને ઉત્સાહનો જીવનસંદેશ આપનાર પયગમ્બરનું સ્થાન જરૂર મળે છે; પણ પ્રજા સમસ્તની ઊંડી મનોવાંછનાઓ બળ પૂરે, ત્યારે જ તેવો બડભાગી કળાકાર પ્રજાને સાંપડે. એવા પુરૂષની શોધ માટે પ્રત્યેક દેશના સંસ્કારી મંડળો આખી પ્રજા માટે કોઇ એવી યોજના ધરાવે છે કે દેશના કોઇ પણ ખૂણે સર્જનશકિતનો અંકુર દેખાય તો તેને ગ્રામ, જીલ્લા કે પ્રાંતના અધિકારીઓ યોગ્ય પ્રકાશ અને ઉત્સાહ આપી પ્રજાના મુખ્ય કલાકેન્દ્ર સુધી પહોંચાડવાનાં પૂરતા સાધનો અને સહાય આપ્યા કરે? એ સાથે જોઇએ તો આપણા પ્રાન્તમાં કલાના યાત્રિકને માટે કેટલા આશ્રયસ્થાનો કે અવલંબનનાં સાધનો છે? જર્મની. ફ્રાન્સમાં કે અમેરિકામાં ગામેગામની શાળાઓ કલારસિકોનો ફાલ ઉછેરવાને, સાચવવાને, હરીફાઇ કરતી જણાય છે; અને પ્રજામંડળો તેઓની કૃતિઓનો આદર કરવાને માટે સ્પર્ધા કરી રહ્યા હોય છે. ગામેગામ મુખ્ય મહાલયો કલાકારો પાસે નગરનો ઇતિહાસ કે ઉદ્યોગનો ઇતિહાસ ચિતરાવે છે, મહાન સંસ્કૃતિકારો પાસેથી કથા આલેખાવે છે. કુદરત અને જીવસૃષ્ટિના અદ્‌ભુત દૃશ્યો શાળાઓ, ઇસ્પિતાલો, નગરભુવનો, રેલવે કે કારખાનાઓમાં કલાકારને હાથે રજુ થાય છે અને લોકો તેમની આંખે દેખાયેલું નવું સત્ય અને નવું સૌન્દર્ય જોતાં અને સમજતાં શીખે છે.

હવે આપણી દશા જુઓ! છેલ્લા વર્ષોમાં આપણું સર્જન શું? આપણી આંગળીને વેઢે ગણીએ તેટલા પણ હાલનાં શિલ્પ પ્રતિમાઓ કે ચિરંજીવ ચિત્રોના નામ આપી શકશો? કોઇ એવું ભવન કે મંદિર બંધાયું છે કે જેની રાજપૂત કે મોગલ ભવન સાથે સરખામણી કરી શકીએ? રાજા રવિવર્મા જેવા સમર્થ કલાકારના ચિત્રો વીસરાવા લાગ્યા છે અને ભીંતો પરથી અદૃશ્ય થાય છે તો પછી દિવાળી અંકોના તંત્રીની કલમે ગર્જના કરતા ચિત્રોનો હિસાબ કયાં રહ્યો? એવા કેટલા ચિત્રો આપણને મળ્યા છે કે જેની વાતો આપણે દશ વર્ષ કરીશું? તો પછી સૈકાઓથી કલાની કસોટી ઝીલી રહેલા અજન્તા, ઇલોરા અને હિન્દના અનેકાનેક શિલ્પસ્વરૂપોની હોડ કોણ કરી શકે? એનું કારણ શોધશો તો જણાશે કે જનસમુદાયમાં કલાની અભિરૂચી અને રસિકતા પોષનારી અને રક્ષનારી સંસ્થાઓનો લોપ થયો છે; અને એવી સંસ્થાઓને અભાવે સાચા મૂલ્યાંકનો કરનારા માણસોની ખોટ પડી છે. એટલે જ કલાકાર કે કારીગર એક બજારૂ આદમી માત્ર બની

ગયો છે; અને તેને પોતાના સર્જનો વિકસાવવાનો કે ઉન્નત બનાવવાનો કોઇ અવસર સાંપડ્યો નથી. કલાના યુરોપીયન શિક્ષકોએ યુરોપના ધોરણે હિન્દી વિદ્યાર્થીઓને શિલ્પ અને ચિત્રકામ શીખવ્યા, અને એમને હિન્દુસ્તાનના મકાનોમાં ચિત્રો કરવાના કામમાં રોકયા. જાણે કે એ રીતે હિન્દુસ્તાનની લોકરુચિને તેઓ બહુ ઉન્નત કરી નાખતા હોય! પણ હિંદુસ્તાનની ઊંડી ધર્મસંસ્કૃતિ અને નૈતિક ભાવનાને તેઓ કદી નહિ સમજ્યા હોવાથી એવા ચિત્રોનો શું ફેજ થયો છે તે સમજાવવું મુશ્કેલ નથી. દીલ્હીના સરકારી મહાલમાંનુ ચિત્રકામ હિન્દી જનતાને શું સંદેશો આપી શકયું છે? અને છેલ્લામાં છેલ્લા મુંબઇના સિનેમાગૃહમાં કરેલા યુરોપીયન ચિત્રકામનો પાઠ હિન્દુસ્થાન માટે કયા પ્રકારનો છે તે સમજાવી શકશો? છતાં તત્કાલપૂરતી તેની બોલબાલા અને વાહવાહ કરતા પત્રકારોએ કલાનું તેમાં શું નવું હાર્દ જોયું છે તે આપણે પૂછવું જોઇએ.

હિન્દુસ્તાન પાસે અનેક સૈકાઓથી કલાકૃતિની એક મહાન કસોટી ચાલી આવી છે અને તે છે કલાના સંસ્પર્શદ્વારા જીવનનું ઉન્નતિકરણ, આત્માની રસસમાધિ, હૃદયની સંસ્કૃતિ, કઇ કૃતિઓમાંથી તમને મળી રહી છે. એ જાણી શકો એટલે એ કૃતિઓને તમારા જીવનની તમારી આરાધ્ય પ્રતિમાઓ બનાવવા તમે જરાએ સંકોચ માનતા નહિ. આજના યુરોપે તો આ બાબતમાં હિન્દુસ્તાન પાસેથી શીખવવાને બદલે શીખવાનું રહ્યું છે. યુરોપની કલામાથી એમનો નવો સાહિત્યકલાયુગ આવ્યો ત્યારથી જ ભાવના અને સંસ્કૃતિનો નાશ થયો છે; પણ હિન્દમાં ક્યાંક ક્યાંક તેનાં થોડાં તત્વો મોજૂદ છે. હિંદુસ્તાનની કલામાં, સૌન્દર્યભાવના ઉપરાંત એક પ્રકારનું ધર્મબળ છે તે આજે કોઇ સમજતું નથી અને એનો ઉપયોગ કરી જાણતું નથી. એ તત્ત્વને આજની કેળવણી, પુરાણ, સસ્કૃતિ અને કલાનાં અભ્યાસને જુદાં પાડી જુદી દૃષ્ટિથી જુએ છે. દરેક દેશની કલાનો પાયો એ દેશના ચારિત્ર્યબળમાં નંખાયેલો હોય છે. એટલે જ્યારે આપણે આજની બજારૂ કલા હિંદની સુપ્રસિધ્ધ શિલ્પસમૃદ્ધિ સાથે સરખાવીએ છીએ ત્યારે એમાં કયાંથી આ ભાવ અને દિવ્ય દૃષ્ટિ ઉતરી આવી તેનું આશ્ચર્ય માત્ર થાય છે. એ તો સાવ દેખીતું જ છે કે આપણે ગ્રીસ અથવા પ્રાચીન હિંદની સાથે સરખાવતાં આપણી આજની કેળવણી સાવ નમાલી છે, કારણ કે પ્લેટોના શબ્દોમાં કહીએ તો "જીવનને ઉન્નત કરનારા પૃથ્વીના સૌન્દર્ય-સ્વરૂપોનો પ્રયોગ આપણે સમજતા જ નથી. "Neglect to use the beauties of Earth as Steps along which we mount upwards." આજની કેળવણીથી અને આજની વ્યાપારબુધ્ધિમાં જન્મેલા હલકા આદર્શોથી કંગાળ બનેલા ભારતને ગુમાવેલી મનુષ્યજાતને પડેલી સૌન્દર્યપ્રતિષ્ઠાની ખોટ કયારે પુરાશે! પોતાના પાશ્ચિમાત્ય સંસ્કારો અને ધોરણોને વળગી રહીને કોઇપણ યુરોપીયન હિંદી સંસ્કૃતિ કે કલા સમજવાનો દાવો કરે તો તે મિથ્યા છે. હિંદી દૃષ્ટિ મેળવ્યા વિના હિંદી કલા ગ્રીસ રોમનો ઉતાર છે, છાયા કે પડઘો છે, એવું માનનારને શી રીતે સમજાય કે હિંદની સૌન્દયદૃષ્ટિ કાવ્ય, નાટક અને કલાઓમાં સાવ અનોખી છે અને જીવનના ગૂઢતમ રસાસ્વાદ અર્પનારી હોવાથી પશ્ચિમના કલાકારોને પણ અભ્યાસપાઠરૂપ છે? ગુપ્તયુગની સાહિત્યસમૃદ્ધિ, ભરતનાટ્ય, કથકલિ, મણિપુરી, કથકલી નૃત્યવૈવિધ્યનો પડઘો હિંદના વિરાટ શિલ્પો અને રૂપવિસ્તારમાં નથી શું?

મુગલ સમયના તહાલયો જોઇ આપણે છક્ક થઇ એ છીએ. ઇલોરાના પ્રચંડ શિલ્પ મુગ્ધ ભાવે નીરખીએ છીએ, તેનું ખંડેરપણું વીસારી તેમાં અહોભાવ ધરીએ છીએ, છતાં દેશના બુદ્ધિમાનો રાજ્ય અને શિક્ષાના તંત્રવાહકો તેની અસર વિસ્તારવાને શું કરે છે? મેકોલેના ચેલાઓ ભલે માને કે હિંદી કલા માલ વગરની છે, પણ યુરોપીયન કલા કદી જ નહિ આપી શકે એવું આપનારી અમૂલ્ય પ્રતિભા હિંદીવાનોને ફાળે તો રહેશે જ. ભલે આજના મેકોલેના વિદ્યાર્થીઓ આ મહામૂલા વારસાથી વંચિત રહ્યા પણ હવે તેમની પ્રજા ન રહી જાય તે જ જોવાનું છે. આપણે તો હવે ઉગતી પ્રજાની તરફ જ આશાથી જોવાનું રહ્યું છે. તેઓ પોતાના દેશની મહામૂલી કલાસંપત્તિનો આદર કરતાં શીખે, સાચા કલાકારને પિછાની સમાજમાં તેની પ્રતિષ્ઠા સ્વીકારે અને સંસારના વ્યવહાર–માત્રમાં કલાની સૌરભ અનુભવે, ત્યારે જ પ્લેટોનું ઉપર્યુકત વચન સાર્થક થાય. બીજી તરફ કલાકારનો પરમ ધર્મ રહેશે કે તેણે પોતાની કલાકૃતિને જીવનને હીન કે અધોમુખ કરનારા તત્ત્વોથી મુકત રાખી સમાજને સંજીવન અને નવપ્રફુલ્લતા આપે એવા સર્જનો કરી બતાવવા પડશે. એવા કલાસંસ્કારથી મી. એમર્સન કહે છે તેમ— "Function of Art is to give to pots and pans the grace of Romance." વ્યવહારના રાચરચીલાં અને પદાર્થોમાં અદ્દ્ભુત આકર્ષણ ઉત્પન્ન કરવું એ કલાનું પરમ કર્તવ્ય બનશે અને કલા પ્રત્યેક માણસના ઘરમાં રાજરાણી થઇ ને મહાલશે. એટલે કે પ્રત્યેક મનુષ્યમાં રહેલો કલાવંત આત્મા સચેત બની જીવનને અનેકવિધ દિશામાં તેજસ્વી અને સંસ્કારી બનાવી શકશે.

ઘણાં કલાકારોનો પોકાર છે કે તેમની કદર થતી નથી. તેમનું યોગ્ય મૂલ્યાંકન થતુ નથી, અને તેમના હક્કો કોઇ દબાવી પડયું છે કે લૂંટી જાય છે. તેમને આશ્વાસનરૂપે એટલું જ કહેવાનું કે ભાઇઓ! હિંદમાં કળાનું ક્ષેત્ર તો બહુ બહોળું પડયું છે પણ એ ક્ષેત્રમાં ઉભા રહેવાનો પૂર્ણ અધિકાર મેળવવા જેટલું આપણું તપ થયું નથી; એટલે જ પાછળ પડીએ છીએ. રાજા રવિવર્મા પછી આજ સુધીનો ઇતિહાસ તપાસો તો જણાશે કે આપણા રાજદરબારો અને સરકારી સંસ્થાઓએ કલાની કૃતિઓ પાછળ અને તસવીરો પાછળ લખલૂંટ ખર્ચ કર્યો છે; પણ તેનો લાભ યુરોપમાંથી આવેલા નિષ્ણાત ચિત્રકારોને જ સ્થાનિક રાજકર્તા અમલદારોની ચિઠ્ઠીઓથી મળ્યો છે. છતાં ય કાઠિયાવાડના બે બાહોશ તસવીરકારોએ તેમની હરીફાઇમાં ભાગ લઇ પોતાનો ભાગ્યોદય કર્યો હતો તે યાદ રાખવું જોઇએ. વઢવાણના પોર્ટ્રેઇટ પેન્ટર શ્રી નાનાલાલ જાની અને રાજકોટના શ્રી છોટાલાલ તેજપાળના નામ મશહૂર છે. દિલગીરી એટલી જ કે 'પોર્ટ્રેઇટ પેઇન્ટિંગ'ના ધીકતા ધંધામાં યુરોપીય કલાકારોની જોડમાં ઉભા રહેવા કોઇપણ તરુણને યુરોપની સંપૂર્ણ તાલીમ લેવાની તક મળી નથી. રાજકોટમાં જ્યુબિલી મહેલમાં ડ્યુકસની દરબારી તસવીરો જુઓ, ના. જામસાહેબના સંગ્રહ જુઓ અને છેવટે અહીં વડોદરા શહેરના મહેલો અને મ્યુઝિયમો જુઓ, તો હિંદી કળાકાર કયા ખૂણે છે. તે શોધવું મુશ્કેલ પડશે; અને હવે તો યુદ્ધનિવૃત્ત થતાં યુરોપીયન, અમેરિકન કે ગમે તે મુલકના નિષ્ણાતો હિંદના સદ્ધર રજવાડા અને શ્રીમંત ગ્રાહકોને હાથ કરવા આકાશપાતાળ એક કરશે. એક જર્મન આવીને કાશ્મીરથી કન્યાકુમારિ સુધીના રાજ્યમહેલોના સુશોભનો, ચિત્રો હાથ કરી શકયો હતો તે સુવિદિત છે. બજારની ખુલ્લી હરીફાઇમાં કામ આપવાની શક્તિ આપણાં કલાકારો કેળવી શકયા નહિ હોવાથી જ રોદણાં રોવાના રહે છે. જેઓ પોતાના ધંધાની તાલીમ અને શિસ્ત મેળવી કામની ખરદાસ્ત કરી શકયા છે તેને વિજય મળ્યો છે.

બંગાળી અને મહારાષ્ટ્રીય કલાકાર બંધુઓનો આ બાબતમાં સદુદ્યોગ પ્રશંસનીય છે. ગુજરાતી ભાઇઓ કરતાં તેઓ વધુ ચીવટ અને ચીકટ અભ્યાસ પૂર્ણ કરી, યુરોપ અમેરિકા અને અન્ય દેશોમાંથી વિદ્યાની પૂર્ણતા સાધતા આવ્યા છે, હિંદની કલાસંસ્થાઓમાં પોતાના હકકોનો દાવો કરી શકયા છે. બંગાળના કલાકારો તો બે કે ત્રણ પ્રાન્તોમાં સરકારી કલાશાળાઓના મુખ્ય પદો હાથ કરી શકયા છે; અને મુંબઇમાં પણ એવી યોગ્યતા ધરાવનાર ઘણા કલાકારો મહારાષ્ટ્રમાંથી તૈયાર થઇ ગયા છે, એટલુંજ નહિ પણ કાર્યસિદ્ધી ધરાવે છે. દરેક જણ સાર્વજનિક પ્રદર્શન માટે કંઇને કંઇ શક્તિનો પરચો આપી રહ્યો છે. એ બધા વચ્ચે ગુજરાતી કલાકારોએ કંઇક વિશેષતા સિદ્ધ કરી બતાવવી જોઇએ. Sportive Competition ખેલદિલભરી સ્પર્ધા કલાકૌશલ્યમાં જરૂર લાભદાયક બનશે.

હું ગુજરાતી કલાકાર મિત્રોને હિતભાવે એવું પૂછીશ કે હિન્દી કલામાં બંગાલના કલાસ્વામીઓએ કંઇ આગેકદમ કરી બતાવ્યું તેના હિસાબે આપણે કેવું કરી શકયા છીએ અને છતાં તેમની તરફ કટાક્ષ કરવામાં કે વખત પડતાં ઉતારીને બોલવામાં પાછા નથી રહેતા. શ્રી. અવનીંદ્રનાથ અને શ્રી નન્દલાલ બસુની કલાસાધના અને તપશ્ચર્યા આપણે માટે હજુ આદર્શ રહ્યા છે. શ્રી મુકુલ દે, રમેન ચક્રવર્તી, યામિની રોય, પી. સેન વગેરે જેટલી કલાનિષ્પત્તિમાં સ્પર્ધા થઇ જ નથી.

યુરોપીય શૈલીએ શીખેલા કલાકારોએ પણ શું કરી બતાવ્યું છે? સૌરાષ્ટ્ર અને ગુજરાતના અદૃશ્ય થતાં માનવી પાત્રોની તસવીરો લેવાને ઓસ્ટ્રીયાની શ્રુનર બાઇઓ નીકળી પડી, પણ કયો તરૂણ ગિરમાં, ભીલોમાં કે રાનીપરજમાં રખડયો? કામ કરી બતાવે તેનું મૂલ્યાંકન થાય. માલ વગરની શાની કદર થાય? ગિરનાર, આબુ, શત્રુંજયનાં દૃશ્યો કોઇ સમર્થ ગુજરાત-પ્રેમી કળાકારની રાહ જોઇ રહ્યાં છે. ભીલો, ધારાલા, કોળીઓ, કણબીઓ અને રાનીપરજનાં નૃત્યો, ગરબા અને જાગના નૃત્યો ચિત્રકારની પીંછી માટે અખૂટ સાધન છે. ક્ષેત્ર પહોળુ અને ખુલ્લું છે. જૈન સાહિત્ય, સંસ્કૃત સાહિત્વ અને રાસમાળાઓ પર નવી કલમ ચાલવી જોઇએ. આપણે તો કામ કરનારા જોઇએ. ઇરાની ચિત્રકાર મિ. કાચાંદોરિયાં એકલો આવીને હિંદની બધી ગુફાઓના ભીંતચિત્રો કોઇના આશ્રય વિના કરી ચાલી ગયો અને એમ કરીને પણ આપણા ખંડેરોની કલામાંથી એ હજારો રૂપિયા રળી શકે છે.

આજની ગુજરાતી સંસ્કૃતિનું દર્શન, સાહિત્યના સચોટ આકર્ષક પ્રસંગોનું ચિત્રનિરૂપણ, કવિ દયારામ, પ્રેમાનંદનાં પાત્રો અને કૃતિઓનું રૂપકરણ ગુજરાતી કલાકારની રાહ જુએ છે. આજના યુગનાં મનોમંથનો, સિદ્ધિઓ, રાષ્ટ્રવિધાયકો, વિકટ વિગ્રહોનો ઇતિહાસ કલાકારની પીંછીએ નહિં ચઢે ત્યાંસુધી કળાકારને પિછાનશે કોણ? રાષ્ટ્રના અને પ્રજાના સુખ દુઃખ અને ભાવનાનો ચિતારો તે ન બની શકે ત્યાંસુધી તેના રંગ અને પીંછીનું સાર્થક શું?

એક વખત રંગભૂમિ ઉપર આપણા સર્વ કલાસંસ્કારને ખીલવવાની તક મળતી હતી, પરંતુ જ્યારથી સુશિક્ષિતજનો તેમાંથી વિમુખ બન્યા ત્યારથી તે માત્ર સામાન્ય પંક્તિના જનસમાજના આનંદપ્રમોદકેન્દ્ર બની અને કલાનિપુણતા, ઉંચો આંક ધરાવતા નટો, દૃશ્યવિધાયકો અને સંગીતકારોનો કાલ અદૃશ્ય થયો. ઉચ્ચ કોટિની પ્રતિભાનું સર્જન અને ઉચ્ચ કોટિની કલામર્મજ્ઞતા ભારતીય સંસારમાંથી લુપ્ત થઇ. કવિ કાલિદાસ ભવભૂતિ અને શેકસપીયર જેવાં નામો આજની રંગભૂમિ પર એક અશકય સ્વપ્ન બની રહ્યાં છે; પણ આજની ચિત્રપટ સૃષ્ટિએ ઘણા થોડા સમયમાં કલાકારો માટે નવા સંસ્થાનો ઉઘાડયાં છે, જ્યાં કુશળકાવ્યકલાધરો, પંડિતો, ચિત્રસ્રષ્ટાઓ, સંગીતકારો, અભિનયકારો, નૃત્યકારોને એમની સર્વોચ્ચ શક્તિ વિકસાવવાની, પ્રગતિ સાધવાની અનેરી તકો મળી શકે તેમ છે; અને જેઓ એવી કસોટીઓમાંથી પાર ઉતરી શકયા છે તેમની પ્રતિષ્ઠા અને મૂલ્યાંકનો પણ અગાઉ નહિ જાણેલા એવા આંક પર પહોંચતાં જાય છે. માત્ર રંગ અને પીંછીના ચાપલ્યથી આજે કલાકારની છાપ પડતી નથી. અપૂર્વતાનું સર્જન અને આકર્ષણની પ્રગાઢ શક્તિ જેઓ સાધી શકયા હશે તેમને જ ત્યાં આગેકદમ મળે છે. પણ જેઓ ઉછીની પીંછીની શકિતઓ ચોરી અથવા નકલના પ્રકારો ધપાવી દઇને પોતાનો સિકકો ચલાવવા ધારે છે, તેમને ફિકકા પડી જતાં વાર લાગતી નથી. સર્જક કલાકારનો માર્ગ કોઇ રોકી શકતું નથી એ આજે વોલ્ટ ડીઝનીની ચિત્રરેખાઓએ સિધ્ધ કરી દેખાડયું છે. પાત્રો, મકાનો, અભિનયો, મુદ્રાઓ, રંગો અને રૂપો કલાકારના સર્જનસાગરમાંથી નીકળવા માંડે છે. ત્યારે દુનિયાના ચેતનવંતા પૂતળાંઓ કરતાં પણ તેમને વધારે પ્રસિદ્ધિ અને વધારે સંપત્તિ પ્રાપ્ત થાય છે; અને એ રીતે કલાકાર સંપત્તિ અને સમૃધ્ધિનો સાચો નિર્માતા ઠરે છે.

ગુજરાતે આજે આખા ભારતવર્ષના ઇતિહાસમાં કલાના સમુથ્થાનમાં પોતાનું પ્રકરણ આરંભી દીધું છે. એની હવે કોઇ ના પાડશે નહિ. ચિત્રપટની સૃષ્ટિમાં સમર્થ દિગ્દર્શકો, નેપથ્ય-વિધાયકો અને તેને સમર્થ સાહિત્યસ્વામીઓનો તેમાં સાથ મળ્યો છે, આપણા તરૂણ, કલાકારોને દુર દુર પ્રદેશોમાં ચિત્રાલયોમાં સ્થાન અને કીર્તિ મળ્યાં છે અને આપણા તરૂણ, કુમારકુમારી. એમાં કલાના વિવિધ પ્રકારોને ખીલવવાની અજબ તમન્ના જાગી દેખાય છે. શહેરોમાં અને ગામડાઓમાં નાટય, નૃત્ય, ચિત્ર, ચિત્રપટ એ દરેક કલામાં રસ જાગ્યો છે, અને દરેક કલાના પ્રસંગોપાત પ્રદર્શનો પણ યોજાય છે. એ પ્રસંગે દેશના કલાકારોનો પરિચય, કલાચર્ચા, અને કલાકૃતિઓનો આદર પણ થતો દેખાય છે. ગુજરાતી જનતામાં ગુજરાતી કલાકાર એ એક આદરપાત્ર વ્યકિતનું સ્થાન ભોગવવા લાગ્યો છે, અને સામાન્ય જનસમૂહમાં તેની કૃતિઓની છાપેલી પ્રતો ઠેર ઠેર ભીંતો પર સ્થાન પામતી જાય છે. આ એક એવી નકકર હકીકત છે કે તેને પ્રજાની સહૃદયતાની સાચી નિશાની તરીકે ગણી શકાય. આપણે ઇચ્છીશું કે ગુજરાતની કલાનો, ગુજરાતી સંસ્કારિતાનો, ગુજરાતની અસ્મિતાનો એકેએક કલાકાર પ્રતિનિધિ બની પ્રત્યેક રાજતંત્રમાં, સંસ્થામાં અને પ્રત્યેક ઉદ્યોગકેન્દ્રમાં મુખ્ય પદે વીરાજી ગુજરાતનું નવયુગવિધાન કરનારો સમર્થ સેનાની બની રહે અને કળાની રોશનીથી સંસારના બધા વ્યવહારોમાં નવીન દિપ્તિ, નવું સૌજન્ય અને નવીન પ્રતિભા પ્રકટાવી મનુષ્યમાત્રને જીવનના ઉલ્લાસ અને પ્રેરણા યથેષ્ટ ભોગવતા કરે.

**કનુ દેસાઇ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૮

મુંબઇ: ૧૫ જાન્યુઆરી ૧૯૪૪ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

## ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન

ગયા ડીસેંબર માસની ૨૫, ૨૬, અને ૨૭ મી તારીખે ગુજરાતી સાહિત્ય પરિષદનું પંદરમું સંમેલન વડોદરા ખાતે લેડી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠના પ્રમુખસ્થાને ભરાઇ ગયું. આ સંમેલનની કેટલીક વિશેષતાઓની નોંધ અહિં અસ્થાને નહિ ગણાય. એક તો છેલ્લા દોઢ પોણા બે વર્ષથીરા જકીય મડાગાંઠ અને સરકારી દમનનીતિના પરિણામે દેશમાં આવા સામાજિક સમારંભો લગભગ અશકય બની ગયા હતા. લાંબા ગાળે રાજ્યના મદદથી આ સમારંભ યોજાયેલો હોઇને લોકોનો ઉત્સાહ પારવિનાનો હતો; પ્રવાસની આટલી બધી હાડમારીઓ હોવા છતાં બહારથી પણ નાના મોટા સાક્ષરો તેમજ પ્રનરજને બહુ સારી સંખ્યામાં વડોદરા ખાતે ઉતરી આવ્યા હતા. પરિષદ સંમેલન કે રંજન કાર્યક્રમ–ઉભયમાં માનવમેદિની ખીચોખીચ જામી હતી. ટીકીટ કે પાસના અભાવે કેટલાયને નિરાશ થવું પડયું હતું. સાહિત્ય પરિષદના આગળ ઉપરના સંમેલનોમાં લોકોનો આટલો બધો ઉત્સાહ અને શ્રોતાગણની આવડી મોટી ભરતિ ભાગ્યે જ જોવામાં આવી હતી. પ્રસ્તુત સંમેલનની બીજી વિશેષતા એ હતી કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને એક સન્નારી હોય એવો આ પહેલો જ પ્રસંગ હતો. લેડી વિદ્યાબહેન મુંબઇ યુનીવર્સિટીના પહેલાં સ્ત્રી ગ્રેજ્યુએટ, સદ્દગત સાક્ષરવર્ગ રમણભાઇ મહીપતરામ નીલકંઠના સંપૂર્ણ અર્થમાં સહધર્મચારિણી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કેટલાંક વર્ષથી પ્રમુખ અને અનેક સાહિત્યક તેમ જ સામાજિક પ્રવૃત્તિઓના પ્રેરક તેમ જ સંચાલક. તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ અનેક મનનીય વિચારોથી ભરેલું હતું અને શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાનો થવો જોઇતો સર્વત્ર સ્વીકાર અને ગુજરાત યુનીવર્સીટીની અનિવાર્ય આવશ્યકતા એ વિષયો ઉપર જ આખા ભાષણમાં મોટે ભાગે ચર્ચા કરવામાં આવી હતી. તેમના ભાષણમાં કેટલુંક ચર્વિત ચર્વણ જેવું હતું અને કમનસીબે ગુજરાતી સાહિત્યને સ્પર્શતું કશું પણ વિવેચન તેમના વ્યાખ્યાનમાં સ્થાન પામ્યું નહોતું. કળાવિભાગના પ્રમુખ તરીકે શ્રી કનુ દેસાઇનું વ્યાખ્યાન હૃદયંગમ અને પરિમિત વિસ્તારમાં પોતાના વિષયનું નિરૂપણ કરતું હોઇને સૌથી વધારે આકર્ષક હતું. સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે શ્રી. ધૂમકેતુનુ વ્યાખ્યાન અનેક વિષયોને સ્પર્શતું અને દરેક બાબત ઉપર નવી નવી વિચાર સ્ફુરણાઓ રજુ કરતું હોઇને સાહિત્યના અભ્યાસીઓને વિશેષ આકર્ષક બન્યું હતું. વિજ્ઞાન વિભાગના પ્રમુખ સ્થાનેથી શ્રી. ભોગીલાલ પટવાના વ્યાખ્યાનમાં વિજ્ઞાન વિષયક કેટલીક ચર્ચા ઉપરાંત પોતાના ખાસ અભ્યાસના વિષય–ખગોળ અને પંચાંગ ઉપર અનેક મૌલિક વિધાનો અને અભ્યાસપૂર્ણ સમાલોચના રજુ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંમેલનમાં કુલ અગિયાર ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. તેમાં પહેલા ચાર ઠરાવો અનુક્રમે સદ્દગત આચાર્ય આનંદશંકર બાપુભાઇ ધ્રુવ, મહાદેવ દેસાઇ, અંબાલાલ જાની, ભિક્ષુ અખંડાનંદ, મણિલાલ ઇચ્છારામ દેસાઇ અને કરૂણાશંકર કુબેરજી ભટ્ટના અવસાનની નોંધ લેનારા હતા. પાંચમો ઠરાવ ગુજરાતી બોલતી પ્રજા માટે એક વિદ્યાપીઠ સ્થાપવા કેટલાંય વર્ષથી સેવાતી આવેલી આકાંક્ષા હાલના સંયોગોમાં કેમ પૂર્ણ થાય તેનો વિગતવાર વિચાર કરવાની પરિષદને સુચના કરવાને લગતો હતો. છઠ્ઠા ઠરાવનો આશય હિંદની પ્રાન્તીય ભાષાઓની પરિષદો વચ્ચે નિકટનો સંબંધ કેળવાય એ હેતુથી હિંદી સાહિત્ય સમેલન, રાજપૂતાના સાહિત્ય સમેલન અને ગુજરાતી સાહિત્ય પરિષદના અગ્રેસરો વચ્ચે ત્રણે સંસ્થાઓને નિકટ લાવવાના પ્રયાસોને આવકાર આપવો અને એ પ્રવૃત્તિને આગળ ધપાવવા પરિષદને સુચના કરવી એ હતો. સાતમો ઠરાવ ગાંધીજીના કારાવાસને લગતો નીચે મુજબ હતો. “પરિષદ સંમેલનના એકવારના પ્રમુખ, ગુજરાતી સાહિત્યના નવવિધાનના પ્રેરક અને લડવૈયા, અને હિંદુસ્થાનની સંસ્કૃતિના વિશ્વવંદ્ય પ્રતિનિધિ મહાત્મા ગાંધીજીના ચાલુ બંધનથી સાહિત્ય, સંસ્કાર અને માનવતાનો ખાસ કરીને હિંદુસ્થાનના વિકાસનો અવરોધ થાય છે તે પ્રત્યે આ સંમેલન પોતાનો ઉગ્ર અસંતોષ વ્યક્ત કરે છે” આ ઠરાવમાં રહેલી મુખ્ય બાબત વિષયવિચારિણી સમિતિમાં ખુબ ચર્ચાનો વિષય બની હતી. એક પક્ષ આવી સાહિત્ય પરિષદે સરકારી ભારે અવકૃપાના પાત્ર બનેલા ગાંધીજી વિષે ઠરાવ કરવો ન જોઇએ એવો મત ધરાવતો હતો. બીજો પક્ષ ગાંધીજીના ચાલુ કારાવાસથી આપણા દિલમાં ચોવીશે કલાક જે આગ સળગી રહી છે તેને સચોટ રીતે વ્યક્ત કરે એવી ભાષામાં પ્રસ્તુત ઠરાવ ઘડાવો અને પસાર થવો જોઇએ એવો અભિપ્રાય ધરાવતો હતો. ગાંધીજી વિષે આ પરિષદ સમેલને કશો પણ ઠરાવ કર્યો ન હોત તો આ સંમેલન નમાલું અને કેવળ શબ્દપૂજારીઓના મેળા જેવું ગણાત. જે આકારમાં પ્રસ્તુત ઠરાવ પસાર થવા પામ્યો તે ઉપર જણાવેલ બે પક્ષની ખેંચતાણનું પરિણામ હતું એ સ્પષ્ટપણે તરી આવે છે અને તેથી એ ઠરાવની વાકયરચનામાં જોઇએ તેટલી સચોટતા કે નિડરતા જોવામાં આવતી નથી. આઠમો ઠરાવ ગુજરાતી ભાષા બોલનારાઓને હિંદી–હિંદુસ્થાનીને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવાનો આદેશ કરતો હતો. અત્યાર અગાઉ થઇ ગયેલા કચ્છ-કાઠીયાવાડ-ગુજરાતના સર્વ સંગ્રહોનું પુનરાવર્તન કરવા બ્રીટીશ ગુજરાતની તેમ રાજસ્થાની કચ્છ–કાઠિયાવાડ અને ગુજરાતની સરકારોને નવમો ઠરાવ સુચના કરતો હતો. દશમા ઠરાવમાં એવી માગણી રજુ કરવામાં આવી હતી કે મુંબઇ યુનીવર્સીટીએ હિંદની ભાષાઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવાની ગોઠવણ કરવી જોઇએ

અને અંગ્રેજી ભાષાને એક અર્વાચીન પાશ્ચાત્ય ભાષા તરીકેનું સ્વાભાવિક સ્થાન આપવું જોઇએ. અગિયારમા ઠરાવમાં કવિવર પ્રેમાનંદના નિવાસ સ્થાન વડોદરામાં ભરાયલા આ સંમેલન તરફથી એ કવિવરનું સ્મરણ તાજું રહે એટલા માટે (૧) ગુજરાતીના ઉચ્ચ અભ્યાસને અને સંશોધનને પોષે એવી એક સંસ્થા વડોદરામાં સ્થાપી તેની સાથે પ્રેમાનંદનું નામ જોડવાની તેમજ કવિવર પ્રેમાનંદની શિલ્પાકૃતિ વડોદરા કોલેજ જેવા વિદ્યાલયમાં ઉભી કરવાની શ્રીમંત ગાયકવાડ સરકારને વિનંતિ કરવામાં આવી હતી અને (૨) મધ્યકાલીન શિષ્ટ ગુજરાતી સાહિત્યના ગ્રંથોનું શાસ્ત્રીય પદ્ધતિએ સંપાદન કરાવવું અને તેને પ્રેમાનંદ સ્મારક ગ્રંથમાળા નામ આપવું અને તે માટે પ્રેમાનંદ સ્મારક ભંડોળ ઉભું કરવું એમ આ સંમેલન તરફથી પરિષદને સૂચના કરવામાં આવી હતી. આ અગિયાર ઠરાવોમાં ગુજરાત વિદ્યાપીઠ અને પ્રેમાનંદ સ્મારકને લગતા ઠરાવો ઉપરનાં વિવેચનોએ ખાસ કરીને ખુબજ વખત લીધો હતો. સંમેલનનો કાર્યક્રમ 'રાત થોડી અને વેશ ઝાઝા' જેવો હતો. પરિષદમાં પસાર થયેલો એક પણ ઠરાવ વિવાદાસ્પદ હતો જ નહિ, તેથી જરૂર જણાય તો ખાસ ઠરાવ ઉપર એક કે બે અધિકારી પુરૂષો સંક્ષેપમાં પોતાના વિચારો રજુ કરે અને બાકીના ઠરાવો પ્રમુખસ્થાનેથી રજુ થાય એવી ગોઠવણ રાખવામાં આવી હત, તો પરિષદનો ઘણો સમય બચત અને નિબંધ-વાંચન જેની કેવળ ઠેકડી જ કરવામાં આવી હતી તેને ઘણો વધારે વખત આપી શકાત. પ્રસ્તુત સંમેલનનું જેમને પ્રમુખ-સ્થાન આપવામાં આવ્યું હતું તે કાંઇ અજાણી વ્યક્તિ નહોતી. તેમની દરખાસ્ત અને ઓળખાણ આપવાની ઔપચારિક વિધિ પાછળ લગભગ દોઢ કલાક ગુમાવવો પડયો હતો. વિભાગી પ્રમુખોને પોતે મહામહેનતે તૈયાર કરેલાં વ્યાખ્યાનો દશ પંદર મીનીટમાં પતાવવા પડયા હતા. સંમેલન ઉપર જુદા જુદા લેખકોનાં સંખ્યાબંધ નિબંધો આવ્યા હતા. તેમાંથી કેટલાક વિશિષ્ટ નિબંધો સંમેલનમાં વંચાય તે માટે તારવવામાં આવ્યા હતા. આમાંથી બહુ જ થોડા નિબંધો રજુ કરવામાં આવ્યા અને તે માટે દરેક નિબંધકારને ચારથી પાંચ મીનીટ આપવામાં આવી. આથી કેટલાય આશાસ્પદ લેખકોને ભારે નિરાશા થઇ. આવું હવે પછી બનવા ન પામે તે માટે પરિષદના ચાલુ કાર્ય-ક્રમમાં કેટલાક મૌલિક ફેરફારો કરવા જોઇએ. એક તો આજે આપણા સાહિત્ય અને સાહિત્યકારોમાં આમજનતાનો અને વિદ્યાર્થીવર્ગનો રસ ખુબ જ વધતો જાય છે અને આવા પ્રસંગે તેઓ બે નવી વાતો જાણવા સાંભળવા માટે બહુ મોટી સંખ્યામાં ધસી આવે છે. તેમને સંતોષ કેમ મળે તેનો પુરો વિચાર અને યોજના આવા સંમેલનના સૂત્રધારોએ કરવાં ઘટે છે. બીજી બાજુએ આવે પ્રસંગે જાણીતા તેમજ ઉગતા લેખકો જુદા વિષયો ઉપર સંખ્યાબંધ નિબંધો મોકલે એટલું જ નહિ પણ તેમાંના સારા સારા નિબંધો સંમેલનમાં વંચાય એ પણ એટલું જ ઇચ્છવા યોગ્ય છે. આ સાથે આવું નિબંધ-વાંચન સામાન્ય જનતાને ભારે કંટાળારૂપ નીવડે છે એ પણ હંમેશનો અનુભવ છે. આ બન્ને બાબતનો સમન્વય સાધવા માટે પ્રમુખની નીમ-ણુક, પ્રમુખનું વ્યાખ્યાન અને બીજી ઔપચારિક બાબતો વિશાલ સંમેલનમાં પતી જાય ત્યાર બાદ સમેલન બે વિભાગમાં વહેંચાઇ જવું જોઇએ. એક બાજુએ જાણીતા સાક્ષરો જુદા જુદા વિષયો ઉપર એક પછી એક મોઢેથી વ્યાખ્યાનો આપે અને જાણીતા કવિઓ પોતાના કાવ્યો સંભળાવે એવી સામાન્ય જનતા માટે ગોઠવણ થવી જોઇએ અને બીજી બાજુએ નિબંધ-વાંચનની શ્રેણી શરૂ થવી જોઇએ જેમાં જેને રસ પડે તે જાય. આમાં પણ જરૂર લાગે તો વિભાગવાર વહેંચણી કરવી કે જેથી પરિષદ ઉપર આવેલા નિબંધો બહુ મોટી સંખ્યામાં રજુ થઇ શકે. છેલ્લે દિવસે છેવટના બે કલાક પાછું આખું સંમેલન એકઠું થાય જ્યારે નક્કી કરાયલા ઠરાવો પસાર કરવામાં આવે અને અન્તિમ આભાર નિવેદન વગેરે ઉપચાર વિધિ પતાવવામાં આવે. આવી કાંઇક કાર્યક્રમરચના સાહિત્ય પરિષદના સંચાલકોએ વિચારવી ઘટે છે.

સંમેલનના અંગમાં એક કળા પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ખુબ આકર્ષક હતું. તેની અંદર ગુજરાતના જાણીતા ચિત્રકારોની અનેક કળાકૃતિઓ ઉપરાંત કેટલાય નવા ઉગતા ચિત્રકારોની કૃતિઓ જોવામાં આવતી હતી. આ પ્રદર્શનમાં કટાક્ષ ચિત્રોના જાણીતા સર્જક શ્રી. શંકરના કટાક્ષ ચિત્રોનો સંગ્રહ એક આકર્ષક અંગ હતું. આખું પ્રદર્શન આજે ગુજરા-તમાં ચિત્રકળાની જે વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેનો સારો ખ્યાલ આપતું હતું અને ભાવી ઉત્કર્ષની આશા પ્રેરતું હતું.

પ્રસ્તુત સંમેલનના અનુસંધાનમાં ત્રણે દિવસ રાત્રીના એક ભારે રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એ કાર્યક્રમ દર-મિયાન બીજે દિવસે રાત્રે સાક્ષરવર્ય શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇનું 'શકિતસંભવ' નામનું નાટક ભજવવામાં આવ્યું હતું. નાટકની વસ્તુ અને રચના બહુ સાધારણ અને અમુક રીતે કહીએ તો પ્રયોજનશૂન્ય લાગતી હતી, પણ નાટક બહુ સુંદર રીતે ભજવાયું હતું અને તેમાં પણ શ્રી. રમણલાલનાં પુત્રી સુધાબહેને પોતાના વિશિષ્ટ અભિનયથી પ્રેક્ષકોનું ખુબ રંજન કર્યું હતું. ત્રીજા દિવસે રાજ્યના સંગીતકારોનો જલસો હતો. આ દિવસે પ્રેક્ષકોએ ખુબ અશાન્તિ દાખવી અને ગરબડ કરી, જેના પરિણામે ફૈયાઝખાન જેવા જાણીતા ગવૈયાએ અપમાનિત થઇને પોતાનું ગાવું એકાએક બંધ કર્યું હતું. નાટકશાળા પ્રેક્ષ-કોથી એટલી બધી ચીકાર ભરાયેલી હતી કે શાન્તિ જાળવવી બહુ જ મુશ્કેલી હતી. એમ છતાં પણ આપણામાં શિસ્ત નથી, સભ્યતા નથી, ઉંચી કળાની કદર નથી એ શોચનીય હકીકત ઉપરના બનાવથી તરી આવતી હતી.

સંમેલનના ભવ્ય સમારંભનાં બે શુભ પરિણામ તારવી શકાય. એક તો પ્રેમાનંદ સ્મારક પ્રવૃત્તિનો ઉદ્‌ભવ. આશા રાખ-વામાં આવે છે કે વડોદરા રાજ્ય આ પ્રવૃત્તિને બહુ સંગીન ટેકો આપશે અને પ્રસ્તુત સંમેલનનું આ રીતે વડોદરા માટે એક ચિરસ્મરણીય પરિણામ થોડા વખતમાં આપણે જોવા પામીશું. બીજું ગુજરાત યુનીવર્સીટીના ખ્યાલને આ સંમેલને આપેલો અસાધારણ વેગ. શ્રી. વિદ્યાબહેનના આખા વ્યાખ્યાન-નો ઝોક આ બાબત ઉપર જ હતો. શ્રી કનૈયાલાલ મુનશીએ પણ પોતાના સ્વાભાવિક વેગથી આ બાબતને ઉપાડી લીધી છે અને ગુજરાત યુનીવર્સીટીના સ્વપ્નને બહુ જ નજીકના ભવિ-ષ્યમાં મૂર્ત કરવા માટે જરૂરી હીલચાલ શરૂ કરી દીધી છે. ગુજરાત યુનીવર્સીટીની આવશ્યકતા કે ઉપયોગીતા વિષે બેમત છે જ નહિ. તેવી યુનીવર્સીટી ઉભી થતાં ગુજરાત કાઠિયાવાડમાં ઉચ્ચ શિક્ષણને ઘણો મોટો વેગ મળે અને શિક્ષણનું માધ્યમ ગુજરાતી સ્વીકારાતાં ગુજરાતી ભાષા-સાહિત્ય ફાલવા અને ફુલવા માંડે અને અણખેડાયલા અનેક ક્ષેત્રોમાં સાહિત્યનું ખેડાણ શરૂ થાય અને વિશિષ્ટ સાહિત્ય-કૃતિઓનો વિપુલ પાક ઉતરવા માંડે. આ કાર્યને માત્ર સાહિત્યકારોએ નહિ પણ ગુજ-રાતી અસ્મિતા અનુભવતી સમગ્ર ગુજરાતી પ્રજાએ પુરા ભાન અને ઉત્સાહથી અપનાવી લેવું જોઇએ અને ગુજરાતી શ્રીમા-નોએ પોતાની ધનસંપત્તિ વડે આવા ગરવી ગુજરાતના પરમ ઉત્કર્ષસાધક કાર્યને પુરી ઉદારતાપૂર્વક નવાજવું જોઇએ.

પરમાનંદ.

સંબંધો બંધાય નહિ, ચોતરફ હડધુત થાય અને પોતાના ગામ કે શહેરમાં રહેવું તેને ભારે પડી જાય. અને આ બધું શેને માટે? માત્ર પોતે જે સંપ્રદાયમાં છે તેની ચાલુ માન્યતાથી પોતે જરાક દૂર જવાની હીંમત કરી અને પોતાના સંપ્રદાયને માન્ય નથી એવા એક ગુરૂ વિષે પોતે જરા વધારે પડતો આદર દર્શાવ્યો એટલા માટે. આજે જ્યારે ચોતરફ માન્યતાપરિવર્તનો ચાલી રહ્યા છે અને બાપ અને દીકરા વચ્ચે અને પતિ અને પત્ની વચ્ચે પણ માન્યતાભેદો અને મતભેદો હોય એવી આપણી ચાલુ જીવનની સ્વાભાવિક સ્થિતિ થઇ પડી છે, ત્યારે એક ચોકકસ સમાજના દીર્ઘદર્શી આગેવાનો પોતાનીજ સમાજના સંખ્યાબંધ ભાઇ બહેનોને માન્યતાભેદના કારણે પોતાના સમાજની બહાર કરવાની ધમકી આપે, એ આજના જમાનામાં કલ્પનામાં આવે તેવું નથી, એમ છતાં કમનસીબે એક વાસ્તવિક હકીકત તરીકે સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી.

વિશેષતઃ પ્રસ્તુત સમાજબહિષ્કારની ધમકીનાં બે પરીણામ આવે. કેટલાક લોકો સમાજ બહિષ્કારના ભયંકર પરિણામોથી ડરીને શ્રી. કાનજી મુનિ વિષે અંતરમાં પુરી શ્રધ્ધા અને ભક્તિ ધરાવતા છતાં બહારથી શ્રી કાનજી મુનિ પ્રત્યેની શ્રધ્ધાનો ઇન્કાર કરે. બીજી બાજુએ જેઓ પોતાની માન્યતાને મક્કમપણે વળગી રહે તેઓ પોતાની જાત અને કુટુંબ પર પાર વિનાની સામાજીક આફતો નોતરે. આ બંને પરિણામો શું સમાજના વિશાળ હિતની દ્રષ્ટિએ ઇચ્છવા યોગ્ય છે?

સ્થાનકવાસી કોન્ફરન્સના—શ્રી. કાનજી મુનિના અનુયાયીઓનાં બહિષ્કારને લગતા—ઠરાવનો આશય કોમમાંથી કલહ અને વીખવાદને દૂર કરવાનો છે એમ કહેવામાં આવે છે. પણ આવી સમાજબહિષ્કારની પ્રવૃત્તિને વેગ આપવાથી કોઇ પણ કોમ કે જ્ઞાતિના કલહ અને વીખવાદ કદી શમન પામ્યા સાંભળ્યા છે ખરા? ઉલટું શ્રી. કાનજી સ્વામીના કારણે આજે જે કલહ, વીખવાદ અને ખળભળાટ કમનસીબે પેદા થયા છે તેને કોન્ફરન્સના ઠરાવથી વિશેષ પ્રોત્સાહન મળ્યું છે, અને કોન્ફરન્સે જે દોરવણી પોતાના સ્થાનકવાસી સમાજને આપી છે તે દોરવણીનો જો સ્થળ સ્થળના સંઘો ખરેખર અમલ કરશે તો આજના સ્થાનકવાસી સમાજની સંખ્યાને તો ઘણો ધક્કો લાગશે એટલું જ નહિ પણ પ્રસ્તુત ઠરાવના ગર્ભમાં રહેલ સમુહ-સંઘબહિષ્કારના પરિણામે સ્થળે સ્થળે અનેક નવા ઝગડાઓ પેદા થશે અને સમાજને છિન્ન ભિન્ન કરી નાખશે.

પ્રસ્તુત સંઘ બહિષ્કારની પ્રવૃત્તિ કેટલી ગેરડહાપણ ભરેલી છે એનો પણ થોડો વીચાર કરવા સ્થાનકવાસી ભાઇઓને મારી નમ્રભાવે વિનંતિ છે. આજે એવી સ્થિતિ છે કે કેટલાક ભાઇઓ અને કેટલીક બહેનો શ્રી. કાનજી મુનિના અનુયાયી બન્યા છે; જ્યારે તેમનાં અન્ય કુટુંબીજનો આ બાબતમાં કાં તો ઉપેક્ષા ધરાવે છે અથવા તો મનથી વિરોધ ચિન્તવે છે. ભાઇશ્રી ખીમચંદ વોરા પોતાના એક લેખમાં જણાવે છે કે "શ્રી કાનજીભાઇની પંડ સુધીની પથારી છે. જે સિદ્ધાંતોમાં સત્યનું અન્વેષણ નથી, જે વસ્તુ વસ્તુ જ નથી એનું અસ્તિત્વ ટકવાનું નથી." વળી તેઓ જણાવે છે કે, "શ્રી કાનજીભાઇ પ્રત્યે આકર્ષાયેલા ભાઇઓ જ્યારે કાનજી ભાઇના સિદ્ધાંતો કેટલા વિપરીત છે એ જાણશે તેજ ઘડીએ તેઓ સ્થાનકવાસી સમાજમાં દૃઢ માન્યતા ધરાવતા થઇ જશે." આમ બનવું સંભવિત નથી એમ કોઇ કહી નહિ શકે. અને જો એમ બને તો જે ભાઇઓને સ્થાનકવાસી સમાજ પોતાથી દૂર ગયેલા લેખવામાં આવેછે તે ભાઇઓ આપોઆપ પોતામાં ભળી જશે. પણ તે ત્યારે જ બને કે જો એ ભાઇઓના કહેવામાં આવતા ઉન્માર્ગગમનની આજે ઉપેક્ષા કરવામાં તો. પણ જો આજે ઉભી કરવામાં આવેલી બહિષ્કાર પ્રવૃત્તિનો યથાસ્વરૂપે અમલ કરવામાં આવે તો પરિણામે એ બધા ભાઇઓને જ માત્ર નહિ પણ તેમના કુટુંબકબીલાને સ્થાનકવાસી સમાજ હંમેશને માટે ગુમાવશે, તેઓ સ્થાનકવાસી સમાજથી હંમેશને માટે વિમુખ બનશે. આવો કેવળ ખોટનો વ્યાપાર અને સમાજહ્રાસનો વ્યવસાય શાણો સમાજ તો કદિ નજ કરે.

આ ઉપરાંત શ્રી કાનજી મુનિની પ્રવૃત્તિનાં બીજાં ગમે તે પરિણામો આવે, પણ આપણે જરૂર ઇચ્છીએ કે આજે જૈન સમાજ અનેક સંપ્રદાયમાં વહેંચાયલો છે, તેમાં વળી કાનજી સ્વામીનો એક નવો સંપ્રદાય ન વધે તો સારૂં. કોઇ નવો સંપ્રદાય ઉભો થવા ન દેવો એ આપણા હાથની વાત નથી. પણ આવો કોઇ સંપ્રદાય ઉભો થાય અથવા તો પુષ્ટ થાય એવું કોઈ કાર્ય તો આપણા હાથે થવું ન જ જોઇએ. આ દ્રષ્ટિએ પણ પ્રસ્તુત સંઘ બહિષ્કારની પ્રવૃત્તિ જરા પણ ઇચ્છવા યોગ્ય નથી. કારણ કે તમે જેમને દૂર ગયેલા ગણો છો તેમને પોતાના લેખો અને પોતામાં રાખો તો તેમનામાં દૂર રહેવાની અને ગણાવાની વૃત્તિ કદિ ઉત્તેજિત નહિ થાય. પણ એક વખત તે આખા વર્ગને રીતસર અળગો કર્યા પછી તો તેમને પોતાની પરિસ્થિતિનો એક સ્વતંત્ર સંપ્રદાય તરીકે જ વિચાર કરવાની ફરજ પડવાની. આવું પરિણામ શું ઇષ્ટ છે અને શ્રેયકારદાયક છે?

શ્રી ખીમચંદભાઇએ મુંબઇ જૈન યુવક સંઘના ઠરાવ ઉપર લેખ લખતાં સંઘબહિષ્કાર સંબંધે મેં દર્શાવેલા કેટલાક વિચારોનો પોતાની અનુકુળતા પુરતો ઉપયોગ કર્યો છે. પણ તેજ મારા લેખમાં મેં જણાવ્યું છે કે "આવા પ્રસંગે વિચારવા યોગ્ય પ્રશ્ન આવી બહિષ્કાર પ્રવૃત્તિના વ્યાજબી—ગેરવ્યાજબીપણાનો અથવા તો ઔચિત્ય—અનૌચિત્યને લગતો જ છે. ઘણી વખત આવો બહિષ્કાર કેવળ અયોગ્ય, અન્યાયપૂર્ણ અને વ્યકિત સ્વાતંત્ર્યનો રોધક હોય છે; કેટલીક વખત આવો બહિષ્કાર ડહાપણ ભરેલો હોતો નથી અને સમાજના વિશાળ હિતોને ભારે નુકશાનકર્તા બને છે." વળી આગળ ચાલતાં મેં જણાવ્યું છે કે:– "આવા બહિષ્કારના શસ્ત્રનો ઉપયોગ બહુજ સંભાળપૂર્વક અને અસાધારણ સંયોગોમાં જ કરવો જોઇએ અને જેમ વધારે વિશાળ સમાજ, તેમ શિસ્તની અને બહિષ્કારના શસ્ત્રનો અમલ બહુ વિરલ સંયોગોમાં જ અને પુરી સાવધાનીથી કરવો યોગ્ય લેખાય. નહિ તો પરિણામ એવું આવે કે ચોક્કસ સમાજનું રક્ષણ કરવું અને વ્યવસ્થા જાળવવી એ જેનો હેતુ છે તે શિસ્તનાં પગલાંનો અને બહિષ્કારનો દુરૂપયોગ કે વારંવાર ઉપયોગ તે સમાજને છિન્નભિન્ન કરી નાંખવામાં પરિણમે." આ દ્રષ્ટિએ આજે અખત્યાર કરવામાં આવેલી બહિષ્કાર નીતિનો વિચાર કરવા સ્થાનકવાસી સમાજના અગ્રેસરોને મારી નમ્રભાવે વિજ્ઞપ્તિ છે.

આટલી લાંબી ચર્ચા બાદ સ્થાનકવાસી સમાજને કોઇપણ અનિષ્ટ વ્યકિતનો સમાજ બહિષ્કાર કરવાનો હક્ક છે કે નહિ? કોંગ્રેસ, મોસ્લેમ લીગ કે હિંદુ મહાસભા એક યા બીજી વ્યકિત સામે શિસ્તના પગલાં શા માટે ભરે છે? મુંબઈ જૈન યુવક સંઘ પણ શિસ્તપાલન ઉપર આટલો બધો ભાર શા માટે

મૂકે છે અને શિસ્તભંગ કરતા સભ્ય સામે કેમ પગલાં ભરે છે? આવા બધા પ્રશ્નોનો જવાબ આપવાની જરૂર રહે છે ખરી? આજે જ્યારે મુંબઇ જૈન યુવક સંઘની કાર્યનીતિ પરત્વે અમુક આક્ષેપો થઇ રહ્યા છે ત્યારે ઉપરના પ્રશ્નોની થોડી ચર્ચા જરૂરી હોય એમ લાગે છે. પ્રથમ તો જેમ અન્ય કોઈ સમાજને તેમજ સ્થાનકવાસી સમાજને કોઇપણ અનિષ્ટ લાગતી વ્યકિત સામે પગલાં ભરવાનો અને તેને જરૂર જણાયે બહિષ્કૃત કરવાનો હક્ક છે જ એ વિષે બેમત હોવા સંભવ નથી, પણ દેશના તેમજ સમાજના આધુનિક સંયોગોમાં જ્યારે સંપ્રદાયિક મતભેદો હળવા થઇ રહ્યા છે, વિશાળ જૈન સમાજ તેમજ જનસમાજની દૃષ્ટિએ આપણે આપણા પ્રશ્નો વિચારતા થયા છીએ, જ્યારે આધુનિક શિક્ષણને લીધે આપણી વારસાગત ધાર્મિક તેમજ સામાજિક માન્યતાઓમાં મૌલિક પરિવર્તન થઇ રહ્યું છે ત્યારે તેમજ સ્થાનકવાસી સમાજના વિશિષ્ટ સંયોગો ધ્યાનમાં લેતાં પણ પ્રસ્તુત બહિષ્કાર પ્રવૃત્તિ વ્યકિત-સ્વાતંત્ર્યનું અણઘટતી રીતે રૂંધન કરનારી, બહિષ્કૃત ભાઇઓ માટે પાર વિનાની આફત નોતરનારી અને સરવાળે સ્થાનકવાસી સમાજનોજ હ્રાસ કરનારી છે અને તેથી આવી બહિષ્કાર પ્રવૃત્તિ અનિષ્ટ અને પરિત્યાગયોગ્ય છે. બીજું જુદી જુદી સંસ્થાઓને શિસ્તભંગના પગલાં લેવાના પ્રસંગો પ્રાપ્ત થયા છે તે ઘણું ખરૂં તે તે સંસ્થા સામે આગેવાન બળવાખોર કોઇ એક વ્યકિત સામે લેવાયા છે, જ્યારે સ્થાનકવાસી કોન્ફરન્સનો ઠરાવ એક પ્રકારના સમુહબહિષ્કારને ઉત્તેજે છે અને તેમ કરવાનો આડકતરો આદેશ આપે છે. આ દોરવણી મારી જેવી સામાન્ય અને એમ છતાં સ્થાનકવાસી સમાજની હિતેચ્છુ અનેક વ્યકિતઓ યોગ્ય નથી લાગતી. ત્રીજું સ્થાનકવાસી સમાજની રચના અને મુંબઇ જૈન યુવક સંઘની રચના વચ્ચે અસાધારણ અન્તર છે. વિશાળ જૈન સમાજનો સ્થાનકવાસી સમાજ એક વિભાગ છે. આપણી બાજુ દિગંબર સમાજનું દળ બહુજ નાનું છે, પણ શ્વેતાંબર મૂર્તિપૂજક તેમજ સ્થાનકવાસી સમાજ બન્ને ભિન્ન સમાજ ગણાતા હોવા છતાં પરસ્પર વચ્ચે બહુ ગાઢ સામાજિક અને કૌટુંબિક સંબંધો અસ્તિત્વ ધરાવે છે, તેમજ અનેક ધાર્મિક બાબતોમાં બધા અવારનવાર સાથે જોડાય છે. વળી જૈન જૈનેતર વચ્ચે ઘણે ઠેકાણે દીકરા દીકરીના સગપણ-સંબંધો પણ ચાલુ નિર્માણ થયાજ કરે છે. વળી આજે સૌ કોઇનો સંપ્રદાય સંબંધ જન્મથી નક્કી થાય છે એમ છતાં અમુક સંપ્રદાયની વ્યકિતઓ અમુક માન્યતાઓ ધરાવે છે એમ સૌ કોઇ વિષે માની લેવું યોગ્ય નથી. આધુનિક શિક્ષણે સંપ્રદાયિક માન્યતાનાં મૂળ એટલાં બધાં હલાવી નાંખ્યાં છે કે અમુક સંપ્રદાયની અમુક માન્યતાઓ અને ચોક્કસ આચાર નક્કી કરવામાં આવે અને તે ઉપર સહી કરે તેનેજ તે સંપ્રદાયનો ગણવો એમ ઠરાવવામાં તો આજના કેળવાયેલા વર્ગમાંથી કેટલી મોટી સંખ્યાને નીકળી જવાનો પ્રસંગ આવે એ એક મોટો સવાલ છે. આજના અન્ય સાંપ્રદાયિક સમાજ માફક સ્થાનકવાસી સમાજની પણ આવી અસ્પષ્ટ અથવા તો પ્રવાહી પરિસ્થિતિ છે. બીજી બાજુએ મુંબઇ જૈન યુવક સંઘ એક નાનુસરખું મંડળ છે. સષ્ટ્રીયતા અને વિશાળ જૈન સમાજને ધ્યાનમાં રાખી તેણે પોતાનું ચોક્કસ બંધારણ ઘડયું છે અને આજનાં ધોરણે કેવળ પ્રાગતિક વિચારો ધરાવનાર, સામાજિક ક્રાન્તિનાં સ્વપ્નાં સેવનાર અને રાષ્ટ્રની આઝાદીને અગ્રસ્થાન આપનાર તેમજ સમગ્ર જૈન સમાજની એકતા સ્વીકારનારનેજ તેમાં સ્થાન છે. સંઘના સભ્યો માટે ઉપર જણાવેલ આશયને ધ્યાનમાં રાખીને કેટલાક શિસ્તના નિયમો ઘડવામાં આવ્યા છે અને તેના અનુપાલનનો આગ્રહ રાખવામાં આવે છે અને તે કારણે સંઘને અગત્યના સભ્યો ગુમાવવાનો પ્રસંગ પણ આવે છે. જૈન સમાજ કે સ્થાનકવાસી સમાજ એક સાગર સમાન છે, જ્યારે મુંબઇ જૈન યુવક સંઘ એક નાના સરખા સરોવર સમાન છે. સરોવરની પરિસ્થિતિ સાગરને લાગુ પડી ન શકે. સરોવરનાં પાણી ચોખ્ખાં રાખવા માટે પાળ જોઇએ અને જળ શુદ્ધિને લગતા ચોક્કસ નિયમો પળાવા જોઇએ. મુંબઇ જૈન યુવક સંઘ સ્થાનકવાસી કે દેરાવાસી જેવા વિશાળ સમુદાયના માર્ગે ચાલવા જાય તો પોતાનું વ્યકિતત્વ ગુમાવી બેસે. સ્થાનકવાસી કે દેરાવાસી સમુદાય શિસ્તની સખ્તાઇના માર્ગે ચાલવા જાય અને પોતાની સ્વીકારાયલી માન્યતા કે આચારથી અન્યથા વર્તનાર સર્વ કોઇને અલગ કરવાના રાહે ચાલવા લાગે તો તેનું આયુષ્ય અકુદરતી રીતે ટુંકાઇ જાય, અને તેનો સમુહદેહ બહુ થોડા વખતમાં જર્જરિત થઇ જાય.

આ લાંબુ વિવેચન પુરૂં કરવા પહેલાં એક બે બાબતોનો ખુલાસો કરવાની જરૂર લાગે છે. શ્રી. ખીમચંદભાઇ મું. જૈ. યુ. સંઘના ઠરાવ ઉપરના લેખમાં એ મતલબનું જણાવે છે કે સંઘની કાર્યવાહક સમિતિની ચર્ચા દરમિયાન એમ કહેવાયું કે કદાચ દલીલને ખાતર એમ માની લઇએ કે સ્થાનકવાસી સમાજને પોતાના કોઇ પણ સભ્યનો બહિષ્કાર કરવાનો અધિકાર હોઇ શકે તો પણ એ અધિકાર ભોગવવાને સ્થાનકવાસી સમાજ લાયક નથી. આવો અભિપ્રાય સંઘની કાર્યવાહક સમિતિનો કદિ હતોજ નહિ કે છે પણ નહિ એમ હું સંઘના પ્રમુખ તરીકેની જવાબદારીથી કહી શકું છું. માત્ર એક સભ્યે પ્રસ્તુત ઠરાવની ચર્ચા દરમિયાન એવી મતલબનું જણાવ્યું હતું કે આજની પરિસ્થિતિમાં અને સંઘો અને જ્ઞાતિઓનાં બંધારણો આજે જે સ્થિતિમાં છે તે સંયોગોમાં સ્થાનકવાસી સંઘને કે અન્ય સંઘો કે જ્ઞાતિઓને આવો બહિષ્કાર કરવાનો અધિકાર રહ્યો નથી. કાર્યવાહક સમિતિની ચર્ચાને ઉપરના આકારમાં રજુ કરીને શ્રી. ખીમચંદ ભાઇએ સંઘ વિષે ભારે ગેરસમજુતી ફેલાવી છે અને સંઘને ભારે અન્યાય કર્યો છે.

આ ઉપરાંત એક બીજી એવી ગેરસમજુતી ફેલાયલી માલુમ પડે છે કે સંઘની પ્રસ્તુત કાર્યવાહક સમિતિની સભાની ચર્ચા દરમિયાન કેટલાક સભ્યોએ સ્થાનકવાસી સમાજ પ્રત્યે અથવા તો તે સમાજના આગેવાનો પ્રત્યે તિરસ્કાર દર્શાવતા ઉદ્ગારો કાઢયા હતા. હું તો એ સભાના પ્રમુખસ્થાને હતો અને આવો તિરસ્કાર કોઇ પણ સભ્યે દાખવ્યો હોય એવું લેશ માત્ર બન્યુંજ નથી એમ હું સત્યની સાક્ષીએ કહી શકું તેમ છું. અલબત્ત સ્થાનકવાસી સમાજમાં આજે વેગ પકડી રહેલી સમુહબહિષ્કાર પ્રવૃત્તિની કોઇ કોઇ સભ્યે બહુ સખ્ત ટીકા કરી હતી, પણ એનો અર્થ સ્થાનકવાસી સમાજ કે તેના અગ્રેસરો પ્રત્યે તિરસ્કાર દર્શાવવામાં આવ્યો એમ કરવામાં આવે તે યોગ્ય નથી. જે સંઘનો ઉદ્દેશ જૈન સમાજના ભિન્ન ભિન્ન અંગો વચ્ચે એકતા કેળવવાનો છે અને સમગ્ર જૈન સમાજમાં એકતાની બુદ્ધિ વિકસાવવાનો છે તે સંઘ અથવા સંઘના જવાબદાર માણસો જે ઘડિએ પક્ષ વિપક્ષની બુદ્ધિથી વિચારશે, બોલશે, અથવા વર્તશે તે ઘડિથી સંઘના અસ્તિત્વની કોડીની પણ કીંમત નહિ રહે.

આશા રાખવામાં આવે છે કે આટલા લાંબા વિવેચનના પરિણામે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીના ઠરાવ પાછળ રહેલો આશય યથાસ્વરૂપે ગ્રહણ કરવામાં આવશે અને તે સંબંધમાં ઉભી થએલી અણઘટતી ગેરસમજુતીઓ દૂર થશે.

**પરમાનંદ.**

તા. ક.–મુંબઇ યુવક સંઘની કાર્યવાહીના સ્થાનકવાસી સમાજમાં ચાલી રહેલ બહિષ્કાર પ્રવૃત્તિને વખોડી કાઢતા ઠરાવ સામે વિરોધ દર્શાવતા જે કેટલાક સભ્યોએ રાજીનામાં આપ્યાં છે તેમની સાથે કાર્યવાહી સમિતિનું તા. ૧૫-૧-૪૪ના રોજ સંઘના કાર્યાલયમાં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું તે પ્રસંગે શ્રી કાનજી મુનિ અને તેમના અનુયાયીઓ સંબંધમાં શ્રી સ્થાનકવાસી કોન્ફરન્સની જનરલ કમીટીના પ્રસ્તાવ સંબધે કેટલીક ચર્ચા થઇ હતી. એ પ્રસ્તાવનો સંઘ બાહિષ્કારને લગતો વિભાગ નીચ મુજબ છે.

"જે સ્થાનકવાસી ભાઇઓ શ્રી કાનજીભાઇના અનુયાયી થયા છે અને સ્થાનકવાસી ધર્મના સિદ્ધાન્તો, માન્યતાઓ અને પ્રરૂપણાઓમાંથી તેમની શ્રદ્ધા નષ્ટ થઇ છે તેવાઓએ પ્રમાણીકપણે પોતપોતાના ગામના સંઘોમાંથી નીકળી જઈ કલહ અને વિખવાદ મીટાવવા જોઇએ. તેવાઓને સ્થાનકવાસી સંઘના સભ્ય તરીકે રહેવાનો કોઇ અધિકાર નથી. આમ છતાં જેઓ સંઘમાંથી સ્વેચ્છાએ છુટા ન થાય અને સ્થાનકવાસી ધર્મના મૂળભત સિદ્ધાન્તો, માન્યતાઓ અને પ્રરૂપણાઓ વિરૂદ્ધ વર્તન કરે, સંઘમાં કલહ અને વિખવાદ જગાવે અને સંઘના હિતવિરૂદ્ધ વર્તન કરે તેમની સામે શિરતભંગના પગલાં લેવાનો અને તેમને સ્થાનકવાસી સભ્ય તરીકે કમી કરવાનો સ્થાનિક સંઘને અધિકાર છે."

આ વિભાગને સ્પષ્ટ કરતાં મારા મિત્ર શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે 'ઉપરના ઠરાવમાં સમુહ બહિષ્કારની કોઇ વાત જ નથી. હજુ સુધી કોઇ સામે બહિષ્કારનાં પગલાં લેવાયા નથી અને માત્ર શ્રી કાનજી મુનિમાં માન્યતા હોવાના કારણે જ નહિ પણ જેઓ એ ઉપરાંત સંઘમાં કલહ અને વિખવાદ જગાવે અને સંઘના હિતવિરૂદ્ધ વર્તન કરે એવી કોઇ વિરલ અપવાદજનક વ્યક્તિનો જ સંઘ-બહિષ્કાર અંતિમ ઉપાય તરીકે ઉપરના ઠરાવમાં નિર્દેશાયલો છે' મારી સમજણ મુજબ પ્રસ્તુત ઠરાવની ભાષા અને તેમાંથી ઉઠતો ભાવ શ્રી કાનજી મુનિના અનુયાયીઓના સમુહ સંઘ બહિષ્કારને જ આગળ ધરે છે અને સામાન્ય જનતા અને સ્થળ સ્થળના સંઘના આગેવાનો 'શ્રી કાનજી મુનિના અનુયાયીઓ સ્થાનકવાસી સંઘની માન્યતાઓ અને સિદ્ધાન્તોથી વિરૂદ્ધ માન્યતાઓ ધરાવતા હોઇને સંઘમાં કલહ અને વિખવાદ જગાવે છે અને તેથી કાં તો તેઓ પોતાની માન્યતાઓનો ત્યાગ કરે અને એમ ન બને તો તેઓ પોતપોતાના સંઘમાંથી સ્વેચ્છાએ નીકળી જાય અને જેઓ એ મુજબ સ્વેચ્છાએ નીકળી ન જાય તેમને તે સ્થળના સંઘો પોતામાંથી કમી કરે' આવા ભાવાર્થમાં જ તે ઠરાવને સમજવાના છે. વળી પ્રસ્તુત ઠરાવમાં ગમે તે મર્યાદા સૂચવવામાં આવી હોય તો પણ જે રીતે શ્રી કાનજી મુનિ સામેના વિરોધની આંધી વધતી ચાલી છે અને સંઘ બહિષ્કારનું આંદોલન ઉપરોક્ત ઠરાવ વડે જે રીતે વધારે ને વધારે વેગ પકડી રહ્યું છે તે ધ્યાનમાં લેતાં ઉપરના ઠરાવમાં સુચવાયલી બહિષ્કાર-મર્યાદા સામાન્ય લોકોના ખ્યાલમાં રહેવાની નથી. તેનું પરિણામ આજે નહિ તો આવતી કાલે સમુહ બહિષ્કારમાં જ આવવાનું છે. આ સંબધે લાલબત્તી ધરવા પુરતો જ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીના ઠરાવનો આશય છે. આ બાબતમાં મારી કલ્પનાઓ ખોટી પડે, સમુહ બહિષ્કારની સંભાવના પાયા વિનાની પુરવાર થાય અને સંઘ બહિષ્કારના શસ્ત્રનો ઉપયોગ ઉગામવા પુરતો જ હતો, તેનો યથાસ્વરૂપે અમલ કરવાનો હેતુ નહોતો તે આગામી ઘટનાઓથી સિદ્ધ થાય તો પછી કોઇને પરસ્પર કહેવા વિચારવા જેવું રહેશે જ નહિ અને આજે જુદા પડતાં તત્વો સ્વાભાવિક રીતે સંધાઇ જશે. આવું શુભ પરિણામ આપણે જોવા પામીએ અને મારા તર્કવિતર્કો અને તરંગો ખોટા પડે એવી મારી પ્રાર્થના છે.

**પરમાનંદ**

## શ્રી. રણજીત પંડિતનું અકાળ સ્વર્ગગમન

ચાલુ માસની ૧૪ મી તારીખે સવારે ૭ વાગે શ્રી. રણજીત સીતારામ પંડિતના ૫૧ વર્ષની ઉમ્મરે થયેલા અકાળ અવસાનથી આખા દેશમાં ભારે ગમગીનીની છાયા પસરી રહી છે. ૧૯૪૨ ના ઓગસ્ટ માસની નવમી તારીખે સરકારે જે સમુહ-ધરપકડ કરી હતી તેમાં તેઓ પણ પકડાયા હતા અને નાદુરસ્ત તબિયતના કારણે ગયા ઓકટોબર માસની આઠમી તારીખે તેમને સરકારે કારાવાસ-મુક્ત કર્યા હતા. જેલવાસ દરમિયાન લાગુ પડેલા વ્યાધિએ આખરે તેમના પ્રાણ હરી લીધા અને દેશે એક સાચો સૈનિક ગુમાવ્યો. નહેરૂ કુટુંબ સાથે તેઓ લગ્નસંબંધથી જોડાયા હતા અને દેશસેવાની દીક્ષા પણ તેમણે ત્યાંથી જ પ્રાપ્ત કરી હતી. તેઓ દેશના એક સાચા વિનમ્ર સેવક હતા. તેમણે આગેવાન હોવાનો કદિ દાવો કર્યો નહોતો. દેશની મૂક સેવા કરવી અને કોઇ પણ કટોકટીના સમયે રાષ્ટ્રીય આઝાદીનો ઝંડો હાથમાં પકડીને ઉભા રહેવું અને જે કાંઇ યાતનાઓ સહેવાની પોતાના ભાગે આવે તે શાન્તિથી સહી લેવી–આ તેમની વર્ષોભરની જીવનચર્યા અને તપસ્યા હતી. તેમના જેવા શકિતશાળી અને એમ છતાં નિરભિમાની દેશ-સેવકો બહુ જ વિરલ જોવામાં આવે છે. તેમનું અને પંડિત વિજયાલક્ષ્મી જેવા રૂપગુણ અને શ્રી-સંપન્ન દંપતી યુગલો પણ આજે દેશમાં કેટલાં જોવા મળે? આવી સર્વ પ્રકારે સમાનધર્મી જોડી આજે ખંડિત થઇ અને વિજયાલક્ષ્મી પંડિતનું જીવન સાથીવિહોણું થઇ ગયું. શ્રી. રણજીત પંડિત પોતાની પાછળ ત્રણ પુત્રીઓ મુકી જાય છે, જેમાંની મોટી બે પુત્રીઓ હાલ અમેરિકામાં અભ્યાસ કરે છે. તેમના કુટુંબ પ્રત્યે આખો દેશ ઉંડી અને દર્દભરી સહાનુભૂતિ દાખવી રહ્યો છે. જેણે આ દુનિયામાં સુખ, શાન્તિ કે સગવડની કદિ પરવા કરી નહોતી તેને પરમાત્માના ધામમાં પરમ શાન્તિ મળે એવી આપણે પ્રાર્થના ચિન્તવીએ!

## અધ્યાપક શ્રી. એચ. બી. ગાંધીનું અકાળ અવસાન

મુંબઇની સેંટ ઝેવીયર્સ કોલેજના અર્ધમાગધી ભાષાના અધ્યાપક શ્રી. એચ. બી. ગાંધીના ૩૨ વર્ષના બહુ નાની ઉમ્મરે થયેલા અકાળ અવસાનની નોંધ લેતાં બહુ દિલગીરી થાય છે. તેમનો જૈન કુટુંબમાં જન્મ થયો હતો અને પુનાની નવરોજજી વાડીયા કોલેજ દ્વારા બી. એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરીને તે કોલેજમાં તેઓ ફેલો નીમાયા હતા. ત્યારબાદ તેમણે એમ. એ.ની પરીક્ષા ઉંચી કક્ષાએ પસાર કરીને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો અને સુરતની એમ. ટી. બી. કોલેજમાં થોડો વખત કામ કર્યા બાદ અર્ધમાગધીના અધ્યાપક તરીકે તેઓ કેટલાક સમયથી સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં જોડાયા હતા. તેમની અધ્યાપક તરીકેની ટુંકી કારકીર્દી દરમિયાન અર્ધમાગધી વ્યાકરણ અને સાહિત્ય ઉપર તેમણે સાત પુસ્તકો પ્રગટ કર્યા હતા અને ચાર પુસ્તકો તૈયાર કરેલા હજુ અપ્રગટ પડેલા છે. તેમનો અનેક શિક્ષણસંસ્થાઓ સાથે ગાઢ સંબંધ હતો અને શેઠ હીરાચંદ ગુમાનજી બોર્ડીંગમાં તેઓ ધાર્મિક તેમજ અર્ધમાગધીના વર્ગો ચલાવતા હતા. તેઓ સ્વભાવે ખુબ મળતાવડા અને પ્રકૃતિથી બહુ વિનમ્ર હતા. તેમના અવસાનથી એક આશાપ્રદ ભાષાશાસ્ત્રી અને સાહિત્યકારની જૈન સમાજને ખોટ પડી છે. તેમના આત્માને પરમાત્મા પરમ શાન્તિ અર્પો!

પરમાનંદ.

# માથેરાન

ગયા સપ્ટેમ્બર માસની જીવલેણ માંદગીમાંથી બચી જવા બાદ હવાફેર માટે દેવલાલી લગભગ બે માસ જઇ આવ્યા પછી દશ દિવસ માથેરાન જવાનું પણ થયું. માથેરાન બોરીબંદરથી ઉપડતી ટ્રેનમાં નેરલ થઇને જવાય છે. નેરલથી એક નાની પર્વતગાડી ઉપડે છે, જેને નાનાં બાળકો દીવાસળીના બાકસની ગાડી અથવા બાબાગાડીના નામે ઓળખે છે. માથેરાનની એ નાની ટ્રેનના ડબ્બા આપણી ટ્રામના ડબ્બા કરતા પહોળાઇમાં અરધા ભાગના અને લંબાઇમાં પણ અરધા ભાગના હોય છે. ઉંચાઇમાં એકાદ ફુટ નીચા હોય છે. નેરલ સ્ટેશનથી માથેરાન પગ રસ્તે સાત માઇલ અને ટ્રેનના રસ્તે ૧૦ા થી ૧૧ માઇલ છે. માથેરાનની ટેકરી ઉપર ચડતી ટ્રેન એક મોટા રમકડા જેવી લાગે છે. પર્વતની ટેકરીના ચઢાણવાળા ભાગમાંથી રસ્તો બનાવીને પાટા નાંખવામાં આવ્યા છે. તે ઉપર આડા અવળા ચકાવા લઇને ટ્રેન ધીમે ધીમે પર્વતની ટેકરી ઉપર ચઢે છે અને એ વખતે ટ્રેનમાંથી માથેરાનની કેટલીક સુંદર જગ્યાઓ, ઢોળાવો, ખીણો તથા લીલી હરીઆળીથી મનોહર લાગતાં શિખરો જોવાની તક મળે છે અને એ સુંદર દૃષ્યો જોવાથી આંખને ઠંડક અને આરામ મળે છે. આ નાનકડી ટ્રેન બાંધવાનું સાહસ વોરા શાહ સોદાગર શેઠ સર આદમજી પીરભાઇએ ખેડયું. કહેવાય છે કે એ ટ્રેન પાછળ તેમણે લાખો રૂપીઆ ખર્ચ કર્યું અને ખોટ ખમી, જેના પરિણામે આજે માથેરાનની સહેલગાહ આટલી આસાન બની છે. માથેરાનની ટેકરી નીચા ઉંચા ચઢાણવાળી છે. આખી ટેકરી ઉપર એક સરખા બહુ ઉંચા નહી અને બહુ નીચા નહી એવા જાંબુ, અંજીર વગેરે જુદી જુદી જાતના ઝાડોની લંગાર ભરી હોય છે. એક સરખા ઉંચાઇના ઝાડ અને તેના લીલા હરીઆળા પાંદડાથી આખી માથેરાનની ટકરી અતિ ભવ્ય અને મનોહર ઉપરાંત શાંત અને ઠંડકવાળી લાગે છે. ટેકરી ઉપર નાના મોટા બંગલાઓ બાંધવામાં આવ્યા છે. માથેરાનમાં મ્યુનીસીપાલીટી છે, જે મ્યુનીસીપાલીટી લોકોની તંદુરસ્તી માટે ખાસ ધ્યાન આપે છે અને તેની આર્થિક સ્થિતિ સદ્ધર ગણાય છે. બીજું શેઠ બેરામજી જીજીભાઇની હોસ્પીટલ છે. હરવા ફરવા માટે જુદાં જુદાં પોઇન્ટ ઉપરાંત બાળકો માટે પાંડે પ્લે ગ્રાઉન્ડ અને મોટેરા માટે રગબી પાર્ક છે, જ્યાં સાંજના અનેક કુટુંબો ફરવા જાય છે અને તેમનાં ટોળાં જામે છે. અહિં આપણે મુંબઇના હેંગીંગ ગાર્ડન ઉપર ફરતા હોઇએ એવું ભાન થાય છે. માથેરાનની ટેકરી ઉપરથી કુદરતનું સૌંદર્ય જોવા માટે જુદી જુદી જગાઓ છે અને તે પોઇન્ટના નામે ઓળખાય છે. મુખ્ય પોઇન્ટો નીચે મુજબ છે—પેનોરમા, ગાર્બેટ, હાર્ટ, મંકી, હનીમુન, લુઇસા, શાર્લોટ, ચોક, એલેકઝાન્ડ્રા, વનટ્રીહીલ, આર્ટીસ્ટ. પણ બીજા પણ અનેક નાના મોટાં પોઇન્ટ છે. દરેક પોઇન્ટ પરથી દૂર દૂરના પ્રદેશો તેમજ પર્વતમાળ જોવાય છે અને એના ભવ્ય આકાર, મનોહર ગગન ચૂમતાં શિખરો અને લીલી વનશ્રી આપણને મુગ્ધ કરે છે.

માથેરાનના જુદા જુદા પોઇન્ટો ઉપર પગે ચાલીને ફરવામાં કોઇ જુદો જ આનંદ આવે છે. પણ જે લોકો ચાલી શકે તેમ ન હોય તેમની માટે રીક્ષા તેમ જ ઘોડાનો વાહન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. મને તો ચઢાણ ચઢવા ઉતરવાની ડાક્ટરોની મના હતી, તેથી મારા માટે રીક્ષાનો ઉપયોગ કરવા સિવાય બીજો કોઇ ઉપાય જ નહોતો. રીક્ષાને એક માણસ ખેંચે છે અને પાછળથી એ માણસો હડસેલે છે. પહેલેજ દિવસે રીક્ષામાં બેસીને નીકળતી વખતે મને વિચાર થવા લગ્યો કે ફરવાની આપણી ઇચ્છા પુરવા માટે માણસો આપણને ખેંચે અને તેથી તેમને ખુબ શ્રમ પડે એવા વાહનનો ઉપયોગ કરવો એ ઇચ્છવા યોગ્ય છે કે નહિ? માથેરાનમાં લગભગ ૧૦૦ રીક્ષાઓ છે. તેને ખેંચતા દરેકને બાર ચૌદ આના રોજ મળે છે. લગભગ બધી રીક્ષાના માલીકો ઘણું ખરૂં જુદા હોય છે અને તેઓ માણસો રાખી રીક્ષાઓ ભાડે ફેરવે છે. રીક્ષાની કીંમત આશરે ૩૦૦ રૂપીઆની હોય છે. રીક્ષા ફેરવનારને પડતા શ્રમથી ઉપજતા ત્રાસે મારા મન ઉપર ઘણી ઉંડી અસર કરી અને આવી જાતની મજુરીથી નભવાને સરજાયલી પ્રજાની ગરીબી વિષે મને અનેક વિચારો આવ્યા. આપણામાં શ્રમજીવી અને ધનજીવીના બે વર્ગો છે અને ધનજીવીઓ શ્રમજીવીઓને મજુરી આપી ખરીદવાનો પોતાને હક છે એમ માને છે અને એવા ગુમાનથી રાચે છે. રીક્ષા ખેંચનારને આપણે તેના પાસ રીક્ષા ખેંચાવી તેના બદલામાં મહેનતાણું આપીએ છીએ, જે મહેનતાણું તેની ભુખને મટડવા કામ લાગે છે. આમાં કશું અયોગ્ય નથી એમ કેટલાક માને છે. આ દલીલ કદાચ સાચી હોય તોપણ માણસ માણસને ખેંચીને પેટીયું મેળવે એ માણસાઇની દૃષ્ટિએ હીણપતભર્યું છે એ શક વિનાની વાત છે. માથેરાન મુંબઇથી ચાર કલાકના રસ્તા ઉપર અતિ મનોહર અને શાંતિ, સુખ અને સગવડ આપનાર, હવા ખાવાનુ અને પ્રમાણમાં સસ્તું, મધ્યમ વર્ગને બહુ ભારે ન પડે એવું એક સ્થળ છે. આવો આ વખતે મને પહેલીવાર અનુભવ થયો. **મણિલાલ મોકમચંદ શાહ**

---

**શિસ્ત ભંગની સોટી** (પૃષ્ઠ ૧૫૫ થી ચાલુ)

શિસ્તની સોટીના પ્રહારો ગમે તેમ કડકાઇથી ધર્મગુરૂઓદ્વારા તેમ જ જ્ઞાતિના પંચો અને ઘરના વડીલોદ્વારા કરવાથી જ જૈનો અને સમસ્ત હિંદુઓની ધર્મ તથા સમાજની હાલત છિન્નભિન્ન થઇ છે.

ગાંધીજી કે અન્યમતીઓમાં અમુક ગુણો છે એમ કહેવા માત્રથી કહેનાર ઉપર ધર્મી ગણાતા લોકો શિસ્તભંગની સોટી ઉઠાવે છે. ભણેલા જૈનેતરો પણ હાલમાં આગમો વાંચવા લાગ્યા છે એટલે શ્રાવકોને હવે તે વિષે મનાઇ કરવી ફોગટ છે એમ વદનારને પણ શિસ્તભંગની સોટી બતાવવામાં આવે છે. સાતે ક્ષેત્રોમાં શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર હાલમાં સીદાય છે, એટલે તે તરફ જ મુખ્યતયા ધ્યાન આપવું યોગ્ય છે એમ કહો તોપણ શિસ્તભંગના પ્રહારોનો ભોગ થવું પડશે. કોઇ અસામાન્ય શકિતશાળી શ્રાવક હોય તો એમના તરફ સ્વાભાવિક રીતે જ સમાજ તણાઇ જાય છે, ત્યારે પણ સમાજને શિસ્તભંગની સોટીના પ્રહારો ખાવા પડે છે. તેથી સમાજમાં અનૈક્ય ઉપજે છે એ સ્પષ્ટ દેખાઇ આવે છે, છતાં શિસ્તભંગની સોટી તો ચલાવવામાં આવતી જાય છે. એ પ્રવૃત્તિને લઇને જ જૈન સમાજ છિન્નભિન્ન થયો છે. જુદા જુદા ફિરકાવાળાઓએ શિસ્તભંગની સોટી કડકાઇથી અરસપરસ ચલાવી છે તેને લઇને જાણે કે જુદા જુદા ધર્મના જ હોય એવી રીતે ત્રણે ફિરકાવાળા વર્તે છે.

વધારે પડતી ઉદારતામાં શૈથિલ્યનો દોષ છે, પણ વધારે પડતી કટ્ટરતામાં તો તત્વહાનિનો દોષ છે. એટલે સમાજ શિથિલ બને એની તેટલી ફીકર ન કરવી જોઇએ જેટલી સમાજ સંકુચિત, કટ્ટર રૂઢીચુસ્ત બને એની કરવી જોઇએ. જાતઅનુભવથી મેં જોયું છે કે કદી ક્રિયા નહિ કરનારા જ્યારે કરે છે ત્યારે સારી રીતે કરી પ્રગતિમાન બને છે, જ્યારે હંમેશ ક્રિયા કરનારા રૂઢીચુસ્તો અવનત બનતા જોવાય છે એટલે શિથિલ કે ઉદારોના સામે શિસ્તભંગની સોટી ઉઠાવવામાં લાભ કરતાં હાનિ જ વધારે છે અને રૂઢીચુસ્તોને પંપાળવામાં કાંઇ પણ લાભ નથી પણ હાનિ એટલી બધી છે કે જે પરંપરા હાલમાં ચાલશે તે મૂળ સિદ્ધાન્ત વગરની જ હોય. એટલે સુધારકોને યોગ અવકાશ હંમેશા આપવો જોઇએ. તેમ નહિ કરવાથી આટલા પંથો અને જાતિઓ હિંદુસ્થાનમાં નિર્માણ થયા છે જે ધર્મને, શાસનને અને સમાજને નુકસાન પહોંચાડી રહેલ છે. આટલા પંથોને અને જાતિઓને સર્જવામાં શિસ્તભંગની સોટી જ જવાબદાર છે. **મુનિશ્રી કુમુદવિજયજી.**

---

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન.: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૯

મુંબઇ: ૧ ફેબ્રુઆરી ૧૯૪૪ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

## આચારનો અત્યાચાર

(કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કેટલાક મનનીય લેખોનો શ્રી નગીનદાસ પારેખે અનુવાદ કર્યો છે અને તે ધી મહાગૂજરાત પબ્લીશીંગ કંપની તરફથી 'પૂર્વ અને પશ્ચિમ' એ નામથી પ્રગટ થયેલ છે. તેમાંથી નીચેનો લેખ જે કવિવર ટાગોરે ઇ. સ. ૧૮૯૨માં લખેલો તે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. પ્રસ્તુત લેખમાં કડા, ક્રાન્તિ, કાક, દંતિ, અને તિલ શબ્દો આવે છે. કડા એટલે કોડી. ચલણી નાણાં તરીકે જે દ્રવ્યવિનિમય થતો. તે સુચવનાર આ બધાં શબ્દો છે. પહેલાંના વખતમાં કોડીનું ચલણ હતું અને પાઇની છ કોડી એ હિસાબે દ્રવ્યવિનિમય થતો. ૧ કડા (કોડી)=૩ ક્રાન્તિ=૪ કાક=૯ દંતિ=૮૦ તિલ. આ ગણતરી મુજબ તે તે શબ્દોવા સૂચન ચ.જો લેવાતી દેવાતી. પરમાનંદ)

"અંગ્રેજીમાં પાઉંડ છે, શિલિંગ છે, પેની છે, ફાર્ધિંગ છે. આપણે ત્યાં રૂપિયા છે, આના છે, કડા છે, ક્રાંતિ છે, દન્તિ છે, કાક છે, તિલ છે......અંગ્રેજ અને બીજી પ્રજાઓ નાના નાના ભાગોને હિસાબમાં લેતી નથી; આપણે નાના નાના ભાગોનો હિસાબ પણ રાખીએ છીએ, છોડતા નથી......હિંદુ કહે છે કે ધર્મ-જગતમાં પણ કડાક્રાંતિનો વિચાર કરવાનો હોય છે, સ્વયં ભગવાન કડાક્રાંતિ પણ છોડી દેતા નથી. એટલે જ કદાચ હિંદુઓએ સામાજીક અનુષ્ઠાનમાં પણ કાક ક્રાંતિ શુદ્ધાં છોડયાં નથી, કડાક્રાંતિનો પણ વિચાર તેઓ કરી ગયા છે ને તેનાં વિધિવિધાન પણ કરી ગયા છે."—સાહિત્ય, ૩ જો ભાગ, ૭ મો અંક.

બધી બાજુ સરખી રીતે સંભાળવી એ માણસને માટે દુઃસાધ્ય હોય છે. એટલા માટે માણસે કોઇ ને કોઇ બાબતમાં છૂટછાટ મૂકીને ચાલવું જ પડે છે.

કેવળ થિયરી—સિદ્ધાંતને જ જો વળગી રહેવાનું હોય તો તો તમે કડા, ક્રાંતિ, દન્તિ, કાક, સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ, ને સૂક્ષ્માતિસૂક્ષ્મ ટુકડા લઇને પણ ઘરમાં બેસીને, પાટી ગણિતના વિચિત્ર દાખલાઓ ગણ્યા કરો તો ચાલે, પણ કાર્યમાં ઉતરતાં જ અતિ સૂક્ષ્મ અંશોને છોડીને જ ચાલવું પડે છે. નહિં તો હિસાબ મેળવવામાંથી કામ કરવાનો વખત જ નહિં મળે.

કારણ, સીમારેખા તો કોઇક જગ્યાએ દોરવી જ પડવાની. તમે સૂક્ષ્મ હિસાબી હો, અને દન્તિ કાક સુધી હિસાબ ગણવા માંગતા હો તો તમારા કરતાં સૂક્ષ્મતર હિસાબી જરૂર કહી શકે કે કાક આગળ જ શા માટે અટકી જવું ? વિધાતાની દૃષ્ટિ જો અનંત સૂક્ષ્મ છે, તો આપણા જીવનનો હિસાબ પણ અનંત સૂક્ષ્મની દિશામાં જ ખેંચવો જોઇએ. નહિં તો તેમને પૂરેપૂરો સંતોષ નહિં થાય—તેઓ ક્ષમા નહિં કરે.

વિશુદ્ધ તર્કની દૃષ્ટિએ આની વિરૂદ્ધ કોઇ કશું કહી શકે એમ નથી—પણ કાર્યના દૃષ્ટિએ જોવા જઇએ તો હાથ જોડીને વિનીત સ્વરે આપણે કહીએ—"પ્રભુ, અમારી પાસે અનંત શક્તિ નથી એ તમે જાણો છો. અમારે કામ પણ કરવું પડે છે અને તમારી આગળ હિસાબ પણ આપવો પડે છે. અમારા જીવનનો સમય પણ અલ્પ છે અને સંસારનો માર્ગ પણ કઠિન છે. તમે અમને દેહ આપ્યો છે, મન આપ્યું છે, આત્મા આપ્યો છે, ક્ષુધા આપી છે, બુદ્ધિ આપી છે, પ્રેમ આપ્યો છે, અને એ બધા બોજા સાથે અમને સંસારના હજારો લોકોના અને હજારો વિષયોના વમળમાં નાંખી દીધા છે. આ ઉપરાંત પાછા પંડિતો વળી ડર દેખાડે છે કે તમે હિંદુના દેવ ખુબ કઠોર છો, તમે કડા, ક્રાંતિ, દન્તિ, કાકનો હિસાબ પણ છોડતા નથી. એમ જો હોય તો તો હિંદુને સંસારના કોઇ સાચા કામમાં, માનવના કોઇ મહાન અનુષ્ઠાનમાં ભાગ લેવાનો વખત જ ન મળે. તો તો તમારા મોટા કાર્યમાં 'ગોટલી' મારી કેવળ તમારો ક્ષુદ્ર હિસાબ ગણગણ કરવો પડે. તમે જે શોભા—સૌંદર્ય—વૈચિત્ર્યમય સાગરામ્બરા પૃથ્વીમાં અમને મોકલ્યા છે, તે પૃથ્વીને તો પર્યટન કરીને જોવાય પણ નહિ. તમે જે ઉન્નત માનવવંશમાં અમને જન્મ આપ્યો છે, તે માનવોની સાથે સમ્યક્ પરિચય કરવો અને તેમનાં દુઃખનું મોચન કરવું, તેમની ઉન્નતિ સાધવા માટે વિવિધ પ્રયત્નો કરવા—એ તો અસાધ્ય થઇ પડે. કેવળ ક્ષુદ્ર પરિવારમાં, ક્ષુદ્ર ગામમાં બંધાઇ રહીને, ઘરખૂણે બેસીને ગતિશીલ વિપુલ માનવ—પ્રવાહ અને જગત સંસાર તરફ નજર પણ નાંખ્યા સિવાય પોતાના ક્ષુદ્ર દૈનિક જીવનનાં કડા ક્રાંતિ ગણ્યા કરવાં પડે. આને નહિ અડું, તેનો પડછાયો નહિ લઉં, અમુકનું ખાઉં નહિ, અમુકની કન્યા ન લઉં, આ રીતે ઉઠીશ, તે રીતે બેસીશ, ઢીંકણી રીતે ચાલીશ, તિથિ, નક્ષત્ર, દિવસ, ક્ષણ, લગ્નનો વિચાર કરીને હાથ પગ ચલાવીશ, એમ કરી કરીને કર્મહીન ક્ષુદ્ર જીવનનાં ટુકડા ટુકડા કરી નાખી, રૂપીયાની બદામ કોડી કરીને મોટો ઢગલો બનાવવો, એજ શું અમારા જીવનનો ઉદ્દેશ છે ? હે હિંદુના દેવતા ! તમારી શું એવી આજ્ઞા છે કે અમે માત્ર 'હિંદુ' જ બનીએ, માણસ ન બનીએ ?"

અંગ્રેજીમાં એક કહેવત છે—"પેની-વાઇઝ પાઉંડ ફુલીશ" બંગાળીમાં તેનો તરજુમો આમ થઇ શકે—કોડી છુટે નહીં, અને રૂપિયો દેખે નહિ. એટલે કે કોડી પર વધારે પડતું ધ્યાન રાખવા જતાં રૂપિયો જતો કરવો પડે. એનું પરિણામ એ આવે કે 'ગીટે વજની જેમ, પણ ગાંઠ સરકણી રહી જાય'—જીવપર આવીને આંટા મારવામાં ઉણપ નહિ પણ ગાંઠ ઢીલી. આપણા દેશમાં પણ એવુંજ બન્યું છે. વિધિવ્યવસ્થા, આચાર વિચાર તરફ અતિશય ધ્યાન આપવા જતાં, મનુષ્યત્વનાં સ્વાધીન ઉચ્ચ અંગ તરફ અવહેલના કરવામાં આવી છે.

સામાજીક આચારથી માંડીને ધર્મનીતિની ધ્રુવ આજ્ઞાઓ સુધી બધામાં જ એક સરખી કડકાઇ કરવાને લીધે પરિણામ એ આવ્યું કે આપણા દેશમાં સમાજનીતિ ધીમે ધીમે સુદૃઢ અને કઠણ બની

ગઇ છે, પણ ધર્મનીતિ શિથિલ થતી જાય છે. કોઇ માણસ ગાય મારે તો તેને સમાજની સજા ભોગવવી પડે અને તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે, પણ માણસનું ખુન કરે તો પ્રાયશ્ચિત કર્યા વગર જ સમાજમાં સ્થાન પામે એવા દાખલાની કંઇ ખોટ નથી. રખેને હિન્દુ વિધાતાના હિસાબમાં કડાક્રાંતિની ભુલ પડે, એટલા માટે પિતા આઠ વરસની અંદરજ કન્યાને પરણાવી દે છે અને મોટી ઉમરે પરણાવે તો ન્યાતબહાર થાય છે. વિધાતાનો હિસાબ મેળવવાની બાબતમાં સમાજ જો આટલી બધી ઝીણી નજર રાખતો હોય, તો પેલો પિતા પોતાના ઉચ્છૃંખલ ચારિત્ર્યના સેંકડો દાખલા પૂરા પાડ્યા છતાં યે શા માટે સમાજમાં સ્વમાન જાળવીને રહી શકે છે? આ તે કાકદંતિનો હિસાબ કહેવાય? હું જો અસ્પૃશ્ય નીચ જાતને સ્પર્શ કરૂં, તો સમાજ મને તરતજ એ દંતિ હિસાબ વિષે સાવચેત કરે છે, પણ હું જો જુલમ કરીને એ નીચ જાતનાં ઘરબાર ખેદાનમેદાન કરી નાખું, તો સમાજ મારી પાસે એ 'રૂપિયા'નો હિસાબ માગે છે ખરો? રોજ રોજ રાગ, દ્વેષ, લોભ, મોહ, મિથ્યાચરણ ધર્મનીતિના પાયાને ખોદી રહ્યાં છે, અને છતાં સ્નાન, તપ, વિધિવ્યવસ્થામાં તલભાર પણ ત્રુટિ પડતી નથી. આવું નથી નજરે પડતું?

હું એમ નથી કહેતો કે હિંદુ શાસ્ત્રમાં ધર્મનીતિ–મૂલક પાપને પાપ નથી કહ્યું, પરંતુ મનુષ્યકૃત સામાન્ય સામાજિક નિષેધોને પણ તેની સમાન કક્ષાના ગણવાથી સાચાં પાપની ઘૃણ્યતા સ્વાભાવિક રીતે જ ઓછી થઇ જાય છે. અત્યંત મોટી મેદનીમાં ઉંચનીચનો વિચાર મુશ્કેલ બની જાય છે. અસ્પૃશ્યને સ્પર્શ કરવો અને સમુદ્રયાત્રાથી માંડીને નરહત્યા સુધીમાં બધા પાપ ને અપાપ આપણાં દેશમાં ભેળસેળ થઇ ગયાં છે.

પાપનિવારણના પણ એવા જ સેંકડો સહેલા રસ્તા છે. આપણા પાપનો બોજો જેમ જોતજોતામાં વધી જાય છે, તેમ જ્યાં ત્યાં તેને ફગાવી દેવાનાં પણ સ્થાન છે. ગંગામાં સ્નાન કરી આવ્યા એટલે શરીરનો મેલ અને નાનાં મોટાં બધાં પાપ ધોવાઇ ગયાં. જેમ રાજ્યમાં મોટી મરકી ચાલે ત્યારે દરેક મડદાને માટે જુદી જુદી ઘોર ખોદવી અશક્ય થઇ પડે છે અને અમીરથી માંડીને ફકીર સુધીના બધાને જ ઢગલો કરીને એકજ મોટા ખાડામાં નાખી દઇ સંક્ષેપમાં અંત્યેષ્ટિ સંસ્કાર પતાવવો પડે છે–તેમ આપણા દેશમાં ખાતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં એટલાં બધાં પાપ થાય છે કે દરેક પાપનું સ્વતંત્ર પ્રાયશ્ચિત કરવા જઇએ તો સમય જ નહિ મળે; એટલે થોડે થોડે વખતે એક સામટાં નાનાં મોટાં બધાં જ પાપોને ભેગાં કરી અતિ સંક્ષેપમાં એક સમાધિમાં નાખી આવવાં પડે છે. જેમ આંટા વજ્રના જેવા સખત તેમ ગાંઠ સરકણી.

આવી રીતે, પાપપુણ્ય એ મનના ધર્મ છે, એ વસ્તુ માણસ ધીમે ધીમે ભૂલી જાય છે. મંત્ર ભણવાથી, ડૂબકી મારવાથી, છાણ ખાવાથી પાપ નાશ પામે છે એવી માન્યતા સ્વીકારવી પડે છે. કારણ, માણસને જો માણસ તરીકે ન ગણીએ અને યંત્ર તરીકે ગણીએ તો તેના મનમાં પણ પોતે યંત્ર છે એવો ભ્રમ પેદા થાય છે જો સામાન્ય લાભ નુકસાન, વેપાર રોજગાર સિવાય બીજા કોઇ પણ વિષયમાં તેને સ્વતંત્ર બુદ્ધિ ચલાવવાનો અવસર આપવામાં ન આવે–જો ઉઠવું, બેસવું, હળવું, મળવું, અડવું, ખાવું–એ બધું પણ જો તેને માટે દૃઢ ભાવે નક્કી થઇ ગયેલું હોય, તો માણસમાં જે એક સ્વતંત્ર માનસિક ધર્મ હોય છે, તે ધીમે ધીમે ભુલાતો જાય છે. પાપ પુણ્ય બધું જ યંત્રના ધર્મ છે એમ માનતાં મુશ્કેલી પડતી નથી અને તેનું પ્રાયશ્ચિત પણ યંત્રસાધ્ય લાગે છે.

પણ અતિ સૂક્ષ્મ તર્ક કહે છે કે જો માણસની સ્વતંત્ર બુદ્ધિ ઉપર સહેજ પણ આધાર રાખવામાં આવે તો દૈવયોગે કાકદંતિનો હિસાબ પણ ન મળે, કારણ માણસ ઠોકર ખાઇને શીખે છે–પણ સહેજ ઠોકર ખાતાં જ જો પાપ થઇ જતુ હોય તો તેને શીખવાની તક આપ્યા વિના નાકમાં નાથ પહેરાવીને ચલાવવો એજ યુક્તિસંગત છે. છોકરાને ચાલતાં શીખવવું હોય તો પડવા દેવું જોઇએ. તેના કરતાં તેને ઘરડો થાય ત્યાં સુધી કેડે લઇને ફરવું એજ સારૂં, એમ કરીએ તો તે પડે પણ નહિ અને છતાં તેનું હરવાફરવાનું પણ ચાલુ રહે. ધૂળની એક કણ પણ જો લાગી તો હિંદુના દેવતા આગળ હિસાબ આપવો પડે છે, એટલે મનુષ્ય જીવનને તેલમાં નાખીને શીશીમાં નીતિમ્યૂઝિયમની પ્રદર્શનીય વસ્તુરૂપે રાખી મુકવું એજ સલાહભર્યું છે.

એનું જ નામ–'કોડી છોડે નહિ ને રૂપિયો દેખે નહિ.' શું સાચવ્યું અને શું ખોયું? તેનો કોઇ વિચાર કરતું નથી. 'કવિ-કંકણ'માં વાણિજ્ય વિનિમયમાં આ પ્રમાણે લખ્યું છે.

"શુકુતાર બદલે મુકુતા દિબે ભેડાર બદલે ઘોડા"

(છીપને બદલે મોતી આપે ને ઘેટાને બદલે ઘોડો)

આપણે પંડિતો ભેગા થઇને ખૂબ ચર્ચા કરીને છીપના બદલામાં મોતી આપવા તૈયાર થયા છીએ. જો માનસિક સ્વાધીનતા ન હોય તો પાપ પુણ્યનો કશો અર્થ જ રહેતો નથી. તે સ્વાધીનતાનો ભોગ આપી આપણે નામમાત્ર પુણ્યને નગદ ગણીને તિજોરીમાં ભર્યું છે.

પાપ પુણ્ય અને ઉત્થાનપતનમાં થઇને જ આપણું મનુષ્યત્વ ઉત્તરોત્તર પરિસ્ફુટ થતું જાય છે. સ્વાધીન ભાવે આપણે જે મેળવીએ છીએ તે જ આપણો સાચો લાભ હોય છે; અવિચારપૂર્વક બીજાની પાસેથી આપણે જે ગ્રહણ કરીએ છીએ તે આપણને મળતું નથી હોતું. ધૂળ કાદવમાં થઇને, આઘાત સંઘાતમાં થઇને, પતન–પરાભવને વટાવીને આગળ વધતાં વધતાં જે બળ સંચય કરીએ છીએ, તે બળ જ આપણું ચિરજીવનનું સાથી બની રહે છે. ધરતી ઉપર પગ શુદ્ધાં માંડયા વિના, દુગ્ધફેનશુભ્ર પુણ્યશય્યામાં શયાન રહીને હિંદુના દેવતા આગળ જીવનનો અતિ નિષ્કલંક હિસાબ તૈયાર કરી આપી શકાય–પણ તે હિસાબ એટલે શું? એક કોરૂંકટ ખાતું. તેમાં કલંક નહિ હોય અને આંકડો યે નહિ હોય. રખેને કડાક્રાંતિ કાકદંતિની ભૂલ પડે એ બીકે આવકજાવક કે સિલક કશું જ રાખવાનું નહિ.

નિર્દોષ સંપૂર્ણતા માણસને માટે નથી. કારણ, સંપૂર્ણતામાં એક પ્રકારની સમાપ્તિ રહેલી છે. માણસ આ જીવનમાં જ સમાપ્ત નથી. જેઓ પરલોક માનતા નથી, તેઓ પણ સ્વીકારશે કે એક જીવનમાં જ માણસની ઉન્નતિ–સંભાવના પુરી થઇ જતી નથી.

નીચલી શ્રેણીનાં પ્રાણીઓ જન્મકાળે માનવશિશુ કરતાં વધારે પરિણત હોય છે. માનવશિશુ બિલકુલ અસહાય હોય છે. બકરીના બચ્ચાને ચાલવા પહેલાં પડવું નથી પડતું. જો વિધાતા આગળ ચાલવાનો હિસાબ આપવાનો હોય તો બકરીનું બચ્ચું કાકદંતિ સુદ્ધાંનો હિસાબ મેળવી આપી શકે. પણ માણસના પતનની કોણ ગણના કરશે?

પ્રાણીઓના જીવનની મર્યાદા સંકુચિત હોય છે. તેઓ થોડે સુધી જઇને જ ઉન્નતિ કરતાં અટકી જાય છે–એટલા માટે આરંભકાળથી જ તેઓ શકિતશાલી અને સમર્થ હોય છે. માણસના જીવનનો પરિધિ બહુ વિસ્તિર્ણ હોય છે, એટલે તે લાંબા વખત સુધી અપરિણત ને દુબળ રહે છે.

પ્રાણીઓ જે સ્વાભાવિક નિપુણતા લઇને જન્મે છે તેને અંગ્રેજીમાં 'ઇન્સ્ટિંકટ' કહે છે. બંગાળમાં આપણે તેને સહજ–

છે. બીજી બાજુએ આવનાર નવાં મહારાણી કોઇના ધરની ગૃહિણી હતાં અને આગળનાં સંસાર સંબંધે એક બાળકની માતા હતાં. 'રાજાને ગમતી રાણી, ગમે તેમ કરીને આણી'. પ્રસ્તુત લગ્નઘટના પાછળ આવોજ કોઇ ઇતિહાસ તરી આવે છે. હિંદુ સ્ત્રીનું લગ્ન ફોક થઇ શકે નહિ અને તો પછી તેની સાથે નામદાર ગાયકવાડ કાયદેસર લગ્ન કરી શકે નહિ. તેથી આજનાં નવાં મહારાણી આગળનાં ધણીથી છુટા થવા માટે મુસલમાન થયાં અને એ રીતે પરણેલા ધણીથી છુટાછેડા લીધા. વળી પાછી મુશ્કેલી. મુસલમાન સ્ત્રીને હિંદુ રાજા શી રીતે પરણી શકે? તેથી પાછાં તે બાઇ હિંદુ થયાં. ધર્મનો ઉપયોગ આત્માની ઉન્નતિ અર્થે છે એમ કહેવામાં આવે છે. પણ તેજ ધર્મનો આટલો બધો ઐહિક ઉપયોગ છે અને પોતાના સ્વચ્છંદને પાર પાડવામાં પણ ધર્મ આટલો બધો મદદરૂપ થઈ શકે છે તે તો આ કીસ્સાથી જ જાણ્યું. કોકની પરણેલી સ્ત્રી, આગલા ધરથી થયેલા સંતાનની માતા, હિંદુમાંથી મુસલમાન, મુસલમાનમાંથી પાછી હિંદુ—એવી એક સ્ત્રી પોતાથી કંઇક રીતે ચડિયાતી એક મહારાણીના નસીબ અને સ્થાનને ઠોકરે મારી ગાયકવાડનાં મહારાણી બને છે અને આજના ગાયકવાડ મહારાજ તે સ્વર્ગવાસી સયાજીરાવના ગાદી વારસ જે સયાજીરાવે શ્રી. ચીમનાબાઇ સાથે ગમે તેટલો અણબનાવ હતો એમ છતાં પણ એક ઉપર બીજી સ્ત્રી કરવાનો સ્વપ્ને પણ વિચાર કર્યો ન હતો અને જે સયાજીરાવે સામાજિક ક્ષેત્રમાં અનેક કાયદાઓ કરીને પોતાનું નામ અને કારકીર્દી ચિરકાળ માટે ઉજ્જવળ કરી હતી તે સયાજીરાવના ગાદીવારસ સર પ્રતાપસિંહરાવે આ ધૃણાસ્પદ લગ્ન કરીને માત્ર પોતાની આગળની સ્ત્રીનો તેમ જ પોતાના સંતાનોનો દ્રોહ કર્યો છે એટલું જ નહિ પણ એક ઉપર બીજી સ્ત્રી થઇ ન શકે એવા રાજ્યના પોતે કરેલા કાયદાનું મનસ્વીપણે ઉલ્લંઘન કરીને રાજ્ય તેમ જ પ્રજા ઉભયનો મોટામાં મોટો વિદ્રોહ કર્યો છે. કમનસીબે ઇગ્લંડ જેવું વડોદરાનું રાજ્ય બંધારણ નથી. ઇગ્લંડની પ્રજા જેવી વડોદરાની પ્રજા સ્વત્વશાળી નથી. નહિ તો આવો નાલાયક રાજા આવું અપકૃત્ય કર્યા પછી વડોદરા રાજ્યના સિંહાસન ઉપર એક ઘડી પણ ટકી ન શકે અને પોતે સ્વેચ્છાએ એ સ્થાનનો ત્યાગ ન કરે તો પ્રજા તેને એ ઘડિમાં ઊંચકીને ફેંકી દે. કમનસીબે હિંદુસ્થાનમાં દેશી રાજાઓ ભારે વિચિત્ર દરજ્જો ધરાવે છે. રાજકારણમાં તેઓ અંગ્રેજ સરકારના કેવળ ગુલામ છે પણ સામાજિક ક્ષેત્રમાં તેઓ ઉપરથી સુરક્ષિત હોઇને તેમજ નીચેના પ્રજાવર્ગ પ્રત્યે કેવળ બીનજવાબદાર હોઇને બીનઅંકુશ આખલાની માફક વર્તી શકે છે. તેઓમાંના બધા જ આવા હોય છે એમ કહેવાનો જરા પણ આશય નથી, પણ તેમના સ્વચ્છંદ કે મનસ્વીતા ઉપર સ્વાભાવિક અંકુશ રહે એવી પરિસ્થિતિનો આપણા કમનસીબે સર્વથા લોપ થયો છે અને એટલે જ આપણે ત્યાં ઉપર જણાવી તેવી શોચનીય ઘટનાઓ અવારનવાર બન્યા કરે છે.

## શ્રી મહાસુખભાઇ ચુનીલાલનું શોકજનક અવસાન.

વીસનગરવાસી શ્રી. મહાસુખભાઇ ચુનીલાલનાં ૬૭ વર્ષની ઉમ્મરે તા૦ ૨૩-૧-૪૪ ના રોજ નીપજેલ અવસાનની નોંધ લેતાં બહુ દિલગીરી થાય છે. શ્રી. મહાસુખભાઇ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં બાળદીક્ષાવિરોધી હીલચાલના એક પ્રખર પ્રચારક તરીકે ખુબ જાણીતા હતા. બાળદીક્ષાના અનર્થ સામે જોરશોરથી પોકાર ઉઠાવનાર અને તે સબંધમાં અવિરત પરિશ્રમ લઇને સંખ્યાબંધ લેખો તથા પત્રિકાઓ લખીને તેમજ ભાષણો કરીને જૈન સમાજનું ધ્યાન ખેંચનાર અને આંખ ઉઘાડનાર તેઓ સૌથી પહેલા હતા. સ્થિતિચુસ્ત વર્ગે તેમજ શિષ્યલોભી આચાર્યોએ તેમને વગોવવામાં તેમજ હેરાન કરવામાં બાકી રાખી ન હોતી. એમ છતાં પણ તેમણે આ પ્રશ્નને પોતાનો બનાવ્યો હતો અને ગમે તેવી વિષમ પરિસ્થિતિનો તેમણે પુરી નિડરતા અને બહાદુરીથી સામનો કર્યો હતો. વડોદરા રાજ્યે બાળદીક્ષા અટકાયતનો જે ધારો કર્યો તેનું તેમણે અગ્રગમપણે સમર્થન કર્યું હતું. આ ઉપરાંત આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ એક પ્રતિનિધિ હતા. વડોદરા રાજ્યની ધારાસભાના તેઓ એક આગેવાન સભ્ય હતા. વીસનગરના જાહેર જીવનમાં તેમનું અગ્રસ્થાન હતું. ગુજરાતી સાહિત્ય પ્રત્યે તેઓ ઉંડી અભિરૂચિ ધરાવતા હતા. તેઓ સારા લેખક અને નવલકથાકાર હતા. 'અમૃત સરિતા' એ તેમની જાણીતી નવલકથા છે. વીસનગર વિષે વિપુલ માહીતી આપતું તેમણે એક સચિત્ર પુસ્તક રચ્યું હતું. આવી અનેકદેશીય પ્રવૃત્તિઓ સાથે જેમનો સંબંધ હતો અને જાહેર જીવન જેમનું શુદ્ધ, સેવાનિષ્ટ અને નિડરતાથી ભરેલું હતું તેવા શ્રી મહાસુખભાઇ ચુનીલાલના વિદેહ થવાથી જૈન સમાજને, ગુજરાતી સાહિત્યને તેમજ વડોદરા રાજ્યની પ્રજાને મોટી ખોટ પડી છે. પરમાત્મા તેમને પરમ શાન્તિ અર્પો!

## યજ્ઞ સમારંભમાં થનાર દશ લાખનું પાણી

દીલ્હી ખાતે એક મોટો યજ્ઞ સમારંભ યોજાઇ રહ્યો છે. આ યજ્ઞના ક્રિયા કાંડમાં ૧૬૦૦ પંડિત રોકાવાના છે અને આ યજ્ઞ સમારંભ ૧૧ દિવસ સુધી ચાલવાનો છે. સો યજ્ઞ કુંડો રચાવાના છે અને તેમાં પુષ્કળ ઘી, અનાજ તેમજ સાકરનો હોમ થવાનો છે. યજ્ઞકુંડ પાછે ૬૦૦૦ ઇંટોનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ પ્રસંગે સંખ્યાબંધ લોકો યજ્ઞના દર્શને આવશે. તેમની સગવડ માટે જમના નદી ઉપર બે નવા કામચલાઉ પુલો બાંધવામાં આવ્યા છે. આ યજ્ઞમાં આશરે દશ લાખ રૂપીઆનો ધુમાડો થશે એવી વકી રાખવામાં આવશે. એક બાજુએ ખાવાપીવાની ચીજોની ભારે તંગી છે; બીજી બાજુએ ખાદ્ય પદાર્થોનો જ જંગી પાયા ઉપર હોમ થવાનો છે. રેશનના આ મુંઝવતા જમાનામાં સરકારે આ બધું કયી રીતે અને શા હિસાબે પુરું પાડ્યું હશે એ એક કોયડો છે અને જ્યારે ભુખમરો ચોતરફ પ્રજાને ભરખી રહ્યો છે અને જનતાનો આત્મા ભુખે દુઃખે ચીમળાઇ રહ્યો છે ત્યારે આવી ઉડાઉગીરીથી ભરેલું ધાર્મિક અનુષ્ઠાન આ દુનિયા ઉપર કયું સ્વર્ગ ઉતારવાનું છે એ કલ્પનામાં આવતું નથી. માણસો ભલે ભુખે મરે! જેને પેટ નથી અને ભુખ પણ નથી એવા દેવો તૃપ્ત થવા જ જોઇએ, જેને માનવતા સાથે કશી નિસબત નથી એવી ધાર્મિક ઘેલછાનાં આવાં ઉપહાસયોગ્ય અને ગ્લાનિજનક પ્રદર્શનો જ્યાં ત્યાં ભરાયાં જ કરે એ ભારે શોચનીય છે. ગયે વર્ષે જૈન સમાજે પાલીતાણા ખાતે આવું પ્રદર્શન કર્યું હતું. આ વર્ષે સનાતન ધર્મ સમાજ એ રસ્તે ચાલી રહેલ છે. હીનભાગી ભારતવર્ષમાં ન બને તેટલું ઓછું!

## સર શાન્તિદાસ આસકરણ અને નામદાર વાઇસરોયને પાર્ટી

મુંબઇના આ વર્ષના શરીફ સર શાન્તિદાસ આસકરણે હિંદના નામદાર વાઇસરાયના મુંબઇ ખાતેના આગમન દરમિયાન તેમના સન્માનાર્થે એક મોટી પાર્ટીનો સમારંભ યોજ્યો હતો અને તેમાં લગભગ પંદરસો મહેમાનોને નોતરવામાં આવ્યા હતા. અલબત આ પાર્ટીમાં નહોતા ખાદ્ય પદાર્થો કે નહોતું સુરાપાન- માત્ર વિવિધ પ્રકારના પેય પદાર્થોથી મહેમાનોએ સંતોષ માનવાનો

હતો. શરીફના હોદ્દા ઉપર સાધારણ રીતે કોઇ રાજ્યનિષ્ટ શ્રીમંત આગેવાનની સરકાર દરવર્ષે નિમણુક કરે છે અને પોતાની રાજ્યનિષ્ટા પ્રદર્શિત કરવાની આવા પ્રસંગે શરીફને તક આપવામાં આવે છે અને આવી તકને આવા શરીફો પોતાના જીવનના અસાધારણ લહાવા તરીકે ગણીને વધાવી લે છે. કહેવાય છે કે વાઇસરોય જેવો અંગ્રેજ સરકારનો વિશિષ્ટ પ્રતિનિધિ મુંબઇ નગરીને પોતાનાં પગલાંથી પાવન કરે ત્યારે મુંબઇ નગરીનો શરીફ એટલે કે નગરશેઠ વાઇસરોય સાહેબનું આમ સ્વાગત કરે એ કંઇ કાળથી ચાલી આવતો શિરસ્તો છે. પણ આ શિરસ્તો શું કોઇ એવું બંધન છે કે ગમે તેવા વિષમ સંયોગોમાં અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ એનું અનુપાલન થવુંજ જોઇએ? આજે જ્યારે રાષ્ટ્રના શિરોમણિ નેતાઓ જેલમાં પુરાયલા પડયા છે અને જગદ્વંદ્ય મહાત્મા ગાંધીજી જીવતા દટાયા જેવી સ્થિતિમાં મૂકાયા છે, સરકારી દમનનીતિનો એકસરખો અમલ થઇ રહ્યો છે અને આખા દેશમાં કેવળ વટહુકમોથી રાજ્ય ચાલી રહ્યું છે—આ આખી રાજકીય બાજુ તો બાજુએ રહી પણ એક બાજુ ઘનઘોર વિશ્વયુદ્ધ ચાલી રહ્યું છે અને બીજી બાજુએ અસંખ્ય પ્રજાજનો માત્ર અન્નના અભાવે આ લોક છોડીને પરલોક સીધાવી રહ્યા છે, જ્યારે સામાન્ય પ્રજાગણ અંદરથી તેમજ બહારથી બળી રહેલ છે ત્યારે માત્ર રાષ્ટ્રીયભાવના ખાતર નહિ પણ માનવતા ખાતર પણ આવો ભવ્ય પાર્ટી સમારંભ મુલતવી રખાયો હત તો શું ખારૂં ખાટું થઇ જવાનું હતું? કોણ કહે છે હિંદુસ્થાનમાં રાજકીય મડાગાંઠ છે? કોણ કહે છે ગાંધી જેલમાં સડે છે તેની કોઇને જરા પણ પડી છે? કોણ કહે છે હિંદુસ્થાનમાં અંગ્રેજ સરકારના રાજ્યવહીવટ સંબંધી પ્રજાને જરા પણ અસંતોષ છે? એમ હોય તો વાઇસરોય માટે આવા ભવ્ય સન્માન સમારંભો આ ભૂમિ ઉપર કદિ પણ સંભવે ખરા? જ્યાં સુધી આ દેશમાં અમીચંદની પરંપરા જીવતી છે ત્યાં સુધી અંગ્રેજ સરકારનું હિંદ ઉપરનું સ્વામિત્વ સલામત છે! **પરમાનંદ.**

---

**એક ચર્ચાપત્ર** (પૃષ્ઠ ૧૬૫ થી ચાલુ)

યાયીઓ વધારવાના ઇરાદે હતો એટલે સ્વાભાવિક રીતે ઉહાપોહ ઘણો થયો. અવા કેટલાક ભાઇઓ હજી પણ સ્થાનિક સંઘોની આગેવાની કે વહીવટ છોડી દે, સંઘમાં ક્લેશ કે મનદુઃખ થાય એવા પ્રસંગો ઉભા જ ન કરે તો પોતપોતાને માર્ગે જાય તેમાં કોઇને વાંધો નથી. આવી સ્થિતિ લાવવી તેમના હાથની જ વાત છે. શ્રી કાનજી મુનિ સ્થાનકવાસી સાધુ રહ્યા નથી અથવા તેમના તરફ આકર્ષાયેલ ભાઇઓની થોડી માન્યતા પરિવર્તન થઇ છે તે માટે કોઇ તેમનો વિરોધ કરતું નથી. તેનો તાજો દાખલો સંતબાલનો છે. તેઓ સ્થાનકવાસી સાધુ રહ્યા નથી, તેમનું કેટલુંક વર્તન સાધુના આચારથી કેટલેક દરજ્જે જુદું છે. છતાં સંખ્યાબંધ સ્થાનકવાસી ભાઇઓ તેમના પ્રત્યે આદરથી જુએ છે, તેમની પ્રવૃત્તિઓમાં સાથ આપે છે, તેમના લખાણો જૈન પ્રકાશ છાપે છે: કારણ કે નથી તેઓ નવો પંથ સ્થાપવા નિકળ્યા કે નથી તેમના અનુયાયીઓ તેમને નામે સંઘમાં ક્લેશ કરાવતા કે તડ પડાવતા. તેઓ શાન્તિથી સમાજહિતની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

પણ હું તો એમ કહું છું કે કોન્ફરન્સના નિવેદનનો આ ભાગ કે જેના અર્થ વિષે આપણી વચ્ચે મતભેદ છે—પણ શું હોવું જોઇએ તે વિષે મોટે ભાગે આપણે એકમત છીએ—તે તો એ નિવેદનનો ગૌણ ભાગ છે. કેટલેક સ્થળે સ્થાનિક સંઘોમાં ઉત્પન્ન થયેલ તાત્કાલિક વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા સૂચવેલ અન્તિમ ઉપાય છે. તેનો દુરૂપયોગ ન થાય તે માટે કોન્ફરન્સ જાગૃત છે. સ્થાનકવાસી સમાજ પોતાનો હ્રાસ થાય તેવો ખોટનો વ્યાપાર નહિ કરે તેમ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

સૌથી મહત્વનો પ્રશ્ન કે જેને વિષે આપણી વચ્ચે કોઇ મતભેદ નથી તે તો એ છે કે શ્રી. કાનજી મુનિના વિચારો સમસ્ત જૈન સમાજને હાનિકારક છે અને સમાજને તેથી ચેતવવો રહ્યો. તેનો ચિરપરિણામી માર્ગ યોગ્ય પ્રચાર છે અને કોન્ફરન્સ તે જાણે છે. તેના નિવેદનનો અંતિમ ભાગ નીચે મુજબ છે.

"શ્રી કાનજી મુનિ તરફ જે ભાઇઓ અત્યારે આકર્ષાયા દેખાય છે, તેમાંનો મોટો ભાગ તેમના વિચારો જૈનધર્મના સિદ્ધાંતોથી કેટલા વિપરીત છે અને વ્યકિત અને સમાજને કેટલા હાનિકારક છે તે સમજ્યા હોય તેમ લાગતું નથી. આથી એમ લાગે છે કે એવા ભાઇઓને ઉન્માર્ગે દોરવાઇ જતા અટકાવવા માટે અને બીજાઓ તે તરફ ન આકર્ષાય એવી ચેતવણી માટે જૈનધર્મના સિદ્ધાંતોથી શ્રી કાનજી મુનિના વિચારો કેટલા વિપરીત છે તે બતાવવા કાઠિયાવાડ સ્થાનકવાસી સંઘ સમિતિએ જે પ્રચાર અને પ્રકાશન કાર્ય કર્યું છે તે પ્રવૃત્તિને આ જનરલ કમીટી આવકારે છે અને તે પ્રવૃત્તિને બનતી સહાય કરવાનું જનરલ કમીટી સ્વીકારે છે."

જૈન યુવક સંઘ આ કાર્યમાં પોતાનો ફાળો બરાબર આપશે તો કોન્ફરન્સના નિવેદનના એક ગૌણભાગની ચર્ચા કરવામાં તેણે જે સમય અને શકિત ખરચ્યા છે તે વ્યર્થ નહિ જાય.

મુંબઇ ૨૬-૧-૪૪ લી. સ્નેહાંકિત, **ચીમનલાલ શાહ**

# હસ્તઉદ્યોગ રાહત યોજના

**આજની અસાધારણ મોંઘવારીના વખતમાં તંગી અનુભવતી બહેનોને રાહત આપવાના હેતુથી શ્રી ભગિની સમાજ અને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલુ જાન્યુઆરી માસથી એક યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અનુસાર મુંબઇ અને પરાંઓમાં વસતી અને સૂતર કાંતતી અને પોતાના કુટુંબના નિર્વાહ માટે મદદની અપેક્ષા ધરાવતી બહેનોને તેમણે પોતે કાંતેલ સુતરનું જે મહેનતાણું ચુકવવામાં આવે છે તેથી બમણું મહેનતાણું ચુકવવાનો કાલબાદેવી ઉપર આવેલ ખાદીભંડાર સાથે તેમ વીલેપારલેના ખાદીમંદિર સાથે પ્રબંધ કરવામાં આવ્યો છે. જે કોઇ બહેનને આ રાહતનો લાભ લેવાની અપેક્ષા હોય તેને નીચે જણાવેલ કોઈ પણ સ્થળેથી પાસ કાઢી આપવામાં આવશે.**

૧ **ભગિની સમાજ કાર્યાલય.**
રાવળ બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ.

૨ **મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય.**
સીલ્વર મેન્શન, ધનજી સ્ટ્રીટ.

૩ **ખાદીભંડાર,** કાલબાદેવી રોડ.

૪ **ખાદીમંદિર,** વીલેપારલે.

**આ બાબતનો પાસ મેળવનાર બહેનને પોતાના હાથે કાંતેલ સૂતરના કંતામણ બદલ ચાલુ ધોરણે જે રકમ આપવામાં આવે છે તેથી બમણી રકમ ખાદી ભંડાર (કાલબાદેવી રોડ) અથવા તો ખાદીમંદિર (વીલેપારલે) તરફથી ચૂકવવામાં આવશે અને આ રાહતનો લાભ જે બહેનને જે તારીખે પાસ કાઢી આપવામાં આવ્યો હશે ત્યારથી ચાર મહીના સુધી મળશે. આ યોજનાનો વિના સંકોચે અને તેટલો લાભ લઇને પોતાના કુટુંબની મર્યાદિત આવકમાં થોડી ઘણી પુરવણી કરવા મુંબઇ અને પરાંની બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.** **હસ્તઉદ્યોગ રાહત સમિતિ.**

## સંઘ સમાચાર

### શ્રી. મણિલાલ મોકમચંદ શાહની ઉદાર સખાવત સંઘને અપાયેલી રૂ. ૧૩૦૦૦ ની રકમ.

તા૦ ૨૪-૧-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભામાં શ્રી મણિલાલ મોકમચંદ શાહે નીચે જણાવ્યા મુજબ ઉપયોગ કરવા માટે રૂ.૧૩૦૦૦ની રકમ સંઘને આપવા પોતાની ઇચ્છા દર્શાવી.

**રૂ. ૧૦૦૦૦** સંઘના સાર્વજનિક પુસ્તકાલયના ચાલુ નિભાવ અને વિકાસ પાછળ ઉપયોગ કરવા માટે.

**રૂ. ૨૦૦૦** શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના પ્રગટ તેમજ અપ્રગટ લેખોમાંથી પસંદગી કરીને આશરે ૩૦૦ પાનાનું પુસ્તક સંઘ તરફથી પ્રગટ કરવા પાછળ રૂા. ૧૦૦૦ રોકવા, અને તેવી રીતે શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના પ્રગટ તેમજ અપ્રગટ લેખો તથા વાર્તાઓમાંથી પસંદગી કરીને આશરે ૩૦૦ પાનાનું પુસ્તક સંઘ તરફથી પ્રગટ કરવા પાછળ બીજા રૂ. ૧૦૦૦ રોકવા અને તે બન્ને પુસ્તકો સંઘના સભ્યો તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને ઓછી કીંમતે આપવા તેમજ બહાર પણ એ પુસ્તકોનુ વેચાણ કરવું અને એ પુસ્તકો વેચાતાં જે રકમ પાછી મળે તેમાંથી સંઘ તરફથી પુસ્તકપ્રકાશન ખાતું શરૂ કરવું અને તે દ્વારા આજના જમાનાને અનુકુળ અને પ્રગતિશીલ વિચારોવાળું સાહિત્ય પ્રગટ કરવું.

**રૂા. ૧૦૦૦** મુંબઈ પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો નર્સ થવાનો આશરે ચાર વર્ષનો અભ્યાસક્રમ પુરો કરીને નર્સનો ડીપ્લોમા મેળવવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦) ની શિષ્યવૃત્તિ આપવા પાછળ રૂા. ૧૦૦૦) નો ઉપયોગ કરવો.

સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહની સઘને ઉપર મુજબ દાન આપવાની ઇચ્છાને સહર્ષ વધાવી લીધી અને આ રીતે સંઘની વાચનાલય-પુસ્તકાલય પ્રવૃત્તિને મજબુત બનાવવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહનો ઉપકાર આપવામાં આવ્યો હતો.

### શ્રી. મણિલાલ મોકમચંદ શાહને રૂા. ૧૦૦૦૦ ની થેલી આપવાનો નિર્ણય

તા. ૨૪-૧-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહે જૈન સમાજની તેમજ રાષ્ટ્રની જે અનેકવિધ સેવાઓ કરી છે તે ધ્યાનમાં લઇને તેમના મિત્રો, સ્નેહીઓ અને પ્રશંસકોના આદર ચિહ્નરૂપે રૂા. ૧૦૦૦૦ રકમ એકઠી કરીને થેલીના આકારમાં તેમને અર્પણ કરવાનો ઠરાવ કર્યો છે અને તે માટે સાત સભ્યોની એક સમિતિ નીમવામાં આવી છે, જેનું વિજ્ઞાપન પત્ર આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે અને તે ઉપરાંત શ્રી. મણિલાલ મોકમચંદ શાહનું નામ સંઘના વાચનાલય પુસ્તકાલય સાથે જોડવું અને તેમને સંઘના માનનીય મંત્રી નીમવા એવી સંઘની સામાન્ય સભાને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.

### વાચનાલય પુસ્તકાલય સમિતિના નવા મંત્રી

તા. ૧૨-૧-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભામાં વાચનાલય પુસ્તકાલય સમિતિના મંત્રી શ્રી ભોગીલાલ અમૃતલાલ ઝવેરીનું આવેલું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું અને તેમના સ્થાને શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનની નીમણુંક કરવામાં આવી હતી.

### સંઘની વાર્ષિક સામાન્ય સભા.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા પાયધુની ઉપર આવેલ ગોડીજીની ચાલમાં શ્રી. જૈ. શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં તા૦ ૬-૨-૪૪ રવિવારના રોજ બપોરે ૩॥ વાગે મળશે. આ સભામાં વાર્ષિક વૃત્તાન્ત રજુ થશે તેમજ અન્ય કાર્યો ઉપરાંત સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિની ચુંટણી કરવામાં આવશે. સર્વે સભ્યોને વખતસર હાજર થવા વિનંતિ કરવામાં આવે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

---

**શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય**
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩. તા. ૨૪-૧-૪૪

**સુજ્ઞ મહાશય**

સવિનય વિજ્ઞપ્તિ કે મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી અને 'પ્રબુદ્ધ જૈન' ના તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની આજ સુધીની જૈન તેમજ જૈનેતર સમાજની અનેકવિધ સેવાઓ ધ્યાનમાં લઇને શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ રૂ. ૧૦,૦૦૦)ની થેલી આવતા માર્ચ માસ પુરો થાય તે પહેલાં એકઠી કરીને તેમને અર્પણ કરવાનો ઠરાવ કર્યો છે. શ્રી મણિલાલ મોકમચંદ શાહ મુંબઇ જૈન યુવક સંઘના તો પ્રાણરૂપ છે અને તે સંઘને વિકસાવવામાં તેમણે તન, મન તેમજ ધનનો જે ફાળો આપ્યો છે તેનો આંક આકવો શકય જ નથી. છેલ્લાં છેલ્લાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પુસ્તકાલયને રૂા. ૧૦,૦૦૦ની રકમ આપીને તેમજ બીજાં કાર્યો માટે રૂા. ૩,૦૦૦ આપીને આજ સુધીની તેમની સેવાઓ ઉપર તેમણે કળશ ચઢાવ્યો છે આ ઉપરાંત મુંબઇની જાણીતી જૈન સસ્થાઓ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ, શ્રી શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ કન્યાશાળા, તેમજ અન્ય જૈન તેમજ જૈનેતર સંસ્થાઓની પણ તેમણે અનેક રીતે સેવા બજાવી છે તેમજ આર્થિક મદદો પણ આપી છે, જૈન યુવક પ્રવૃત્તિના તેઓ એક અપ્રતિમ સૂત્રધાર છે. આ ઉપરાંત રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં પણ તેમની સેવાઓનો ફાળો નાનો સુનો નથી.

આપ શ્રી. મણિભાઇને અંગત ઓળખો છો અને તેમની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફગાર છો. શ્રી. મણિભાઇની આજસુધીની સેવાઓને અંગે તેમના વિષે જૈન જૈનેતર સમાજમાં જે આદરભાવ રહેલો છે તેને મૂર્ત સ્વરૂપ આપવાને લગતી યોજનાને આપ વધાવી લેશો એવી આશા છે. અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રી. મણિભાઇના કેટલાક અંગત સ્નેહીઓએ આ યોજના હાથ ધરવાનું નક્કી થવા સાથે છુટક છુટક આશરે રૂ. ૨૫૦૦) ની રકમ ભરી આપી છે. આ કાર્યમાં આપનો ફાળો મોકલી આપવા તેમજ શ્રી. મણિભાઇ સાથે સંબંધ ધરાવતા વર્ગમાંથી બને તેટલો ફાળો એકઠો કરવા અમો મણિભાઇ સન્માન સમિતિના સભ્યો આપને વિનંતિ કરીએ છીએ. આ બાબતનો જવાબ ઉપર જણાવેલ સરનામે લખી મોકલવા વિજ્ઞપ્તિ છે.

લી. આપના વિશ્વાસપાત્ર મિત્રો

**પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**ચીમનલાલ ચકુભાઈ શાહ**
**વ્રજલાલ ધરમચંદ મેઘાણી**
**અમીચંદ ખેમચંદ શાહ**
**રતિલાલ ચીમનલાલ કોઠારી**
**તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી**
**પ્રવીણચંદ્ર હેમચંદ કાપડીઆ**
**મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ**

# શ્રી કાનજી મુનિ વિષે

## શ્રી. મું. જૈ. યુ. સંઘની કાર્યવાહક સમિતિનું નિવેદન

શ્રી કાનજી મુનિનાં જૈન ધર્મ વિષયક મન્તવ્યો અને પ્રવૃત્તિ સંબંધે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી નીચે મુજબ નિવેદન પ્રગટ કરવામાં આવે છે.

(૧) આજ સુધીમાં જૈન પરંપરા અનેક નાના મોટા ફાંટામાં વહેંચાતી આવી છે. ફાંટાભેદનો આખો ઇતિહાસ એમ બતાવે છે કે તે તે ફાંટા કોઇ એવી તાત્ત્વિક વસ્તુને કારણે નથી થયા કે જે વ્યકિતગત અથવા સામાજિક કલ્યાણનું આવશ્યક કારણ હોય. ઘણા ખરા ગચ્છો અને ફાંટાઓ ન જેવા ક્રિયાકાંડ અને ઉપાસનાભેદની આગ્રહી વૃત્તિમાંથી જન્મેલ છે. કોઇ ત્યાગી ગણાતી કે પંડિત મનાતી વ્યકિતના મનમાં અમુક બાહ્યાચાર પરત્વે ખાસ વિચાર આવ્યો અને તેણે તે વિચાર ઉપર વાણીબળે, યુકિતબળે કે ત્યાગબળે એટલો બધો વધારે પડતો ભાર મૂકયો કે જેને લીધે સ્વયં વિચાર કરવામાં અસમર્થ, શાસ્ત્રનો વાસ્તવિક મર્મ નહિ સમજનાર અને લાગવગમાં તણાઇ જનાર કેટલાયે ભાઇબહેનો નાની મોટી છાવણીમાં વહેંચાઇ ગયા. એના પરિણામે આગળ જતાં નિરર્થક સાબીત થયેલી એવી તે જ બાબતો પરત્વે ફાંટા વધતા જ ગયા. આને લીધે જૈન સમાજ ઘસાતો ગયો. તેણે ન વાપર્યું બુદ્ધિબળ કે ન પોષ્યું આધ્યાત્મિક બળ. બીજાં અનેક કારણોને લીધે જે કૌટુંબિક અને સામાજિક ભાવ છિન્નભિન્ન થયો છે તે બધાંએ કરતાં આ ફાંટાભેદે જૈન સમાજના શરીરને વધારે પ્રમાણમાં અને ઉંડે લગી છિન્નભિન્ન કર્યું છે. આ નકકર હકીકત છે. એવી સ્થિતિમાં શ્રી. કાનજી મુનિની સામાજીક અને આધ્યાત્મિક હિતથી વિમુખ એવી પ્રરૂપણા અને પ્રવૃત્તિ કોઇ પણ વિચારશીલ જૈન કે જૈનેતરને આવકારદાયક લાગે તેવી છે જ નહિ. તેથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ પોતાનો મકકમ અભિપ્રાય વ્યકત કરે છે કે જે ભાઇઓ અને બહેનો સામાજીક તેમ જ આધ્યાત્મિક કલ્યાણના ઇચ્છુક હોય તેમણે આવા એક નવા ફાંટાને ઉત્તેજન આપી ઘસાયલા જૈન સમાજને વધારે ઘસાવામાં ભાગીદાર થવું યોગ્ય નથી તેમ જ માનવીજીવન સાથે કોઇ પણ મેળ ન હોય એવી આકાશપુષ્પ સમાન વાતોની પાછળ પડી જૈન સમાજને વધારે ઉપહાસપાત્ર બનવામાં નિમિત્ત થવું ઘટતું નથી.

(૨) જૈન ધર્મ મૂળમાં નિવૃત્તિ પ્રધાન છે. જ્યારે તેણે સમાજનું રૂપ ધારણ કર્યું ત્યારે તેના જીવનમાં નિવૃત્તિનો ભાસ હોવાં છતાં પ્રવૃત્તિ જ મુખ્ય બનતી ચાલી. એક બાજુ પ્રવૃત્તિ વિના સંઘ અને સમાજનું જીવન અશકય અને બીજી બાજુ મૂલગત નિવૃત્તિની ભાવનાનું પ્રધાનપણું પણ છોડવું અશકય. આ ગુંચવણમાં નિવૃત્તિ અને પ્રવૃત્તિના કેટલાય ખોટા ખ્યાલો સમાજમાં સ્થિર થયા. આવા ખોટા ખ્યાલોથી બચી જવા વિશાળદૃષ્ટિ જૈન આચાર્યોએ નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિનું પૃથકકરણ કર્યું; પણ જેમ સર્વત્ર બને છે તેમ જૈન સમાજમાં પણ આ બે દૃષ્ટિનો ભેદ સમજનાર અને સમજીને અમલમાં મૂકનાર વિરલ વ્યકિતઓ જ પાકી છે. સામાન્ય વર્ગ કાં તો વ્યવહારની ભ્રામક કલ્પનામાં તણાઇ જાય છે અથવા તો નિશ્ચયની શુષ્ક બ્રહ્મવાર્તામાં ફસી જાય છે. જ્યારે જીવનમાં સાચો જ નિશ્ચય અંશે પણ પ્રગટ થાય છે ત્યારે તેનો વ્યવહારિક જીવન સાથે તેટલે અંશે સુમેલ સધાય જ છે. તેવીજ રીતે જ્યારે વ્યવહારિક જીવન ખરું અને પ્રમાણિક હોય છે ત્યારે તેમાં નિશ્ચયદૃષ્ટિ અનિવાર્યપણે હોય જ છે. સાચા નિશ્ચય અને સાચા વ્યવહાર વચ્ચે કદી વિરોધ હોતો જ નથી: એક સ્વસ્થ આત્મા છે તો બીજો સ્વસ્થ દેહ છે. આ વસ્તુ ચિરકાળથી જૈન શાસ્ત્રોમાં સુસ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી છે અને જે વિચાર કરી શકે તેને દીવા જેવી સ્પષ્ટ ભાસે તેમ પણ છે. પણ આજે દુઃખે સાથે કહેવું પડે છે કે શ્રી. કાનજી મુનિ જે નિશ્ચયની વાતો કરે છે અને જે રીતે નિશ્ચયનો ઉપદેશ આપી કાંઇક નવું જ કહેતા હોય એમ પ્રરૂપે છે તે વાસ્તવિક રીતે નથી સાચી નિશ્ચય દૃષ્ટિ કે નથી સાચી વ્યવહાર દૃષ્ટિ. એમના ઉપદેશ અને લખાણોનો તટસ્થપણે વિચાર કરતાં એમાં અનેક ભ્રમણાઓનું અને વહેમનું પ્રભુત્વ દેખાય છે. શ્રી કુંદકુંદાચાર્ય અને તેમની કોટિના અનેક વિદ્વાન દિગંબર અને શ્વેતાંબર શાસ્ત્રકારોની તેમ જ સ્વતંત્રપણે આધ્યાત્મિક વિચારો કરનાર જૈન સંતોની તત્વપ્રરૂપણાના કસોટીએ કસતાં શ્રી કાનજી મુનિનો નિશ્ચયનય વિષેનો આગ્રહ કેવળ ભ્રામક અને અનેક વિસંગતિઓથી ભરેલો માલુમ પડે છે.

(૩) શ્રી કાનજી મુનિના કેટલાંક વિધાનો અને સમગ્ર વલણ સર્વ સાધનમાર્ગનું વિરોધી છે, એટલું જ નહિ પણ માનવસમાજની વ્યાપક ભાવનાને પ્રતિકુળ જોવામાં આવે છે અને આજની કોઇ પણ સામાજિક કે પારમાર્થિક પ્રવૃત્તિને પોષક નથી એવો તેમનાં લખાણોનો વિચાર કરતાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિનો દૃઢ અભિપ્રાય બંધાયો છે અને તેથી આજના માનવસમાજની પ્રગતિને પોષનારી જે કાંઇ વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેને શ્રી કાનજી મુનિની વિચાર–પ્રરૂપણા સહાયક તો નથી, એટલું જ નહિ પણ અનેક પ્રત્યાઘાતી બળોનું અને પ્રગતિવિરોધી તત્ત્વોનું સમર્થન કરનારી છે એ બાબત તરફ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

ઉપર જણાવેલ દૃષ્ટિબિંદુઓથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી. કાનજી મુનિની વર્તમાન પ્રવૃત્તિ અને તેમનાં મન્તવ્યો સામે પોતાનો વિરોધ રજુ કરે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

**સંઘની રાહત પ્રવૃત્તિ:** શ્રી મુંબઇ જૈન યુવક સંઘે શરૂ કરેલી રેશન તેમજ રોકડ રાહત આપવાને લગતી પ્રવૃત્તિનો આજે ૯૦ જૈન કુટુંબો લાભ લઇ રહ્યા છે. આ ઉપરાંત તા૰ ૧૫–૧૨–૪૩ ના અંકમાં પ્રગટ કરવામાં આવેલી હસ્ત ઉદ્યોગ રાહત પ્રવૃત્તિની શરૂઆત જાન્યુઆરીની પહેલી તારીખથી કરવામાં આવી છે. સંઘનું રાહત કાર્ય શરૂ કર્યાને આજે લગભગ ચાર માસ થવા આવ્યા છે અને તેનો લાભ અનેક ગરીબ જૈન કુટુંબોને મળી રહ્યો છે. સુતર કંતામણને લગતી રાહત યોજના સાર્વજનિક છે અને તેનો પણ સારો લાભ લેવાશે એવી આશા રહે છે. રેશન તથા રોકડ રાહત પ્રવૃત્તિનો પ્રારંભ ચાર માસની અવધ બાંધીને શરૂ કર્યો હતો તેનો લાભ લેતા કેટલાક કુટુંબોની રાહત–મુદત થોડા વખતમાં પુરી થશે. તેમને રાહત આપવાનું કાર્ય ચાલુ રાખવું કે કેમ તે પ્રશ્નનો વિચાર સંઘની કાર્યવાહક સમિતિએ તુરતમાં કરવાનો રહે છે અને આ બાબતના નિર્ણયનો આધાર પ્રસ્તુત કાર્યમાં બહારથી કેટલી આર્થિક મદદ આવવા સંભવ છે તેના ઉપર રહે છે. આજ સુધી આ કાર્ય માટે નાણાંની માંગણી કરવામાં આવી નથી પણ હવે પ્રસ્તુત કાર્ય ચાલુ રાખવા તેમજ વિસ્તારવા માટે જાહેર જનતાના આર્થિક ટેકાની ખાસ જરૂર ઉભી થઇ છે.

**રતિલાલ ચીમનલાલ કોઠારી.**
**મંત્રી. રાહત સમિતિ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨૦

મુંબઇ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૪ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૩

## બાલશિક્ષણ—યોગ

(ભગિની સમાજના શ્રી એન. માળવી બાલમંદિરના તા. ૨૨-૧-૪૪ ના રોજ ઉજવાયલા વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઇએ એક મહત્વપૂર્ણ અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગૃહ અને શાળાના સુમેળ ઉપર જે ભાર મૂકવામાં આવ્યો છે અને તેને એક પ્રકારના 'યોગ' તરીકે વર્ણવવામાં આવ્યો છે તે સૌથી વધારે ધ્યાન ખેંચે તેવો વિચાર છે. ભગિની સમાજના કાર્યકર્તાઓ તરફથી સાંપડેલી પ્રસ્તુત વ્યાખ્યાનની નકલ અહિં સાભાર પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

જગતના ગંભીર ચિંતકોને સમજાતું જાય છે કે દેશનું કે જગતનું નવું સર્જન આર્થિક કે રાજકીય સુધારાનાં થીંગડાં દ્વારા નહિ, પણ વ્યક્તિઓની યથાયોગ્ય કેળવણી દ્વારા જ સાધી શકાય એમ છે અને વ્યક્તિઓની કેળવણીની વાત કરતા, સહેજે સમજાય એમ છે કે એનો સર્વ આધાર બાળકની કેળવણી ઉપર છે. આ રીતે થતું નવીન નિર્માણ કદાપિ આશ્ચર્યે ચકિત કરે એવું ત્વરિત નહિ હોય, છતાં, તે પાયામાંથી હોઇ, તેની સ્થિરતા અને સચોટતા માટે બે મત હોઇ શકતા નથી. મલીન સ્પર્ધાના દૂષિત વાતાવરણથી દૂર રહી, જાતે જ નિર્માણ કરેલી, પણ સંયમ સાથેની સ્વતંત્રતા અને સ્વાશ્રયની પરિસ્થિતિમાં ઉછરેલાં બાળકો, પોતાના વ્યક્તિત્વમાં જે ઉત્તમ તત્ત્વો છે, તે પ્રકટ કરતાં થશે, ત્યારેજ સમાજ સાચી પ્રગતિ કરી શકશે.

આ સર્વ શકયતાઓ બાલકેળવણીની નૂતન દૃષ્ટિમાં રહેલી છે એમ મારૂં સ્પષ્ટ માનવું છે. પણ તે સાથે એટલું પણ સ્પષ્ટ છે કે કેવળ બાલમંદિર કાઢયાથી અને સાધનો વસાવ્યાથી, એ શકયતાઓ આપોઆપ સિદ્ધ થઇ જતી નથી. બધાં સાધનો ઉભા કર્યાથી આપણે કૃતકૃત્ય થઇ જતાં નથી. શિક્ષકો અને સંચાલકો એમ માને કે સાધનોના શણગારથી નૂતન બાલ કેળવણીનાં ચક્રો ગતિમાન થઇ ગયાં અને માબાપ એમ માને કે આપણા બાળકોને એકાદ બાલ મંદિરમાં મોકલીને આપણે ધન્ય બની ગયાં, તો એ વિચારસરણીમાં ભૂલ રહેલી છે એમ મને લાગે છે. મૂક સાધનોમાં એવી કંઇજ શકિત નથી કે જેથી ગંભીર મંથન વિના, નવીન કેળવણીનું નવનીત આપોઆપ ઉપર તરી આવે. સાધનોનો જો યોગ્ય ઉપયોગ કરવામાં ન આવે તો તે આડે માર્ગે દોરનારાં નીવડે એવો પૂરો ભય છે. આપણે જો સદા જાગ્રત ન રહીએ તો, સાધનોમાં એની એક પ્રકારની મોહિની રહેલી છે કે જેનાથી આપણને મિથ્યા ધન્યતા અનુભવવાનો નશો સહેજે ચઢે એમ છે. તેમાંથી બચવાને અને આપણા આદર્શની સિદ્ધિને માટે, દીર્ઘચિંતન, શાસ્ત્રીય પ્રયોગો, અને શિક્ષકો અને માબાપનો સાચો અને ગાઢો સહકાર તદ્દન આવશ્યક છે. આપણું સાધ્ય જેમ ઘણું ઉચ્ચ અને ક્રાન્તિકારી છે, તેમ તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પણ એટલાંજ કઠિન અને એક પ્રકારના નવીન તપની અપેક્ષા રાખનારાં છે. નૂતન બાળ કેળવણીની દૃષ્ટિએ જે સાધનો મનાય છે તે કોઇ સામાન્ય અર્થમાં સમજવાના નથી. એ સાધનોની યોજના, તેનો શાસ્ત્રીય ઉપયોગ અને બાળકોનો અધિકારભેદ—એ સર્વની પછવાડે ક્રાન્તિકારી દૃષ્ટિ રહેલી છે અને એ ક્રાન્તિકારી દૃષ્ટિનું રહસ્ય પામવા માટે જે શક્તિની અપેક્ષા રહે છે તે તપ શબ્દથી વ્યંજિત થાય છે.

બાળકો બાલમંદિરમાં દિવસનો કેટલો સમય રહી શકે? દિવસના પાંચ છ કલાક બાદ કરતાં, બાકીનો સમય તેઓ પોતાને ઘેર જ ગાળે છે. તેઓ આમ, બાલમંદિર કરતાં, પોતાનાં મા બાપ અને કુટુંબી જનોના સંબંધમાં વિશેષ રહે છે. બાળકની, કે કોઇની પણ ચેતનાના વિભાગ થઇ શકતા નથી, કે જેથી, બાળક બાલમંદિરમાં કે અન્ય શાળામાં, માત્ર કેળવણી પામે, અને શાળાની બહાર, ઘર કે મહોલ્લામાં, તે અક્રિય બેસી રહે, અથવા તો આરામ લે. અમુક કલાકે ઘંટ વાગે, ને કેળવણી શરૂ થાય અને ફરી ઘંટ વાગતાં, તે પૂરી થાય, એવી રીતે બાળકનું કે કોઇનું પણ ચિત્ તંત્ર ઘડાયું નથી. એમ, ચેતનાના કે કેળવણીના વિભાગ કરી શકાતા નથી. કેળવણી તો એક નિરંતર ચાલતી ક્રિયા છે. તેથી, ચેતના તેમજ કેળવણી, સમગ્ર રૂપે લેવાનાં છે. આથી આપણે માટે સ્પષ્ટ સમજવું આવશ્યક બને છે, કે ઘર કે બાલમંદિર તો શું પણ આપણા મહોલ્લા અને રસ્તામાં જતાં આવતાં માણસો, નજરે પડતાં સર્વ દૃશ્યો, આપણા વિનોદનાં સાધનો, બાળકની નજરે પડતો સકળ મનુષ્ય વ્યવહાર.—એ સર્વ, બાળકેળવણીની દૃષ્ટિએ, એક બીજાને પૂરક બની રહેવાં જોઇએ. રસ્તામાં નજરે પડતાં દૃશ્યો, રસ્તે જતાં માણસોની વાતચીત, એ શું બાળકોનાં કુમળાં મગજ ઉપર અસર નહિ કરતાં હોય? ખરી રીતે તો, આપણો સમાજ સુશિક્ષિત અને સદા જાગૃત હોય, તો જાહેરમાં આયાસે કે અનાયાસે, એક પણ દૃશ્ય એવું પ્રકટ ન થવું જોઇએ, એક પણ શબ્દ એવો ન ઉચ્ચારાવો જોઇએ, કે જેની, બીજાઓ ઉપર, અને ખાસકરીને બાળકો ઉપર, માઠી અસર થવા પામે. પણ અત્યારે તો એ શુભ દિનની માત્ર કલ્પના કરવાની રહે છે. મનુષ્યોના બાહ્ય વ્યવહારને, આ દૃષ્ટિએ નિયમિત કરવાની આપણી શક્તિ નથી. એ તો જ્યારે દરેક જણ, પોતાની જવાબદારી સમજનારૂં થાય ત્યારે બને. તેથી હાલ તો આપણે ગૃહ અને બાલમંદિરના વાતાવરણમાં નિયમન આણીને સંતોષ માનવાનો રહે છે. આ નિયમન, ગૃહ અને બાલમંદિર વચ્ચે દૃષ્ટિ અને આચરણની બાબતમાં એકતાનતા અને સુમેળ સાધીને જ આણી શકાય એમ છે. એક જ સૂર અને એક જ તાલથી, ગૃહ અને બાલમંદિરનું જીવનસંગીત ચાલવું જોઇએ. ગૃહ અને

શાળાના આ સુમેળને, **યોગ** નું ગૌરવભર્યું નામ ઘટે છે. હિંદુ તત્ત્વજ્ઞાનના પ્રસિદ્ધ યોગોમાં, આ **યોગ** ઉમેરીને, તેની સાધના કરવામાં આવે તો વ્યષ્ટિ અને સમષ્ટિના સમવાયી જીવનની સાર્થકતા સિદ્ધ કરી શકાય એ વિષે શંકા રહેતી નથી.

આ બાલમંદિરના શિક્ષકો માબાપ સાથે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરે છે, તે ઘણું જ સ્તુત્ય છે. આથી શિક્ષક અને માબાપ બન્ને બાળકની સર્વ પ્રવૃત્તિઓથી વાકેફ રહે છે અને એ રીતે બાળકને સમગ્રરૂપે સમજી શકાય છે. વિકસિત થતા બાલમાનસનો યોગ્ય દિશામાં વિકાસ થઇ રહે તે માટે તેના માનસનું જ્ઞાન, સૂક્ષ્મ અવલોકન અને અપાર સમભાવ એકલાં જ નહિ, પણ સાથે બાલમાનસ માટે સન્માન હોવું આવશ્યક છે. આ બાબતમાં શિક્ષકો તો ઘણે અંશે શાસ્ત્રસંપન્ન હોય છે અને પદ્ધતિથી પણ વાકેફ હોય છે. પણ સામાન્ય રીતે માતાપિતા તેમના નિત્યના બીજા વ્યવસાયોને લીધે તેમજ બાલકેળવણી યથાર્થ રીતે શું છે તે પ્રશ્નની ઉપેક્ષાને લીધે એટલે અંશે તૈયાર હોતાં નથી. પ્રથમ તો આ ઉપેક્ષા દૂર કરવાની છે. આપણે માબાપે સમજવાનું છે, કે બાળકેળવણી એ આપણું પણ કામ છે, અને આપણાં ઘરમાં પણ તે આપણે જાતેજ હાથ ધરવી જોઇએ છે. એ જોતાં, બાળકોને બાલમંદિરમાં મોકલવાના રહે છે જ. આ કેળવણીના ઉત્તમ પરિપાકને અર્થે, માબાપે ચીવટ અને સૂક્ષ્મતાથી એનો અભ્યાસ અને અવલોકન કર્યા વિના ચાલશે નહિ, એટલાથીજ આપણો ધારેલો અર્થ સિદ્ધ થશે નહિ. આ પદ્ધતિના અભ્યાસથી તેમજ શિક્ષકો સાથે સંપર્ક સાધ્યાથી આપણું કર્તવ્ય પરિપૂર્ણ થતું નથી. નૂતન બાળકેળવણીની ભાવના અને કલ્પનામાં અસાધારણ સર્જનશક્તિ રહેલી છે અને એ સર્જન તે કેવળ બાળકોનું નહિ, પણ સાથે સાથે માબાપનું પણ સર્જન થાય છે. બીજી રીતે કહીએ તો ગૃહ અને બાલમંદિરનો યોગ સાચી રીતે સધાય તે માટે માતા પિતાએ પ્રથમ પોતાની જાતને કેળવવી પડશે. નૂતન બાળકેળવણીના પાયામાં ગૃહ અને બાલમંદિરનો આવો યોગ વિરલ સ્થાન ભોગવે છે. બાળકની પાસેથી જ જે સ્વયંસ્ફુર્તિ, આત્મસ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને આત્મનિયમનની અપેક્ષા રાખીએ છીએ, તે પ્રથમ આપણા જીવનમાં પ્રકટ કરવાનો પ્રયત્ન કરવો પડશે. બાળકને મન ગૃહ અને બાલમંદિરનો ભેદ નથી. તેના બાલમાનસ ઉપર વ્યાપક રીતે આઘાત પ્રત્યાઘાત થયાજ કરે છે. તેથી આપણા ગૃહ જીવનમાં જોહુકમી, પરાશ્રય, નિયમહીનતા, અને દંભ પ્રવર્તતાં હશે તો નૂતન બાળકેળવણીનો પ્રયોગ તદ્દન પંગુ જ રહેવાનો. તેનું પરિણામ નિર્માલ્ય જ રહેવાનું. આપણા વિચારમાં, વાણીમાં અને વર્તનમાં સંયમનો અભાવ હોય, કુટુમ્બ, પડોસી અને મિત્રો પ્રત્યેના આપણા સંબંધોમાં, ડોળ અને કૃત્રિમતા હોય, આપણે અસહિષ્ણુ હોઇએ, નોકર ચાકર ઉપર હરહંમેશ આધાર રાખનારાં હોઇએ, તેમના ઉપર દમામ ચલાવતાં હોઇએ, તો કઇ રીતે આપણે આશા રાખી શકીએ કે બાલમંદિરમાં જ જઇને આપણાં બાળકોમાં સ્વયંસ્ફુર્તિ, સ્વાશ્રય, નિયમન અને સ્વભાવની સરળતા આવે? નાનાં બાળકો પણ બહુ ચતુર–shrewd–હોય છે. ગૃહ કે શાળામાં પ્રવર્તતાં જૂઠ અને દંભ તેઓ સહેજે કળી જાય છે. આથી આપણને સમજાશે કે સ્થૂલ રીતે બાલમંદિરના શિક્ષકોને વર્ષમાં બે ચાર વખત મળીએ, બાળકોની પ્રવૃત્તિઓ વિષે પૂછપરછ કરીએ, તો તેટલાથી આપણો અર્થ સરવાનો નથી. નૂતન બાળકેળવણીની સજીવિનીનો સંચાર પ્રથમ આપણા માબાપનાં અને કુટુંમ્બના જીવનમાં થવો જોઇએ છે.

બીજી બાજુ બાલમંદિરોએ પણ સદા જાગરૂકતા સેવવાની છે. શિક્ષકોમાં બાલમાનસનો અભ્યાસ કરવાની તત્પરતા, સૂક્ષ્મ અવલોકન, આ પદ્ધતિમાં રહેલી અપાર શકયતાઓનું ચિંતન અને કર્તવ્યનિષ્ઠાની અપેક્ષા રહે છે. નહિ તો સ્વયંસ્ફુર્તિને નામે શિક્ષકોમાં પ્રમાદ અને નિષ્ક્રિયતા અને બાળકોમાં સ્વતંત્રતાના ઢાંકણ નીચે સ્વચ્છંદ પોષાવાનો પુરો સંભવ રહેલો છે. આ પદ્ધતિમાં અપાર ભયસ્થાનો છે. ઇન્દ્રિયોનું શિક્ષણ તે તેમને સતેજ કરી બહેકાવવા માટે નહિ પણ તેમને સુતીવ્ર કરી, તે સુતીવ્રતા દ્વારા જ **ઇન્દ્રિય સંયમ** કેળવવાના અર્થે છે. સ્વતંત્રતાનું વાતાવરણ ઉપજાવવાનું છે. તે એટલા માટે કે બાળકનું શિસ્ત, જડ અને યંત્રવત્ ન બનતાં સ્વયમ્ સ્ફુરે. વ્યક્તિત્વ ખીલવવાનું છે, તે તેને પૃથક્ રાખવા માટે નહિ પણ એક મનોહર ચિત્રમાંનાં વિવિધ રંગો એક બીજામાં ભળી જઇ, એકત્વ પામી રસરૂપ રમણીયતા ઉત્પન્ન કરે છે તેમ એ વ્યક્તિત્વને પણ સમષ્ટિમાં ભળી જઇ એકત્વનો સાક્ષાત્કાર કરવાનો રહે છે. **આત્મશાસન** એ આ નવીન પદ્ધતિનો મુખ્ય સૂર છે. અધુરા અભ્યાસને લીધે, કે પરિશીલનની ખામી કે ઉદાસીનતાને લીધે આ મુખ્ય સૂરનું વિસ્મરણ થાય, અથવા તો બાળકની ગમે તેવી અતંત્ર ક્રિયાને સર્જનનું મોટું નામ આપી સંતોષ લેવામાં આવે તો આ નવીન યોગ અપૂર્ણ રહે છે. બીજું એક ભયસ્થાન છે તે વિષે પણ આપણા સર્વ માબાપ અને શિક્ષકો બન્ને અત્યંત સાવધ રહે એ ઇચ્છવા યોગ્ય છે. ગીત અવાદ્ય, નૃત્ય એ નાનાં બાળકોને સાહજિક છે. તે દ્વારા તેઓ પોતાની સર્જનશક્તિનો પરિચય પામે છે. આ લલિત વિષયો જે અત્યાર સુધી સમાજમાં અને કેળવણીમાં બહિષ્કૃત ગણાતા હતા, તેમને આપણી બાલકેળવણીમાં ગૌરવભર્યું સ્થાન આપીને, બાલમંદિરોએ બાલજીવનમાં ઉલ્લાસ અને સ્ફુર્તિ આણ્યાં છે અને તે બદલ આપણે તેમનાં ઋણી છીએ. છતાં જનતાને અને ખાસ કરીને બાળકોનાં માતાપિતાને આકર્ષવા સત્રને અંતે આંજી નાંખે એવા રંજન કાર્યક્રમો અને પ્રદર્શનો યોજવા કેટલેક ઠેકાણે જે કૃત્રિમ પ્રયાસો થાય છે, તે જોઇ આપણે જાગ્રત થવું ઘટે છે. સત્ર દરમિયાન થયેલા સઘળા કામના પરિપાકરૂપે, આવા કાર્યક્રમો જો સ્વાભાવિક રીતે આવતા હોય, તો તે ઉચિત છે. પણ દૃષ્ટિને ચકિત કરે એવા કૃત્રિમ પ્રયાસો દ્વારા, બાલસર્જનના વિકાસનો પરિચય અપાવવાની વૃત્તિ શિક્ષકો સેવે અને એવા પરિચય દ્વારા જ માતપિતા સંતોષ માનવાના લોભમાં પડે તો બાળકોની સર્જન શક્તિને અપાર નુકસાન થવાનો સંભવ છે. બાળકોની સૌમ્ય કૃતિઓ દ્વારા તેમની સર્જન શક્તિનો પરિચય કરવો અને કરાવવો એ સહેજ કઠિન છે. બધા રસોમાંથી શાંતરસમાં અવગાહન કરવા માટે જેમ સવિશેષ યોગ્યતા જોઇએ છે, તે પ્રમાણે બાળકોની બધી પ્રવૃત્તિઓમાંથી શાંત અને સૌમ્ય પ્રવૃત્તિઓમાં તેમની નિસર્ગશક્તિ પારખવી એ પ્રમાણમાં અઘરૂં કાર્ય છે. આથી શિક્ષકોએ અને સંચાલકોએ આવી કેવળ કૃત્રિમ રંજન પ્રવૃત્તિઓથી કૃતકૃત્યતા અનુભવવાનો સરળ માર્ગ લેવો ઘટતો નથી. તેમજ આપણ માબાપો પણ કેવળ કૃત્રિમ પ્રસંગોએ બાળકોની શક્તિઓના જાહેરમાં થતા પ્રદર્શનથી અને તે માટે મળતાં અભિનંદનથી હરખાઇ જઇશું અને માની બેસીશું કે તેમની કેળવણી યોગ્ય દિશામાં થઇ રહી છે તો આપણાં પ્રિય બાળકોને આપણે કાયમનું નુકસાન કરી બેસીશું. તેમની બધી શક્તિઓ કુંઠિત થઇ જશે અને તેમના સ્વભાવમાં વિકૃતિ પ્રવેશ પામશે. સ્તુતિ જીરવવી અઘરી છે. કૃપા કરીને મારા કહેવાનો અન્યથા અર્થ કરશો નહિ. હું તો આપણી સામે જે ભયસ્થાનો

પડેલાં છે તેનો માત્ર સામાન્ય નિર્દેશ કરૂં છું. આપણામાંનાં ઘણાં કદાચ એમ માનતાં હશે કે આ નૂતન બાલકેળવણી એ તો માત્ર નાનાં બાળકો માટે છે એવી મને વારંવાર શંકા આવે છે. અલબત્ત આ પ્રયોગો હાલમાં બાલકેળવણીના ક્ષેત્રમાં થઇ રહ્યા છે છતાં વિચાર કરતાં જણાશે કે આ તો એક જીવનની વ્યાપક દૃષ્ટિ છે. એ જીવન દૃષ્ટિને વય, દેશ કે જાતિની મર્યાદા નથી. સનાતન ધર્મરૂપે એ દરેક યુગમાં અને પદ્ધતિમાં રહેવી જોઇએ છે. એ દૃષ્ટિ અત્યારે જે સ્થૂલ સાધનો બાલમંદિરોમાં જોવામાં આવે છે તેટલા પૂરતી જ મર્યાદિત નથી. પણ કેળવણીની સર્વ ઉચ્ચ અને ઉચ્ચતર શ્રેણીઓમાં તે અંતર્ગત રહેવી જોઇએ છે. આથી મારી આગ્રહભરી સૂચના અને વિનંતિ છે કે માત્ર પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો નહિ, પણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં ગૂંથાયેલા શિક્ષકો અને આપણી વિદ્યાપીઠના બધા કેળવણીકારો બાલમંદિરોની પ્રવૃત્તિઓના ગાઢ પરિચયમાં આવે, આ નૂતન કેળવણીની દૃષ્ટિ શું છે તેનું રહસ્ય પારખી, તેને વ્યાપક સ્વરૂપે બધી શ્રેણીઓમાં કેવી રીતે દાખલ કરી શકાય તેની ચર્ચા કરે, અને કેળવણીને એક વિભાગમાં નહિ પણ તેના સાતત્યમાં જોવાનો પ્રયત્ન કરે.

વૃક્ષની શાખા, પ્રશાખાઓ અને પલ્લવોને એકજ મૂળ દ્વારા જેમ રસ મળે છે તેમ જ્યારે દેશની સર્વ શ્રેણીઓની કેળવણી સંસ્થાઓ મનુષ્ય જીવનને અને જીવનના પરમ અર્થને એક વ્યાપક રૂપે નિહાળી કેળવણીની એક સંગ્રાહક યોજના ઘડશે ત્યારે જીવનની વિવિધ શકિતઓ અને રૂચિઓને રસ અને પોષણ મળશે અને જીવન ઘણે અંશે સરળ અને સુખી થશે. સમાજનું સાચું પુનર્વિધાન ત્યારેજ શરૂ થયું ગણાશે.

બાલકેળવણીની, દૃષ્ટિને એથી પણ વધારે વ્યાપક બનાવવાની કલ્પના પણ છે. શા માટે કેળવણીનો વિચાર શાળા અને પાઠશાળામાં જ પર્યાપ્ત રહે? કેળવણી તો મનુષ્યના જન્મથી મૃત્યુ સુધીનો એક સતત ચાલતો પ્રવાહ છે. આજકાલ કેળવણીમાં ધંધાનું તત્ત્વ-bias-દાખલ કરવાની હિલચાલ ચાલે છે. હું સૂચવું છું કે શા માટે આપણે સમાજની એવી પુનર્ઘટના ન કરી શકીએ, કે જેમાં કેળવણીને ધંધાના તત્ત્વવાળી બનાવવા કરતાં દરેક ધંધાને આપણે કેળવણીનું સાધન ન બનાવી શકીએ. દ્રવ્યોપાર્જન કરતાં, જીવનવૃત્તિ ટકાવતાં જે અનુભવ થાય છે તે દ્વારા શું માણસને ઓછી કેળવણી મળે છે? તો આપણે પ્રત્યેક મનુષ્યની શકિત અને વૃત્તિને અનુરૂપ ધંધાઓની એવી યોજના કરી શકીએ અને સાથે સાથે આખો મનુષ્ય વ્યવહાર પણ એવો સમભાવભર્યો નિર્મી શકીએ કે જેથી દરેક માણસ પોતાના ધંધા દ્વારા પણ કેળવણી પામતો જાય, તેનામાં જે શકિતઓ છે તે પ્રગટ કરતો જાય. હાલ તો શકિત અને વૃત્તિ અનુસાર ભાગ્યે જ કોઇને પોતાનો ધંધો કે કામ મળી રહે છે. દરેક જણ કમને બીજાની આજ્ઞાઓ મૂકભાવે, દાસભાવે, યંત્રવત્ ઉઠાવતો હોય છે અને આવા નિરસ જડ વ્યાપારમાં મનુષ્યનું મનુષ્યત્વ ચૂસાતું જાય છે. નથી તેને વિશ્રામ કે નથી તેને મનની પ્રફુલ્લતા. આ અણમૂલા જીવનની સાર્થકતા સાધવી હોય તો કેળવણીને જન્મથી મૃત્યુ સુધી ચાલતી એક સતત પ્રવૃત્તિરૂપે સમજીને જીવનનાં સર્વ ક્ષેત્રોને કેળવણીનાં સાધન તરીકે સ્વીકારવાં જોઇએ છે. આવી જીવનદૃષ્ટિ આપણા સમાજ-વિધાયકો અને માબાપોએ કેળવવી પડશે.

**સરલાદેવી અંબાલાલ સારાભાઇ**

# સંઘ સમાચાર.

શ્રી મુંબઇ યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા૦ ૨૯-૧-૪૪ ના રોજ મળેલી સભાએ નીચે મુજબના ઠરાવો પસાર કર્યા હતા.

**સ્વર્ગસ્થ શ્રી. રણજીત પંડિત વિષે:—**

રાષ્ટ્રીય મહાસભાના એક આગેવાન કાર્યકર્તા અને દેશની આઝાદીની લડતના એક પ્રમુખ સૈનિક શ્રીયુત રણજીત પંડિતના અકાળ અવસાન પરત્વે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અત્યંત ખેદની લાગણી પ્રદર્શિત કરે છે અને તેમનાં પત્ની શ્રી વિજયાલક્ષ્મી પંડિતને અન્તરની સહાનુભૂતિ પાઠવે છે.

**સ્વર્ગસ્થ શ્રી મહાસુખભાઇ ચુનીલાલ વિષે:—**

શ્રી મહાસુખભાઇ ચુનીલાલના અકાળ અવસાનની શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા ખેદપૂર્વક નોંધ લે છે. બાળદીક્ષા સામે નિડરપણે હીલચાલ ઉપાડીને જૈન સમાજમાં તેમણે ખૂબ જાગૃતિ પેદા કરી હતી અને તે ઉપરાંત જૈન સમાજની, વીસનગરવાસીઓની તેમજ વડોદરા રાજયની પ્રજાની તેમણે અનેકવિધ સેવા કરી હતી. તેમના જવાથી જૈન સમાજને એક નિડર કાર્યકર્તાની અને સાહિત્યરસિક સજ્જનની ખોટ પડી છે. એમના આત્માને સભા પરમ શાન્તિ ઇચ્છે છે.

**સંઘની રાહત પ્રવૃત્તિ આગળ ચલાવવા વિષે:—**

સંઘની રાહત પ્રવૃત્તિના ક્ષેત્ર મર્યાદા તેમજ સમયમર્યાદા વધારવી કે કેમ તે સંબંધમાં એમ ઠરાવવામાં આવ્યું કે આજ-સુધીમાં ૯૪ રાહતપત્ર કાઢી આપવામાં આવ્યા છે તો હવે મૂળથી નક્કી કરેલ કુલ્લે ૧૦૦ રાહત પત્રથી વધારે પત્રો કાઢી આપવા નહિ. આજ સુધીમાં અપાયલા રાહત પત્રમાંથી જેની જેની ચાર માસની મુદ્દત પુરી થઇ હોય અથવા હવે પછી પુરી થાય તેને બે માસ વધારી આપવા અને નવા રાહતપત્રો માત્ર ચાર માસની જ મુદ્દતના કાઢી આપવા.

**કેટલાક સભ્યોનાં આવેલાં રાજીનામાઓના પરિણામે ઉભી થયેલી પરિસ્થિતિને અંગે થયેલો ઠરાવ:-**

તા. ૪-૨-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ઉપર જણાવેલ પરિસ્થિતિ પરત્વે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

"શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના શ્રી કાનજી મુનિના અનુયાયીઓનો સંઘબહિષ્કાર કરવાને લગતી પ્રવૃત્તિને વખોડી નાંખતા તા. ૧૦-૧૨-૪૩ ના ઠરાવ વિષે સ્થાનકવાસી સમાજમાં ઘણી ગેરસમજુતી થઇ છે એમ માલુમ પડયું છે. એ ઠરાવ ઉપરથી એમ માનવામાં આવે છે કે સ્થાનકવાસી સંઘને કોઇ પણ સંયોગોમાં કોઇ પણ સ્થાનકવાસી વ્યક્તિને સંઘના સભ્ય તરીકે કમી કરવાનો અધિકાર નથી એમ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના ઉપર જણાવેલ ઠરાવ દ્વારા સૂચવવામાં આવ્યું છે. આવી કોઇ માન્યતા શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ ધરાવતી નથી કે તેવી પ્રસ્તુત કાર્યવાહક સમિતિએ કોઇ જાહેરાત કરી નથી. મુંબઇ જૈન યુવક સંઘના પ્રસ્તુત ઠરાવનો આશય માત્ર સમુહબહિષ્કારને અથવા તો કોઇ વ્યકિતના માત્ર માન્યતાભેદના કારણે કરવામાં આવતા બહિષ્કારને વખોડી નાંખવાનો છે. સ્થાનકવાસી કોન્ફરન્સની જનરલ કમીટીના નિવેદનનો આવો કોઇ અર્થ કે આશય નથી એમ એ નિવેદનનું સ્પષ્ટીકરણ કરતા સ્થાનકવાસી કોન્ફરન્સના મંત્રી શ્રી ખીમચંદ વોરાના "જૈન પ્રકાશ" માં પ્રગટ થએલા લેખો તેમજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના તા૦ ૧-૨-૪૪ ના પ્રબુદ્ધ

(અનુસંધાન પૃષ્ટ ૧૮૦ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ફેબ્રુઆરી ૧૫ ૧૯૪૪


## સમ્યગ્ દર્શન

('Gandhi Era in World Politics' એ નામની શ્રી. વાઈ. જી. કૃષ્ણમૂર્તિએ લખેલી નાની પુસ્તિકાના અગ્રવચન તરીકે સર સર્વપલ્લી રાધાકૃષ્ણને નીચેનો લેખ લખ્યો છે.)

"જે પ્રજાને સમ્યગ્ દર્શન-Vision—નથી તે પ્રજા નાશ પામે છે." દુનિયાના ભાવી વિષે અનેક યોજનાઓ વિચારવામાં આવે છે. આ યોજનાઓ રાજકીય તેમજ અર્થકીય મુદ્દાઓ ચર્ચે છે. પણ તે સર્વ સારા અથવા ખરાબ ધ્યેયો સાથે જોડાયલી હોય છે. આધ્યાત્મિક દર્શન એ આ સર્વ યોજનાઓનું મુખ્ય નિયામક ધ્યેય હોવું જોઇએ અને રાજકારણી તેમ અર્થકારણી શાસ્ત્રકારોએ આ આધ્યાત્મિક દર્શનના આધારે જ પોતાના નિર્ણયો બાંધવા જોઇએ, અને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવવી જોઇએ. સાચું દર્શન એજ ખરી અગત્યની વસ્તુ છે. દુનિયાને નવરચનાની આજે સૌથી વધારે અપેક્ષા છે. સમાજ પણ નવરચના માંગી રહેલ છે. ઇતિહાસ પણ તે તરફ આંગળી ચીંધી રહ્યો છે. અને જો આપણી આજની સંસ્કૃતિનો ઉધ્ધાર થવાનો હોય અને આપણે જંગલીપણામાંથી અને પશુવૃત્તિમાંથી ઉંચે આવવાના હોઇએ તો આજની કટોકટીભરી વિષમ સ્થિતિમાંથી ઉગરવા માટે નૂતન વિશ્વવ્યાપી નવરચના સિવાય બીજો કોઇ માર્ગ હોઇ શકે જ નહિ.

સમાજના વિકાસક્રમમાં ઉત્તરોત્તર ત્રણ ભૂમિકાઓ માલુમ પડે છે. જંગલના કાયદાનો એટલે કે પશુબળના સર્વોપરીપણાનો અમલ થતો હોય અને હિંસાનું અને સ્વાર્થપરતાનું પ્રાધાન્ય હોય તે પહેલી ભૂમિકા. વ્યવસ્થિત રાજ્યસત્તાનો વહીવટ શરૂ થાય અને અદાલત, સીપાઇદળ અને કેદખાનું એ ત્રિવિધ યોજના સાથે નિષ્પક્ષ ન્યાય મળવાની વ્યવસ્થા નિર્માણ થાય એ બીજી ભૂમિકા. અને અહિંસા અને નિસ્વાર્થતાની પ્રતિષ્ઠા થાય અને પ્રેમ અને પ્રજાનિયમન એકાકાર બને એ ત્રીજી ભૂમિકા. આ છેલ્લી ભૂમિકા એ સુધરેલી માનવતાનું અન્તિમ ધ્યેય છે. સત્તાના ઉપયોગ ઉપર આધાર રાખવાનું તદ્દન છોડી દે એટલુંજ નહિ પણ રાજ્યસત્તા તરફના કોઇ પણ લાભ કે મહેરબાનીની લેશમાત્ર આશા કે અપેક્ષા ન રાખે, ઘરસંસારનો ખરા અર્થમાં ત્યાગ કરે અને અંગત સર્વ મનોરથો અને મહત્ત્વાકાંક્ષાઓને સર્વથા તિલાંજલિ આપે, દુનિયામાં સુખશાન્તિ સ્થપાય એ માટે હરહંમેશ પોતાના મૃત્યુને આવકારદાયક લેખે—આવા સ્ત્રીપુરૂષોની સંખ્યા જેટલા પ્રમાણમાં વૃદ્ધિગંત થાય તેટલા પ્રમાણમાં ઉપર જણાવેલ ધ્યેયની વધારે સમીપ દુનિયા પ્રગતિ કરી શકે. ગાંધીજી એક આવા પુરૂષ છે. દુનિયાને દોરવણી આપવાનો તેમનો અધિકાર પશુબળ કે ગૂઢ પ્રચારને કારણે નહિ પણ આત્મગત નૈતિક પ્રભુત્વ અને આધ્યાત્મિક દર્શનના કારણે સર્વત્ર સ્વીકારાયલો છે. આપણી આજની કમનસીબ દુનિયાની બુદ્ધિ બહેર મારી ગઇ છે અને નૈતિક તાકાતને પક્ષઘાત લાગુ પડયો છે. અને સમ્યગ્ દર્શન અને અડગ નિશ્ચય શક્તિની ફરીથી આપણા ચિત્તમાં પુનઃ પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી આપણા માટે બહુ આશા રાખવા જેવું કશું છે જ નહિ. આ બાબતમાં ગાંધીજી જગતને વધારે સારી અને સુખી સૃષ્ટિનો નિર્માણમાર્ગ દર્શાવી રહ્યા છે.

મૂળ લેખકઃ સર્વપલ્લી રાધાકૃષ્ણન્

અનુવાદક **પરમાનંદ**

## સંઘના પ્રમુખનું પ્રાસંગિક વિવેચન

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા૦ ૬-૨-૪૪ ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભા સમક્ષ સંઘના પ્રમુખશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ નીચે મુજબ વિવેચન કર્યું હતું.]

ગત વર્ષ દરમિયાન શ્રી મુંબઇ જૈન યુવક સંઘે જે કાંઇ પ્રવૃત્તિ કરી છે અને નવો વિકાસ સાધ્યો છે તેનો ખ્યાલ આજે રજુ થનાર સંઘના વાર્ષિક વૃત્તાન્ત ઉપરથી આપને આવશે. સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેમણે સંઘની આજ સુધી અનેકવિધ સેવાઓ બજાવી છે અને જેઓ સંઘના પ્રાણરૂપ મંત્રી છે તેમની વચગાળે અણધારી માંદગીએ આપણને અસ્વસ્થ બનાવી મૂકયા હતા. સદ્‌ભાગ્યે તે હલ્લામાંથી તો તેઓ ઉગરી ગયા છે. એમ છતાં પણ તેની અસરથી તેઓ મુક્ત થયા નથી અને પરિણામે તેમની હીલચાલ ઉપર આજે આસાધારણ અંકુશ મુકાઇ ગયો છે. તેમની તબિયત દિન પર દિન સુધરતી આવે અને પહેલાં માફક સંઘની તેમજ જૈન સમાજની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય ભાગ લેતા થઇ જાય એમ આપણે ઇચ્છીએ અને પ્રાર્થીએ. તાજેતરમાં તેમણે રૂા. ૧૦૦૦૦ સંઘના પુસ્તકાલયને અને રૂા. ૩૦૦૦ સંઘદ્વારા કરવાના અન્ય કાર્યો માટે આપ્યા છે તે માટે તેમનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેમની સેવાનિષ્ઠા અને ઉદારતા આપણ સર્વના દિલમાં વસો એવી આપણે પ્રાર્થના કરીએ. આવા ઉચ્ચ કોટિના એક સમાજ સેવકને રૂા. ૧૦૦૦૦ ની થેલી અર્પણ કરીને સન્માનવાનો સંઘની કાર્યવાહક સમિતિએ જે નિર્ણય કર્યો છે તે સ્તુત્ય અને આવકાર યોગ્ય છે. આ થેલીમાં મણિભાઇથી ઓછા વધતા પરિચિત સૌ કોઇ ભાઇબહેનો પોતાની શક્તિની સામાન્ય સીમા ઓળંગીને પણ સંગીન ફાળો આપશે એવી આપણે આશા રાખીએ!

સંઘ પ્રબુદ્ધ જૈન દ્વારા, પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા, તેમજ અન્ય પ્રવૃત્તિઓ દ્વારા માનવજીવનને મૌલિક રીતે સ્પર્શતા, સમાજ ક્રાન્તિને ઉદ્બોધતા, અનેક અનિષ્ટ રૂઢિ પ્રણાલિઓનો વિરોધ કરતા અને સામાજિક વહેમો, પાખંડ અને અત્યાચારનો સામનો કરતા વિવિધ વિચારો સમાજ સમક્ષ રજુ કરતો આવ્યો છે અને પ્રગતિશીલ ભાવનાઓને અને આદર્શોને પોષતો આવ્યો છે. આ બધા વિચારપ્રચાર સાથે જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓ જોડાયલી હોય તો જ આપણે જે વિચારો રજુ કરીએ તે જનસમાજને ઉંડી રીતે સ્પર્શે અને આપણે કેવળ વાતો કરનારા કે હવાઇ વિચારોના કીલ્લાઓ બાંધનારા નથી પણ આપણા સર્વ વિચાર, આચાર અને પ્રચાર પાછળ જનસેવાની ઉંડી ભાવના છે એવી લોકોને પ્રતીતિ થાય. આજે મુંબઇ જૈન યુવક સંઘે જે વિવિધ પ્રકારનાં સેવાકાર્યો હાથ ધર્યા છે તેના પરિણામે મુંબઇ જૈન યુવક સંઘની પ્રતિષ્ઠા ઘણી વધી છે, અને તેના વિચારો તેમજ ક્રાન્તિદર્શી પ્રવૃત્તિ વિષે લોકોના દિલમાં વિશેષ આદર જન્મ્યો છે. આ સેવા કાર્યની મોટી મર્યાદા એ છે કે સંઘે એવી કોઇ સેવાની પ્રવૃત્તિ ઉપાડવી ન જોઇએ કે જે તેના ગજા ઉપરની હોય અને જેને પાર પાડવા માટે જેની સાથે કશો પણ વિચારમેળ ન હોય એવા શ્રીમાન વર્ગની મદદ

માગવા સંઘને જવું પડે અને એ રીતે સંઘે કોઇની પણ શેહના ભોગ બની પોતાનું વ્યક્તિત્વ ગુમાવવું પડે. આજ સુધી સંઘની સેવા પ્રવૃત્તિ આ મર્યાદાનો પુરો ખ્યાલ રાખીને ચલાવવામાં આવી છે અને સંઘે જે કાંઇ કામ હાથ ધર્યું છે તેમાં અણધારી રીતે અને અણકલ્પી દિશાએથી જોઇતી આર્થિક મદદ મળતી રહી છે. આ સંઘનું હું મોટું સદ્‌ભાગ્ય અને ભાવીની દૃષ્ટિએ એક પ્રોત્સાહક ચિહ્‌ન લેખું છું.

આ પ્રસંગે એક બીજી સ્પષ્ટતા કરૂં તો અસ્થાને નહિ લેખાય. જૈન સમાજના જુદા જુદા વિભાગો અને સંપ્રદાયો વચ્ચે એકતાની લાગણી પોષવી અને સંવર્ધિત કરવી એ મુંબઇ જૈન યુવક સંઘનો એક મુખ્ય ઉદ્દેશ છે. આ એકતાની ભાવનાનો અર્થ કોઇ કોઇ જગ્યાએ એવો કરવામાં આવે છે કે જુદા જુદા સંપ્રદાય કે સંઘમાં બનતા બનાવોની ચર્ચામાં મુંબઇ જૈન યુવક સંઘે ઉતરીને કોઇપણ વિભાગના ઘર્ષણમાં ન આવવું અને એ રીતે જુદા જુદા વિભાગની એકતાને પોષવી. આવી જો કોઇપણ ઠેકાણે સમજણ હોય તો તે કેવળ ભુલભરેલી છે એ મારે સ્પષ્ટપણે જણાવવું જોઇએ. મુંબઇ જૈન યુવક સંઘ ચોક્કસ ઉદ્દેશો, સિદ્ધાન્તો અને માન્યતાઓ ધરાવે છે અને તેની કાર્યનીતિનું પણ ચોક્કસ પ્રકારનું ધોરણ છે. જૈન સમાજના કોઇ પણ વિભાગમાં જ્યારે જ્યારે કોઇ પણ અનિષ્ટ ઘટના બનતી જોવામાં આવે ત્યારે ત્યારે તે ઘટનાનો નિડરપણે અને સચોટતાથી વિરોધ કરવો અને જૈન સમાજ તેમજ તેના અન્તર્ગત વિભાગને સંઘની માન્યતાઓ અને કાર્યનીતિના ધોરણે સ્પષ્ટ માર્ગદર્શન આપવું એ મુંબઈ જૈન યુવક સંઘની મુખ્ય ફરજ છે અને એમ કરતાં ગમે તેવા ઘર્ષણનો પ્રસંગ ઉભો થાય તો પણ પોતાની ફરજ અદા કરવામાં સંઘે કદિ પાછી પાની ન કરવી એમાં જ સંઘની સાચી પ્રતિષ્ઠા રહેલી છે. જૈન સમાજની ચોકી કરવી અને કોઇ પણ પ્રકારના પાખંડ, કે અનિષ્ટ પ્રવૃતિનો સામનો કરવો એ મુંબઇ જૈન યુવક સંઘનું ખાસ કર્તવ્ય છે. વિભાગી એકતાના નામે કોઇ પણ વિભાગની કોઇ પણ નબળાઇને મુંબઇ જૈન યુવક સંઘ પોષી કે નીભાવી શકે નહિ. જે કોમી એકતા અથવા તો સાંપ્રદાયિક એકતાને મુંબઇ જૈન યુવક સંઘ આગળ ધરે છે તેનો આશય તો એ છે કે આજે બહુજ અલ્પ મહત્વવાળી માન્યતાઓના ભેદોએ અને હક્કોના ઝગડાઓએ શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દિગંબર વિભાગ વચ્ચે પરસ્પર જુદાઇની એક મોટી દિવાલ ઉભી કરી છે અને અણુ જેટલી માન્યતાભેદને પર્વત જેવડો મોટો લેખવામાં આવે છે અને લાંબા કાળથી પોષાયલા અનેક પૂર્વગ્રહો અને સાંપ્રદાયિક આચાર્યોની મતાંધતાના પરિણામે પર્વત જેટલા માન્યતાસામ્યને આપણી આંખો યથાસ્વરૂપે જોઇ શકતી નથી—આ વિકૃત દૃષ્ટિ અને જુદાઇ પોષનારૂં માનસિક વળણ નાશ પામે, અને એક જ ધર્મપિતાના આપણે સૌ સન્તાન અને ભાઇભાંડુ છીએ એવી પરસ્પર એકતા વધારનારી સદ્‌બુદ્ધિ આપણામાં જાગ્રત થાય અને આ રીતે હૃદયપલટો થવાના પરિણામે સાંપ્રદાયિક ઝગડાઓ અને કલહનો સ્વાભાવિક રીતે અન્ત આવે. આવી એકતાની બુદ્ધિ અને વૃત્તિને મુંબઇ જૈન યુવક સંઘ આગળ ધરે છે અને તેને પોષવાને અર્થે પોતાની પ્રવૃત્તિઓ ચલાવે છે.

એક બીજી બાબતનો પણ અહિં ઉલ્લેખ કરૂં. સંઘે પોતાની કાર્યનીતિનું ચોક્કસ ધોરણ નક્કી કર્યું છે અને તેના આધારે શિસ્તના કેટલાક નિયમો ઘડયા છે જેનું અનુપાલન સંઘના દરેક સભ્ય માટે ફરજિયાત બને છે. સંઘના આજે ૩૦૦ ઉપર સભ્યો છે. સંઘમાં દાખલ થતી વખતે દરેક સભ્યે સંઘના ઉદ્દેશો, માન્યતાઓ અને શિસ્ત નિયમોનો પુરેપુરો વિચાર કરવો જોઇએ અને એ સર્વ પોતાને સંમત હોય તો જ સંઘમાં દાખલ થવું જોઇએ અથવા તો જોડાયલા રહેવું જોઇએ. પરંતુ બને છે એવું કે સંઘમાં દાખલ થવાની અરજી મોકલતી વખતે દરેક સભ્ય પુરા ઉંડાણથી આ બાબતનો વિચાર કરતો હોતો નથી. કેટલાકને પોતાના જીવનમાં અણધાર્યા પ્રસંગો આવે છે જ્યારે સંઘના શિસ્ત નિયમોનું અનુપાલન તેના માટે ભારે મુંઝવણનો વિષય બને છે અને તેનું ચોક્કસ વર્તન સંઘની માન્યતાઓથી અસંગત બની જાય છે. આવા પ્રસંગે કોઇ કોઇ સભ્યના અમુક વર્તનને અંગે શિસ્તનો પ્રશ્ન ઉભો થાય છે અને સંઘને ઉપયોગી સભ્યોને ગુમાવવાનો વખત આવે છે. જે સંઘને શિસ્તનો આગ્રહ હોય તેના જીવનમાં આવી ઘટનાઓ અવાર નવાર ઉભી થયાજ કરે અને તેથી થતી લાભહાનિનો બહુ વિચાર કરવો તેને ન પાલવે. પણ આવી કોઇ પણ ઘટના પોતાની પાછળ નાના મોટા મનદુઃખનું કારણ પણ મૂકતી જાય છે. આ રીતે શિસ્તના કારણે કોઇ પણ સભ્ય સામે પગલાં લેવાનો પ્રસંગ અનિવાર્ય હોવા છતાં આવકારદાયક લાગતો નથી. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઇને મારા અધિકારની રૂઇએ એટલું જાહેર કરવું અયોગ્ય નહિ લેખાય કે સંઘને સભ્ય વધારવાનો કે છે તેટલી સંખ્યા કોઇ પણ હિસાબે જાળવી રાખવાનો લેશ માત્ર મોહ નથી. તેથી જે કોઇ વ્યક્તિ સંઘમાં જોડાવા માંગતી હોય તે સંઘના ઉદ્દેશો, માન્યતાઓ અને શિસ્તનિયમોનો પુરો વિચાર કરીને જોડાય, એટલું જ નહિ પણ આજે જેઓ સંઘના સભ્યો છે તેઓ પણ સંઘના બંધારણમાં રહેલા માન્યતા—વિભાગને બરોબર જોઇ વિચારી જાય અને જેને જેને એમ લાગે કે પ્રસ્તુત માન્યતા વિભાગ સાથે પોતાના મનનો મેળ નથી અને પ્રસ્તુત શિસ્તના નિયમો સાથે પોતાના આચારનો મેળ નથી તેઓ સંઘથી સ્વેચ્છાએ છુટા થઇને પણ સંઘના કાર્યને વિશેષ મજબુત અને શિસ્તબદ્ધ બનાવે. કોઇ પણ સભ્ય પોતાની કોઇ પણ નબળાઇથી સંઘને નબળો ન બનાવે. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોની સંખ્યા ઓછી હોય કે વધારે તે હકીકતને હું બહુ અગત્ય આપતો નથી. પણ સંઘ જે આચાર વિચારને તેમજ માન્યતાઓને આગળ ધરે છે તેને અનુરૂપ સંઘના દરેક સભ્યનું માનસ છે અને તેને પહોંચી વળવાનો દરેક સભ્યનો નિષ્ટાયુક્ત પ્રયત્ન છે એટલી પ્રતીતિ આપણે જનતાને આપી શકીએ તો જ સંઘનું અસ્તિત્વ અને સંચાલન સાર્થક છે અને એવા સંઘની જ ભાવી પ્રજાને માટે કાંઇક ઉપયોગીતા છે.

અન્તમાં સંઘનું કામકાજ ચલાવવામાં આપે મને જે આજ સુધી એક સરખો સહકાર આપ્યો છે તે માટે હું આપનો ઉપકાર માનું છું. કોમ વચ્ચે રહેવા છતાં કોમી ભાવથી મુક્ત રહેવું અને જૈન સમાજની સેવા કરવા સાથે વિશાળ જનતાની સેવાને પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં પ્રાધાન્ય આપવું અને દેશની આઝાદીને પોતાના પહેલા અને છેલ્લા લક્ષ્ય તરીકે સ્વીકારીને પોતાના સર્વ કાર્યોની યોજનાઓ કરવી—આ મુંબઇ જૈન યુવક સંઘની લાક્ષણિક વિશેષતા છે અને જુદી જુદી કોમ, જ્ઞાતિ અને સંપ્રદાય સાથે એક યા બીજા કારણે જોડાઇ રહેલ પ્રાગતિક વિચારો ધરાવનાર અને ક્રાન્તિના સ્વપ્નાં સેવનાર યુવકો માટે દૃષ્ટાન્ત રૂપ છે. આપણો સંઘ ઉપરોક્ત ભાવનાઓને બરોબર લક્ષ્યમાં રાખીને પોતાના કાર્યને આગળ વધારે અને ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિ વિસ્તારતો રહે એજ મારી પ્રાર્થના અને મારા નાના સરખા ગજા મુજબનો નમ્ર પ્રયત્ન છે.

**પરમાનંદ.**

# સંઘનો વાર્ષિક વૃત્તાંત

## ( વિ. સં. ૧૯૯૯ )

વિક્રમ સંવત ૧૯૯૯ પુરૂં થવા સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પંદર વર્ષ પુરાં કરે છે. સંવત ૧૯૯૮ દરમિયાન જર્મનીની ઉત્તરોત્તર વિજયપ્રાપ્તિ અને જાપાનનુ હિંદુસ્થાન તરફ ધસી આવતું સૈનિક દળ–આ બે સંયોગોએ સમસ્ત પ્રજાજીવનમાં જે સંક્ષોભ ઉભો કર્યો હતો અને હિંદની કોઇપણ સીમા ઉપર આવેલાં મોટાં મોટાં શહેરોમાંથી પોતપોતાના વતન તરફ લોકોએ જે નાસભાગ કરી હતી તે સાથે સરખાવતાં સંવત ૧૯૯૯ નું વર્ષ શાન્તિપૂર્વક એટલે કે એવા કોઇ સંક્ષોભ વિના પસાર થયું હતું. મુંબઇ, કરાંચી, મદ્રાસ કે કલકત્તા છોડીને ચાલી ગયેલા લોકો પાછા ફર્યા છે, એટલુંજ નહિ પણ યુદ્ધ પ્રવૃત્તિને અંગે વ્યાપાર અને ઉદ્યોગના કારણે મોટાં શહેરો પુષ્કળ વસ્તીથી ઉભરાઇ રહ્યાં છે અને આવાં શહેરોમાં બહારથી આવતા માણસોને રહેવાને જગ્યા પણ મળતી નથી. સાથે સાથે લોક જીવનની હાડમારીઓ, ચીજોની અછત તેમજ મોંઘવારી અને સામાન્ય લોકોએ શું ખાવું અને શું પહેરવું એને લગતી મુંઝવણો પણ ખૂબ વધતી ચાલી છે. ગત વર્ષના પશ્ચાદ્ અર્ધમાં આપણી કલ્પનામાં કદી ન આવે એવા ભુખમરાએ બંગાળામાંથી હજારો માણસોના પ્રાણ શોષી લીધા છે અને સંખ્યાબંધ માણસોનો મેલેરીયા, ઇન્ફલ્યુએન્ઝા, મરડો અને એવી બીજા વ્યાધિઓએ ભોગ લીધો છે. સદ્ભાગ્યે ગયા વર્ષે આખા દેશમાં વરસાદ સારો પડયો છે અને તેથી દેશભરમાં ભુખમરાને કારણે વધી ગયેલું મરણ પ્રમાણ હાલમાં કંઇક દબાયું લાગે છે. પણ આ રાહત અને શાન્તિ બહુજ અલ્પકાલીન દિસે છે, હિંદુસ્થાનની પૂર્વ સરહદ, કલકત્તા, વિઝાગાપટ્ટમ કે મદ્રાસના કીનારા ઉપર અવાર નવાર થતી છુટી–છવાઇ બોંબવર્ષા બાદ કરતાં વર્તમાન વિશ્વયુદ્ધની દાહક જ્વાલાઓના સાક્ષાત પરિચયથી આખું હિંદુસ્થાન હજુ દૂર રહ્યું છે, એમ છતાં એ વિશ્વયુદ્ધને લીધે જે ઉત્તરોત્તર વધતી જતી પાર વિનાની હાડમારીઓએ લોકોને બેચેન બનાવી દીધા છે અને આ કમ્બખ્તીનો હજુ કોઇ છેડો લોકદ્રષ્ટિની ક્ષિતિજ–મર્યાદામાં નજરે પડતો નથી.

### સંઘનું સામાન્ય ફંડ

આવા વિષમ વર્ષ દરમ્યાન શ્રી મુંબઇ જૈન યુવકસંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ એકસરખી પુષ્ટ થતી ચાલી છે અને તેને જૈન સમાજે સંગીન આર્થિક ટેકો આપીને અપનાવી છે એમ જણાવતા સંતોષ થાય છે. આજથી સાડાચાર વર્ષ પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘે પ્રબુદ્ધ જૈન શરૂ કર્યું અને ત્યાર પછી સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયની શરૂઆત કરી, ત્યારે કેટલાક સભ્યોએ તેમજ સંઘના પ્રસંશકોએ ત્રણ વર્ષ માટે ચોક્કસ આર્થિક મદદ આપવાનાં વચનો આપ્યાં હતાં, જેની વાર્ષિક આવક રૂા. ૨૨૦૦ લગભગ થતી હતી. તે વચનોની મુદત સંવત ૧૯૯૮ ની સાથે પુરી થઇ હતી. આ રીતે એ મોટી આવકનું દ્વાર એક બાજુ બંધ થયું હતું અને બીજી બાજુએ સંઘનો વહીવટી ખર્ચ જે ક્રમશઃ વધતો જતો હતો તે તો એમનો એમ ઉભો રહ્યો હતો. સંઘ પાસે બીજું તો કોઈ કશું સ્થાયી ફંડ હતું નહિ કે જેથી ચાલુ ખર્ચ વિષે સંઘના કાર્યકર્તાઓને ચિંતાનું કારણ ન રહે. આવી પરિસ્થિતિમાં સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે પોતે જહેમત ઉઠાવીને ગત વર્ષ દરમિયાન રૂા. ૯૫૮૯) અને દીવાળી બાદ ૧૦૭૫) એમ આજ સુધીમાં કુલ્લે રૂા. ૧૦૬૬૪) મેળવી આપ્યા છે. આ માટે શ્રી મણિલાલ મોકમચંદ શાહનો સંઘ જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે અને સાથે સાથે જે જે વ્યક્તિઓએ સંઘના કાર્યને ચાલુ રાખવા તેમજ આગળ ધપાવવા માટે જે કાંઇ નાની મોટી આર્થિક મદદ કરી છે તે માટે તે સર્વ પ્રત્યે સંઘ આભારવૃત્તિ પ્રદર્શિત કરે છે. ઉપર જણાવ્યા મુજબ રૂા. ૧૦૬૬૪ ની છુટક છુટક મદદ આપનારાઓની યાદી પરિશિષ્ઠ 'ક' માં જોડવામાં આવી છે.

### સાર્વજનિક વાંચનાલય.

હવે સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓનું અવલોકન કરીએ. સંઘના વાચનાલયનો લાભ હંમેશા સરેરાશ સો ભાઇઓ લે છે. છાપા વાંચનારાઓની ઘણી વખત એટલી બધી ભીડ થાય છે કે કાર્યાલયમાં ઉભા રહેવાની જગ્યા રહેતી નથી. એક તો જે લત્તામાં સંઘનું કાર્યાલય છે ત્યાં આસપાસ નજીકમાં આવું કોઇ વાચનાલય છે નહિ. બીજુ લોકોનો વાંચવાનો શોખ અને ખાસ કરીને દૈનિક છાપાઓ દ્વારા દુનિઆની ખબરો જાણવાનો શોખ બહુજ વધ્યો છે. બીજું છાપાઓ તેમજ સામયિકોની કિંમત બમણી ત્રણગણી થઇ છે. તેથી સંઘના વાંચનાલય ઉપર ખૂબ ધસારો રહે છે, અને તે માટે આજની જગ્યા બહુ સાંકડી પડે છે. વાંચનાલયમાં કુલ છત્રીશ સામાયિકો આવે છે, જેમાં ૬ દૈનિક, ૯ સાપ્તાહિક, ૭ પાક્ષિકઅને ૧૪ માસિક પત્રોનો સમાવેશ થાય છે. ભાષાની દૃષ્ટિએ ૩૧ ગુજરાતી, ૩ અંગ્રેજી અને ૨ હિંદી પત્રો આવે છે.

### સાર્વજનિક પુસ્તકાલય.

સંઘના પુસ્તકાલયમાં કેટલાંક ભેટ મળેલાં અને કેટલાંક ખરીદેલા એમ મળીને હાલ કુલ ૪૨૫૬ પુસ્તકો છે, જેમાંનો મોટો ભાગ ગુજરાતી સાહિત્ય અને જૈન ધર્મને લગતો છે. આ પુસ્તકાલયનો પણ વાચનાલય જેટલો જ બહોળા પ્રમાણમાં લાભ લેવામાં આવે છે. પુસ્તકાલયમાંથી વાંચવા-માટે પુસ્તક લઇ જનાર પાસેથી રૂપીઆ ત્રણ અનામત લેવામાં આવે છે. તે અનામત ખાતે આશરે રૂપીઆ ૨૧૨૩) જમા છે. તે ઉપરથી સહજ માલુમ પડે છે કે પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૭૦૦ ઉપરની છે. દરરોજ આશરે ૯૫ થી ૧૦૦ પુસ્તકો વાંચવા માટે કાઢી આપવામાં આવે છે. ગત વર્ષ દરમિઆન પુસ્તકાલય માંથી વાંચવા માટે અપાયેલા પુસ્તકોની સંખ્યા ૩૪૦૦૦ ઉપર ગઇ છે. જનતાની વાચનની અભિરૂચિ એટલી બધી તીવ્ર અને વિવિધદેશીય બની છે કે લોકોને વાંચનની જેટલી સગવડ આપવામાં આવે અને પુસ્તકાલયમાં જેટલી પુસ્તકવૃદ્ધિ કરવામાં આવે એટલી ઓછી પડવાની છે એમ આજ સુધીના અનુભવ ઉપરથી નિઃશંકપણે કહી શકાય તેમ છે સંઘના પુસ્તકાલયના વિકાસ માટે મોટી અગવડતા જગ્યાની છે. આજે કુલ મોટા પાંચ કબાટો વસાવવામાં આવ્યા છે અને તે કબાટો પુસ્તકોથી લગભગ ભરાઇ ગયા છે. આથી વધારે કબાટ મુકવાને સંઘનાં કાર્યાલયમાં જરાપણ અવકાશ રહ્યો નથી. આજનાં પુસ્તકાલયનો વિકાસ પુસ્તકોની વિપુલ અભિવૃદ્ધિ એટલે કે વધારે કબાટો એટલે કે વિશાળ જગ્યાની અપેક્ષા ધરાવે છે અને આ માટે સંગીન આર્થિક મદદની આવશ્યકતા રહે છે વાંચનાલય અને પુસ્તકાલય એ ખરેખર જ્ઞાનની પરબો છે જેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય સહુ કોઇ લઈ રહ્યા છે.

અત્રે જણાવતાં આનંદ થાય છે કે સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે સંઘના પુસ્તકાલયને રૂપીઆ ૧૦,૦૦૦ ની રકમ અર્પણ કરી છે અને આગામી વર્ષમાં તેવીજ મોટી

# સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૬-૨-૪૪ના રોજ શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે આગળ ઉપર મળેલી સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ વંચાયા બાદ સભાના પ્રમુખે કેટલુંક પ્રાસંગિક વિવેચન કર્યું હતું જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે અને ત્યાર બાદ ગત વર્ષનો વૃત્તાન્ત અને ઓડીટ થયેલો ગત વર્ષનો હિસાબ રજુ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આગામી વર્ષની આવક જાવકને લગતું અંદાજ પત્ર મંત્રીઓએ રજુ કર્યું હતું જેને મંજુરી આપવામાં આવી હતી. ત્યારબાદ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સંબંધે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

**૧ સંસ્થાના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની આજ સુધીની સંઘની અનેકવિધ સેવાઓ તેમજ તેમનું સંઘની પ્રવૃત્તિઓમાં અસાધારણ સ્થાન તથા ઉપયોગીતા ધ્યાનમાં લઇને તથા સંઘના પુસ્તકાલયને તેમણે રૂ. ૧૦૦૦૦ ની રકમ આપવાની જાહેરાત કરી છે તે લક્ષ્યમાં લઇને નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.**

**(ક) સંઘના બંધારણ મુજબ જે બે મંત્રીઓની દર વર્ષે ચુંટણી કરવામાં આવે છે તે ઉપરાંત આ બાબતમાં બીજો ઠરાવ કરવામાં ન આવે ત્યાં સુધી શ્રી મણિલાલ મોકમચંદ શાહને સંઘના માનનીય સ્થાયી મંત્રી તરીકે નીમવામાં આવે છે.**

**(ખ) સંઘના વાંચનાલય પુસ્તકાલય સાથે તેમનું નામ જોડવાનું ઠરાવવામાં આવે છે.**

ત્યારબાદ આજની મોંઘવારીને અંગે સંઘના વધી ગયેલા ચાલુ વહીવટી ખર્ચ સંબંધમાં નીચે મુજબનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર થયો હતો.

**૨ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનું તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોનું લવાજમ નીચે મુજબ વધારવામાં આવે છે.**

**(ક) સંઘનું વાર્ષિક લવાજમ પુરૂષ સભ્યનું રૂ. ૩ અને સ્ત્રી સભ્યનું રૂ. ૨ છે તથા પ્રબુદ્ધ જૈનના ગ્રાહકનું લવાજમ રૂ. ૨ છે તે હવેથી અનુક્રમે રૂ. ૪, રૂ. ૩, તથા રૂ. ૩ નક્કી કરવામાં આવે છે.**

**(ખ) પર્યુષણથી ચાલુ વર્ષના અવશિષ્ટ ભાગ દરમિયાન સભ્ય થવા ઇચ્છનાર ભાઇનું લવાજમ રૂા. ૫ અને બહેનનું લવાજમ રૂ. ૪ લેવામાં આવશે અને તે મુજબ અપાયલું લવાજમ ચાલુ વર્ષના અવશિષ્ટ ભાગ અને પછીના આખા વર્ષની મુદત માટે પુરતું ગણવામાં આવશે**

ત્યારબાદ સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણી કરવામાં આવી હતી જેનું પરિણામ નીચે જાહેર કરવામાં આવ્યું હતુ.

| | | |
|---|---|---|
| શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ | | પ્રમુખ |
| ,, ચીમનલાલ ચકુભાઇ શાહ | | ઉપપ્રમુખ |
| ,, મણિલાલ મોકમચંદ શાહ | } | મંત્રીઓ |
| ,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી | } | મંત્રીઓ |
| ,, રતિલાલ ચીમનલાલ કોઠારી | } | મંત્રીઓ |
| ,, પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ | | કોષાધ્યક્ષ |

**સભ્યો.**

શ્રી ભાનુકુમાર જૈન, શ્રી ચુનીલાલ કલ્યાણજી કામદાર,
,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ, શ્રી લીલાવતી બહેન દેવીદાસ,
,, હર્ષચંદ્ર કપુરચંદ દોશી, શ્રી નાનચંદ શામજી,
,, રંભાબહેન ગાંધી, શ્રી અમીચંદ ખેમચંદ શાહ,
,, વલ્લભદાસ ફુલચંદ મહેતા, શ્રી જસુમતી મનુભાઇ કાપડીઆ,
,, ખીમચંદ મગનલાલ વોરા, શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી,
,, દીપચંદ ટી. શાહ, શ્રી રમણલાલ સી. શાહ,
,, મનસુખલાલ હીરાલાલ લાલન.

ત્યારબાદ ગયા વર્ષમાં સંઘના ઓડીટર તરીકે વિનામૂલ્યે સંઘનું નામું તપાસી આપવા બદલ શ્રી. કાન્તિલાલ બરોડીઆનો આભાર માનવામાં આવ્યો હતો અને આવતા વર્ષ માટે ઓડીટર તરીકે તેમની નીમણુક કરવામાં આવી હતી.

અન્તમાં પ્રમુખ મહાશયનો ઉપકાર માની અલ્પાહાર સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

### કા. વા. સમિતિમાં ઉમેરાયેલા સભ્યો

તા. ૧૧-૨-૪૪ના રોજ સંઘની નવી કાર્યવાહક સમિતિએ નીચેના સભ્યોની કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે ચુંટણી કરી હતી. શ્રીમતી મેનાબેન નરોત્તમદાસ, શ્રી. મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ, શ્રી. મનસુખલાલ જેમલ શેઠ.

### સંઘના સભ્યના તથા 'પ્રબુદ્ધ જૈન' ના વાર્ષિક લવાજમમાં વધારો

આજે જેમ આપણા ચાલુ જીવનખર્ચમાં ખુબ વધારો થયો છે. તેવી જ રીતે સંઘના ચાલુ વહીવટી ખર્ચમાં તથા પ્રબુદ્ધ જૈનના પ્રકાશન કાર્યને લગતા ખર્ચમાં પણ ખુબ વધારો થયો છે અને સાથે સાથે સંઘની બીજી પ્રવૃત્તિઓ પણ વધતી જાય છે. જ્યારે કેટલીક સંસ્થાઓએ અને કેટલાક છાપાવાળાઓએ પોતાનાં લવાજમો કેટલાય વખતથી વધાર્યા છે ત્યારે મુંબઇ જૈન યુવક સંઘે સભ્યનું તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકનું લવાજમ આજ સુધી જરા પણ વધાર્યું નથી. પણ દિન પ્રતિ દિન સંઘની વધતી જતી આર્થિક જવાબદારીઓ ધ્યાનમાં લઇને તા. ૬-૨-૪૪ ના રોજ મળેલી સંઘની વાર્ષિક સામાન્ય સભાએ આ વર્ષથી રૂા. ૧ નો ચાલુ લવાજમોમાં વધારો કર્યો છે. આશા રાખવામાં આવે છે કે આ વધારેલું લવાજમ આપવામાં કોઇ પણ સભ્ય કે ગ્રાહક જરા પણ આનાકાની નહિ કરે અને આજ સુધી જે રીતે સૌએ સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં સાથ આપ્યો છે તેવી રીતે હવે પછી એવોને એવો સાથ આપીને સંઘના કાર્યને મજબુત બનાવશે અને સંઘની જવાબદારીઓને ઉપર જણાવ્યા મુજબ હળવી બનાવવામાં મદદરૂપ થશે.

**મંત્રીઓ**
**મુંબઈ જૈન યુવક સંઘ**

# કદરદાનીની પહેલ

કળા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, લોકસેવા આદિના જુદાં જુદાં ક્ષેત્રોમાં અસાધારણ યોગ્યતાવાળા પુરૂષો જ્યાં ત્યાં દેશમાં પાકતા આવ્યા છે. તેમની કદર વખત આવ્યે તે તે સમાજના લોકોએ અગર સર્વસાધારણ જનતાએ કરી છે. અને ત્યારેજ તેવા પુરૂષો સર્વસાધારણની વિશેષ જાણમાં આવ્યા છે. આ વસ્તુ સર્વવિદિત છે. જૈન સમાજમાં પણ એક નહિ તો બીજા વિષયમાં વિશિષ્ટ યોગ્યતા કે અસાધારણ યોગ્યતા ધરાવનાર થોડા પણ પુરૂષો પાકતા આવ્યાની પરંપરા છે. પણ જૈન સમાજમાં જે છેક જ ઉણપ રહી છે તે તો તેવા પુરૂષોને ચુંટી કાઢી ત્હેની જાહેર રીતે કદરદાની કરવાની જ છે. જો જૈન સમાજમાં પણ વિશિષ્ટ યોગ્યતાવાળા પુરૂષો સર્જવાની શકિત છે તો તે આવી કદરદાનીમાં પછાત કેમ રહ્યો છે? એનાં કારણોની તપાસના ઉંડા પાણીમાં ઉતરવાનું આ સ્થળ નથી. પણ આટલી બાબત તો સુનિશ્ચિત છે કે જૈન સમાજ આપમેળે તેવા સુયોગ્ય પુરૂષોને પારખવાની અને તેમની જાહેર રીતે કદર બુઝવાની તેમજ કદર કરવાની ઓછામાં ઓછી શકિત ધરાવે છે.

છેલ્લી પચીસીની જ વાત લઇએ. ગાંધીજી જાહેર ક્ષેત્રમાં આવ્યા ત્યારબાદ કેટલાય વિશિષ્ટ પુરૂષો જૈન સમાજમાંથી પણ જુદા જુદા ક્ષેત્રોમાં આગળ આવ્યા છે. પણ સમગ્ર જૈન સમાજની દ્દષ્ટિએ વિચાર કરીએ તોય એમ કહેવું પડે કે આ બાબતમાં જાણે જૈન સમાજ કશુ જ ન જાણતો હોય તેવી સ્થિતિમાં છે. અમુક દૃષ્ટિસંપન્ન વ્યકિતઓ કોઇ સુયોગ્ય વ્યકિતને તેના અસાધારણ યોગ્યતાને કારણે ચુટી કાઢી તેને આગળ લાવે તો જ સર્વ સામાન્ય વર્ગને તેની જાણ થાય. અને તો જ કેટલાક નવયુવકોમાં તેવી દિશામાં આગળ વધવાનો ઉત્સાહ પણ જન્મે. જૈન સમાજ યોગ્ય વ્યકિતઓની કદર કરતો નથી એમ નથી. તે કદર તો કરે છે, પણ ત્યારે જ, કે જ્યારે, તેવી વ્યકિતને કોઇ બીજો જ બહારનો માણસ ચુંટી કાઢે અને તેની યોગ્યતા જૈનોના મન ઉપર ઠસાવે.

આવી કઢંગી સ્થિતિ છતાં વધારે ખુશી થવા જેવી એક બીના બની છે તે તરફ વાંચકોનું હું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. તે બીના એટલે શ્રીયુત મણિલાલ મોકમચંદ શાહની કદરદાની કરવાનો શ્રી જૈન યુવક સંઘનો ઠરાવ અને તે દિશામાં થતો પ્રયત્ન.

મણિભાઈ નથી કોઇ વિદ્વાન, કે નથી તેવા વિશિષ્ટ કલાકાર. તેઓ છે તો સામાન્ય કોટિના એક વ્યાપારી, અને તેથીએ વધારે સામાન્ય કોટિના ભણતરવાળા. છતાં, મણિભાઇમાં જે કેટલીક અસાધારણ વિશેષતાઓ છે તે વિશેષ ધનાઢ્ય અને વિશેષ વિદ્વાનોમાં પણ મળવી દુર્લભ છે. ગઇ લડાઇમાં તેઓ થોડુંક કમાયેલા તે તેમણે છુટે હાથે કેળવણી વિગેરેના કાર્યમાં વાપરી નાખ્યું. આવી ઉદારતા તો બીજા ઘણાયમાં આપણે જોઇએ છીએ. પણ તેમની વિશેષતા તેમની દરેક સેવાકાર્યમાં ખડે પગે રહેવાની ધગશ અને જાતમહેનતમાં છે. તેઓ ઉંમરે વૃદ્ધ છે પણ ઉત્સાહ અને કાર્યશક્તિમાં જુવાનોને પાછા પાડે છે એ સૌ કોઇ જાણે છે. તેમની સેવાનો પ્રદેશ માત્ર કેળવણીના ક્ષેત્ર પુરતો નથી. મેં તેમની સામાજીક સુધારણાની વિવિધ પ્રવૃત્તિઓનું થોડુંક પણ અધ્યયન કર્યું છે અને તે ઉપરથી મને ઘણા વખત થયાં એમ લગેલું કે આવો બ્યાપારક્ષેત્રમાં પડેલ તેમજ સામાન્ય શિક્ષણ પામેલ માણસ સમાજની દુરવસ્થાનું કેટલું વિશદ જ્ઞાન ધરાવે છે?

મણિભાઇની સેવા માત્ર જૈન સમાજ પુરતીજ નથી. તે રાષ્ટ્રિય સેવાના જુદાં જુદાં ક્ષેત્રોને પોતાની શક્તિ પ્રમાણે પહોંચી વળે છે. તેમના સદ્વર્તનેજ તેમના પ્રત્યે અનુરાગ ધરાવનાર એક ખાસ વર્ગ ઉભો કર્યો છે. મણિભાઇની એક વિશિષ્ટતા ગયા જુન માસમાં જ્યારે મારી જાણમાં આવી ત્યારે હું તેમના પ્રત્યે નતમસ્તક થઇ ગયો. આ પ્રસંગે તે વિશેષતાનો નિર્દેશ કરૂં તો અસ્થાને નહિ ગણાય. ગઇ લડાઇની કમાણી પછી મણિભાઇ દેવાદાર પણ થઇ ગયેલા. છેલ્લાં વર્ષોમાં તેઓ જ્યારે કમાયા ત્યારે પોતાની કમાણીનો અન્ય ક્ષેત્રોમાં સદુપયોગ કરે તે પહેલાં તેમને જુનું દેવું સાફ કરવાનું તત્કાળ સુઝયું. તેઓ લેણદારોને ત્યાં ગયા તો ઘણા તેમાંના મરી ગયેલા અને તેમના વારસદારોને તે લેણાની જાણજ ન હતી. કાયદાની દૃષ્ટિએ તો તે દેણું રહ્યું ન હતું એ વાત તો જુદી જ છે. આ બધું છતાં મણિભાઇએ જીવતા અને મરી ગયેલા લેણદારોના ચોપડા કઢાવી હિસાબ તપાસી એક એક પાઇ લેણદારોને ચુકવી દીધી. આપણે બધા કેટલા એવા દેણદારોને જાણીએ છીએ કે જેઓ યુગ વિતી ગયા પછી અને લેણદારો પોતે હયાત ન હોય ત્યારે પણ તેમને ઘેર જઇ પાઇએ પાઇ ચુકવી આવ્યા હોય? મારે મન કોઇ પણ જીવન્ત ધર્મ કે નીતિ હોય તો તે આ છે.

આવા વિશિષ્ટ પુરૂષને ઓળખી કાઢવો અને જાહેરમાં તેની કદર બુઝવી એ સદ્બુદ્ધિ તેમજ સત્ પુરૂષાર્થનું એક કાર્ય છે. મુંબઇ જૈન યુવક સંઘની કેટલી ય બાબતોમાં ખાસ વિશેષતા છે તેમ તેણે કદરદાની બુઝવાની પહેલ કરી ઓછામાં ઓછું જૈન સમાજની એક ઉણપ ધોઇ કાઢવાનો સર્વ પ્રથમ પ્રયત્ન કર્યો છે. તે પણ તેની એક અનુકરણ કરવા યોગ્ય વિશેષતા જ લેખવી જોઇએ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું આ પગલું કેટલું ડહાપણવાળું અને કેટલું વેળાસરનું છે તે તો તેને થોડા જ દિવસમાં મળેલ અસાધારણ સફળતા ઉપરથી જ સિદ્ધ થાય છે. શ્રીયુત મણિભાઇને થેલી અર્પણ કરવાની વાત છે એટલે તેમના ગુણોને લક્ષ્યમાં રાખી થેલી એકત્ર કરવી તે છે અને તેનું અર્પણ એટલે સાર્વજનિક ઉપયોગની બાબતમાં તેનો યોગ્ય વ્યય કરવો તે છે. એટલે ખરી રીતે આપણે મણિભાઇને થેલી અર્પણ કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે મણિભાઇના સદ્ગુણોનો આદર કરવા નિમિત્તે આપણે આપણા જ સામુદાયિક લાભ અને સામુદાયિક વિકાસને ઉત્તેજન આપીએ છીએ. આ રીતે જો એક પંથ અને બે કાજ સધાતાં હોય તો અત્યારના કમાણીના યુગમાં કયો સમજદાર અને ઉદાર ભાઇ આ થેલીને ભરવામાં પોતાનો ફાળો નહિ આપે?

**પંડિત સુખલાલજી**

---

### સંઘની રાહત પ્રવૃત્તિમાં મળેલી મદદ

સંઘની રાહત પ્રવૃત્તિમાં નીચે મુજબની રકમો સંઘને મળી છે જે સાભાર સ્વીકારવામાં આવે છે.

રૂ. ૨૦૦૦ શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ મારફત

રૂ. ૧૦ શ્રી. ચંદુલાલ ટી. શાહ.

### શ્રી. મણિભાઇ સન્માન થેલી

શ્રી. મણિલાલ મોકમચંદ શાહના સન્માન અર્થે એકઠી કરવામાં આવતી થેલીમાં તેમના મિત્રો તેમજ પ્રશંસકો તરફથી નાની મોટી રકમો સારા પ્રમાણમાં ભરાવા લાગી છે અને થોડા સમયમાં ધારણા મુજબની રકમ ભરાઇ જવા આશા રહે છે. જે જે ભાઇબહેનોએ આ થેલીમાં પોતાનો ફાળો મોકલી આપ્યો ન હોય તેમને વિના વિલંબે પોતાનો ફાળો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

# સંઘનો વાર્ષિક વૃત્તાંત પરિશિષ્ટ 'ક'

## ગયા વર્ષે શરૂ કરેલ સંઘના સામાન્ય ફાળામાં આજ સુધી એકઠી થયેલ રકમ તથા મદદ આપનારાઓની યાદી

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૧૦૦૦ | શ્રી મણિલાલ મોકમચંદ શાહ |
| ૨૫૧ | ,, મોતીલાલ કલ્યાણજી |
| ૨૫૧ | ,, ધીરજલાલ કેશરીચંદ |
| ૨૫૧ | ,, રતિલાલ વર્ધમાન |
| ૨૫૦ | ,, ચંદુલાલ વર્ધમાન શાહ |
| ૨૦૧ | ,, કાંતિલાલ ભોગીલાલની કું. |
| ૨૦૦ | ,, ડાહ્યાલાલ ત્રીભોવનદાસ |
| ૨૦૦ | ,, તારાચંદ એલ. કોઠારી |
| ૧૫૧ | ,, મંગળદાસ જેઠાભાઇ મીસ્ત્રી |
| ૧૫૧ | ,, ચીમનલાલ પી. શાહ |
| ૧૫૧ | ,, ન્યાલચંદ મૂળચંદ શેઠ |
| ૧૫૧ | ,, દલીચંદ જેચંદ દોશી |
| ૧૫૧ | ,, કેશવલાલ મંગળચંદ શાહ |
| ૧૨૫ | ,, ધીરૂભાઇ નેમચંદ શ્રોફ |
| ૧૨૫ | ,, માણેકલાલ અમુલખરાય મહેતા |
| ૧૦૧ | ,, આર. સૂર્યકાંતની કું. |
| ૧૦૧ | ,, શાંતિલાલભાઇ |
| ૧૦૧ | ,, એમએ મોટર ટ્રેડીંગ કું. |
| ૧૦૧ | ,, વાડીલાલ મનસુખલાલ પારેખ |
| ૧૦૧ | ,, કાંતિલાલ બકોરદાસ |
| ૧૦૧ | ,, દલસુખભાઇ ત્રીભોવનદાસ |
| ૧૦૧ | ,, વીરચંદ પાનાચંદ શાહ |
| ૧૦૧ | ,, એક ગૃહસ્થ તરફથી |
| ૧૦૧ | ,, નરોત્તમદાસ અમરચંદ |
| ૧૦૧ | ,, પરમાનંદ કુંવરજી કાપડીયા |
| ૧૦૧ | ,, ત્રીકમલાલ મહાસુખરામ |
| ૧૦૧ | ,, જેઠાલાલ રામજીભાઇ |
| ૧૦૧ | ,, મોહનલાલ રતનચંદ |
| ૧૦૧ | ,, ફુલચંદ માણેકચંદ દોશી |
| ૧૦૧ | ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ |
| ૧૦૧ | ,, રાઘવજી ગોવિંદજી સંઘરાજકા |
| ૧૦૧ | ,, એક ગૃહસ્થ તરફથી હા. અ. કા. દોશી |
| ૧૦૧ | ,, રેવાશંકર મંગળજી કામદાર |
| ૧૦૧ | ,, હરિલાલ કેશવજી ખેનાણી |
| ૧૦૧ | ,, બાપાલાલ આર. ગાંધી |
| ૧૦૧ | ,, ભોગીલાલ દોલતચંદ |

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૧૦૧ | શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી |
| ૧૦૧ | ,, વરજીવનદાસ ત્રીભોવનદાસ |
| ૧૦૧ | ,, ભોગીલાલ પ્રેમચંદની કું. |
| ૧૦૧ | ,, ચુનીલાલ ઉત્તમચંદની કું. |
| ૧૦૦ | ,, અમૃતલાલ નથુભાઇ |
| ૧૦૦ | ,, પુંજાભાઇ દીપચંદ |
| ૧૦૦ | , માણેકલાલ પ્રેમચંદ |
| ૧૦૦ | ,, બી. નગીનદાસની કું. |
| ૧૦૦ | ,, કેવળચંદભાઇ અવિચળ શેઠ |
| ૧૦૦ | ,, એક ગૃહસ્થ તરફથી |
| ૧૦૦ | ,, મોતીચંદ ગીરધરલાલ કાપડીયા |
| ૧૦૦ | ,, મણિલાલ જેઠાલાલ શાહ |
| ૭૫ | ,, મીલ સ્ટોર કું. |
| ૭૫ | ,, દીવાન બ્રધર્સ |
| ૭૫ | ,, સેવંતિલાલ કાંતીલાલ |
| ૭૫ | ,, કંચનલાલ વાડીલાલ |
| ૭૧ | ,, ચત્રભુજ સુંદરજી દોશી |
| ૫૧ | ,, મોહનલાલ આર. પરીખ |
| ૫૧ | ,, સ્વરૂપચંદ એન. શ્રોફ |
| ૫૧ | ,, હરિલાલ શંભુપ્રસાદ |
| ૫૧ | ,, ચીમનલાલ માનચંદ |
| ૫૧ | ,, માણેકલાલ વાડીલાલ નાણાવટી |
| ૫૧ | ,, જી. વીઠ્ઠલદાસની કું. |
| ૫૧ | ,, ડો૦ અમીચંદ છગનલાલ |
| ૫૧ | ,, શેઠ લાલજી રામજીભાઇ |
| ૫૧ | ,, ખુશાલચંદ કે. મહેતા |
| ૫૧ | ,, કાનજી શિવજી |
| ૫૧ | ,, પદમશી પ્રાગજી |
| ૫૧ | ,, ચીમનલાલ એમ. પરીખ |
| ૫૧ | ,, ભગવાનલાલ હરખચંદ |
| ૫૧ | ,, છોટાલાલ વિમળચંદ |
| ૫૧ | ,, એક ગૃહસ્થ તરફથી |
| ૫૧ | ,, હીરાલાલ મોતીચંદ |
| ૫૧ | ,, મોહનલાલ છોટાલાલ |
| ૫૧ | ,, એન. વી. મહેતા |
| ૫૧ | ,, ચીમનલાલ ચકુભાઇ શાહ |
| ૫૧ | ખીમચંદ મગનલાલ વોરા |

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૫૧ | શ્રી દીપચંદ ગોપાલજી |
| ૫૧ | ,, ભીખાભાઇ ભૂદરભાઇ કોઠારી |
| ૫૧ | ,, દુર્લભજી ઉમેદચંદ પરીખ |
| ૫૧ | ,, હરગોવિંદદાસ દલસુખભાઇ |
| ૫૧ | ,, શાંતિલાલ હીરાલાલ |
| ૫૧ | ,, ચંદુલાલ ટી. શાહ |
| ૫૧ | ,, હીંમતલાલ લલ્લુભાઇ |
| ૫૧ | ,, ભગવાનદાસ મગનલાલની કું. |
| ૫૧ | ,, વલ્લભદાસ ફુલચંદ મહેતા |
| ૨૫ | ,, મોહનલાલ નગીનદાસ |
| ૨૫ | ,, કાંતિલાલ ડી. શાહ |
| ૨૫ | ,, હીંમતલાલ ચુનિલાલ |
| ૨૫ | ,, ત્રીકમલાલ મગનલાલ |
| ૨૫ | ,, ગોકુળદાસ મોહનલાલ |
| ૨૫ | ,, પન્નાલાલભાઇ ઠે. વોરા બ્રધર્સ |
| ૨૧ | ,, ભાઇચંદ સવચંદ દોશી |
| ૨ | ,, ચત્રભુજ દેવચંદ |
| ૨ | ,, મુળચંદ હીરજી |
| ૧ | એક બહેન તરફથી |
| ૮૯૬૦ | |

**નીચેની રકમો વાચનાલય પુસ્તકાલયને મળી છે:**

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૨૫૦ | શ્રી ધીરજલાલ જીવણચંદ કેશરીચંદ |
| ૧૦૧ | ,, મોતીલાલ મુળજીભાઇ |
| ૧૦૧ | ,, છોટાલાલ ગોદડચંદ પાલણપુરવાળા |
| ૧૦૦ | ,, ગોદડજી ડોસજી |
| ૫૧ | મેસર્સ યુ. ડી. પટેલની કું. |
| ૫૧ | ,, એમ. જે. થાણાવાળાની કું. |
| ૨૫ | ,, આર. વી. ઇશ્વરદાસની કું. |
| ૨૫ | શ્રી સી. આર. કોન્ટ્રાકટર |
| ૯૬૬૪ | |
| ૧૦૦૦ | શ્રી મણિલાલ વાડીલાલ નાણાવટી (રીઝર્વ ફંડ ખાતે) |

૧૦૬૬૪ રૂા. આજ સુધીમાં કુલ વસુલ થયા

# સંઘનો વાર્ષિક વૃત્તાન્ત પરિશિષ્ટ 'ખ'

## શ્રી વાંચનાલય પુસ્તકાલય સંવત ૧૯૯૯ ના કારતક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીનો આવક તથા ખર્ચનો હિસાબ

**જ.**

૮૫૯ ૯ ૦ નીચેની વિગતે હવાલો

- ૧૩૭ ૧ ૦ દંડના આવ્યા તે
- ૧૮ ૮ ૦ પાસ બુક ખાતે
- ૭૦૪ ૦ ૦ ભેટ ખાતે જમા

૮૫૯ ૯ ૦

૨૨૮ ૧૦ ૯ આવક કરતાં ખર્ચ વધારે

૧૦૮૮ ૩ ૯

**ઉ.**

૨૦૨ ૮ ૯ શ્રી ખર્ચની વીગત

- ૧૮૪ ૨ ૦ છાપાઓના લવાજમના
- ૦ ૪ ૦ પરચુરણ ખર્ચના
- ૧ ૪ ૯ પોસ્ટ ખર્ચના
- ૨ ૨ ૦ સ્ટેશનરી ખર્ચના
- ૦ ૧૨ ૦ ફરતી લાયબ્રેરી ખર્ચ
- ૧૪ ૦ ૦ છપામણી ખર્ચના

૨૦૨ ૮ ૯

૮૮૫ ૧૧ ૦ શ્રી સામાન્ય ખર્ચનો હવાલો કુલે ૧૭૭૧-૫-૯ ખર્ચ થયું તેના ૫૦ ટકા પ્રમાણેના પગાર ભાડુ અને પરચુરણ.

૧૦૮૮ ૩ ૯

## પ્રબુદ્ધ જૈનનો સંવત ૧૯૯૯ ના કારતક સુદી ૧ થી આસો વદ ૦)) સુધીનો આવક તથા ખર્ચનો હિસાબ.

જ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭૫૮ | ૫ | ૬ | | | | નીચેની વિગત પ્રમાણે |
| | | | ૧૨૦૩ | ૫ | ૬ | પ્રબુદ્ધ જૈન લવાજમના આવ્યા. |
| | | | ૨૫ | ૦ | ૦ | ભેટના આવ્યા |
| | | | ૫૩૦ | ૦ | ૦ | સામાન્ય સભ્યના લવાજમના ૧૯૯૮ ના રૂ. ૨૨૦ અને ૧૯૯૯ ના રૂ. ૩૧૦ મળીને રૂ. ૫૩૦ નો હવાલો. |
| | | | ૧૭૫૮ | ૫ | ૬ | |
| ૪૩૬ | ૨ | ૩ | | | | આવક કરતાં ખર્ચ વધારે |
| | | | ૨૧૯૪ | ૭ | ૯ | |

ઉ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭૪૮ | ૧૨ | ૦ | | | | શ્રી પત્ર ખાતે વિગત |
| | | | ૭૪૮ | ૧૨ | ૦ | પત્ર માટેના કાગળો રૂ. ૧૧૩૩ ૧૨ ૦ ના લીધા તેમાંથી રૂ. ૩૮૫ ૦ ૦ કાગળો વેચ્યા તે બાદ જતાં રૂ. ૭૪૮ ૧૨ ૦. |
| | | | ૭૪૮ | ૧૨ | ૦ | |
| ૧૪૪૫ | ૧૧ | ૯ | | | | શ્રી ખર્ચની વિગત |
| | | | ૬૪૬ | ૦ | ૦ | પેપર છપામણીના |
| | | | ૩૩૮ | ૯ | ૩ | પોસ્ટ ખર્ચના |
| | | | ૧૮ | ૫ | ૦ | પરચુરણ |
| | | | ૪૪૨ | ૧૩ | ૬ | સામાન્ય ખર્ચનો હવાલો રૂ. ૧૭૭૧ ૫ ૯ના ૨૫ ટકા પ્રમાણેનો મકાન ભાડુ પગાર વગેરે. |
| | | | ૧૪૪૫ | ૧૧ | ૯ | |
| | | | ૨૧૯૪ | ૭ | ૯ | |

## સંઘની ઇતર પ્રવૃતિઓને લગતો સંવત ૧૯૯૯ના કારતક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીનો આવક જાવકનો હિસાબ

જ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭૪૭ | ૩ | ૩ | | | | શ્રી આવક કરતા ખર્ચ વધારે |
| | | | ૭૪૭ | ૩ | ૩ | હવાલો આવક જાવક ખાતામાં |
| | | | ૭૪૭ | ૩ | ૩ | |

ઉ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૦૪ | ૬ | ૦ | | | | શ્રી ખર્ચની વીગત |
| | | | ૩૯ | ૬ | ૦ | પરચુરણ ખર્ચના |
| | | | ૨૫ | ૧૩ | ૦ | સ્ટેશનરીના |
| | | | ૧૬ | ૭ | ૦ | પોસ્ટના |
| | | | ૨૨૨ | ૧૨ | ૦ | પર્યુષણ વ્યાખ્યાન માળામાં ૪૨૩ ૧૨ ૦ ખરચ થયો તેમાં રૂ. ૨૦૧ ૦ ૦ ભેટ આવેલા તે બાદ જતાં |
| | | | ૩૦૪ | ૬ | ૦ | |
| ૪૪૨ | ૧૩ | ૩ | | | | શ્રી સામાન્ય ખર્ચનો હવાલો કુલે ૧૭૭૧ ૫ ૯ માંથી ૨૫ ટકા પ્રમાણે પગાર-ભાડુ-લાઇટ વગેરેના |
| ૭૪૭ | ૩ | ૩ | | | | |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંવત ૧૯૯૯ ના આસો વદ ૦)) ના દીવસનું સરવૈયું.

જ

| | | | |
|---|---|---|---|
| ૧૧૦૦ | ૦ | ૦ | શ્રી રીઝર્વ ફંડ ખાતે જમા |
| ૭ | ૪ | ૬ | ,, જૈન યુવક પરિષદ ખાતે |
| ૨૬૪૭ | ૪ | ૨ | ,, આવક જાવક ખાતે જમા |
| ૭૮૮૫ | ૦ | ૦ | ,, સામાન્ય ફંડ ખાતે જમા |
| ૨૧૨૩ | ૨ | ૦ | ,, પુસ્તકાલય અનામત ખાતે |
| ૫૨ | ૧૫ | ૦ | ,, માંદાની માવજતનાં સાધનો ખાતે |
| ૨૮૦ | ૦ | ૦ | ,, ફરતા પુસ્તકાલય અનામત ખાતે |
| ૯૬૪ | ૧૧ | ૯ | ,, રેશન રાહત ખાતે જમા |
| ૧૭ | ૪ | ૦ | ,, ડાહ્યાભાઇ (આફ્રીકા) ખાતે |
| ૧૫૦૭૭ | ૯ | ૫ | |

ઉ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૬૮ | ૧૪ | ૦ | | | | શ્રી ફરનીચર ખાતે આગલા સાલના |
| ૧૨૩ | ૪ | ૦ | | | | શ્રી ફરતા પુસ્તકાલય ખાતે |
| ૧૦૦ | ૦ | ૦ | | | | શ્રી શાંતિલાલ ઠાકરસી ખાતે |
| ૫૪૫૯ | ૧૨ | ૦ | | | | ધી બેંક ઓફ ઇન્ડીઆ ખાતે |
| ૨૦ | ૦ | ૦ | | | | શાંતારામ ગંગારામ ખાતે |
| ૧૩ | ૦ | ૦ | | | | શ્રી વિનોદચંદ્ર જે. શાહને ખાતે |
| ૨૪૧૦ | ૮ | ૦ | | | | શ્રી મ્યુનીસીપાલીટી લોન ખાતે બાબત જે બે હજારની લોન લીધી તેની વિગત નીચે પ્રમાણે ૨૦૦૦) ભાવ ૧૧૮-૯-૦ તા૦ ૬-૮-૪૩. |
| ૪૨૩૬ | ૬ | ૨ | | | | ધી હ્યુમ પાઇપ ડીબેન્ચરો ખાતે બાબત જે કુલે ચાર હજારના લીધા તેની વિગત નીચે પ્રમાણે ૨૦૦૦) ભાવ ૧૦૫ પ્રમાણે ૨૦૦૦) ભાવ ૧૦૫-૮-૦ પ્રમાણે |
| ૧૬૯૩ | ૧૫ | ૯ | | | | શ્રી પુસ્તકાલય પુસ્તક ખરીદ ખાતે |
| | | | ૧૨૭૬ | ૧૧ | ૩ | ગઇ સાલના |
| | | | ૪૧૭ | ૪ | ૬ | ચાલુ સાલના |
| | | | ૧૬૯૩ | ૧૫ | ૯ | |
| ૫૫૧ | ૧૩ | ૮ | | | | સીલક બાકી |
| ૧૫૦૭૭ | ૯ | ૫ | | | | |

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨૧

મુંબઇ: ૧ માર્ચ ૧૯૪૪ બુધવાર.

લવાજમ
રૂપિયા ૩

## નિવૃત્તિસાધક પ્રશસ્ત પ્રવૃત્તિ

અનંત જ્ઞાની પુરુષોએ નિવૃત્તિની સાધના માટે પ્રવૃત્તિની પણ અત્યંત આવશ્યકતા બતાવી છે, પરંતુ જે પ્રવૃત્તિમાં દુનિયાના જીવો રાચીમાચી રહ્યા છે તે પ્રવૃત્તિ જ્ઞાનીઓની દૃષ્ટિએ નિવૃત્તિપ્રાપક નથી. એટલા માટે અનંતજ્ઞાની પુરુષોએ પ્રવૃત્તિના પણ બે પ્રકાર દર્શાવ્યાં છે, તે પ્રશસ્ત અને અપ્રશસ્ત. જે પ્રવૃત્તિના યોગે અનંત જીવો નિવૃત્તિપદને પામ્યા છે તે પ્રશસ્ત પ્રવૃત્તિ અને જેના યોગે અનંત આત્માઓ નરકાદિ દુર્ગતિના ભાજન બન્યા છે તે અપ્રશસ્ત પ્રવૃત્તિ કહેવાય. જગતમાં પ્રાણધારણ કરનાર પ્રાણી માત્રને માટે પ્રવૃત્તિની આવશ્યકતા તો રહેવાની જ, કારણ કે પ્રવૃત્તિયોગવડે જ પ્રાણીમાત્ર સ્વજીવન–અસ્તિત્વ ટકાવી શકે છે. વનસ્પત્યાદિ સ્થાવર અસ્પષ્ટ ચૈતન્યવાળા પ્રાણીઓ પણ સ્વયોગ્ય આહારાદિ મેળવવા માટે પ્રવૃત્તિ કરે છે. સૂક્ષ્મ નિગોદમાં રહેલા આત્માઓ કે જે મનુષ્યના એકશ્વાસમાં ૧૭ા ભવ કરે છે એવા અત્યંત સૂક્ષ્મ શરીરી જન્તુઓને પણ આહારાદિ સંજ્ઞાઓ હોય છે અને તે તે સંજ્ઞાઓની તૃપ્તિ માટે સ્વયોગ્ય પ્રવૃત્તિકર્મ પણ કરે જ છે. એવા સૂક્ષ્મ જંતુઓને પણ જ્યારે આહારાદિ પ્રવૃત્તિ કરવી પડે છે ત્યારે મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકાદિ ત્રસ પ્રાણીઓને તો પ્રવત્તિયોગ વગર ચાલે જ કેમ? એટલા માટે જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં છ પ્રકારની પર્યાપ્તિનું નિરૂપણ કર્યું છે. એકેંદ્રિયાદિથી માંડીને પંચેંદ્રિય મન સંજ્ઞાવાળા ત્રસપ્રાણી પર્યંત કેટલાકોને ૪, ૫, ૬ પર્યાપ્તિ પૂર્ણ કરવા માટે શરીરમાત્રને સ્વ સ્વ યોગ્યતા અનુસાર પ્રવત્તિ કરવી પડે છે, પરંતુ એ બધી પ્રવત્તિઓ અપ્રશસ્તરૂપે હોવાથી જીવોના સંહારરૂપે શાસ્ત્રોકિત પણ છે કે **जीवो जीवस्य जीवनं.** પ્રાણિમાત્ર સ્વ સ્વ જીવન ટકાવવા જે જે આહારાદિ પ્રવૃત્તિઓનું સેવન કરે છે તે તે દરેક પ્રવૃત્તિઓ જીવોના નાશરૂપે જ હોય છે, કારણ કે પ્રાણિમાત્ર પ્રાણિઓની સહાયવડે જ જીવી શકે છે. એટલા માટે ઉપરોકત કથન સિદ્ધ થાય છે કે જીવ એ જ જીવોનું જીવન છે.

માટે જ સ્વપરોપકારી અનંત જ્ઞાની પુરુષો ફરમાવે છે કે ક્ષણિક વિનાશી પુદ્ગલને પોષવા માટે છયકાયના જીવોનો જેમાં સંહાર થાય છે એવી પાપારમ્ભક-અપ્રશસ્ત પ્રવૃત્તિઓને જલાંજલિ આપી આત્માર્થી પુરુષોએ અહિંસાત્મક પ્રશસ્ત પ્રવૃત્તિમાં સ્વાત્મ–પુરુષાર્થને ફેરવવો જોઇએ. તે સિવાય અપ્રશસ્ત પ્રવૃત્તિઓ અટકવાની નહિ અને જ્યાં સુધી અપ્રશસ્ત પ્રવૃત્તિઓ અટકવાની નહિ ત્યાં સુધી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગાદિ જે પાંચ પ્રકારના આશ્રવો છે તેનો રોધ થવો એ અત્યંત દુષ્કર છે. આત્મા અનાદિકાળથી ભયંકર શ્વાપદાદિ હિંસક પ્રાણીઓથી ભરચક આ સંસારરૂપી અટવિમાં જે પરિભ્રમણ કરી રહ્યો છે તે આ પ્રમાદાદિ આશ્રવોને લીધે જ, કારણ કે આશ્રવોનો અરોધ એ જ કર્મબંધનનું મુખ્ય કારણ છે અને કર્મ એ જ સંસારની મૂળ જડ છે, માટે આશ્રવોનો રોધ કરવો એ જ કર્મરૂપી મહાન ભયંકર રાજરોગથી મુક્ત થવાનું પરમ ઔષધ છે. આશ્રવોનો રોધ થયા પછી કર્મરૂપી રજને પ્રવેશ કરવાની બારી રહેતી જ નથી. મુકામમાં કચરો ક્યાં સુધી આવે કે જ્યાં સુધી તેના આજુબાજુના દરવાજાઓ બંધ કરી દેવામાં ન આવે ત્યાં સુધી. પરંતુ જ્યાં દરવાજાઓ અર્ગલાથી મજબુત બંધ કરી દીધા ત્યાં પછી કચરો આવવાનું કાંઇ કારણુ રહેતું જ નથી.

તેવી જ રીતે આત્મા અનાદિ કાળથી જે કર્મરૂપી કચરાથી સ્વસ્વરૂપને આચ્છાદિત કરી રહ્યો છે તે મિથ્યાત્વાદી આશ્રવોના લીધે જ. એવા ભયંકર આત્માના મહાન શત્રુરૂપ આશ્રવોનો રોધ કરી જે દશામાં રમણ કરવું તેનું જ નામ પ્રશસ્ત પ્રવૃત્તિ છે. દ્રવ્યાનુયોગના મહાન જ્ઞાતા શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ ફરમાવે છે કે—

"અપ્રશસ્તા રે ટાળી પ્રશસ્તા
કરતા આશ્રવ નાસેજી,
સંવર વાધે રે સાધે નિર્જરા
આતમ ભાવ પ્રકાશેજી. નેમિ૦"

અર્થાત ઇન્દ્રિયાદિવડે અશપ્રસ્ત પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરીને આત્મા જ્યારે ઇન્દ્રિયોને પ્રશસ્ત પ્રવૃત્તિમાં વાળે છે ત્યારે પ્રમાદાદિ આશ્રવો જડમૂળથી નિર્મૂળ થઇ જાય છે. ત્યાર પછી આત્મા સંવર દશાને પ્રાપ્ત કરે છે. અનાદિકાળથી આત્માની સાથે વળગેલા કર્મરૂપી ઇન્ધનને બાળી આત્માને જે શુદ્ધ સ્વરૂપમાં રમણ કરાવે, તેને જૈન શાસ્ત્રકારો સંવર તરીકે પોકારે છે. જે મહાત્માઓ આશ્રવોનો સર્વથા રોધ કરીને–પ્રાણાતિપાતાદિ ૧૮ પાપસ્થાનકોની અપ્રશસ્ત પ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરીને–પ્રશસ્ત પ્રવૃતિરૂપ સર્વવિરતિ ચારિત્રની આરાધના કરનારા છે તે જ આત્માઓ સંપૂર્ણ રીતે સંવર તત્વના ઉપાસક બની શકે છે. સંવરપણામાં રહીને જે ઉપાસના કરવી તે જ મોક્ષની ઉપાસના છે, કારણ કે સંવરી આત્માઓ અપ્રશસ્ત પ્રવૃત્તિના સર્વથા ત્યાગી હોય છે. સંવરી મહાત્માઓની શ્રોત્રાદિ ઇન્દ્રિયો અપ્રશસ્ત વિષયોમાં લોલુપતાવાળી હોતી નથી. શાસ્ત્રવિરૂદ્ધ વચનો સાંભળવા માટે તેઓ બધિર હોય છે. તેમજ જિનાગમનું પાન કરવા માટે તેઓ નિરંતર તલસતા હોય છે. તેવી જ રીતે સંવરી મહાત્માઓ ભાષાસમિતિ ઉપર પણ પૂર્ણ કાબુ કેળવનારા હોય છે. તેઓની ભાષા અત્યંત મધુર, સૌમ્ય અને ગાંભીર્યાદિ ગુણોપેત હોવાથી શ્રોતાજનોને આહ્લાદ ઉત્પન્ન કરનારી હોય છે. જિનેશ્વરપ્રણીત આગમમાં તેઓ મરણની પણ વિરૂદ્ધ ઉચ્ચાર કરતા નથી. જેઓ લોકોને પોતાના પક્ષમાં આકર્ષવા માટે જમાનાના નાસ્તિકવાદમાં

તણાઇ જઇને અથવા તો ભકતવર્ગ વધારે હોવાથી અભિમાનાદિ કષાયોને આધીન થઇને જિનેશ્વરના આગમથી વિરૂદ્ધ પ્રરૂપણા કરી પૂર્વાચાર્યોની પ્રણાલિકાનું ખંડન કરનારા છે તેવા આત્માઓ પણ જિહ્વા ઇન્દ્રિયની અપ્રશસ્ત પ્રવૃત્તિનું જ સેવન કરનારા છે.

જે સુવિહિત શિરોમણિ મહાત્માઓ કેવલ અનુગ્રહ બુદ્ધિથી જિનેશ્વરના આગમને અનુસરીને શ્રોતાજનોની રૂચિ અરૂચિની ઉપેક્ષા કરીને ઉપદેશાદિ પ્રવૃત્તિ કરનારા છે તેવા આત્માઓ જ જીહ્વા ઇન્દ્રિયની વાસ્તવિક પ્રશસ્ત પ્રવૃત્તિ કરનારા છે, અનંત જ્ઞાનીઓ પણ ફરમાવે છે કે–"સરવા પરોભાવા વિસંવા પરિયત્તઉ, ભાસિયવ્વા હિયાભાષા સપક્ખ ગુણકારિયા." ઉપદેશ શ્રવણ કરનાર શ્રોતાઓ ભલે રોષથી લાલ પીળા થઇને સાંભળે અથવા પ્રસન્ન ચિત્તથી સાંભળે, તેઓને વિષરૂપે પરિણમે અથવા અમૃતરૂપે પરિણમે, પરંતુ અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ આપનાર મહાત્માઓએ અવશ્ય સ્વપરને ગુણ કરવાવાળી ભાષા બોલવી જ જોઇએ. શ્રીમાન્ ઉમાસ્વાતિજી પણ ફરમાવે છે કે

"ન ભવતિ ધર્મઃ શ્રોતુ સર્વસ્યેકાન્તતો હિતશ્રવણાત્, બ્રુવતોઽનુગ્રહ બુદ્ધયા વકતુસ્ત્વેકાન્તતો ભવતિ." શ્રવણ કરનાર બધા શ્રોતાઓને હિતશ્રવણ કરવાથી એકાન્તે ધર્મ પરિણમતો નથી, કારણ કે જેઓના આત્મા અત્યંત નિકાચિત પાપકર્મોથી બનેલા હોય છે તેવા આત્માઓને તીર્થંકર ભગવાનની અત્યંત વૈરાગ્યવાળી દેશના પણ અરૂચિરૂપે જ પરિણમે છે, પરંતુ જે પુણ્યાત્માઓ કેવલ અનુગ્રહ બુદ્ધિથી જગતના જીવોના કલ્યાણાર્થે ઉપદેશ આપનારા છે તેવા મહાન પુરૂષોને તો એકાન્તથી મહાન લાભનું જ કારણ છે.

એવી રીતે નિવૃત્તિપ્રાપક પ્રશસ્ત પ્રવૃત્તિનો યથાર્થ વિવેક કરીને પાંચ ઇન્દ્રિયો, ત્રણ યોગ, ક્રોધાદિ ચાર કષાયોના વિષયોને પ્રશસ્ત બનાવવા માટે આત્માર્થી પુરૂષોએ અવશ્ય પ્રયાસ કરવો જોઇએ. તે સિવાય આશ્રવોનો રોધ કરવો એ તલના ફોતરામાંથી તેલ કાઢવા જેવું છે, અને આશ્રવોનો રોધ થયા વિના સંવર દશાને પ્રાપ્ત કરવી એ તો એક કુદકો મારી સમુદ્ર ઉલ્લંઘવા બરોબર બરોબર છે. જેમ તલના ફોતરામાંથી તેલ નીકળતું નથી, એક કુદકો મારી જેમ સમુદ્ર ઉલ્લંઘાતો નથી તેવીજ રીતે પ્રશસ્ત પ્રવૃત્તિમાં આત્મપુરૂષાર્થને ફોરવ્યા સિવાય નિવૃત્તિ પદની જે અભિલાષા કરવી તે પણ ઉપરના દૃષ્ટાન્તોને મળતી જ બીના છે. માટે જ ઉપકારી જ્ઞાની પુરૂષો નિવૃત્તિ પદના અભિલાષક આત્માર્થી મહાત્માઓને ભારપૂર્વક એ જ ભલામણ કરે છે કે જો તમે જન્મજરામરણાદિ સંસારના મહાન ભયંકર ત્રિવિધ દુઃખોથી ત્રાસ પામ્યા હો અને નિરૂપમ અક્ષય શાશ્વતા સુખની તમને સાચી જિજ્ઞાસા થઇ હોય તો મહાન પાપારંભક અપ્રશસ્ત પ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ ન બને તો પર્યુષણાપર્વ જેવા મહામાંગલિક પર્વોમાં અવશ્ય ત્યાગ કરવો જ જોઇએ. આજે ઘણા ભવાભિનંદિઓ એવા પ્રશસ્ત કૃત્યોનો પણ નિષેધ કરે છે, પરંતુ એ નિષેધ કરવો તદ્દન શાસ્ત્રવિરૂદ્ધ છે.

'જૈન'માંથી સાભાર ઉધ્ધૃત **મુનિ ભુવનવિજયજી**

---

# યુદ્ધ અને મધ્યમ વર્ગ

ચાલુ લડાઇનો પૂરેપૂરો લાભ જો કોઇને મળ્યો હોય તો તે આજના મુડીવાદીઓને મળ્યો છે. અને થોડોક લાભ મજૂર વર્ગને મળ્યો છે, જ્યારે કારકુની અને મહેતાગીરી કરનાર મધ્યમ વર્ગને તેનો બિલકુલ લાભ મળ્યો નથી એટલું જ નહિ પણ અસહ્ય મોંઘવારીના લીધે તેમના ચાલુ પગારો અને આવકમાંથી તેમનું તથા તેમના કુટુંબોનું ભરણ પોષણ કરવું પણ મુશ્કેલ બન્યું છે, કારણ એક મહેતા કે કારકુન ઉપર પોતાની સ્ત્રી અને બાળકો મળી ઓછામાં ઓછા છ માણસોના ભરણ પોષણની જવાબદારી હોય છે અને કેટલાક કીસ્સાઓમાં તો તેના વૃદ્ધ પિતા યા માતા તથા વિધવા ભાભી યા બેનની જવાબદારી પણ એના ઉપર હોય છે. તે ઉપરાંત પોતાની ન્યાત જાતમાં ઇજ્જત આબરૂથી રહેવા માટે પણ અન્ય ખર્ચ કરવું પડે છે, જ્યારે ખેડુત કે મજૂર વર્ગના છ માણસોના કુટુંબમાંથી ચાર મનુષ્યો ખેતી યા મજૂરી કરે છે અને ચાલુ લડાઇમાં તો મજૂરોને પગાર ઉપરાંત ઘણું સારૂં મોંઘવારી ભથ્થું મીલો અને કારખાનાઓ તરફથી અપાય છે અને ખેડુતોને અનાજના ભાવો પણ સારા મળ્યા છે એટલે તેમને તેમના કુટુંબનું ભરણ પોષણ કરતાં ઘણી રકમ બચત રહે છે, જેમાંથી તેઓ દેવામાંથી મુક્ત બની જમીન યા સોનું ચાંદી પણ ખરીદ કરી શકે છે. બીજી બાજુએ સફેદ દુધ જેવા કપડા પહેરીને ફરતો મધ્યમ વર્ગનો માણસ અસહ્ય મોંઘવારીમાં તેના પગારમાંથી પોતાનું ભરણપોષણ ન થતાં પોતાનું જરઝવેરાત યા સોનું ચાંદી વેચીને પોતાની આબરૂ રાખે છે; એટલે આ લડાઈ પછી મધ્યમ વર્ગના કુટુંબ કરતાં મજૂર વર્ગના કુટુંબની હાલત પ્રમાણમાં ઘણી સારી રહી છે. મોંઘવારીમાં આજનો મધ્યમ વર્ગ શોષાઇ રહ્યો છે, ચૂસાઇ રહ્યો છે અને તેના માટે જો કોઈ જવાબદાર હોય તો તે આજનો મુડીવાદ છે.

યુદ્ધ શરૂ થયું એ વખતે વેપારીઓ પાસે જે હાજર માલ હતો તેના ઉત્તરોત્તર ભાવો વધતા જ ગયેલા અને તેનો લાભ વેપારીઓને મળતો ગયેલો. આજે પોતાને મળેલો ગંજાવર નફાની મુડીનું રોકાણ તેમણે સોનું ચાંદી અને હીરા મોતીમાં કર્યું, કેટલાકે કાપડ લોખંડ શેર કરીયાણું અને બીજાં બજારોમાં પોતાનું નાણું ફરતું કર્યું. આ પ્રમાણે છેલ્લા ત્રણ ચાર વર્ષમાં વેપારીઓએ અને મીલ માલીકોએ અઢળક ધન પેદા કર્યું છે.

૧૯૪૩ થી હિંદી સરકારે વટ હુકમોની પરંપરા ચાલુ કરી. રૂ, શેર, સોનું, ચાંદી, સુતર અને કાપડ બજારો ઉપર સખ્ત અંકુશો આવ્યા. બીજાં અને કરીયાણાંના વાયદાના બજારો બિલકુલ બંધ થયા. વધુ આવક વેરો લેવાના કાયદાઓ હિંદી સરકારે ઘડયા. એટલે એક રૂપીઆના નફામાંથી સાડા ચૌદ આના જેટલી ગંજાવર રકમ સરકારને આપવી પડવાની છે, એમાં વેપારીની ચાલાકી નહિ ચાલે. પોતાની ચાલાકીનો ઉપયોગ તેણે પોતાના ગુમાસ્તાની પાસેથી રૂા. ૧૦૦) નું કામ લઇને તેને રૂ. ૯૦) જેટલી રકમ આપવામાં કર્યો છે. અસહ્ય મોંઘવારીમાં પોતાના મહેતા અને કારકુનોની મુશ્કેલીઓનો વિચાર તેણે નથી કર્યો. ઉલટું તેણે તેણે બાબતમાં આંખમીચામણાં કર્યાં છે.

લક્ષ્મી ચંચળ છે. દાન ભોગ અને નાશ તેની પ્રકૃતિ છે અને આજની રાજકીય આંટીઘુંટી એવી છે કે આજનો કરોડપતિ એ આવતી કાલનો ભિખારી છે અને આજના ભિખારી એ આવતી કાલનો કરોડપતિ છે. કર્મ અને કુદરતની લીલાને કોઇ નહિ રોકી શકે એ સૂત્ર ધ્યાનમાં રાખી ભવિષ્યમાં આવતી રાજકીય આંધીનો ખ્યાલ કરી દરેક વેપારી પોતાના મહેતા અને ગુમાસ્તાઓને મોંઘવારી બોનસ તરીકે પોતાનાથી અપાય તેટલી રોકડ રકમ આપે એવી આજે યુદ્ધને લીધે શ્રીમાન્ બની બેઠેલા સૌ મુડીધારીઓને મારી વિજ્ઞપ્તિ છે.

**હીરાલાલ ચુનીલાલ મણિયાર.**

---

# કેટલાક સમાચાર અને નોંધ

## રૂ. ૬૦૦૦૦ ની ઉદાર સખાવત

પાટણનિવાસી શેઠ ભોગીલાલ દોલતચંદે તાજેતરમાં શ્રી. પાટણ જૈન મંડળ છાત્રાલયને તે છાત્રાલયની જમીન ઉપર એક હાઇસ્કુલનું મકાન બાંધવા માટે તેમજ તે જ હાઇસ્કુલમાં હુન્નર ઉદ્યોગનું શિક્ષણ અપાય તે હેતુથી હુન્નર ઉદ્યોગનાં સાધનો વસાવવા માટે રૂ. ૬૦૦૦૦) ની રકમ અર્પણ કરી છે. આ રકમમાંથી રૂ. ૪૦૦૦૦ હાઇસ્કુલનું મકાન બંધાવવા પાછળ અને રૂ. ૨૦૦૦૦ ઉપર જણાવ્યા મુજબ હુન્નર ઉદ્યોગનાં સાધનો વસાવવા પાછળ ખર્ચવામાં આવશે અને આવી રીતે હુન્નર ઉદ્યોગ સાથે માધ્યમિક શિક્ષણ આપતી હાઇસ્કુલમાં પ્રસ્તુત છાત્રાલયના વિદ્યાર્થીઓ ઉપરાંત બહારના જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓને સગવડ અને અવકાશ મુજબ દાખલ કરવામાં આવશે.



શેઠ ભોગીલાલ દોલતચંદ શાહ.

આવી મોટી સખાવત કરનાર શેઠ ભોગીલાલ દોલતચંદ હીરાના જાણીતા વ્યાપારી શ્રી. હીરાલાલ શાહના પિતા થાય. શ્રી. હીરાલાલ ભોગીલાલ શાહ મૂળ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થી–વિશિષ્ટ અભ્યાસ અર્થે વિલાયત ગયેલા–અભ્યાસની નાસીપાસીએ તેમને હીરાના ધંધા તરફ ખેંચ્યા અને એ વ્યાપારમાં આજે તેમણે અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું. તેમના પિતા શ્રી ભોગીલાલભાઇ વૃદ્ધ હોવા છતાં આગળ પડતા વિચારો ધરાવે છે અને સમાજની પ્રગતિસાધક પ્રવૃત્તિઓમાં સારી રીતે મદદ કરે છે. ઉપરની સખાવત કરવા બદલ તેમને જૈન સમાજના ખુબ ધન્યવાદ ઘટે છે.

## ગજપંથાજી તીર્થ ઉપર અત્યાચાર.

ગઇ તા૦ ૬–૨–૪૪ ના રોજ બે મુસલમાન લશ્કરી સીપાહીઓએ નાસીકની બાજુએ આવેલા ગજપંથા તીર્થ ઉપર આજના વખતમાં કલ્પી ન શકાય એવો એક અત્યાચાર કર્યો છે અને આ સમાચારથી આખા જૈન સમાજમાં ભારે ક્ષોભ અને ખળભળાટ ઉભો થયો છે અને મર્મઘાતક આઘાત લાગ્યો છે. આ બનાવની વિગત એવી છે કે છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે બપોરના ભાગમાં કોઇ બે મુસલમાન સીપાઇઓ ગજપંથાની ટેકરી ઉપર જઇ ચઢયા અને ત્યાંની ગુફાઓમાં આવેલી કેટલીક જૈન મૂર્તિઓ ખંડિત કરી, કેટલીક ઉખેડી નાંખી, કેટલીકનાં નાક ભાંગી નાખ્યા અને કેટલીક મૂર્તિઓ ઉપાડી ગયા. આ અત્યાચાર કેવળ અક્ષમ્ય અને અસહ્ય છે અને આ સામે માત્ર જૈન સમાજે જ નહિ પણ સમસ્ત હિંદુ સમાજે જબરદસ્ત પોકાર ઉઠાવવો જોઇએ અને ગુનેહગારોને પુરી નસીયત મળે અને આવું અપકૃત્ય કોઇ પણ સ્થળે હવે પછી બનવા ન પામે એવો મજબુત પ્રબંધ કરવાની સરકારને ફરજ પાડવી જોઇએ.

આજે હિંદુસ્થાનના સર્વ કોઇ મોટાં મથકો લશ્કરી સીપાઇઓથી ભરચક ભરેલાં છે અને તેથી જો આવી બાબતમાં અગમચેતી વાપરીને સર્વ સીપાઇદળોને સચોટ રીતે ચેતવવામાં ન આવે તો આવી ઘટનાની પુનરાવૃત્તિઓ સ્થળે સ્થળે થવા સંભવ છે. આવા બનાવોથી પ્રજાની ધાર્મિક લાગણી પારવિનાની દુભાય અને તેનાં ભયંકર માઠાં પરિણામ આવે. માટે સરકારે આ બાબતમાં સખ્તમાં સખ્ત પગલાં હાથ ધરવાની ખાસ જરૂર છે.

પણ આજે આવી બાબતો તરફ જરૂરી ધ્યાન દેવાની સરકારને ફુરસદ છે ખરી? ગજપંથાના અત્યાચારે એક વિશિષ્ટ સમાજને કેટલો બધો ક્ષુબ્ધ બનાવી દીધો છે તેનો સરકારને સાચો ખ્યાલ આવે એવો સંભવ છે ખરો? આજના વિગ્રહ તે વંટોળમાં ઘુંચવાયલી સરકારને આ બાબતમાં સભાન અને સક્રિય કરવા માટે જૈન સમાજે માત્ર તારો કરીને સંતોષ માનવો એ યોગ્ય નથી. ગજપંથા દિગંબર જૈનોનું તીર્થ છે એમ વિચારીને અન્ય સંપ્રદાયના અનુયાયીઓએ આ બાબતમાં જરા પણ ઉદાસીનતા દાખવવી ઉચિત નથી. વિશેષતઃ હિંદુ સમાજે જૈન સમાજની આ આફતને પોતાની જ માનીને જૈન સમાજને પુરો સાથ આપવો જોઇએ અને આ બાબતમાં સ્થળે સ્થળે સભાઓ ભરીને સરકારને પુરી સચેત્ કરવી જોઇએ. જવાબદાર આગેવાનો આ બાબતમાં કરવા યોગ્ય સઘળું કરવામાં પાછી પાની નહિ કરે કે શિથિલતા નહિ દાખવે એવી આશા રાખવામાં આવે છે.

## નામદાર વાઇસરોયનું ભાષણ

જે ભાષણની લાંબા સમયથી અપેક્ષા રાખવામાં આવતી હતી અને જે વિષે અનેક આશાઓ સેવવામાં આવતી હતી તે ભાષણ હિંદના નવા છતાં ધીમે ધીમે જુના થતા જતા વાઇસરાયે ફેબ્રુઆરી માસની ૧૮ મી તારીખે સંભળાવ્યું અને તે ભાષણથી હિંદી રાજકારણમાં કોઇ નવું પ્રકરણ શરૂ થશે અને લાંબા કાળની મડાગાંઠના ઉકેલનો કોઇ માર્ગ હાથ લાગશે એવી આશાનાં સ્વપ્નાં સેવનારાઓને તેમણે પુરી રીતે નિરાશ કર્યા. કોંગ્રેસ જેવી મહાન સંસ્થાના સહકારની અગત્ય અને ઉપયોગીતા તેઓ સ્વીકારે છે, પણ જ્યાં સુધી કોંગ્રેસના આગેવાનો ઓગસ્ટની આઠમીનો ઠરાવ કરવામાં પોતે કરેલી ગંભીર ભૂલનો એકરાર ન કરે અને વર્તમાન યુદ્ધકાળમાં સરકારને પુરેપુરો સહકાર આપવાની ખાત્રી ન આપે ત્યાં સુધી આજની પરિસ્થિતિમાં કશો પણ ફેરફાર કરવામાં નહિ આવે એમ વેવલ સાહેબે ચોખ્ખે-ચોખ્ખું જણાવી દીધું છે. અલબત ૧૯૪૨ ની ઓગસ્ટની આઠમી તારીખ અને આજ દિન સુધીમાં અનેક પાણી વહી ગયાં છે અને દેશના સંયોગોમાં પણ કંઇ કઇ ફેરફારો નીપજ્યા છે. તેથી કોંગ્રેસના આગેવાનોને એકત્ર થવા દેવામાં આવે તો પરસ્પર મંત્રણામાંથી આજની મડાગાંઠનો કાંઇને કાંઇ ઉકેલ માર્ગ નીકળી આવે એવો સંભવ છે ખરો. પણ આવી અન્યોઅન્ય મંત્રણાને વેવલ સાહેબ કશો પણ અવકાશ આપવા માંગતા જ નથી. તેમને આવી કશી મંત્રણાની જરા પણ જરૂર જ સમજાતી નથી. તેઓ કહે છે કે 'ક્વીટ ઇન્ડીઆ'–હિંદ છોડો' ને લગતો ઠરાવ પાછો ખેંચી લેવા સબંધમાં તથા જેમાંથી આવાં કરૂણાજનક પરિણામો નિપજ્યાં છે તેવી રાજનીતિથી પાછા હઠવા સંબંધમાં તેમજ સામે આવી પડેલા મહાન કાર્યોમાં સહકાર આપવા સંબંધમાં જરૂરી નિર્ણય કરવા માટે પોતાના અન્તઃકરણ સિવાય બીજા કોઇની પણ સાથે સલાહ કરવાની અટકમાં પુરાયલા કોઇ

( અનુસંધાન પૃષ્ઠ ૧૮૭ જુઓ )

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણામાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન
सत्यपूतां वदेद्वाचम्
માર્ચ ૧ ૧૯૪૪

# પૂજ્ય કસ્તુરબાનું પરલોકગમન.

પૂજ્ય કસ્તુરબા ફેબ્રુઆરી માસની ૨૨ મી તારીખે સાંજે સાડાસાત વાગે આ દુનિયા છોડીને પરલોકવાસી બન્યાં. છેલ્લાં બે અઢી માસથી તેમની તબિયત એટલી બધી નબળી ચાલતી હતી, હૃદય રોગે એવું ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું અને વૃદ્ધ ઉમ્મર તો તેમની હતી જ. તેથી આ બનાવથી કોઇને પણ અણધાર્યો આઘાત લાગે તેવું તો હતું જ નહિ. એમ છતાં પણ વર્ષોથી ચોતરફ કેવળ શિતળ ધુતિ વિસ્તારતી એક નાની સરખી જ્યોત જ્યારે પણ ઓલવાઇ જાય ત્યારે જેમ આપણને ખાલીપણું લાગે છે અને અંધારૂં અંધારૂ ભાસે છે તેવી જ રીતે કસ્તુરબાના અવસાને આખાયે હિંદુસ્થાનમાં ગાઢ શોકતિમિરની છાયા ફેલાવી દીધી છે. ગાંધીજીના વ્યક્તિગત ઘડતરમાં કસ્તુરબાનો જે કાંઇ ફાળો હોય તે ખરો, પણ સીતા વિનાના રામ આપણે જેમ કલ્પી શકતા નથી તેમ કસ્તુરબા વિનાના ગાંધીજી આપણે કદિ કલ્પી શકતા નહોતા. આવા બાસઠ બાસઠ વર્ષના જીવનસાથી કસ્તુરબા વિદાય થતાં ગાંધીજી ગમે તેટલા મોટા માણસ હોય અને ગમે તેટલો આધ્યાત્મિક સમભાવ અને માનસિક વૈરાગ્ય તેમણે કેળવ્યો હોય એમ છતાં પણ તેમને આજે આ ઉમ્મરે કેટલું બધું ભયાનક એકલાપણું લાગતું હશે આ વિચાર કલ્પનાથી પણ ગાંધીજી પ્રત્યે સદ્‌ભાવ અને ભક્તિભાવથી જોનારા કરોડો આદમીઓનાં દિલ કસ્તુરબાના અવસાનથી અત્યન્ત ગમગીન બની ગયાં છે. 'કસ્તુરબા ગયાં,' 'બીચારા ગાંધીજીને કેટલું બધું લાગતું હશે' આ ઉદ્‌ગાર આજે જ્યાં જઇએ ત્યાં સૌ કોઇના મોઢામાંથી સ્વાભાવિક રીતે નીકળી પડતો આપણે સાંભળીએ છીએ.

મૃત્યુ તો સૌ કોઇના લલાટે લખાયલું જ છે. તો જે પ્રકારનું મૃત્યુ કોઇ પણ આર્ય સ્ત્રી હંમેશાં માંગતી અને પ્રાર્થતી આવી છે તેવું મૃત્યુ કસ્તુરબાને પ્રાપ્ત થયું તે એક રીતે આનંદ અને અભિનંદનયોગ્ય વિષય બને છે. આટલી મોટી ઉમ્મર, ૬૨ વર્ષ જેટલું લાંબુ લગ્નજીવન, કમાતા રળતા મોટી ઉમ્મરના પુત્રોનો પરિવાર અને ગાંધીજીને નજર સામે સારોગ્ય અને સ્વસ્થ જોતાં જોતાં હંમેશાને માટે આંખો મીંચી દેવી—આવું ભાગ્યશાળી મૃત્યુ લાખમાંથી પણ એક સ્ત્રીને ભાગ્યેજ પ્રાપ્ત થાય છે. આવા મૃત્યુને 'કસ્તુરબા ભાગ્યશાળી થઈ ગયાં' એમ કહીને લોકો વધાવે છે. એમ છતાં પણ જે મૂર્તિ આપણા દિલમાં હંમેશાં આદર અને ભક્તિભાવ પ્રેરતી હતી તે હંમેશાંને માટે અલોપ થઇ ગઈ, હવે એ શાન્ત, સૌમ્ય, વિનમ્ર અને સદા પતિસેવા-પરાયણ કસ્તુરબાને આપણે કદિ જોવા નહિ પામીએ એ ખ્યાલ આપણને ઉંડી વેદનાનો અનુભવ કરાવ્યા વિના રહેતો નથી. વળી જે સંયોગો વચ્ચે કસ્તુરબાનું અવસાન થયું એ સંયોગો પણ આપણી વેદનાને તીવ્રતર બનાવે છે. ૧૯૪૨ના ઓગસ્ટ માસથી કસ્તુરબા ગાંધીજીની સાથે જ જેલવાસી બન્યા હતા. છેલ્લા ત્રણેક માસથી તેમના હૃદયની બીમારીએ ખરેખર ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમની જેલ મુક્તિ માટે ચોતરફથી પોકારો ઉઠયા હતા. પણ આજની સરકારે એ પોકારોની કેવળ અવગણના કરી હતી એટલું જ નહિ પણ એવી જાહેરાત કરવાની ધૃષ્ટતા કરી હતી કે કસ્તુરબા જ્યાં છે ત્યાં જ તેમને ચાલુ રાખવા તે તેમના હિતમાં છે. હિંદની એક આદર્શ સન્નારીને ગમે તેવી તેની માંદગી હોવા છતાં સરકારે તેને જેલમુક્ત ન કરી અને આખરે તેનું જેલમાં જ અવસાન થયું એ હકીકતનો ડંખ હિંદી પ્રજાના દિલને સદા કાળ કોર્યા કરશે. આ ઉંડો ઘા કોઇ કાળે રૂઝાશે નહિ.

કસ્તુરબા બહુ ભણેલા નહોતાં, તેમનામાં કોઇ વિશિષ્ટ રૂપ નહોતું કે કોઇ વિશેષ પ્રકારની બુદ્ધિમત્તા નહોતી. છેલ્લા પચ્ચીસ વર્ષના હિંદી રાજકારણનું ઘડતર ગાંધીજીએ જ કર્યું છે. અનેક પ્રસંગોએ અનેક અગત્યના નિર્ણયો લેવાયા છે. આ બધી મસલતોમાં કસ્તુરબાએ કાંઈ ભાગ લીધો હોય કે ગાંધીજીએ તેમની કદિ સલાહ લીધી હોય એવી કોઇ હકીકત આપણા જાણવામાં આવી નથી. તો કસ્તુરબાની એવી કઇ વિશેષતા હતી કે જેના કારણે આજે સૌ કોઇ તેમના વિષે આટલો બધો આદરભાવ ચિન્તવી રહ્યું છે? આત્મવિગોપન જ માત્ર નહિ પણ સંપૂર્ણ આત્મસમર્પણ એ જ તેમના જીવનની લાક્ષણિક વિશેષતા હતી. કસ્તુરબા હિંદુ સંસારનાં એક સામાન્ય ગૃહિણી અને માતા હતાં. તેમની દૃષ્ટિમર્યાદા પણ અમુક રીતે આ ધોરણે જ બંધાયલી હતી. તેમની અને ગાંધીજીની ભૂમિકા વચ્ચે અસીમ અન્તર હતું. ગાંધીજી તો ક્રાન્તદર્શી મહાપુરૂષ. તેમની ઉંડી સત્યનિષ્ટાના કારણે અસત્યનું જ્યાં પ્રભુત્વ હોય તેવી લોકસંસ્થા કે રાજ્યસંસ્થા સાથે હાલતાં અને ચાલતાં અથડામણમાં આવવાને તેઓ સરજાયા હતા. ગાંધીજીનું વ્યક્તિત્વ એટલું બધું પ્રતાપી અને મનસ્વીતાથી ભરેલું કે કસ્તુરબાને ઇચ્છાએ કે અનિચ્છાએ તેમની પાછળ ઘસડાયે જ છુટકો. આવા મહત્ત્વના ભૂમિકાભેદના કારણે ઉભયના જીવનનો પ્રારંભકાળ નાની મોટી અનેક અથડામણોથી ભરેલો રહેતો. આ બાબત ગાંધીજીની આત્મકથા ઉપરથી પણ આપણને માલુમ પડે છે. પણ કસ્તુરબાની પતિનિષ્ટા ભારે ઉંડી અને અદ્‌ભુત હતી. આ પતિનિષ્ટાએ તેમને આત્મવિગોપન શિખવ્યું; સંપૂર્ણ આત્મ-સમર્પણ શિખવ્યું. બાપુના બાહ્ય જીવનની જરૂરિયાતોને પહોંચી વળવા સતત્ પ્રવૃત્ત રહેવું, તેમની શક્ય તેટલી સંભાળ લેવી અને બાપુજી જ્યાં લઇ જાય ત્યાં જવું અને જે કરવા કહે તો પુરી શ્રદ્ધાથી કરતા રહેવું—આજ માત્ર કસ્તુરબાના જીવનનો મુખ્ય મંત્ર હતો. રઘુવંશમાં દિલીપ રાજા કામધેનુની સંભાળ લેતો લેતો તેની પાછળ વનમાં નીકળી પડે છ અને તેની સ્ત્રી સુદક્ષિણા તેની પાછળ પાછળ ચાલતી હોય છે. તે ચિત્ર આલેખતાં સુદક્ષિણા દિલીપ રાજાની છાયા માત્ર ન હોય એવી સુદક્ષિણા શોભતી હતી એમ કવિ કાળીદાસ વર્ણન કરે છે. કસ્તુરબામાં પણ જે કાંઇ સ્વતંત્ર વ્યક્તિત્વ હતું તેને ગોપવીને ગાંધીજીની છાયા માત્ર બનીને રહેવું એવો આદર્શ અને જીવનધર્મ કસ્તુરબાએ સ્વીકાર્યો હતો. એ આદર્શ અને જીવન-ધર્મને પોતાના જીવનમાં કસ્તુરબાએ આરપાર ઉતાર્યો હતો. ગાંધીજી પણ કસ્તુરબા વિષે એવો જ પોતાનો અનુભવ વ્યક્ત કરે છે. તેઓ એક સ્થળે કસ્તુરબા વિષે ઉલ્લેખ કરતાં જણાવે છે કે "જે ઘણી ખરી ગૃહિણીઓમાં જોવામાં આવે છે તે એક ગુણ તેનામાં બહુ મોટા પ્રમાણમાં હતો, અને તે આ છેઃ ઇચ્છાએ કે અનિચ્છાએ, જાણતાં કે અજાણતાં મારા પગલે પગલે ચાલવામાં તેને ખુબ આનંદ અને સંતોષ રહેતો અને એમાં જ પોતાના જીવનની તે ધન્યતા માનતી. બુદ્ધિમત્તાની દૃષ્ટિએ અમારી વચ્ચે ઘણો મોટો તફાવત હતો એમ છતાં પણ અમારૂં જીવન સંતોષ, સુખ તથા

પ્રગતિથી ભરેલું હતું એવો મારો હમેશનો અનુભવ હતો.”

આ આત્મસમર્પણના કારણે કસ્તુરબા કારાવાસની કંઇ કંઇ યાતનાઓ, ચાલુ જીવનનાં અનેક કષ્ટો અને ગાંધીજીના સ્વભાવની કેટલીએ વિચિત્રતાઓ હસતા મોઢે કશો પણ ગણગણાટ કર્યા સિવાય સહન કરતા આવ્યા હતા. અસાધારણ મોટા માણસની જીવનભાગિની થવું તેમાં લ્હાવોયે છે અને” તેમાં કેટલીયે વિટંબણાઓ પણ રહેલી છે. કસ્તુરબાએ જીવનની ધન્યતા પણ માણી હતી; જીવનની વિટંબણાઓને પણ પ્રસન્નતાથી નિભાવી લીધી હતી. આવી સ્ત્રીને હિંદુ સંસ્કૃતિ ‘સતી’ નામથી ઓળખાવે છે. અર્વાચીનકાળમાં સીતા, દમયન્તી અને સુકન્યાની જોડ કસ્તુરબાએ પુરી પાડી છે. શંકરનું બીજું નામ અર્ધનારીશ્વર છે. એ વર્ણનથી એમ સૂચવવામાં આવે છે કે શંકરમાં પાર્વતી છુપાયલા છે; પાર્વતી દેખાતા નથી છતાં શંકરમાં પાર્વતીજી વ્યાપેલા છે. કસ્તુરબા ગાંધીજીમાં અહિં જ હતા એમ કોઇ ચોકકસપણે કહી શકે તેમ નથી. એમ છતાં પણ કસ્તુરબા ગાંધીજી સાથે વાણાતાણાની માફક ગુંથાયલાં હતાં. ગાંધીજી હંમેશા ધાર્યું પોતાનું કરતાં, એમ છતાં કસ્તુરબા પ્રત્યેનો તેમનો કોમળ પ્રેમભાવ કોઇથી અજાણ્યો નહોતો. ગાંધીજી સૂર્ય જેવા પ્રચંડ છે; કસ્તુરબા ચંદ્રની કાન્તિ, પ્રકૃતિ અને વિલક્ષણતા ધરાવતાં હતાં. કસ્તુરબા ગાંધીજીના તેજે તેજસ્વી હતા એમ છતાં કસ્તુરબાની તેજપ્રભામાં જે શિતળતા, મૃદુતા, વત્સલતા અને પોતે કોણ માત્ર છે એવી પરમાણુસમી વિનમ્રતા હતી એ કસ્તુરબાની પોતાની જ વિશિષ્ટ સંપત્તિ હતી. દોઢ વર્ષ પહેલાં મહાદેવભાઇ ગયા; ગાંધીજીએ અનન્ય સહચર અને વફાદાર અનુચર ગુમાવ્યો. આજે કસ્તુરબા ગયાં; ગાંધીજીએ સર્વસમર્પણભાવે પરિચર્યા કરતી, અતિશય નમ્ર એટલે જ મહાન એવી જીવનભરના સુખદુ:ખની, આરોહ અવરોહની અને અનેક માન અપમાનની સહભાગિની જીવન સહચરી ગુમાવી. બે પાંખોએ ઉડતા ગાંધીજી આજે પાંગળા બન્યા. એ પાંગળાપણાના ખ્યાલે વજ્ર જેવા કઠોર ગાંધીજીને પુષ્પથી પણ મુદુ બનાવ્યા અને રડાવ્યા. આખા દેશની જ માત્ર નહિ પણ વિશાળ દુનિયાની સહાનુભૂતિ ગાંધીજીને પોતાના આખરી જીવનમાં પડેલા આ કદિ પણ ન પુરાય એવા ભંગાણને સમભાવે સહી લેવાનું બળ આપો! કસ્તુરબાના પરમ પવિત્ર આત્માને પરમાત્માના ધામમાં પરમ શાન્તિ મળો!!

**પરમાનંદ.**

## કેટલાક સમાચાર અને નોંધ

( પૃષ્ઠ ૧૮૫ થી ચાલુ )

પણ આગેવાન માટે કશી જરૂર છે જ નહિ. કેટલી સાદી સીધી વાત! અને કેટલો સરળ માર્ગ! તમે તમારા અન્તઃકરણને પૂછો અને અન્તઃકરણનો આદેશ આ બાબતમાં બીજો હોઇ જ કેમ શકે? અન્તઃકરણના આદેશોનો સર્વ ઇજારો નામદાર વેવલ સાહેબ અને તેમની સાથેના અન્ય સત્તાધીશોના હાથમાં છે. તેઓ જે ધારે છે તેથી અન્યથા કોઇપણ હિંદી અન્તઃકરણનો આદેશ હોઇ જ ન શકે. અને આજ સુધી આપણા રાજ્યકર્તાઓ હિંદુસ્થાનનું રાજ્ય ચલાવતા આવ્યા છે, આવડી મોટી પ્રજાને ગુલામીમાં જકડી રાખી છે એ બધું પણ તેમના અન્ત:કરણના આદેશને અનુસરીને જ ચાલી રહ્યું છે ને? ઑગસ્ટના આઠમીનો ઠરાવ ભુલભરેલો હતો, આજના બદલાયલા સયોગોમાં એ ઠરાવ ફેરફાર માંગે છે, આજે પ્રજાની પાર વિનાની હાડમારીઓનું નિવારણ વધારે અગત્યનો પ્રશ્ન છે અને તે ખાતર રાજકારણી અસહકાર મોકુફ રાખવો જોઇએ એવી કાંઇ સરકાર પક્ષે વાતો અને દલીલો કરવામાં આવે તો જરૂર તે ઉપર લક્ષ્ય આપવામાં આવે, પણ અન્તઃકરણને વચમાં શા માટે લાવવામાં આવતું હશે તે સમજાતું નથી. અન્તઃકરણના અવાજને અનુસરવાનો ઉપદેશ આપનારાઓ પહેલાં પોતાના અન્તઃકરણને તપાસે અને તે ધોરણે પોતાના આજ સુધીના રાજ્ય વહીવટની અને શાહીવાદી શોષણની પ્રથાની સમીક્ષા કરે અને પછી બીજાને અન્તઃકરણની સલાહ લેવાનું કહેવાની ધૃષ્ટતા કરે. પણ હકીકત તો એમ છે કે ગાંધીજીથી માંડીને નાનામાં નાના કોંગ્રેસના આગેવાનોના અન્તઃકરણનો અવાજ શું હોઇ શકે તેની આપણા કરતાં નામદાર વેવલ સાહેબને વધારે ખબર છે. અન્તઃકરણની વાત લાવીને તેઓ આજની મડાગાંઠને લાંબુ આયુષ્ય આપવા માંગે છે અને હાલતાં અને ચાલતાં રાજ્ય વહીવટ અને યુદ્ધ પ્રવૃત્તિમાં મુંઝવણો અને આડખીલો ઉભી કરતા ગાંધી અને જવાહરને તેઓ જ્યાં છે ત્યાં કાયમ રાખવામાંજ સલ્તનતનું વધારે કલ્યાણ રહેલું છે એમ તેઓ માને છે. જે સંસ્થાએ સરકારની હસ્તી આ દેશમાંથી નાબુદ કરી પ્રજાને સર્વ પ્રકારે સ્વાધીન એવું રાજશાસન સ્થાપવાનો માત્ર મનોરથ સેવ્યો છે એટલું જ નહિ પણ સક્રિય કાર્યક્રમ રજુ કર્યો છે તે સંસ્થા પોતાનું પણ અને રીતભાત છોડે નહિ ત્યાં સુધી તે સંસ્થા તેમજ તેના આગેવાનો પ્રત્યે સરકારનું આવું કટ્ટર વિરોધી વળણ હોય તે તદ્દન સ્વાભાવિક છે અને તે વિષે કોઇને કશો હરખશોક છે જ નહિ. આઝાદીની લડત લાંબી જ હોય. તેની મંજલ દરમિયાન અનેક યાતનાઓ વેઠવાની હોય અને અપાર બલિદાનો આપવાના હોય. અધીરા બન્યે અને નાક ઘસ્યે બીજું જે કાંઇ આવવાનું હશે તે આવશે. સ્વરાજ્ય તો નહિ જ આવે.

જેમનામાં પ્રજાનો ખુબ વિશ્વાસ છે એવા લોકનાયકોનો જેલવાસ, દેશ આખામાં વટહુકમો વડે મોટે ભાગે ચાલતો રાજ્યવહીવટ, હિંદુ – મુસલમાનના વધી પડેલાં વેરઝેર, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યને ચોતરફથી રૂંધ્યા કરતી આબોહવા,–આ સર્વ ભૂમિકા વચ્ચે ક્રીપ્સની દરખાસ્તો હજુ ઉભી જ છે, દેશને સંપૂર્ણ સ્વાતંત્ર્ય બક્ષવાનો અમારો કોલ છે, તમે બધા એકત્ર થઇને જે માંગો તે આપવાને અમે હંમેશા તત્પર જ છીએ–એમ કહ્યા કરવું તે ગળું રૂંધીને મોઢે સાકરનો ટુકડો ધરવા બરોબર છે. તેવી દરખાસ્તોનો અને તેવી બાંહ્યધરીઓનો સામાન્ય પ્રજાજનો માટે કશો અર્થ કે આકર્ષણ નથી. તમને સ્વતંત્ર બનાવવાનો અમારો નિરધાર છે એ શબ્દો પાછળ જ્યાં સુધી તદનુકુળ વર્તન અને વહીવટનો પ્રજાને અનુભવ ન થાય ત્યાં સુધી એ શબ્દો પ્રજાજનોને કેવળ પોકળ જ લાગવાના. પ્રચારની દૃષ્ટિએ અમેરિકા અને અન્ય દેશો માટે આવી ઉદ્‌ઘોષણાઓનો જે કાંઇ અર્થ હોય તે ભલે હો! આપણને તો એ ઉદ્‌ઘોષણા હોય કે ન હોય જ્યાં હતાં ત્યાંથી એક ડગલું પણ આગળ વધતા હોઇએ એવું લેશ માત્ર ભાન થતું નથી. પ્રજા દબાયલી છે, સરકાર સલામત છે. આજની પરિસ્થિતિનો આ જ સાર છે. ભાવી અંધારાથી ભરેલું છે.

નામદાર વેવલ સાહેબે પોતાના પ્રસ્તુત ભાષણમાં એક બાબતની સ્પષ્ટતા કરી છે તે અમુક અંશે આવકારદાયક છે. પાકીસ્તાનના પ્રશ્ન ઉપર સરકારનું આજ સુધીનું વળણ ખુબ જ અસ્પષ્ટ અને સંદિગ્ધ હતું. આ બાબતમાં હવે સરકારે પોતાનું વલણ ચોકકસ કર્યું હોય, એમ લાગે છે. આ પ્રશ્ન ઉપર વેવલ સાહેબે સ્પષ્ટપણે જણાવ્યું છે કે “ઇતિહાસ ઘણા દાખલાઓ આ બાબતમાં પુરા પાડે છે. વર્ગભેદ કે જાતિભેદના પ્રશ્નોના ઉકેલ અનેક રીતે કરવામાં આવ્યા છે. ઇંગ્લાંડ અને સ્કૉટલેંડ સદીઓના ઝઘડા બાદ સંપૂર્ણ રીતે એકત્ર બન્યા છે. કેનેડામાં પણ અંગ્રેજો અને ફ્રેન્ચ લોકો પરસ્પરને સંતોષકારક સમવાયી

તંત્ર ઉભું કરી શકયા છે અને તે બરોબર ચાલે છે. ફ્રેંચ, ઇટાલીયન, અને જર્મન પ્રજાના બનેલા સ્વીટઝરલેંડે વળી જુદા જ પ્રકારનું સમવાયી તંત્ર રચ્યું છે. આ બધામાં જાતિગત તેમજ ધાર્મિક ભેદો હયાતી ધરાવતા હતા. યુનાઇટેડ સ્ટેટસમાં ભયંકર આન્તર્વિગ્રહના કડવા અનુભવમાંથી પસાર થઇને ધાર્મિક તેમ જ જાતિગત વિવિધ પ્રજાકીય તત્ત્વો સમવાયી તંત્રનું અવલંબન લઇને એક સંગઠિત પ્રજાસ્વરૂપમાં પરિણમેલ છે. આયર્લેંડમાં પરસ્પરવિરોધી તત્ત્વો હજુ સુધી એકત્ર થઇ શકયા નથી અને આયર્લેંડમાં એક પ્રકારનું પાકીસ્તાન વર્તે છે, જો કે આ સરખામણી અમુક અંશમાં જ હિંદને લાગુ પડે તેવી છે. રશીઆએ વળી નવીન પ્રકારની જ રચના ઉભી કરી છે અને તેનો અભ્યાસ જરૂર લાભદાયી નીવડવા સંભવ છે. હિંદુસ્થાનના ભાવી બંધારણની યોજનાઓ વિચારનાર માટે આવા અનેક બંધારણો અભ્યાસ અને મનન કરવા યોગ્ય છે. પોતાને કયા પ્રકારનું બંધારણ અનુકુળ આવશે અને રાષ્ટ્રીય જરૂરિયાતોને પહોંચી વળશે તે હિંદે પોતે જ નક્કી કરવાનું છે. પણ ભૌગોલિક રચનાને કોઇ ફેરવી શકે તેમ છે જ નહિ.” વળી હિંદની આન્તર્ગત એકતાને આગળ ધરીને વેવલ સાહેબે જણાવ્યું છે કે “હિંદુસ્થાનની એકતા અને હિંદુ મુસલમાનના ભેદભાવ સંબંધમાં હું આટલું જ કહી શકું તેમ છું કે તમે ભૂગોળને બદલી નહિ શકો. રક્ષણના દૃષ્ટિબિંદુથી, બહારની દુનિયા સાથેના સંબંધોના દૃષ્ટિબિન્દુએ તેમજ આન્તર્ગત તથા બહારના અનેક પ્રશ્નોને ધ્યાનમાં લેતાં પણ હિંદુસ્થાન એક સ્વાભાવિક એકમ–Natural unit–છે.” આપણે આશા રાખીએ નામદાર વેવલ સાહેબના આ ઉદ્ગારો પાકીસ્તાનની આત્મઘાતક હઠ ઉપર ચઢેલા મુસલમાન ભાઇઓની આંખ ઉઘાડશે અને એક અખંડ અને અવિભાજ્ય હિંદુસ્થાનને સ્વાધીન અને સ્વતંત્ર બનાવવાના રાષ્ટ્રીય મહાસભાના ધ્યેય અને પ્રવૃત્તિને પુરો સાથ અને સહકાર આપવા પ્રેરશે. આજે આપણે ભાંગી ગયા છીએ; કારણ કે આપણે જુદા છીએ. આવતી કાલે આપણે એકત્ર બનીએ; સ્વરાજ્ય હાથવેંતમાં જ છે.

### નવદંપતીને આશીર્વાદ.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી અને પ્રબુદ્ધ જૈનના વાચકોને સુપરિચિત વાર્તાલેખક શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનાં પુત્રી બહેન સવિતાનું તા૦ ૨૬–૨–૪૪ ના રોજ કાઠિયાવાડના જાણીતા લોકસેવક શ્રી. વજુભાઇ શાહના ભાઇ શ્રી જયન્તભાઇ સાથે લગ્ન થયું. લગ્ન પ્રસંગે વરકન્યા ખાદીના વસ્ત્રોમાં સજ્જ થયાં હતાં અને લગ્ન સમારંભ બહુ સાદાઇથી ઉજવવામાં આવ્યો હતો. બહેન સવિતાએ ભાઇ મેઘાણીની શીળી છત્રછાયા નીચે ઉચા શિક્ષણ અને સંસ્કારનું અનુપાન કર્યું છે અને ભાઇ જયન્ત પોતાના અન્ય ભાઇઓની માફક એક નાના સરખા રાષ્ટ્રસેવક છે અને હમણા જ સરકારી કારાવાસથી પાછા ફર્યા છે. સમાન શિલગુણ સંપન્ન નવદંપતીને મુંબઇ જૈન યુવક સંઘના આશીર્વાદ અને અનેક શુભેચ્છાઓ છે.

### ‘જે સમયજ્ઞ છે, તે સર્વજ્ઞ છે.’

શ્રી ધુમકેતુએ વડોદરામાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદ્ના સાહિત્ય વિભાગના પ્રમુખસ્થાનેથી અનેક વિષયો અને બાબતોને સ્પર્શતું અને કેટલાક મૌલિક વિચારો રજુ કરતું વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં ઉપરના સૂત્રનું સુન્દર નિરૂપણ કરતો ચતુર્વિંશતિ પ્રબંધમાંનો એક પ્રસંગ અવતરિત કરવામાં આવ્યો હતો જે નીચે મુજબ છે.

“વૃદ્ધવાદી સૂરિ અને સિદ્ધસેન દિવાકરનો ભૂગુકચ્છથી આવતાં રસ્તામાં ભેટો થયો. સિદ્ધસેને કહ્યું કે ‘મારી સાથે વાદ કરો.’ વૃદ્ધવાદીસૂરિએ કહ્યું કે ‘એ વાદનો અહિં નિર્ણય કોણ કરશે? અહિં રસ્તામાં તો કોઇ વિદ્વાન સભાસદો નથી.’ સિદ્ધસેને કહ્યું કે ‘આ ગોવાળો છે, એ જ આપણા સભાસદો.’ પછી બન્નેની વચ્ચે વાદ થયો. સિદ્ધસેન તો સંસ્કૃતના મહાજ્ઞાતા હતા. વિદ્વાનની છટાથી એમ પૂર્વપક્ષ રજુ કર્યો. પણ જ્યાં એક આંકડો પણ પણ સમજવાની શકિત ન હતી એવા ગોવાળો પાસે આ વિદ્વતાનો કશો જ અર્થ ન હતો. પછી વૃદ્ધવાદી સૂરિ બોલ્યા–ગોવાળો સમજે તેવું કે–

**“ન મારિઅઇ, ન ચોરિઅઇ, પરદારહ સંગુ નિવારિઅઇ; થોવા થોવું દાઇઅઇ, તઉ સગ્ગિ ટ્રગુટ્રગુ જાઇઅઇ.”**

ભાવાર્થ:–કોઇને મારીએ નહિ, ચોરી કરીએ નહિ, પરદારસંગ કરીએ નહિ, થોડું થોડું આપીએ તો સ્વર્ગે જઇએ.

કહેવાની જરૂર નથી કે વૃદ્ધવાદીસૂરિના લાભમાં ગોવાળોએ ફેંસલો આપ્યો. સિદ્ધસેને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેના શિષ્ય થવાની તૈયારી બતાવી. એ વખતે સિદ્ધસેને કહેલું એક વાકય યાદ રાખવા જેવું છેઃ ‘જે સમયજ્ઞ છે’ તે સર્વજ્ઞ છે.’

પરમાનંદ.

---

## સંઘ સમાચાર

### પૂજ્ય કસ્તુરબા વિષે સંઘનો ઠરાવ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા૦ ૨૯–૨–૪૪ ના રોજ મળેલી સભાએ શ્રી. કસ્તુરબાના અવસાન વિષે નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

‘ આ સભા શ્રી. કસ્તુરબાના અવસાન પરત્વે અત્યંત ખેદની લાગણી પ્રદર્શિત કરે છે, મહાત્મા ગાંધીજી પ્રત્યે આ શોકજનક પ્રસંગે અન્તઃકરણની સહાનુભૂતિ પાઠવે છે, શ્રી. કસ્તુરબાના સ્વર્ગવાસથી એક આદર્શ ગૃહિણી અને વાત્સલ્યભરી માતાની હિંદુસ્થાનને ખોટ પડી છે એમ જાહેર કરે છે અને કસ્તુરબાના આત્માને પરમ શાન્તિ મળો એવી પરમાત્માને પ્રાર્થના કરે છે.”

### ગજપંથાજીનો અત્યાચાર

ગજપંથાજી ઉપર કરવામા આવેલી ઘોર અત્યાચાર સંબંધે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી હિંદી સરકાર ઉપર નીચે મુજબ તાર કરવામાં આવ્યો હતો.

“કેટલાક સોલ્જરોએ નાસિક પાસે આવેલા ગજપંથાજી ઉપર જે જંગલી અત્યાચાર કર્યો છે તે સમાચાર સાંભળીને મુંબઇ જૈન યુવક સંઘને સખ્ત આઘાત લાગ્યો છે અને ગુનેહગારોને પકડીને પુરી નસીયત આપવા, થયેલી નુકશાનીનો ભરપાઇ કરી આપવા, અને આવું કદિ પણ ફરીથી બનવા ન પામે. એવો સખ્ત પ્રબંધ કરવા સરકારને મુંબઇ જૈન યુવક સંઘ આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરે છે.”

### મણિભાઈ સન્માન થેલી

**સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ**

**મણિભાઇ સન્માન થેલીમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને પોતાનો ફાળો સત્વર મોકલી આપવા અને એ રીતે પોતાના મંત્રી, સાથી અને નાયકના સન્માન કાર્યમાં બનતો સાથ આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.**

# પાટણનું જ્ઞાનમંદિર: સાહિત્ય તથા ચિત્રકળાની અમૂલ્ય સામગ્રી

ગુજરાતના મુખ્ય મુખ્ય શહેરોમાં આવેલા જ્ઞાનભંડારોમાં પાટણનું શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર પ્રથમ સ્થાન ધરાવે છે. પાટણ એ ગુજરાતની રાજધાનીનું શહેર હોવાથી તેમજ ત્યાં સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ જેવા રાજાઓ તેમજ કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ જેવા આચાર્યોના મહાન કાર્યોથી જગવિખ્યાત છે. આ મહાન વ્યકિતઓ પૈકી રાજા સિદ્ધરાજ જયસિંહની વિનંતિથી શ્રી હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ વ્યાકરણ' રચ્યું હતું અને કુમારપાળ રાજાએ પાટણમાં એકવીશ જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. શ્રી વસ્તુપાળ તેજપાળ તેમજ માંડવગઢના મંત્રી પેથડશાહ જેવી મહાન વ્યકિતઓએ પણ ભિન્ન ભિન્ન સ્થળોએ જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. આ જ્ઞાનમંદિરો ઉભા કરવામાં જૈન આચાર્યોની અને સાધુઓની મહેનત તથા જૈન ધનાઢ્યોના ધનનો મોટો ફાળો છે.

જૈન ધર્મના ગ્રંથો લખવાની શરૂઆત વીર સંવત ૯૮૦ ની સાલમાં વલ્લભીપુરમાં જૈન આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમા–શ્રમણે કરી હતી. તે પહેલાં સાધુઓની યાદશક્તિ વધારે હોઇ આગમો વગેરે ધર્મશાસ્ત્રો કંઠે કરી રખાતા હતા. શરૂઆતમાં પુસ્તકો તાડપત્ર ઉપરજ લખવામાં આવતા હતા અને તેમાં જાત જાતના રંગીન ચિત્રો પણ ચીતરવામાં આવતા હતા. તાડપત્ર ઉપર પંદરમી સદી સુધી ગ્રંથો લખાયા અને તે અરસામાં કાગળનો વપરાશ ચાલુ થવાથી તે પછીના ગ્રંથોમાં પણ જાતજાતનાં ચિત્રો ચીતરવામાં આવતા. કેટલાક ગ્રંથો સોનેરી તથા રૂપેરી શાહીથી લખાયેલા અત્યારે પણ જોવામાં આવે છે.

પાટણ, ખંભાત અને જેસલમેરના જ્ઞાનભંડારોમાં તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથો બીજા ભંડારો કરતાં ઘણા વધારે છે. તેમાં પણ જેસલમેરના ઘણા ગ્રંથો પાટણથી ગયેલા મનાય છે.

પાટણ રાજદ્વારી ઉથલપાથલનું કેંદ્ર હોઇ અવારનવાર ગ્રંથો સાચવવામાં મુશ્કેલીઓ ઉભી થતી હતી. કેટલીક વખત ગ્રંથોને ભોંયરાઓમાં સંતાડી દેવામાં આવતા અને આવા કેટલાંયે ભોંયરાઓ પાછળથી વિસરી જવાતા. આ કારણે તેમજ ઉધઇ વગેરે જીવજંતુથી તથા સાચવનારાઓની બેદરકારીથી આજ સુધીમાં ઘણા ગ્રંથોનો નાશ થયો હશે. પાટણના ઘણાયે તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથો ભૂકો થઇ જવાથી કોથળાઓ ભરી સરસ્વતી નદીમાં પધરાવી દેવામાં આવ્યા છે. કેટલાયે તાડપત્રના તેમજ કાગળના ગ્રંથો ચોરાઇને તેમજ વેચાઇને યુરોપ, અમેરિકાના તથા હિંદુસ્થાનના અન્ય પુસ્તકાલયોમાં તથા મ્યુઝીયમોમાં પહોંચી ગયા છે.

ઉપર જણાવેલ કારણોને લીધે પારવિનાનું ગ્રંથ સાહિત્ય નાશ પામવા છતાં આચાર્યો અને શ્રાવકોની મહેનત તથા કાળજીના પરિણામે હાલ પાટણમાં હસ્તલિખિત ગ્રંથોથી ભરેલા નવ જ્ઞાનભંડારો બચવા પામ્યા છે. આ સંગ્રહોને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી તથા તેમના શિષ્ય મુનિશ્રી ચતુરવિજયજી અને હાલમાં બીરાજમાન તેમના શિષ્ય મુનિશ્રી પુણ્યવિજયજીએ અથાગ પરિશ્રમ વેઠીને લગભગ પચ્ચીસ વર્ષ સુધી સતત મહેનત લઇ વ્યવસ્થિત કરેલ છે. આ નવે જ્ઞાનભંડારોના ગ્રંથોને એકજ મકાનમાં સુવ્યવસ્થિત રાખવાની તેમજ અત્યારે મળતા સાધનો પ્રમાણે જાળવવાના હેતુથી થોડા સમય પહેલાં એક જ્ઞાનમંદિર ખોલવામાં આવ્યું છે અને આ જ્ઞાનમંદિરનો વહીવટ પાટણના શ્રીસંઘના કબજા અને દેખરેખ નીચે ચાલુ છે.

આ જ્ઞાનમંદિરમાં ગ્રંથો રાખવા માટે પાંચ ઓરડા બનાવવામાં આવ્યા છે, જેમાં ગોદરેજના ચાળીશ લોખંડના કબાટો ગોઠવવામાં આવ્યા છે. ઉપર જણાવેલ નવ જ્ઞાન ભંડારો પૈકી (૧) શ્રી સંઘના ભંડારના (૨) શ્રી વાડી પાર્શ્વનાથના ભંડારના (૩) શ્રી મહાલક્ષ્મીના પાડાના ભંડારના (૪) શ્રી સાગરના ઉપાશ્રયના ભંડારના અને (૫) શ્રી હેમચંદ્રાચાર્ય લાયબ્રેરીના ગ્રંથો જ્ઞાનમંદિરમાં આવી ગયા છે. હજુ (૬) શ્રી તપગચ્છના પોળીયા ઉપાશ્રયના ભંડારના (૭) સંઘવીના પાડાના ભંડારના (૮) ખેતરવસીના ભંડારના તથા (૯) ભાભાના પાડાના ભંડારોના ગ્રંથો આવવાના બાકી છે. આ બધા ગ્રંથોની સંખ્યા આશરે વીસ હજાર જેટલી થવા જાય છે. તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથોની સંખ્યા આશરે ત્રણસોની છે, જેમાં જુનામાં જુની પ્રત વિક્રમ સંવત્ ૧૧૫૭ ની સાલની છે. આ ગ્રંથોમાં ઘણી જુની ચિત્રકળાનો સંગ્રહ છે. અજંટા અને જૈન હસ્તલિખિત ગ્રંથો સિવાય જુની ચિત્રકળા હિંદુસ્થાનમાં ભાગ્યેજ અન્યત્ર જોવામાં આવે છે. આ ગ્રંથ સંગ્રહોમાં જૈન ધર્મના આગમો તેમજ અન્ય શાસ્ત્રગ્રંથો ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર જ્યોતિષ, નાટક, શિલ્પ, લક્ષણશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર વગેરે જુદી જુદી ભાષામાં લખાયેલ વિપુલ સાહિત્યસામગ્રી રહેલી છે.

આજે આ અપૂર્વ ગ્રંથ સંગ્રહના સંશોધનનું કાર્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ વર્ષોથી ચલાવી રહ્યા છે. તેમની સલાહ અને સૂચના પ્રમાણે આ ગ્રંથોને નવા કાગળોથી ઢાંકીને તેને માપના લાકડાના ડબ્બાઓ બનાવરાવી તેમાં વ્યવસ્થિત નંબરો લખી મૂકવામાં આવે છે અને આ ડબ્બાઓને લોખંડના કબાટોમાં અનુક્રમે ગોઠવવામાં આવે છે. આ કામ પુરૂં થયેથી પ્રસ્તુત ગ્રંથસંગ્રહની આધારભૂત યાદી બહાર પાડવામાં આવશે. આ યાદીમાં ગ્રંથોના નંબર, તેનો વિષય, કઇ સાલમાં લખાયેલ, તથા કયા આચાર્યનું લખેલું વગેરે હકીકતો આપવામાં આવશે.

આ અમૂલ્ય ખજાનો સાચવવાની વ્યવસ્થા કરવામાં આવી છે, પણ તે ગ્રંથો પૈકી કેટલાંક જીર્ણ થઇ ગયેલા હોવાથી તેની નકલો કરાવવાની જરૂર છે. વળી આ ગ્રંથોનું સંશોધન અને ભાષાંતર કરાવીને છપાવી બહાર પાડવાની જરૂર છે. આમ કરવામાં આવે તો જ આ અમૂલ્ય વારસાનો લાભ જૈન તેમજ જૈનેતર પ્રજાને મળી શકે. આ જાતની માંગણી પણ ઘણા જૈન અને જૈનેતર તરફથી અવારનવાર કરવામાં આવે છે. આ કામ માટે દરવર્ષે ઓછામાં ઓછા દશ હજાર રૂપીયાનો ખર્ચ કરવામાં આવે તો આ કામ પાર પડે. એક વિદ્વાન પંડિત તેમ જ એક બે લહિયા રાખી મુનિશ્રી પુણ્યવિજયજીની તેમજ અન્ય સાધુઓની સુચના અને સલાહ પ્રમાણે આ કામ હાથ ધરવું જોઇએ. આવી યોજના હાથ ધરવા માટે અને તેને લગતા ખર્ચને પહોંચી વળવા માટે બહુ મોટી રકમ એકઠી કરવી જોઇએ અને તે માટે આજનો વખત ઉતમ છે. આજે લોકો આગળ સારા પ્રમાણમાં ધન એકઠું થયું છે અને સારા કાર્યમાં દ્રવ્ય ખરચવાની લોકોમાં વૃતિ જાગી છે, આજના અનુકુળ સંયોગો ધ્યાનમાં લઇને પાટણના શ્રી સંઘે આ કાર્ય માટે એક ફંડ શરૂ કરેલ છે. આ કાર્ય સમસ્ત જૈન જનતાનું તેમજ જ્ઞાનપ્રિય તેમજ કળાપ્રિય વિશાળ સમાજનું છે, તો ઉપરના ફંડમાં પ્રસ્તુતકાર્યનું મહત્વ ધ્યાનમાં લઇને જેનાથી જેટલી આર્થિક મદદ મોકલી શકાય તેટલી પાટણના સંઘને મોકલે એવી મારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

મણિલાલ મોહનલાલ ઝવેરી.

## સંઘ સમાચાર

**ભુલસુધાર:** ગયા અંકમાં સંઘના સામાન્ય ફાળામાં ગયે વર્ષે મદદ આપનારાઓની એક યાદી પ્રગટ કરવામાં આવી હતી તેમાં રૂ. ૨૫) શ્રી કાન્તિલાલ ડી. શાહના નામ ઉપર ભુલથી લખેલા તે રૂ. ૨૫) કાન્તિલાલ ડી. કોરા તરફથી મળ્યા છે.

એવી જ રીતે શ્રી. ચંદુલાલ ટી. શાહે સંઘની રાહત પ્રવૃત્તિમાં રૂ. ૧૦૦ આપ્યા છે પણ તેના બદલે છાપભુલને લીધે ગયા અંકમાં તેમના તરફથી રૂ. ૧૦ મળ્યાનું છપાયું છે.

**સંઘની રાહત પ્રવૃત્તિ:** સંઘની રેશન તથા રોકડ રાહત ખાતે ૧૦૦ કુટુંબોનાં નામ નોંધાઇ ગયાં છે. આ પ્રવૃત્તિમાં મળેલી અને મળતી આર્થિક મદદ ધ્યાનમાં લઇને જ્યાં સુધી કોઇ મોટી રકમ મળે નહિ ત્યાં સુધી હવે નવાં નામો નહિ નોંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચાલુ રાહત કાર્યને પહોંચી વળવા માટે જ લગભગ રૂ. ૮૦૦ ની રકમની અપેક્ષા રહે છે. ચાર માસની મર્યાદાથી શરૂ કરાયલું આ કાર્ય બે માસ વધારે આગળ ચલાવવાનું ઠરાવવામાં આવ્યું છે. જેમ જેમ આ કાર્યમાં બહારથી આર્થિક પુરવણી થતી જશે તેમ તેમ આ કાર્યને આગળ લંબાવવામાં આવશે.

સંઘની રાહત પ્રવૃત્તિમાં નીચે મુજબની રકમો મળી છે.

રૂ. ૫૦૧ શ્રી. વીઠ્ઠલદાસ કાળીદાસ.

રૂ. ૨૦૦) મેસર્સ ચીમનલાલ પ્રેમચંદની કું.

આ બન્ને ગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

**મણિભાઇ સન્માન થેલી:** આ પ્રવૃત્તિને શ્રી. મણિભાઇના મિત્રો તેમજ પ્રશંસકો તરફથી બહુ સારો ટેકો મળ્યો છે, અને એકઠી કરવા ધારેલી રકમ લગભગ ભરાઇ જવા આવી છે. સંઘના સભ્યોએ પોતાની શકિત મુજબ ફુલ નહિ તો ફુલની પાંખડી એ ન્યાયે પોતાની શક્તિ તેમજ ઇચ્છા મુજબ કાંઇને કાંઇ રકમ મોકલી આપીને મણિભાઇ પ્રત્યેની પોતાની આદર વૃત્તિને વ્યકત કરવી જોઇએ. અન્ય મિત્રોને તેમજ શુભેચ્છકોને પણ કોઇના મળવા આવવાની કે કહેવાની રાહ જોયા સિવાય પોતાની ઇચ્છા મુજબ પોતપોતાનો ફાળો સત્વર મોકલી આપવા વિનતિ કરવામાં આવે છે. આ સન્માન થેલી સંબંધે એક ગેરસમજુતી દૂર કરવાની જરૂર લાગે છે. શ્રી. મણિભાઇએ સંઘના પુસ્તકાલયને રૂ. ૧૦૦૦૦) ની રકમ આપવાની પોતાની ઇચ્છા જાહેર કરી છે તેને અને તેમના સન્માન નિમિત્તે એકઠા કરવામાં આવનાર રૂ. ૧૦૦૦૦, અથવા તો જેટલી વધારે એકઠી થઇ શકે તે રકમને કશો પણ સંબંધ છે જ નહિ. આ રીતે અર્પણ કરવામાં આવતી રકમ જેને તે રકમ આપવામાં આવે તેની મરજી મુજબ એવા જ કોઇ જાહેર જનતાના સેવાકાર્યમાં આપી દેવાનો ચાલુ રવૈયો છે અને પ્રસ્તુત રકમનો પણ એવો જ ઉપયોગ થવાનો છે. એક રીતે શ્રી. મણિભાઇનું તો એક નિમિત્ત છે. આ ખ્યાલમાં રાખીને શ્રી. મણિભાઇને જાણનાર, સમજનાર તેમજ તેમના વિષે આદર ધરાવનાર સૌ કોઇ ભાઇ બહેન આ થેલીમાં ધારણા કરતાં પણ વધારે મોટી રકમ એકઠી કરવાના શુભ કાર્યમાં પોતાનો ફાળો વિના વિલંબે અને પુરા ઉદાર ભાવથી મોકલી આપવા કૃપા કરશે એવી આશા રાખવામાં આવે છે.

ચાલુ માર્ચ માસ દરમિયાન શ્રી. મણિભાઇને લગતો સન્માન સમારંભ યોજવામાં આવશે અને ત્યાં સુધીમાં જે કાંઇ રકમ એકઠી થઇ હશે તે તેમને અર્પણ કરવામાં આવશે. આને લગતી વિગતો હવે પછી નક્કી થયે પ્રગટ કરવામાં આવશે.

**મંત્રી-મણિભાઇ સન્માન સમિતિ.**

### પૂર્વ આફ્રિકાના 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકો પ્રત્યે

પૂર્વ આફ્રિકામાંના પ્રદેશોમાં 'પ્રબુદ્ધ જૈન'ની નકલો ઠીક સંખ્યામાં જાય છે અને જે સમાચારો મળે છે તે ઉપરથી માલુમ પડે છે કે પ્રબુદ્ધ જૈન તે પ્રદેશોમાં બહોળા પ્રમાણમાં વંચાય છે. ત્યાં વસતા અને પ્રબુદ્ધ જૈન દ્વારા અમારી સાથે સંકળાયલા બંધુઓને શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાંથી તેમને આકર્ષક અને ઉત્તેજન યોગ્ય લાગે તે તે પ્રવૃત્તિમાં પોતાથી બનતો ફાળો મોકલતા રહેવા ખાસ વિનંતિ કરવામાં આવે છે. હાલ તુરત સંઘ તરફથી ચાલતી રાહત પ્રવૃત્તિ તેમજ મણિભાઇ સન્માન થેલી તરફ તેમનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. શ્રી મણિભાઇને લગતો સન્માન સમારંભ પતી જાય ત્યાર પછી પણ તેમના સન્માન નિમિતની જે કાંઇ રકમ આવશે તે રકમનો શ્રી. મણિભાઇની ઇચ્છા મુજબના કોઇને કોઇ સેવાકાર્યમાં ઉપયોગ થશે. આ અમારી વિજ્ઞપ્તિ પુરેપુરી આર્થિક અને સફળ નીવડશે એવી અમો આશા રાખીએ છીએ.

**વ્રજલાલ ધરમચંદ મેઘાણી  રતિલાલ ચીમનલાલ કોઠારી**

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

### સદ્ગત શ્રી. ધનજીભાઇ દેવશી તથા શ્રી. અમૃતલાલ લક્ષ્મીચંદ ખોખાણી

શ્રી. ધનજીભાઇ દેવશી અને શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ ખોખાણીના અવસાનથી ઘાટકોપરે બે અગ્રગણ્ય શહેરીઓ ગુમાવ્યા છે. ઘાટકોપરના જાહેર જીવનમાં બન્નેનો ફાળો સારા પ્રમાણમાં હતો. શ્રી. ધનજીભાઇ મોટા શાહ સોદાગર તરીકે જાણીતા હતા. તેઓ શાંત સ્વભાવના, નિરભિમાની ગ્રહસ્થ હતા. ઘાટકોપરના સ્થાનકવાસી સંઘના વર્ષો સુધી તેઓ પ્રમુખ હતા. અને સ્થાનકવાસી કોન્ફરન્સના દશમા અધિવેશનના સ્વાગત પ્રમુખ હતા. રાષ્ટ્રીય કન્યાશાળા માટે મોટી રકમનું દાન આપી તેઓએ ઘાટકોપરની એક ખોટ પુરી પાડી છે. રાષ્ટ્રીયશાળા સાથે તેમનું નામ જોડાયલું છે. તેમના સુપુત્રો શ્રી ધનજીભાઇની દાન પ્રણાલિકા ચાલુ રાખશે એમ આશા રાખીએ છીએ.

શ્રી. અમૃતલાલ ખોખાણી એક બાહોશ વેપારી હોવા ઉપરાંત, રાષ્ટ્રવાદી પ્રગતિશીલ વિચાર ધરાવનાર વ્યકિત હતા. ઘાટકોપરની હિંદુ સભાનું ભવ્ય મકાન અને તેની ઇતર પ્રવૃત્તિઓ મોટે ભાગે તેમને આભારી છે. જાહેર સેવાના કોઇપણ કાર્યમાં તેઓ મોખરે રહેતા અને નાદુરસ્ત તબીયત છતાં ખૂબ મહેનત લેતા.

બન્નેના આત્માને પરમાત્મા શાન્તિ આપે. **ચીમનલાલ શાહ**

**હરકોર શેઠાણીનું જીવન ચરિત્ર:** ઉપર જણાવેલ વિષય ઉપર ગુજરાત વર્નાકયુલર સોસાયટી હસ્તક રૂપાંબાઇ સ્ત્રી શિક્ષક ઉત્તેજન ફંડ ખાતેથી રૂ. ૧૦૦ ના ઇનામથી માત્ર જૈન બહેનો પાસેથી નિબંધ મંગાવવાનો ઠરાવ થયો છે. જે જૈન બહેનની આ ઇનામ માટેની હરીફાઇમાં ઉતરવા ઇચ્છા હોય તેમણે પોતાનો નિબંધ તા૦ ૧૫ મી મે ૧૯૪૪ સુધીમાં ઓનરરી સેક્રેટરી, ગુજરાત વર્નાકયુલર સોસાયટી, પો. બો. નં. ૨૩, ભદ્ર, અમદાવાદ એ સરનામે લખી મોકલવો. જે ઉમેદવારનો નિબંધ કારોબારી સમિતિને ઉત્તમ જણાશે તેમને રૂ. ૧૦૦ નું ઇનામ આપવામાં આવશે. નિબંધનું લખાણ ઓછામાં ઓછું ફૂલ્સકેપ સોળપેજી સાઇઝનાં છાપેલાં ૧૦૦ પૃષ્ઠ જેટલું હોવું જોઇએ. નિબંધ મોકલનારે નિબંધ નીચે પોતાનું નામ ન લખતાં સંજ્ઞા લખવી અને પોતાનું નામ તથા સરનામું જુદા કવરમાં લખી મોકલવું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨૨

મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૪ બુધવાર.

લવાજમ
રૂપિયા ૩

## ગાંધીજીના શબ્દોમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન.

(સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી છે અને તેને ઉન્નત કરવા માટે સ્ત્રી તથા પુરૂષ પોતપોતાના ધર્મો વિચારી શું કરી શકે તે દર્શાવતા ગાંધીજીના વિચારો તેમનાં અનેક લખાણોમાંથી પસંદ કરીને ૭૫મી ગાંધીજયંતીના અવસર ઉપર અમદાવાદના મજુર મહાજને નાના પુસ્તિકાના આકારમાં પ્રગટ કરેલા તે નીચે આપવામાં આવે છે. પરમાનંદ.)

જેમાં હિંદુસ્તાનનો ઉધ્ધાર રહેલો છે અને જેના વિના હિંદુસ્તાનનો ઉધ્ધાર ન થઇ શકે એવી ભારે છતાં સાદી વાત તમારી સાથે મારે કરવી છે:

### બહેનો જાગૃત થાય તો

જ્યારે હિંદુસ્થાનની બહેનો જાગૃત થાય ત્યારે સ્વરાજને કોણ રોકી શકનાર છે? સ્ત્રીઓએ વીર પુરૂષોને પેદા કર્યા ત્યારે દેશો સ્વતંત્ર બન્યા છે. સ્ત્રીઓએ પોતાના સર્વસ્વનું બલિદાન કરી પ્રજાનું રક્ષણ કર્યું છે. એ સ્ત્રીઓ જ્યારે હિંદુસ્થાનનુ દુઃખ સમજે ત્યારે તે દુઃખ કેટલા દહાડા નભી શકે? હિંદુસ્તાનમાં શાંત માર્ગથી સ્વરાજ મળવાનું હશે તો સ્ત્રીઓએ તેમાં પૂરો ભાગ લેવો જ પડશે

### સ્ત્રીઓ વિષે સમાજે વિચાર કરવો ઘટે

ભારત વર્ષમાં સ્ત્રીપુરૂષોનો શો સંબંધ છે, સ્ત્રી જનમંડળમાં શું સ્થાન ભોગવે છે, તેનો વિચાર કરવામાં આવ્યો નથી. જેમ ભાષાને વિષે તેમજ સ્ત્રીઓને વિષે. આપણી માતૃભાષાને અને રાષ્ટ્રભાષાને તરછોડીને આપણા પ્રજાવર્ગથી શિક્ષિતવર્ગ જેમ વિખૂટો પડયો છે તેમજ આપણે સ્ત્રીસમાજને પણ તરછોડેલ છે. તેમનો રાષ્ટ્રીય જીવનમાં કંઇ હિસ્સો જ નથી એમ આપણે માની લીધું છે તેથી તેઓએ જાહેરજીવનમાં આજ લગી કશો ભાગ નથી લીધો.

### પુરૂષની જવાબદારી

મારો દૃઢ અભિપ્રાય છે કે, સ્ત્રીઓમાં જે કોઇ ખામીઓ પુરૂષો જુએ છે તેની જવાબદારી, કેવળ નહિ તો મોટેભાગે, તેના પોતાના ઉપર જ છે. જે વ્યક્તિ અથવા પ્રજા પોતાના દોષો જોવા નથી ઇચ્છતી અથવા કબૂલ કરતાં ડરે છે તે આગળ વધી જ ન શકે. આપણી આસપાસ રહેલો મેલ આપણે જોતા નથી, ત્યાં સુધી તે દૂર કરવાની શકિત આપણને મળતી જ નથી અને મેલ ઘર કરે છે. વળી જે દોષો આપણે કર્યા તેને સારી રીતે ન વખોડીએ ત્યાંસુધી બીજાના દોષ જોવાનો કે બતાવવાનો આપણને હક જ નથી મળતો.

### સ્ત્રીઓ ગુલામ છે

સ્ત્રી બિચારી ગુલામ તો છે. તેનાં નાક-કાન વીંધવાની ક્રિયામાં મેં તો હમેશાં તેની ગુલામીની નિશાની જ જોઇ છે. કાનની વાળીમાં રસી ભેરવી બળદની જેમ તાણી શકાય. ઘાતકી પતિઓએ નાક-કાનમાંનાં ઘરેણાં સહિત બન્ને કાપ્યાના દાખલાઓ મોજુદ છે.

પતિપત્નીના ધર્મ વિકટ છે. હિન્દુ પતિ એમ જ સમજતા જણાય છે કે પત્ની એ સોદાની વસ્તુ છે. આ મારો માલ છે એમ પોતાની અર્ધાંગનાને વિષે બોલતા રાક્ષસરૂપ પતિઓને મેં સાંભળ્યા છે. પતિ જેટલા ફેરફાર પોતાના જીવનમાં કરે તેટલા પત્ની તુરત સમજી લે ને અમલમાં મૂકે એમ કહેનારને શું કહીએ? પત્નીને કંઇ વ્યકિતત્વ હશે કે? દમયંતીને હતું, મીરાંબાઇએ ભજવી બતાવ્યું.

### જંગલીપણાનો અવશેષ

હિંદુસ્તાનમાં એવા કેટલાયે ધણી છે જે પોતાની સ્ત્રીને પોતાનાં ઢોર કે ઘરવખરીના જેવી પોતાની મિલકત ગણે છે, ને તેથી જેમ ઢોરને મારે તેમ સ્ત્રીને પણ મારવાનો પોતાનો હક છે એમ માને છે. સ્ત્રીઓને ઘરવખરી સમાન ગણીને તેમને મરજીમાં આવે ત્યારે મારવાનો ધણીને હક છે એવી માન્યતામાંથી ભણેલા ધણીઓ પણ મુકત નથી. સ્ત્રીઓ પ્રત્યે એ જાતનું વર્તન એ જંગલીપણાનો અવશેષ છે.

આપણને કોઇ ગાળ દે કે મારે તો આપણને તે નહિ ગમે તો પછી આપણે કોઇને કેમ ગાળ દઇએ? કેમ કોઇને મારીએ?

આપણામાં સ્ત્રીને હલકી ગણવાની જે પ્રથા પડેલી છે તેને જડમૂળથી ઉખેડવી જોઇએ.

### સ્ત્રી ભાવી પ્રજાની માતા.

કચડાયેલી સ્ત્રીની પ્રજા પણ કચડાયેલી જ હશે

જે પ્રજા પોતાનાં બાળકોને, પોતાની સ્ત્રીઓને અને પોતાના નોકરોને માન નથી આપતી તે પ્રજાની સભ્યતા નાશ પામે છે.

સ્ત્રી બાળકનું પોષણ કરનારી છે, તેની વિધાત્રી છે; તેના ઉપર બાળકના ચારિત્ર્યનો આધાર છે, તે બાળશિક્ષિકા છે, તેથી તે પ્રજાની માતા છે.

### સ્ત્રી અને પુરુષ સમાન છે.

સ્ત્રી એ પુરૂષની સહચારિણી છે, તેના સરખા જ મનવાળી છે, પુરૂષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએ જાણવાનો તેને અધિકાર છે. જેટલી છૂટ પુરૂષ ભોગવે છે તેટલી જ તેને ભોગવવાનો હક છે અને જેમ પુરૂષ પોતાના ક્ષેત્રમાં સર્વોપરી છે તેમ સ્ત્રી પોતાના ક્ષેત્રમાં છે. આ સ્થિતિ સ્વાભાવિક હોવી જોઇએ.

અજ્ઞાનરૂપી અંધકૂપમાં ડૂબેલા જડપુરૂષો પણ ન શોભી શકે, ન ભોગવી શકે તેવો અધિકાર કૂડી પ્રથાને લીધે સ્ત્રીઓ ઉપર ભોગવે છે. સ્ત્રીઓના આ દશાને લીધે આપણી ઘણી

પ્રવૃત્તિઓ અર્ધે જઇ અટકી પડે છે આપણાં ઘણાં કાર્યો પૂરાં શોભી નીકળતાં નથી. અર્ધી મૂડીથી. વેપાર કરનાર પચ્છમ બુદ્ધિ વેપારીના જેવી આપણી સ્થિતિ છે.

**સ્ત્રી અને પુરુષ એકબીજાની પૂરણી છે.**

સ્ત્રી અને પુરૂષ એક દરજ્જાનાં છે, એક જ નથી; એ અપૂર્વ જોડી છે, એકબીજાની પૂરણી છે અને બન્ને અરસપરસ ટેકારૂપ છે, તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ જ નથી. પણ જો પુરૂષ અથવા તો સ્ત્રી સ્થાનભ્રષ્ટ થાય તો બન્નેનો નાશ થાય, એ સિદ્ધાંત ઉપલી સ્થિતિમાંથી જ નીકળી આવે છે.

**સ્ત્રીને કેળવણી તો જોઇએ જ.**

પુરૂષે સ્ત્રી પાસેથી જનસમાજના સ્વાભાવિક હકો છિનવી લેવાનું અથવા તે ન આપવાનું કારણ વિદ્યાનો અભાવ ન હોવો જોઇએ, પણ એ સ્વાભાવિક હકો નિભાવવાને સારૂ, દિપાવવાને સારૂ, તેનો પ્રચાર કરવાને સારૂ, વિદ્યાની આવશ્યકતા છે જ. વળી વિદ્યા વિના લાખોને તો શુદ્ધ આત્મજ્ઞાન પણ ન મળી શકે. વિદ્યા વિનાનો માણસ પશુસમાન છે એ અતિશયોક્તિ નથી પણ શુદ્ધ ચિત્ર છે. એટલે જેમ પુરૂષને તેમજ સ્ત્રીને કેળવણી તો જોઇએ જ.

**દીકરાદીકરી વચ્ચે ભેદભાવ ન ઘટે.**

સ્ત્રીઓના અધિકારો વિષે એકે બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી. મારા મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરૂષ વચ્ચે કોઇ જાતની અસમાનતા રાખવી ન જોઇએ. દીકરા અને દીકરી વચ્ચે કોઇ જાતનો ભેદભાવ ન હોવો જોઇએ. જેમ જેમ સ્ત્રીજાતિને શિક્ષણ દ્વારા પોતાની શક્તિનું ભાન થતું જશે તેમ તેમ તેની સાથે આજે જે અસમાન વર્તન ચાલે છે તેનો વધારે ને વધારે ઉગ્ર વિરોધ થશે.

**સ્ત્રી પુરૂષની મિલકત નથી.**

પોતાની સહચરીના વિચાર જાણવાની તે પોતાની ફરજ સમજતો નથી. સ્ત્રીને તે પોતાની મિલકત સમજે છે અને પતિનો દાવો કબૂલ રાખનારી બિચારી પત્ની ઘણીવાર પોતાનો ભોગ આપે છે. આમાંથી નીકળવાનો માર્ગ છે ખરો. મીરાંબાઇએ તે માર્ગ બતાવ્યો હતો.

**જાહેર જીવનમાં સ્ત્રીનું સ્થાન**

સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત્ મૂર્તિ. જાહેર-જીવનમાં તેના પ્રવેશથી બે પરિણામ આવવાં જોઇએ; એક તો વાતાવરણની શુદ્ધિ અને બીજું મિલકત એકઠી કરવાના પુરૂષના લોભ ઉપર અંકુશ.

સ્ત્રીને આપણે બહુ દબાવી રાખી છે. સ્ત્રીનું સ્ત્રીત્વ હરાઇ ગયું છે. સેવાને અર્થે સ્ત્રીને બહાર નીકળવાનો અધિકાર છે, તેનો એ ધર્મ છે. આપણી હિલચાલમાં સ્ત્રીઓ દહાડે દહાડે ભાગ લેતી થઇ જશે. એથી સ્ત્રીઓ અને પુરૂષો એક જ ઓરડામાં આપણે વધારે ને વધારે જોઇશું. આ સ્થિતિ મને યથાસ્થિત લાગે છે.

**હિંદુધર્મમાં સ્ત્રી**

સ્ત્રીને હિંદુધર્મે એટલું ઉંચું સ્થાન દીધું છે કે આપણે 'સીતારામ' બોલીએ છીએ, 'રામસીતા' નથી બોલતા, 'રાધાકૃષ્ણ' કહીએ છીએ, 'કૃષ્ણરાધા' નથી કહેતા. સીતા નહોત તો રામને કોણ જાણત? સાવિત્રી ન હોત તો સત્યવાનનું નામ પણ કોઇએ જાણ્યું ન હોત! દ્રૌપદી ન હોત તો પાંડવોને કોઇ ન ઓળખત.

**સરખા હક અને ફરજો**

જો સ્ત્રીએ પતિ પ્રત્યે સતીત્વ સિદ્ધ કરવું ઘટે છે, તો પતિએ સત્વ સિદ્ધ કરવું ઘટે છે. સ્ત્રી પતિની દાસી નથી, તેની સહચારિણી છે, તેની અર્ધાંગના છે, મિત્ર છે; તેથી તેની જ સાથે સરખા હક ભોગવનારી છે, તેની સહધર્મિણી છે, તેથી બન્નેની ફરજો પણ એકબીજા પ્રત્યે ને જગત પ્રત્યે સરખી છે.

**જુવાનો શું કરે?**

સ્ત્રીની ઉપર જુલમગાર કાયદા લાદી પુરૂષે જે દોષો વહોર્યા છે તેના પ્રાયશ્ચિતરૂપે પુરૂષવર્ગે સ્ત્રીને મદદ કરવી ઘટે છે. આ આશા ઘડાયેલા વિચારવાળા વડીલો તરફથી રાખવી નિરર્થક છે. જુવાનવર્ગ મર્યાદામાં રહી સ્ત્રીને મદદ કરે એ બની શકે એવું છે. છેવટે તો સ્ત્રીનો ઉદ્ધાર સ્ત્રીજ કરશે. એવી સ્ત્રીઓ હજી હિંદુસ્તાનમાં બહુ જોવામાં નથી આવતી. જુવાન-વર્ગ જ્યારે બહોળા પાયા ઉપર સ્ત્રીની મદદે ધાશે ત્યારે સ્ત્રીઓમાં જાગૃતિ આવશે ને તેમનામાંથી સેવાપરાયણ વીરાંગનાઓ પેદા થશે.

**આપણા ઉદ્ધારનો આધાર સ્ત્રીઓ છે.**

આપણી સ્ત્રીઓ આપણા વિષયનું પાત્ર અને આપણી રસોઇયણ મટી આપણી સહચરી, આપણી અર્ધાંગના, આપણા સુખદુઃખની ભાગિયણ ન બને ત્યાં લગી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય છે. આપણી સ્ત્રીઓ આપણી ગોષ્ઠીમાં ભાગ લેતી, આપણી સાથે વાદવિવાદ કરતી, આપણા ઉદ્‌ગારો સમ-જતી, તેને પોષતી, પોતાની અલૌકિક પ્રેરણશક્તિથી આપણી બાહ્યોપાધિઓને સાનમાં સમજી તેમાં ભાગ લેતી, આપણને શીતળતામય શાંતિ દેતી થશે ત્યારે જ આપણો ઉદ્ધાર સંભવે છે. તે પહેલાં નહિ.

પુરૂષની કુદૃષ્ટિથી સ્ત્રીઓનું રક્ષણ કરવા સારૂ પડદો ઇલાજ નથી, પણ પુરૂષની પવિત્રતા એ ઇલાજ છે. પુરૂષને પવિત્ર કરવામાં સ્ત્રી બહુ મોટો ભાગ લઇ શકે છે. પડદામાં રહેલી દબાયેલી સ્ત્રી પુરૂષને પવિત્ર કેમ બનાવી શકે? તેને પુરૂષથી બીને ચાલવાની પ્રથમથી જ ટેવ પાડવામાં આવે તો તે પુરૂષને કેમ સુધારે? મારી માન્યતા છે કે પડદો નીતિનો પોષક નથી પણ ઘાતક છે.

**સ્ત્રીઓ અને ઘરેણાં**

હાથેપગે જે ઘરેણાં સ્ત્રીઓ પહેરે છે એ તેમની કેદની નિશાની છે. હાથ, પગ, કાન, નાક અને વાળમાં પુરાણાં ઘરેણાંથી લદાયેલી સ્ત્રી તે તે ભાગો સાફ રાખી નથી શકતી. તે તે જગ્યાએ મેલના જામેલા થર મેં ભાળ્યા છે. જે સ્ત્રીઓમાં જાગ્રતિ આવી છે, જે પોતે સ્વતંત્ર વિચાર કરતી થઇ ગઇ છે, જેને દેશસેવા કરવી છે, જે સ્વરાજ યજ્ઞમાં ભાગ લઇ રહી છે અથવા લેવા ઇચ્છે છે, તે ઘરેણાં વગેરેને વિષે પોતાની વિવેક-બુદ્ધિ કેમ ન વાપરે? જ્યારે હિંદુસ્તાનના કરોડોને ખાવાનું પુરૂં નથી મળતું, જ્યારે હિંદુસ્તાનમાં અત્યાચાર વ્યાપી રહ્યો છે ત્યારે બહેનો ઘરેણાંને કેમ પહેરી શકે?

**ગૃહની દેવતાઓ.**

ધર્મ સાચવવો એ નથી બ્રાહ્મણોના હાથમાં કે નથી પુરૂ-ષોના હાથમાં. એ તો સ્ત્રીઓના જ હાથમાં, છે. સમાજનો પાયો ગૃહ છે અને ધર્મ ગૃહમાં કેળવવાનો છે. ગૃહની સુવાસ આખા સમાજમાં ફેલાશે. કોઇ શહેરમાં ગમે તેટલો વેપાર ચાલતો હોય, ગમે તેટલી આબાદી દેખાતી હોય, પણ ત્યાં જો ઘર સારાં ન હોય તો એ શહેર સારૂં નથી એમ હું તરત કહું.

સ્ત્રીઓ જ ગૃહની દેવતાઓ છે. એ જો ધર્મ ન પાળે તો પ્રજાનું સત્યાનાશ વળી જાય.

( પૃષ્ટ ૧૯૭ થી ચાલુ )

# પયગંબર જરથોસ્તની જીવનગાથા

(કરાંચીના જાણીતા વિદ્વાન અને પારસી કોમના વડા દસ્તુર શ્રી. એમ. એન. ઢાલાએ Homage unto 'Ahura Mazda' એ નામનું એક અંગ્રેજી પુસ્તક પ્રગટ કર્યું છે. આ પુસ્તકમાં પારસીઓના મુખ્ય ધર્મગ્રંથોમાંથી કેટલાક વાક્યો તારવીને એકત્ર કરવામાં આવ્યા છે અને પ્રત્યેક અવતરણની સમજુતી આપતું કાવ્યાત્મક વિવેચન રજુ કરવામાં આવ્યું છે. આ વિવેચન જેવી રીતે એક બાજુએ જરથોસ્તી ધર્મની વિશેષતાઓ બહુ સુન્દર આકારમાં રજુ કરે છે તેવી રીતે બીજી બાજુએ શ્રી ઢાલાની અપૂર્વ વિદ્વત્તા તેમજ પ્રતિભાપૂર્ણ લેખન શૈલિનો બહુ સારો પરિચય કરાવે છે. પ્રસ્તુત પુસ્તકમાં જરથોસ્તી ધર્મના આદ્યપ્રરૂપક પયગંબર જરથોસ્તના જીવન–ચરિત્ર ઉપર ત્રણ પ્રકરણો આપવામાં આવ્યાં છે. જરથોસ્તનું ઐતિહાસિક અસ્તિત્વ સૌ કોઈ સ્વીકારે છે એમ છતાં તેમના જીવનકાળની નહિં જેવી માહીતીઓ ઉપલબ્ધ છે. તેમનો કાળ પાંચથી છ હજાર વર્ષ પૂર્વેનો કલ્પવામાં આવે છે. શ્રી. ઢાલાએ તેમની ઉપલબ્ધ જીવનકથાને નાનાં સરખાં ત્રણ શબ્દચિત્રો-દ્વારા સુન્દર અને મોહક રીતે આલેખી છે. પ્રસ્તુત પુસ્તકનું તેમણે જ ભાષાન્તર પણ બહાર પાડયું છે. પણ તે ભાષાન્તરની ભાષા ભારે સચોટ અને વેગવાળી હોવા છતાં ચાલુ ગુજરાતી ભાષાથી બહુ જુદા પ્રકારની લાગવાથી મેં ઉપર જણાવેલ ત્રણ પ્રકરણોનો લગભગ સ્વતંત્ર અનુવાદ કર્યો છે જે નીચે આપવામાં આવે છે.

અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે જેને હિંદુઓ 'ઇશ્વર' કહે છે, મુસલમાનો 'ખુદા' કહે છે અને ખ્રીસ્તીઓ 'ગૉડ' કહે છે તેને જરથોસ્તીઓ 'અહુરમઝદ'ના નામથી ઓળખે છે. અને જરથોસ્ત અહુરમઝદના પયગંબર હતા એમ તેઓ માને છે. **પરમાનંદ)**

### જન્મ કથા

શિયાળાની શીતળ નિદ્રા ધરતીએ પુરી કરી હતી અને પ્રભાવશાળી વસન્તનો ઉગમ થયો હતો. ઠંડી દરમિયાન ઉજ્જડ જેવાં થઇ ગયેલાં ખેતરો અને જંગલો નવેસરથી ખીલી ઉઠયાં હતાં. જમીન ઉપર લીલા ઘાસની ચાદર પથરાઇ રહી હતી અને જ્યાં ત્યાં વિચરતા પશુઓ અને આકાશમાં ઉડતાં કલ્લોલ કરતાં પંખીઓ આનંદનિમગ્ન દિસતા હતા. પાંદડાથી ઢંકાયલા કણ-સલામાં દાણાદાર કણો ફુટી નીકળ્યાં હતાં અને હરિયાળાં ખેતરો સોનેરી ડુંડાઓ વડે આમતેમ ડોલી રહ્યાં હતાં તથા ચોતરફ મધુરૂં હાસ્ય વેરી રહ્યા હતા. સ્મિત કરતાં પુષ્પો ચારે બાજુ સુવાસ ફેલાવી રહ્યાં હતાં અને એ ખુશબો વડે હવા સુવાસિત બની રહી હતી. પક્ષીઓનાં ગીત, અને દાડમ, અખરોટ, સેતુર અને એવાં અનેક વિશાળ વૃક્ષોની આરપાર વહેતા અને ગાજતા પવનનું સંગીત અને ઉંચી નીચે જમીન ઉપર વહી રહેલાં ઝરણાંઓના મંદ અને મોહક સુરો યુવાન તેમજ વૃદ્ધનાં દિલને હલાવી રહ્યાં હતાં. એ શુભ દિવસની સુંદર સવારે આર્યોની જન્મભૂમિ–'ઇરાન બેજ'માં–જેના રથને શ્વેત અશ્વો ખેંચી રહ્યા છે એવો–અપ્રતિમ તેજને વિસ્તરતો–સૂર્ય વાદળોને વિખેરીને પુર બહારમાં પ્રકાશી રહ્યો હતો. પ્રભાતની શીતળ તેજ–છાયામાં ધરતી ન્હાઇ રહી હતી. આ કાળે–આ સમયે–'દરેજ' નદીના કાંઠે આવેલા એક ગામડામાં ઇશ્વરે માનવદેહ ધારણ કર્યો હતો. સ્પીતમ કુળના પૈરૂશેષ્પને ઘેર એક દિવ્ય બાળકનો જન્મ થયો હતો. તે ભાગ્ય-શાળી પર્ણકુટિ ઉપર દિવ્ય તેજ અને શાન્તિ વરસી રહ્યાં હતાં.

તે પવિત્ર બાળકનું નામ જરથોસ્ત પાડવામાં આવ્યું. તેનો બાળદેહ કોઈ અનુપમ કાન્તિવડે ઝગમગી રહ્યો હતો. તેની આકૃતિ ઉપર પવિત્રતાની છાપ દેખાતી હતી તેની મુદ્રા ઉપર સત્યનું તેજ ચમકી રહ્યું હતું. તે ઘેટા જેવો નમ્ર, બુલબુલ જેવો મધુર અને સિંહ જેવો પ્રતાપી દેખાતો હતો. માનવીની આંખે કદિ જોયું ન હોય તેવું તેનું રૂપ હતું અને કદિ પણ શ્રવણગોચર થઇ ન હોય તેવી તેની પ્રતિભા હતી. શરીરે પવિત્ર, મનથી પવિત્ર, હૃદયથી પવિત્ર, આત્માથી પવિત્ર એવો તે માનવ જાતના પરમ કલ્યાણ અર્થે ઇશ્વરે આપેલી એક અમૂલ્ય અને અજોડ બક્ષીસ હતી.

કુદરતે રંગબેરંગી પોશાક ધારણ કર્યો હતો; સૂર્ય અધિક તેજ વડે પ્રકાશી રહ્યો હતો; વૃક્ષો ધરતી ઉપર પુષ્પોનો વરસાદ વરસાવી રહ્યા હતાં; ગુલાબો પુરબહારમાં ખીલી ઉઠયાં હતાં; ફુલ, પાંદડાં અને ઘાસમાંથી નીકળતી સુગંધ વડે હવા મહેક મહેક થઇ રહી હતી; વાડોની ઉપર નીચે વીંટળાઇ રહેલી વેલીઓ અજબ લાવણ્ય દાખવી રહી હતી; પક્ષીઓ પોતાના કલરવ વડે વહેતા વાયુને મુખરિત કરી રહ્યાં હતાં; સવારની ઝાકળનાં બિન્દુઓ વૃક્ષોની ડાળે ડાળે અને પાંદડે પાંદડે મોતીના દાણા માફક ચળકી રહ્યાં હતાં; વાદળો આકાશમાં અહિં તહીં આળોટી રહ્યાં હતાં; પવન વિશાળ વૃક્ષોમાં ગાજી રહ્યો હતો; હવામાં આનંદ ફરકી રહ્યો હતો; અને વૃક્ષની ડાળીઓ અને ઘાસનાં તરણાંઓ અને રેતીનાં રજકણો અને પક્ષીઓ અને પશુઓ અને માણસો અને સર્વત્ર સર્વ કોઈ એક રાગે અને એક તાલે હરખભેર ગાઇ રહ્યાં હતાં કે "જય હો, જય હો! અમારા માટે સ્પિતમ જરથોસ્ત જેવા મહાન પયગંબરનો જન્મ થયો છે! અમારાં તેમને વન્દન હો! વન્દન હો!".

પુરૂષોના; સ્ત્રીઓનાં અને બાળકોનાં હૈયાં આનંદથી ઉછળી પડયાં અને તેમના આત્માઓ હર્ષોર્મિથી પુલકિત બન્યા અને આનંદગીતો ગાતાં ગાતાં, તેઓ જ્યાં જગતનો દીપક પ્રગટયો હતો તે ઘર તરફ ઝડપભેર જવા લાગ્યાં. મંદિરમાં ઘટાઓ બજવા લાગ્યા અને તેના અવાજથી હવા ગાજવા લાગી. જ્યારે માનવીની દુનિયામાં ચોતરફથા આનંદ અને ઉત્સવનું વાતાવરણ ફેલાઇ રહ્યું હતું ત્યારે દેવોની દુનિયા પણ આનંદ તરંગોથી કાંઈ ઓછી ક્ષુબ્ધ થઇ નહોતી. સ્વર્ગની દુનિયા પણ આ આનંદ સમારંભમાં સામેલ થઇ અને અહુરમઝદનું વૈકુંઠ પણ આનંદ–અતિરેક સૂચવતાં દિવ્ય સંગીત વડે ગાજી ઉઠયું.

હે અહુરમઝદ! હે ઇશ્વર! પયગંબર જરથોસ્ત તારા સચ્ચિદાનંદમય સ્વરૂપની પ્રતિકૃતિ છે. તેઓ પોતાની સાકાર મૂર્તિદ્વારા તારા નિરંજન નિરાકાર સ્વરૂપને જ પ્રગટ કરે છે. તેમનામાં તું જ સર્વ રીતે અને પૂર્ણ પ્રકારે પ્રતિબિંબિત થયો છે. તેમનો લોકોત્તર ધર્મોપદેશ મારા જીવનમાં સંક્રાન્ત બને અને પરિણામે તેમનું જ સાદૃષ્ય મારામાં પ્રગટ થાય એવું મારૂં આમૂળ પરિવર્તન થાઓ! તેમની જેવા બનવાની સાધના હું એક નિષ્ટાથી કરી શકું અને તેમના વિશિષ્ટ ગુણો ચારિત્ર્યમાં યથાસ્વરૂપે વ્યક્ત કરૂં એવું તું મને આધ્યાત્મિક બળ આપ! જરથોસ્તના આદર્શોને અનુસરવાની તું મને પ્રેરણા, ટેક અને તાલીમ આપ! અને ઓ જીવનદાતા! તેમનો મને સદા જીવન્ત સંપર્ક રહે અને તેમના આદર્શ જીવનને અનુરૂપ મારૂં જીવન હું ઘડી શકું એ હેતુથી તેમણે ઉપદેશેલો જીવનક્રમ અમલમાં મૂકવાના મારા ચાલુ પ્રયત્નને તારી સહાય વડે સદા પ્રોત્સાહિત કરતો રહે! (અનુસંધાન પૃષ્ટ ૧૯૫ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

માર્ચ ૧૫ ૧૯૪૪


## ન્યાતોની કીલેબંધી.

આજે જ્યારે એક બાજુએ નાતજાતનાં બંધનો શિથિલ થતા જાય છે, આન્તર્જાતિય લગ્ન–સંબધો સારી સંખ્યામાં નિર્માણ થતા જાય છે, આજે મળતું ઉદાર શિક્ષણ અને ભિન્ન ભિન્ન જ્ઞાતિના લોકો વચ્ચે પરસ્પર વધતા જતા ગાઢ સંબંધના પરિણામે નાતજાતના બંધનોની અર્થહીનતા અને અસ્વાભાવિકતા સૌ કોઇ બુધ્ધિથી સ્વીકારવા લાગ્યું છે અને એ ઉપરાંત આજની ન્યાતો સત્તાધારી શ્રીમાનોના સ્વચ્છંદને નિભાવે છે અને ગરીબ માણસોને દબાવે છે આવો અભિપ્રાય દિનપ્રતિદિન બનતી ઘટનાઓથી વધારે ને પુષ્ટ થતો જાય છે ત્યારે બીજી બાજુએ કેટલીક ન્યાતો પોતાના બંધારણ અને બંધનોને વધારે મજબુત બનાવવાની અને એથી પ્રતિકુળ વળણ ધરાવતી વ્યક્તિઓને સામાજિક બહિષ્કારના સ્ત્રી વડે મુંઝવવાની અને દબાવવાની પ્રવૃત્તિઓ અખત્યાર કરી રહી છે. ગયે વર્ષે મુંબઇની કપોળ જ્ઞાતિના કેટલાક આગેવાનોએ આવો એક ભગીરથ પણ પરિણામે વંધ્ય પ્રયત્ન કર્યો હતો. કોઇ પણ કપોળની કન્યા બહાર જાય નહિ, કોઇ પણ કપોળ બહારથી કન્યા લાવે નહિ અને શુધ્ધ કપોળ માતપિતાનાં સન્તાનો સિવાય અન્ય કોઇ કપોળને હસ્પીતાલ, આરોગ્ય ભુવન, છાત્રાલય, સસ્તા ભાડાંનાં મકાનો જેવી અનેક કપોળ સંસ્થાનો લાભ ન મળે એવો એ પ્રવૃત્તિનો હેતુ હતો.

આવી જ એક જ્ઞાતિ સંગઠનની પ્રવૃત્તિ ખેડાની દશા પોરવાડ વાણીઆની જ્ઞાતિના આગેવાનોએ હાથ ધરી હોય એમ તે જ્ઞાતિ તરફથી જ્ઞાતિના નવા બંધારણનો એક કાચો ખરડો બહાર પડયો છે તે ઉપરથી માલુમ પડે છે. આ જ્ઞાતિ જૈનોની જ છે અને તેથી જૈન સમાજે આ બાબત ખાસ વિચારવી ઘટે છે. તે બંધારણની કેટલીક કલમો નીચે મુજબ છે.

૧. આ નિયમો સમગ્ર એકડાના આસામીઓને લાગુ પડે છે. એ આસામીઓનું લીસ્ટ તૈયાર કરી સાથેના પરિશિષ્ટ ક માં આપ્યું છે. જો સમગ્ર એકડા પૈકીના કોઇ આસામીનું નામ લીસ્ટમાં દાખલ કરવું રહી ગયું હોય તો તે આસામીએ આ નિયમો જાહેર થયાની તારીખથી એક મહિનાની અંદર લેખિત ખબર આપેથી ઘટતી તપાસ કરી તેનું નામ લીસ્ટમાં દાખલ કરવામાં આવશે.

૨. બહાર ગામનું કોઇ દશા પોરવાડ જૈન કુટુંબ આપણા એકડામાં દાખલ થવા માગતું હોય તો તેણે તે બાબતની લેખિત અરજી કરવી જોઇશે. આવી અરજી મળ્યા બાદ યોગ્ય તપાસ કરી તેને એકડામાં દાખલ કરવાનું ઠરશે તો તેની પાસેથી ઓછામાં ઓછા રૂ. ૫૦૧) લઇ એકડામાં દાખલ થયાની તારીખથી એક વર્ષની અંદર તેણે ખેડામાં અધિવાસ કરવો પડશે.

૩. આ એકડાની કન્યાઓ આ એકડાની અંદરજ દેવી જોઇએ. કોઇ પણ સંજોગોમાં કોઇ પણ કન્યા આ એકડાની બહાર આપી શકાશે નહિ અગર કન્યા પોતે પરણી શકશે નહિં.

૪. ઉપરના નિયમ ૩ નો ભંગ કરી કોઇ પણ કન્યા સંજોગોમાં એકડા બહાર પરણશે તો તે કન્યાનો વાલી એકડાનો કોઈ પણ ગુન્હેગાર ઠરશે.

**નોટ**:–કન્યાના માબાપ, ભરણપોષણ કરનાર, સંભાળ રાખનાર અગર કન્યાની સંભાળનો બોજો જે શખ્સ ઉપર હોય તે સર્વેનો "વાલી" શબ્દમાં સમાવેશ થાય છે.

આ ગુન્હો કરનાર ગુન્હો કર્યાની તારીખથી એટલે એકડા બહાર વિવાહ કર્યાની તારીખથી ૧૦ વર્ષ સુધી સંભા બહાર એટલે એકડાના વહેવારથી દુર થયેલ ગણાશે અને દશ વર્ષ વીત્યા બાદ તેને રૂ. ૧૫૦૧) દંડ લઈ ફરી સંભામાં દાખલ કરવામાં આવશે. આવા ગુન્હેગારનો દંડ પતતાં સુધી એટલે જ્યાં સુધી તે સંભા બહાર રહે અને ત્યાર પછી દંડ આપી સંભામાં ફરી દાખલ થાય નહિ ત્યાં સુધી તેને ઘેર આપેલી કન્યા પરણાવવી નહિ અને નવો વિવાહ કરવો નહિ.

૫ જો કોઇ શખ્સ એકડા બહારથી કન્યા લાવશે તો તેણે લગ્ન કરતાં પહેલાં કન્યા ભાણેખપતી વણીક કન્યા છે એવી મેઝર લાવી ન્યાતની ખાત્રી કરી આપવી જોઇશે. પરંતુ જો કોઇ શખ્સ ઉપર પ્રમાણે કન્યા સંબંધી ખાત્રી કરી આપ્યા અગાઉ આવી કન્યા સાથે લગ્ન કરશે તો લગ્ન કર્યાની તારીખથી તે સખ્સ સંભા બહાર ગણાશે. છતાં લગ્ન થયા પછી આવી ખાત્રી પોતાના ખર્ચે કરી આપવા તે તૈયાર હશે તો તેણે આ મતલબની લેખિત અરજી કરવી અને કન્યા ભાણેખપતી છે એવી ન્યાતની ખાત્રી કરી આપ્યેથી ન્યાત તેને રૂ. ૫૧) દંડ લઇને સંભામાં દાખલ કરી શકશે.

૬ સભા બહાર થયેલ વ્યકિત સાથે એકડાનો કોઇ પણ શખ્સ ખાવા ખવરાવવાનો અગર સારા પ્રસંગે જવા આવવાનો સંબંધ મહેલ્લાની રીતે અગર સગાઇની રીતે પણ રાખી શકશે નહિ. જો કોઇ શખ્સે આવો સંબંધ રાખ્યો હશે તો તે રૂ. ૫૧) ના દંડને પાત્ર થશે.

આ કલમો પાછળ કાળબળે ભાંગી જતી ન્યાતની દિવાલો ચારે બાજુથી કેમ મજબુત કરવી તે સિવાય બીજી કોઇ મનોદશા જોવામાં આવતી નથી. ન્યાતનો માણસ ન્યાતમાં જ કન્યા આપે, બને ત્યાં સુધી ન્યાતમાંથી જ કન્યા લાવે અને કોઇપણ સંયોગોમાં ભાણે ખપતી વણીક કન્યાથી ઇતર કન્યા સાથે સંબંધ બાંધી જ ન શકે, અને આ અને એવા બીજા જટિલ નિયમોનું ઉલ્લંઘન કરનાર અને તે કારણે જ્ઞાતિમાંથી બહિષ્કૃત થનાર વ્યક્તિ સાથે કોઇ ખાવા, ખવરાવવાનો કે તેને ત્યાં સારા અથવા માઠા ('માઠા' શબ્દ બંધારણના ખરડામાં ભુલથી રહી ગયો લાગે છે અને તે ભુલ સત્વર સુધારી લેવા બાબત પ્રસ્તુત જ્ઞાતિના પટેલોનું હું ખાસ ધ્યાન ખેંચું છું; કારણ કે સારા પ્રસંગે કોઇ આવ્યું ન આવ્યું તે માણસ ચલવી લે છે, પણ જ્ઞાતિબહિષ્કૃત માણસનું કે તેના સગાવહાલાનું મડદું જ્ઞાતિજનોના સાથ વિના રઝળી પડયું એવી ઘટના જ્ઞાતિબંધનને બને તેટલા મજબુત બનાવવાનો મનોરથ સેવનાર જ્ઞાતિપટેલોને મન ભારે આવકારદાયક અને આનંદજનક હોય છે) પ્રસંગે જવા આવવાનો સંબધ રાખી ન શકે–આ ઉપર જણાવેલ બંધારણનો મુખ્ય હેતુ છે. આખા બંધારણમાં જ્ઞાતિજનોની ઉન્નતિ થાય, નિરક્ષરતાનું નિવારણ થાય, અનિષ્ટ રૂઢિઓનો નાશ થાય, આરોગ્ય અને તન્દુરસ્તી વધે, કેળવણી પ્રસાર થાય–એવો કોઇ વિચાર, કલ્પના કે યોજના જોવામાં આવતી નથી. જ્ઞાતિજનોને માત્ર એક જ ચિન્તા છે કે પોતાની માલેકીની જ જાણે કે મીલ્કત હોય તેમ પોતાની જ્ઞાતિની

કન્યાઓ ભુલેચુકે જ્ઞાતિ બહાર વરી ન જાય. અને આજે તો એમ પણ ઘણી વખત બને છે કે ઉચ્ચ શિક્ષણ પામેલી અને મોટી ઉમ્મરની કન્યાઓ માબાપની ઇચ્છા હોય તો પણ પોતાને અનુકુળ લાગે ત્યાં પોતાનો સંબંધ સ્વેચ્છાથી નક્કી કરે છે. આવા સંયોગમાં માબાપનો કશોજ દોષ હોતો નથી એમ છતાં પણ તે માબાપ તો ઉપર જણાવેલ નિયમ મુજબ ન્યાતના ગુનેહગાર બને છે એટલુંજ નહિ પણ એવી કન્યાનું ભરણપોષણ કરનાર અથવા તો કન્યાની સંભાળનો બોજો વહન કરનાર કમનસીબ શખ્સ પણ કન્યાના કહેવાતા સ્વચ્છંદ બદલ ન્યાતનો ગુનેહગાર બને છે. આ તે ક્યાંનો ન્યાય અને ક્યાંની રીતિ? ન્યાતની શૃંખલાઓ મજબુત બનાવવાના ગાંડપણમાં નરી વાસ્તવિકતાનો પણ વિચાર ન કરવો? આ તે કેવુ વૈચિત્ર્ય?

એ બંધારણના ખરડામાં આગળ ચાલતાં એક ભારે વિચિત્ર કલમ આવે છે જે નીચે મુજબ છે.

૬. જો કોઇ સ્ત્રીની ઉંમર ૨૮ વર્ષની થઇ હોય અને કંઇ ફરજન થયું ના હોય તો તેવી ઓરત ઉપર બીજી ઓરત ન્યાતની પરવાનગીથી પરણી શકાશે. પણ જો કોઇ શખ્સ ન્યાતની પરવાનગી સિવાય ફરીથી લગ્ન કરશે તો તે શખ્સ રૂ. ૫૫૧) ના દંડને પાત્ર થશે અને જે શખ્સે તેવા શખ્સને કન્યા આપી હશે તે રૂ. ૧૫૧) ના દંડને પાત્ર થશે. પ્રથમની ઓરતને ખેવડું પલ્લુ ફરીથી પરણનાર શખ્સે કરવું પડશે. ઉપર પ્રમાણે નહિ વર્તનાર શખ્સને ન્યાતના વહેવારથી દૂર થયેલ ગણવામાં આવશે.

આ કલમ સંતતિ–અભાવના કારણે એક ઉપર બીજી સ્ત્રી કરવાના રીવાજને પ્રસ્તુત જ્ઞાતિ યોગ્ય ગણે છે એટલુ જ નહિ પણ તે ઉપર પોતાની સંમતિની મહોર મારે છે. માત્ર આ બાબતમાં ઉમ્મરની એક મર્યાદા મૂકવામાં આવી છે જેની ઉપેક્ષા ન્યાતમાં લાગવગ ધરાવતી વ્યક્તિઓ સહેલાઇથી મંજુરી કરાવી શકે છે એવો આપણો આજ સુધીનો અનુભવ છે. જ્યારે એક ઉપર બીજી સ્ત્રી કરવાની પ્રથા ચોતરફ ઘૃણાને પાત્ર બનેલી છે ત્યારે પોતાનું સંગઠન સાધવા બેઠેલી ન્યાત ફરજન નથી એના મામુલી કારણે આવા લગ્નને વધાવવા તત્પર બની છે એ ભારે આશ્ચર્યકારક ઘટના છે. કાળનાં વહેણ ગમે તેટલાં વહે અને દુનિયા ગમે તેટલાં પરિવર્તનો પામે, પણ આપણા દેશની જ્ઞાતિઓ અને તેના સૂત્રધારોના મનેદશામાં કોઇ કાળે ફેરફાર થવાની શકયતા છે જ નહિ. દેશી રાજાઓ બદલાય તો જ્ઞાતિના પટેલો બદલાય. પરિવર્તિત દેશકાળમાં બન્ને સંસ્થાઓ આજે અસ્થાને છે અને પોતાની સર્વ ઉપયોગીતા ગુમાવીને કેવળ અનર્થની પરંપરા ચાલુ રાખવા પુરતી જ જીવી રહી હોય એમ લાગે છે. જ્ઞાતિના સમજુ આગેવાનોએ કન્યાઓ વરાવવાને લગતા ક્ષેત્રની આટલી બધી ચિન્તા ધરાવવાનું છોડી દઇને પોતાનાં જ્ઞાતિજનોનો અભ્યુદય કેમ થાય, આર્થિક મુંઝવણો કેમ ટળે અને તેઓ ઉદાત્ત અને કર્તવ્યનિષ્ટ નગરજનો કેમ બને તેનો વિચાર અને યોજનાઓ કરવી જોઇએ અને એ રીતે પોતાના આથમતા અસ્તિત્વ અને જીવિતવ્યને સાર્થક અને કલ્યાણવાહી બનાવવું જોઇએ. આની સાથે જમાય અને આની સાથે જમવા ન બેસાય–આ પ્રથા અને માન્યતા આજે કેવળ ભૂતકાળમાં ડુબવા લાગી છે તેવી જ રીતે કન્યાલેવડદેવડના વાડાઓ, ગોળો અને ન્યાતજાતના સીમાક્ષેત્રો તડાતડ તુટવા લાગ્યા છે અને ભૂતકાળ તરફ ગતિ કરી રહ્યા છે. આ બંધનોને પુનર્જીવન આપવાના સર્વ પ્રયત્નો મિથ્યા છે. કાળ તેની વિરૂદ્ધ છે; દેશની ભાવી સમાજ રચના ઘોળ, એકડા તડા અને વાડાઓનો ઉચ્છેદ માંગી રહેલ છે.

સદ્‌ભાગ્યે આ બંધારણ પ્રસ્તુત જ્ઞાતિએ મંજુર કરીને અમલમાં મુકયું નથી. તે માટે તેઓ થોડા સમયમાં મળનાર છે. આ રજુ કરવામાં આવેલ ખરડા સામે કેટલા આગળ પડતા યુવાન વિચારકોએ પોતાનો વિરોધ નોંધાવ્યો છે. આ બાબતને લગતી જ્યારે પણ ન્યાતની સભા મળે ત્યારે આવા પ્રત્યાઘાતી બંધારણનો સખ્તમાં સખ્ત સામનો કરવાનું તે યુવાનો નહિ ચુકે એવી આશા અસ્થાને નહિ ગણાય. જ્ઞાતિબંધના દૈત્યે દેશનું આજ સુધીમાં બને તેટલું અહિત કરવામાં પાછું વાળીને જોયું નથી અને આજે પણ જ્યાં અવકાશ મળે છે ત્યાં પોતાનું મોઢું અને કાળકરાલ દંષ્ટ્રા બહાર કાઢયા વિના રહેતો નથી. તેને તો જમીનદોસ્ત કર્યેજ છુટકો છે. **પરમાનંદ**

## પયગંબર જરથોસ્તની જીવન ગાથા—

(પૃષ્ઠ ૧૯૩ થી ચાલુ)

### ઉપસર્ગ કથા

**(ભગવાન મહાવીર, બુદ્ધ તેમજ ઇશુ ખ્રીસ્તને પોતાના સાધનાકાળ દરમિયાન જેવાં આધિદૈવિક પ્રલોભનો તેમજ પરિષહોમાંથી પસાર થવું પડેલું તેવા જ અનુકુળ–પ્રતિકુળ ઉપસર્ગોમાંથી ભગવાન જરથોસ્તને પણ પસાર થવું પડયું હોય તેમ નીચેની વિગતો ઉપરથી માલુમ પડે છે.)**

જ્યાં અસત્યનું જ સામ્રાજ્ય પ્રવર્તમાન છે એવા તમોલોકના સ્વામી 'અંગ્રમન્યુ'એ એવી જાહેરાત કરી કે 'જે કોઇ તમોલોકવાસી જરથોસ્તને લોભલાલચમાં ફસાવીને ધર્મપતિત કરશે તેને તમોલોકના સામ્રાજ્યતંત્રમાં બહુ ઉંચા અધિકાર ઉપર નિયુક્ત કરવામાં આવશે.' કોઇ પણ માનવીને ધર્મભ્રષ્ટ કરવો એ જ જેનો શક્તિવિશેષ છે એવા 'બુઇતી' નામના અસુર મહાશયે આ કામ કરવાનું બીડું ઝડપ્યું. ભિન્નભિન્ન યુકિત પ્રયુકિતઓ વડે તેણે જરથોસ્તને ચલાયમાન કરવા પાર વિનાના પ્રયત્નો કર્યા, પણ સર્વ પ્રકારે તે નિષ્ફળ નિવડયો અને નાસીપાસ થયો. અહુરમઝદ–ઇશ્વર–ના પયગંબરે તેને મુંઝવી માર્યો અને તેની બુદ્ધિ બહેર મારી ગઇ. પોતાના કાર્યમાં કેવળ નાસીપાસ બનેલો બુઇતી બુમબરાડા પાડતો ભગવાન જરથોસ્ત પાસેથી નાઠો અને તમો લોક તરફ નાસી છુટયો.

ક્રોધ અને ઇર્ષ્યાથી બળી રહેલા અંગ્રમન્યુ એ ઇશ્વરના પયગંબર ઉપર બને તેટલું વેર લેવાનો નિશ્ચય કર્યો જરથોસ્તનો જાણે કે કોઇ અનન્ય મિત્ર હોય તેવો દેખાવ ધારણ કરીને મીઠું મધુરૂં સ્મિત વરસાવતો તે જરથોસ્ત પાસે ગયો, અને કાકલુદીભર્યા શબ્દો વડે તેમને કહેવા લાગ્યો કે "માનવ કુળમાં જન્મ પામેલો તુ પણ એક પામર માનવી છે અને મારા આક્રમણ સામે જરા પણ ટક્કર ઝીલવાનું તું જરા પણ સામર્થ્ય ધરાવતો નથી. જો તું ઇશ્વર વિષેની શ્રદ્ધાનો ઇન્કાર કરે તો હું તને કલ્પનામાં ન આવે એટલી દોલતનો સ્વામી બનાવું અને દુનિયાનું સામ્રાજ્ય તારે હવાલે કરૂં." તેને જરથોસ્તે જવાબ આપ્યો કે "દુનિયાની કોઇ દોલત કે જીવવાનો કોઇ મોહ મને ઇશ્વરપ્રણીત ધર્મથી ચલાયમાન કરી શકશે જ નહિ અને કોઇ મારા પ્રાણ લઇ લે તોપણ ધર્મપથથી ક્ષણ માત્ર પણ કોઇ મને વિખુટો કરી શકશે નહિ."

પછી તમોલોકના–દુષ્ટતાની દુનિયાના–તે સમ્રાટે અસુરોનાં ટોળેટોળાં જરથોસ્ત ઉપર હુમલો કરવા માટે છોડી મુકયાં. પણ જાણે કે અચળપ્રતિષ્ટ ખડક હોય નહિ તેમ જરથોસ્તને તેની ટેકમાંથી કોઇ લેશ માત્ર ડગાવી શકયું નહિ. તે પવિત્ર પુરૂષે સૌ કોઇને ધુળ ભેગા કરી દીધા અને ગભરાવીને નસાડી મૂકયા. ચીસો પાડતાં અને આક્રંદ કરતાં તેઓ જીવ લઇને દોજખની દિશા તરફ પલાયન કરી ગયા.

જરથોસ્તને જોઇને અંગ્રમન્યુ મૂઢ બની ગયો. તે અસુરેનો અધિપતિ જરથોસ્તને પગે પડયો અને જાણે કે ગુલામ હોય તેવી રીતે તેમના ચરણોમાં આળોટવા લાગ્યો. મર્મઘાતક વેદનાવડે તેની આંખોમાંથી આસુઓ વહેવા લાગ્યા અને તેને કબુલ કરવું પડયું કે "આજ સુધી થયેલા રૂષિ મુનિઓ કે વિદ્યાધરો જે સાધી શકયા નથી તે જરથોસ્તે સાધ્યું છે. જો કે બીજાંઓ માફક તે કેવળ પાર્થિવ તત્વનોજ બનેલો છે એમ છતાં પણ આજ સુધી જેને કોઇએ હરાવ્યો નથી એવા મારા સૈન્યને અને મને જરથોસ્તે હંફાવ્યો છે અને હરાવ્યો છે.'

અનેક પ્રલોભનોનો સામનો કરવો એનું નામ, ઓ ભગવાન! જીવન છે. મારી આસપાસ અને મારા જીવનની આરપાર અનેક લોભ લાલચ ઘેરો ઘાલીને બેઠી છે. પ્રલોભનો મને કશી ફરજ પાડતા નથી, પણ અજ્ઞાન અને નિર્બળતાનો ભોગ બનેલો હું એ પ્રલોભનોની જાળમાં સ્વેચ્છાએ સપડાઉં છું ને ઉંચી કક્ષામાંથી સરકતો સરકતો પામરતાની નિકૃષ્ટ કોટિએ જઇને પછડાઉં છું.

ઓ અહુરમઝદ! ઓ ઇશ્વર! લોભલાલચની સામે અડગ ઉભા રહેવાનું મને બળ આપ! પ્રલોભનની જ્વાળામાં જરા પણ પીગળે નહિ એવું નક્કર પોલાદ જેવું મને મનોબળ આપ! પ્રલોભનોનો સામનો કરવાની મારી તાકાત કદિ શિથિલ મંદપ્રાણ ન બને! કોઇપણ લાલચને વશ બનીને હું કદિ નીતિભ્રષ્ટ ન બનું! કોઇ પણ કામના કદિ મારા ચિત્ત ઉપર અસવાર થઇને મને તેનો ગુલામ ન બનાવે! મનને ઉન્મત બનાવતા વિકારોનું દમન અને નિયમન કરવાનું મને બળ આપ કે જેથી હું કોઇ પણ પ્રલોભનનો સહેલાઇથી શિકાર બની ન બેસું! પ્રલોભનો સામે ટક્કર ઝીલતાં હું સદા સુરક્ષિત રહું એવી મને શકિત આપ! અહુરમઝદ! જેવી રીતે જરથોસ્તે પોતાના કાળમાં સર્વ કોઇ પ્રલોભનોને પરાસ્ત કીધા હતા તેવી રીતે જ્યારે કોઇ પણ લોભ, લાલચ કે પ્રલોભનનો મારા ઉપર હુમલો આવે ત્યારે તેની સાથે લડી શકું, તેને હરાવી શકું અને તેને પગ નીચે કચરીને તેના કુચેકુચા કરી શકું તે માટે જરૂરી હિંમતની મને નવાજેશ કર!

## નિર્વાણ કથા.

સફેદ બાલવાળાં મસ્તક ઉપર સીત્તોતેર વર્ષનો બોજો વહન કરતા ભગવાન જરથોસ્ત એક દિવસ ઉનાળાની સવારે પોતાના ધ્યાન મંદિરમાં બેઠા હતા અને પોતાના સ્વર્ગ પ્રતિષ્ઠિત પિતાના ધ્યાન અને ચિન્તનમાં એકાકાર બન્યા હતા તેવામાં બ્રત્રરેશના ખુની હાથનો તેમના પવિત્ર દેહ ઉપર ફટકો પડયો અને તે તુરાની તરવારે તેમના પ્રાણને દેહથી વિખુટો કર્યો.

વિનાશ અને મૃત્યુ સાથે ઉદ્‌ભવ પામતી સુમસામ શાન્તિ પૃથ્વી ઉપર પસરતી પસરતી 'ઇરાનવેજ'નો પ્રદેશ કે જ્યાં પરમ કૃપાળુ પયગંબરે પોતાનો છેલ્લો શ્વાસ ખેંચ્યો હતો ત્યાંની ધરતી ઉપર ઠરીઠામ થઇને બેઠી. કુદરતે જાણે કે વૈધવ્યનો વેશ ધારણ કર્યો. વર્તમાન ગ્રીષ્મ રૂતુની ઉપેક્ષા કરીને કવખતની પાનખર રૂતુ જાણે કે એકાએક શરૂ થઇ ગઈ હોય તેમ વૃક્ષો ઉપરથી પાંદડાંઓ ખરવા લાગ્યાં. ફુલો ઘાસ માફક ચીમળાયાં અને સુકાયાં અને ગુલાબનાં પુષ્પો ખીલવા પહેલાંજ કરમાવા લાગ્યાં. બુલબુલ પક્ષી ગુલાબનું સંવનન કરવું વિસરી ગયું અને તેમાંનો મધુર મકરંદ પીવાનું તેણે છોડી દીધું. ઉદાસીન બનીને બરાડતાં ગાયઢોર ઘુમરાનાં બેઠાં, અને તેમની આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યાં. પવન નિસાસા નાંખવા લાગ્યો અને અસ્ખલિત આક્રંદ વડે જંગલની નિરવ શાંન્તિનો ભંગ કરવા લાગ્યો. આ રીતે તે ભયાનક દિવસ અપાર ગમગીનીમાં પસાર થયો.

આથમતો સૂર્ય ક્ષિતિજના પ્રદેશો ઉપર અગ્નિઅશ્રુ સારતો સારતો આખરે પોતાના દૈનિક મરણને શરણ થયો. સાયંકાળની રંગબેરંગી સંધ્યાએ પણ ધીમે ધીમે ઘેરી શ્યામલતા ધારણ કરી. રાત્રીનો અંધાર પછેડો પૃથ્વીના વિશાળ પટ ઉપર પથરાઈ ગયો. આકાશમાં કાળાં કાળાં ભયાનક વાદળાઓ ચઢી આવ્યાં અને તારાઓ દેખાતાં બંધ થયા. 'વીરાફ'ના કહેવા મુજબ નરક–લોકનો અંધકાર એવો ઘટ્ટ હોય છે કે તે હાથ વડે પકડી શકાય છે. આ કમનસીબ દુનીયા ઉપર પણ એ વખતે એવો ઘટ્ટ અંધકાર છવાઇ રહ્યો.

તેવામાં અશ્રુ સારતી નિસર્ગે પોતાની ગંભીર શાન્તિનો એકાએક પરિત્યાગ કર્યો અને પંચભૂતોએ માણસ જાત સામે લડાઈ જાહેર કરી. પૃથ્વી, વાયુ, જળ અને અગ્નિના અધિષ્ટાયક દેવોએ વીજળી અને ગર્જના વડે પોતાનો રોષ પ્રગટ કર્યો. 'વાજીસ્ત'ની વીજળીના ભ.લાંઓ જેવા ચમકારા વડે તેમણે પોતાનો મનોગત ક્ષોભ વ્યકત કર્યો અને તિશતર'ના ગડગડાટ કરતાં કાલકરાળ વાદળાઓ દ્વારા તેમણે પોતાનો રોષ જાહેર કર્યો. જે તોફાન અત્યાર સુધી ભયાનક ભાવીની આગાહી આપતું અંદરને અંદર ધમધમી રહ્યું હતું તે હવે પુર જોશમાં ફાટી નીકળ્યું. આકાશ ઘનઘોર બન્યું અને ધરતિ ધ્રુજવા અને કંપવા લાગી. વાયુ ઘુઘવાટા અને સુસંવાટા કરવા લાગ્યો અને રાક્ષસી વૃક્ષોને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવા લાગ્યો. વર્ષાનાં વાદળોએ શ્રવણભેદી ગર્જનાઓ વડે પૃથ્વીના પાયા હચમચાવી નાંખ્યા અને અનવરત વરસાદથી પૃથ્વી ઉપર પાણીને રેલમછેલ કરી મૂકી.

અહુરમઝદના ફિરસ્તાઓએ શંખધ્વનિ કર્યો અને કુદરતનું તોફાન શાન્ત થવા લાગ્યું, શમવા માંડયું. ઉંચે આકાશમાં ચોકી કરતા રાત્રિના ચોકીદારે લાખો રૂપેરી મીણબત્તીઓ આકાશમાં પ્રગટાવી. ટમટમતા તારાઓથી ચકચકિત બનેલા આકાશના પૂર્વ ભાગમાં શાન્તિ અને સ્વાસ્થ્યની પાંખો ઉપર સ્વાર થયેલા ઉજ્જવળ અને મનોહર અરૂણનું દર્શન થયું. દક્ષિણ દિશાએથી આવી રહેલા મંદમધુર મલયાનિલની લહરિઓ ચોતરફ સુવાસને ફેલાવી રહી. જગન્નિયન્તાના દરબારમાં તખ્તનશીન થવા માટે ઇશ્વરના પયગંબરનો પવિત્ર આત્મા ગરોથમાનને માર્ગે ઉંચે ને ઉંચે ઉડ્ડયન કરી રહ્યો.

ચોતરફ જ્યાં મૃત્યુની છાયા પસરી રહી છે ત્યાં જરથોસ્ત અમર છે–મૃત્યુથી પર છે. તે સદાકાળ જીવન્ત છે. જ્યારે ઉંચા કુળના, મોટી પદવી ધરાવનારા અને બહાદુરીથી નામાંકિત બનેલા પુરૂષો અને સ્ત્રીઓ વિસરાઇ જશે, જ્યારે જરથોસ્તના નિન્દકો અને જુલમગારોનાં નામ, ઠામ અને ઠેકાણા ઉપર અનન્ત વિસ્મૃતિની છાયા ફરી વળશે, ત્યારે પણ જરથોસ્તનું નામ પૂજાશે, અને અનન્ત કાળ સુધી પ્રેમ અને ભક્તિ વડે તેમને દુનિયા સંભાર્યા કરશે. જ્યારે આસપાસનું સર્વ કાંઇ ધુળભેગું થશે અને ભસ્મીભૂત બનશે ત્યારે જરથોસ્તના શબ્દો જીવતા હશે અને સમસ્ત જનતાને આદર્શ જીવનનું અનુપાન કરાવતા હશે.

જરથોસ્ત આપણા વડિલો અને બાપદાદાઓના તારણહાર હતા તેવાજ આપણા તારણહાર છે. આપણા પૂર્વ પુરૂષો માફક આપણા માટે તેઓ આદર્શ પુરૂષ છે અને આપણા બાળકોના બાળકો માટે પણ તેઓ તેવા જ આદર્શ પુરૂષ રહેવાના છે. ઓ અહુરમઝ! તેમણે આપણા પિતાના પિતામહોના જીવનનું જેમ ઘડતર કર્યું હતું તેમ તેઓ આપણા જીવનના નિર્માતા બને અને આપણી કોમને પણ તેમના ભવ્ય અને ઉદાત્ત પગલે પગલે ચાલવાનું સદા બળ અને પ્રેરણા આપના રહે!!!

અનુવાદક **પરમાનંદ.**

(પૃષ્ટ ૧૯૨ થી ચાલુ)

## ગાંધીજીના શબ્દોમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

હું જાણું છું કે હિંદુ, મુસલમાન, પારસી ને બીજી બધી કોમોનો ધર્મ આપણી સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રીઓ ધર્મ તજશે તે દિવસે આપણો ધર્મ નષ્ટ થઇ જશે.

### પુરૂષોનો ધર્મ

સ્ત્રી સ્વાતંત્ર્યનો માર્ગ શિક્ષણ દ્વારા નથી; પરંતુ પુરૂષોની તેઓ પ્રતિની દૃષ્ટિમાં અને તદનુસાર થતાં વર્તનમાં ફેરફાર કરવામાં છે. શિક્ષણ જરૂરનું છે પણ તે સ્વતંત્રતાની પાછળ હોવું જોઇએ. આપણે સ્ત્રીવર્ગને તેના યોગ્ય સ્થને પહોંચાડવાને અક્ષરજ્ઞાનની વાટ ન જોવી જોઇએ. પ્રથમ કાર્ય તો જેટલી સ્ત્રીઓને આ અવનતિનું ભાન કરાવી શકાય તેટલી સ્ત્રીઓને ભાન કરાવવાનું છે. જ્યાં સુધી હિંદુસ્થાનમાં સ્ત્રીઓ એક રતિભાર પણ દબાયલી રહેશે અથવા ઓછા હકો ભોગવતી હશે. ત્યાં સુધી હિંદુસ્તાનનો ખરો ઉદ્ધાર થવાનો નથી.

### શિક્ષિત સ્ત્રીઓની ફરજ

પુરૂષ પોતાના મૂઢપણાથી સ્ત્રી પ્રત્યેની પોતાની ફરજ ભૂલી જાય, પણ તેથી સ્ત્રી પણ સ્ત્રી પ્રત્યેની ફરજ ભૂલે? પુરૂષ થકી સ્ત્રીજાતિની ઉન્નતિ નહિ થાય. પુરૂષ સ્ત્રીની ઉન્નતિ ન ઇચ્છે અથવા સ્ત્રી પુરૂષની મારફતે ઉન્નતિ ન મેળવે એમ કહેવાનો આશય નથી, પણ હરકોઇ વ્યકિત કે જાતિ આપબળથી જ ઉન્નતિ મેળવી શકે છે. જો મારૂં કહેવું યોગ્ય હોય તો ઘણી બહેનો જેમને પોતાની દશાનું ભાન નથી. તેમને ભાન કરાવવામાં શિક્ષિત બહેનો રોકાશે. જેટલો વખત મળે તેટલો વખત મેળવી, અતિશય પછાત રહી ગયેલા વર્ગોમાં જઇ, તમને જે મળ્યું છે તે એમને આપશો.

હું એમ ઇચ્છું છું કે જ્યાં ગરીબ બહેનો ગંધાતી કોટડીમાં રહે છે, ત્યાં જઇને કામ કરવાવાળી આપણામાંથી કેટલીક સ્ત્રીઓ નીકળે. આપણી ગરીબ બહેનોને, પોતે કેમ રહેવું, પોતાનું અને પોતાનાં બાળકોનું આરોગ્ય કેમ જાળવવું, બાળકોને કેમ ઉછેરવા, સ્વચ્છતા અને સંયમ કેમ રાખવાં વગેરે બાબતનો કશો ખ્યાલ હોતો નથી. અત્યારે આવી બહેનોને ભણતર આપવાની જરૂર નથી, પણ સારી રહેણીકરણીનું ભાન આપવાની ખાસ અગત્ય છે.

સ્ત્રીએ સ્વતંત્રતાનો મહામંત્ર જાણી લઇ તેને ધર્મ જાણી સેવવો અને જે સ્ત્રીને એ જ્ઞાન થયું છે તેણે તે બીજી બહેનોને આપવું. સ્ત્રીઉન્નતિમાં મોટું કાર્ય તો સ્ત્રી જ કરશે.

આ મહાન જાગૃતિ સમયે બહેનોને મારી એટલી વિનંતિ છે કે તેઓએ સંઘશકિત ખૂબ કેળવવી પડશે. તેઓએ પણ સાથે મળી કામ કરતાં થઇ જવું જોઇએ.

સ્ત્રી પોતાનાં બાળકોનાં શરીરને પોષે છે, તેમજ તેમના મનમાં સ્વતંત્રતા, નિર્ભયતા, દૃઢતા વિગેરે ગુણો ઉતારે.

પુરૂષોએ સ્ત્રીઓની જે ઉપેક્ષા કરી છે, જે દુરૂપયોગ કર્યો છે. તેને સારૂ તેમનો દોષ જરૂર કહાડવો જોઇએ. પણ સુધારાનું રચનાત્મક કાર્ય તો જે બહેનોએ વહેમનો ત્યાગ કર્યો છે અને જેમને આ અનિષ્ટનું ભાન થયેલું છે તેમણે જ કરવાનું છે.

### સ્ત્રીઓ અને મતાધિકાર

સ્ત્રીઓને મતાધિકાર જરૂર મળવો જોઇએ. પણ જે સ્ત્રીઓ પોતાના સામાન્ય હક સમજતી નથી અથવા સમજતી છતી તે હકો મેળવવા શકિત નથી ધરાવતી એ મતાધિકારને લઇને શું કરશે? સ્ત્રીઓ માતાધિકાર ભલે મેળવે, ભલે હિંદુસ્થાનની ધારાસભાઓમાં જાય; પણ સ્ત્રીઓની પ્રથમ ફરજ પુરૂષો તરફથી જાણ્યે કે અજાણ્યે થતા અત્યાચારોમાંથી બચી હિંદુસ્થાનને શોભાવવાની અને વીર્યવાન બનાવવાની છે.

### બહેનોનું કર્તવ્ય

આપણે તો હિંદુસ્થાનની પરિસ્થિતિ અને આપણા રાષ્ટ્રીય સ્વભાવને અનુકૂળ ઉપાયો શોધવાના રહ્યા. બહેનોનું કર્તવ્ય આપણું વાતાવરણ શુદ્ધ રાખવાનું, આપણા નિશ્ચયોમાં દૃઢતા અને નિશ્ચલતા લાવવાનું, દિગ્મૂઢતાના દોષમાંથી બચાવવાનું, આપણી સભ્યતા અને સંસ્કૃતિના સર્વોતમ તત્ત્વને પોષવાનું, અને તેમાંનાં દૂષણો દૂર કરવાનું છે.

### સ્ત્રીઓને ભાન થાય તો

સ્ત્રીમાં જેમ બુરૂં કરવાની લોકક્ષયકારી શકિત છે તેમ ભલું કરવાની લોકહિતકારી શકિત પણ સૂતેલી પડી છે, એ ભાન સ્ત્રીને થાય તો કેવું સારૂં? તે પોતે અબળા છે ને કેવળ પુરૂષને રમવાની ઢીંગલી થવાનેજ લાયક છે એવો વિચાર છોડી દે, તો પોતાનો તેમજ પુરૂષનો–પછી તે પિતા, પુત્ર કે પતિ હોય–ભવ સુધારી શકે, ને બન્નેને સારૂ આ જગતને વધારે સુખમય બનાવી શકે. (અપૂર્ણ.)

**ગાંધીજી.**

---

## સંઘ સમાચાર

### શ્રી મણિભાઇ સન્માન થેલી

શ્રી. મણિભાઇ સન્માન થેલી ભરાઇ રહી છે અને જુદા જુદા મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ તરફથી તેમજ તેમના પ્રત્યે આદર ધરાવતા પ્રશંસકો તરફથી નાની મોટી રકમો જમે થઇ રહી છે. એમ છતાં પણ જેમની પાસેથી આ કાર્યમાં ઓછી વધતી રકમની અપેક્ષા રાખી શકાય તેવા સંઘના અનેક સભ્યો તેમજ તેમનાથી સુપરિચિત અનેક મિત્રો તરફથી અપેક્ષિત ફાળો હજુ સુધી આવ્યો નથી. આ કાર્ય માર્ચની આખર સુધીમાં પુરૂં કરવાની ધારણા છે તો બાકી રહેલી વ્યક્તિઓને પોતપોતાનો ફાળો મોકલી આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

### શ્રી. મણિભાઇ સન્માન સમારંભ

ઉપર જણાવ્યા મુજબ એકઠી થયેલી રકમની થેલી અર્પણ કરવા નિમિત્તે તા૦ ૨ જી એપ્રીલ રવિવારના રોજ રામનવમીના દિવસે ગીરગામ બેકરોડ ઉપર આવેલ આનંદભુવનની વ્યાખ્યાનશાળામાં સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે સંગીતનો પણ એક નાનો સરખો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સર્વ ભાઇબહેનોને, સંઘના સભ્યોને તેમજ મણિભાઇના પ્રશંસકોને આ સભામાં વખતસર હાજર રહેવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. આ બાબતની જરૂરી જાહેરાત દૈનિક પત્રોમાં યથાસમય કરવામાં આવશે.

### હસ્તઉદ્યોગ-રાહત પ્રવૃત્તિ: ક્ષેત્રવિસ્તાર.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તથા ભગિની સમાજે સાથે મળીને હસ્તઉદ્યોગ દ્વારા રાહત આપવાની યોજનાના પ્રારંભિક પગલા તરીકે કોઇપણ કોમની સો બહેનોને તેમણે હાથે કાંતેલા સુતર બદલ બમણું કંતામણ આપવાનો મુંબઇના ખાદી ભંડાર તથા વીલેપારલેના ખાદી મંદિર સાથે ગયા જાન્યુઆરી માસથી પ્રબંધ કર્યો છે, પણ કમનસીબે આ યોજનાનો લાભ લેનાર બહેનોનાં જુજજાજ નામો નોંધાયાં છે. તેથી પ્રસ્તુત યોજનાનો લાભ હવે પછીથી સો બહેનોને બદલે પચ્ચાસ બહેનોને અને પચ્ચાસ ભાઇઓને ચાર માસ સુધી આપવાનું ઠરાવવામાં આવ્યું છે. જે ભાઇઓ નિયમિત કાંતતા હોય અને આર્થિક રાહતની અપેક્ષા ધરાવતા હોય તેમને આ યોજનાનો લાભ લેવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. જેઓ આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તેમણે મુંબઇ

# સરકારી બજેટ

"હિંદી સરકારે એ હકીકત સ્પષ્ટ કરી છે કે હિંદના આર્થિક તંત્રને તૂટી પડવાના ગંભીર જોખમમાંથી બચાવવું હોય તો હવે હિંદી વસ્તુઓ ઉપર લડાઇની જરૂરીયાતનો વધુ બોજો નાખવા જેવું નથી; એટલું જ નહિ પણ હિંદના અર્થતંત્રમાં કેટલાક એવા ગાબડા પડેલા દેખાય છે કે તે સમારવા માટે લડાઇની ખરીદી હિંદમાં ઓછી કરવી. આ રીતે એક બાજુથી લોકોની જરૂરીયાતની વસ્તુઓ ઉપર લશ્કરી જરૂરીયાતનો બોજો ઘટાડવો અને બીજી બાજુથી લોક-જરૂરીયાતની વસ્તુઓનું ઉત્પન્ન વધારવું."

લાંબા સમયની લોકોની ફરિયાદનો આખરે હિંદી સચિવ સર રેઇસમેને પોતાના ૧૯૪૪-૪૫ ના અંદાજપત્ર સાથેના ભાષણમાં આડકતરો સ્વીકાર કરવો પડયો છે.

લડાઇ પહેલાના સામાન્ય વર્ષની આમદાનીની ગણતરીએ હિંદી સરકારની પાંચ વર્ષની આમદાની રૂા ૪૨૩ કરોડ થાય તે ૧૯૪૩-૪૪ સુધીના લડાઇના પાંચ વર્ષમાં રૂા. ૭૨૭ કરોડ થઇ છે. લશ્કરી ખર્ચ ૧૯૩૯-૪૦ માં રૂ. ૪૯૫૪ લાખનું હતું તે વધીને ૧૯૪૪-૪૫માં ૨૭૬૬૧ લાખે પહોંચ્યું છે અને તેજ રીતે વહીવટી ખર્ચ તેટલાજ સમયમાં રૂા. ૩૭૫૬ લાખથી વધીને ૮૬૫૭ લાખે પહોંચ્યું છે.

ઉપરાંત ઇંગ્લાંડ-અમેરિકા વતી હિંદમાં થતું ખર્ચ, નાણાનો ફુગાવો અને વસ્તુની ખેંચ વધવાના પરિણામે હિંદી પ્રજાની પાયમાલી અને પરેશાની બ્રિટીશ સરકારના આટલા વર્ષોના વિઘાતક આર્થિક નીતિની પરકાષ્ટા સમાન છે.

અમેરિકામાં રાષ્ટ્રીય આવકના બેતાલીશ ટકા જેટલું લશ્કરી ખર્ચ થાય છે જ્યારે હિંદમાં માત્ર વીશ ટકા જેટલું ખર્ચ થયાનું બતાવવામાં આવે છે. પણ અમેરિકા કે ઇંગ્લાન્ડની પ્રજાનું આવકનું પ્રમાણ એટલું મોટું છે કે તેમાં સાઠ ટકાનો ઘટાડો થાય તોયે પ્રજા આનંદથી જીવી શકે; જ્યારે અહિં વીશ ટકાના ઘટાડામાં અગાઉ કદી નહિ જોયેલ તેવો ભૂખમરો દેખાયો. લંડનના 'ઇકોનોમિસ્ટ'ના શબ્દોમાં કહીએ તો "હિંદુસ્થાન અતિ કંગાળ આમદાની ઉપર જીવનાર દેશ છે. તેની આમદાનીનો અમુક ભાગ લડાઇના બોજાથી ઓછો થયો કે તરત શહેરના નબળા લોકો અને ગામડાના જમીન વિનાના લોકો ગંભીર ગરીબીમાં અને ગંભીરમાં ગંભીર દુઃખમાં સબડતા બન્યા છે."

ઉપરાંત અમેરિકામાં કરવેરા વધ્યા તે સાથે ત્યાંની વસ્તુઓની ઉત્પન્ન અને વેપાર ઉદ્યોગ વધ્યા; તેમજ લોક-જરૂરીયાતની વસ્તુની વપરાશ ઘટવાને બદલે આગલા કોઇ વર્ષો કરતાં વધુમાં વધુ થઇ. કેનેડાની રાષ્ટ્રીય આવકનો તેત્રીશ ટકા ભાગ ઉદ્યોગોમાંથી મળતો હતો તે અત્યારે પચાસ ટકા મળે છે. એક લોઢાની ઉત્પન્ન ૨૪૮ ટકા વધી છે. તેજ સ્થિતિ ઓસ્ટ્રેલીયાની છે. ત્યારે હિંદમાં ઉદ્યોગોની ઉત્પન્નમાં માત્ર ત્રીશ ટકા અને ખેતીની ઉત્પન્નમાં દશ ટકાનો વધારો થયો છે.

વળી હિંદી સરકારનું લશ્કરી ખર્ચ ગમે તેટલું વધ્યું છે છતાં હજુ સુધી હિંદી સરકારને નાણાનો તૂટો નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં હિંદી સરકારને લગભગ અઢી અબજ રૂપીયાનો તૂટો આવ્યો છે તે સામે આજ સુધીમાં સરકારે રૂ. ૫૪૦ કરોડની લોન ઉભી કરી છે. જગત આખામાં એકલા કરવેરાથી લડાઇનું ખર્ચ પુરૂ થતું નથી. કર વેરા સાથે લોન લેવી જ પડે છે.

છતાં અંદાજપત્રની જાહેરાત પહેલા રેલ્વે ભાડામાં પચીસ ટકાનો વધારો થઇ ચુકયો હતો; લડાઇના પાંચ વર્ષ દરમ્યાન રેલ્વેના આગલા વર્ષોના ઘસારા ફંડ વિગેરે રૂ. છાસઠ કરોડનો ખાડો પુરવા ઉપરાંત આજ સુધીમાં અઠ્ઠાસી કરોડ ઘસાર ફંડ ખાતે અને એકવીશ કરોડ અનામત ખાતે જમા થયા છે અને નેવાશી કરોડનો ચોકખો નફો હિંદી સરકારની તીજોરીમાં જમા થયો છે: છતાં લાંચરૂશ્વત અને મુસાફરોની હાડમારી માટે નામચીન બનતી જતી એક લોકોપયોગી કહેવાતી સંસ્થાને એકહથ્થુ વેપારનું સાધન બનાવી તેમાંથી કમાણી કરવા ઉપરાંત હવે તેને કરવેરો નાખવાના સાધન રૂપ બનાવવામાં આવેલ છે.

આ સ્થિતિમાં અર્થશાસ્ત્ર કે માનવ શાસ્ત્રના કોઇ નિયમ અનુસાર નવા કરવેરા નાખવાનો સરકાર માટે અવકાશ નહોતો. છતા કોફી, ચા અને સોપારી ઉપરના કરવેરાથી ગરીબ વર્ગ દંડાયો છે, ઇન્કમટેક્ષ સુપરટેક્ષના વધારાથી મધ્યમ વર્ગ દંડાયો છે. અને નફા વેરામાંથી જે કાંઇ બચતું હતું તે એ હવે ફરજીયાત લોનમાં જવાથી ઉદ્યોગોને નિરૂત્સાહી કરવામાં આવ્યા છે. છતાં લોકમત અને હિંદી હિતની અવગણના કરવા ટેવાયેલ સરકાર સર્વવ્યાપી ભારેમાં ભારે કરવેરા નાંખશે તે ભય ભરેલા વાતાવરણમાં આટલા કરવેરા કેટલાક લોકોને ઓછા અને રાહત સમાન લાગ્યા હશે.

અલબત્ત, આ અંદાજપત્રમાં સાચી રાહત સમાન કાંઇક હોય તો બે મુદ્દા છે (૧) પંદરસોના બદલે બે હજાર ઉપરની આમદાની આવકવેરાને પાત્ર બની (૨) હિંદમાં થતા મિત્રરાજ્યોના ખર્ચ અને ખરીદી સામે અત્યાર સુધી એકલા ઇંગ્લાંડમાં હિંદ ખાતે સ્ટર્લીંગ જમા થતા હતા. હવેથી અમેરિકામાં ડોલર પણ જમા થશે.

સૌથી છેલ્લી પણ સૌથી મહત્વની નોંધપાત્ર હકીકત એ છે કે જે સરકારનું ૧૯૩૯-૪૦ થી ૧૯૪૩-૪૪ સુધીના પાંચ વર્ષનું લશ્કરી ખર્ચ હિંદી સરકારની લડાઇ પહેલાની તેર વર્ષની આખી આમદાની જેટલું છે અને તે ગઇ લડાઇના આખા ખર્ચ કરતા ૨૧૪ ટકા વધુ છે તે સરકાર લડાઇ પછીની હિંદી પ્રજાના ઉત્કર્ષની સર પુરૂષોત્તમદાસ વગેરેએ ઘડેલી યોજના સામે અત્યારથી નાણાંની ખેંચનું ટાઢુ પાણી ઢોળે છે અને લડાઇ પછીની સરકારી યોજના રસ્તા બનાવવાની કે ખેતી સુધારણાની વાતોમાં હજુ ગોથા ખાય છે.

હિંદના વાઇસરોય લોર્ડ વેવેલના શબ્દોમાં કહીએ તો "મને એ વાત હમેશા વિચિત્ર લાગી છે કે જે પ્રજા લડાઇ માટે ગમે તેટલાં નાણાં કાઢી આપે છે તે પ્રજા શાન્તિના સમયમાં મહા આપત્તિ રૂપ રોગ, બેકારી, અજ્ઞાનતા, ગરીબી વગેરે ટાળવા માટે પુરતાં નાણાં કેમ નહિ આપતી હોય?"

આવા કટોકટીના સમયમાં પણ હિંદના હિતમાં આટલી અચોક્કસતા વચ્ચે અથડાતી પણ બ્રિટીશ હિતમાં સદા ચોક્કસ એવી સરકાર માટે વિશેષ શબ્દોની શોધમાં નવા શબ્દકોષ ઉખેળવા તે કરતાં આ વિષયને આટલેથી જ પુરો કરવો તે ઠીક છે.

**બાપાલાલ દોશી.**

---

જૈન યુવક સંઘ કાર્યાલય, ભગિની સમાજ કાર્યાલય, કાલબાદેવી ખાદી ભંડાર અને વીલેપારલે ખાદી મંદિરમાં વધુ વિગતો માટે તપાસ કરવી.

**સંઘના રાહતકાર્યમાં મદદ:** સંઘ તરફથી ચાલી રહેલ રાહત પ્રવૃત્તિમાં મળેલી નીચે મુજબની રકમોનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

રૂ. ૨૫૦ શ્રી. ચંચળબહેન મંગળદાસ લલ્લુભાઇ.
રૂ. ૫૧ શ્રી. મંગળદાસ નાગરદાસ તલસાણીયા.
રૂ. ૫૦ શ્રી ઘેલાભાઇ હાથીભાઇ.
રૂ. ૫ શ્રી. તારાબહેન દીપચંદ

**રતિલાલ ચીમનલાલ કોઠારી.** મંત્રી : રાહત સમિતિ.

---

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨૩

મુંબઇ: ૧ લી એપ્રિલ ૧૯૪૪ શનિવાર.

લવાજમ
રૂપિયા ૩

## જીવન, ધર્મ અને મોક્ષ

અન્યના કે પોતાના હક્ક, પ્રગતિ, શાન્તિ અને ઉપયોગીતા અટકાવે તેવી વાણી, વિચાર કે ક્રિયાને ડાહ્યાઓએ માનવજીવનનો મેલ કહ્યો છે અને જે વાસ્તવિક છે તેને અન્યથા કહેવું કે કરવું તેને અસત્ય કહેલ છે. જે આ મેલ અને અસત્યથી દૂર છે તેને શાસ્ત્રકારો શુદ્ધ માનવી ગણે છે. ધર્મ આ મેલ ધોવાનું અને અસત્યથી પ્રાણીને દૂર રાખવાનું મહદ્ ઉપકારી કાર્ય કરે છે.

સંસ્કૃત ભાષાનો સામાન્ય અભ્યાસી એટલું તો જાણે છે કે ધર્મ ધૃ–ધારવું ધાતુ ઉપરથી થયેલું રૂપ છે અને તેનો અર્થ એમ કરવામાં આવે છે કે પતનમાં–મેલમાં–અસત્યમાં પડતા બચાવે તે ધર્મ.

માનવજીવનમાં ભિન્ન ભિન્ન લાગણીઓ, વૃત્તિઓ અને તરંગો સમય અને સંજોગ પ્રમાણે ઉત્પન્ન થયાં જ કરે છે. સમાજની ગેરવ્યવસ્થા તેમાં નિરંતર વધારો કરે છે. એવા સંજોગમાં જો માણસ સાવચેત ન હોય, તેને સત્ય રાહ પર દોરનાર અને નિયમમાં રાખનાર કોઇ ન હોય તો તેને વિકૃતિના માર્ગ પર–બુરાઇના રાહ પર–જઇ પડતા વાર ન લાગે. આટલા માટે જ ડાહ્યા માનસશાસ્ત્રીઓએ જીવન માટે અમુક મર્યાદાઓ, નિયમો અને પ્રતિબંધો નક્કી કરી આપ્યા કે જેથી માણસ કાયમ સાવચેત અને જાગ્રત રહી શકે.

રાજ્યસત્તા જેમ શાન્તિ અને સુવ્યવસ્થા માટે કાયદાઓ બાંધે છે તેવું જ ઉંચી કોટિનું બંધારણ સમાજના ડાહ્યાઓએ બાંધી આપ્યું. રાજ્યનું બંધારણ કાયદાના નામથી ઓળખાય છે, જ્યારે ડાહ્યા યુગપ્રધાન પુરૂષોનું સામાજિક બંધારણ નીતિ માર્ગના નામે પ્રચલિત છે. આ મર્યાદાઓ, પ્રતિબંધો કે નિયમો પોતે કંઇ ધર્મ નથી. આ બધાના પરિણામે ઉપજતી કષાયોથી મુકત બનેલી ગતિમાન જીવનસ્થિતિ જ ધર્મ છે.–એટલે વ્રતો નિયમો આદિ ધર્મનું સાધન છે, મુકિત કે તે પ્રકારની ઉન્નત સ્થિતિની પ્રાપ્તિ એજ ધર્મનું સાધ્ય છે.

તત્વજ્ઞાનીઓ કહે છે કે જીવ જગતના ઝંઝાવાતમાં આવી ધીમે ધીમે કોઇ અંતિમ લક્ષ્ય સ્થાન તરફ ગતિ કરી રહેલ છે. તેને માર્ગમાં પ્રતિક્ષણે કર્મના આંચકાઓ લાગે છે. એટલે કોઈ વખતે તે થંભી પણ જાય છે તો કોઇ વખતે તે એક સરખી પ્રગતિ કરતો પણ હોય છે. જે એક સરખી પ્રગતિ સાધ્યા કરતો હોય તેને ભવી આત્મા, હળુકર્મી જીવ કે ભાગ્યવાન આત્મા ગણવામાં આવે છે. આ રીતે થોડું થોડું અંતર કાપતાં કાપતાં તે કોઇ પણ ભવે–કોઇ પણ કાળે–લક્ષ્ય સ્થાન પ્રાપ્ત કરી શકે છે. આ લક્ષ્યસ્થાનને સૌએ મોક્ષ કે તેના જેવી સ્થિતિ કલ્પી છે.

આ વસ્તુસ્થિતિ વધુ સ્પષ્ટપણે સમજવા માટે જીવન, ધર્મ અને મોક્ષને પરસ્પર કેટલો સંબંધ છે એનો આપણે વિચાર કરીશું તો વધારે અનુકુળ બનશે.

(૧) જીવન
(૨) જીવનની ગતિ-પ્રગતિ.
(૩) જીવનની અંતિમ સ્થિતિ કે ધ્યેય.

જીવનસંબંધીનું આપણું જ્ઞાન અતિ પરિમિત છે. કોઇ પણ જીવનના આદિ સ્થાન–આદિ ઉત્પત્તિ વિષે–તદ્દન નિશ્ચયાત્મક રીતે અને સ્પષ્ટપણે કહેતું નથી પણ સૌ કોઇ ગોળ ગોળ વાતો કરે છે. કોઇ તેને સ્વયંભૂ, અનાદિ માને છે તો કોઇ પ્રભુપ્રેરિત ઇશ્વરસર્જિત માને છે. આ માન્યતાઓ ઉપર મોટા મોટા મત-ભેદો થયા છે છતાં પણ હજુ સુધી માનવીના મનનું પૂરેપુરૂં સમાધાન થઇ શકયું નથી. માત્ર કેટલાક માર્ગદર્શક અનુ-માનો તારવવામાં આવ્યા છે દાખલા તરીકે :–

(૧) જીવન સ્વયંભૂ માનીએ તો તેનો અંત હોઇ શકે નહિ. કારણ કે સામાન્યપણે આપણે માનીએ છીએ કે જેને આદિ હોય તેનો અંત હોય. એટલે મોક્ષ જીવનનો અંત ન બની શકે. પણ નવો ઉન્નત અવતાર બની શકે.

(૨) જીવનને ઇશ્વર સર્જિત કે પ્રભુ પ્રેરિત માનીએ તો અવશ્ય મોક્ષને તેના અંત તરીકે આપણે સ્વીકારી શકીએ. પણ સરજનહારના સરજનહારની વિચિત્ર પ્રશ્નાવળી ત્યાં ઉભી થઈ જાય. ઉપરાંત સૌથી પ્રથમ જીવનને કયા કર્મને આધીન માનવું તે તેમજ જીવનનો અંત આવી જાય એટલે જીવનનું શું થાય-તે એ પ્રશ્નો પાછા ઉભા થાય.

(૩) મોક્ષ પોતે નવો ઉન્નત અવતાર હોય તો તેની મર્યાદા પણ એક કાળે પૂર્ણ થયા પછી જીવનની શી ગતિ થાય?

ઉપલા ત્રણે અનુમાનો કે શંકાઓ ઉપરથી એમ જ લાગે છે કે મોક્ષ પોતે નવો ઉન્નત અવતાર પણ નથી અને જીવનો અંત પણ નથી પણ માનવજીવનને પુરૂષાર્થી રાખવા માટેની સુખદ ઉપકારક કાલ્પનિક ભૂમિકા જ સંભવેછે. એટલે મોક્ષ એ જીવ-નનું ખરી રીતે અન્તિમ સાધ્ય નથી પણ જીવનને પુરૂષાર્થી, પવિત્ર અને પ્રગતિમાન રાખવા માટેનું સાધન છે.

આ રીતે મોક્ષ માટે શાસ્ત્રકારો સૃષ્ટિની શરૂઆતથી જ વાદ-વિવાદ કરતા જ આવ્યા છે. છતાં પણ અમુક અનુમાનો સિવાય એ સંબંધમાં આખરી નિશ્ચય પર આવી શકયા નથી. કોઇએ તેને જીવનનો અંત કહ્યો છે તો કોઇએ તેને જીવનનો નવો ઉન્નત અવતાર કહ્યો છે, કોઇએ તેને જીવનની ઉન્નત સ્થિતિનું રૂપ માન્યું છે તો ચાર્વાક જેવા મોક્ષ જેવી લોકો કોઇ સ્થિતિને સ્વીકારતા જ નથી.

એટલે મોક્ષ માર્ગની ફીલ્સુફી હજુ ચર્ચાનો વિષય જ રહેલ છે, જ્યારે જીવન અને ધર્મ નક્કી થયેલ વાતો છે. વિજ્ઞાન આ બાબતમાં કંઇ ખાસ અજવાળું પાડતું નથી. આમ છતાં પણ આવા અગમ્ય મોક્ષને જીવનની શરૂઆતથી જ મોટા ભાગના માનવીઓએ જીવનના ધ્યેય તરીકે લક્ષ્ય તરીકે માન્યું છે, જે માટે માનવીએ સ્વેચ્છાએ ચોક્કસ પ્રકારનું જીવન અને વિચાર સરણી સ્વીકારી છે, જે માટે કઠીન દેહદમન અને ક્રિયાઓ આચરી છે, જે માટે માનવીએ જીવનને એકજ લક્ષ્યમાં રત કરી દીધો છે અને જ્યાં માનવ જીવનની ફીલ્સુફી પૂર્ણ થયેલ માનવામાં આવે છે. તે મોક્ષ શું છે? કેવો છે? કયાં છે? તેનું સંચાલન કોણ કરે છે? ત્યાં કેવી જાતનુ જીવન હોઇ શકે? તેનો કોઇ પણ કાળે અંત છે કે તે અનંત છે? તેની કાંઇ મર્યાદા છે? માનવી કેવી રીતે પ્રાપ્ત કરી શકે? જીવતાં કે મરણ પછી? માનવી શા માટે તે માગે છે? આ પ્રશ્નો અતિ ગહન છે. માનવીની કલ્પના જેટલાજ ગહન છે. આ મોક્ષ પાછળ માનવી સૃષ્ટિની શરૂઆતથી જ પડયો છે જે આજ સુધી અટકેલ નથી અને નથી લાગતું કે ભવિષ્યમાં પણ તે અટકે. કોઇ પણ પ્રદેશ કે પ્રજા, ધર્મ કે માન્યતા આ વસ્તુથી દૂર નથી; છતાં પણ તેનું વાસ્તવિક સ્વરૂપ કલ્પના સિવાય બીજું કંઇ આગળ ગયું નથી. વિજ્ઞાન ત્યાં અટકી જાય છે. જ્ઞાન કે પ્રજ્ઞાન તેનું માપ કાઢી શકયા નથી. તોપણ તે માનવીના દીલમાં વસેલું છે તે છેજ.

માનવલોકને–મૃત્યુલોકને–સ્વર્ગમોક્ષના દરવાજા જેવું કહેવામાં આવે છે અને આપણે સબળપણે માનીએ છીએ કે જીવ ગમે તે યોનિમાં હોય તો પણ મોક્ષ મેળવવા માટે તેણે માણસ જ બનવું પડે છે. એનું કારણ શું? દેવ અને દેવલોકને માનવ અને માનવલોકથી ઉચ્ચા ગણવામાં આવે છે છતાંય તેને પણ મોક્ષ માટે તો દેવ મટીને, દેવલોક છોડીને માનવલોકના માનવી જ થવું પડે છે તે શા માટે? માનવ સિવાયના અન્ય પ્રાણીઓ પશુ, પક્ષી, કીટ કે કીડાઓ તો શકિતમાં, સમજમાં, વિકાસમાં ઉતરતા છે એટલે ઉદ્‌ભિજશાસ્ત્ર મુજબ તે અવિકસિતજ છે એટલે તેઓ મોક્ષ ન પામે તે તો સમજી શકાય. પણ દેવ તો વધુ વિકસિત, માનવીના અનેક શુભ કમના પરિપાક રૂપે જ થયેલ છે, છતાં પણ મોક્ષ માટે તો માનવી જ વધુ લાયક પાત્ર મનાયું છે તેનું કારણ શું? આનો વિચાર કરતાં સામાન્ય રીતે એમ જ લાગે છે કે માણસ પ્રવૃત્તિ–પરાયણ પુરૂષાર્થી પ્રાણી છે, તે પોતાના જીવનને આપવા ધારે તેવો ઝોક આપી શકે તેવી તેનામાં વિવેકબુદ્ધિ છે. તે કર્મે ધર્મે શૂરો છે અને નિત્ય જીવનસંગ્રામ લડી લડીને આગળ માર્ગ કરનારો છે, જ્યારે દેવની પ્રવૃતિ પોતાના સુખ પૂરતી જ કલ્પવામાં આવે છે. તેને જીવન અને સુખ ઘડવું પડતું નથી પણ કર્મયોગે ઘડાયેલ શરીર અને સુખ ચોક્કસ કાળ સુધી ભોગવવાનું હોય છે એટલે ત્યાં પુરૂષાર્થને અવકાશ હોતો નથી. આ ઉપરથી એમ જ લાગે છે કે મોક્ષ પણ પ્રવૃતિ અને પુરૂષાર્થનું સુંદર ફળ છે. સંસારસાફલ્ય, સુખ અને શાન્તિ, કે સમાજનું સંચાલન પણ તે વિના સંભવિત નથી. તેથી જેમ કેટલીએક માનવોચિત બાબતો ધર્મને નામે માનવીને સમજાવવામાં આવે છે તેમ પ્રવૃત્તિ અને પુરૂષાર્થની જરૂરિયાત મોક્ષના સુખદ નામે કે લાલચે તો બોધવામાં કે બતાવવામાં નથી આવીને? મોક્ષ માટે ગમે તે જાતની કલ્પના હોય, તેનું અસ્તિત્વ ખરેખરી રીતે હોય કે કાલ્પનિક હોય, છતાં પણ તેની કલ્પના અતિ ભવ્ય અને અનેક સિદ્ધિની સાધક છે એમ કબુલ કર્યા વિના તો નહિ જ ચાલે

આપણા ધર્મગ્રંથો સૂત્રો વિગેરે જોતાં ખાત્રી થાય છે કે તેમાં માનવજીવનની વ્યવસ્થાની, માનવપ્રેમની રક્ષાની, માનવજીવનની સુંદરતાની અને માનવજીવનને અથડામણમાંથી ઉગારવાની વાતો જ આવે છે. આપણા દેવો કે પયગમ્બરોની ભવ્યતાની પાછળ પણ તેઓના માનવોચિત ગુણોના વિકાસની કથા જ પ્રાધાન્યપણે હોય છે.

જૈનોના બધા સૂત્રો, તેની બધી જાતની ક્રિયાઓ, તેના નીતિવ્રતો, તેના સાધુઓની પરિચર્યા અને તેના પૂજ્ય પુરૂષોના ગુણોનાં વર્ણનો જોતાં તેમાંય માનવોચિત વાતો જ હોય છે. માનવોચિત ગુણોનો પૂર્ણ વિકાસ કરનાર માર્ગ તે ધર્મ. તે વિકાસમાંથી ઉત્પન્ન થતી ઉન્નત સ્થિતિ તે મોક્ષ એમ લાગે છે.

ગીતા, કુરાન, બાઇબલ, ઝંદઅવસ્તા, ઉપનિષદો કે વેદો જુઓ! એ સર્વમાં માનવગુણોના વિકાસ માટે જ કાંઈ ને કાંઇ કહેવામાં આવ્યું છે. ત્યાં જીવન બહારની વાત કયાંય દેખાતી નથી. આ ઉપરાંત તેમાં સ્વર્ગ, નર્ક અને ચમત્કારોની વાતો કોઇ કોઇ સ્થળે દેખાય છે. તેનો વિચાર કરતાં લાગે છે કે માનવીને જીવનની પવિત્રતા, પુરૂષાર્થ વિગેરે બાબતો દૃઢપણે ઠસાવવા માટે માનસશાસ્ત્રીઓએ–શાસ્ત્રકારોએ શાસ્ત્રોમાં ભય અને આશાનાં તત્ત્વો નર્ક અને સ્વર્ગના સ્વરૂપે દાખલ કર્યા હોય તો ના ન કહેવાય. ચમત્કાર માણસની શ્રદ્ધા ટકાવવાનું કાર્ય કરે છે. સ્વર્ગ, બેહિસ્ત, મોક્ષ કે હેવન અને નર્ક, દોઝખ, જહન્નમ કે હેલ સર્વ ધર્મોમાં દેખાવ દે છે અને આ કોને મળે તે વાતનો નિર્ણય પણ માનવ જીવનના કાર્ય ઉપરથી જ કરવામાં આવે છે.

માનવીની એ તો સામાન્ય પ્રકૃતિ છે કે દુઃખના ભયથી ડરવું અને સુખની આશાથી રાચવું અને તેથી જ તેણે સર્જન કાળથી જ લાભની આશાએ દેવના દેવાયતનને અને ભયથી અસુરોની આસુરી લીલાઓને પૂજી, પોષી અને પંપાળી છે. કુળ દેવતા, દેવીઓ, વરૂણ, વાયુ, સૂર્ય, નાગ, શિતળા, ચંડિકા, વિગેરેની પૂજા કે ભક્તિ પાછળ ભય અને લાલચ–આશાનું તત્ત્વ જ પડયું છે. નર્કના ભયની કલ્પના વડે ધર્મશાસ્ત્રકારોએ માનવ–પ્રવૃતિની શુદ્ધતાની જરૂરિયાત ઠસાવી છે અને સ્વર્ગની આશા આપીને માનવને પુરૂષાર્થમાં રત રાખવાનું કાર્ય કર્યું છે. સર્વ સ્થળે આ તત્ત્વો દેખાય છે અને બધે ધર્મ અને મોક્ષ માનવ જીવનની આસપાસ વીંટાળેલા હોય છે. માનવજીવનથી દૂર એવા કોઇ તત્ત્વો દેખાતા નથી. એટલે માનવજીવનને વિચાર્યા વિના તેનો વિચાર થઇ શકે તેમ લાગતું નથી.

ભિન્ન ભિન્ન પ્રકૃતિના, ભિન્ન ભિન્ન સંજોગોમાં, ભિન્ન ભિન્ન વાતાવરણમાં મુકાયેલા માનવીઓને આ રીતે જ ડાહ્યા યુગપુરૂષોએ તેની પ્રવૃતિમાં, પુરૂષાર્થમાં, મર્યાદામાં અને જીવનશુદ્ધિમાં રત રાખ્યા છે અને તેની માનવતા ટકાવી છે અને સંસારની સુંદરતા જાળવી રાખી છે. પણ આજે એ ડાહ્યા માણસોની કુશાગ્ર બુધ્ધિનો ઉલટો જ ઉપયોગ ધર્માચાર્યો કરી રહેલા છે અને માનવજીવનના વિકાસ માટેના સાધન તરીકે યોજાયેલ મોક્ષનો ઉપયોગ સાધ્ય તરીકે થઇ રહેલો છે. ઘણી વખતે સાધન પોતે પણ સાધ્ય બની શકે છે, પણ તે મુખ્ય વસ્તુને લક્ષીને–તેને વિસારીને નહિ. આજે આ માનવજીવનને ભોગે મોક્ષ મેળવવામાં આવે છે અને સંસારને કાળો કોલસો ગણી તેની ઉપેક્ષા કરવામાં આવે છે. તે માનવજીવન વિષેના આપણા અજ્ઞાનની પરાકાષ્ટા જ છે. આના પરિણામે માનવજીવનમાં કેટલીએક ઉપયોગી બાબતોની ખામી પડી ગઇ છે. આપણામાં પેઠેલી મોક્ષની મિથ્યા ભ્રમણા આડે કયાંય નથી દેખાતો જીવન ઉલ્લાસ કે જીવન ઉજાળક ધર્મ, નથી સમજાતી જીવનની જીવંત ફીલ્સુફી, નથી દ્રષ્યમાન થતું માનવ ઉપયોગી કલ્યાણક વિજ્ઞાન. એટલે

# શ્રી મણિભાઈ સન્માન સમારંભ.

સુજ્ઞ મહાશય

સવિનય વિજ્ઞપ્તિ કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનની વ્યાખ્યાનશાળામાં તા. ૨-૪-૪૪ રવિવાર સાંજના પાંચ વાગે **શ્રી વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતાના** પ્રમુખસ્થાને શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી **મણિલાલ મોકમચંદ શાહના** સન્માન અર્થે એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી. મણિલાલ મોકમચંદ શાહની આજ સુધીની અનેકવિધ સેવાઓની કદરરૂપે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે એકત્ર કરેલી થેલી તેમને અર્પણ કરવામાં આવશે. સન્માન સમારંભના અંતે સંગીતનો પણ એક નાનો સરખો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. આ પ્રસંગે આપને મિત્રમંડળ સહિત પધારવા વિનંતિ કરવામાં આવે છે.

આપના

**વ્રજલાલ ધ. મેઘાણી** **પરમાનંદ કુંવરજી કાપડીઆ.**
**રતિલાલ ચી. કોઠારી.** પ્રમુખ
મંત્રીઓ

# સંઘ સમાચાર.

તા૦ ૨૫-૩-૪૪ શનિવારના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબના ઠરાવો કર્યા હતાઃ-

## લુણાવાની બાલદીક્ષા.

લુણાવા ખાતે મુનિશ્રી ભુવનવિજયજીએ એક સાત વર્ષના છોકરાને ભગાડીને આપેલી દીક્ષા પ્રત્યે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અત્યન્ત ધૃણા દાખવે છે અને આ બાબતમાં દીક્ષા આપનાર તેમ જ તેને મદદ કરનાર સર્વ ગુનેહગારોને પકડીને યોગ્ય શિક્ષા કરવા અને આવી બાળદીક્ષાઓ સંબંધમાં યોગ્ય અટકાયતી કાયદો કરવા જોધપુર મહારાજાને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

આ બાબતમાં તાત્કાલિક યોગ્ય પગલાં ભરવા માટે જોધપુર મહારાજાને સંઘ તરફથી તાર કરવામાં આવ્યો છે.

## બીકાનેર ધારાસભામાં બાલદીક્ષાની અટકાયત કરનારો ધારો

શ્રી. બીકાનેર રાજ્યની ધારાસભામાં શ્રી. ચંપાલાલજી બાંઠીઆએ બાલદીક્ષાની અટકાયત કરનારા ધારાનો જે ખરડો રજુ કર્યો છે તેને શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અંતઃકરણ-પૂર્વક આવકારે છે અને બાલદીક્ષાના કારણે આજે સ્થળે સ્થળે બની રહેલી જે અણઘટતી હકીકતો સાંભળવામાં આવે છે તે લક્ષ્યમાં લેતાં વડોદરા રાજ્યના પગલે ચાલીને દરેક દેશી રાજ્ય તરફથી તેમજ અંગ્રેજ સરકાર તરફથી આવી અનર્થપૂર્ણ બાળદીક્ષાની સર્વથા મના કરતો કાયદો થવાની આવશ્યકતા ઉભી થઇ છે એ બાબત તરફ પ્રત્યેક રાજ્યની ધારાસભાનું ધ્યાન ખેંચે છે અને પ્રસ્તુત બીલને પોતાની સંમતિ આપવા બીકાનેર રાજ્યની ધારાસભાના સભ્યોને તેમજ એ રીતે પસાર થયેલા બીલને મંજુરી આપવા બીકાનેરના નામદાર મહારાજાને સંઘની કાર્યવાહક સમિતિ વિનંતિ કરે છે. તેરાપંથી સંપ્રદાયમાં બાળદીક્ષાને લગતો અનર્થ વધતો જતો અટકાવવાના હેતુથી પ્રસ્તુત બીલ તૈયાર કરી રજુ કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી ચંપાલાલજી બાંઠીઆનું અભિનન્દન કરે છે.

**સંઘની રાહત પ્રવૃત્તિ:** સંઘની રાહત પ્રવૃત્તિ એક સરખી ચાલી રહી છે અને આજે સો ઉપરાંત કુટુંબો આ રાહતનો લાભ લઇ રહ્યા છે. સંઘે શરૂઆતમાં ચાર માસ સુધી પ્રસ્તુત રાહત આપવાની જવાબદારી સ્વીકારેલી અને પાછળથી તે મુદતમાં બે માસનો વધારો કરવામાં આવેલો. આ કાર્ય માટે આજ સુધીમાં એકત્ર થયેલી રકમ આ પ્રમાણેની કુલ છ માસની જવાબદારીને પહોંચી વળવા માટે પુરતી છે. આજે દર માસે આ સેવાકાર્યે પાછળ આશરે રૂા. ૮૦૦ વહેંચવામાં આવે છે. મદદયોગ્ય કુટુંબોની મદદ માટેની નવી નવી માંગણીઓ આવ્યા જ કરે છે; પણ આજની જવાબદારીમાં તેમજ નક્કી કરેલી મુદતમાં જો ઉદાર ભાઇ બહેનો તરફથી નાની મોટી રકમો પુરતા પ્રમાણમાં સંઘને મળે તોજ વધારો થઇ શકે. નહિ તો આવું સુન્દર સેવા કાર્ય સંઘે હવે થોડા વખતમાં બંધ કરવું જ રહ્યું. આ સેવા કાર્યને નવા કે જુના વિચારભેદો સાથે કશો સંબંધ નથી. ગરીબ જૈન કુટુંબોને આજની અસાધારણ હાડમારીઓના વખતમાં થોડી ઘણી રાહત પહોંચાડવી અને તેનો કશો પણ દુરૂપયોગ ન થાય અને મુંઝાતા અને આજના વખતમાં કેમ ટકવું તેની ગુંગળામણ અનુભવતા ભાઇ બહેનોની મુંઝવણ અને ગુંગળામણ અલ્પાંશે પણ હળવી થાય એ રીતે મદદરૂપ બનવું એ જ માત્ર

(જુઓ અનુસંધાન પૃષ્ટ ૨૦૪)

---

આજે તો ગૂઢ જ્ઞાનની સામે ભર્યાભાદર્યા સંસારની વચમાં આપણું જીવન તદન ખાલીખમ અને નિસ્તેજ પડયું છે. આ ખામી સામે અલબત અવારનવાર કોઇ જગત ઉદ્ધારક ઉત્પન્ન થઇને માનવસમાજને ચેતાવતો ગયો છે. છતાં પણ પ્રબળપણે લોકોનું ધ્યાન આ દિશામાં છેલ્લી સદીમાં ગયું છે. એટલે નર્યા કાલ્પનિક મોક્ષધર્મના ચિન્તન સાથે તેનામાં સામાજિક, રાજકીય અને તેવી અન્ય દૃષ્ટિઓ પ્રવેશી છે. આ દૃષ્ટિ, આ તત્ત્વ આપણા જીવનમાં તદન નવા જેવું દેખાય છે એટલે થોડો વખત પ્રજાને આશ્ચર્યમૂઢ બનાવશે અને જુનવાણી માનસને તેમાં ધર્મદૃષ્ટિનો લોપ દેખાશે તે ચોક્કસ છે. પણ તે વિના હવે ઉદ્ધાર સંભવતો નથી જ.

જો રાજકીય ઉલ્કાપાત જાગ્યો ન હોત તો આ દૃષ્ટિ આજે પણ આવી નહોત. જયારથી પરદેશીઓની સાથે અથડામણ વધવા લાગી ત્યારથી જ્ઞાનમાર્ગને બદલે કર્મમાર્ગ વ્યાપક બનતો ચાલ્યો, ત્યારથી ધર્મનો ઉપયોગ પોતાના પંથની, રાષ્ટ્રની સબળતા અને ઐક્ય માટે થવા લાગ્યો. ધીમે ધીમે તેમાં સામાજિક પ્રશ્નો ભળ્યા. આજે ધર્મ, સમાજ કે રાજ્યકીય બાબતો જુદી પડી શકે તેમ નથી.

જીવનનું નિયમન કરનાર જીવનરીતિ તે ધર્મ અને આવા વ્યવસ્થિત જીવનની ઉન્નત વિકાસભૂમિકા એટલે મોક્ષ. અવા સાદો જીવનધર્મ અને મોક્ષનો સંબંધ હોવા છતાં પણ ધર્મના સંચાલકો પોતાના મોક્ષ, દેવલોક, સિદ્ધશિલા અને મુક્તિની બહાર જેટલા જોઇએ તેટલા નીકળતા નથીઃ આનું પરિણામ બહુ નજદીકના ભવિષ્યમાં એ આવશે કે લોકો ધર્મ ફગાવીને ભાગવા માંડશે ત્યારે મોક્ષ પણ નહિ હોય અને ધર્મબંધન વગર શુદ્ધ સંસાર પણ નહિ હોય. પણ હશે અંધકાર અને અરસપરસની અથડામણ! આ વાત ધર્મનાયકો ન ભૂલે!!!

**વ્રજલાલ મેઘાણી.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

એપ્રીલ ૧ ૧૯૪૪


# ઉદ્યોગપતિઓની યોજના

એક તસુ જમીનના ભોગવટા માટે અને સત્તાના શોખ માટે ભીષણ હત્યાકાંડ ઉભા થતા હતા તે એક યુગ હતો; આજે જગત્ આર્થિક હિતાહિતના ધોરણે અમુક પક્ષોમાં-વાદમાં-વહેંચાઇ ગયું છે અને તે પક્ષોની આર્થિક હરિફાઇના ઘર્ષણમાંથી આ વિશ્વયુધ્ધ ઉભું થયું છે. લડાઇ પછી કયા દેશનો વિજય થશે તેમ વિચારવા કરતા કયા વાદનો-મૂડીવાદ, સમાજવાદ કે રાષ્ટ્રવાદનો-વિજય થશે અને લડાઇ પછીની જગતની આર્થિક નવરચના કયા ધોરણે રચાશે તે જોવા જગત તલપાપડ થઇ રહ્યું છે.

માતૃભૂમિના નામની હાકલ પડતાં અનેક રાષ્ટ્રાભિમાની, ભાવનાશાળી, લાગણીપ્રધાન યુવાનો સૈનિકની શિસ્ત સમજી રણમેદાનમાં લોહીની નીક વહાવી રહ્યા છે. કયા આદર્શ ખાતર તેઓ લડી રહ્યા છે? ભાવિ જીવન માટે કેવા સ્વપ્નો તેઓ સેવતા હશે? તે વિચારવાની કોઇને પડી નથી. તેઓ જેમના હુકમથી લડે છે તે હુકમ આપનારા આગેવાનો આજે લડાઇ પછીની અનેકવિધ આર્થિક યોજનાઓના ઓરણ રૂપ બની ગયા છે.

આ વાતાવરણમાં હિંદુસ્થાનનું ભાવી અનેકવિધ શકયતાઓથી ભરપુર છે. પણ તે શકયતાઓને સજીવન થવા દેવી કે ઉગ્યા પહેલાંજ ડાંભી દેવી તેની સત્તા પરદેશીઓના હાથમાં છે. પરદેશીઓનું હિત હિંદના હિતની વિરૂદ્ધ છે. પણ હિંદુસ્થાન સ્વતંત્ર હોય તો માત્ર પંદર વર્ષમાં હિંદુસ્થાનની ખેતીની અને ઔદ્યોગિક ઉત્પન્ન કેટલી વધારી શકાય તેમ છે અને તે વધારીને હિંદી પ્રજાની માથા દીઠ આવક કેટલી વધે અને પ્રજાને કેટલી સુખ સગવડો આપી શકાય તેની એક ઝાંખી યોજના હિંદના જાણીતા ઉદ્યોગપતિઓ સર પુરૂષોત્તમદાસ, બીરલા, તાતા, શ્રોફ, શેઠ કસ્તુરભાઇ લાલભાઇ વગેરેએ તૈયાર કરી છે. તે યોજનાનો સાર આ નીચે આપ્યો છે.

આર્થિક ક્ષેત્રની શુષ્કતાથી સુગાઇને સદા તેનાથી અલગ રહેનારા સામાન્ય લોકસમુહને પણ આ યોજના આકર્ષી શકે તેમ છે. સેંકડો વર્ષોની એકધારી ગરીબાઇ નીચે સબડતી પ્રજાને આ પંદર વર્ષની યોજનામાં સમાયેલ સુખ સગવડની શકયતાના ખ્યાલ માત્રથી સ્વતંત્રતા અને પરતંત્રતા વચ્ચેનો નક્કર ભેદ સમજાઇ જશે અને પ્રજાના પ્રત્યેક દર્દનું મૂળ કયાં રહેલું છે તે સમજાશે.

જગતના સામ્રાજ્યો બીજા દેશો ઉપરના પોતાના રાજકીય વર્ચસ્વને ગૌણ બનાવી આર્થિક વર્ચસ્વ વધારવામાં પોતાની ભાવી સલામતી જુએ છે. ત્યારે હિંદના મુડીવાદીઓએ ઘડેલી આ યોજના સામ્રાજ્યવાદી મુડીવાદીઓના એકાદ એકમ જેવી હોવાની શંકાથી માંડીને ઉદ્યોગોની માલીકી, ઉત્પન્નની વહેંચણી, નાણાની સગવડ વગેરે ચર્ચાસ્પદ મુદ્દાઓને છોડીને હાલ તુરત તે યોજનાનો સાર અને તેટલો મૂળ સ્વરૂપે આ નીચે આપ્યો છે.

## મૂળ ઉદ્દેશ

હિંદના ઉદ્યોગપતિઓએ રચેલી હિંદના આર્થિક ઉત્કર્ષની યોજનાનો મૂળ ઉદ્દેશ છે એ છે કે હિંદુસ્થાનની પ્રજાની માથાદીઠ આવક આજે છે તેના કરતાં બેવડી કરવી. આ યોજના પંદર વર્ષ માટેની છે. હિંદી પ્રજામાં દર વર્ષે પચાસ લાખ માણસોનો વધારો થઇ રહ્યો છે તેમ છેલ્લી વસ્તી ગણત્રી ઉપરથી સિધ્ધ થયું છે. એટલે પંદર વર્ષની યોજનાની આખરે હિંદની વસ્તીમાં જે વધારો થાય તે બધાની આવક બેવડી કરવા માટે આજની વસતીની આવક લગભગ ત્રણ ગણી બનાવવી જોઇએ તેવો આ યોજનાનો મૂળ ઉદેશ રાખવામાં આવ્યો છે. તેમ કરવાથી જ પંદર વર્ષની યોજનાને અંતે માથાદીઠ આવક બેવડી કરતાં વધુ થાય એવી સંભાવના કરવામાં આવી છે.

હિંદી પ્રજાની આવક આટલી વધારવા માટે હિંદુસ્થાનમાં આજે જે ખેતીની ઉત્પન્ન થાય છે તે બેવડી થાય અને આજે જે કારખાનાની ઉત્પન્ન થાય છે તે પાંચગણી થાય તે રીતે આ યોજના ઘડવામાં આવી છે. તે કઇ રીતે શકય બને તેની વિગતવાર સમાલોચના અને આંકડા વગેરે આગળ ઉપર જોઇશું. તે પહેલા એ જોઇ લઇએ કે હિંદી પ્રજાની માથાદીઠ આવક આજના કરતાં ઓછામાં ઓછી બેવડી થવીજ જોઇએ તેમ આ યોજનાના પ્રણેતાઓએ શા ઉપરથી નકકી કર્યું છે.

## ખોરાકની જરૂરિયાત.

એક માણસને એક દિવસમાં ઓછામાં ઓછો નીચે મુજબના આઉંસ વજનનો ખોરાક મળે તો શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે માણસના પોષણ માટે જરૂરી ઓછામાં ઓછો ૨૮૦૦ કેલરી (થોડો બગાડ થાય તે ગણી લેતાં) માપનો ખોરાક તેને મળી જાય.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અનાજ | ૧૬ | ઔંસ | ફળ | ૨ | ઔંસ |
| કઠોળ | ૩ | ,, | ઘીતેલ | ૧॥ | ,, |
| ખાંડ | ૨ | ,, | દુધ | ૮ | ,, અગર |
| ભાજી | ૬ | ,, | માંસ-ઇંડા | ૨॥ | ,, |

આટલા ખોરાકનું એક માણસ દીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૬૫ આવે; હિંદની વસતી ૩૮૯૦ લાખ માણસોની છે તે હિસાબે દરેક માણસને માત્ર ખોરાકી મળી રહે તે માટેનું ખર્ચ રૂા. ૨૧ એકવીશ અબજ થાય તેમ ગણવામાં આવ્યું છે.

## કાપડની જરૂરીયાત

રહેણાકના પ્રદેશની આબોહવા, સામાજીક રિવાજો, રહેણી કરણી વગેરેમાં જેટલા ભેદભાવ તેટલા કાપડની જરૂરીયાતમાં ભેદભાવ રહે છે. એટલે માણસની કાપડની જરૂરીયાતનું કોઇ એકજ ધોરણ નકકી કરવાનું કામ મુશ્કેલ છે. પણ જગતના અનુભવ ઉપર એક અંદાજ સામાન્ય ધોરણ નકકી થઇ શકે તેમ છે. ૧૯૨૮-૨૯ માં જગતમાં કાપડનું વધુમાં વધુ ઉત્પન્ન થયેલું અને તે વર્ષે લડાઇ નહિ હોવાથી તે કાપડ લોકોનીજ વપરાશમાં ગયેલું. તે હિસાબે જગતમાં માથાદીઠ કાપડની વપરાશ બેતાલીશ વારની થઇ હતી. જગતના જુદા જુદા દેશોમાં માથાદીઠ કાપડની વપરાશ કેટલા વાર થાય છે તે આ નીચે છે.

| | | | |
|---|---|---|---|
| અમેરિકા | ૬૪ વાર | જાપાન | ૨૧ વાર |
| કેનેડા | ૩૭ વાર | ઇજીપ્ત | ૧૯ વાર |
| સ્વીડન | ૩૬ વાર | બ્રાઝીલ | ૧૮ વાર |
| જર્મની | ૩૪ વાર | ઇરાક | ૧૬ વાર |
| મલાયા | ૩૦ વાર | હિંદ | ૧૬ વાર |
| ડેન્માર્ક | ૩૦ વાર | ગ્રીસ | ૧૫ વાર |

આ બધી ગણત્રી ઉપરથી હિંદના પ્રત્યેક પ્રજાજનની કાપડની વાર્ષિક જરૂરીયાત ત્રીસ વારની ગણવામાં આવી છે.

૧૯૪૧ની વસતી ગણત્રી મુજબ આ હિસાબે હિંદી પ્રજાને ૧૧૬૭૦૦ લાખ વાર કાપડ જોઇએ. લડાઇ પહેલાના સરેરાશ ભાવ રૂા. ૦-૩-૬નું એક વાર તે હિસાબે વાર્ષિક રૂા. ૨૫૫ કરોડનું ખર્ચ હિંદી પ્રજાને કાપડ પુરૂં પાડવામાં થાય તેમ ગણ્યું છે.

### આશ્રય સ્થાન-મકાન

એક માણસને એક કલાકે ૩૦૦૦ ઘન ફુટ તાજી હવા મળવી જોઇએ તે હિસાબે એક માણસને રહેવા એક સો ચોરસ ફુટ જેટલી જગ્યાનું ઘર જોઇએ. ૧૯૪૧ ની વસતી ગણત્રી મુજબ હિંદમાં ૭૬૦-લાખ ઘર હતા. તેમાંથી એક કરોડ શહેરોમાં અને ૬૬૦ લાખ ગામડામાં હતા. ૧૯૩૧ માં દરેક ઘરમાં પાંચ માણસ રહેતા હોવાની ગણત્રી થઇ હતી તે ૧૯૪૧ માં ૫.૧ માણસ રહેતા હતા. એક માણસ દીઠ મુંબઇમાં ૨૭.૫૮ ચોરસ ફુટ, અમદાવાદમાં ૪૩.૦૪ ચોરસ ફુટ અને સોલાપુરમાં ૨૪.૦૩ ચોરસફુટ સરેરાશ રહેવાના ઘરની જગ્યા મળતી હતી.

નવી યોજનામાં દરેક માણસને એકસો ચોરસ ફુટના હિસાબે પાંચ માણસના એક ઘર માટે પાંચસો ફુટ જગ્યા જોઇએ. બાંધકામનું ખર્ચ ગામડામાં રૂ. ૪૦૦ અને શહેરમાં રૂા ૮૦૦ થાય તેમ ગણાય. આ ધોરણ ઉપર લઇ જવા માટે અત્યારના ઘણા મકાનોમાં સુધારા વધારા કરવા પડે અને કેટલાક નવા બાંધવા પડે. તેનું મકાન બાંધવાનું ખર્ચ ૧૪ અબજ રૂપીયા અને તે મકાનો સંભાળવાનું ચાલુ વાર્ષિક ખર્ચ સાડા સાત ટકાના હિસાબે અઢી અબજ રૂપીયા આવે.

### રોગ નિવારણ

હિંદુસ્થાનમાં જન્મ, મરણ અને બાળમરણ દસ હજાર માણસદીઠ નીચે મુજબ છે. તે મુજબની બીજા દેશોની સરખામણી પણ સાથેજ રાખવામાં આવી છે.

| | જન્મ | મરણ | બાળમરણ |
|---|---|---|---|
| કેનેડા | ૨૦ | ૯ | ૬૧ |
| અમેરિકા | ૧૭ | ૧૦ | ૪૮ |
| જર્મની | ૨૦ | ૧૨ | ૬૦ |
| ઇગ્લાંડ | ૧૫ | ૧૨ | ૫૩ |
| ઓસ્ટ્રેલીયા | ૧૭ | ૯ | ૩૮ |
| જાપાન | ૨૭ | ૧૭ | ૧૧૪ |
| હિંદુસ્થાન | ૩૩ | ૨૧ | ૧૬૭ |

ઉપરના આંકડા હિંદી પ્રજાની તંદુરસ્તીનું અતિ કંગાળ ધોરણ રજુ કરે છે. તે નિવારવા માટે ઓછામાં ઓછું (૧) રોગ નિવારણ માટે સ્વચ્છતા અને તંદુરસ્તી વધે તેવી સુચના આપનારા ખાસ માણસો રાખવા અને તેનો પ્રજામાં પ્રચાર કરવો; ચોકખા પાણીની વ્યવસ્થા દરેક ગામ માટે કરવી આ માટે એક અબજ રૂપીયાનું પ્રાથમિક ખર્ચ અને બીજું વાર્ષિક સાડા સાત કરોડનું ખર્ચ ગણવામાં આવ્યું છે (૨) પ્રત્યેક ગામડામાં એક દવાખાનું ખોલવું (૩) પ્રત્યેક મોટા ગામમાં ૪૦ દર્દીઓ અંદર રહી શકે તેવી હોસ્પીટાલ અને સુવાવડખાનું ખોલવાં (૪) તે ઉપરાંત શહેરોમાં ક્ષય, કેન્સર, ચામડીના ચેપી રોગો વગેરે માટેની ખાસ ઇસ્પીતાલો ખોલવા.

### ઇસ્પીતાલો અને સુવાવડખાનાં

હિંદુસ્થાનમાં ૪૨૦૦૦ ડોકટરો અને ૪૫૦૦ નર્સ છે; એટલે કે ૯૦૦૦ માણસે એક ડોકટર અને ૮૬૦૦૦ માણસે એક નર્સ છે. ઇગ્લાંડમાં ૭૬૬ માણસે એક ડોકટર અને ૪૩૫ માણસે એક નર્સ છે. હિંદુસ્થાનમાં હોસ્પીટાલ અને દવાખાના મળીને કુલ ૭૩૦૦ હતા; તેમાં ૭૪૦૦૦ પથારીઓની સગવડ હતી. આ રીતે ૪૧૦૦૦ માણસ દીઠ એક ઇસ્પીતાલ અને ૪૦૦૦ માણસ દીઠ એક પથારી થઇ.

૧૯૪૧ ની વસતી ગણત્રી મુજબ એક ગામડામાં ૫૧૭ માણસોની વસ્તી હતી. એક ગામડામાં એક સારો ડોકટર અને બે નર્સ રાખવાની આ યોજનામાં ગણત્રી છે. દવાખાનું સંભાળવા ઉપરાંત રોગનિવારણ અર્થે સૂચનાઓ પ્રસિદ્ધ કરી તેનો પ્રચાર કરવાનું તેમજ શીતળા કે તેવા ચેપી રોગો વખતે મોટા પ્રમાણમાં ઇન્જેકશન વગેરે આપવાનું કાર્ય પણ તેમણે જ કરવાનું રહેશે. આવા એક દવાખાનાનું મકાન બારસો ચોરસ ફુટ જગ્યામાં ચણવાનું રૂા. ૧૦૦૦, સાધનો વસાવવાનું ખર્ચ રૂા. ૧૦૦૦ અને વાર્ષિક ખર્ચ ૨૦૦૦ ગણવામાં આવ્યું છે.

આ ઉપરાંત દરેક મોટા ગામમાં દસ હજારની વસ્તી દીઠ ૪૦ પથારીની સગવડવાળી એક હોસ્પીટાલ ખોલવાની ગણત્રી છે. હિંદુસ્થાનના મોટા શહેરોની સરેરાશ વસતી એક ગામ દીઠ ૧૮૩૬૫ ની છે. એટલે એક શહેર દીઠ સરેરાશ ચાલીશ પથારી વાળી બે હોસ્પીટલ અગર એંશી પથારીવાળી એક હોસ્પીટાલ જોઇએ. એક હોસ્પીટલ દીઠ મકાન અને સાધનો વસાવવાનું ખર્ચ રૂા. ૪૦૦૦૦ અને વાર્ષિક ખર્ચ રૂા. ૨૮૦૦૦ ગણવામાં આવ્યું છે.

અને આવા દરેક શહેરમાં ત્રીશ પથારીની સગવડવાળી એક સુવાવડખાનાની અલાયદી સગવડ રાખવાની છે. આવી દરેક ઇસ્પીતાલના મકાન અને સાધન વસાવવાનું ખર્ચ રૂા. ૩૦,૦૦૦ અને વાર્ષિક ખર્ચ રૂ. ૨૪,૦૦૦ ગણવામાં આવ્યું છે.

ક્ષય, કેન્સર જેવા ગંભીર, ચેપી અને ખાસ દર્દો માટેની, અલાયદી ઇસ્પીતાલનું મકાન અને સાધનોનું ખર્ચ રૂા. ૧૯ કરોડ અને વાર્ષિક ખર્ચ રૂ. ૧૧ કરોડ ગણવામાં આવ્યું છે.

એકંદર તબીબી ખાતાનું પ્રાથમિક અને વાર્ષિક ખર્ચ નીચે મુજબ ગણવામાં આવ્યું છે. આ આંકડા કરોડ રૂપીયામાં ગણવા.

| | પ્રાથમિક | વાર્ષિક |
|---|---|---|
| ગામડાની ઇસ્પીતાલ | ૧૩૨ | ૧૩૨ |
| શહેરની ઇસ્પીતાલ | ૨૨ | ૧૫ |
| ,, સુવાવડખાનું | ૮ | ૬ |
| ગંભીર દર્દની ઇસ્પીતાલ | ૧૯ | ૧૧ |
| સ્વચ્છતા અને પાણી | ૧૦૦ | — |
| | ૨૮૧ | ૧૬૪ |

આ ઉપરાંત મકાન અને સાધનો વસાવવાનું જે પ્રાથમિક ખર્ચ ગણ્યું છે તેના સાડા સાત ટકા જેટલુ વાર્ષિક ખર્ચ તે મકાન અને સાધનો સંભાળવા-સાચવવા પાછળ કરવામાં આવશે તે જુદું ગણવામાં આવ્યું છે.

### કેળવણી

પાંચ વર્ષ ઉપરની ઉમરના માણસોનું કેળવણીનું પ્રમાણ હિંદમાં ૧૪-૬ ટકા છે જ્યારે જગતના બીજા પ્રગતિમાન દેશોમાં એંશી ટકા ઉપર છે. દસ વર્ષ ઉપરની ઉમરનો દરેક માણસ વાંચતાં લખતાં શીખેલો હોવો જોઇએ. તે ધોરણે કેળવણીની યોજના વિચારાઇ છે. આ માટે દરેક ગામડામાં પાંચ ધોરણ સુધીની નિશાળ હોવી જોઇએ. આ માટે બે ઓરડાનું મકાન બાંધવામાં છાસઠ કરોડ રૂપીયા થાય. મોટા ગામોમાં વધુ સગવડવાળી પ્રાથમિક શાળા માટેના મકાન બાંધવામાં બીજા વીશ કરોડનું ખર્ચ થાય.

છથી અગીયાર વર્ષની ઉમરના બાળકો માટે કેળવણી ફરજીઆત કરતા અને દરેક બાળક દીઠ કેળવણી આપવાનું વાર્ષિક ખર્ચ ગામડામાં રૂા. ૧૫ અને મોટા ગામમાં રૂા. ૨૫

ગણતા વાર્ષિક ખર્ચ રૂા. ૮૨ કરોડ થવાની ગણત્રી છે. આ ઉપરાંત મોટી ઉમરના સર્વે અભણ માણસોને લખતા વાંચતા શીખવવાનું પંદર વર્ષનું ખર્ચ રૂા. ૬૬ કરોડ ગણવામાં આવ્યું છે. આ રીતે કુલ કેળવણીનું ખર્ચ નીચે મુજબ ગણવામાં આવ્યું છે.

| | |
|---|---|
| પ્રાથમિક ખર્ચ | રૂા. ૮૬ |
| વાર્ષિક ખર્ચ | રૂા. ૮૮ |
| રાત્રી શાળાઓનું ખર્ચ | રૂા. ૬૬ |

## ઓછામાં ઓછી જરૂરીયાત

આ બધું ઉપર જણાવ્યું તે મનુષ્યની ઓછામાં ઓછી જરૂરીયાત માટેનું ખર્ચ છે. તેનો કુલ સરવાળો નીચે મુજબ થાય છે. મકાનો અને સાધનો વસાવવાનું ખર્ચ આમાં ગણ્યું નથી. માત્ર વાર્ષિક ખર્ચ બતાવ્યું છે.

| | | |
|---|---|---|
| ખોરાક | રૂા. ૨૧૦૦ | કરોડ |
| કપડા | રૂા. ૨૬૦ | કરોડ |
| મકાન | રૂા. ૨૬૦ | કરોડ |
| તબીબી | રૂા. ૧૯૦ | કરોડ |
| કેળવણી | રૂા. ૯૦ | કરોડ |
| કુલ | રૂા. ૨૯૦૦ | કરોડ |

૧૮૪૧ના આંકડા મુજબ હિંદની વસતી ૩૮૯૦ લાખ માણસોની છે. આખી પ્રજાની ઓછામાં ઓછી જરૂરીયાત સંતોષાય તે માટે ઓગણત્રીશ અબજના વાર્ષિક ખર્ચની જરૂરીયાત છે. એટલે માણસ દીઠ ઓછામાં ઓછી વાર્ષિક સરેરાશ રૂા. ૭૪ની આવક હિંદી પ્રજાજનને થવી જોઇએ. ૧૯૩૧-૩૨ ના આંકડા મુજબ આ આવક રૂા. ૬૫ હતી. ૧૯૪૧ માં વસતી વધી એટલે આવકમાં ઘટાડો થયો હશે.

અને આટલી આવકથી માણસની માત્ર ઓછામાં ઓછી જરૂરીયાત પુરી પડે છે; પણ જ્યારે આવી રાષ્ટ્રવ્યાપી યોજના સર્જાતી હોય ત્યારે મનુષ્યની ઓછામાં ઓછી જરૂરીયાત ઉપરાંત તેના માનસિક વિકાસ માટે પુરેપુરો અવકાશ રહે તેવી ગોઠવણ કરવી જોઇએ. એટલે હિંદી પ્રજાજનની આવક પંદર વર્ષની યોજનાને અંતે આજના કરતાં ત્રણગણી અને પંદર વર્ષમાં વધેલી વસ્તીની સંખ્યાના હિસાબે બેવડી થાય તેવો આ યોજનાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. તેવો ત્રણગણો આવક વધારો કેમ થઇ શકે તેની સવિસ્તર સમાલોચના હવે પછીના અંકમાં કરીશું.

અપૂર્ણ — બાપાલાલ દોશી

## સંઘ સમાચાર

(પૃષ્ટ ૨૦૧ થી ચાલુ)

આ પ્રવૃત્તિનો હેતુ છે. જૈન સમાજ આ પ્રવૃત્તિને અપનાવે અને સંઘ ઉપર નાની મોટી રકમોનો વરસાદ વરસાવે કે જેથી આ રાહત પ્રવૃત્તિ બંધ કરવાનો વખત જ સંઘ માટે ન આવે એવી અમો આશા સેવી રહ્યા છીએ.

### નર્સ થવા ઇચ્છનાર જૈન બહેન માટે

બોમ્બે પ્રોવીન્શીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ લઇને નર્સ થવા ઇચ્છનાર જે કોઇ જૈન બહેનને આર્થિક મદદની અપેક્ષા હોય તે બહેને શ્રી મુંબઇ જૈન યુવકસંઘના મંત્રી ઉપર ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩ એ સરનામે પોતાની ઉમ્મર, આર્થિક સ્થિતિ, પોતે કયાં સુધી અભ્યાસ કર્યો છે, પરીક્ષાના પરિણામો, કયા હોસ્પીટલમાં રહીને નર્સીંગની તાલીમ લેનાર છે વગેરે વિગતો જણાવતી અરજી લખી મોકલવી. જે બહેનોની અરજીઓ આવી હશે તેમાંથી આર્થિક દૃષ્ટિએ તેમજ આજ સુધીના અભ્યાસ તેમજ પરીક્ષાઓના પરિણામની દૃષ્ટિએ સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરોક્ત અભ્યાસક્રમ પુરો કરવાની સરતે તે ક્રમ પુરો થાય ત્યાં સુધી દર માસે રૂ. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

## પ્રકીર્ણ સમાચાર

### મુંબઇ જૈન કન્યા છાત્રાલય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી થોડા સમયમાં જૈન કન્યા છાત્રાલય શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ કન્યા છાત્રાલયને અંગે એકઠા થતા ભંડોળમાં એક લાખ ઉપરાંતની રકમો ભરાઇ ગઇ છે અને થોડા સમયમાં દોઢ લાખના સીમા ચિહ્નને પહોંચી જશે એવી આશા રહે છે. કન્યા છાત્રાલયનું બંધારણ ધારાધોરણ તથા પેટાનિયમો લગભગ તૈયાર થવા આવ્યા છે અને આવતા જુન માસમાં કન્યા છાત્રાલય શરૂ કરી શકાશે એવી આશા રહે છે.

### શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈ.

મુંબઇના શ્રી પાટણ જૈન પાટણ જૈન મંડળે ચાલુ વર્ષમાં નીચે જણાવ્યા મુજબ જુદી જુદી પ્રવૃત્તિઓમાં નીચેની રકમો ખરચવાનું નકકી કર્યું છે.

| | |
|---|---|
| ૨૦૦૦ | કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને લોન સ્કોલરશીપ |
| ૨૦૦૦ | શાળામાં ભણતા વિદ્યાર્થીઓને સ્કુલ ફી તથા સ્કોલરશીપ |
| ૨૫૦૦ | બાળાશ્રમમાં મફત વિદ્યાર્થીઓ રાખવા માટે મદદ |
| ૨૦૦૦ | પુસ્તકાલયમાં નવા પુસ્તકો ખરીદવા |
| ૫૦૦ | વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકોની મદદ |
| ૨૦૦૦ | રાહતની અપેક્ષા ધરાવતા પાટણના જૈન ભાઇબહેનોને રોકડ તેમજ અન્ય પ્રકારની સહાય |
| ૧૧૦૦૦ રૂા. | |

### ગજપંથાજી ઉપરનો અત્યાચાર

નાસીક પાસે આવેલા જૈન તીર્થ ગજપંથાજી ઉપર જે ભયંકર અત્યાચાર થયાની હકીકત પ્રગટ કરવામાં આવી હતી તેના અનુસંધાનમાં જણાવવાનું કે ત્યાંથી ઉપડી ગયેલી બે મૂર્તિઓ સરકારે મેળવીને તીર્થના વહીવટદારોને પાછી સોંપી છે અને આ કરપીણ કાર્ય કરનાર એક મુસલમાન હવાલદારને દોઢ વર્ષની સજા કરવામાં આવી છે.

### બીકાનેરમાં બાળદીક્ષા પ્રતિબંધ બીલ.

આ રાજ્યમાં બાળદીક્ષા અંગેનો પ્રશ્ન ઘણા સમયથી ઘોળાયા કરતો હતો. તેમાં પણ છેલ્લા છ માસમાં લગભગ ૨૫૦ બાળકોને ફરજીયાત દીક્ષા આપવામાં આવી. આથી બીકાનેરવાસીઓના મનમાં ઘણુંજ લાગી આવેલ જેથી બીકાનેર રાજ્યમાં સગીર ઉંમરના છોકરાઓ અને છોકરીઓને દીક્ષા આપીને સાધુ-સાધ્વી અને યતિઓ બનાવવાના પ્રયાસ સામે પ્રતિબંધ મુકનારું એક બીલ ધારાસભામાં રજુ થયું છે. આ બીલમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઇપણ શખ્સ સગીર ઉંમરના છોકરા અગર છોકરીને દીક્ષા આપશે તો એને વધુમાં વધુ એક વર્ષ સુધીની જેલની શિક્ષા તેમજ દંડની પણ સજા થશે. ૧૮ વર્ષથી ઓછી ઉમ્મરના છોકરા-છોકરીને આ બીલના ઉદ્દેશ માટે સગીર ગણવામાં આવશે. આવી જાતના સગીરોને અપાયેલી દીક્ષા ગેરકાયદેસર ઠરશે અને રદ થયેલી ગણાશે. આ પ્રતિબંધનો ભંગ કરનાર આરોપી સામે ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કામ ચલાવવામાં આવશે.

# ગૂજરાત યુનિવર્સિટી

ગઇ નાતાલની રજાઓમાં વડોદરા મુકામે ભરાયેલા ગૂજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના પ્રમુખસ્થાનેથી લેડી વિદ્યાગૌરી નીલકંઠે ગૂજરાત યુનિવર્સિટીની આવશ્યકતા વિશે સચોટ રીતે સૌનું ધ્યાન દોર્યું હતું. ગૂજરાત યુનિવર્સિટી વિષેની પ્રવૃત્તિ સાથે હું છેક ૧૯૨૬ થી સંકળાયેલો છું, જો કે વચમાં થોડાંક વર્ષ એ પ્રવૃત્તિ મૃતપ્રાય: થઇ ગઇ હતી. હવે ગૂજરાતી સાહિત્ય પરિષદે પોતાના પ્રમુખના નેતૃત્વ હેઠળ એ પ્રશ્નની પુનર્વિચારણા કરી નવેસરથી એ પ્રવૃત્તિ ઉપાડવાનું નક્કી કર્યું છે.

આ પ્રશ્નને આપણે વિચારીએ તે પહેલાં ગૂજરાત યુનિવર્સિટી આજ પહેલાં ક્યારનીયે સ્થપાવી ઘટતી હતી તેનો અને યુનિવર્સિટીની રચના માટેની સંપૂર્ણ સામગ્રી ગુજરાતમાં મોજુદ છે તેનો ખ્યાલ આવી રહે તે માટે થોડીક હકીકતો અને આંકડાઓ અહીં ઉતારીશ.

૧૯૨૫ માં આખા મુંબઇ પ્રાંતમાંથી યુનીવર્સીટીની મેટ્રિક, ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ, બી. એ, બી. એસ. સી., વગેરે જુદી જુદી પરીક્ષાઓમાં બેસનારા વિદ્યાર્થીઓના આંકડા સાથે ૧૯૪૨ માં મુંબઇ પ્રાંતમાંથી અને માત્ર ગુજરાતમાંથી એ જ પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓના આંકડા સરખાવવામાં આવશે તો ગુજરાતની પોતાની યુનીવર્સીટી માટેનો સમય ક્યારનો એ પાકી ગયો છે એનું ભાન થયા વિના નહિ રહે. આ રહ્યા એ આંકડા :

| | સમસ્ત મુંબઇ પ્રાન્તમાંથી | | માત્ર ગૂજરાતમાંથી |
|---|---|---|---|
| **પરીક્ષા** | **૧૯૨૫** માં | **૧૯૪૨** માં | **૧૯૪૨** માં |
| મેટ્રિક | ૮૩૪૩ | ૨૯૦૩૧ | ૯૬૪૪ |
| ઇન્ટર આર્ટ્સ | ૨૦૬૦ | ૪૧૮૮ | ૧૩૯૨ |
| ઇન્ટર સાયન્સ | ૯૮૪ | ૩૫૮૪ | ૮૯૨ |
| બી. એ. | ૯૯૭ | ૨૩૯૭ | ૬૬૫ |
| બી. એસસી. | ૩૧૮ | ૧૯૮૪ | ૪૧૫ |
| કુલ | ૧૨,૭૦૨ | ૪૧,૧૮૪ | ૧૩,૦૦૮ |

આ દૃષ્ટિએ વિચારતાં ૧૯૨૫ માં મુંબઇ યુનિવર્સિટીનુ અસ્તિત્વ જેટલે અંશે પ્રમાણપાત્ર હતું તેટલે જ અંશે ૧૯૪૨ માં સ્વતંત્ર ગૂજરાત યુનિવર્સિટીનું અસ્તિત્વ પ્રમાણપાત્ર હતું, અને આજે તો એથીય વધારે છે.

એક બીજી દૃષ્ટિએ પણ આ પ્રશ્ન વિચારવો ઘટે છે. મુંબઇ યુનિવર્સિટીની જવાબદારીઓ પહોંચી ન વળાય એટલી વધી પડી છે. દર વર્ષે અધિકાધિક સંખ્યામાં કોલેજોમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ અને મેટ્રિક સિવાયની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓના આંકડા પરથી એટલું સ્પષ્ટ થઇ રહેશે. ૧૯૩૮ થી ૧૯૪૨ સુધીના આંકડા અહીં આપ્યા છે.

| વર્ષ | કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ | મેટ્રિક સિવાયની પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓ |
|---|---|---|
| ૧૯૩૮ | ૧૮,૧૯૩ | ૧૪,૩૫૯ |
| ૧૯૩૯ | ૧૯,૯૮૬ | ૧૫,૨૫૯ |
| ૧૯૪૦ | ૨૩,૪૮૯ | ૧૬,૮૮૩ |
| ૧૯૪૧ | ૨૫,૪૬૦ | ૧૭,૮૫૫ |
| ૧૯૪૨ | ૨૬,૮૧૪ | ૧૯,૩૧૭ |

યુનિવર્સિટીનું પોષણ કરનારી માધ્યમિક શાળાઓની સંખ્યા પણ પ્રતિ વર્ષ વધતી જ રહે છે. ૧૯૩૮ થી ૧૯૪૨ સુધીના વચગાળામાં મુંબઇ પ્રાંત અને ગૂજરાતમાં અનુક્રમે ૧૨૦ અને ૨૩ માધ્યમિક શાળાઓનો વધારો થયો છે, એ નીચે આપેલા આંકડા દર્શાવશે.

| વર્ષ | પ્રાંતમાં માધ્યમિક શાળાઓ | ગૂજરાતમાં માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| ૧૯૩૮ | ૪૮૩ | ૧૪૮ |
| ૧૯૩૯ | ૫૦૯ | ૧૫૫ |
| ૧૯૪૦ | ૫૩૩ | ૧૫૮ |
| ૧૯૪૧ | ૫૭૦ | ૧૭૦ |
| ૧૯૪૨ | ૬૦૩ | ૧૭૧ |

આજ રીતે ઇલાકાભરમાંથી અને માત્ર ગુજરાતમાંથી મેટ્રિકની પરીક્ષાના ઉમેદવારોની સંખ્યા પણ વર્ષોવર્ષ વધતી રહી છે. ૧૯૩૮ થી ૧૯૪૨ સુધીના આંકડા નીચે પ્રમાણે છે :

| વર્ષ | પ્રાંતમાંથી | ગુજરાતમાંથી |
|---|---|---|
| ૧૯૩૮ | ૧૮,૮૨૩ | ૫૭૪૦ |
| ૧૯૩૯ | ૨૧,૧૦૩ | ૬૬૧૫ |
| ૧૯૪૦ | ૨૩,૬૭૮ | ૭૭૧૦ |
| ૧૯૪૧ | ૨૬,૮૮૩ | ૮૦૩૭ |
| ૧૯૪૨ | ૨૯,૦૩૧ | ૯૬૪૪ |

આપણે કલ્પેલી ગૂજરાત યુનિવર્સિટીમાં ગૂજરાતી ભાષા અને સાહિત્યને જ અગ્રસ્થાન મળવું જોઇએ એ કહેવાની જરૂર ભાગ્યે જ રહે છે. એમ થાય તે જ યોગ્ય છે એ તો ૧૯૩૮ થી ૧૯૪૨ સુધીનાં વર્ષોમાં વર્તમાન ભારતીય ભાષા પેટે મેટ્રિકની પરીક્ષા વાસ્તે ગૂજરાતી લેનારની અને એ જ પરીક્ષામાં અન્ય વિષયોનાં ઉત્તરપત્રો માટે ગૂજરાતી માધ્યમનો સ્વીકાર કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઉપરથી પ્રતીત થશે. એ આંકડા નીચે પ્રમાણે છેઃ

| **વર્ષ** | ગૂજરાતી લેનાર વિદ્યાર્થીઓની **સંખ્યા** | અન્ય વિષયોનાં ગૂજરાતીમાં અપાયેલાં ઉત્તરપત્રોની **સંખ્યા** |
|---|---|---|
| ૧૯૩૮ | ૬૦૮૩ | ૧૫,૯૮૬ |
| ૧૯૩૯ | ૭૦૨૮ | ૨૦,૩૦૬ |
| ૧૯૪૦ | ૮૬૭૪ | ૨૫,૨૭૦ |
| ૧૯૪૧ | ૯૬૪૮ | ૩૦,૬૧૮ |
| ૧૯૪૨ | ૧૦,૩૧૯ | ૩૪,૦૯૪ |

યુનિવર્સિટીની બીજી પરીક્ષાઓના ઉમેદવારોમાં પણ ગૂજરાતી વિદ્યાર્થીઓની પ્રમાણમાં ઠીક મોટી કહી શકાય તેવી સંખ્યા હતી એ નીચે આપેલા કોષ્ટક ઉપરથી સમજાશે. એ સંખ્યા હજી પણ વધતી જ જાય છે.

| પરીક્ષા | ૧૯૩૮ | | ૧૯૩૯ | | ૧૯૪૦ | | ૧૯૪૧ | | ૧૯૪૨ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગૂ. | મું. | ગૂ. | મું. | ગૂ. | મું. | ગૂ. | મું. | ગૂ. | મું. |
| ઇન્ટર આર્ટ્સ | ૮૨૪ | ૩૧૫૯ | ૮૪૨ | ૨૯૯૪ | ૯૦ | ૩૩૩૩ | ૧૨૯૧ | ૩૯૪૮ | ૧૩૯૨ | ૪૧૮૮ |
| બી. એ. | ૩૭૫ | ૧૯૮૬ | ૪૯૧ | ૨૨૯૬ | ૪૩૬ | ૧૯૮૫ | ૪૫૯ | ૧૯૦૯ | ૬૬૫ | ૨૩૯૭ |
| બી. ટી. | — | — | — | — | ૫૩ | ૩૯૨ | ૭૮ | ૪૨૧ | ૮૦ | ૫૨૫ |
| ટી. ડી. | — | — | — | — | — | — | ૩૨ | ૧૪૧ | ૬૯ | ૧૮૯ |
| ઇન્ટર કૉમર્સ | — | — | — | — | ૧૬૩ | ૪૩૭ | ૨૫૨ | ૫૨૫ | ૨૬૭ | ૬૦૯ |
| બી. કૉમ. | — | — | — | — | ૯૩ | ૪૦૦ | ૧૬૩ | ૪૬૧ | ૧૮૪ | ૫૬૯ |
| ઇન્ટર સાયન્સ | ૩૮૫ | ૨૦૦૪ | ૩૫૭ | ૧૯૩૨ | ૪૭૭ | ૨૧૮૧ | ૬૪૫ | ૨૯૫૩ | ૮૯૨ | ૩૫૮૪ |
| બી. એસ સી. | ૧૧૨ | ૧૩૮૬ | ૧૧૩ | ૧૫૬૬ | ૨૪૦ | ૧૭૧૯ | ૨૮૩ | ૧૭૮૭ | ૪૧૫ | ૧૯૮૪ |
| પહેલી એલએલ. બી. | ૨૩૮ | ૧૪૧૮ | ૧૯૧ | ૧૧૬૬ | ૪૧૯ | ૨૨૯૨ | ૨૩૪ | ૧૩૧૬ | ૩૦૭ | ૧૩૫૨ |
| બીજી એલએલ. બી. | ૧૩૭ | ૯૭૮ | ૧૭૯ | ૧૦૩૪ | ૨૪૧ | ૧૪૭૯ | ૩૫૮ | ૨૦૧૯ | ૨૫૦ | ૧૨૩૦ |

[નોંધ: ગૂ=ગૂજરાત : મું.=સમસ્ત મુંબઇ પ્રાંત.]

નિર્ધારિત ગૂજરાત યુનિવર્સિટીની પ્રાદેશિક અધિકાર-મર્યાદામાં બ્રિટિશ હકુમતના અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ, અને સુરત એટલા જિલ્લા ઉપરાંત વડોદરા, વાંસદા, ખંભાત, કચ્છ, ધરમપુર, રાજપીપળા તેમજ બનાસકાંઠા, મહીકાંઠા, રેવાકાંઠા, પશ્ચિમ હિન્દ અને સુરતનાં દેશી રાજ્યોનો સમાવેશ થઇ શકશે. આમ લગભગ ૬૦,૦૦૦ ચોરસ માઇલના વિસ્તારને આ યુનિવર્સિટી આવરી લઇ શકશે.

ગૂજરાતમાં અત્યારે આર્ટ્સ અને સાયન્સની ૭ કોલેજો, ૨ લૉ કોલેજો, ૨ કોમર્સ કોલેજ અને ૧ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ છે. આ સંસ્થાઓ મુંબઇ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. ઉપરાંત મુંબઇ યુનિવર્સિટીએ પ્રમાણિત કરેલી કેટલીક પોસ્ટ-ગ્રેજ્યુએટ સંસ્થાઓ પણ છે. એટલે યુનિવર્સિટીની આપણી કલ્પના સંતોષાય તે માટે એક મેડિકલ કોલેજ, એક એન્જીનિયરીંગ કોલેજ અને એક ખેતીવાડીની કોલેજની જરૂર ઉભી છે. આ કોલેજો માટેની ભૂમિકા તો તૈયાર થઇ ગઇ છે. એમને અવતારવી જ હવે બાકી છે.

આ સહજસ્વીકાર્ય આંકડા અને હકીકતો વિચાર્યા પછી મને લાગે છે કે ગૂજરાત યુનિવર્સિટીની સ્થાપના લગીરે ઢીલ ખમી શકે એમ નથી.

**કનૈયાલાલ માણેકલાલ મુનશી.**

# ગાંધીજીના શબ્દોમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન.

(ગતાંકથી ચાલુ)

**સ્ત્રીઓની ઉન્નતિ**

સ્ત્રીઓની ઉન્નતિનો મેં રચનાત્મક કાર્યક્રમમાં સમાવેશ કર્યો છે; કેમકે જો કે સત્યાગ્રહે હિંદુસ્તાનની સ્ત્રીઓને આપોઆપ, આટલા અતિશય ટૂંકા સમયમાં બીજા કશાથી ન બની શકત એટલે અંશે, અંધારામાંથી બહાર આણી છે, છતાં મહાસભાવાદીઓના મનમાં હજુ એમ સ્પષ્ટ સૂઝયું નથી કે સ્વરાજ માટેની લડતમાં સ્ત્રીઓ સરખી ભાગીદાર બનેલી છે. તેઓ એમ સમજ્યા નથી કે સેવાકાર્યમાં સ્ત્રી એ પુરૂષની ખરેખરી સહચરી હોવી જોઇએ. જે રૂઢિઓ ને કાયદા પુરૂષે ઘડેલા હતા ને જે ઘડવામાં સ્ત્રીનો હાથ બિલકુલ ન હતો તે રૂઢિઓ ને કાયદા તળે સ્ત્રીને કચડવામાં આવી છે. અહિંસા પર રચાયેલી જીવનની યોજનામાં જેટલો અધિકાર પુરૂષને પોતાનું ભાવિ ઘડવાનો છે તેટલોજ અધિકાર સ્ત્રીને તેનું પોતાનું ભાવિ ઘડવાનો રહેલો છે. પણ અહિંસક સમાજમાં અગાઉ કર્તવ્યનું પાલન કર્યું હોય તો જ હક પ્રાપ્ત થાય એવો ધારો છે; એટલે એમાંથી એ ફલિત થાય છે કે, સામાજિક આચારના નિયમો એકબીજાની જોડે હળીમળીને સલાહમસલત કર્યા પછી જ ઘડવા જોઇએ. એ કદી બહારથી ઠોકી બેસાડાય નહિ. પુરૂષો સ્ત્રીઓ પ્રત્યેના પોતાના વર્તનમાં આ સત્ય સમજ્યા નથી. પોતે સ્ત્રીઓના મિત્ર અને સાથી છે એમ માનવાને બદલે તેમણે પોતાને સ્ત્રીઓના શેઠ અને માલિક માન્યા છે. ભારતવર્ષની મહિલાઓને પોતાની ઉન્નતિ સાધવામાં મદદ કરવાનો મહાસભાવાદીઓનો વિશેષ ધર્મ છે. પોતે મુક્ત થઇ શકે છે કે પોતે કયારેક તો મુક્ત થવું રહ્યું છે એની જેમ જૂના જમાનાના ગુલામને ખબર ન હતી, તેના જેવી સ્ત્રીઓની દશા છે. એ ગુલામને જ્યારે જ્યારે મુક્તિ ખરેખર મળી ત્યારે ક્ષણભર તો તે અસહાય બની ગયો. સ્ત્રીઓને પોતે પુરૂષોની દાસીઓ છે એમ માનવાનું શિક્ષણ આટલો કાળ અપાયું છે. સ્ત્રીઓને તેમના પૂરા દરજ્જાનું ભાન થાય ને તેઓ પુરૂષોની સમોવડી તરીકે પોતાનો ભાગ ભજવી શકે એ શક્તિ સ્ત્રીઓમાં ઉત્પન્ન કરવી એ મહાસભાવાદીઓનું કર્તવ્ય છે.

જો મનનો નિશ્ચય હોય તો આ ક્રાંતિ સહેલી છે. મહાસભાવાદીઓ પોતાના ઘરથી શરૂઆત કરે. સ્ત્રીઓ ઢીંગલી અને ભોગના સાધનરૂપ ન ગણાવી જોઇએ, પણ સમાજની સેવામાં માનવંતી સહચરી લેખાવી જોઇએ. એ ધ્યેયની સિદ્ધિને સારૂ, જે બહેનોને ઉંચી કેળવણી નથી મળી તેમને પતિઓ તરફથી જે શિક્ષણ મળી શકે તે મળવું જોઇએ. એ જ કથન ઘટતા ફેરફાર સાથે માતાઓ અને પુત્રીઓની બાબતમાં પણ લાગુ પડે છે.

મારે એમ કહેવાની જરૂર ભાગ્યે જ છે કે હિંદની સ્ત્રીઓની અસહાય દશાનો એકપક્ષી ચિતાર મેં આપ્યો છે. મને બરાબર ખબર છે કે ગામડામાં તો સ્ત્રીઓ સામાન્યપણે પુરૂષોની જોડે બરાબર ટક્કર ઝીલી શકે છે ને કેટલીક બાબતમાં તો પુરૂષો પર દોર પણ ચલાવે છે. પણ નિષ્પક્ષ પરદેશીની નજરને કાયદા તેમજ રૂઢિ બંનેની રૂઇએ આપણા સ્ત્રી-વર્ગનો દરજ્જો બધી બાબતમાં ખરાબ લાગે એવો છે અને તેમાં ધરમૂળથી ફેરફાર થવો જરૂરી છે.

**ગાંધીજી**

સમાપ્ત.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨૪

મુંબઇ: ૧૫ એપ્રિલ ૧૯૪૪ શનિવાર.

લવાજમ
રૂપિયા ૩

## અખિલ હિંદ મહિલા પરિષદ

### એક ઉડતી નજર

એપ્રીલની ૭, ૮, ૯, ૧૦ તારીખ દરમ્યાન મુંબઇના આંગણે અખિલ હિંદ મહિલા પરિષદનું અધિવેશન ભરાઇ ગયું, આ ચાર દીવસોનું અધિવેશન ભરવા માટે કેટલાય દીવસથી અનેક કાર્ય કરતી બ્હેનો તનતોડ મહેનત કરી રહી હતી. સેન્ડ-હર્સ્ટ રોડ પર વનિતા વિશ્રામની પાછળ આવેલા મેદાનમાં એક ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો અને તેને બહુ સુંદર રીતે શણુગારવામાં આવ્યો હતો, તેમજ ધ્વનિવર્ધક યંત્ર, વીજળીની બત્તી તેમજ પંખા વગેરેની ગોઠવણ કરવામાં આવી હતી. પહેલા દિવસે પરિષદના નિવૃત્ત થતા પ્રમુખ શ્રી વિજયાલક્ષ્મી પંડિતનું ભાષણ સુંદર. સચોટ અને મનનીય હતું અને શુદ્ધ હિંદીમાં આપવામાં આવ્યું હતું, જ્યારે આગામી વર્ષના પ્રમુખ કમલાદેવીનું વ્યાખ્યાન બહુ જોસદાર અને વિચારપ્રેરક હતું અને અંગ્રેજી ભાષામાં લખવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના નગરપતિ શ્રી મસાણી, જાણીતા આગેવાન કોંગ્રેસવાદી શ્રી ભુલાભાઇ, ન્યાયમૂર્તિ ચાગલા, વાઇસ ચાન્સેલર વાડીયા તથા માજી ન્યાયમૂર્તિ પાટકરને પ્રસંગોચિત બે શબ્દો બોલવા માટે નિમંત્રણ કરવામાં આવ્યું હતું. દરેક વકતાએ પોતપોતાના દ્રષ્ટિબિંદુથી મહિલાપરિષદનું મહત્વ, સ્ત્રીઓની જાગૃતિ, સ્ત્રીપુરૂષોની સમાનતા વગેરે બાબતો બહુ ટુંકાણમાં છતાં સચોટ રીતે ચર્ચી હતી. વળી જ્યારે હિંદુસ્થાનના પુરૂષો પક્ષાપક્ષીમાં અને જુદા જુદા ભાગલાઓમાં વહેંચાઇ ગયા છે ત્યારે સ્ત્રીઓ હિંદુ, પારસી, મુસલમાન, ખ્રીસ્તી એ રીતે ઉભા ન રહેતા એક સ્ત્રી તરીકે જ ઉભા રહીને પોતાના હકો માંગે છે એ બાબત ઉપર પણ તેમણે ભાર મુકયો હતો. જ્યારે પુરૂષો નાના મોટા ઝગડામાંથી ઉંચે આવતા નથી, ત્યારે સ્ત્રીઓએ એકતાનો સુંદર આદર્શ રજુ કર્યો છે.

પરિષદના પ્રમુખશ્રી કમલાદેવી ચટ્ટોપાધ્યાયનું વ્યાખ્યાન અનેક રીતે વિચાર કરવા યોગ્ય અને પ્રાણપ્રેરક હતું. તેમણે સ્ત્રીજાતિના આખા પ્રશ્નનું સ્વરૂપ સુંદર રીતે સમજાવ્યું હતું. સ્ત્રીઓનો પ્રશ્ન એ પુરૂષોના વિરૂદ્ધ સ્ત્રીઓના હકો મેળવવાની લડત નથી પણ સમાજના બીજા દબાયેલા છુંદાયેલા વર્ગોની જેવોજ એક સર્વ-સામાન્ય સામાજિક પ્રશ્ન છે એ બાબત તેમણે બહુ સારી રીતે સમજાવી હતી. આ ઉપરાંત બીજા અનેક પ્રશ્નોની તેમના ભાષણમાં ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી.

આ પરિષદમાં અનેક ઠરાવો પસાર થયા હતા. ખાસ કરીને ખોરાકની મુશ્કેલીને લગતો, સ્ત્રીઓને ખાણમાં કામ કરવા ધકેલવામાં આવે છે તેને લગતો, વડોદરા નરેશના લગ્નનો વિરોધ કરતો, તથા લગ્ન તથા વારસાહકને લગતા બીલોને ટેકો આપતો– આવા કેટલાક ઠરાવો ધ્યાન ખેંચે એવા હતા. છેલ્લે દીવસે શ્રીમતી સરોજીની નાયડુને જાહેરમાં બોલવાની મના કરતા સરકારી હુકમ સામે પરિષદે પોતાનો સખ્ત વિરોધ જાહેર કર્યો હતો. બીજા ઠરાવથી દેશમાં રાષ્ટ્રીય સરકાર સ્થાપીને વર્તમાન રાજકીય મડાગાંઠનો જેમ બને તેમ જલ્દીથી ઉકેલ લાવવા તરફ સરકારનું ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. ચીમુર, મિદનાપોર, અને અન્ય સ્થળોએ સ્ત્રીઓ પર કરવામાં આવેલા અત્યાચારો વિષે સરકારે જે ઉપેક્ષાભર્યું વળણ દાખવ્યું છે તે સામે પરિષદે પોતાનો રોષ પ્રદર્શિત કર્યો હતો. બીજા એક ઠરાવથી મ્યુનીસીપલ ચુંટણીમાં સ્ત્રીઓને મળેલા મત આપવાના હક્કો પંજાબની સરકારે ઝુંટવી લીધા છે તે બદલ પંજાબની સરકારને વખોડી નાખવામાં આવી હતી.

કેટલાક દૈનિક છાપાવાળાઓએ એવી ટીકા કરી છે કે આ પરિષદમાં આમ જનતાને બીલકુલ સ્થાન ન હતું. પરિષદની ત્રણ બેઠકો દરમ્યાન જે સંખ્યાબંધ ગરીબ તેમજ પૈસાદાર તથા ભિન્ન ભિન્ન વર્ગની બ્હેનોએ હાજરી આપી હતી તે જોતાં ઉપરની ટીકા કેટલી ખોટી છે તે કોઇને પણ માલુમ પડયા વગર રહે તેમ ન હતું. પરિષદનો કાર્યક્રમ જો કે મોટે ભાગે અંગ્રેજીમાં ચાલતો હતો એમ છતાં પણ દરેક અગત્યની બાબતો હિંદી તેમજ અન્ય ભાષાઓમાં રજુ કરવામાં આવતી હતી. તેથી પરિષદમાં શું ચાલી રહ્યું છે તે સમજવામાં કોઇને ખાસ મુશ્કેલી પડતી ન હતી. શ્રીમતી કમલાદેવીનું ભાષણ અંગ્રેજીમાં હતું તે હિંદીમાં હોત તો વધારે સારૂં થાત. આપણે આશા રાખીએ કે આ પરિષદનું બધું કામકાજ હિંદી દ્વારાજ થાય એવો પ્રબંધ બહુ થોડા વખતમાં કરવામાં આવે. અધિવેશનના ત્રીજે દિવસે પરિષદ તરફથી શ્રીમતી સરોજિની નાયડુને માનપત્ર આપવામાં આવ્યું હતું. આ સમારંભમાં મુંબઇની સર્વ સ્ત્રી સંસ્થાઓએ ભાગ લીધો હતો અને અનેક આગેવાન બ્હેનોએ પ્રસંગોચિત વિવેચનો કર્યા હતા. સરોજિની નાયડુના એક બાળપણના મિત્રે એવી રમુજ કરી હતી કે સરોજિની નાયડુને છુટા કરીને આપણી અને દેશની ખુબ સેવા કરવાની તક આપી તે બદલ આપણે ડો. નાયડુનો ખુબ ઉપકાર માનવો જોઇએ અને તેમની ઉપર એક ચાંદ મોકલવો જોઇએ. આ સાંભળીને આખી સભા તો ખુબ હસી પડી હતી એટલું જ નહિં પણ સરોજિની નાયડુ પણ ખડખડાટ હસી પડયાં હતાં. એટલું સારૂં છે કે જાહેરમાં હસવાની હજુ સરકારે સરોજિની

( અનુસંધાન પૃષ્ટ ૨૧૭ જુઓ )

'પ્રબુદ્ધ જૈન' પરિપૂર્તિ

સંપાદકઃ—
પરમાનંદ કુંવરજી કાપડીઆ.

# મણિભાઈ સન્માન સમારંભ

તા. ૨-૪-૪૪ રવિવાર

શ્રી મુંબઇ જૈન યુવકસંઘના આત્મા અને માનનીય મંત્રીવર્ય શ્રી. મણિલાલ મોકમચંદ શાહની અનેકવિધ સેવાઓના એક આદર ચિહ્ન તરીકે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એકત્ર કરવામાં આવેલી રૂ. ૧૩૮૩૩ ની રકમની થેલી અર્પણ કરવાના હેતુથી તા. ૨-૪-૪૪ રવિવારના રોજ સાંજના પાંચ વાગે શ્રી વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદ ભુવનની વ્યાખ્યાન શાળામાં શ્રી. વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતાના પ્રમુખપણા નીચે એક ભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જૈન સમાજના અનેક સંમાનિત ગૃહસ્થો, ભાઇઓ તેમ જ બહેનોએ હાજરી આપી હતી.

પ્રારંભમાં શ્રી. મોંઘીબહેન કંતાનવાળા તથા મેનાબહેન કાપડીઆએ મધુર કંઠે પ્રાર્થના ગીતો ગાઇ સંભળાવ્યા બાદ મુંબઇ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** સમારંભનાં નિયત પ્રમુખ શ્રી. વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતાને સભાનું કામકાજ શરૂ કરવાની વિનંતિ કરતાં જણાવ્યું કે "મુંબઇ જૈન યુવક સંઘ ખરેખર ભાગ્યશાળી છે કે જેવા સાચા સેવકના સન્માન અર્થે આ સમારંભ યોજવામાં આવ્યો છે તેવા જ એક સાચા સેવાભાવી પ્રમુખ આજે આપણે મેળવી શકયા છીએ. મુંબઇ જૈન યુવકસંઘ સાથે હું જ્યારથી જોડાયો છું ત્યારથી શ્રી મણિભાઇના વધારે નિકટ પરિચયમાં આવવાનું મને બન્યું છે. મણિભાઇને સેવાની લગની લાગેલ છે. ખ્યાતિની તેમણે કદિ પણ આકાંક્ષા કરી નથી. તેમણે જૈન સમાજમાં જ નહિ પણ સર્વવ્યાપી સેવાના ક્ષેત્રમાં અનેક કીંમતી સેવાઓ આપી છે. નમ્રતા અને નિરભિમાન વૃત્તિ તેમનામાં કેવળ વિવેકરૂપે નહિ પણ સ્વભાવથી જ ગુંથાયલા છે. આ સર્વ ઉપરાંત જૈન સમાજમાં જે કાંઇ દાનની જાહેરાતો થાય છે તેમાંના મોટા ભાગનાં દાનો સ્વેચ્છા-પ્રેરિત નથી હોતાં પણ તેની પાછળ કોઇની પ્રેરણા, દબાણ અથવા તો માન સન્માનની આકાંક્ષાઓ રહેલી હોય છે, જ્યારે મણિભાઇનાં સર્વ દાનો કેવળ અન્તઃપ્રેરિત અને સ્વેચ્છાથી જ ઉદ્દભવેલા હોય છે. કયારે પૈસા આવે અને કયારે સારા કામમાં ખરચું એ જ ભાવના તેમના દિલમાં સદૈવ વાસ કરતી જોવામાં આવી છે. રૂા. ૧૦૦૦૦ ની થેલી આપવાનો થોડા સમય પહેલાં સંઘની કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો અને બહુજ થોડા સમયમાં રૂા. ૧૦૦૦૦ ને બદલે લગભગ રૂા. ૧૪૦૦૦ એકઠા કરી શકયા તે તેમના પ્રત્યે જનતાની અપૂર્વ શ્રદ્ધા દર્શાવે છે.



શ્રી. મણિલાલ મોકમચંદ શાહ

આવા મણિભાઇના સન્માન અર્થે યોજાયેલ સમારંભનો કાર્યક્રમ શરૂ કરવા હું શ્રી વૈકુંઠભાઇને વિનંતિ કરૂં છું." આ વિનંતિને શ્રી કકલભાઇ બી. વકીલે અનુમોદન આપ્યું અને ત્યારબાદ પ્રમુખશ્રીએ મુંબઇ જૈન યુવક સંઘના મંત્રીને પોતાનું નિવેદન રજુ કરવા જણાવ્યું.

સંઘના મંત્રી **શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ** પ્રસ્તુત સન્માન થેલી સંબંધમાં નિવેદન કરતાં જણાવ્યું કે "શ્રી મણિભાઇની ઓળખ અમે શું આપીએ? આપ સૌને તેઓ પરિચિત છે. સં. ૧૯૮૫ માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સ્થપાયો ત્યારથી લગભગ એ જોડાયેલા છે. સં. ૧૯૮૭માં એ યુવક સંઘના મંત્રી થયા, તે તેર વર્ષ થયાં ચાલુ જ છે. સંઘના મંત્રી તરીકે તેમણે યુવક સંઘના તમામ સભ્યોને ઉત્સાહ આપ્યો છે. કાંઇક કરવાની એમની ધગશે જ યુવક સંઘને ધબકતો રાખ્યો છે. યુવક સંઘના મંત્રી તરીકે માત્ર મુંબઇમાં જ નહીં પણ ગુજરાતના જૈન યુવાનોની પ્રવૃત્તિને એમણે પ્રગટાવીને સજીવ રાખી છે. યુવક સંઘ જ્યારથી અમે ત્રણ ચાર ભાઇઓએ સ્થાપ્યો ત્યાર પછીથી તરતજ અમને શ્રી મણિભાઇ જેવા સુકાની સાંપડયા અને અમારૂં નાવ તેમણે ચાલુ રાખ્યું. ઘણીવાર સાફ કહેવાની મનોવૃત્તિથી અને કોઇની શેહમાં ન આવવાની વૃત્તિથી કે બાંધછોડ ન કરવાની નીતિથી અમને આર્થિક બાજુ ચીંતાતુર કરી મૂકતી. તે દરેક પ્રસંગે એમણે કાં તો દાન અપાવી દીધું છે અગર પોતે આપ્યું છે. ભવિષ્યનો ખ્યાલ રાખી હજુ ગયા વર્ષેજ એમણે દશ હજાર છસો ચોંસઠ રૂપીઆ જેવી રકમ સંઘની ચાલુ પ્રવૃત્તિ માટે મેળવી આપી છે. એમની આવી ચાલુ સેવાથી અમે નિશ્ચિંત થતા અને નિડરતાથી અમારી પ્રવૃતિઓ જારી રાખતા. જૈન યુવક સંઘના મંત્રી ઉપરાંત જૈન યુવક પરિષદોના મંત્રી તરીકે પણ એમણે ઘણી સેવા આપી છે. તરુણ જૈનનું સંચાલન કરતી સમિતિમાં એ હતા અને સં. ૧૯૯૫ થી ચાલુ કરવામાં આવેલા પ્રબુદ્ધ જૈનના તંત્રીપદે હજુ તેઓ ચાલુ છે. એમના એક નિકટના સહકાર્યકર્તા તરીકે અમે એમના વધુ વખાણ કરીએ એ અજુગતું ગણાશે. આ પ્રસંગ માટે જેટલો અમને હર્ષ થાય છે તેટલો જ શ્રી મણિભાઇ જેવા જોડીયા સાથીદાર માટે બોલતાં અમને ક્ષોભ પણ થાય એ સ્વાભાવિક છે. છતાં અમારે નિખાલસ હૃદયે કહેવું જોઇએ કે એમનામાં સેવાની

ધગશ છે, સુતેલાને જાગ્રત કરવાની આવડત છે અને પૈસા-પ્રેમીઓ પાસેથી દાન દેવાની લલચાવવાની કળા છે. ઉમ્મર તો હવે એમની પાકી ચુકી છે. છતાંય હજુ પણ તેમની ધગશ કોઇપણ યુવાનની ધગશની બરાબરી કરે એમ છે.

"આવા શ્રી. મણિભાઈ એક સામાજિક અન્યાયના અણચિંતવ્યા પ્રસંગની ચિંતામાં એક દીવસ બીમાર પડયા. એક રીતે એ અજંપાવાળા જીવને જંપીને સુવાનો પ્રસંગ આવ્યો. તે સમયે તેમને કંઇ કરી છુટવાની વૃત્તિ થઈ અને સાથેસાથ તેમને યુવક સંઘની ચિન્તા થઇ પડી. એ અરસામાં સંઘના વાચનાલય પુસ્તકાલયની વાત તેમની સમક્ષ રજુ કરવામાં આવી. સોથી સવાસો ભાઇઓ સવાર સાંજ વાચનાલયનો અને સાતસો ઉપરાંત ભાઇ-બ્હેનો પુસ્તકાલયનો નિયમિત ચાલુ લાભ લે છે. તે વાચનાલય-પુસ્તકાલય દ્રવ્યના સીંચન વિના કેવી રીતે ભાવીમાં ચાલી શકશે ? તેમ ની તબીયત સુધરી અને વધુ સુધારવા તેઓ દેવલાલી ગયા. પણ ત્યાં એમને લાગ્યું કે તેમનું શરીર હવે થાકયું છે અને ઉભી કરેલી પ્રવૃત્તિઓ માટે સહકાર્યકર્તાઓને ચિંતામુક્ત કરી દેવા જોઇએ. આ સમય દરમ્યાન અમારા એક ભાઇ શ્રી તારાચંદ કોઠારી ત્યાં હતા. એમને શ્રી મણિભાઇએ સંઘના પુસ્તકાલય માટે પાંચ હજાર રૂપીયા આપવા વચન આપ્યું. બીજા પાંચ હજાર યુવક સઘના સભ્યો ભેગા કરવા એમ તેમણે મરજી દર્શાવી. પછી તો શ્રી રતિલાલ સી. કોઠારી, શ્રી. અમીચંદભાઇ અને શ્રી. તારાચંદ કોઠારી આ યોજનાને કેમ સુસંગત કરી પુસ્તકાલય માટેની રોજની ચિન્તા પુરી કરી લેવી તે વેતરણમાં પડયા. સંઘના પ્રમુખ શ્રી પરમાનંદભાઇ સાથેની વાતચીત પછી શ્રી. મણિભાઇએ યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં પાંચ હજાર રૂપીયા આપવાની ઇચ્છા દર્શાવી અમારા સૌના આગ્રહને કારણે એમનું ઉદાર દીલ વધું ઉદાર બન્યું અને પાંચ હજારની રકમ દશ હજારની બની.

"આ દશ હજાર રૂપીયા પુસ્તકાલયને, બે હજાર રૂપીયા પુસ્તક પ્રકાશન ખાતે અને એક હજાર રૂપીયા એક બ્હેનને નર્સીંગનો કોર્સ કરાવવાના ઇરાદે એમણે યુવક સંઘને સોંપ્યા. અમારા જ એક સહકાર્યકર્તા અમારી ચિન્તાને આટલી હળવી કરી મુકે છે, એ જોઇ અમારો આનંદ ને ઉત્સાહ ખુબ વધ્યા અને અમે વાચનાલય-પુસ્તકાલય સાથે તેમનું નામ જોડવાનું ઠરાવ્યું. એમણે જૈન કોમની ઘણી સંસ્થાઓમાં તેમજ ચાલુ સામાજીક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં તન, મન ને ધનથી જે મુંગી સેવાઓ આપી છે. તે અંગે જૈન તેમજ જૈનેતર સમાજમાંથી દસ હજારની થેલી એકઠી કરી તેમને અર્પણ કરવાનું ઠરાવ્યું. મને કહેતા આનંદ થાય છે કે જે થેલી ભરાવવાનું કામ અમેસંકોચ પૂર્વક શરૂ કર્યું હતું તેને શ્રી. મણિભાઇના સ્નેહી સંબંધીઓએ વધાવી લીધું અને દસ હજારની કરવા ધારેલી થેલીમાં રૂા. ૧૩૮૩૩ ભરાઇ ગયા. આ થેલીમાં ફાળો ભરનારા સૌ ભાઇ-બ્હેનોનો અમે આ તકે યુવક સંઘ તરફથી આભાર માનીએ છીએ.

"મુંબઇના જૈનોમાંથી અપાતી આ થેલી સૌથી મોટી ને પહેલીજ છે. યુવકસંઘ સામાકજિ કાર્યોની ઘણી દિશામાં પહેલું જ રહે છે. એ મુજબ આમાં પણ પહેલું રહ્યું છે. એક નિકટના આપ્તજન જેવા બની ગયેલા સેવાભાવી મુરબ્બીનું આ રીતે સન્માન કરવામાં યુવક સંઘ પોતાને કૃતકૃત્ય માને છે. યુવકસંઘ તરફથી હું શ્રી મણિભાઈનું આ પ્રસંગે સ્વાગત કરૂં છું અને દીર્ઘાયુષ્ય વાંચ્છુ"

ત્યારબાદ આ થેલીમાં ફાળો ભરનાર ભાઇ બહેનોનાં નામની યાદી તેમણે વાંચી સંભળાવી હતી જે આ આ પત્રમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવી છે.

ત્યારબાદ સંઘના પ્રમુખ **શ્રી પરમાનંદ કાપડીઆ**એ ભાવનગર નિવાસી શેઠ કુંવરજી આણંદજી, સર મણિલાલ બાલાભાઇ નાણાવટી, શ્રી સરલાબહેન અંબાલાલ સારાભાઇ, શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદ, સ્વામી આનંદ, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રી લીલાવતી મુનશી, શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલ શેઠ, આફ્રીકાવાસી શ્રી ડાહ્યાલાલ ધરમચંદ મેઘાણી, શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખ વગેરે મિત્રો અને પ્રશંસકો તરફથી પ્રસ્તુત પ્રસંગને અંગે આવેલી શુભેચ્છાઓ, સહાનુભૂતિ તથા સન્માન સમારંભમાં પોતાનો સાથ દાખવતા સંદેશાઓ ટુંકાણમાં વાંચી સંભળાવ્યા અને ત્યારબાદ એકત્ર કરવામાં આવેલ રૂ. ૧૩૮૩૩ ની થેલી રજુ કરતાં જણાવ્યું કે "આજનો પ્રસંગ મુંબઇ જૈન યુવક સંઘને અનેક રીતે ગૌરવ આપનારો છે. પોતાના જ એક સહકાર્યકર્તાનું આવું ભવ્ય સન્માન થતું જોવું એ અંગત દૃષ્ટિબિન્દુએ પણ ઓછા સદ્ભાગ્યનો વિષય ન ગણાય. આ થેલી એકઠી કરવાનો વિચાર કર્યો ત્યારે આ થેલી આટલી જલ્દિથી ભરાઇ જશે, એકઠા કરવા ધારેલ રૂા. ૧૦૦૦૦ની મર્યાદા વટાવી જઇને લગભગ રૂા. ૧૪૦૦૦ની સીમા સુધી પહોંચી જવાશે, એટલું જ નહિ પણ ધાર્મિક અનેક બાબતોમાં એકદમ જુદા જ વિચારો અને વલણ ધરાવતા જૈન આગેવાનો પોતપોતાનો ફાળો આપીને આટલો સુન્દર સહકાર આપશે તેમ જ જૈનેતર વ્યકિતઓ પણ માત્ર મણિભાઇ પ્રત્યેના પ્રેમ અને આદરભાવથી આકર્ષાઇને આ થેલીમાં સારા પ્રમાણમાં નાની મોટી રકમો ભરી આપશે એની કલ્પના સરખી પણ નહોતી. આ બધી હકીકતો તેમના વિચારને મળતા તેમ જ વિરોધી વિચારો ધરાવનાર ભાઇ બહેનોમાં, જૈન તેમ જ જૈનેતર સમાજમાં મણિભાઇ માત્ર સેવાવૃત્તિના બળે કેટલું ઉંચું આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકયા છે તેનો સચોટ પુરાવો છે. જેની સાથે વર્ષો પર્યન્ત ખભેખભા મેળવીને અનેક કાર્યો કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તેમની અહિં કયા શબ્દોમાં પ્રશંસા કરવી તેની મને સુઝ પડતી નથી. તેમની સાથે તેમના અતુલ પ્રેમના પરિણામે મારૂં એટલું બધું તાદાત્મ્ય બંધાયું છે કે તેમના વખાણ કરવા જતાં જાણે કે હું આત્મશ્લાઘા કરતો ન હોઉં એવો ભ્રમ થાય છે. મુંબઇ જૈન યુવક સંઘનો ઉદ્ભવ આજથી લગભગ પંદર વર્ષ પહેલાં ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં બાળદીક્ષા વિરોધી જે પ્રચંડ આંદોલન ઉભું થયેલું તે આન્દોલનને વેગ આપવાના હેતુથી અને સાધુઓની આપખુદ સત્તા અને મનસ્વી વર્તનનો સામનો કરવાના ઉદ્દેશથી થયો હતો. તે ઉદ્ભવકાળથી આજ સુધીના પંદર વર્ષના ગાળામાં મુંબઇ જૈન યુવક સંઘનો જે ઉત્તરોઉત્તર વિકાસ થયો છે તે સર્વનો યશ બહુ મોટે ભાગે શ્રી મણિભાઇને જાય છે એમ કહેવામાં જરાપણ અતિશયોકિત નથી. મુંબઈ જૈન યુવક સંઘનું મૂળ કાર્યક્ષેત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ પૂરતું પર્યાપ્ત હતું. આજે આ સંઘ આખા જૈન સમાજનો છે એટલું જ નહિ પણ તેનું બંધારણ રાષ્ટ્રીય ધોરણ ધ્યાનમાં રાખી રચવામાં આવ્યું છે અને ધર્મ, સમાજ તેમ રાષ્ટ્રને લગતા વિષયો પરત્વે ઉદ્દામ લેખાતા કેવળ પ્રાગતિક વિચારો ધરાવનાર ભાઇ બહેનોને જ આ સંઘમાં સ્થાન મળી શકે છે. આવી વિશાળ, વ્યાપક અને ક્રાન્તિકારી રચના મુંબઇ જૈન યુવક સંઘ ધરાવે છે સંઘની વિવિધ પ્રવૃત્તિઓ પણ સાર્વજનિક અને વિશાળ જનતાની કલ્યાણ વૃદ્ધિને લક્ષ્યમાં રાખી ચલાવવામાં આવે છે. 'પ્રબુધ્ધ જૈન' નામનું પાક્ષિક પત્ર છેલ્લા પાંચ વર્ષથી ચલાવવામાં આવે છે અને તેની ગ્રાહક સંખ્યા લગભગ એક હજારની છે. સંઘ તરફથી સાર્વજનિક વાંચનાલય તેમજ પુસ્તકાલય ચાલી રહ્યું છે, જે માટે આજના સન્માન અતિથિ શ્રી મણિ-

(અનુસંધાન પૃષ્ટ ૨૧૩ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

એપ્રીલ ૧૫ ૧૯૪૪


# ઉદ્યોગપતિઓની યોજના.

(ગતાંકથી ચાલુ)

રૂશિયાએ માત્ર બાર વર્ષમાં ત્યાંની રાષ્ટ્રીય આવક પાંચ ગણી વધારી હતી. તેટલું સબળ પરિણામ મેળવવા માટે પ્રજાએ વધુ પડતો ભોગ આપવો પડે છે. હિંદી પ્રજા તેટલી બધી યાતના સહન કરી શકે તેમ નથી. તેમ સમજીને આ યોજનાનું ધ્યેય મધ્યમસરનું એટલે રાષ્ટ્રીય આવક માત્ર ત્રણ ગણી કરવાનું રાખવામાં આવ્યું છે.

અત્યારે બ્રિટીશ હિંદ અને રાજસ્થાની હિંદ બધાની મળીને રાષ્ટ્રીય આવક રૂા. ૨૨૦૦ કરોડ ગણાય. તેની ત્રણ ગણી એટલે રૂા. ૬૬૦૦ કરોડની રાષ્ટ્રીય આવક એ આ યોજનાનું ધ્યેય છે. અગાઉ જણાવી ગયા મુજબ પ્રજાની ઓછામાં ઓછી જરૂરીયાત પુરી પાડવા માટે દેશની આટલી આવક હોવાનું તદન જરૂરી છે.

૧૯૩૧ માં બીજા દેશોની સરખામણીમાં પ્રત્યેક હિંદીની સરેરાશ આવક કેટલી હતી તેના આંકડા આ નીચે છે. તે ઉપરથી પણ સમજાશે કે હિંદની રાષ્ટ્રીય આવક ઓછામાં ઓછી ત્રણ ગણી થવીજ જોઇએ.

### જગતમાં માથા દીઠ આવક.

| | | | |
|---|---|---|---|
| અમેરિકા | રૂા. ૧૪૦૬ | ફ્રાન્સ | રૂા. ૬૨૧ |
| કેનેડા | રૂા. ૧૦૩૮ | જર્મની | રૂા. ૬૦૩ |
| બ્રિટન | રૂા. ૯૮૦ | જાપાન | રૂા. ૨૧૮ |
| ઓસ્ટ્રેલીયા | રૂા. ૭૯૨ | હિંદ | રૂા. ૬૫ |

હિંદની આ આવક ત્રણ ગણી થાય તો પંદર વર્ષના અંતે વધેલી વસ્તીની માથા દીઠ આવક લગભગ બેવડી એટલે રૂા. ૧૩૫ થાય તેમ છે.

અત્યારે હિંદની રાષ્ટ્રીય આવકના સો ટકામાંથી સત્તર ટકા આવક ઉદ્યોગમાંથી, ત્રેપન ટકા આવક ખેતીમાંથી અને બાવીશ ટકા આવક નોકરીમાંથી ઉભી થાય છે. આ યોજનાનો ઉદ્દેશ એવો છે કે પંદર વર્ષની યોજના પછીની દેશની વધેલી આવકમાંથી પાંત્રીશ ટકા ઉદ્યોગમાંથી, ચાલીશ ટકા ખેતીમાંથી અને વીશ ટકા નોકરી વિગેરેમાંથી આવક થાય.

આ માટે વાર્ષિક રૂા. ૬૬૦૦ કરોડની રાષ્ટ્રીય આવકને નીચે મુજબ વહેંચવામાં આવી છે. આંકડા કરોડ રૂપીયામાં ગણવા.

| | ૧૯૩૧-૩૨ની રાષ્ટ્રીય આવક | પંદર વર્ષની યોજના પછીની રાષ્ટ્રીય આવક | વધારો ટકા |
|---|---|---|---|
| ઉદ્યોગમાંથી | ૩૭૩ | ૨૨૪૦ | ૫૦૦ |
| ખેતીમાંથી | ૧૧૬૬ | ૨૬૭૦ | ૧૩૦ |
| નોકરી વિ. | ૪૮૪ | ૧૪૫૦ | ૨૦૦ |

ઉપરના પ્રથક્કરણ મુજબ ઉદ્યોગમાંથી વાર્ષિક આવક રૂા. ૨૨૪૦ કરોડ મળે તે આ યોજનાનું ધ્યેય છે. તેટલી વાર્ષિક આવક મેળવવા માટે લગભગ રૂા. ૪૪૮૦ કરોડની મૂડી રોકવી જોઇએ તેવી ગણત્રી છે. તેમાંથી અત્યારે સાત અબજ જેટલી મૂડી ચાલુ ઉદ્યોગમાં રોકાયેલી છે. એટલે નવી મૂડી રૂા. ૩૭૮૦ કરોડ રોકવી પડશે તેવી આ યોજનાની ગણત્રી છે.

ઉદ્યોગોમાં સૌથી પહેલા નીચેના મોટા ઉદ્યોગો સ્થાપવાની યોજના છે. (૧) ઇલેક્ટ્રીક પાવર ઉત્પન્ન કરતા કારખાના (૨) ધાતુની ખાણુ (૩) મશીનરી બનાવવાના કારખાના (૪) રસાયણ બનાવવાના કારખાના (૫) મોટર, વિમાન, સ્ટીમર, અને રેલ્વેના ડબા તેમજ એન્જીનો બનાવવાના કારખાના.

આમ કરવાનો ઉદ્દેશ એ છે કે યોજનાનો વિકાસ થતો જાય અને સ્થાનિક ખપતની વસ્તુઓ માટે કારખાના વધારવા પડે તે બ્હારથી લાવવાના બદલે તે અહિંજ બની શકે. ઉપરાંત ઉદ્યોગ વધે તેમ રસાયણ, ઇલેક્ટ્રીક અને વાહનવ્યવહારની જરૂર વધેજ. તેની જોગવાઇ અગાઉથી કર્યા વિના ઔદ્યોગિક વિકાસ મુશ્કેલ બને તે સ્વાભાવિક છે.

હિંદુસ્થાન ઉદ્યોગમાં તદન પછાત દેશ હોવાથી ઔદ્યોગિક આવકમાં પાંચસો ટકાનો વધારો કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે, જ્યારે ખેતીની બાબતમાં નવી જમીન ખેડવાનો અવકાશ ઓછો છે. વળી ખેતીની ઉત્પન્ન કાચી ચીજોની ખપત હિંદમાં બહુ વધી જવાનો સંભવ નથી તેમ આગલા વર્ષોના આંકડા તપાસતાં માલુમ પડ્યું છે. કાચી ચીજોની નિકાશની આશાએ ખેતીની ઉત્પન્ન વધારવામાં પરદેશ ઉપરની આપણી આર્થિક પરતંત્રતા વધે છે અને દેશનું અર્થતંત્ર વારંવાર ઉલટસુલટ થવાનું જોખમ છે. એટલે દેશની વસતી પંદર વર્ષમાં વધે અને ઉદ્યોગો વધે તે લક્ષ્યમાં લઇને ખેતીની ઉત્પન્નનો વધારો માત્ર ૧૩૦ ટકા થાય તેથી સંતોષ માનવામાં આવ્યો છે. આમ છતાં હિંદ ખેતીપ્રધાન દેશ રહેશે તે વિષે શંકા નથી. રૂશિયામાં પણ તેમજ બન્યું છે.

હવે ખેતીને યોગ્ય રીતે કેળવીને તેની ઉત્પન્ન ૧૩૦ ટકા કેમ વધારવી તેની ગણતરી નીચે મુજબ છે.

૧ અત્યારે હિંદમાં ખેડુત દીઠ સરેરાશ જમીન માત્ર ત્રણ એકર છે. ટુંકા ટુકડાની જમીન ખેડવામાં ખેતી સારી થતી નથી. એટલે સૌથી પહેલા સહકારી ધોરણે માલીકિ હક્ક મૂળ ખેડુતનો રાખીને ખેડાણનું કામ મોટા પાયે થઇ શકે તેવી ફરજીયાત સહકારી યોજનાની જરૂર છે.

૨-ખેડુતોનું દેવું મીટાવી દેવું. લડાઇ પહેલા ખેડુતોનું દેવું રૂા. બાર અબજ હોવાનો અંદાજ હતો. લડાઇ દરમ્યાન તે દેવુ ઘટ્યું હશે. સહકારી સોસાયટી મારફત આ દેવાનો ફડચો કરાવવાની યોજના છે.

૩-હિંદુસ્થાનમાં ઉંચા પ્રકારની ખેડાણ જમીન દર વર્ષે મોટા પ્રમાણમાં ધોવાઇ જાય છે; જ્યાં જ્યાં આવો પાણીનો મારો થવાનો સંભવ હોય ત્યાં રક્ષણ દીવાલ ઉભી કરવી અને તેને સાચવવી તે માટે પ્રાથમિક ખર્ચ બે અબજ રૂપીયા અને વાર્ષિક ખર્ચ દસ કરોડ રૂપીયા ગણવામાં આવ્યું છે.

આટલી મૂળભુત સ્થિતિ સુધાર્યા પછી કેટલીક અણખેડાયેલી જમીન ખેડવાની અને ખેડાણ જમીનમાં વધુમાં વધુ ઉત્પન્ન આવે તેના ઉપાયો આ નીચે દર્શાવવામાં આવ્યા છે. અત્યારે બ્રિટીશ હિંદમાં અઢાર ટકા ખેડાણ જમીન એટલે ૯૪૦૦૦૦૦૦ એકર જમીન નકામી જાય છે તેવો અડસટ્ટો છે. આ જમીન ખેતીના કામમાં આવવા વિષે શંકા છે, છતાં આ આખો પ્રશ્ન ઉંડા સંશોધનનો વિષય છે. સમય ઉપર તે કામ હાથ ધરવામાં આવે તેવી ગણતરી છે.

હાલ તુરત ખેતી સુધારણા કરીને એકર દીઠ પાકનો ઉતારો વધુમાં વધુ કેમ આવે તેની સવિસ્તર વિચારણા કરવામાં આવી છે. તે માટે મુખ્યત્વે આટલા ઉપાયોની નોંધ લેવામાં આવી છે. (૧) નહેરો બાંધવી (૨) વૈજ્ઞાનિક રીતે જમીનની અનુકુળતા મુજબ પાકની ફેરબદલી (૩) ઉંચી જાતના બી વાવવા (૪) રસાયણવાળું ખાતર વાપરવું (૫) ખેતીનું કામ સહેલું અને તેવા સાધનોથી ખેતી કરવી. આ પાંચે ઉપાયોની સવિસ્તર વિચારણા આ નીચે કરવામાં આવી છે.

૧–અત્યારે બ્રિટીશ હિંદમાં ૫,૪૦,૦૦,૦૦૦ એકર જમીનમાં રૂા. ૧૫૩ કરોડના ખર્ચે અને વાર્ષિક પાંચ કરોડ રૂપીયાના ખર્ચે પાણીની સગવડ કરવામાં આવી છે. આ સગવડમાં બસો ટકાનો વધારો કરવાની ગણતરી છે. એટલે નહેરો બાંધવાનું ખર્ચ રૂા. ૩૦૬ કરોડ થશે અને તેને સંભાળવાનું વાર્ષિક ખર્ચ દસ કરોડ થશે. આ ઉપરાંત નવા બંધ બાંધવા પડશે એટલે રૂા. ૩૦૬ કરોડના બદલે ચાર અબજનું કુલ ખર્ચ ગણવામાં આવ્યુ છે. આ ઉપરાંત ૪૮૦ લાખ એકર જમીનને કુવા અને તળાવના પાણીની નવી સગવડ આપવા માટે રૂા. પચાસ કરોડનું બીજું ખર્ચ ગણવામાં આવ્યું છે.

૨–ખેતીની સુધારણાની રીત લોકોને સમજાવવા માટે, તે માટેના સાધનો તૈયાર કરી લોકોને આપવા માટે, અને ઢોરની ઓલાદ સુધારવાની અને આદર્શ દુગ્ધાલયની રીત લોકોને સમજાવવા માટે મોટી સંખ્યામાં આદર્શ ખેતીના ધામ (ફાર્મ) ઉભા કરવા પડશે. દસ ગામડા દીઠ આવુ એક આદર્શ ખેતીનું ધામ રાખવાની યોજના છે. રસાયણીક અને અરસાયણીક ખાતર તૈયાર કરવાનું અને ઢોરની માવજત કરવાનું કામ પણ આ સ્થળે કરવામાં આવશે. આવું એક ધામ વસાવવાનું ખર્ચ રૂા. ૩૦ થી ૫૦ હજાર ગણવામાં આવ્યું છે. અને તેનું ખર્ચ રૂા. વીશ હજાર ગણવામાં આવ્યું છે. આ ઉપરાંત ખેડુતોને બીયારણ, ખાતર વગેરે પુરૂં પાડવા માટે મૂડીનું રોકાણ રૂા. અઢી અબજનું ગણવામાં આવ્યું છે.

ખેતી સુધારણાનું આ બધું મળીને નીચે મુજબ ખર્ચ ગણાવવામાં આવ્યું છે. કરોડ રૂપીયામાં આંકડા વાંચવા.

| | ખર્ચ | વાર્ષિક ખર્ચ |
|---|---|---|
| ધોવાણ અટકાવવા– | ૨૦૦ | ૧૦ |
| ન્હેર–કુવા–તળાવ– | ૪૫૦ | ૧૦ |
| આદર્શ ખેતીના ધામ– | ૧૯૫ | ૧૩૦ |
| મૂડીનું રોકાણ– | | ૨૫૦ |
| કુલ | ૮૪૫ | ૪૦૦ |

### વાહન વ્યવહાર.

આ પંદર વર્ષની યોજના સફળ થાય અને દેશની ઔદ્યોગિક તેમજ ખેતીની ઉત્પાદન ધાર્યા મુજબ વધે તો દેશમાં વસ્તુઓની અવરજવર અને વેપાર પણ વધે. આને પહોંચી વળવા માટે વાહન વ્યવહારની સગવડ વધારવી જોઇએ.

યુરોપમાં (રશિયા સિવાય) ૧૬૬૦૦૦૦ માઇલ જમીનમાં ૧૯૦૦૦૦ માઇલની રેલ્વે છે, ત્યારે હિંદમાં ૧૫૮૦૦૦૦ માઇલના વિસ્તારમાં માત્ર ૪૧૦૦૦ માઇલની રેલ્વે છે. તેવીજ રીતે બ્રિટીશ હિંદમાં ૧૦૦ માઇલે ૩૫ માઇલના રસ્તા છે. જ્યારે ઈંગ્લેન્ડમાં ૧૦૦ માઇલે ૧૦૦ માઇલના અને અમેરિકામાં ૨૦૦ માઇલના રસ્તા છે. આ કારણે નવી યોજનામાં ૨૧૦૦૦ માઈલની રેલ્વે અને ૩૦૦૦૦૦ માઇલના રસ્તાઓ વધારવાનું યોજવામાં આવ્યું છે. આથી રેલ્વે લાઇનમાં પચાસ ટકાનો અને રસ્તાઓમાં સો ટકાનો વધારો થશે; આમ થવાથી એવી સ્થિતિ ઉભી થશે કે હજાર માણસ અગર તેથી વધુ વસ્તીવાળું કોઈ પણ ગામડું રસ્તાથી માઇલ કે માઇલથી વધુ દૂર નહિ હોય. ધોરી રસ્તાઓનું સમારકામ કરીને તે પાકા રસ્તા બનાવવામાં આવશે.

આ ઉપરાંત દરિયા માર્ગે હિંદનો વ્યવહાર વધે તે ખાતર નાના અને કાચા દરેક બંદરે વહાણ મારફત માલની અવરજવર થઇ શકે તેવી સગવડવાળું દરેક બંદર બનાવવામાં આવશે. આ બધા માટે નીચે મુજબના ખર્ચનો અંદાજ કરવામાં આવ્યો છે.

| | ખર્ચ | વાર્ષિક ખર્ચ |
|---|---|---|
| રેલ્વે વધારવાનું | ૪૩૪ | ૯ |
| રસ્તા વધારવાનું | ૩૦૦ | ૩૫ |
| રસ્તા સમારવાનું | ૧૧૩ | — |
| બંદરો બાંધવાનું | ૫૦ | ૫ |
| કુલ | ૮૯૭ | ૪૯ |

કરોડ રૂપીયામાં આંકડા વાંચવા.

### કેળવણીના ખર્ચમાં વધારો.

આવી મહાન યોજનાનો અમલ સમસ્ત પ્રજાના સહકાર વિના શક્ય નથી. સમસ્ત પ્રજાનો હાર્દિક સહકાર તો જ મળે જો પ્રજા જ્ઞાનપૂર્વક આ યોજના સમજે અને તેમાં રસ લે. કોઇ પણ પ્રજાકીય સંસ્થા કે પ્રજાકીય સત્તા તો જ સફળ થાય જો તેને પ્રજાનો આવા પ્રકારનો સહકાર મળે. રશિયાની સત્તર કરોડ વસ્તીમાંથી ૯૫,૯૧,૦૦૦ માણસો ત્યાંની પંચવર્ષીય યોજનાઓમાં કામે લાગ્યા હતા ત્યારે ત્યાં સફળતા મળી હતી. તેમાં કેટલાય જુદા જુદા ખાતાઓના વિશારદો અને સંશોધનકારો હતા.

આવી સિદ્ધિ માટે જ્ઞાન પ્રચારની વધુમાં વધુ જરૂરત દેખાવાથી કેળવણી અંગેના ખર્ચમાં વધારો કરીને તે આંકડા નીચે મુજબ નક્કી કરવામાં અવ્યા છે.

| | ખર્ચ | વાર્ષિક ખર્ચ |
|---|---|---|
| પ્રાથમિક કેળવણી | ૮૬ | ૮૮ |
| માધ્યમિક કેળવણી | ૮૨ | ૧૨૯ |
| ઉચ્ચ કેળવણી | — | ૨૦ |
| મોટેરાઓની ,, | ૯૯ | — |
| કુલ | ૨૬૭ | ૨૩૭ |

આ ઉપરાંત દરેકને રહેવાનું ઘર હોવું જોઇએ તે માટે અગાઉ જે અંદાજ મુકવામાં આવ્યો છે. તે વધારીને બાવીશ અબજ મુકવામાં આવ્યો છે અને તેને સાચવવાનું વાર્ષિક ખર્ચ રૂા. ૩૧૮ કરોડ ગણવામાં આવ્યું છે અને ખ્યાલમાં ન હોય તેવા તેમજ પરચુરણ ખર્ચ માટે બે અબજ રૂપીયાની જોગવાઇ રાખવામાં આવી છે.

### છેવટનો આડસટ્ટો.

આ બધી વિગતોની ગણતરી કર્યા પછી ખાતાવાર વાર્ષિક ખર્ચ, તેના સંચાલન માટે રોકાતી મૂડી અને વાર્ષિક ખર્ચ ગણી લેતા દરેક ખાતાવાર મૂડીની જરૂરીયાત નીચે મુજબ ગણવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ઉદ્યોગ | રૂા. | ૪૪૮૦ |
| ખેતી | રૂા. | ૧૨૪૦ |
| વ્યવહાર | રૂા. | ૯૪૦ |
| કેળવણી | રૂા. | ૪૯૦ |

| | | |
|---|---|---|
| તન્દુરસ્તી | રૂા. | ૪૫૦ |
| ઘર | રૂા. | ૨૨૦૦ |
| પરચુરણ | રૂા. | ૨૦૦ |
| કુલ | રૂા. | ૧૦૦૦૦ |

## નાણાંની જોગવાઇ.

આ આખી યોજના–માટે રૂા. ૧૦,૦૦૦ કરોડની મૂડી મેળવવા માટે–નીચે મુજબની જોગવાઇ ગણત્રીમાં રાખવામાં આવી છે. નાણાંની જોગવાઇ બે પ્રકારની જોઇએ (૧) પરદેશથી વસ્તુઓ લાવીને પરદેશમાં નાણાં ચુકવવાની સગવડ (૨) હિંદમાં થતા ખર્ચ માટેની સ્થાનિક સગવડ.

પરદેશ મોકલવા માટેના નાણાની સગવડની ગણત્રી આ છે (૧) હિંદમાં ઓછામાંઓ છા દશ અબજ સોના ચાંદી જેવી કિંમતી વસ્તુઓમાં સંગ્રહાયેલા છે. લડાઇ પછી તેમાંથી ત્રણ અબજની વસ્તુઓ બહાર મોકલી શકાય તે રીતે બજારમાં આવે (૨) દશેક અબજના લંડનમાં સ્ટર્લીંગ ભેગા થાય (૩) આયાત નિકાસના વેપારમાંથી ચોકખા રૂા. ચાલીશ કરોડ દર વર્ષે પરદેશથી આવે તેમ ગણતા પંદર વર્ષના રૂા. છ અબજ (૪) બાકીના રૂા. સાત અબજની પરદેશમાં લોન લેવી જે મુશ્કેલ કામ નથી.

સ્થાનિક ખર્ચ માટે રૂા. ચાલીશ અબજ લોકોમાંથી લોન લઇને ભેગા કરી શકાય. ખાસ કરીને પ્રજાના વિશ્વાસવાળી પ્રજાકીય સરકાર માટે તે મુશ્કેલ કામ નથી. બાકી ચોત્રીશ અબજને તૂટો રહ્યો; તેમાંથી થોડી વધુ લોન મેળવી શકાય. છતાં તે ન મળે તો તેટલી રકમનું નવું ચલણી નાણું બહાર પાડી તે રકમ આવા ઉત્પાદક ખાતામાં રોકવી. દેશના ઉત્પાદક ખાતામાં આવી રકમ રોકાય અને આપોઆપ તેની આવકમાંથી તે વસુલ થાય તે માટે આટલું નાણું બહાર પાડવામાં અર્થશાસ્ત્રના નિયમ મુજબ કે બીજી રીતે કશું ખોટું નથી.

## યોજનાના અમલનો ક્રમ.

(૧) દેશના કુદરતી સાધનોની લભ્યતા તેમજ મજુર અને વિશારદો મેળવવાની સગવડતા (૨) આખી યોજનાની છેવટ સુધીની સફળતા માટે જેની પહેલી જરૂર હોય તે પહેલું અને (૩) લોકો ઉપરનો આર્થિક બોજો ક્રમસર અને હળવી રીતે પડે તેમ આ યોજનાના ખર્ચનો ક્રમ નીચે મુજબની ત્રણ પંચવર્ષીય યોજનાઓમાં વ્હેંચી નાખવામાં આવ્યો છે.

| | પહેલી | બીજી | ત્રીજી | કુલ |
|---|---|---|---|---|
| મોટા ઉદ્યોગ | ૪૮૦ | ૧૨૦૦ | ૧૮૦૦ | ૩૪૮૦ |
| નાના ઉદ્યોગ | ૩૧૦ | ૩૩૦ | ૩૬૦ | ૧૦૦૦ |
| ખેતી | ૨૦૦ | ૪૦૦ | ૬૪૦ | ૧૨૪૦ |
| વ્યવહાર | ૧૧૦ | ૩૨૦ | ૫૧૦ | ૯૪૦ |
| કેળવણી | ૪૦ | ૮૦ | ૩૭૦ | ૪૯૦ |
| તંદુરસ્તી | ૪૦ | ૮૦ | ૩૩૦ | ૪૫૦ |
| ઘર | ૧૯૦ | ૪૨૦ | ૧૫૯૦ | ૨૨૦૦ |
| પરચુરણ | ૩૦ | ૭૦ | ૧૦૦ | ૨૦૦ |
| | ૧૪૦૦ | ૨૯૦૦ | ૫૭૦૦ | ૧૦૦૦૦ |

જેમ જેમ યોજનાનો અમલ થતો જાય અને તેમાંથી ઉત્પાદન મળતું જાય તો પ્રજા ઉપર એકસામટો અને એકંદર આર્થિક બોજો ઓછો પડે તે ગણતરીએ આ ક્રમ પાડયા છે.

## ચર્ચાસ્પદ મુદ્દાઓ.

આ આખી યોજનામાં કેટલાક મહત્વના ચર્ચાસ્પદ મુદ્દાઓ સમાયેલા છે. તેમાંથી કેટલાકનો તે યોજનાના યોજકોએ અગાઉથી જવાબ આપ્યો છે. તે બધું આ નીચે આપ્યું છે.

૧–યોજકોએ એ વાત પહેલેથી સ્પષ્ટ કરી છે કે પ્રજાનો વિશ્વાસ સંપાદન કરેલ હોય તેવી પ્રજાકીય સરકાર સ્થપાયા સિવાય આ યોજનાનો આલમ શકય નથી.

૨–આ યોજના એ છેવટનો શબ્દ નથી. પ્રજાકીય સરકાર સ્થપાતા સુધી પ્રજાની વિચારણા અને ચર્ચા માટેની આ એક રૂપરેખા છે. પ્રજાકીય સરકાર સ્થપાયા પછી આખી યોજના વિગતથી તૈયાર કરવા માટે કેટલાયે વિશારદોની મદદ લઇને અને કેટલાયે સંશોધન કરીને તે માટે નીમેલી ખાસ સમિતિઓ તૈયાર કરશે.

૩–મોટામાં મોટો ચર્ચાસ્પદ મુદ્દો એ છે કે નવા ઉદ્યોગોની માલેકિ કોની રહે? ઉત્પન્ન થયેલું ધન પ્રજામાં સરખી રીતે કેમ વહેંચાય? આજે સરેરાશ હિંદની વાર્ષિક આવક રૂા. ૬૫ ગણવામાં આવે છે. પણ તે આવકનો અતિ મોટો ભાગ થોડા મૂડીવાદીઓના ઘરમાં જાય છે, જ્યારે હિંદના કરોડો માણસો ગરીબ, બેકાર અને ભૂખ્યા રહે છે. આ માટે આ યોજનાના યોજકોએ મૌન સેવ્યું છે અને તે મુદ્દાનો નિર્ણય ભવિષ્ય માટે રહેવા દીધો છે.

૪–લોકોને કામ મળે અને મોટા ઉદ્યોગોમાં વધુ મુડી રોકવી ન પડે તે ખાતર ગૃહઉદ્યોગનો વધુમાં વધુ ઉપયોગ કરવાનું સુચવવામાં આવ્યું છે. ત્રીશ વર્ષથી હિંદના આર્થિક જીવનનાં એક મહત્વના અંગ જેવા અને લાખો ખેડુતોના ફુરસદના સમયની સમસ્યાનો ઉકેલ કરતા ગૃહઉદ્યોગ જેવા મહત્વના પ્રશ્નના વિકાસ માટે આથી વિશેષ કાંઇ સુચવવામાં આવ્યું નથી તે ખેદજનક છે. જાપાન અને ચાઇનાના ધોરણે આ પ્રશ્નને હાથ ધરી શકાયો હોત.

૫ ચોત્રીશ અબજ રૂપીઆ નાણાના ફુગાવામાંથી મેળવવાની જોગવાઇ રાખવામાં આવી છે તે સામે અત્યારના હિંદી સરકારના ખજાનચી સર રેઇસમેનથી માંડીને ઘણાએ ઘણું ઘણું કહ્યું છે. ઉપરાંત લંડનમાં જમા થયેલા દસ અબજ રૂપીઆના સ્ટર્લીંગ આ રીતે ઉપયોગમાં આવી શકશે કે કેમ તે વિષે શંકા બતાવવામાં આવી છે.

આ યોજનાના યોજકોનો જવાબ એ છે કે (૧) સ્ટર્લીંગનો ઉપયોગ આથી વધુ સારો બીજો કોઇ નથી અને (૨) રાષ્ટ્રનું ઉત્પાદન વધે અને તેના પ્રમાણમાં ફુગાવો વધે તે રીતે ઉત્પાદનના સાધનોમાં ફુગાવાનું નાણું રોકાય તેવા ફુગાવામાં ખોટું જોખમ નથી. પ્રજાને યાતના સહન કરવી પડશે પણ લાંબે ગાળે થતા મહાન લાભ ખાતર તેટલું ભોગવ્યા વિના છુટકો નથી.

સમાપ્ત. **બાપાલાલ દોશી**

## નર્સ થવા ઇચ્છનાર બહેનને શિષ્યવૃત્તિ

બોંબે પ્રોવીન્શીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ લઇને નર્સ થવા ઇચ્છતી બહેનને દર માસે રૂ. ૨૦ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘને રૂ. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને ઉપરનો અભ્યાસક્રમ લઇને નર્સ થવાની ઇચ્છા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક પરિસ્થિતિની વિગતો સાથે સંઘના મંત્રી ઉપર ૪૫, ૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩. એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામા આવશે.

**મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ.**

**'પ્રબુદ્ધ જૈન' પરિપૂર્તિ** (પૃષ્ટ ૨૦૯ થી ચાલુ)

ભાઇએ થોડા સમય પહેલાં જ રૂા. ૧૦૦૦૦ ના દાનની જાહેરાત કરી છે. સો ઉપરાંત જૈન કુટુંબોને રેશન તેમજ રોકડ રાહત સંઘ તરફથી આપવામાં આવે છે તેમજ હસ્તઉદ્યોગ દ્વારા સાર્વજનિક રાહતની એક યોજનાની થોડા સમયથી શરૂઆત કરવામાં આવી છે. સંઘ તરફથી કશા પણ ભેદભાવ સિવાય માંદાઓની માવજતનાં સાધનો પુરા પાડવામાં આવે છે. દર વર્ષે સંઘ તરફથી સર્વ–ધર્મ–સમભાવને પોષતી અને ઉદાર વિચાર તેમજ ભાવનાઓનો ફેલાવો કરતી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. આમ અનેક પ્રવૃત્તિઓના વિસ્તાર વડે ફાલતો અને ફુલતો મુંબઇ જૈન યુવક સંઘ શ્રી મણિભાઇની અનેક સેવા અને તન, મન અને ધનના અમાપ ભોગનું ફળ છે અને તેમનું જ જીવન્ત સ્મારક છે. સંઘને આ સ્થિતિએ પહોંચાડવામાં અનેકનો ફાળો અને સહકાર છે એ ખરૂં છે, પણ તેની પાછળ પ્રેરણા, જીવતી કાર્યશકિત, ઉંઘતાને જગાડવાની, અને બેઠેલાને ઉઠાડવાની ચોવીસે કલાકની ચિન્તા માત્ર મણિભાઇની જ છે અને એ રીતે મણિભાઇ અને મુંબઇ જૈન યુવક સંઘ એકમેકના પર્યાયવાચી શબ્દો બની ગયા છે. મણિભાઇની ઉદારતા, વિશાળતા અને સેવાપરાયણતાનો ખ્યાલ તો તેમની સાથે જેમને ચાલુ કામ કરવાનો પ્રસંગ પડયો હોય તેને જ આવે. મોટા વર્તુલમાં કામ કરી રહેલા મોટા માણસોનાં નામ આપણા કાન સાથે વારંવાર અથડાય છે અને તેમને દુનિયા જાણતી હોય છે. આજે ગાંધીજી, જવાહરલાલ નહેરૂ, રાજેન્દ્રબાબુ અથવા તો સામાજિક ક્ષેત્રમાં કામ કરતા ઠક્કર બાપાની કોઇને ઓળખાણ આપવાની જરૂર રહેતી જ નથી. પણ એ જ પ્રતિના અને એવી જ તમન્ના અને સેવાભાવથી નાના ક્ષેત્રમાં કામ કરતા પ્રજાસેવકો હોય છે કે જેની સામાન્ય રીતે લોકોને બહુ જાણ નથી હોતી. આજે દરેક ગામ અને શહેરમાં તેમજ દરેક કોમમાં કોઇ નાનો ગાંધી, જવાહર કે ઠક્કર બાપા ગાંધી યુગના પરિણામે જન્મ પામેલ છે અને પોતાની નાની સેવાઓદ્વારા દેશના મહાભારત કાર્યમાં અગત્યનો ફાળો આપી રહેલ છે. તેને શોધી કાઢવો. તેને ઓળખવો, તેની કદર કરવી, તેની શક્તિ અને વૃત્તિને વેગ આપવો તે સમાજહિતૈષીઓનું પ્રથમ કર્તવ્ય છે. આ આપણા સન્માનનું પાત્ર બનેલ મણિભાઇ આવા જ એક નાના છતાં માનવીની સાચી મહત્તાનું પ્રતીક પુરૂં પાડતા સેવાભાવી સજ્જન છે. પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય આપે, તેમના આરોગ્યની રક્ષા કરે અને તેમની સેવાનો હજુ પણ સમાજને ખુબ લાભ મળે એવી મારી પ્રાર્થના છે."

ત્યારબાદ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ જે રજુઆત કરી તેના સમર્થનમાં જુદા જુદા વકતાઓએ પોતપોતાના દષ્ટિબિન્દુઓથી વિવેચનો કર્યા. સૌથી પ્રથમ **શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલે** જણાવ્યું કે "જૈન સમાજના કેટલાક પ્રશ્નો માટે અમારા વચ્ચે મતભેદ હોવા છતાં મણિભાઇ જેવા સાચા સેવાધારી સીપાઇની મારા મન ઉપર ખુબ ઉંડી છાપ પડી છે. અખંડ ઉત્સાહ, એક સરખી ધગશ, કોઇ પણ પ્રસંગ મળ્યે કરી છૂટવાની વૃત્તિ–આ બધા એક સાચા સેવકના ગુણો મેં તેમનામાં હંમેશા જોયા છે અને તે કારણે હું તેમના વિષે હંમેશા ખુબ માન અને આદર અનુભવતો આવ્યો છું અને તે મારા દિલના માન અને આદરને વ્યકત કરવા માટે જ આજના સન્માન સમારંભમાં હું ખાસ આવ્યો છું. આજના આયંબીલના પવિત્ર દિવસે તેમને દીર્ઘાયુષ્ય, અને તન્દુરસ્તી પ્રાપ્ત થાય અને તેઓ ઉંચી જ્ઞાનદશા પ્રાપ્ત કરી આત્માની સાધના કરે એમ હું ઇચ્છું છું."

**શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ** જણાવ્યું કે "આજનો પ્રસંગ માત્ર જૈન સમાજને જ નહિ પણ આખા જનસમાજને ગૌરવ લેવા જેવો છે. શ્રી મણિભાઇની કામ કરવાની શકિત એક યુવકને પણ વટાવી જાય તેવી છે. શારીરીક તેમજ માનસિક બન્ને પ્રકારની સેવાની તેઓ જીવતી પ્રતિમા છે. સદ્દગત વાડીલાલ મોતીલાલ શાહના તેઓ પરમ મિત્ર થાય. તેમની સાથે મળીને તેમણે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી જેનો વહીવટ આજે પણ તેઓ ચલાવી રહ્યા છે. તે ઉપરાંત તેમણે મહાવીર જૈન વિદ્યાલય, શ્રીમતી શકુન્તલા કન્યાશાળા, જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ વગેરે અનેક જૈન સંસ્થાઓને અનેક સેવાઓ આપી છે. શું કરી છુટું એજ તેમના દિલની ચાલુ બળતરા હોય છે. ચોવીશે કલાક તેઓ સેવાના જ સ્વપ્નાં સેવતા હોય છે."

**સૌ. વેણીબહેન કાપડીઆએ** જણાવ્યું કે "મુંબઇ જૈન યુવક સંઘે મણિભાઇની સેવાની કદર કરી આખીયે જૈન કોમમાં ગૌરવપદ મેળવ્યું છે, કેમકે સેવાની કદર થવાનો આ જૈન કોમમાં પહેલો પ્રસંગ છે. એક સેવકનું સન્માન થતું જોઇ મહને ખુબ આનંદ થાય છે. ધનિકોનાં દાનની વાહવાહ બોલાતી સમાજમાં અવારનવાર જોવામાં આવે છે, ત્યારે મને હંમેશા વિચાર આવે છે કે સેવા કરનાર સેવકની કદર કરનારા પ્રસંગો કયારે આવશે ? સેવા કરનારનું સ્થાન ધનિકોનાં દાન કરતાં હંમેશા ગૌણ રહ્યું છે એમ ઘણી વખત લાગે છે. પણ ધનિકોનાં દ્રવ્યદાનને મુકાબલે એક સેવકનું શ્રમપૂર્ણ સેવાદાન અનેકગણી વધારે કદરને લાયક છે. ધનિકો પાસેથી પૈસા લેતાં ઘણી વખત આપણે તેમની વાહવાહ બોલવી પડે છે, અથવા માખણ લગાડવું પડે છે, જ્યારે સેવા તો સ્વેચ્છાએ અપાય છે. શરીરથી સેવા અર્પણ કરવી એ પૈસાના દાન કરતાંયે વધારે અઘરૂં છે એમ મ્હને લાગે છે, અને એટલે આ પ્રસંગે મહને ખુબ સંતોષ અને આનંદ થાય છે.

"શ્રી મણીભાઇનું ચારિત્ર્યબળ અનુકરણીય છે. તેમનામાં આચાર અને વિચારનો સમન્વય છે. એમ મનાય છે કે યશલિપ્સા મહાન વ્યકિતઓની અંતિમ કમજોરી છે. પણ આપણને મણિભાઇના જીવનમાં કયાંય કીર્તિની લાલસા દેખાઇ નથી. જૈન સમાજને માટે તેમજ અન્ય સમાજને માટે તેમણે પોતાની સેવા આપી એક કર્મયોગી તરીકેનું જીવન વ્યતીત કર્યું છે. "મનુષ્ય સ્વયમ્ અપના વિધાતા હૈ" એ કથનને અનુસાર મણીભાઇએ પોતાનું જીવન ઘડીને સમાજને બતાવ્યું છે.

"પ્રબળ ઉત્સાહ, અનેક ઘર્ષણો વચ્ચે આશાવાદ અને માનસિક પ્રસન્નતાપૂર્વક પોતાના ધ્યેય માટે સતત્ પુરૂષાર્થ એ મણીભાઇમાં રહેલા ઉત્તમ ગુણો છે. કર્તવ્યની વેદીપર પોતાની જાતનું તન, મન, અને ધનથી સમર્પણ એ એમની જીવનકળાનો આદર્શ આપણે માટે ખરેખર અનુકરણીય છે.

"શ્રી. મણીભાઇને સ્ત્રીઓનાં દુઃખ અને દર્દ માટે પણ હંમેશા હૃદયપૂર્વક સહાનુભૂતિ રહી છે, એટલું જ નહીં પણ સ્ત્રીઓને મદદ કરવામાં પોતે હંમેશા તત્પર રહ્યાં છે. એક સ્ત્રી અથવા કોઇ પણ સ્ત્રીસંસ્થા કરતાં પણ સ્ત્રીઓની દાઝ તેમને વધારે રહી છે. એક પુરૂષનું હૃદય હોવા છતાં પણ સ્ત્રીઓનાં દુઃખને તેઓ ખુબ સમજી શકયાં છે.

"જ્યારે સમાજમાં કે ધર્મમાં રૂઢી અને વ્યવહારનું જ બળ વધી જાય છે, મુખ્ય સિદ્ધાન્તને પડતો મૂકી બાહ્ય આડંબરને અપનાવવામાં આવે છે, ત્યારે ક્રાન્તિકારી સંસ્થાની ઉત્પત્તિ થાય છે, વિચારકો બહાર આવે છે, અને ચાલુ પરિસ્થિતિનો સામનો કરવા માટે પ્રેરાય છે. આવા સંજોગોમાં યુવકસંઘનો જન્મ

થયો હતો. કોઇ પણ સુધારક વિચારને વેગ આપતી સંસ્થાને શરૂઆતમાં લોકો હસી કાઢે છે, અને માત્ર આ વેગ સમજી ગણકારતાં નથી. જેમ જેમ તે સંસ્થા ઉગ્ર સ્વરૂપ પકડે છે, તેમ તેમ તેમાં વિરોધપક્ષના લોકો દખલ કરે છે અને તે ઘર્ષણનો નવી સંસ્થાને સામનો કરવો પડે છે. આ કસોટીમાંથી પસાર થયા પછી તેનું કાયમી સ્વરૂપ ઘડાય છે, અને કાંઇક રચનાત્મક કાર્ય પણ થવા માંડે છે. આજે યુવકસંઘ આ સ્થિતિએ પહોંચ્યો છે તેમ કહી શકાય. આજે યુવકસંઘની પ્રતિભા સમાજમાં ખૂબ વધેલી છે.

"શ્રી. મણીભાઇની સેવાનો અમૂલ્ય લાભ જે સમાજને મળ્યો છે તેને માટે સમાજ તેમનો રૂણી છે. આપણે સૌ તેમનાં દીર્ઘાયુ માટે ઇશ્વરને પ્રાર્થના કરીએ"

**શ્રી અમૃતલાલ કા..ી..સે** જણાવ્યું કે "મણિભાઇ સાથે આજે મને પચ્ચીશ વર્ષનો સંબંધ છે. કેટલાયે કાર્યો તેમની સાથે મળીને મેં કર્યા છે. કેટલીક બાબતમાં તેમનાથી જુદા પડવાનું પણ બન્યું હશે. પણ તેમના વિષે મારા મન ઉપર હમેશની એક છાપ પડેલી છે કે તેઓ જે કાંઇ કહેતા હોય છે તેની પાછળ નરી સચ્ચાઇ હોય છે. તેમના મન્તવ્યો પાછળ તેમના દિલની બળતરા અને સમાજને આગળ વધારવાની ઉંડી ધગશ હોય છે. નિર્દાભિકતા એ એમનો મોટામાં મોટો ગુણ છે અને તેથી તેમનાથી કોઇ પણ પ્રશ્ન ઉપર જુદા પડતાં પણ તેમના વિષેનું માન કોઇ દિવસ ઘટતું નથી. આ કારણે જ હું આ મેળાવડામાં તેમની નિર્દાભિકતાનું સન્માન કરવા માટેજ ખેંચાઇ આવ્યો છું. આની આ સત્યનિષ્ઠા તેમની જીંદગીના છેડા સુધી જળવાઇ રહે અને તેમના હાથે અનેક કાર્યો થાય એવી મારી પ્રાર્થના છે."

**સૌ. રંભા બહેન ગાંધીએ** જણાવ્યું કે 'જેમને શ્રી. મણિભાઇનો અંગત પરિચય ન હોય તેમને માટે મણિભાઇના સામાજિક કાર્યો, નિઃસ્વાર્થ સેવા, તન, મન અને ધન વડે તેમણે સમાજને આપેલી મદદો, તેમની દિલની ધગશ અને કોમળતાનો થોડો પણ અનુભવ વગેરે તેમની ઓળખ માટે પુરતા છે. મણિભાઇનું સાચું સન્માન ત્યારે જ કર્યું કહેવાય કે જ્યારે આપણે તેમની આન્તરિક ઇચ્છાને માન આપી તેમના કાર્યને વેગ આપીએ. શ્રી મણિભાઇએ આપેલું દાન લઇને બેસી જવામાં કાંઇ સમાપ્તિ થતી નથી. ખરી રીતે ત્યાંથી કામની શરૂઆત થાય છે. તેમણે તો એક બીજ વાવ્યું છે. તેમાંથી વૃક્ષ વિકસાવવાનું કામ આપણું છે. શ્રી મણિભાઇએ દાન આપીને પરમાર્થ સાધવા સાથે આત્માનું કલ્યાણ સાધ્યું છે અને ધનવાનોને પોતાના ધનનો કેમ સદુપયોગ કરવો તેનો માર્ગ દેખાડયો છે. પુસ્તકાલયની ઉપયોગીતાનું માપ આપવું સહેલું નથી. જીવનને ટકાવી રાખવા જેમ અન્ન પાણીની જરૂર પડે છે તેમ માનસિક જીવનને ટકાવી રાખવા અને વિકસાવવા માટે પુસ્તકોની જરૂર પડે છે. અન્ન પાણી શારીરિક ખોરાક છે, પુસ્તક માનસિક ખોરાક છે.જૈનસમાજની આ અનિવાર્ય માનસિક જરૂરિયાત પુરી પાડવામાં મણિભાઇએ રૂા. ૧૦૦૦૦ નો રકમ સંઘના વાચનાલય-પુસ્તકાલયને આપીને બહુ અગત્યનો ફાળો આપ્યો છે. સમાજ આ માટે તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે."

**શ્રી. ધારજલાલ ધનજીભાઇ શાહે** જણાવ્યું કે "શ્રી. મણિભાઇ મારે મન મોટાભાઇ જેવા છે. સાત વર્ષ ઉપર અમદાવાદમાં જ્યારે યુવક પરિષદ ભરાઇ ત્યારે મેં તેમને પહેલીવાર જોયેલા. એ વખતે અમને કોઇ પણ કોમી બાબતમાં જરા પણ રસ નહોતો અને એમ જ લાગતું કે કોમની કોઇ પણ બાબતમાં ભાગ લેવો તે રાષ્ટ્રીય ભાવનાનું વિરોધી છે. પણ મણિભાઇને જોઇને અમારામાં પણ પરિષદ પ્રવૃત્તિ માટે રસ ઉત્પન્ન થયો અને સંઘને બહિષ્કાર પ્રકરણમાં અમે ખુબ રસ અને જોખમપૂર્વક ભાગ લીધો. આ પ્રસંગથી માંડીને આજ સુધીની મણિભાઇની એક સરખી મમતા અને સુખ દુઃખ વિષેની ચિન્તા મેં અનુભવી છે. અહિંના મુંબઇ જૈન યુવકસંઘનું તેમનું કામ તો જાણીતુ છે જ, પણ અમારા અમદાવાદના જૈન યુવકસંઘની પણ તેઓ એટલી જ ચિન્તા ધરાવે છે. નિંગાળા જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ માટે તેમણે જે શ્રમ ઉઠાવ્યો હતો તે સૌ કોઇને જાણીતો છે. તેઓ કદિ થાકતા નથી કે હિંમત હારતા નથી. જૈન સમાજનું હિત તેમના હૈયે વસેલું છે. આવી ધગશવાળા સમાજ સેવક મળવા દુર્લભ છે."

**શ્રી શાન્તિલાલ મગનલાલ શાહે** જણાવ્યું કે "આપણા મણિભાઇની સેવાઓ શ્રી મણિલાલ કોઠારી સાથે સરખાવી શકાય. જૈન કોમમાં, દેશમાં અને વ્યાપારી આલમમાં આપણા મણિભાઇ અત્યન્ત પ્રિય થઇ પડયા છે તેના કારણમાં તેમનામાં રહેલી કોઇના માટે પણ કાંઇને કાંઇ કરી છૂટવાની ભાવના છે. અરધી રાત્રે પણ તેઓ પરોપકારના કાર્યો માટે તત્પર રહે છે. તેમની સેવાઓ શબ્દોથી વર્ણવી શકાય તેમ છે જ નહિ. શ્રી પરમાનંદભાઇ જેવા તેમના સેવાઓ વિષે પાંચ વર્ષ સુધી લખ્યાકરે તોપણ તે લખાણ પુરું થાય કે કેમ તે વિષે શંકા છે. પૈસાનો, શરીરનો, લાગવગનો, બુધ્ધિનો તેમણે સદૈવ સદુપયોગ કર્યો છે આવા નર આપણા અને સૌ કોઇના સન્માનપાત્ર બને એમાં નવાઇ નથી."

**શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠે** જણાવ્યું કે "મણિભાઇ સાથેનો મારો સંબંધ તેઓ માને છે કે સૌરાષ્ટ્ર પત્ર શરૂ થયું ત્યારથી છે, પણ નહિ, મારો સંબંધ તો તેથીએ ઘણો જુનો છે. સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહ એમના પરમ મિત્ર હતા. બંનેના પરિશ્રમ અને સેવાબુધ્ધિથી સ્થાપિત થયેલા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનો એક માજી વિદ્યાર્થી તરીકે મેં લાભ લીધેલો અને એ રીતે હું તેમના સૌથી પહેલા પરિચયમાં આવેલો. ત્યારથી તે આજ સુધીની તેમની અનેક સેવાઓ મેં જોઇ છે, જાણી છે અને તેમની સેવાનિષ્ઠાથી હું હમેશાં મુગ્ધ રહ્યો છું. કંઇ પણ કામ હોય તો તેઓ શ્રમ-પરિશ્રમના વિચાર કર્યા સિવાય જન્મભુમિની ઓફીસ ઉપર ચઢી આવે અને મને કહે કે આટલું આ કામ કરવાનું છે. તેમના જેવા બુઢ્ઢા માણસને કોઇ પણ કામ માટે જન્મભૂમિ કાર્યાલયના દાદરા ચઢીને આવતા જોઇને મને આશ્ચર્ય થાય, શરમ આવે. હુ તેમને કહું કે તમારે આ કે કોઇ કામ માટે આટલે સુધી આવવાનું હોય જ નહિ. તમે ટેલીફોન કરો એટલે બસ તે કામ મારે કરવાનું જ હોય. તેમની કોઇ પણ વાત મારે મન આજ્ઞા સમાન છે. એમની સેવાની સુવાસ ચોમેર પસરી રહી છે. આપણે એની શું કદર કરી શકીએ? જગત્, કુદરત, પ્રભુ એમની સેવાનાં સન્માન કરશે જ. આપણા સમારંભો તો અધુરાં સન્માનના ચિહ્નો જ ગણાવાં જોઇએ."

ત્યારબાદ શ્રી **કકલભાઇ બી. વકીલે** મણિભાઇ સાથેનાં વર્ષો જુનાં સ્મરણોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે શ્રી "મણિભાઇ સાથેનો મારો સંબંધ સં. ૧૯૧૬ ની સાલનો એટલે ૨૮ વર્ષનો લાંબો છે. શ્રી પરમાનંદભાઇ, શ્રી મણિભાઇ તથા મેં સાથે રહીને જૈન સેનિટરી એસોસીએશનના માનદ મંત્રીઓ તરીકે કામ કર્યું છે. યુવકસંઘની સ્થાપનાથી અમો ત્રણે સાથે કામ કરતા આવ્યા છીએ. એટલે શ્રી મણિભાઇ સાથેનો મારો

પરિચય ઘણોજ ગાઢો ગણાય. વેપારમાં પણ મણિભાઇ અમોને કોઇ કોઇ વખત ખટાવે એટલે આવા એક પરમ સ્નેહી મિત્રનું સન્માન થતું જોઇ અમને ગર્વ થાય તેમાં નવાઇ જેવું નથી.

"સેવાની ધગશ શ્રી મણીભાઇમાં બહુ જ નાની ઉંમરે જાગ્રત થઇ. ભર યુવાવસ્થામાં ધર્મપત્નીના વિયોગનો લાભ લઇ સેવાના ક્ષેત્રમાં તેઓએ ઝંપલાવ્યું, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ જૈનસેનિ-ટરી એસોસીએશન, મહાવીર જૈન વિદ્યાલય, માંગરોળ જૈન સભા વગેરે સંસ્થાઓમાં જોડાઇ તેમાં રસ ભર્યો ભાગ લેવા માંડયો. યુવક સંઘના આદ્ય સ્થાપકોમાં તેઓ એક હતા અને આજ સુધી તેની ધુરા વહી તેને સંગીન સ્થિતિમાં મૂકનાર તરીકે યુવક સંઘના ઇતિહા-સમાં સદાને માટે શ્રીયુત મણીભાઇનું નામ યાદ રહેશે. પ્રબુદ્ધ જૈનના તંત્રી તરીકે તેઓની સેવાઓ ભુલી શકાય નહિ. આજે જૈન કોમનું સારામાં સારૂ Classic paper જેને કહી શકીએ. એવું જો કોઇ પાક્ષિક હોય તો તે પ્રબુદ્ધ જૈન છે અને લડા-ઇના અવળા સંજોગો છતાં તેને ચાલુ રાખી જૈનોને ઉચ્ચ કક્ષાનું વાંચન પુરૂ પાડે છે, જે માટે શ્રીયુત પરમાનંદભાઇ સાથે શ્રીયુત મણીભાઇના પણ આપણે આભારી છીએ.

"શ્રીયુત મણીભાઇ એટલે યુવક સંઘના પ્રાણ, સેવાની મૂર્તિ. મણીભાઇનુ સન્માન એટલે યુવક સંઘનું સન્માન. શ્રી. મણીભાઇએ યુવકસંઘને પોતાનું તન, મન, ધન અર્પણ કર્યું અને આજે ૧૫ વર્ષ થયાં યુવક સંઘ મારફતે અનેકવિધ સેવાઓ કરી છે, સમાજમાં અનેક જાતના સુધારા દાખલ કરાવ્યા છે. ખાસ કરીને બાળદીક્ષા અટકાવવા તેમણે જે ભિષણ પ્રયત્ન કર્યો છે તે માટે જૈન સમાજ તેમનું રૂણી છે. અયોગ્ય દીક્ષાને અંગે એક દાયકા પહેલા જૈન સમાજમાં ભારે ઉહાપોહ થયો હતો જેના પરિણામે ગાયકવાડ તેમજ બીજા દેશી રાજ્યોમાં બાળ સંન્યાસને લગતા નિયમો અમલમાં આવેલા અને નાના બાળકોને અપાતી દીક્ષા ઉપર પ્રતિબંધ મુકાયેલો. આ આંદોલનનું મૂળ શ્રી મણીભાઇ હતા એમ કહીએ તો અતિ-શયોકિત નહિ ગણાય.

"યુવકસંઘને તેઓએ સારી જેવી રકમ ભેટ આપી યુવક-સંઘ હસ્તક ચાલતા પુસ્તકાલયને સંગીન પાયા ઉપર મુકવાનું માન શ્રી મણીભાઇ ખાટી ગયા છે. શ્રી મણીભાઇ આપણા યુવકોમાં કેટલા લોકપ્રિય છે તે સન્માન થેલીમાં લોકોએ ભરેલી રકમ બતાવી આપે છે. આવા એક લાયક યુવકનું સન્માન તે આખા જૈન યુવક સમાજનું સન્માન કરવા બરોબર છે. મારા તરફથી શ્રીયુત મણીભાઇને અંતઃકરણથી ધન્યવાદ આપું છું અને યુવકસંઘના મંત્રી તરીકે તેઓ લાંબુ આયુષ્ય ભોગવે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું."

ત્યારબાદ શ્રી. **મણિલાલ વાડીલાલ નાણાવટી** જેઓ મણિભાઇના બાળગોઠીઆ હતા અને વ્યાપાર તેમજ બીજી અનેક પ્રવૃત્તિઓમાં શ્રી. મણિભાઇના વર્ષોભરના સાથી છે તેણે મણિભાઇની અડગ સેવાવૃત્તિ અને એકદર જૈન સમાજની ઉન્નતિ કરવાની તેમની એકસરખી દાઝ, બળતરા અને તમન્નાના અનેક દૃષ્ટાંતો આપીને સભાજનોને મુગ્ધ કર્યા હતા અને અંત ભાગમાં પોતાના પુરાણા મિત્રનુ આવું ભવ્ય સન્માન થઇ રહેલું જોઇને તેમનું હૈયું હર્ષ અને સ્નેહથી ભરાઇ આવ્યું હતું.

ત્યારબાદ **શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ**એ પ્રસંગા-નુરૂપ બોલતા જણાવ્યું કે "સેવા ધર્મ યોગીઓને પણ અગમ્ય ગણાય છે. એવો સેવાધર્મ પોતાના જીવનમાં આરપાર ઉતારનાર વિરલ વ્યકિતઓમાંની એક આપણા મણિભાઇ છે. તેમના જીવનના સંયોગો અનેકવાર બદલાયા છે પણ તેઓ કદિ બદલાયા નથી કે તેમનો ઉત્સાહ કદિ મંદ પડયો નથી. બીજાઓ સારા કામમાં પૈસા આપીને જાણે કે મોટો ઉપકાર કરતા હોય એમ વર્તે છે. જ્યારે મણિભાઈ તો ઉલટું સારા કામમાં દ્રવ્ય વાપરવાની પોતાને તક મળે છે તે બદલ સમાજનો ઉપકાર માને છે."

ત્યાર બાદ સભાના પ્રમુખ શ્રી. **વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતા**એ આગળનાં સર્વે વિવેચનોનો ઉપસંહાર કરતાં જણાવ્યુ કે, "આજના શુભ પ્રસંગે મને અહિં બોલાવી ઉપ-કૃત કર્યો છે. મારૂં સદ્‌ભાગ્ય સમજું છું કે મણિલાલ મોકમચંદ શાહ જેવા સાચા સમાજસેવકનું સન્માન કરવાના સમારંભમાં હું ભાગ લઇ શકું છું. શ્રી. મણિભાઇ તેમજ તેમની સમાજ-સેવાનો મને વિશેષ પરિચય નહોતો, છતાં મુંબઇ જૈન યુવક સંઘની પધ્ધતિ, કાર્યપ્રવૃત્તિ વિષે જે કોઇ કાંઇ અભ્યાસ કરે તેને તેઓશ્રી પ્રત્યે આદરની લાગણી થયા વિના રહે નહિ. વળી આજે જે જે ભાષણો થયાં છે તે ઉપરથી શ્રી. મણિભાઇની ચાલીસ વર્ષથાયે વધારે સમાજસેવાનો ખ્યાલ આવે છે. તેઓશ્રી સાથે વિશેષ સંબંધમાં ન આવેલો હોય તેના મન ઉપર પણ તેમની સેવાભાવનાની ઉંડી છાપ પડયા વિના રહે નહિ. તેઓશ્રી જૈન ધર્મના અનુયાયી છે અને તે ધર્મ પોતાના જીવનમાં તેમણે ઉતાર્યો છે. તેના સિધ્ધાંતોનો અભ્યાસ કરી ખરી ધર્મનિષ્ઠા એટલે શું તે પોતાના ચારિત્ર્ય અને પ્રવૃત્તિ વડે તેમણે જૈન સમા-જને શીખવ્યું છે. સેવા એ જૈન ધર્મનો તેમજ બીજા ધર્મોનો પ્રમુખ સિધ્ધાંત છે તે સેવાધર્મનું શુધ્ધ સ્વરૂપ તેઓશ્રીએ પ્રજા સમક્ષ રજુ કર્યું છે.

"શ્રી. મણિભાઇની તબીયત નાદુરસ્ત થઇ તે અગાઉ તેમણે મુંબઇ જૈન યુવક સંઘને આગળ વધારવા માટે જે અથાગ શ્રમ વેઠયો છે તે તથા તેમની બીજી અનેક સેવાઓની કદર કરવા આપણે આજે એકઠા થયા નથી તેમની સેવાની કદર કરવા જેટલી પાત્રતા આપણામાંથી ઘણાની નથી. તેમજ તેમ કદર કરવી એ ધૃષ્ટતા ગણાય. તેઓશ્રી સન્માન માંગતા નથી પણ આ પ્રસંગનો લાભ લઇ જે જે કાર્યો તેમણે આદર્યા છે અને તેમને પ્રિય છે તેવાં કાર્યોને વેગ કે પ્રોત્સાહન મળે તેવી યોજના ઘડવાનો આજના સમારંભનો હેતુ હું સમજું છું. તેઓએ પુસ્તકાલય માટે જે ફાળો આપ્યો છે તેટલો જ બલ્કે તેથી વધારે રકમનો ફાળો આપ સૌ ઉઘરાવી તેઓ પ્રત્યેના આપના પ્રેમ ને આદર વ્યકત કર્યા છે. બાકી જે થેલી આજે તેમને અર્પણ કરવાની છે તે થેલી તો સમાજના હિત માટે જ તેઓ બક્ષીસ કરશે અને તેનો ઉપયોગ જે કાર્યો પાછળ તેમનો પ્રેમ અને આસ્થા છે તેવા કાર્ય માટે જ થશે. આ કારણસર સંઘની તેમજ સમાજની દ્રષ્ટિએ આ પ્રસંગ બહુ આવકારદાયક ગણાય.

આ પ્રસંગે મુંબઇ જૈન યુવક સંઘ માટે કાંઇ કહું તો આપ અસ્થાને નહિં લેખો. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનો પરિચય મને ઘણા વખતથી નથી. છતાં તેનું બંધા-રણ, કાર્યપધ્ધતિ તેમજ વિવિધ પ્રવૃત્તિઓનો મેં જે થોડો ઘણો અભ્યાસ કર્યો છે તે ઉપરથી તેના કાર્યકર્તાઓ જેવા કે શ્રી મણિભાઇ, શ્રી પરમાનંદભાઇ પ્રત્યે અત્યંત માન પેદા થાય છે. જૈન ધર્મનાં–શુધ્ધ તત્વો મણિભાઇએ પોતાના જીવનમાં ઉતાર્યા છે તેમજ તે તત્વોનું સાચું સ્વરૂપ સંઘની ઘટનામાં જોવામાં આવે છે. આ તત્વો એવાં છે કે જે સૌ કોઇને–ભલે તે જૈન હોય કે ન હોય તેને–માન્ય કરવા લાયક છે. જો કે મુંબઇ જૈન યુવક સંઘનું સભાસદત્વ જૈન ધર્મનાં અનુયાયીઓ માટે છે, છતાં તેના ઉદ્દેશો એવા વિશાળ છે કે તે સંસ્થામાં સૌ

કોઇ દાખલ થઈ રસપુર્વક ભાગ લઇ શકે. ઉપરાંત તેની કાર્ય તે પધ્ધતિ, કાર્યની રૂપરેખા ને પ્રત્યક્ષ હાથમાં ધરેલો કાર્યક્રમ એવી ઢબનાં છે કે સંઘ કેવળ જૈન સમાજની નહીં પણ બહુ જન સમાજની સેવા પણ કરી શકે છે. યુવક સંઘ હોવા છતાં આ સંસ્થાને શ્રી. મણિભાઇ તેમજ શ્રી. પરમાનંદભાઈ જેવા અનુભવી અને પુખ્ત વયના માર્ગદર્શન આપનાર મુરબ્બીઓ મળ્યા છે તે તેનાં સદ્‌ભાગ્ય છે. નિઃસ્વાર્થી, સેવાભાવી, કર્તવ્ય-પરાયણ કાર્યકર્તાઓ મેળવવા ઉપર જ સંસ્થાઓ યશસ્વી નીવડે કે કે નહિ તેનો મુખ્ય આધાર રહે છે. આવી ઉંચી પંકિતના નેતાઓની દોરવણી નીચે સંઘની પ્રવૃત્તિઓ વધારે ને વધારે વિકાસ પામો એમ આશા પ્રદર્શિત કરૂં તેમાં આપ સૌ સંમત થશો એવી આશા રાખું છું. શ્રી. મણિભાઇ પોતાની શરીર-પ્રકૃતિ હવે નબળી હોવાને કારણે વિવૃત્ત જીવન ગાળવા માંગે છે. આજે તેમની પ્રત્યે જે સદ્‌ભાવ ને પ્રેમ અહિં વ્યકત થયાં છે તે જોતાં એમ લાગે છે કે તેમની આ નેમ તેઓ ભાગ્યે જ પુરી કરી શકશે. તેઓ હવે શારીરિક અડચણને અંગે દોડાદોડ કરવા અશકત હોય તોપણ તેમની કીંમતી સલાહ સુચના તથા તેમનું અમૂલ્ય માર્ગદર્શન વર્ષો ને વર્ષો સુધી સંઘને તેમજ સમાજને મળતાં રહો એ પ્રાર્થના પ્રભુ પાસે આપ સૌ સાથે હું પણ કરૂં છું અને બહુ આનદથી ને નમ્રતાપુર્વક આ થેલી આપ સૌ તરફથી તેઓશ્રીને હું અર્પણ કરૂં છું.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ રૂ. ૧૩૮૩૩ ની સરકારી નોટોથી ભરેલી અને કળાપૂર્વક શણગારેલી ખાદીની થેલી સભાજનોના હર્ષનાદ વચ્ચે શ્રી. મણિભાઇને અર્પણ કરી અને ફુલહારથી તેમનું સવિશેષ સન્માન કર્યું. શ્રી. મણિભાઇએ થેલીનો સ્વીકાર કરતાં નીચે મુજબ જવાબ વાળ્યોઃ-

"આજનો સત્કાર સમારંભ યોજવા માટે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનો હું ખુબ આભારી છું. સંઘના મંત્રી ભાઇ રતિ-લાલે જણાવ્યું તેમ આજથી છ માસ પહેલાં હું ગંભીર માંદ-ગીમાં સપડાયો ત્યારે મારી ભાવના અને આજ સુધી સેવેલા સ્વપ્નાને અનુરૂપ બનેલા મુંબઇ જૈન યુવક સંઘની આર્થિક સ્થિતિ સંગીન પાયા ઉપર મુકાય તેવી કોઇ યોજના બર લાવવા હું વિચાર કરવા લાગ્યો. અને પરિણામે સંઘના પ્રમુખ અને અન્ય મિત્રોની સલાહથી સંઘના વાંચનાલય ને પુસ્તકાલયને રૂ. ૧૦૦૦૦ ની રકમ આપવા હું પ્રેરાયો. આજે આપે મને જે રૂ. ૧૩૮૩૩ ની થેલી આટલા પ્રેમભાવથી અર્પણ કરી છે તેમાં ખુટતા રૂપીઆ ઉમેરીને કુલ રૂ. ૧૪૦૦૧ સંઘના વાંચનાલય ને પુસ્તકાલયના ઉપયોગ માટે પાછા આપવા ઇચ્છું છું અને આગળના રૂ. ૧૦૦૦૦) અને આ રૂ. ૧૪૦૦૧ એમ કુલે મળી રૂ. ૨૪૦૦૧ નું સંઘની કાર્યવાહક સમિતિની સલાહ લઇને ટ્રસ્ટ કરીને સોંપી દેવાનું હું જાહેર કરૂં છું. આ થેલીમાં જે ભાઇ બ્હેનોએ ફાળો આપ્યો છે તેમણે સંઘના કાર્ય પરત્વે જ મમ-ત્વ દાખવ્યું છે એમ હું માનું છું. સંઘની મેં કાંઇ સેવા કરી હોય એમ આપ માનતા હો તો તે બરોબર નથી. કારણ કે મારી ભાવનાને આદર્શરૂપ સંઘ મળી ગયો અને એ આદર્શને પહોંચવા માટે સંઘની મને મોટી ઓથ પ્રાપ્ત થઇ એટલે ખરી રીતે તો મને આટલો લાંબો વખત મંત્રી તરીકે નભાવી લેવા માટે તેમજ મારા કાર્યને ઉત્તેજન ભર્યો સાથ આપવા માટે સંઘની કાર્યવાહીનો ને સભ્યોનો મારે ખુબ ખુબ ઉપકાર માનવો રહ્યો. તેમના સાથ અને સહકાર વિના જે કાંઇ મારાથી થઇ શક્યું છે, તે બની શકત જ નહિ એમ હું માનું છું.

"આ પ્રસંગે સંઘની કાર્યપ્રણાલી જૈન સમાજે શા માટે અપનાવી લેવી જોઇએ એ વિષે હું મારા વિચારો રજુ કરૂં તો તે અસ્થાને નહિ ગણાય. આજથી પંદર વર્ષ પહેલા હું સંઘમાં દાખલ થયો ત્યારે જૈન સમાજ સુધારક પક્ષ ને સોસાયટી પક્ષ એમ બે પક્ષ વચ્ચે વહેંચાઇ ગયો હતો. બે મુનિરાજો વચ્ચેનો ઝઘડો સમાજમાં ફેલાયો હતો. સમાજમાં મોટું ભંગાણ પડયું હતું. એ વખતમાં સ્થપાયેલ મુંબઇ જૈન યુવક સંઘે બાળદીક્ષા સામે પ્રચંડ હીલચાલ ચલાવીને જૈન સમા-જને સાચી દોરવણી આપી હતી. કાળક્રમે દેશમાં ૧૯૩૦-૩૨ ની સત્યાગ્રહની લડત આવી અને રાષ્ટ્રીય ભાવનાને ખુબ વેગ મળ્યો. આ રાષ્ટ્રીય ભાવનાને મુખ્ય સ્થાન આપીને સંઘના ધ્યેય અને બંધારણમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા અને જૈન સમાજના ત્રણે ફીરકાને સંઘમાં દાખલ કરવામાં આવ્યા. આમ છતાં પણ બાળદીક્ષા, જૈન સાધુઓની આપખુદી, ધાર્મિક કાર્યો પાછળ હજારો રૂપીયાનો થતો અપવ્યય, દેવદ્રવ્યના નામે નિરર્થક ભેગું થતું નાણું, અનિષ્ટ રૂઢિઓ અને ધાર્મિક વહેમો-આ બધી બાબતોને સંઘના નવા બંધારણમાં એટલું જ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું.

"આજે આપણે ચોતરફ જોઇએ છીએ તો માલુમ પડે છે તો એક બાજુએ સમાજનો મોટો ભાગ હવા ઉજાસ વિનાના મકાનોમાં રહે છે; સમાજના બાળકોને પાઠય પુસ્તકો, સ્કુલ ફી, તથા ઉચ્ચ અભ્યાસ માટેની બીજી સગવડોના અભાવે પોતાનો અભ્યાસ છોડી દેવો પડે છે અને બેકારીએ પણ સમાજમાં ઘર ઘાલ્યું છે, ત્યારે બીજી બાજુએ ધાર્મિક ઉત્સવો નિમિત્તે આપણે ત્યાં હજારો રૂપીયાનું પાણી થઇ રહ્યું છે અને દેવદ્રવ્યના ભંડા-રોમાં હજારો રૂપીયા ભર્યે ભરાયે જાય છે. કેટલાક સાધુઓએ જાત-જાતના ઝઘડાઓ ઉભા કરીને સમાજના ભાગલા પાડી દીધા છે. સાધુ સંસ્થાએ કરેલા બાળદીક્ષા અંગેના ઠરાવનો સાધુઓ તરફથીજ છડેચોક ભંગ કરવામાં આવે છે અને શ્રાવકવર્ગ એ સાધુઓને કંઈ કહેવા કે અટકાવવાને બદલે પક્ષાપક્ષીમાં પડી જઇને સમા-જને નીચે ઉતારે છે. બાળદીક્ષાના ઝઘડા પત્યા નથી ત્યાં તિથિ-ચર્ચાના ઝઘડા કેટલાક વખતથી ઉભા થયા છે અને સમાજમાં કુસંપનો વધારો થતો રહ્યો છે. આ નિર્માલ્ય ઝઘડા પાછળ સમાજની શકિત વેડફાઇ જાય છે અને સંગઠ્ઠન જોખમાય છે. આપણામાં ઘણા સડા પેસી ગયા છે એ આપણે દૂર કરવા જ જોઇએ. યુવકોએ આ માટે કમ્મર કસવી જોઇએ. આપણી બ્હેનોના અનેક સામાજીક પ્રશ્નો આપણી પાસે નિરાકરણ માગી રહ્યા છે. આ બધા કામોને પહોંચી વળવાની જવાબદારી યુવકોની અને યુવકસંઘોની છે........"

આમ કહેતે કહેતે શ્રી. મણિભાઇની છાતી ભરાઇ આવી અને આગળ બોલવાનું તેમના માટે અશકય બન્યું, છેવટે સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદભાઇ વિષે બહુ સદ્‌ભાવભર્યો ઉલ્લેખ કરીને તેમણે પોતાનું વકતવ્ય પુરૂં કર્યું.

અન્તમાં આભાર નિવેદનનો પ્રસ્તાવ રજુ કરતાં શ્રી મનસુખલાલ લાલને સંઘના વાચનાલય-પુસ્તકાલયનો કેવી રીતે ઉદ્‌ભવ થયો અને આજે તેનો કેવા બહોળા પ્રમાણમાં લાભ લેવાઇ રહ્યો છે તેને લગતી કેટલીક હકીકતો રજુ કરીને પ્રમુખશ્રીએ શ્રમ વેઠીને અને રવિવાર જેવા આરામના દિવસે તકલીફ લઇને આજના સમારંભનુ કામ પાર પાડયું તે બદલ તેમનો આભાર માન્યો અને શ્રી. અમીચંદ ખેમચંદ શાહે તે પ્રસ્તાવને અનુમોદન આપ્યું. ત્યારબાદ જાણીતા સંગીતા-ચાર્ય માસ્તર વસંતે રાષ્ટ્રીય ભાવનાને પોષતા ભાવવાહી ગીતો સંભળાવીને સભાનું મનરંજન કર્યું અને વન્દેમાતરમના ગાન સાથે સન્માન સમારંભની પૂર્ણાહુતિ કરવામાં આવી.

## કેટલાક પ્રશંસાત્મક સંદેશાઓ

અમદાવાદથી શ્રી. ઇન્દુમતીબહેન ચીમનલાલ નગીનદાસ શેઠ જણાવે છે:–

"કેટલીક વાર કોઇ સુખી કુટુંબ, કે કોઇ સુંદર ગીત, ચિત્ર કે કોઇ વ્યકિતની અન્તર્ગત મોટાઇ કે એવા કશાના પરિચયમાં આવતાં આપણને એમ થાય છે કે 'સારૂં થયું આપણને આટલો પરિચય થયો. નહિ તો દુનિયાનું કાંઇક બહુ સારૂં તત્ત્વ આપણે જોવા અનુભવવા પામ્યા નહોત.' એટલે દુનિયાની જે સારાઇ આપણને બહાર ઉપર દેખાઇ આવતી નથી તેનું કયાંક કયાંક દર્શન થઇ જાય ત્યારે એમ લાગે અને કાંઇક આશ્વાસન રહે કે બધું દેખાય છે તેવું સાવ સ્વાર્થી અને ખરાબ નથી પણ સામાન્ય સારાઇ ઘણે ઠેકાણે છુપાયલી છે. આપણે શોધી કાઢવાની કે પારખવાની જરૂર છે. કોઇ સુંદર કુદરતી દૃષ્ય જોઇને પણ એમ જ તાજગી તથા આનંદ લાગે છે. મણિભાઇને જોતાં અને જાણતાં આપણને આવોજ કોઇ આનંદ થઇ આવે છે.

"પૈસા મેળવે છે ઘણા અને એનો ઉપભોગ કરી તેમાંથી ઘણા આનંદ મેળવે છે પણ એના સદ્‌વ્યયનો આનંદ થોડા જ મેળવે છે અને તેથી ઘણા ધનવાનોને ખ્યાલ પણ નહિ હોય કે કોઇ દુઃખી ભાઇ બહેનને ઓછી વધતી રાહત આપીને કાંઇક આશ્વાસન આપ્યાનો આનંદ કેવો હોય? કોઇ વિદ્યાર્થીને મદદ કરીને તેને સારી રીતે સ્થિર અને સુખી જોવાનો આનંદ કેવો હોય? કોઇ સંસ્થા પોતાની મદદથી પ્રજાની કાંઇક અંશે પણ વધુ સેવા કરી શકે છે એ અનુભવનો આનંદ કેવો હોય? જો એ સંતોષ અને કૃતાર્થતાની લાગણીનું વધારે લોકોને ભાન થાય તો ધનવાનો ધન ભેગું કરે છે એ સાથે આપવાનું મન પણ તેમને થાય તેમાં શંકા નથી. અને મણિભાઇએ તો ધનની સાથે તન અને મન પણ સમાજસેવામાં આપ્યા છે અને ગમે તેવી મુશ્કેલીમાં પણ હિંમત, ધીરજ અને સુજનતા ટકાવી રાખી છે એ ઇશ્વરની એક પરમ કૃપા છે. એ સૌનો ઉત્તરોત્તર વિકાસ થાય અને ઇશ્વર મણિભાઇને આરોગ્ય અને દીર્ધાયુષ્ય આપે તેવી મારી પ્રાર્થના છે."

* * *

બીજાં એક બહેન મણિભાઇ સન્માન સમારંભના અંગે લખી જણાવે છે કેઃ—

"આજના પ્રસંગે આપણે મણિભાઇના ઘણા વખાણ કર્યા, પૈસા પણ તેમના નામ ઉપર ઘણા મળ્યા. અધુરી રહેલી થેલી તેમણે જ પુરી કરી. આ ઉપરથી શ્રીયુત મણિભાઇ શું માગે છે તે તેમના જવાબ ઉપરથી આપણે જાણી શકયાં છીએ. તેમને નથી ધનની ઇચ્છા, નથી નામનાની આકાંક્ષા, તેમને નથી જોઇતા તેમના વખાણ કે નથી તેમના પ્રત્યે દંભી પ્રેમની તેમને ઇચ્છા. 'દંભી' પ્રેમ તો એટલા માટે કહું છું કે આપણે બધાં તેમના નજીકના મિત્રો છીએ એવો દાવો રાખીએ છીએ. પણ આપણે તેમની મૈત્રીને કેટલો જવાબ આપ્યો છે, તે તો, આપણે જ આપણાં હૃદય ઉપર હાથ મુકશું તો, સમજાશે કે તેની મૈત્રી કરવાની આપણી જરા પણ લાયકાત નથી. શ્રી મણિભાઇ મિત્રો માગે છે પણ તે કેવા? તેમનાં અણુએ અણુમાં પ્રવેશી તેની અધુરી રહેલી ભાવના સમજી લે; બનતી ઉતાવળે તેને અમલમાં મૂકી તેમનો બોજો હલકો કરે; જૈન સમાજને બતાવી આપે કે તેમનો રાહ શું છે; તેમની સેવા શું બદલો માંગે છે; તેમના જીવનના કાર્યોનાં આપણે બધાં ભાગીદાર બનીએ, તેમની જતી જીન્દગીમાં તેમના આત્માને શાન્તિ આપીએ કે તમારૂં આદરેલું અમે જરૂર પુરૂં કરી બતાવશું. અમે પણ જૈન છીએ. વધારે નહીં તો અમારો વાડો સુંદર બનાવવા અમારા તનમનનો જરૂર ભોગ આપશું શ્રી મણિભાઇ તો માગે છે આવા સેવાપરાયણ મિત્રો. તેઓ તો માંગે છે ચોવીશે કલાક જાગ્રત રહેનાર અડગ સૈનિક. તેઓ તો માગે છે આર્યપુત્રીનો સાચો વીર. એમનો આત્મા તો ચોવીસે કલાક આવા મિત્રની શોધમાં જ ફરતો રહે છે. હવે તેમનું વૃધ્ધત્વ દેખાવા લાગ્યું છે. તેમને તેમની જીન્દગી ટૂંકી ભાસે છેઅને તેમના આદરેલ કાર્યો તો હજી કિનારામાં જ પડેલા છે. તેમને તો ઝુકાવેલું નાવ સામે પાર જોવું છે પણ આજે નાવનો નાવિક ઉમ્મર જોઇ ગયેલ છે. તેનું નાવ ન ડૂબે તેવો તેણે આપણને આદેશ કર્યો છે. પણ તેમને અમે સામેપાર પહોંચાડશું તેવો જવાબ આપણામાંથી કોઇએ આપ્યો ખરો? નહીં જ. આપણે તો કેવળ તેમની જ સેવાના સાથીદાર મિત્રો બનવા માગતા હતા. બોજો ઉપાડીને થાકી ગયેલ તેમની પીઠ ઉપરથી બોજો આપણી જવાબદારીએ ઉઠાવી લેનાર સૈનિકો બનવા આપણે માગતાં ન હતાં. તેઓ તો ઘણા ઉદાર અને કાર્યકુશળ સૈનિક છે. આથી તેમને આપણી અપૂર્ણતા નહીં દેખાય. પણ આપણી બધાંની તો એક ફરજ હોઇ શકે કે તેમને તેમના કામમાંથી નિવૃત્ત કરી, તેમનો બોજો વહન કરતા થઇ, તેમના આત્માને શાન્તિ આપવી. તેઓ શું માગે છે તેને અનુકુળ થઇ, આપણે મિત્રની ફરજ બજાવીએ. ઇશ્વર એમને દીર્ઘાયુષ બક્ષો!

* * *

મણિભાઇથી તદ્દન અપરિચિત એવા એક ભાઇ શ્રી. દેવચંદ કુંવરજી શાહ અમદાવાદથી મણિભાઇ સન્માન થેલી માટે રૂા. ૫૧) મોકલતાં જણાવે છે કે :–

"શ્રી. મણિભાઈ અને મારો કંઇ અંગત પરિચય નથી, પણ તેમને હું પરોક્ષ સારી રીતે ઓળખું છું. તેમણે અગાઉ ઘણા ભોગો આપ્યા છે અને કોઇ પણ જાતની કીર્તિ કે નામનાની અપેક્ષા વિના સેવાના ઘણા સુંદર કાર્યો તેઓ કરતા રહ્યા છે. તેથી તેમની પ્રત્યેના માનની ખાતર હું મારી તરફથી ફુલ નહિ તો ફુલની પાંખડી તરીકે ઉપરની રકમ મોકલાવું છું."

---

**અખિલ હિંદ મહિલા પરષદ** (મુખપૃષ્ટથી ચાલુ)

નાયડુને મના ફરમાવી નથી. માનપત્ર બાદ જુદી જુદી સંસ્થાઓ તરફથી સરોજિની નાયડુ લગભગ દટાઇ જાય એટલા બધા હારનો તેમના પર ઢગલો કરવામાં આવ્યો હતો. આ પ્રસગે સરોજિની નાયડુની હાજરી સૌ કોઇને બહુ પ્રેરણાદાયક થઇ હતી. સાથે સાથે તેમનું ફરજીયાત મૌન આપણી પરતંત્ર દશાનું તીવ્રપણે ભાન કરાવતું હતું. દરેક નાગરિકને પોતાનો વિચારો પ્રગટ કરવાનો હક્ક હોવો જોઇએ. એમ છતાં પણ હિંદના આ અમૂલ્ય નારી રત્નનો તે હક્ક સરકારે છીનવી લીધો છે. આ જેટલું દુઃખદ છે તેટલું આખા દેશની પ્રજાને માટે ભારેમાં ભારે અપમાનકારક છે.

પરિષદનું કામકાજ ૧૦ મી તારીખે સવારે પુરૂં થયું. આજ સુધીની પરિષદમાં આ પરિષદ સૌથી વધારે મહત્વવાળી બની. આ વખતે જેટલા પ્રતિનિધિઓ દેશના જુદા જુદા ભાગમાંથી આ પરિષદમાં ભાગ લેવા આવ્યા હતા તેટલા પ્રતિનિધિઓ આગળની કોઇ પરિષદમાં આવ્યા ન હતાં. આ પરિષદે સૌ કોઇને નવી શક્તિની પ્રેરણા આપી છે અને અનેક મીઠાં સ્મરણો મુકી ગઇ છે. આપણે આશા રાખીએ કે શ્રીમતી કમલાદેવીના નેતૃત્વ નીચે આ પરિષદનું કામકાજ બહુ વેગપૂર્વક આગળ વધે અને આજ સુધી પાછળ રહેલી અને અજ્ઞાન દશામાં ડુબેલી લાખો દેશભગિનિઓમાં નવી કાર્યશકિત અને ચેતનાનો જન્મ થાય.

**રંભાબહેન ગાંધી.**

# શ્રી મણિભાઈ સન્માન થેલીમાં ફાળો આપનાર ભાઈ બહેનોની યાદી

૫૦૧) શ્રી. ચંદુલાલ બાલાભાઈ નાણાવટી
સ્મરણમાં હા. મણિબ્હેન નાણાવટી
૫૦૪) શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ
તથા તેમના કુટુંબીજનો તરફથી
૨૫૧) શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ
૧૦૧) ,, રૂક્ષ્મણીબ્હેન અમૃતલાલ
૧૦૧) ,, મનુભાઇ અમૃતલાલ શેઠ
૫૧) ,, રતીલાલ શેઠ
૪૦૨) શ્રી તારાચંદ કોઠારી તથા તેમના
ધર્મપત્ની તરફથી
૩૦૧) શ્રી તારાચંદ કોઠારી
૧૦૧) ,, ચંદ્રાબ્હેન તારાચંદ કોઠારી
૪૦૨) શ્રી અમીચંદ ખેમચંદ તથા તેમના
ધર્મપત્ની તરફથી
૩૦૧) શ્રી અમીચંદ ખેમચંદ
૧૦૧) શ્રી મણીબ્હેન અમીચંદ
૩૦૧) શ્રી હેમચંદ અમરચદ ની કું.
૩૦૧) શ્રી હેમચંદ મોહનલાલની કું.
૨૫૧) શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા
તથા તેમના ધર્મપત્ની તરફથી
૨૦૦) શ્રી પરમાનંદભાઇ કુંવરજી
૫૧) શ્રી વિજયાબ્હેન પરમાનંદ
૨૫૧) શ્રી વીરચંદ પાનાચંદ
૨૫૧) શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ
૨૦૨) શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડીયા
તથા તેમના ધર્મપત્ની તરફથી
૧૫૧) શ્રી મનુભાઇ ગુલાબચંદ
૫૧) શ્રી જસુમતીબ્હેન મનુભાઇ
૨૦૧) શ્રી કુસુમબ્હેન ઝવેરી
૨૦૧) ,, ભગવાનલાલ હરખચંદ
૨૦૧) ,, ચીમનલાલ પી. શાહ
૨૦૧) ,, ધીરજલાલ જીવણચંદ કેશરીચંદ
૨૦૧) ,, મોતીલાલ કલ્યાણદાસની કું.
૨૦૧) ,, કેશવલાલ મંગલચંદ
૨૦૧) ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૨૦૧) ,, ચીમનલાલ પ્રેમચંદ શાહ
૨૦૧) ,, કાન્તીલાલ ભોગીલાલની કું.
૨૦૦) ,, કકલભાઇ ભૂદરભાઇ વકીલ
૨૦૦) ,, ભોગીલાલ લહેરચંદ ઝવેરી
૧૫૨) ,, દુર્લભજી ઉમેદચંદની કંપની
તથા દુર્લભજીભાઇનાં પત્ની તરફથી
૧૦૧ શ્રી દુર્લભજી ઉમેદચંદ પરિખ
૫૧ શ્રી વિજ્યા બ્હેન પરિખ
૧૫૧) શ્રી સી. ટી. શાહ
૧૫૧) શ્રી અમૃતલાલ કાલીદાસ
૧૫૧) શ્રી મંગળદાસ લલુભાઇ
૧૫૧) શ્રી લીલાવતીબ્હેન દેવીદાસ
૧૫૧) શ્રી વલભદાસ ફુલચંદ મ્હેતા
૧૫૧) શ્રી ભીખાભાઇ ભૂદરભાઈ કોઠારી
૧૫૦) શ્રી સર મણીલાલ બાલાભાઇ
નાણાવટી
૧૨૬) શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણી તથા
તેમની પુત્રી તરફથી
૧૦૧) શ્રી વ્રજલાલ ધરમચંદ
૨૫) સવીતાબ્હેન
૧૧૨) શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન
તથા તેમના ધર્મપત્ની તરફથી
૧૦૧) શ્રી મનસુખલાલ હીરાલાલ
૧૧) ,, મોતીબાઇ મનસુખલાલ
૧૦૬) શ્રી દીપચંદ ટી. શાહ અને તેમના
પત્નિ તરફથી
૧૦૧) શ્રી દીપચંદ ટી. શાહ
૫) શ્રી તારા બ્હેન દીપચંદ શાહ
૧૦૨) શ્રી ચુનીલાલ. કે. કામદાર અને
તેમના પત્નિ તરફથી
૫૧) શ્રી ચુનીલાલ. કે. કામદાર
૫૧) શ્રી લીલાવતી બ્હેન ચુનીલાલ
૧૦૨) ,, શ્રી પદમશી પરશોતમદાસ
૧૦૧) ,, ખાંતીલાલ કે. મોદી
૧૦૧) ,, જીન સ્ટોર કું.
૧૦૧) ,, ટી. જી. શાહ
૧૦૧) ,, ડૉ. ચીમનલાલ એન. શ્રોફ
૧૦૧) ,, ફતેહભાઇ લાલભાઇ ગાંધી
૧૦૧) ,, રમણલાલ સી. શાહ
૧૦૧) ,, કાંતીલાલ બકોરદાસ
૧૦૧) ,, કાંતીલાલ ઇશ્વરલાલ
૧૦૧) ,, સરલાબ્હેન સુમતીચન્દ્ર
૧૦૧) ,, વિઠલદાસ કાલીદાસ
૧ ૧) ,, નાનચંદ શામજીભાઇ
૧૦૧) ,, મનસુખલાલ કું.
૧૦૧) ,, ચીમનલાલ ચકુભાઇ શાહ
૧૦૧) ,, મેનાબ્હેન નરોતમદાસ
૧૦૧) ,, દલસુખભાઇ ત્રીભોવનદાસ
છગનલાલ
૧૦૧) ,, ડૉ. અમીચંદ શાહ
૧૦૧) ,, અંબાલાલ એમ. પરિખ
૧૦૧) ,, બાપાલાલ આર. ગાંધી
૧૦૧) ,, કેશવલાલ કરમચંદ
૧૦૧) ,, માધવલાલ હીરાલાલ
૧૦૧) ,, એચ. બી. શાહ
૧૦૧) ,, વાડીલાલ મનસુખલાલ પરિખ
૧૦૧) ,, ધીરજલાલ એન. શ્રોફ
૧૦૧) ,, મયાભાઇ મણીલાલ તેલી
૧૦૧) ,, પ્રતાપરાય હરીલાલની કું.
૧૦૧) ,, મીલ સ્ટોર કું.
૧૦૧) ,, રતીલાલ સી. કોઠારી.
૧૦૧) ,, સ્વરૂપચંદ એન. શ્રોફ
૧૦૧) ,, સારાભાઇ ડાયાભાઇ
૧૦૧) ,, સુર્યકાન્ત પ્રીન્ટીંગ પ્રેસ
૧૦૧) ,, રમેશ ટ્રેડીંગ કોરપોરેશન
૧૦૧) ,, માણેકલાલ વાડીલાલ ઝવેરી
૧૦૧) ,, દીવાન બ્રધર્સ
૧૦૧) ,, મોતીચદ ગીરધર કાપડીયા
૧૦૧) ,, શાંતીલાલ ભીખુભાઇ ઝવેરી
૧૦૧) ,, શાંતીલાલ હિરાલાલ
૧૦૧) શ્રી માણેકલાલ અમુલખરાય મહેતા
૧૦૧) ,, રસીકલાલ માણેકલાલ
૧૦૧) ,, જે. ખુશાલદાસની કું.
૧૦૧) ઝવેરી શ્રી ચીમનલાલ માનચંદની કું.
૧૦૧) ,, બી. દુર્લભજીની કું
૧૦૦) ,, માધવજી ધનજી શાહ
૧૦૦) ,, પ્રાણલાલ વિઠલદાસ પારેખ
હ. મણીલાલ નરભેરામ પારેખ
૧૦૦) ,, જેઠાલાલ રામજીભાઇ
૧૦૦) ,, અરજણ ખીમજીની કું.
૧૦૦) ,, સરલાબ્હેન સારાભાઈ
૭૫) ,, ડૉ. મોહનલાલ એલ. શાહ
૫૧) ,, ભાનુકુમાર જૈન
૫૧) ,, ગોમ્સ ઇસ્ટ ઇન્ડીયા ટ્રેડીંગ કું.
૫૧) શ્રી હીરાચંદ ધરમશી
૫૧) ,, ધી બોમ્બે મશીન સ્ટોક કું.
(હરીલાલ શંભુલાલ)
૫૧) ,, નથુભાઇ પરીખ
૫૧) ,, તારાચંદ શામજીભાઇ
૫૧) ,, ચીમનલાલ પરિખ
૫૧) ,, મણીલાલ વાડીલાલ નાણાવટી
૫૧) ,, ગોકુલદાસ મોહનલાલ ઝવેરી
૫૧) ,, ઇન્દુમતી બ્હેન ચીમનલાલ
નગીનદાસ શેઠ
૫૧) ,, મોહનલાલ આર. પરીખ
૫૧) ,, નલીનીકાન્ત લક્ષ્મીચંદ શેઠ
૫૧) ,, ડૉ. ભાનુભાઇ શુકલ
૫૧) ,, ખુશાલદાસ જગજીવનદાસ
૫૧) ,, નરભેરામ મોરારજી ઝાટકીયા
૫૧) ,, મણીલાલ જેઠાલાલ
૫૧) ,, દેવચંદ કુંવરજી શાહ
૫૧) ,, જમનાદાસ અમરચંદ ગાંધી
૫૧) ,, ચોકસી બ્રધર્સ
૫૧) ,, ફુલચંદ વેલજીભાઇ
૫૧) ,, કાન્તાબ્હેન કસ્તુરચંદ ઝવેરી
૫૧) ,, ચત્રભુજ મોતીલાલ ગાંધી
૫૧) ,, હીરાલાલ મોતીચંદ શાહ
૨૫) ,, હીરાલાલ મુલજીભાઇ મુની
૨૫) ,, રતીલાલ વાડીલાલ શાહ
૨૫) ,, નાનુભાઈ ભીખુભાઇ ઝવેરી
૨૫) ,, ટેમીનાબ્હેન બહેરામ ખંભાતા
૨૫) ,, ચુનીલાલ ચત્રભુજ
૨૫) ,, કમળાશંકર પી. જોષી
૨૫) ,, ડૉ. લાલભાઈ એસ શાહ
૨૫) ,, ચીમનલાલ પોપટલાલ શાહ
૨૫) ,, ન્યાલચંદ જાદવજી
૨૫) ,, એક ગૃહસ્થ (હ. ઘેલાભાઇ
હાથીભાઇ ઝવેરી)
૨૫) ,, જેસીંગલાલ લલ્લુભાઇ ઝવેરી
૨૫) ,, મોહનલાલ નગીનદાસ ઝવેરી
૨૫) ,, ખીમજી માંડણ ભૂજપરીયા
૨૫) ,, ખીમચંદ મગનલાલ વોરા
૨૫) ,, કાન્તીલાલ છોટાલાલ
૨૫) શ્રી મંગલદાસ નાગરદાસ તલસાણીયા
૨૧) ,, કાન્તીલાલ ડી. કોરા
૨૧) ,, એ. રમણલાલની કું.
૨૦) ,, ભોગીલાલ અમૃતલાલ ઝવેરી
૨૦) ,, શાંતીલાલ હરજીવન શાહ
૧૫) ,, રતીલાલ ભીખાભાઇ
૧૫) ,, ચંદુલાલ સકરચંદ વકીલ
૧૫) ,, છોટાલાલ ત્રીકમલાલ પારેખ
વકીલ અમદાવાદવાળા
૧૧) ,, એક ગૃહસ્થ
૧૧) ,, રમણલાલ હીરાલાલ
૧૧) ,, રતીલાલ મોહનલાલ
૧૧) ,, ધીરજલાલ ધનજીભાઇ
૧૧) ,, વિનોદચન્દ્ર જે. શાહ
૧૦) ,, પાસુભાઇ ખીયશી
૫) , કેશરીચંદ જેસીંગલાલ
૫) ,, વાડીલાલ આશાલાલ શાહ
૫) ,, લક્ષ્મીચંદ લાપસીયા
૫) ,, કચનલાલ તલસાણીયા
૧) ,, અબુબકર કાદરદીન ઝવેરી

રૂ. ૧૩૮૩૩

૧૧ શ્રી. પુનમચંદ મોતીચંદ
(થેલી અપાઇ તે વખતે મળેલી)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૬
અંક : ૧

મુંબઇ: ૧ મે ૧૯૪૪ સોમવાર.

લવાજમ
રૂપિયા ૩

## "વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય"

(આ લેખ રાજકોટના આગેવાન વકીલ, સ્થાનકવાસી જૈન સમાજના એક અગ્રગણ્ય વ્યક્તિ અને આજ કાલ જેમના સિદ્ધાન્તો અને મન્તવ્યો બહુ ચર્ચાપાત્ર બની રહેલ છે અને જેમના લીધે જૈન સ્થાનકવાસી સમાજમાં મોટો ક્ષોભ પેદા થયો છે તે શ્રી કાનજી મુનિના પ્રમુખ અનુયાયી શ્રી. રામજીભાઈ માણેકચંદ દોશી તરફથી મળ્યો છે. આ લેખ શ્રી કાનજી મુનિના મુખ્ય મન્તવ્યને સ્પષ્ટ કરતો હોઈને અહિં પ્રગટ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત લેખમાં રજુ કરવામાં આવેલી વિચારસરણી 'શુભ' અને 'શુદ્ધ' વચ્ચે કલ્પાયલા મૌલિક વિરોધના પાયા ઉપર રચાયલી છે. આ બાબત ધ્યાનમાં રાખવાથી આખો લેખ સરળપણે સમજી શકાશે.
પરમાનંદ)

**૧ ઉપરના પદનો સંસારી લોકો કેવો અર્થ કરે તે આપણે પ્રથમ વિચારીએ.**

૧ "વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય" આ પદનો અર્થ લોકો સંસારી કામમાં સાચો કરે છે. પણ ધર્મના કામમાં ઘણાઓ વિપરીત અર્થ કરે છે. તેનુ ફળ એ થાય છે કે સ્વરૂપની ભ્રમણા તેમને ટળતી નથી અને તેવા વિપરીત અર્થથી તે ભ્રમણા પોષાય છે.

૨ ત્યારે સંસારી કામમાં તેનો અર્થ લોકો શું કરે છે તે પ્રથમ તપાસીએ; પછી ધર્મના કામમાં વિપરીત અર્થ શું થઇ રહ્યો છે તે તપાસીશું.

૩ સંસારી કામનું એક દૃષ્ટાંત લઇએ કે જેથી સમજવું સરળ થાય. સંસારી કામમાં "દુધ સાધક (સાધન) દહીં સાધ્ય" એમ બોલતાં લોકો શું અર્થ કરે છે તે વિચારીએ.

૪ ત્યાં એવો અર્થ કરે છે કે દુધ ક્રમે ક્રમે દુધપણું છોડી દહીંપણા તરફ જાય તો દહીંની શરૂઆત થઇ ક્રમે ક્રમે દહીંની પૂર્ણતા પ્રગટે. લોકોનું લક્ષ્ય મેળવણું નાંખ્યા પહેલાંજ ગોરસનું દુધપણું મટાડી દહીં કરવા તરફ હોય છે. દુધની દશા ટળે તોજ દહીંની દશા થાય એમ માને છે. દુધ ટળ્યા વગર દહીં થાય નહીં એમ સમજે છે. માટે તે દુધની દશા ટળી દહીં થાય તોજ 'દુધ સાધક' કહેવાય.

૫ દુધ દુધપણે પડયું રહે કે દુધની દશા બદલી દહીં નહીં થતાં દુધ બગડી જાય તો 'દુધ સાધક' કહેવાય નહીં.

૬ વધારે સ્પષ્ટતાથી કહીએ તો પ્રથમ દુધ રાખવાનું નક્કી કરી છાશ નાંખવાનું કરે તો દુધની દશા પલટી દહીંની દશા થઇ શકે; તેથી 'દુધ સાધક અને દહીં સાધ્ય' થાય.

૭ એટલે ખરી રીતે "દુધનો **વ્યય** તે સાધક અને દહીંમાં **પ્રવેશ** તે સાધ્ય" એમ થયું

૮ સંસારમાં જીવો આ પદનો અથં કરવામાં નીચેની ભુલો કરતા નથી:–

(૧) દુધનું દુધપણું ચાલુ રહે તો દહીંમાં જવાય એમ માનતા નથી.

(૨) દુધપણું ન અટકે–દુધપણું ચાલુ રહ્યા કરતાં કરતાં દહીંમાં જવાય એમ માનતા નથી.

(૩) દુધમાં (તેનું દુધપણું ટાળવા માટે) મેળવણુ નાંખ્યા વગર દુધ થઇ જશે એમ માનતા નથી.

(૪) દુધ અને દહીં એ ગોરસની બે વિરૂદ્ધ અવસ્થા છે. માટે દુધપણું ટાળ્યા વિના દહીં તરફ કદી પણ જવાય એમ માનતા જ નથી.

૯ આ ચર્ચાનું ફળ નીચે પ્રમાણે આવ્યું.

(૧) દુધનો વ્યય થાય તોજ દહીંનો ઉત્પાદ થાય. (૨) દુધનો વ્યય તે સાધક અને દહીંનો ઉત્પાદ તે સાધ્ય. (૩) આ વાતને ટુંકામાં 'દુધ સાધક, દહીં સાધ્ય એમ બોલવાની લૌકિક પદ્ધતિ છે. (૪) પણ ટુંકામાં બોલવાની રીતને ન સમજી શબ્દો પ્રમાણે અર્થ કરી કહે કે–'દુધ રહેતાં રહેતાં દહીં થાય" તો તે અર્થ સાચો નથી

૧૦ હવે 'દુધ' શબ્દને બદલે 'વ્યવહાર' લખતાં અને 'દહીં' શબ્દને બદલે 'નિશ્ચય' લખતાં શું પરિણામ આવે તે જોઇએ:–

(૧) વ્યવહારના પક્ષનો વ્યય થાય તો જ નિશ્ચયનો ઉત્પાદ કરી શકાય.

(૨) 'વ્યવહારનો વ્યય સાધક' અને 'નિશ્ચયનો ઉત્પાદ' તે સાધ્ય છે.

(૩) તેને ટુંકામાં 'વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય' એમ લખવાની શાસ્ત્રની પદ્ધતિ છે.

(૪) પણ ટુંકામાં બોલવાની રીતને ન સમજી શબ્દો પ્રમાણે અર્થ કરી કહે કે–"વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય" તો તે ખરૂં નથી.

૧૦ હવે ધર્મના વિષયમાં લોકો જે સમજતા નથી તે શું વિપરીત અર્થ કરે છે તે આપણે જોઇ જઇએ.

(૧) વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે.

(૨) "વ્યવહારનો વ્યય તે સાધક અને નિશ્ચયનું પ્રગટવું તે સાધ્ય" એમ માનવાને બદલે વ્યવહારનું ચાલુ રાખ્યા કરવું તે સાધક અને તેમ કરતાં કરતાં નિશ્ચય પ્રગટશે એમ માન્યા કરે છે.

(૩) જેમ શબ્દો છે તેમજ અર્થ કરવા જોઇએ, બીજી રીતે કરીએ તો બરાબર નથી એમ માન્યતા કરે છે.

(૪) માટે જેમ શબ્દો છે તેમ અથં કરતાં "વ્યવહારનો વ્યય કરતાં નિશ્ચય પ્રગટે' એમ કરવો નહિં.

૧૨ આ ચારે માન્યતા દોષિત છે એમ ઉપર સ્પષ્ટપણે સમજાવ્યું છે માટે તે બરાબર વિચારી સાચો નિર્ણય કરવો.

**નોટ**–દુધ અને દહીં, એ બે ગોરસની એક બીજાથી વિરૂદ્ધ અવસ્થા છે તેમ વ્યવહાર એ વિકારી જીવની અવસ્થા છે, અને શુદ્ધ તે જીવનની અવિકારી અવસ્થા છે. છાશ જેમ ખટાશ છે તેમ શુદ્ધતાનો પુરૂષાર્થ વ્યવહાર ટાળી નિશ્ચય પ્રગટ કરે છે એમ અહીં સમજવું.

## ૨. ઉપરની બાબતોને ઉલટાવતાં જ્ઞાનીઓ શું ધર્મ બાબતમાં જાણે છે તે આપણે હવે જોઇએ.

૧ 'વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય'–આ પદનો અર્થ જ્ઞાનીઓ પોતાના ધર્મના કામમાં સરખો (સાચો) કરે છે. તેનું ફળ એ થાય છે કે સ્વરૂપની ભ્રમણા જ્ઞાનીઓને હોતી નથી અને સત્ય તેમને પોષાય છે.

૨ ત્યારે હવે ધર્મના કામમાં તેનો શું અર્થ જ્ઞાનીઓ કરે છે તે પ્રથમ તપાસીએ.

૩ ધર્મના કામની એક વાત લઇએ–"શુભ સાધક; શુદ્ધ સાધ્ય" તેનો અર્થ જ્ઞાનીઓ શું કરે છે તે વિચારીએ. જે જે હાલ હું કરૂં છું તેને બદલે હવે મારે બીજું કરવું છે, એવો તેનો ખ્યાલ હોય છે. તેથી રોજ રોજ નવું (આગળ કરતાં જુદી જાતનું) કરે, જુનું મુકી દે તો નવું કરાય. શુભ મુકી દઇએ તો શુદ્ધ કરાય અને ત્યારે 'શુભ સાધક' કહેવાય. જો શુભમાં પડયો રહે તો 'શુભ સાધક' કહેવાય નહીં, પણ 'શુભ સાધ્ય' કહેવાય.

શુભ છોડી શુદ્ધ કરવું છે એમ પ્રથમ નક્કી કરી શુદ્ધ કરવાની શરૂઆત કરે તો 'શુભ સાધક શુદ્ધ સાધ્ય' થાય છે. ત્યારે અહીં જ્ઞાનીઓએ 'શુભ સાધક શુદ્ધ સાધ્ય' એનો અર્થ (વ્યકતપણે) એવો કર્યો કે શુભ છોડી શુદ્ધમાં પ્રવેશ કરૂં છું ત્યારે શુભ સાધક અને શુદ્ધ સાધ્ય થાય છે. તેમાં શુદ્ધમાં પ્રવેશ કરવાની દૃષ્ટિ અને શુભને છોડવાની દૃષ્ટિ (બુદ્ધિ) છે. તેને શાસ્ત્રની પરિભાષામાં સ્પષ્ટપણે (કાંઇ પણ ગર્ભિત રાખ્યા વગર) કહીએ તો "શુભનો વ્યય તે સાધક અને શુધ્ધમાં પ્રવેશ તે સાધ્ય" એમ થયું.

૪ ધર્મમાં જ્ઞાનીઓ તે પદનો અર્થ કરવામાં ભૂલ કરતા નથી તે હવે જણાવવામાં આવે છે.

(ક) શુભ કર્યે રાખું, શુભ કરતો નહીં અટકું તો શુધ્ધમાં જવાશે એમ માનવાની ભૂલ કરતા નથી.
(ખ) શુભ કર્યે રાખું–શુભ કરતાં કરતાં શુધ્ધમાં જવાશે એમ માનવાની ભૂલ કરતા નથી.
(ગ) શુભને છોડી શુદ્ધમાં જવાનું નક્કી નહીં કરૂં તો પણ શુદ્ધમાં જવાશે એમ માનવાની ભૂલ કરતા નથી.
(ઘ) શુભ અને શુદ્ધ એ એકબીજાથી વિરૂદ્ધ છે એમ જ્ઞાની માને છે. અને તેથી શુભનું લક્ષ્ય ટાળ્યા વિના શુદ્ધ તરફ જવાય એમ માનવાની ભૂલ કરતા નથી.

૫ હવે તેજ વાતને ઉલટાવીને બીજી રીતે જણાવીએ તો જ્ઞાની સાચું શું જાણે છે તે બતાવવામાં આવે છે.

(ક) શુભ કર્યે ન રાખું, શુભ કરતો અટકું તો શુદ્ધમાં જવાશે એમ તે સાચું માને છે. શુદ્ધ ભાવનો પુરૂષાર્થ કરતાં પહેલે સમયે બદલે ત્યારે શુધ્ધની શરૂઆત થાય છે.
(ખ) શુભ કર્યે ન રાખું, શુભ કરતો કરતો બંધ પડું, શુભ છુટવાનું કર્તાપણું હું અટકાવું તો શુદ્ધમાં જવાશે એમ તે સાચું માને છે.
(ગ) શુભને છોડી શુદ્ધમાં જવાનું નહીં કરૂં તો શુદ્ધ તરફ જવાશે જ નહીં એમ તે સાચું માને છે.
(ઘ) શુભ અને શુદ્ધ એક બીજાથી વિરૂદ્ધ નથી એમ માનતો નથી, અને તેથી શુભનું લક્ષ ન ટાળું તો શુદ્ધ તરફ ન જવાય એમ તે સાચું માને છે.

૬ આ ચર્ચાનું ફળ નીચે પ્રમાણે આવ્યું:–

(ક) શુભના લક્ષ્યનો વ્યય કરે તોજ શુદ્ધનો ઉત્પાદ કરી શકે (વ્યય=અભાવ ઉત્પાદ=પ્રગટ)
(ખ) શુભનો વ્યય તે સાધક અને શુદ્ધનો ઉત્પાદ તે સાધ્ય.
(ગ) તેને ટુંકામાં "શુભ સાધક શુદ્ધ સાધ્ય" એમ બોલવાની શાસ્ત્રીય પદ્ધતિ છે.
(ઘ) પણ તે ટુંકી રીતે બોલવાના શબ્દનો અર્થ જેમ શબ્દો છે તેમ કેટલાકો કરી કહે છે કે "શુભ કરતાં કરતાં શુધ્ધ થાય." પણ તે અર્થ જ્ઞાની પુરૂષો સ્વીકારતા નથી, કેમકે તે ખરો નથી.

(૭) હવે ઉપર છઠ્ઠા પારિગ્રાફમાં જ્યાં 'શુભ' શબ્દ લખ્યો છે ત્યાં આપણે 'વ્યવહાર' અને 'શુધ્ધ' શબ્દ લખ્યો છે ત્યાં 'નિશ્ચય' લખીશું અને શું પરિણામ આવે છે તે જોઇએ.

(ક) 'વ્યવહાર'ના લક્ષ્યનો વ્યય કરે તો જ 'નિશ્ચ'યનો ઉત્પાદ કરી શકાય.
(ખ) 'વ્યવહારનો વ્યય' સાધક અને નિશ્ચયનો ઉત્પાદ તે સાધ્ય.
(ગ) તેને ટુંકમાં "વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય" એમ બોલવાની શાસ્ત્રીય પદ્ધત્તિ છે.
(ઘ) પણ તે ટુંકી રીતે લખવાનો અર્થ જેમ શબ્દો છે તેમ કરીને કેટલાકો કહે છે કે "વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય" પણ તે અર્થ જ્ઞાની પુરૂષો સ્વીકારતા નથી. કેમકે તે ખરો નથી.

૮ હવે સાતમા પારીગ્રાફમાં લખેલી બાબતોનો ધર્મના કામમાં જ્ઞાની શું સવળો અર્થ કરે છે તે આપણે જોઇ જઇએ.

(ક) વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે જ નહિં.
(ખ) વ્યવહારનો વ્યય તે સાધક અને નિશ્ચયનું પ્રગટવું તે સાધ્ય એમ માનીને વ્યવહારને ચાલુ રાખ્યા કરવું તે સાધક અને નિશ્ચય કોઇક દિવસ પ્રગટશે એમ માન્યા કરતા નથી.
(ગ) શાસ્ત્રની લખવાની પદ્ધત્તિ ઉપર કહી છે એમ માનવું બરાબર છે. જેમ શબ્દો છે તેમ અર્થ અહીં નથી. શાસ્ત્ર ટુંકામાં લખે.
(ઘ) જેમ શબ્દો લખ્યા છે તેમ અર્થ કરતાં "વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય" એમ કરવો જોઇએ, એમ માનીએ તો ભગવાનનું કથન ઉથાપ્યું કહેવાય.

૯ ઉપરની ચારે માન્યતાઓ સાચી છે એમ જે પારા (૭) માં વિગત લખી છે તે વિચારતાં તટસ્થ જીવોને જણાયા વિના રહેશે નહીં.

**નોટ**–જીવની અશુભ અવસ્થા સાધક અને શુદ્ધ અવસ્થા સાધ્ય એમ બોલાતું નથી, કેમકે અશુભનો વ્યય થતાં શુભ અવસ્થા પ્રગટે છે પણ શુદ્ધ પ્રગટતી નથી. આ ઉપરથી સમજવું કે "વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય" અથવા 'શુભ સાધક શુદ્ધ અવસ્થા સાધ્ય" એમ જ્યાં કહેવામાં આવે છે ત્યાં 'સાધક'નો અર્થ 'વ્યય' અને 'સાધ્ય'નો અર્થ 'ઉત્પાદ' થાય છે. છાશનો અર્થ અહીં જીવનો શુદ્ધતા તરફનો પુરૂષાર્થ લેવો.

**રામજી માણેકચંદ દોશી**

# ન્યાતનો ન્યાય.

## 'વર મરો, કન્યા મરો, ગોરનું તરભાણું ભરો !'

ન્યાતો આજકાલ કેવા ન્યાય ચુકવે છે અને તેના પનારે પડેલાને કેવી રીતે દંડે છે તે બાબતનો બહુ સૂચક ખ્યાલ આપતી નીચેની ઘટના 'મારવાડ જૈન વિકાસ'માં મૂળ પ્રગટ થયેલી તે જ્યોતિર્ધરમાંથી નીચે અવતરિત કરવામાં આવે છેઃ—

"સાદરી ગામના રહેવાસી શ્રી લાલચંદજી રાંકાના પુત્રનું શ્રી. ઉમેદમલ તેલીસરાની પુત્રી સાથે લગભગ દશેક વર્ષ ઉપર સગપણ થયું હતું. કન્યા ઉમ્મર લાયક થવાથી તેમનાં લગ્ન કરવાનો વિચાર બન્ને પક્ષ તરફથી કરવામાં આવ્યો.

શ્રી. લાલચંદજી રાંકાનો પુત્ર ફાલનામાં શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમમાં રહી અભ્યાસ કરતો હતો. તે છોકરાને લગ્નની ખબર પડતાં તેણે લગ્ન કરવાની ના કહી. તે પછી છોકરાના પિતા અને સંતોકચંદજી નામે એક બીજા ગૃહસ્થ છોકરાને સમજાવવા માટે બાલાશ્રમમાં ગયા. છોકરાને તેમણે બહુ સમજાવ્યો. દબાણ પણ કર્યું. પરન્તુ છોકરાએ કહ્યું કે મારી ઉંમર લગ્ન માટે હજી નાની છે, હું લગ્ન કરવા માટે યોગ્ય નથી. એટલે ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તો હું લગ્ન નહિ કરૂં. આ પ્રમાણેનો છેવટનો જવાબ છોકરાએ પોતાના પિતાને આપ્યો. આ હકીકત બની ત્યારે શાળાના મુખ્ય સંચાલક શ્રી. ઢઢ્ઢાજી હાજર હતા. છોકરાનો છેવટનો જવાબ સાંભળી, શ્રી. લાલચંદજી નિરાશ થઇ ઘેર પાછા ફર્યા, અને કન્યાના પિતાને આ સમાચાર જણાવ્યા.

કન્યા ઉંમરલાયક થઇ હોવાના કારણે કન્યાના પિતા બે વર્ષ સુધી તેનુ લગ્ન મોકુફ ન રાખવા ઇચ્છતા હોવાથી તેમણે આ સગપણ રદ કરવાની મરજી જણાવી. પોતાના પુત્રની ઉંમર તેમજ બે વર્ષ સુધી રાહ જોવાની બાબત ધ્યાનમાં લઇ શ્રી. લાલચંદજીએ પણ સગપણ રદ કરવાની વાત મંજૂર રાખી.

બન્ને વહેવાઇઓએ રાજીખુશીથી અને પરસ્પર સમજુત કરીને ઘરેણાંલૂગડાં વગેરે લેણદેણનો વ્યવહાર સંકેલી દઇને આ સગપણ રદ કર્યું, અને પોતપોતાની રાજીખુશીથી સગપણ રદ કરવામાં આવ્યું છે એવું લખાણ અરસપરસ કરી દીધું.

થોડા વખત પછી એ જ છોકરાને શ્રી. ભૂરમલજી રાંકા નામના ગૃહસ્થે ખોળે લીધો, અને એ છોકરાનું સગપણ શ્રી. ભૂરમલજીએ તે જ ગામ સાદરીના શ્રી. હુકમીચંદની દીકરી સાથે કર્યું.

આ બનાવ બન્યા પછી ગોડવાડ પંચાયતની સભા વરકાણાજીમાં ભરવામાં આવી. એ સભામાં શ્રી. ઉમેદમલજી તેલીસરાએ સગપણ તોડવાની ફરિયાદ પોતાના તરફથી કરી. આ ફરિયાદ ઉપરથી સને ૧૯૪૩ની ગોડવાડ પંચાયતે ન્યાય (?) કરીને નીચે મુજબ ચુકાદો આપ્યોઃ—

(૧) શ્રી લાલચંદજી રાંકા (છોકરાના પિતા) ને સગપણ તોડવા માટે રૂા. ૧૧૦૧ નો દંડ.

(૨) શ્રી. ઉમેદમલજી તેલીસરા (કન્યાના પિતા) ને સગપણ તોડવા માટે રૂા. ૫૧ નો દંડ.

(૩) શ્રી. ભૂરમલજી રાંકા (છોકરાને જેમણે ખોળે લીધો) ને છોકરાનું નવું સગપણ કરવા માટે રૂા. ૪૦૧ નો દંડ.

(૪) શ્રી. હુકમીચંદ જેરૂપજીને ભૂરમલજીના ખોળે લીધેલા પુત્રની સાથે પોતાની પુત્રીનું સગપણ કરવા માટે રૂા. ૧૦૧ નો દંડ.

(૫) શ્રી. સેસમલજી પરમાર જે આ સગપણ રદ થયું **તે વખતે પાસે બેઠેલાં હતા તેમનો** (પાસે બેસવા માટે માટે ?) રૂા. ૫૧ નો દંડ.

આ ચુકાદો જ્ઞાતિસુધારાને કારણે કરવામાં આવ્યો છે એવું આ પંચાયતની સભામાં ખાસ જાહેર કરવામાં આવ્યું હતું !

બધા પક્ષોની પાસેથી જ્ઞાતિપંચે આ નિમિત્તે કુલ રૂા. **(૧૭૦૦)** દંડના વસૂલ કર્યાં !

# જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિનો ઠરાવ.

"જૈન સમાજની સર્વાંગીણ ઉન્નતિ કરવાના ઉદ્દેશથી સ્થાપાયેલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જૈન સમાજના સર્વ પક્ષોની પ્રતિનિધિસ્વરૂપ સંસ્થા છે.

કેટલાક સમયથી પ્રવર્તી રહેલી કડવાશ અને કુસંપ દૂર કરવાના પ્રયત્નો કરવા તેમજ સંગીન એકતા સ્થાપવાના પ્રયત્નો કરવા કોન્ફરન્સના નિંગાળા અધિવેશનમાં કોન્ફરન્સના પ્રમુખશ્રીને ઠરાવ નં. ૧૪ દ્વારા કેટલાક અધિકારો અપાયેલા છે. તે પછી માલેગામ મુકામે કેટલાક હિતચિંતક બંધુઓના પ્રયાસથી ઐક્ય સમિતિએ મુંબઇમાં તા. ૯-૧-૪૨ ના રોજ મળી બે ઠરાવો ઉપરોક્ત હેતુ સાચવવાની દૃષ્ટિએ પસાર કર્યાં છે, જે કોન્ફરન્સને પસાર કરવા માટે મોકલવામાં આવેલ છે. કોન્ફરન્સની તા. ૭-૪-૪૩ ની સ્થાયી સમિતિએ બંધારણની મર્યાદામાં રહીને ઉપરોક્ત ઠરાવોના હાર્દને સ્વીકારી બે ઠરાવો નીચે પ્રમાણેના પસાર કર્યાં છે.

(૧) વડોદરા રાજ્યે સગીર સન્યાસ દીક્ષા પ્રતિબંધક કાયદો પસાર કર્યો ત્યાર પછી સાધુ સંમેલને અમદાવાદ મુકામે સને ૧૯૩૪ માં દીક્ષા સંબંધી ઠરાવ કરેલો છે અને તે ઠરાવને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે મુંબઇમાં મળેલા સને ૧૯૩૪ ના અધિવેશનમાં સત્કાર્યો છે, તે લક્ષમાં લઇ, સ્થાયી સમિતિની આજની મળેલી સભા, વડોદરા રાજ્યના મજકુર કાયદા માટેની નિબંધ અંગેની પેટા સમિતિના રિપોર્ટ અનુસાર તા. ૧૭-૯-૩૧ ની કાર્યવાહી સમિતિએ તે કાયદાને અનુમોદન આપવાનો ઠરાવ કરેલો તે સંબંધી કેટલીક ગેરસમજુતી ઉત્પન્ન થઇ છે, તે ધ્યાનમાં લઇ અને ઐક્ય સમિતિએ કરેલ સુચના ધ્યાનમાં લઇ, આજની સભા તે ઠરાવ રદ કરે છે અને સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે.

(૨) શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે આજ સુધી જૈન ધર્મના સિદ્ધાંતો અનુસાર કાર્યવાહી કરેલી છે તે ધ્યાનમાં લઇ આ સભા પણ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન ધર્મના સિદ્ધાંતો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે અને તેની વિરૂધ્ધ કંઈ કરશે નહિ.

તત્પશ્ચાત્ ઐક્ય સમિતિના ઠરાવો સંપૂર્ણ અક્ષરશઃ પસાર કરવાથી સમાજોન્નતિના કાર્યો માટે સર્વ પક્ષોના સહકારની શકયતા જણાતાં આ અખિલ હિંદ જૈન. શ્વે. કોન્ફરન્સ સમિતિ ઐક્ય સમિતિના નીચે દર્શાવેલા બન્ને ઠરાવો સંપૂર્ણ અક્ષરશઃ સ્વીકારવા કોન્ફરન્સના આગામી અધિવેશનને આગ્રહપૂર્વક ભલામણ કરે છે. અને અધિવેશન તાકીદે બોલાવવાની તજવીજ કરવા કોન્ફરન્સની સ્થાયી સમિતિને વિનંતિ કરે છે.

(આ બન્ને ઠરાવો આ અંકના અગ્રલેખમાં આપવામાં આવ્યા છે.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન
सत्यपूतां वदेद्वाचम्
મે ૧ ૧૯૪૪

# જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની પીછેહઠ

## ‘કાયદે આઝમ’ શેઠ કસ્તુરભાઇનો દિગ્વિજય!

તા. ૧૫-૪-૪૪ ના રોજ સુરત ખાતે મળેલ શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિના અધિવેશનમાં પસાર થયેલ ઠરાવ આ અંકમાં અન્યત્ર પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ ઠરાવનું મહત્વ સમજવા માટે કેટલીક ઐતિહાસિક વિગતો અહિં રજુ કરવાની આવશ્યકતા છે. ૧૯૨૦ થી ૧૯૩૦ દરમિયાન શ્વે. મૂ. જૈન સમાજમાં અયોગ્ય દીક્ષા અને ખાસ કરીને બાળદીક્ષા વિરૂધ્ધમાં ખુબ ઉગ્ર આંદોલન ચાલી રહ્યું હતું. તે આંદોલનનો ૧૯૩૦ ના ફેબ્રુઆરી માસમાં મળેલ જુન્નેરની કોન્ફરન્સમાં જબરજસ્ત પડઘો પડયો હતો. જૈન સાધુઓ ગમે તેને ગમે તે રીતે દીક્ષા આપે તેમાં કોઇ પણ પ્રકારનું કોઇનું પણ નિયમન હોવું ન જોઇએ એવો મત ધરાવનાર એક મોટો સ્થિતિચુસ્ત વર્ગ ઉભો થયો હતો અને મુનિ રામવિજયજી જેઓ હાલ વિજયરામચંદ્રસૂરીના નામે ઓળખાય છે તેઓ તે વર્ગના નેતા હતા. આ વર્ગમાંના કેટલાક લોકો જુન્નર કોન્ફરન્સમાં અયોગ્ય દીક્ષા સંબંધમાં કશો પણ ઠરાવ થવા ન દેવો તે હેતુથી સારી સંખ્યામાં જુન્નેર કોન્ફરન્સ ઉપર આવી પહોંચ્યા હતા, પણ પોતાનો હેતુ બર આવી શકે એમ નથી એમ માલુમ પડવાથી નિરાશ બનીને પાછા ચાલી ગયા હતા અને જુન્નેર કોન્ફરન્સે અયોગ્ય દીક્ષાનો વિરોધ કરતો અને આ બાબતમાં સ્થાનિક સંઘોના નિયમનની આવશ્યકતાની ભલામણ કરતો ઠરાવ કર્યો હતો. તે વખતથી સ્થિતિચુસ્ત વર્ગ જે શાસન પક્ષના નામથી ઓળખાવા લાગ્યો હતો તે કોન્ફરન્સથી વિમુખ બન્યો અને સુધારક વર્ગ જે યુવક પક્ષના નામે ઓળખાવા લાગ્યો તેનું કોન્ફરન્સની કાર્યવાહી ઉપર અમુક અંશે પ્રભુત્વ સ્થપાયું. ત્યાર પછી વડોદરા રાજ્યે બાળદીક્ષાની અટકાયત કરનારો કાયદો તે રાજ્યની ધારાસભામાં રજુ કર્યો અને કોન્ફરન્સની મુંબઇમાં મળતી સ્થાયી સમિતિએ કેટલાક સુધારાવધારા સુચવવા સાથે તે કાયદાને સમગ્રપણે અનુમોદન આપ્યું. ૧૯૩૬ માં વડોદરા રાજ્યે ઉપર જણાવેલ કાયદો મંજુર કરી અમલમાં મુકયો. જૈન સમાજમાં એક બાજુ બાલદીક્ષા સામેના આન્દોલને ખુબ જોર પકડયું હતું. બીજી બાજુએ આવી ધાર્મિક બાબતમાં કોઈ પણ રાજ્ય હસ્તક્ષેપ કરે તે જૈન સમાજના મોટા ભાગને અણગમતી વાત થઇ પડી હતી. ૧૯૩૪ના માર્ચ માસમાં અમદાવાદ ખાતે શ્વે. મૂ. સમાજના ઘણાખરા મુખ્ય આચાર્યો અને સાધુઓનું એક સંમેલન ભરાયું. આ સંમેલને વડોદરા રાજ્યના કાયદાનો વિરોધ કર્યો, પણ સાથે સાથે બાળદીક્ષા ઉપર અંકુશ મૂકતા કેટલાક નિયમો સ્વીકાર્યા. મુનિ સંમેલનના આ બાબતને લગતા ઠરાવો સુધારક અથવા તો યુવકપક્ષ જે પ્રકારના દીક્ષા સંબંધી સર્વાંગી નિયમનની અપેક્ષા રાખતો હતો તે ધોરણે તે પક્ષને બીલકુલ સંતોષકારક નીવડયા નહિ. બીજી બાજુએ જે સાધુ વર્ગ આ બાબતમાં કશું નિયમન કે નિયંત્રણ જ ન જોઇએ એવી મનોદશા ધરાવતો હતો તે વર્ગે આટલું પણ નિયમન સ્વીકારવાની તૈયારી દાખવી એ જૈન સમાજના મોટા ભાગને બહુ આવકારદાયક લાગ્યું અને એ ધોરણે ૧૯૩૪ના મે માસમાં મુંબઇ ખાતે ડો. અમીચંદના પ્રમુખપણા નીચે મળેલ જૈન યુવક પરિષદે મુનિ સંમેલનના ઠરાવોને અસંતોષકારક તેમ અસ્વીકાર્ય જાહેર કર્યા જ્યારે તે જ અરસામાં મળેલ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશને કેટલા સુધારાવધારા સૂચવવા સાથે મુનિ સંમેલનના ઠરાવોને આવકાર આપ્યો. આમ મુનિ સંમેલનને અને તેના ઠરાવોને ઠીક ઠીક મહત્વ આપવામાં આવ્યું. પણ કમનસીબે એ મુનિ સંમેલન અદ્વિતીય બન્યું એટલે કે તે સંમેલનનું ત્યારથી આજ સુધીમાં બીજું અધિવેશન મળવા પામ્યું જ નહિ અને તે સંમેલનના ઠરાવોનો તો તે ઉપર સહી કરનારા કેટલાક મુખ્ય મુખ્ય આચાર્યોએ તુરત જ છડેચોક ભંગ કરવો શરૂ કર્યો જે ભંગ આજ સુધી ચાલુ જ છે. મુનિ સંમેલન અને તેના ઠરાવો આજે કેવળ ભૂતકાળની ઘટના બની ગઇ છે. સુરત ખાતે તાજેતરમાં ભરાયેલ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિના દીક્ષાને લગતા ઠરાવની આ પૂર્વ ભૂમિકા છે.

કોન્ફરન્સના ૧૯૩૪ ની સાલના અધિવેશન પછી કોન્ફરન્સ લગભગ સુપ્તપ્રાય દશામાં શ્વાસ ખેંચી રહી હતી. કેટલાક જૈન સાધુઓએ સ્થળે સ્થળે કોન્ફરન્સ વિરૂધ્ધ સત્યાસત્યની જરા પણ અપેક્ષા રાખ્યા સિવાય ફાવે તેવો ગંદો પ્રચાર કર્યે રાખ્યો હતો. આણંદજી કલ્યાણજીની પેઢી અને તેના પ્રમુખ કાર્યકર્તાઓની કોન્ફરન્સ પ્રત્યે કરડી નજર એક સરખી ચાલુ હતી. કોન્ફરન્સના સૂત્રધારોની કાર્યશકિત તેમ જ તે સંસ્થા ખાતર આત્મભોગ આપવાની શકિત બહુ જ મર્યાદિત હતી. પરિણામે કોન્ફરન્સ શીર્ણ વિશીર્ણ દશામાં પોતાનું જીવનનાવ હંકારી રહી હતી. આખરે ૧૯૪૦ ના ડીસેંબરમાં નિંગાળા ખાતે કોન્ફરન્સનું અધિવેશન મળ્યું અને લોક લાગણીને પોતાને અનુકુળ બનાવવાના હેતુથી તે કોન્ફરન્સમાં કોઇ પણ વિવાદાસ્પદ ઠરાવો હાથ ધરવામાં ન આવ્યા પણ માત્ર કેળવણીપ્રચાર અને બેકારી નિવારણના પ્રશ્નો ઉપર જ એ કોન્ફરન્સે પોતાનું ધ્યાન એકત્રિત કર્યું. એ કોન્ફરન્સે જૈન સમાજમાં એકતા સાધવા માટેનો અને કોન્ફરન્સથી વિમુખ બનેલા વર્ગને પોતા તરફ વાળવા માટે જરૂરી પ્રયત્નો હાથ ધરવાનો ઠરાવ કર્યો. તે ઠરાવના અનુસંધાનમાં માલેગાંવ ખાતે ૧૯૪૧ ના એપ્રીલ માસમાં સિદ્ધાચળજીના ચિત્રપટનું ઉદ્ઘાટન કરવાના પ્રસંગનું નિમિત્ત ઉપસ્થિત થતાં શ્વે. મૂ. સમાજના, કેટલાક આગેવાન ગૃહસ્થોને એકત્ર કરવામાં આવ્યા. આ માલેગાંવ વખતે મળેલી સભામાં યુવક પક્ષના કોઇપણ આગેવાનોને નિમંત્રણ આપવામાં આવ્યું નહોતું. આ સભામાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે ઐકય સમિતિ ઉભી કરવામાં આવી. ઐકય સમિતિમાં શાસન પક્ષ અથવા તો યંગ મેન્સ જૈન સોસાયટી પક્ષના આગેવાનો તેમજ કોન્ફરન્સના મધ્યસ્થ વૃત્તિના ગણાતા કેટલાક આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો પણ આ ઐકય સમિતિમાં પણ યુવક પક્ષને સર્વથા બહિષ્કૃત રાખવામાં આવ્યો. પ્રસ્તુત ઐકય સમિતિ ૧૯૪૨ ના જાન્યુઆરી માસમાંની નવમી તારીખે મુંબઇ ખાતે એકત્ર થઇ. તે સમિતિની સભા મહાજનના મેળા જેવી હતી. ચર્ચામાં કલાકોના કલાકો પસાર કર્યા બાદ આખરે બધાની વતી ઠરાવો ઘડવાનું કામ શેઠ કસ્તુરભાઇ લાલભાઇને તથા શ્રી સુરચંદભાઇ પુરૂષોત્તમ બદામીને સોંપવામાં આવ્યું. એ બન્ને ગૃહસ્થોએ બે ઠરાવ ઘડયા અને હાજર રહેલી મંડળીની એ ઠરાવો ઉપર સહી

લેવામાં આવી. ત્યાં હાજર રહેલા કોન્ફરન્સના આગેવાનોએ પણ આ ઠરાવોને સંમતિ આપી. આ ઠરાવો નીચે મુજબ હતા.

**ઠરાવ ૧.**

"શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરંસે) અથવા તેની બીજી કોઇ પણ પેટા-સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે."

આ ઠરાવ શ્રી જૈન શ્વે. કોન્ફરંસે પાસ કરવાનો છે.

**ઠરાવ ૨.**

"ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિં પણ તેના અધિકારી કે ઓધ્ધેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહિં."

આ ઠરાવ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ અને ધી યંગમેન્સ જૈન સોસાઇટીએ પાસ કરવાનો છે.

આ ઠરાવો કોન્ફરન્સના આગેવાનોએ કોન્ફરંસની સ્થાયી સમિતિમાં પસાર કરાવવા અને પસાર ન થાય તો એ આગેવાનોએ રાજીનામું આપવું એવી પણ કબુલાત તેમની પાસેથી લેવામાં આવી હતી એમ જણાવવામાં આવે છે. ત્યાર બાદ ૧૯૪૩ ના એપ્રીલ માસમાં કોન્ફરન્સની સ્થાયી સમિતિની સભા બોલાવવામાં આવી. એ સભામાં આ ઠરાવો એના એ સ્વરૂપે પસાર કરવા સામે જાત જાતના વાંધાઓ રજુ કરવામાં આવ્યા. પહેલો ઠરાવ અયોગ્ય દીક્ષા સંબંધે જુન્નેર કોન્ફરન્સે પસાર કરેલો ઠરાવ રદ કરવાનું જણાવે છે. વળી એ ઠરાવ કોન્ફરન્સે પસાર કરવો એમ માંગણી કરવામાં આવી છે. આ બધું સ્થાયી સમિતિના પ્રદેશની બહાર જતું માલુમ પડયું. વળી દીક્ષા સંબંધમાં કરેલા ઠરાવો રદ કરવા હોય તે કરો, પણ નામશેષ રહેલ મુનિસંમેલન અને તેના ઠરાવોનું ઓઠું શા માટે? બીજો ઠરાવ તો અણધારી દિશાએથી થયેલા ધડાકા જેવો હતો. સ્થિતિચુસ્ત વર્ગની મૂળ માંગણી તો મુંબઇની સ્થાયી સમિતિએ વડોદરાના બાળદીક્ષાને લગતા કાયદાને આપેલા અનુમોદનને પાછું ખેંચી લેવા પુરતી જ હતી. પણ આ તો આંગળી આપતાં પોંચો અને પોંચો આપતાં કાંડું કરડવા જેવી ઘટના બની હતી. આ રીતે ઐક્ય સમિતિના ઠરાવ ઘડનારાઓએ પોતાને સોંપાયલા કાર્યનો પુરેપુરો લાભ ઉઠાવ્યો હતો. માંગવું તો પછી અધુરૂં શા માટે માંગવુ? આ બીજો ઠરાવ કોન્ફરન્સ સાથે જોડાયલી વ્યક્તિઓના વિચારસ્વાતંત્ર્ય ઉપર અણધાર્યો અને અણચિન્તવ્યો કાપ મૂકતો હતો. એવું નિયંત્રણ મૂકવાનો સ્થાયી સમિતિને શું હક્ક છે? વળી પ્રચલિત અનુષ્ઠાનોની વિરૂદ્ધ કોઇથી ટીકા થઇ શકે નહિ એ પણ ઘણાને અસ્વીકાર્ય હતું. જૈન સંસ્થાઓના અધિકારીઓ ઉપર આવું બંધન મૂકવાનો કોન્ફરન્સની સ્થાયી સમિતિને શું હક્ક છે એ પ્રશ્ન પણ ઉભો કરવામાં આવ્યો. આ બધું વિચારતાં સ્થાયી સમિતિ પોતાની મર્યાદામાં રહીને કરી શકે તેવા અને એમ છતાં ઐક્ય સમિતિના ઠરાવો પાછળ રહેલા મુદ્દાઓ અને ભાવનાનું જરૂરી સમર્થન કરે એવા બે ઠરાવો કોન્ફરન્સની મુંબઇની સ્થાયી સમિતિએ પસાર કર્યા જે નીચે મુજબ છે.

**ઠરાવ ૧.**

વડોદરા રાજ્યે સગીર સંન્યાસ દીક્ષા પ્રતિબંધક કાયદો પસાર કર્યો ત્યાર પછી સાધુ સંમેલને અમદાવાદ મુકામે સને ૧૯૩૪ માં દીક્ષા સંબંધી ઠરાવ કરેલો છે, અને તે ઠરાવને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે મુંબઇમાં મળેલા સને ૧૯૩૪ ના અધિવેશનમાં સત્કાર્યો છે, તે લક્ષમાં લઇ, સ્થાયી સમિતિની આજની મળેલી સભા, વડોદરા રાજ્યના મજકુર કાયદા માટેની નિબંધ અંગેની પેટા સમિતિના રીપોર્ટ અનુસાર તા. ૧૭-૯-૩૧ ની કાર્યવાહી સમિતિએ તે કાયદાને અનુમોદન આપવાનો ઠરાવ કરેલો તે સંબંધી કેટલીક ગેરસમજુતી ઉત્પન્ન થઇ છે, તે ધ્યાનમાં લઇ અને ઐક્ય સમિતિએ કરેલ સુચના ધ્યાનમાં લઇ, આજની સભા તે ઠરાવ રદ કરે છે અને સાધુ સંમેલને કરેલ દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે.

**ઠરાવ ૨.**

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે આજ સુધી જૈન ધર્મના સિદ્ધાંતો અનુસાર કાર્યવાહી કરેલી છે, તેમ છતાં ઐક્ય સમિતિએ સુચના કરેલી છે તે ધ્યાનમાં લઇ આ સભા પણ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન ધર્મના સિદ્ધાંતો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે અને તેની વિરૂદ્ધ કંઇ કરશે નહિં.

આ ઠરાવો શેઠ કસ્તુરભાઇ ઉપર રવાના કરવામાં આવ્યા અને ઐક્ય સમિતિના કાર્યને આગળ વધારવા શેઠ સાહેબને વિનંતિ કરવામાં આવી. સ્થાયી સમિતિએ દીક્ષાને લગતા ઠરાવમાં વડોદરાના કાયદાને પોતે આપેલું અનુમોદન પાછું ખેંચી લઇને એક મોટી પીછેહઠ કરી હતી જે યુવક પક્ષને કોઇ રીતે માન્ય નહોતી અને એ રીતે કોન્ફરન્સે ઐક્ય સમિતિના કાર્યને સાથ આપવામાં પુરેપુરી તત્પરતા દાખવી હતી. પણ શેઠ કસ્તુરભાઇને આથી સંતોષ થાય તેમ નહોતું. શેઠ સાહેબે જોયું કે ઐક્ય સમિતિના ઠરાવો શબ્દે શબ્દ પસાર કરવામાં આવ્યા નથી. એટલે પછી તેમના માટે બીજું કર્તવ્ય રહેજ શાનું? કોન્ફરન્સ તરફથી આ બાબતમાં બાદી આપનારા કાગળો લખાયા પણ તેઓશ્રી જવાબ શેના આપે? કોન્ફરન્સની મુશ્કેલી સમજવા પ્રયત્ન કરે, ઉભી થયેલી મડાગાંઠમાંથી માર્ગ કાઢે અને સૌ વચ્ચે હળીમળીને સમન્વય સાધે એ બીજા. શેઠ કસ્તુરભાઇને કોન્ફરન્સ સાથે સંબંધ ધરાવતા ઐક્ય પ્રવૃત્તિના મુખ્ય સંદેશવાહકો તેમ જ બીજા આગેવાનો મળ્યા અને કોન્ફરન્સની અગવડ, બંધારણીય મુશ્કેલી તેમજ એક પક્ષને લેવા જતાં બીજા પક્ષને ગુમાવવાની સંભાવના વગેરે બાબતો તેમણે રજુ કરી. પણ શેઠ કસ્તુરભાઇએ બીજી કશી બાબત સાંભળવાની ચોખ્ખી ના કહી. તેમણે તો એક જ જવાબ આપ્યો કે ઐક્ય સમિતિના ઠરાવો અક્ષરશઃ પસાર કરો અથવા તો એ ઠરાવને સંમતિ આપનારા કોન્ફરન્સના સભ્યો રાજીનામું આપો. આ તેમનો એક અને અચુક આદેશ હતો. કાં તો કોન્ફરન્સનું નાક કાપો અથવા તો કોન્ફરન્સને ગળે ફાંસો ઘો. આ તેમના આદેશનો સાર હતો. ઉત્તરોત્તર શીર્ણ વિશીર્ણ થતી જતી કોન્ફરન્સ આગળ પણ આખરે જાણે કે એ જ વિકલ્પ આવીને ઉભા રહ્યા હતા. કાં તો સ્વત્વની રક્ષા કરતાં આત્મવિસર્જન કરવું અથવા પોતાનું નાક કાપીને છવાદોરી લંબાવવી. આ મનોદશામાં સુરત ખાતે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિનું અધિવેશન મળ્યું અને એ અધિવેશને ઐક્ય સમિતિના ઠરાવોને અક્ષરશઃ પસાર કરવા કોન્ફરન્સને ભલામણ કરવાનો ઠરાવ કર્યો અને એક ઠરાવ એકમત વિરૂધ્ધ લગભગ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. આ રીતે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સે આજ સુધીના લાંબા આયુષ્ય દરમિયાન કદિ

નહિ કરેલી એવી ઐતિહાસિક પીછેહઠ કરી અને એ પીછેહઠનો સુયશ શેઠ કસ્તુરભાઇને પ્રાપ્ત થયો. તિથિચર્ચામાં મળેલી નિષ્ફળતાનો બદલો આ રીતે શેઠ કસ્તુરભાઇને કોન્ફરન્સ પ્રકરણમાં મળી ગયો. મદારીના હાથમાં સર્પ આવે અને તેની ઝેર સંઘરતી દાઢો કુશળતાપૂર્વક મદારી ખેંચી કાઢે અને સર્પને નિર્વિષ એટલે ખરી રીતે નિર્વીર્ય બનાવે તેવી જ કાર્યકુશળતાથી શેઠ કસ્તુરભાઇ કોન્ફરન્સને સ્થિતિચુસ્ત પક્ષની દૃષ્ટિએ નિર્વિષ અને જૈન સમાજની દૃષ્ટિએ નિર્વીર્ય બનાવવામાં સફળ નીવડયા. જો કે સુરતમાંનો ઠરાવ હજુ આખી કોન્ફરન્સને લાગુ પડતો નથી એમ છતાં પણ એ ઠરાવ કોન્ફરન્સના આગામી અધિવેશનમાં પસાર થવાનો એમાં કોઇ શંકાને સ્થાન છે જ નહિ. ઐકય સમિતિના ઠરાવોને મળેલી અનુમતિ કોન્ફરન્સની આગામી પ્રવૃત્તિઓમાં સુધારકો માટે–પ્રગતિશીલ યુવકો માટે–કશું સ્થાન રહેવા દેતી જ નથી. જે અયોગ્ય દીક્ષા સામેની લડત આજ સુધી યુવકો લડતા આવ્યા છે તે લડત અથવા તો તે પ્રશ્નની ચર્ચાને હવે કોન્ફરન્સમાં સ્થાન રહેતું નથી. ઐકય સમિતિનો બીજો ઠરાવ યુવકોના મોઢે તાળું મારે છે અને મનની વેદના મનમાં શમાવવાનું કહે છે. આગામી કોન્ફરન્સે હવે દેશવિરતિ-ધર્મારાધક સમાજની એક મોટી આવૃત્તિ બનવાનું જ રહ્યું. સુરતનો ઠરાવ અને તેમાંથી કલ્પાતા પરિણામોનો સાર આ છે. આજ સુધી એક મહત્વનો વર્ગ કોન્ફરન્સથી વિમુખ રહીને કોન્ફરન્સ ઉપર ફાવે તેવા પ્રહારો કરી રહ્યો હતો. તેમને કોન્ફરન્સ તરફ વાળવાનો વિચાર કે તેવો પ્રયત્ન ઉચિત તેમજ આવશ્યક હતો. ઐકય સાધનાની હીલચાલ પોતાને માથે લઇને જેઓ આમ તેમ ફરી રહ્યા હતા તેમનામાં તેમજ ઐકય સમિતિમાં નિમાયેલા કોન્ફરન્સના આગેવાનોમાં હીંમત, દૃઢતા તેમજ દુરંદેશી હત અને શેઠ કસ્તુરભાઇમાં જુના તેમજ નવા, સ્થિતિચુસ્ત તેમજ સુધારક, શાસનપક્ષ તેમજ યુવક પક્ષને એકત્ર કરવાની સાચી નિષ્ઠા હત તો જરૂર એવી યોજના થઇ શકી હત કે જેથી એકના ભોગે બીજાને પ્રવેશ કરાવવાનું કમનસીબ પરિણામ ન આવત. કારણ કે વિચારો કોઇના ગમે તેવા હોય તોપણ કોમને લગતી એવી અનેક કલ્યાણકારક પ્રવૃત્તિઓ છે કે જેમાં બધા હાથોહાથ મીલાવીને સાથે મળીને કામ કરી શકે છે અને કોમના કાર્યોને આગળ વધારી શકે છે. પણ આ ઇચ્છા કે નિષ્ઠા શેઠ કસ્તુરભાઇમાં હોય એમ માનવાને કશું જ કારણ નથી. જો એમ હતે તો ઐકય સમિતિના ઠરાવો અક્ષરશઃ પસાર કરાવવાની હઠ તેમણે પકડી જ ન હત. બીજાઓને પણ આ બાબતની બહુ ચિંતા હોય એમ સુરતમાં જે જોયું અને સાંભળ્યું તે ઉપરથી માલુમ પડતું નથી. પરિણામે જે બનવાનું હતું તે બની ગયું અને કોન્ફરન્સે આજે નવા માર્ગે પોતાનું પ્રયાણ શરૂ કરી દીધું.

લાંબી દૃષ્ટિએ વિચારતાં કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિએ જે નિર્ણય લીધો છે તે આદર્શની દૃષ્ટિએ–સ્વમાન અને સ્વત્વની દૃષ્ટિએ–હીણપતભરેલો છે એમ છતાં પણ એ નિર્ણય કેવળ સ્વાભાવિક લાગે છે એમ કહીએ તો ખોટું નથી. સ્વત્વની રક્ષા કરતાં જીવતરને વૈશ્ય જાતિએ હંમેશાં વધારે વહાલું ગણ્યું છે અને જૈનોની કોન્ફરન્સમાં આખરે તો વૈશ્યવૃત્તિનું જ પ્રભુત્વ સ્વીકારાય એમાં નવાઇ પામવા જેવું કશું છે જ નહિ. કોન્ફરન્સને ટકવું હોય તો આજના સંયોગોમાં પીછેહઠ કરવા સિવાય તેના માટે બીજો કોઇ વિકલ્પ નહોતો. જો શેઠ કસ્તુરભાઇએ ઇચ્છયું હત તો આ પીછેહઠ ઓછી નામોશી અને હીણપતભરેલી બની શકી હત. પણ પોતાના ટકાવ માટે પીછેહઠ તો કોન્ફરન્સ માટે અનિવાર્ય હતી જ સમાજમાં સાંપ્રદાયિક સ્થિતિચુસ્તતાની જડ ખરેખર ઘણી ઉંડી છે; સાધુઓએ કોન્ફરન્સ સામે ખુબ મેલો પ્રચાર કરીને કોન્ફરન્સ પ્રત્યે સામાન્ય સમાજમાં સારી રીતે અણગમો કેળવ્યો છે. સામાન્ય વર્ગ કોન્ફરન્સ પ્રત્યે કાં તો ઉદાસીન છે અથવા વિરૂધ્ધતા ધરાવે છે. તેને અનુકુળ બનાવવા માટે કોન્ફરન્સે વેતસીવૃત્તિ સ્વીકારીને સ્થિતિચુસ્ત વર્ગને અમુક રીતે સંતોષ્યા સિવાય છુટકો નહોતો. પરિસ્થિતિ આવી હોવાથી કોન્ફરન્સે જે કાંઇ કર્યું છે તે કોન્ફરન્સના વ્યાપક અને લોકશાસિત સ્વરૂપને ભારેમાં ભારે હાનિકર્તા હોવા છતાં તે સિવાય તેના માટે બીજો કોઇ માર્ગ નહોતો એટલું કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી. આજની કોન્ફરંસના આગેવાનો નબળા હતા; યુવકોનો જોઇએ તેટલો સંગીન ટેકો નહોતો. તેથી આજની કોન્ફરંસને દિશા બદલ્યા સિવાય છુટકો નહોતો. કોન્ફરંસને વધારે ટેકીલા આગેવાનો મળ્યા હત તો કોન્ફરંસની સ્વરૂપહાનિ સ્વીકારવાને બદલે તેનું વિસર્જન વધારે આવકારદાયક લેખત. પણ ટેકીલાપણું સાધારણ રીતે આપણા લોહીમાં છે જ નહિ. તેથી જે કાંઇ બન્યું છે તેના ગર્ભમાં કોઇ શુભ પરિણામ નિર્મિત હશે એમ સમજીને જૈન સમાજે આજની વસ્તુસ્થિતિ સ્વીકારી લેવી રહી. આપણે ઇચ્છીએ અને પ્રાર્થીએ કે સમાજની જે પ્રતીતિ કોન્ફરન્સે ગુમાવી છે તે પ્રતીતિ પાછી મેળવીને કોન્ફરન્સ વધારે પ્રાણવાન બને અને કોમ તેમજ દેશના કલ્યાણનું વિશેષ અને વિશેષ સંવર્ધન કરતી થાય. **પરમાનંદ.**

## શ્વે. મૂ. કોન્ફરન્સમાંથી રાજીનામું

મુંબઈ, તા. ૨૩–૪–૪૪

**શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના માન્યવર મંત્રીઓ જોગ**

મુ. મુંબઇ

**સુજ્ઞ મહાશય,**

સવિનય વિજ્ઞપ્તિ કે તાજેતરમાં સુરત ખાતે મળેલ શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરંસની અખિલ હિંદ સમિતિના અધિવેશને ઐકય સમિતિના જે બે ઠરાવોને અનુમતિ આપીને પ્રસ્તુત કોન્ફરંસના આગલા અધિવેશનમાં પસાર કરવાની ભલામણ કરી છે તે બંને ઠરાવો સામે અમારો સખ્ત વિરોધ છે એટલું જ નહિ પણ તેમાંનો બીજો ઠરાવ પ્રસ્તુત કોન્ફરસની અગ્રગણ્ય વ્યક્તિઓ અને જૈન સંસ્થાઓના આગેવાન અધિકારીઓ પાસેથી જે પ્રકારના અમલની અપેક્ષા રાખે છે તે રીતે તે ઠરાવનો–અમારા સંયોગો, અમારી જવાબદારીઓ તેમજ અંગત મન્તવ્યો લક્ષમાં લેતાં અમલ થવો શકય જ નથી. આમ હોવાથી કોન્ફરન્સના અખિલ હિંદ સમિતિ તેમજ તેની અંગભૂત સ્થાયી સમિતિમાંથી છુટા થવા સિવાય અમારા માટે બીજો કોઇ પ્રમાણીક માર્ગ રહેતો નથી. તેથી અત્યંત દિલગીરી સાથે જે સમિતિમાં આજે કેટલાંય વર્ષોથી જોડાયેલા રહીને જૈન સમાજની થોડી ઘણી સેવા કરવાની અમને તક મળી છે તે સમિતિમાંથી અમો રાજીનામું આપીએ છીએ. આ રાજીનામું અમોએ પુરો વિચાર કરીને આપ્યું છે. અને સાથે સાથે અમો એમ પણ માનીએ છીએ કે સુરતના અધિવેશનના ઠરાવોથી કોન્ફરન્સે જે નવી દિશાએ પ્રયાણ આરંભ્યું છે તે પ્રયાણ અમારા નીકળી જવાથી વધારે નિષ્કંટક અને સરળ બનશે. તેથી આ અમારું રાજીનામું વિના સંકોચે તુરત જ સ્વીકારી અમને ઉપકૃત કરશો.

લે. આપના

**પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**મણિલાલ મોકમચંદ શાહ**

## પ્રબુધ્ધ જૈનનો છઠ્ઠા વર્ષમાં પ્રવેશ

આજે શરૂ થતા મે માસની પહેલી તારીખથી પ્રબુદ્ધ જૈન પાંચ વર્ષ પુરાં કરી છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રબુદ્ધ જૈન ઉત્તરોત્તર જે પ્રગતિ દાખવી રહ્યું હતું તે પ્રગતિનો ક્રમ ગયા વર્ષની કારકીર્દીથી જળવાઇ રહ્યો છે કે કેમ એનો નિર્ણય આપવાનું કામ પ્રબુદ્ધ જૈનના વાચકોનું છે. એમ છતાં પણ જે પ્રતિકુળ સંયોગો વચ્ચે થઇને પ્રબુદ્ધ જૈનના સંચાલકોને પસાર થવું પડયું છે તે સંયોગો લક્ષ્યમાં લેતાં પ્રબુદ્ધ જૈનની પ્રતિભા એકસરખી જળવાઇ રહી છે અને શકય તેટલી સંસ્કારસામગ્રી પ્રબુદ્ધ જૈન આપતું રહ્યું છે તેમજ જૈન સમાજમાં બનતી નાની મોટી ઘટનાઓ પરત્વે સત્ય, સચોટ તેમજ નિડર માર્ગદર્શન પ્રબુદ્ધ જૈન કરાવતું રહ્યું છે એટલું પણ પ્રમાણપત્ર પ્રબુધ્ધ જૈનના વાંચકો આપે તો તે પ્રબુધ્ધ જૈનના સંચાલકોને માટે ઓછું સંતોષપ્રદ નહિ બને. પ્રથમ તો સારા કાગળોને લીધે આગળના વર્ષો દરમિયાન પ્રબુધ્ધ જૈનનો જે મોહક ઉઠાવ લાગતો હતો તે આજે સુલભ નથી. કાગળની સ્થિતિ યુધ્ધવિરામ સુધી સુધરે એવી આશા નથી, એમ છતાં એ દિશાએ પ્રયત્ન ચાલુ છે. બીજું ગતવર્ષ દરમિયાન મારી તબિયત એકાએક નાદુરસ્ત બનવાના પરિણામે પ્રબુધ્ધ જૈનના વિકાસમાં હું બહુ ઓછો ફાળો આપવાની સ્થિતિમાં મૂકાયો છું. ત્રીજું ‘કેટલાક સમાચાર અને નોંધ’દ્વારા દુનિયામાં, દેશમાં તેમજ જૈન સમાજમાં બનતા નાના મોટા બનાવો ઉપર જે માર્ગદર્શક ટીપ્પણો આપવામાં આવતા હતાં તે છેલ્લા છેલ્લાં અંકોમાં બહુ ઓછાં આપી શકાયાં છે. આમ બનવામાં તે નોંધોના લેખક શ્રી. પરમાનંદભાઇની અનિયમિત તબીયત પણ એક કારણ છે. પણ તે ઉપરાંત સંઘની વધતી જતી અનેક પ્રવૃત્તિઓને લગતા સમાચારો તેમ જ પ્રચારકાર્ય પ્રબુદ્ધ જૈનમાં ઠીક ઠીક જગ્યા રોકે છે અને પ્રબુદ્ધ જૈનનું કદ તો આખરે મર્યાદિત જ રહ્યું. આમ છતાં પણ દર પખવાડીએ પ્રગટ થતું પ્રબુદ્ધ જૈન તેના વાંચકની જિજ્ઞાસાને સારી રીતે તૃપ્ત કરે એવી રસમય વિવિધ સામગ્રી પુરી પાડવા ખાતર પ્રબુદ્ધ જૈનના કદની સામાન્ય મર્યાદાનો અવારનવાર લોપ કરવામાં આવ્યો છે. આ રીતે પ્રબુદ્ધ જૈને પાંચ વર્ષ પુરાં કર્યાં છે.

આગામી વર્ષમાં પ્રવેશ કરતું પ્રબુદ્ધ જૈન તેના ગ્રાહકોનો હાર્દિક સહકાર માંગે છે. પ્રબુદ્ધ જૈનની ગ્રાહક સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે તે તેની લોકપ્રિયતા સૂચવે છે. એ લોકપ્રિયતાને વધારે ને વધારે પાત્ર કેમ બનવું એ અમારી નિરન્તરની ચિન્તા છે. શિષ્ટ સામયિકોમાં પ્રબુદ્ધ જૈન વિશિષ્ટ સ્થાન પામે અને વિશાળ જનતાના હૃદયને સ્પર્શતી અને તેની બુદ્ધિને ચેતાવતી લેખસામગ્રીથી પ્રબુદ્ધ જૈન ભરપુર બનતું રહે એવી અમારી એષણા છે. એ એષણાની પરિપૂર્તિનો આધાર જુદા જુદા વિષયના અભ્યાસી લેખકોના અને સમાજસેવા દ્વારા જનતાના નિકટ સંપર્કમાં આવતા પ્રજાસેવકોના સહકાર ઉપર જ રહે છે. અભ્યાસી લેખકો વિચારપ્રેરક લેખો આપે; પ્રજા સેવકો પોતાના અનુભવની નોંધ મોકલે. આ સહકાર પ્રબુદ્ધ જૈનને હજુ સુધી બહુ ઓછો મળ્યો છે અને એના સંચાલનનો ઘણો ખરો ભાર બે ત્રણ વ્યકિતઓના શિરે રહે છે. આ હકીકત પણ પ્રબુદ્ધ જૈનના ઇષ્ટ વિકાસની દિશાએ મોટી અટકાયતરૂપ બની છે. અમારી એષણાઓ મોટી છે. નિડરતા અને સત્યોપાસના અમારી પ્રવૃત્તિના પ્રેરક મંત્રો છે. વિદ્વાન લેખકોને અને અનુભવી પ્રજાસેવકોને શકય તેટલો સહકાર આપવા અમારી નમ્ર છતાં આગ્રહભરી વિનંતિ છે. પ્રબુદ્ધ જૈનનું સર્વ લખાણ સત્યપ્રેરિત હોય એવી અમારી અહોનિશ પ્રાર્થના છે. **તંત્રી પ્રબુદ્ધ જૈન.**

## મુંબઇનું અગ્નિસંકટ અને જૈન રાહતકેન્દ્ર

તા. ૧૪–૪–૪૪ શુક્રવારના રોજ મુંબઇમાં જે ભયંકર અગ્નિસ્ફોટ થયો અને જેના પરિણામે સંખ્યાબંધ કુટુંબો ઘરબાર વિનાનાં થઇ પડયાં, ગઇ કાલના લક્ષાધિપતિઓ ઘડિ બે ઘડિમાં પહેરેલાં કપડાંના જ માલીક જેવા બની ગયા અને મીલ્કતનું તો ન માપી શકાય તેવું પાર વિનાનું નુકસાન થઇ બેઠું તે પ્રસંગે મુંબઇની જુદી જુદી સંસ્થાઓએ ઘરબાર વિનાનાં લોકોને–ભાઇઓ, બહેનો અને બાળકોને–મદદ પહોંચાડવા, રાહત આપવા જે તત્પરતા અને વ્યવસ્થા શકિત દાખવી છે અને મુંબઇની જનતાએ જે દ્રવ્યનો વરસાદ વરસાવ્યો છે તે ભારે આશ્ચર્યજનક તેમજ કોઇ પણ શહેરની પ્રજાને ગૌરવ આપે તેવો છે. કોમી ભેદભાવ ભુલી જઇને જેનાથી જે કાંઇ થઇ શકયું તે કર્યું છે. આવું જ અપૂર્વ રાહત કાર્ય પાયધોની ઉપર આવેલ ગોડીજીના દેરાસરની પેઢીએ અને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે એકત્ર થઇને ઉભા કરેલ જૈન રાહતકેન્દ્ર દ્વારા કરી બતાવ્યું છે અને તે માટે તે કેન્દ્રના સર્વ સંચાલકોને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. શુક્રવારની સાંજની અગ્નિજવાળાથી બચીને ભાગતા લોકોને કશા પણ નાતજાતના કે ધર્મના ભેદભાવ સિવાય ગોડીજીના મંદિરની પાછળની વિશાળ જગ્યામાં દાખલ કરવામાં આવ્યા અને તેમના માટે ખાવા પીવા તેમજ રહેવાની સર્વ વ્યવસ્થા ઉભી કરવામાં આવી. પહેલી રાત્રે આ સ્થળમાં હજારથી બારસો માણસોને આશ્રય આપવામાં આવ્યો. બીજે દિવસે આ લોકોને માટે કપડાની વ્યવસ્થા કરવામાં આવી અને જરૂરી-કપડાં સૌને પુરાં પાડવામાં આવ્યાં. આ રાહત કેન્દ્ર આજે પણ કાર્ય કરી રહ્યું છે. હજુ પણ તેનું રસોડું ચાલે છે, કપડાઓ પુરા પાડવામાં આવે છે, ટીકીટો કઢાવી આપવામાં આવે છે અને બીજી પણ જરૂરિયાતોને પહોંચી વળવા બનતો પ્રયત્ન કરવામાં આવે છે. આ રાહત કેન્દ્રની પ્રવૃત્તિએ જૈન સમાજના ગૌરવમાં ખુબ વધારો કર્યો છે અને તે માટે તે કેન્દ્રના સર્વ સંચાલકોને જૈન સમાજનાં હાર્દિક અભિનંદન ઘટે છે. **પરમાનંદ**

## સંઘની રાહત પ્રવૃત્તિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૧૯૪૩ના સપ્ટેંબર માસની પહેલી તારીખથી આજની વધતી જતી મોંઘવારીને લીધે ચાલુ ખર્ચને પહોંચી વળવાની મુંઝવણ અનુભવતા જૈન કુટુંબોને રેશન તેમજ રોકડદ્વારા રાહત આપવાની જે પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી તેનો આજે ૧૧૫ કુટુંબો લાભ લઇ રહ્યા છે. આ કુટુંબોમાંથી ઘણાખરાને તેમના રેશનનું જે કાંઇ બીલ આવે તેમાનું ૫૦ ટકા સંઘ તરફથી ચુકવી આપવામાં આવે છે, કેટલાકને ૭૫ ટકા સુધીની પણ રાહત આપવામાં આવે છે અને કેટલાકને રૂ. ૧૦ થી ૧૫ સુધીની માસિક રોકડ મદદ આપવામાં આવે છે. આ પ્રવૃત્તિની જાહેરાત કરી ત્યારથી શરૂઆતના બે માસ બહુ ઓછા ભાઇઓ મદદ લેવા આવ્યા પણ પછી સંઘે બાંધેલી સો કુટુંબની મર્યાદા પુરી થઇ ગઇ એટલું જ નહિ પણ પછી તો મદદ માટે આવેલા કેટલાય કુટુંબોને ના પાડવી પડી. શરૂઆતમાં આ મદદ ચાર માસની અવધ બાંધીને આપવાનું શરૂ કરવામાં આવ્યું. હતું એ રીતે જેના જેના ચાર માસ પુરા થવા આવ્યા તેમને પછીથી બબ્બે માસ વધારી આપવામાં આવ્યા હતા. એ બે માસ પણ હવે ઘણા ખરાના પુરા થવા આવ્યા છે. અને કોઇ કોઇના પુરા થઇ પણ ગયા છે. સંઘને આ કાર્ય ચલાવવા માટે આજ સુધીમાં લગભગ રૂ. ૫૫૦૦ મળ્યા છે અને તેમાંથી રૂ. ૩૭૦૦ અપાયા છે.

આજે બાકી રહેતી જવાબદારીને પહોંચી વળતાં આ સીલક લગભગ પુરી થવા આવે તેમ છે. તા. ૧૩-૪-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્ય વાહક સમિતિની સભામાં પ્રસ્તુત રાહત પ્રવૃત્તિ આગળ ઉપર ચાલુ રાખવી કે સમેટી લેવી એ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો અને અહિં જણાવતાં આનંદ થાય છે કે જૈન સમાજના ઉદાર ભાઇઓ અને બહેનો પોતાથી બનતો ફાળો મોકલીને આ કાર્યને જરૂર ટેકો આપશે એ વિશ્વાસથી ચાલુ રાહત પ્રવૃત્તિ બીજા છ માસ એટલે કે દીવાળી સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમ છે. આ નિર્ણયના પરિણામે સંઘ લગભગ રૂ. ૪૦૦૦ની નવી જવાબદારી પોતાના માથે ઉપાડે છે. સદ્ભાગ્યે આ નિર્ણય કરવા સાથે જુદા જુદા ત્રણ ગૃહસ્થો તરફથી સંઘને આ કાર્યમાં દર માસે રૂ. ૧૦૦ એમ છ માસ સુધી આપવાના વચનો મલી ગયાં છે અને એક ગૃહસ્થ શ્રી. વીઠ્ઠલદાસ કાળીદાસ જેઓ આ કાર્યમાં આજ સુધીમાં સંઘને રૂ. ૧૦૦૨ આપી ચુકયા છે તેમણે બીજી રૂ. ૫૦૧ ની રકમ મોકલી છે. આ કાર્ય કેવળ સામાજિક સેવાનું છે અને આજે જ્યારે એક ઠેકાણે રૂપીઆના ઢગલાના ઢગલા થયા કરે ત્યારે બીજી બાજુએ કેટલાય કુટુંબો ચોવીશે કલાક પોતાના ચાલુ ખર્ચને પહોંચી વળવાની ગુંગળામણમાં જ પસાર કરે છે અને ઘી, દુધ કે શાક ખાવાનાં પણ તેમના માટે સાંસા છે. સંઘને રૂ. ૪૦૦૦ તો મળી જ જશે એવી પુરી આશા છે જ, પણ એથી પણ વધારે રકમ મળતાં સંઘ પોતાની રાહત પ્રવૃત્તિનો વિસ્તાર બને તેટલો વધારવા આતુર છે, કારણ કે રાહતની અપેક્ષા ધરાવતા ક્ષેત્રની કોઈ સીમા જ નથી. હમણા હમણા મુબઇ ઉપર જે વિરાટ અગ્નિસંકટ આવી પડયું છે તેમાં પણ કશા પણ ભેદભાવ સિવાય લોકોને મદદ આપવા પાછળ રૂા. ૫૦૦ વાપરવાનો સંઘની કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો છે. આ બધી બાબતો ધ્યાનમાં લઇને સંઘની રાહત-પ્રવૃત્તિમાં બને તેટલી મદદ મોકલવા જૈનભાઇઓને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

**સંઘની રાહત પ્રવૃત્તિનો લાભ લેતા ભાઇબહેનો જોગ**

સંઘની રાહત પ્રવૃત્તિ આજ સુધી જે રીતે ચાલી રહી છે તેને વધારે વ્યવસ્થિત કરવાના હેતુથી જુનાં રાહત કાર્ડો રદ કરીને નવાં કાર્ડો આપવાનું ઠરાવવામાં આવ્યુ છે, તેમ જ રેશન શોપો સાથેની ગોઠવણ રદ કરીને રાહત સમિતિના સભ્યો મારફત રાહતની રકમો ચુકવાય એવો પ્રબંધ નક્કી કરવામાં આવ્યો છે. વિશેષમાં સંઘનું રાહત કાર્ડ ધરાવનાર જે કોઇ વ્યકિત તેવી મદદને પાત્ર નથી એમ માલુમ પડે તેને નવું કાર્ડ નહિ આપવાની રાહત સમિતિના સભ્યોને સૂચના આપવામાં આવી છે. તો જે કોઇ ભાઇ કે બહેનને સંઘ તરફથી પોતાને આજસુધી મળતી રાહત ચાલુ રખાવવાની ઇચ્છા હોય તેમણે રાહત સમિતિના જે સભ્ય દ્વારા પોતાને આજ સુધી મદદ મળી હોય તેની પાસેથી નવું કાર્ડ તુરત જ મેળવી લેવું

**સંઘની રાહત પ્રવૃત્તિમાં મળેલી મદદો**

| | |
|---|---|
| ૫૦૧ શ્રી વીઠ્ઠલદાસ કાળીદાસ | ૫૧ શ્રી જેઠાલાલ રામજીભાઇ |
| ૧૦૧ શ્રી નથ્થુભાઇ નેમિદાસ પારેખ | ૫૧ શ્રી મણિબહેન શિવલાલ શાહ |
| ૧૦૦ શ્રી મણિલાલ મોકમચંદ શાહ | ૫૦ એક બહેન તરફથી |
| ૧૦૦ શ્રી ડાહ્યાભાઇ ત્રીભોવન-દાસ જીન સ્ટોર કાં. | રૂા. ૯૫૪ |

આ યાદીમાં છેલ્લી બે રકમો આજના અગ્નિ સંકટમાં ફસાયલા ભાઇ બહેનોને મદદ આપવાના હેતુથી મળી છે.

**રતિલાલ ચીમનલાલ કોઠારી**
મંત્રી, રાહત સમિતિ

## સંઘના વાંચનાલય-પુસ્તકાલયનું ટ્રસ્ટડીડ કરવાનો નિર્ણય

તા. ૬-૪-૪૪ ગુરૂવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહે આપેલી રૂ. ૨૪૦૦૧ તથા સંઘની માલેકીના વાચનાલય-પુસ્તકાલયનું એક ટ્રસ્ટડીડ કરવાનું નક્કી કર્યું છે. આ ટ્રસ્ટડીડના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે.

(૧) રૂ. ૨૪૦૦૧ તેમજ સંઘનું વાચનાલય-પુસ્તકાલય ટ્રસ્ટીઓને સુપ્રત કરવામાં આવશે.

(૨) રૂ. ૨૪૦૦૧ માંથી રૂ. ૪૦૦૧ ની રકમ વાચનાલય-પુસ્તકાલયનો વિકાસ કરવા પાછળ જરૂર મુજબ ખરચી શકાશે.

(૩) ૨૦૦૦૦ ને સ્થાયી ફંડ તરીકે રાખવામાં આવશે જેના રોકાણમાંથી થતી આવક વાચનાલય અને પુસ્તકાલયના નીભાવ પાછળ વાપરવામાં આવશે અને તેમ કરતાં ખુટતી રકમ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પુરી કરશે.

(૪) વાચનાલય અને પુસ્તકાલયનો વહીવટ નવ સભ્યોની વાચનાલય પુસ્તકાલય સમિતિ ચલાવશે. ટ્રસ્ટડીડ મુજબ નીમાયલા પાંચ ટ્રસ્ટીઓ આ સમિતિના અધિકારની રૂઇએ સભ્યો ગણાશે, અને બાકીના ચાર સભ્યોની મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ દર વર્ષે નિમણુક કરશે.

(૫) પહેલા પાંચ ટ્રસ્ટીઓની શ્રી. મણિલાલ મોકમચંદ શાહ નિમણુક કરશે. ટ્રસ્ટીઓની નિમણુક પાંચ વર્ષ સુધીની ગણાશે. દર પાંચ વર્ષે નવા પાંચ ટ્રસ્ટીઓની નિમણુક શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ કરશે. વચગાળે ટ્રસ્ટીઓની ખાલી પડતી જગ્યાએ બાકીના ટ્રસ્ટીઓ બાકી રહેલી મુદત માટે નવા ટ્રસ્ટીની નિમણુક કરશે.

(૬) વાચનાલય અને પુસ્તકાલય સમિતિ વાચનાલય અને પુસ્તકાલયનો વહીવટ ચલાવશે તથા દર વર્ષે વહીવટનો વૃત્તાન્ત, ગતવર્ષનું સરવૈયું તથા આગામી વર્ષનુ બજેટ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કરશે.

(૭) દરેક ટ્રસ્ટી મુંબઇ જૈન યુવક સંઘનો સભ્ય હોવો જ જોઇએ. નિમાયેલ ટ્રસ્ટી સંઘનો સભ્ય મટી જતાં ટ્રસ્ટી તરીકે રહી શકશે નહિ.

(૮) રૂા. ૨૦૦૦૦ નું રોકાણ પ્રમાણીત સીક્યુરીટીમાં, ડીબેંચર્સ તથા પ્રેફરન્સ શેરોમાં. ૯૯ના પટ્ટાની મીલ્કત ઉપરના ગીરોમાં, તેમજ બેંકની ફીક્ષ્ડ ડીપોઝીટમાં કરી શકાશે.

(૯) સંઘ હસ્તકનું વાચનાલય પુસ્તકાલય 'શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય' એ નામથી ઓળખાશે.

કાર્યવાહક સમિતિના આ નિર્ણયની બહાલી મેળવવા માટે સંઘની સામાન્ય સભા થોડા વખતમાં બોલાવવામાં આવશે.

**મંત્રીઓ-મુંબઈ જૈન યુવક સંઘ**

## મુંબઇના અગ્નિસંકટથી તારાજ થયેલા ભાઈ બહેનોને મદદ

મુંબઇ શહેરમાં તા. ૧૪-૪-૪૪ શુક્રવારના રોજ થયેલી ભયંકર હોનારતમાં ભોગ બનેલા જે કોઇ ભાઇ બહેનોને કપડાં, વાસણ, રેલ્વે ટીકીટ તથા ધંધા માટે મદદ યા લોનની અપેક્ષા હોય તેમણે મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી રતિલાલ કોઠારીને મળવું.

**મળવાનું ઠેકાણું**

મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય અથવા તો બોંબે ડાયમંડ મરચન્ટસ એસોસીએશનનો હોલ

મળવાનો સમય: બપોરના ૨ થી ૪ાા

# નારીપ્રવૃત્તિની મીમાંસા

(તા. ૭-૪-૪૪ ના રોજ મુંબઇ ખાતે મળેલી અખિલ હિંદ મહિલા પરિષદના પ્રમુખસ્થાનેથી શ્રીમતી કમળાદેવીએ આપેલ વ્યાખ્યાનના અગત્યના ભાગોનો અનુવાદ.)

જો કે નારીપ્રવૃત્તિ ઠીક પ્રમાણમાં આગળ વધી છે તેમજ સારા પરિપાકને પામી છે તોપણ એ પ્રવૃત્તિના સ્વરૂપ અને વિકાસ સંબંધે ઘણાં પુરૂષોમાં તેમજ અમુક બ્હેનોમાં પણ એકસરખી ગેરસમજુતી હોવાને અંગે તે આખા પ્રશ્નનું સ્વરૂપ ફરીથી રજુ કરવાની આગળના કોઇ પણ વખત કરતા આજે મને વધારે જરૂર લાગે છે. નારી પ્રવૃત્તિ મુખ્યત્વે કરીને એક સામાજિક હીલચાલ જ છે અને સમાજના એક વિભાગનો સતત પરિવર્તન પામતા સામાજિક તેમજ આર્થિક સંયોગો સાથે મેળ ખાતો રહે અને પરસ્પર અથડામણ અને ઘર્ષણ બને તેટલાં ઓછાં ઉભાં થાય અને સર્વાંગી એકસુરતા પોષાતી રહે તે રીતે આ ફરતા સંયોગો અને ઘટનાઓનો લાભ ઉઠાવવામાં આવે-એ નારી પ્રવૃત્તિનો મુખ્ય આશય છે. આ રીતે આ પ્રવૃત્તિ વિશાળ અર્થમાં પ્રગતિશીલ સામાજિક રચનાનું એક અગત્યનું અંગ છે અને બીજા લોકો માને છે અને મનાવે છે તેમ આ કોઇ જાતીય વિગ્રહ (Sex-War) નથી. કારણ કે મતાધિકાર, વારસા હક્ક, ધંધાઓમાં દાખલ થવાનો હક્ક-આ અને એવા જ બીજા મુદ્દાઓ જેની સાથે નારિપ્રવૃત્તિ જોડાયેલી છે તે સર્વ માનવ સમાજના અમુક વર્ગોને સમાન હક્કો આપવાનો ઇન્કાર કરતી કેટલીક અસામાજિક રૂઢિઓ અને પ્રણાલિકાઓનો ઉચ્છેદ કરવા માગતા વધારે વ્યાપક પ્રશ્નોના અંગમાં રહેલાં જ તત્વો છે. તેથી આજે કોઇથી પણ ઇન્કાર ન થઇ શકે તેવા સર્વસામાન્ય હક્કોનો ગુમાવેલો વારસો મેળવવા મથતા પછાત અને ચિરકાળ-દલિત વર્ગોની જે લડત ચાલી રહી છે તેજ લડતનું આજની નારિ-પ્રવૃત્તિ એક વિશિષ્ટ સ્વરૂપ છે. તે વિષે બીજી કોઇ સમજુતી આપવી અથવા તો આજની વિશાળ અને વ્યાપક લડતથી તેને છુટી પાડી નાંખવી અને જાણે કે આજની નારીપ્રવૃત્તિ કોઇ એક જુદી જ લડત હોય તેવો ખ્યાલ આપવો એ સામાજિક રીતે બહુ હાનિકર્તા છે. એ પ્રકારે સ્ત્રીઓની ત્રુટીઓ માટે પુરૂષ પ્રકૃતિને જવાબદાર ગણવી અને સ્ત્રીઓની પ્રવૃત્તિને પુરૂષ વિરોધી વળણ આપવું તે પણ તેટલું જ ભૂલભરેલું છે. આપણા સમાજનું બંધારણ તેમજ સ્વરૂપ જ દોષને પાત્ર છે અને આવી દોષભરેલી સામાજિક રચનાઓ સામે જ આપણે હીલચાલ ઉપાડવાની છે.

નારીપ્રવૃત્તિનો હેતુ ઉપર જણાવેલ કારણોસર પુરૂષો સામે સ્ત્રીઓને લડાવવાનો કે તેમનું કેવળ અનુકરણ કરવાનો નથી. નારીપ્રવૃત્તિ સ્ત્રી જાતિને તેમની પોતાની શકિતઓ અને કાર્ય-ક્ષેત્રનું સાચું ભાન કરાવવા માંગે છે અને પુરૂષજાતિ પ્રત્યે આદરભાવ કેળવવા ઇચ્છે છે. આ રીતે જ બન્ને વચ્ચે સમાનતાની ભાવના ઉભી થઇ શકે તેમ છે. આ યોજનાને સિધ્ધાંત તેમજ વ્યવહાર દૃષ્ટિએ પહોંચી વળવા માટે સ્ત્રીઓને પોતાનામાં રહેલી બુધ્ધિને તેમજ શકિતઓને વિકસાવવાની પ્રેરણા તેમજ પ્રોત્સાહન આપવાની ખૂબ જરૂર છે. નારીપ્રવૃત્તિનું આ એક મુખ્ય કાર્યક્ષેત્ર છે.

જેવી રીતે સ્ત્રીઓની હીલચાલ વિષે કેટલાક ખોટા ખ્યાલો બંધાયા છે તેવી જ રીતે સ્ત્રીઓની આર્થિક ધોરણે પણ ખોટી કીંમત આંકવામાં આવે છે. ખરી રીતે પુરૂષ અને સ્ત્રી જાતિ વચ્ચે જે શ્રમવિભાગની વ્યવસ્થા ચાલી રહી છે તેનો સ્વીકાર કરવો જોઇએ. આ વ્યવસ્થાનું સ્વરૂપ વિચારવામાં આવશે તો સ્ત્રીઓ કેવળ પોતાના ધણીઓ ઉપર ભારરૂપ બનેલી અને બેઠાં બેઠાં ખાનારી છે અને તેના બદલામાં વળતરરૂપે કશું જ આપતી નથી એવો મધ્યમ અને ઉપરના વર્ગોમાં સ્ત્રીઓ વિષેનો પ્રચલિત ખ્યાલ કેટલો ખોટો છે તે બરોબર સમજાશે. સમાજના પ્રાણ-ધારણમાં સ્ત્રીઓ જે ફાળો આપે છે તે મૌલિક છે અને પાયાનો છે અને સ્ત્રીઓ પુરૂષને માત્ર મદદનીશ જેવી છે એમ નહિ પણ સ્વતંત્ર રીતે તેઓ સામાજિક તેમજ આર્થિક ક્ષેત્રમાં અન્ય કોઇથી ન પુરાય તેવું મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે-એ હકીકતનો સ્વીકાર થવો જ જોઇએ. ગૃહિણીની પાર વિનાની મજુરીની બહુ જ ઓછી કદર કરવામાં આવી છે અને અને ઉદ્યોગીકરણની દિશાએ ખૂબ આગળ વધેલા દેશોમાં પણ ગૃહસંચાલન હજુ એક મુખ્ય ઉદ્યોગ જ છે અને ગૃહિણીઓની સંખ્યા પણ બહુ મોટા પ્રમાણમાં છે. સ્ત્રીઓ છોકરાં જણે છે, બાળકો ઉછેરે છે, રસોઇ રાંધે છે, ઠામ વાસણ સાફ કરે છે, કપડાં ધુએ છે એમ કહી નાંખીને તેમનાં કાર્યની અવગણના કર્યે ચાલશે નહિ. ઔદ્યોગિક અર્થશાસ્ત્રીની દૃષ્ટિએ વિચાર કરતાં સ્ત્રીઓ એક પ્રકારની મજુરીનું ઉત્પાદન કરે છે અને તે મજુરી પાયાની છે, કારણ કે તે સિવાય બીજી કેટલીયે મજુરીઓ ગતિ-માન થઇ શકે તેમ નથી. પણ આ ગણતરી અને માપ પણ પુરતાં નથી. કોઇ પણ કારખાનામાં કામ કરતી સ્ત્રી જેટલી જ ગૃહિણી એક મજુરણ છે. કાયદાથી સુરક્ષિત અને એક યા બીજા મજુર સંઘમાં જોડાયલી મજુરણ કરતાં તે પોતાના કાર્યમાં વધારે શકિત અને સમય ખરચે છે, કારણ કે તેના કામ કર-વાના સમયને કોઇ મર્યાદા નથી અને પાર વિનાનાં સાધનોનો પોતાના કાર્યને પહોંચી વળવા માટે તેને ઉપયોગ કરવાનો હોય છે. પરંપરાથી જ આપણે ઘરમાં ઉત્પન્ન કરેલી ચીજો અને ઘરની સેવાઓની નીચી આંકણી આંકવાને ટેવાયલા છીએ. આમ બનવાનું એક કારણ એ પણ હોઇ શકે કે આવી ચીજો અને સેવાઓ બજારમાં વેચાવા આવતી નથી અને તેનો ઉપયોગ માત્ર કુટુંબીજનો પુરતો જ હોય છે. પણ ખરૂં પૂછો તો આ કારણને લીધે જ સ્ત્રીઓની સેવા એક લેખક જણાવે છે તેમ 'અમૂલ્ય' લેખાવી જોઇએ. કારણ કે સમાજમાં કુટુંબનું સ્થાન માત્ર પ્રજા સંવર્ધન માટે જ નિર્માયલું નથી પણ કુટુંબ રચના-દ્વારા આખા સમાજની સંસ્કૃતિનું પોષણ તેમજ વિકાસ થતાં રહે એ પણ કુટુંબ સંસ્થા પાછળ રહેલો એક અગત્યનો હેતુ છે. તેથી ઘરની અધિષ્ટાત્રી અને કુટુંબને સ્થિર અને સુદૃઢ રાખતી અગત્યની વ્યકિત તરીકે સ્ત્રીઓની સેવા સદા અમૂલ્ય જ રહેવાની. દુઃખની વાત એ છે કે સ્ત્રીઓ જે કાંઇ કરે છે તેની પૈસામાં કીંમત અંકાતી નથી તેમજ હરીફાઇના બજારમાં તેમને પોતાના કાર્યનું મૂલ્યાંકન કરાવવાનુ હોતું નથી. તેથી જ તેમના સ્થાનને હંમેશાં નીચું આંકવામાં આવ્યું છે સ્ત્રીઓ ઘરમાં બહારથી મળતા માસિક પગારનો ચેક લાવતી નથી કે કોઇ બીજી રીતે આવક કરીને ઘરમાં દ્રવ્યની પુરવણી કરતી નથી તે કારણે જ 'અમે અમારી સ્ત્રીઓનું ભરણપોષણ કરીએ છીએ' એવો દાવો કરનાર સમાજ-વિઘાતક વળણ ધરાવતા પુરૂષો સમાજના સમધારણને મોટી આંચ પહોંચાડે છે અને પરસ્પરાવલંબી સમાજરચના ઉપર મોટો પ્રહાર કરે છે. કારણ કે એ સમય

આવી પહોંચ્યો છે કે જ્યારે ટેબલ ઉપર બેસીને કામ ન કરે અથવા તો કોઇ યંત્ર ચલાવીને મજુરી ન રળી લાવે તોપણ જે સામાજિક મજુરી તે કરી રહી છે અને ઘરને અને ગૃહજીવનના સ્વાસ્થ્યને જાળવી રાખવામાં જે ફાળો તે આપી રહી છે તે દ્વારા દરેક ગૃહિણી પુરી સ્વાશ્રયી જ છે એમ સમાજે સ્વીકારવું જ જોઇએ.

સ્ત્રીઓ ઘરકામ સિવાય બીજા ક્ષેત્રોમાં કામ કરે તે આવકારદાયક છે; કારણ કે તેમ કરવાથી પોતાની શકિતઓના ઉપયોગ માટે વધારે વિશાળ ક્ષેત્ર તેમને મળે છે, તેથી સ્ત્રીઓને એક ઇલાયદા વર્ગ તરીકે લેખવાને ટેવાયલી વિચારપ્રણાલિ તુટે છે અને જે રૂઢિઓ સ્ત્રીઓના કાર્ય પ્રદેશને બીજી રીતે મર્યાદિત કરી રહેલ છે તે રૂઢિઓ ઢીલી પડે છે. આશ્ચર્યજનક તો એ છે કે જો સ્ત્રી ઘરકામને વળગીને રહે છે તો તે પુરૂષોને ભારરૂપ છે એમ કહીને તેની નિન્દા કરવામાં આવે છે અને જો તે જીવનનિર્વાહ માટે ઘરબહાર નીકળે છે તો પુરૂષોની તે હરીફ બનવા નીકળી છે અને પુરૂષોનું કાર્યક્ષેત્ર છીનવી લેવા માંગે છે એમ કહીને તેની નિન્દા કરવામાં આવે છે. રોબર્ટ ઇંગરસોલે સત્ય જ કહ્યું છે કે એક હકીકતનો બીજી બધી હકીકતો સાથે પુરો મેળ બેસે છે પણ એક જૂઠાણાનો તો એ જ હેતુથી ઉભા કરેલા બીજા જૂઠાણા સાથે જ મેળ બેસાડી શકાય છે. ખરી રીતે વિચારીએ અને સાચી રીતે સમજવાીએ તો સ્ત્રીઓની હીલચાલ વૈજ્ઞાનિક પાયા ઉપર જ રચાયલી છે, બુદ્ધિપ્રધાન ભાવનાઓ વડે પોષાયલી છે અને સમાજ રચનામાં અનિવાર્ય સ્થાન ધરાવે છે.

* * *

સ્ત્રીઓ સંબંધે બનેલી બે ઘટનાઓએ જાહેર જનતાનું ખુબ ધ્યાન ખેંચ્યું છે—ખાણોમાં સ્ત્રીઓનું ફરીથી કરવામાં આવેલું રોકાણ અને રાવ કમીટી દ્વારા ઉત્પન્ન થયેલા અને મધ્યસ્થ ધારાસભા સમક્ષ ઉપસ્થિત થયેલા બીલો. આન્તરરાષ્ટ્રીય સમજુતીનો ભંગ કરીને અને લોકલાગણીની કેવળ અવગણના કરીને સ્ત્રીઓને ખાણમાં કામ કરવા જવા દીધી, તેથી હિંદુસ્થાનમાં તેમજ દુનિયાભરમાં જે ક્ષોભ ઉભો થયો છે તે આ બાબતમાં લોકલાગણી કેટલી તીવ્ર છે તેના મજબુત પુરાવો છે. કોઇ સ્ત્રીને આ કામ માટે ફરજ પાડવામાં આવતી નથી અને મજુરીના દર વધારવામાં આવ્યા છે—આ પ્રકારનો સરકાર બચાવ કરે છે તે વજુદ વિનાનો છે. જે વધારેલા દરની બડાઇ મારવામાં આવે છે તે દર આખરે પંદર રૂપીઆ લગભગ થવા જાય છે, જ્યારે તેજ પ્રદેશમાં બીજા ઉદ્યોગોમાં કામ કરનારને પચ્ચીસથી ત્રીશ રૂપીઆ સુધી મળે છે. વિશેષમાં તે લોકોની સામાન્ય પરિસ્થિતિ બહુ ખરાબ છે અને રહેવા કરવાની વ્યવસ્થા બહુજ અપૂર્ણ અને શોચનીય છે. આ બાબતમાં ખુબ હીલચાલ ચાલી રહેલ છે એમ છતાં પણ તેનું કશું પરિણામ આવ્યું નથી. જ્યાં સુધી આ પરિસ્થિતિ ચાલુ રહે ત્યાં સુધી આપણાથી જંપીને બેસી શકાય જ નહિ. જો આ મહિલા પરિષદ સ્ત્રીઓના હિતોની રક્ષા કરવાને પુરૂં સામર્થ્ય ધરાવે છે એમ સાબીત કરી આપવું હોય તો મહિલા પરિષદે જેમ બને તેમ જલ્દીથી સ્ત્રીઓને ખાણોની મજુરીમાંથી ઉગારી લેવી જોઇએ.

નાતજાત કે ધર્મના ગમે તે તફાવત હોય એમ છતાં પણ આખા દેશમાં વારસા તેમજ લગ્નને લગતો સૌ કોઇને એક સરખી રીતે લાગુ પડતો કાયદો હોવો જોઇએ એવું સ્વપ્ન સર્વ કોઈ પ્રગતિશીલ વર્ગો સેવી રહ્યા છે. અન્તિમ ધ્યેય તરીકે નહિ પણ આ દિશાએ એક પગલું આગળ ભરવામાં આવે છે એમ સમજીને રાવ કમીટીએ હિંદુ કાયદાને વ્યવસ્થિત કરવાનું જે કાર્ય હાથ ધર્યું છે તેને અમે આવકારીએ છીએ, નજીકના ભવિષ્યમાં ઉપર જણાવેલું સ્વપ્ન સાચું પડશે અને આપણને સળંગ સુવ્યવસ્થિત એકધારો કાયદો મળશે અને જેમાંથી ચિત્રવિચિત્ર અર્થો નીકળે અને પરસ્પર કશો મેળ મળે નહિ એવું થાગડથીગડ વાળું કાયદાઓનું પુનર્વિધાન થવા નહિ પામે એવી આપણે આશા રાખીએ છીએ. જે વારસાહકકનું બીલ રજુ કરવામાં આવ્યું છે તેમાં ઘણી ત્રુટિઓ હોવા છતાં સ્ત્રીઓના વારસા હકકના મુદ્દાને તે બીલ સ્વીકારે છે તે કારણસર મહિલા પરિષદે તે બીલને ટેકો આપ્યો છે. લગ્નને લગતા બીલમાં આધુનિક સમાજમાં જે બંધનોનું કશુંજ મહત્વ રહ્યું નથી તેવા નાતજાત અને ગોત્રને લગતાં બંધનોની અવગણના કરવામાં આવી નથી એ ખેદજનક છે. જો કે બીજા કેટલાક અપેક્ષિત ફેરફારો ન થાય ત્યાં સુધી ધાર્યો અર્થ સરે તેમ નથી એમ છતાં પણ તે બીલમાં અન્તર્ગત કરવામાં આવેલો એક પત્નીવ્રતનો નિયમ આવકાર યોગ્ય છે. સમાજના બીજા ઉદારમતવાદી વર્ગો સાથે મહિલા પરિષદ લગ્ન સંસ્થાને હમેશાં ટેકો આપતી આવી છે. આ સંસ્થા પ્રત્યે સ્ત્રીજાતિના તીવ્ર પક્ષપાત વિષે કશું વધારે કહેવાની કશી જરૂર છે જ નહિ; કારણ કે તે સ્ત્રીમાનસ સાથે જડાયલી વસ્તુ છે. તેમના પોતાના હિતની ખાતર તેમજ તેમનામાં પ્રકૃતિ સાથે જે સમાજધારણની વૃત્તિ વાણાતાણા માફક વણાયલી છે તે સમાજધારણની ખાતર તેઓ સ્વભાવથી જ લગ્ન સંસ્થાને સુરક્ષિત અને અબાધિત રાખવા સદા પ્રયત્નશીલ રહે છે. પણ હિંદુસમાજ તેમજ સર્વ સમાજો ફરતા દેશકાળ મુજબ પોતાના ચલુ જીવનનું નિયંત્રણ કરતા કાયદાઓમાં જરૂરી ફેરફારો કરતી આવી છે. સમયના સંયોગો બદલાય તેમ કાયદાઓ બદલાતા આવ્યા છે. જેઓ લગ્નને લગતા કાયદાઓમાં કે સ્ત્રી અને પુરૂષ વચ્ચે ભેદભાવ દાખવતા કાયદાઓમાં ફેરફાર કરવા માંગે છે તેઓ કેવળ મનસ્વીપણે જે તે ફેરફારો સૂચવતા નથી, પણ સમાજજીવનની એકરૂપતા કેમ જાળવવી અને ન્યાયપૂર્ણ વ્યવસ્થા કેમ ઉભી કરવી એ દરેક સામાજિક કાયદાઓનું મુખ્ય લક્ષ્ય હોવું જોઇએ આ બાબતને ગંભીરપણે સમજીને તેમજ સ્વીકારીનેજ તેઓ જરૂરી ફેરફારો સૂચવે છે. જ્યાં સામાજિક અન્યાય ઉભો થયેલો દેખાય ત્યાં કાયદાની પુનર્ઘટના સમાજ માટે અનિવાર્ય બને છે.

અપૂર્ણ — મૂળ અંગ્રેજીમાં : **શ્રીમતી કમળાદેવી**

અનુવાદક : **પરમાનંદ**

## નર્સ થવા ઇચ્છનાર બહેનને શિષ્યવૃત્તિ

બોંબે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએસનનો અભ્યાસક્રમ લઇને નર્સ થવા ઇચ્છતી બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મલ્યા છે. જે બહેનને ઉપરનો અભ્યાસક્રમ લઇને નર્સ થવાની ઇચ્છા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક પરિસ્થિતિની વિગતો સાથે સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ એ સરનામે તુરત અરજી મોકલવી, આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૬
અંક : ૨

મુંબઇ: ૧૫ મે ૧૯૪૪ સોમવાર.

લવાજમ
રૂપિયા ૩

## નારીપ્રવૃત્તિની મીમાંસા

(ગતાંકથી ચાલુ)

આ મહિલા પરિષદના રાજકીય વળણ વિષે કેટલીક શાબ્દિક ચર્ચાઓ અને માનસિક પૂર્વગ્રહો જોવા સાંભળવામાં આવે છે. પરાધીન પ્રજાને રાજકારણ તો મૂળભૂત પ્રાણવાયુ સમાન છે. રાજકારણનો ઇનકાર કરવો એ જીવનનો જ ઇનકાર કરવા બરોબર છે. જો કે પરાધીનતાની જંજીરોથી આપણે જકડાયલા પડયા છીએ, એમ છતાં પણ આઝાદીનાં સ્વપ્નાંઓ અને વિચારોમાં આપણે નિમગ્ન રહીએ છીએ અને તે હાસલ કરવાનો આપણો પ્રયાસ ચાલુ હોય છે. રાજકારણી ચેતનાને આ પરિષદની એક વાંધા ભરેલી અને દૂર કરવા યોગ્ય ત્રુટી લેખવી એ સંસ્થાને સજીવ હોવા બદલ દોષ દેવા બરોબર છે. સ્વાભાવિક અન્તઃ-પ્રેરણાઓની તેમ જ દુનિયા ઉપર આફતો નોતરતા બનાવોની ઉપેક્ષા કરવાનું કે તેથી ઉદાસીન બનીને ચાલવાનું આ મહિલા પરિષદથી બની શકે જ નહિ. મહિલા પરિષદના સભ્યો ભલે જુદી જુદી રાજકારણી સંસ્થાઓ સાથે જોડાયલા હોય એમ છતાં પણ એ બધાનો સર્વ સામાન્ય આશય તો ભિન્ન ભિન્ન માર્ગોદ્વારા રાષ્ટ્રીય સ્વાતંત્ર્યને જ પ્રાપ્ત કરવાનો છે એ વિષે બે મત છે જ નહિ. આ ધ્યેયને વિસારવું અથવા તો તેની અવગણના કરવી એ તો જે બે મુદ્દાઓ આ પરિષદના પાયામાં રહેલા છે તે સ્વમાન અને પરસ્પરાવલંબનનેજ નકારવા બરોબર છે. આમ છતાં પણ આ મહિલા પરિષદનું સ્વરૂપ અને બંધારણ એવા છે કે એણે નિષ્પક્ષ રીતે એટલે કોઇ એક યા અન્ય રાજકીય પક્ષ કે વાદથી અલિપ્ત રહીને જ પોતાનું કાર્ય કરવાનું રહે છે. પરિષદની આ વિશિષ્ટતા જાળવી રાખવામાં આપણે ગૌરવ અનુભવતા આવ્યા છીએ અને તેને સુરક્ષિત રાખવી એ આપણી મુખ્ય ફરજ રહેવાની છે. મને ભારપૂર્વક કહેતાં જરાપણ સંકોચ થતો નથી કે જેઓ આ બાબતમાં અન્યથા વિચારે છે અને વર્તે છે તેઓ આ પરિષદના મિત્રો નથી.

આપણે હવે એક નાના દેશ કે દ્વિપકલ્પના વાસી રહ્યા નથી, પણ આખી દુનિયા જાણે કે આપણું વતન બની રહ્યું હોય અને આપણો દેશ અને બાકીની દુનિયા એક જ શરીરના જુદા જુદા અવયવો હોય અને આપણાં નસીબ એક બીજા સાથે ગાઢપણે સંકળાયલા હોય અને આપણા કાર્યપ્રદેશો એકમેકથી વીંટળાયલા હોય એવો આપણે વધારે ને વધારે અનુભવ કરી રહ્યા છીએ. તેથી વિશાળ દુનિયાના બનાવો તેમજ દેશદેશની રાજ્યનીતિઓ આપણા માટે અન્ય પ્રજાઓ જેટલી જ ચિન્તા અને જવાબદારીના વિષયો બન્યા છે. ગઇ કાલની સુલેહ અને આજનો વિગ્રહ આપણને સચોટપણે ભાન કરાવી રહેલ છે કે હવેની દુનિયા આઝાદી અને ગુલામીના બે ભિન્નભિન્ન ગોળાર્ધમાં વહેંચાયલી રહી શકે તેમ નથી અને એક પ્રજા બીજી પ્રજાને સત્તાના બળે દબાયલી રાખે એવી આજની રાજ્યવ્યવસ્થાને ગમે તેટલા ઉજળા નામથી ઓળખાવવામાં આવે તોપણ આનું પરિણામ ભય અને હિંસા વડે આખી દુનિયાને ગુલામ બના-વવામાં તેમજ માનવજાતિનો આર્થિક તેમ નૈતિક વિરાટ વિનાશ નીપજાવવામાં આવે. જે સામાજિક સ્વાતંત્ર્યના મુદ્દા ઉપર આ પરિષદ પોતાની લડત ચલાવી રહી છે તે સામાજિક સ્વાતંત્ર્ય રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનું જ એક નાનું સ્વરૂપ છે. આ સિદ્ધાન્તનો દુનિયાના સર્વ દેશોમાં અમલ થાય એમાં આપણને પણ એટ-લો જ રસ હોવો જોઇએ. જ્યાં સુધી આજની રચનાને માત્ર વિચારમાંથી જ નહિ પણ આચાર તેમજ વ્યવહારમાંથી પણ તદ્દન નાબુદ કરવામાં નહિ આવે, ત્યાં સુધી શાન્તિ અને સ્વાતંત્ર્યની બધી વાતો ક્ષણજીવી અને અર્થ વિનાની રહેવાની છે. કારણ કે સાચી શાન્તિ માત્ર શસ્ત્રોવડે મેળવેલા વિજયદ્વારા કે શસ્ત્રસંન્યાસ દ્વારા સિદ્ધ થવાની નથી પણ સુલેહ શાન્તિને હંમેશા જોખમાવનારા શાહીવાદ અને વસાહતો દ્વારા અખત્યાર કરવામાં આવતી શોષણપદ્ધતિ—આ બે મૂળ કારણોને દૂર કરવાથી જ શક્ય અને સંભવનીય બનવાની છે. આજે આપણે જોઇ રહ્યા છીએ કે દુનિયાની પ્રધાન રાજ્ય-સત્તાઓ દુનિયાને આઝાદ બનાવવા ખાતર અને માનવજાતને વધારે સુખી બનાવવા ખાતર લડતી હોવાની મોટી મોટી બડા-ઇઓ મારી રહી છે અને એની એજ રાજ્યસત્તાઓ જે પ્રજાઓ ઉપર પોતે સત્તા ચલાવી રહેલ છે અને જે પ્રજાઓનું પોતે શોષણ કરી રહેલ છે તે પ્રજાઓને લાગે વળગે છે ત્યાં સુધી એના એજ સિદ્ધાન્તોનો ઇન્કાર કરવામાં જરાપણ શરમ કે હીણપત અનુભવતી નથી. આજે દરેક રાજકારણી વ્યકિતને આ પ્રશ્ન એક ભૂતની માફક પીડી અને મુંઝવી રહ્યો છે કે "હિંદુસ્થાનનું શું?" આ કેવળ નવરાશનો તરંગ કે લાગણી-વેડા નથી. આ પ્રશ્નમાં આજની દુનિયાના બધા પ્રશ્નોનો સમા-વેશ થઇ જાય છે. કારણ કે જ્યાંસુધી ઇંગ્લાંડ હિંદુસ્થાનને રાજકીય તેમ જ આર્થિક ગુલામીથી જકડી રહ્યું છે ત્યાંસુધી મિત્રરાજ્યો ઉપર જણાવેલી બડાઇઓ મારીને માનવજાતને છેતરનારું એક મોટામાં મોટું જુઠાણું ચલાવી રહેલ છે. હિંદુસ્થાન સત્ય અને સ્વાતંત્ર્યનિષ્ટાની કસોટી જ માત્ર નહિ પણ એક પ્રતીક જેવું બની રહેલ છે હિંદુસ્થાન એક આરસી છે કે જેમાંથી આગામી દુનિયાનું ભાવી દૃષ્ટિગોચર થઇ શકે છે. આજે આપણે બે મોટા પક્ષોને આપસ આપસમાં લડી રહેલા જોઇએ છીએ અને બન્ને પક્ષો દુનિયાની આઝાદી અને માનવજાતની સુખવૃદ્ધિ માટે લડતા

હોવાનો પુરેપુરો શોરબકોર કરી રહેલ છે. માનવજાતનાં નસીબમાં સભ્યતા, શાન્તિ, અને સુખ ભોગવવાનું નિર્માયલું હોય અને અન્ય ઉપદ્રવો માફક અવારનવાર ઉપસ્થિત થતો માનવી વિગ્રહો આ દુનિયામાંથી હંમેશાને માટે વિદાય લેવાના હોય તો હિંદુસ્તાનની તેમ જ આખી દુનિયાની સ્ત્રીઓએ એવી દુન્યવી વ્યવસ્થા ઉભી કરવા માટે પ્રયત્નશીલ બનવું ઘટે છે કે જે વ્યવસ્થા દરેક પ્રજાને પોતાનું ભાવી ઘડવાની પુરી છુટ તેમજ સત્તા આપતી હોય, એમ છતાં પણ એ વ્યવસ્થા પ્રજા પ્રજા વચ્ચેના સહકારને પુરો અવકાશ આપતી હોય એટલું જ નહિ પણ એવા સહકારને અનિવાર્ય બનાવતી હોય.

મારૂં વ્યાખ્યાન હું પુરૂં કરૂં તે પહેલાં જેમનાં ઘરબાર આજનાયુદ્ધ સંહારને લીધે ભાંગીને ભુક્કો થઇ ગયા હોય અને પાર વિનાની યાતનાઓને લીધે જેઓ તદ્દન હતાશ અને ચેતના-શૂન્ય બની બેઠા હોય એવા આ દુનિયાભરના લાખો માનવીઓને મારે યાદ કરવા જોઇએ અને તેમના પ્રત્યે મારા દિલની સહાનુભૂતિ પાઠવવી જોઇએ. ખાસ કરીને આપણા પોતાના દેશની અંદરના—ભુખમરો તેમજ બીમારીઓમાં સપડાયલા—વિભાગો મારી આંખો સામે આવીને ઉભા રહે છે અને આ લોકોને રાહત આપવાનો ભગીરથ પ્રયત્ન જે સંસ્થાઓએ, સ્વયંસેવક મંડળોએ તેમજ વ્યકિતઓએ નિઃસ્વાર્થ ભાવે કર્યો છે તેમને ધન્યવાદ આપવાની આ તક હું હાથ ધરૂં છું. આ ભયંકર સંકટ દરમિયાન બહુ સુંદર કામ કરવા માટે આપણી પરિષદની બંગાળાની શાખાને હું આ પ્રસંગે ખાસ કરીને અભિનંદન આપું છું.

વાતાવરણ ગમગીનીથી ભરેલું છે; દુઃખ અને વેદનાની ચીસો વડે આકાશ ચીરાઇ રહ્યું છે. આપણી પરિષદનો જે એક મુખ્ય મુદ્દો છે તે નાગરિક સ્વાતંત્ર્ય ચોતરફથી સતત આક્રાન્ત થઇ રહ્યું છે, હણાઇ રહ્યું છે. વહેમ, અને વિશ્વાસઘાતનાં વાદળો ઘેરાં બની રહ્યાં છે, પથરાઇ રહ્યાં છે અને જે માર્ગદર્શક દીવાદાંડીઓ કંઇ કાળથી પ્રગટાવવામાં માનવજાત સફળ નીવડી હતી તે દીવાદાંડીઓને આવરી રહેલ છે અને તેનો સર્વ પ્રકાશ જાણે કે સર્વથા લુપ્ત થઇ ગયો છે. માનવ સંસ્કૃતિ અને સભ્યતાનો સર્વત્ર લોપ થઇ રહ્યો છે અને લોકલાગણીના સત્તાધીશો તરફથી નિષ્ઠુરતાપૂર્વક અવગણના કરવામાં આવે છે અને તેથી માનવીનું જીવન કેવળ ઉપહાસપાત્ર બની રહ્યું છે. જેઓ મોખરે હોય તો જ આજની નિરાશામાં આશા પ્રગટી શકે અને આજની અનવસ્થામાંથી વ્યવસ્થા જન્મી શકે તે આપણા દેશના બહાદુર ટેકીલા અને પ્રજાપ્રેમને વરેલા દેશનેતાઓ તેમ જ સાથીઓનો ચાલુ કારાવાસ આપણને ઉંડી ગમગીનીમાં ડુબાડી દે છે, આપણા ચિત્તને મૂઢ બનાવે છે અને આપણી શક્તિને થંભાવી દે છે. પણ આ કરૂણાજનક પરિસ્થિતિ જોઇને આપણામાં વધારે મોટી અને બળવાન કાર્ય શકિત જન્મ પામવી જોઇએ, કારણ કે તેમની ગેરહાજરીમાં આપણી જવાબદારીઓ બમણી વધી જાય છે. એવા કેટલાક લોકો છે કે જેઓ વર્તમાનના બીહામણાપણા સામે આંખ આડા કાન કરીને યુદ્ધ પછીની પુનર્રચનાની વાતો વિચારવામાં તેમજ ચર્ચવામાં સંતોષ તેમજ કર્તવ્યપૂર્તિ અનુભવે છે. બીજાઓ એમ માને છે કે મોટા પાયાના ઉદ્યોગીકરણમાં જ આપણો ઉધ્ધાર રહેલો છે. જેમને આવા પેટન્ટ ઉપાયોમાં શ્રદ્ધા હોય તેમણે ઉદ્યોગીકરણની બહુ જ ઉંચ્ચ કક્ષાએ પહોંચેલા દેશો તરફ નજર કરવી ઘટે છે અને કુદરતે આપેલી અમૂલ્ય વસ્તુ-સામગ્રી અને અદ્‌ભુત વૈજ્ઞાનિક અનુકુળતાઓમાંથી જ કેવો ઘનઘોર સંહાર અને સત્યાનાશ પેદા થયા છે તે સમજી લેવાનું રહે છે. ભુખમરો, બેકારી, ગંધાતી ચાલીઓ, સર્વ વ્યાપી નૈતિક અધઃપતન—આ બધા આજની કરૂણાજનક દુર્દશાના અચુક પુરાવા છે. વધારે ઉત્પન્ન કરવું એ પૂરતું નથી. કયા ધોરણસર અને કયા સિદ્ધાન્તો અનુસાર વહેંચણી કરવી—ટુંકામાં આખી અર્થરચનાનું કોણ સુત્રધાર છે અને કોનું તેની ઉપર નિયંત્રણ છે તે નક્કી કરવું—એ વધારે અગત્યનું છે. જે રચનામાં ઘણા પેદા કરે અને થોડા તેનો લાભ ઉઠાવે, અને જેમાં પેદા કરવાના માણસના અધિકારને આપખુદ રીતે ઇન્કારીને અને કુદરતી દોલતનો ફાવે ત્યારે નાશ કરીને બનાવટી અછત ઉભી કરવામાં આવે એવી રચના આપણે બીલકુલ સ્વીકારી શકીએજ નહિ. જે સમાજ માનવજીવનને એક પવિત્ર વસ્તુ માનીને સન્માને અને મજુરીને પ્રતિષ્ઠિત બનાવે, જે સમાજ દરેક બાળકને વિકાસ માટે પુરી સગવડ તથા તક આપે, જે સમાજ દરેક વ્યકિતને માનવીને શોભે એવું જીવન હાંસલ કરવાની સગવડ આપે, પોતાની મહેનતનો લાભ પોતાને જ મળે એવી વ્યવસ્થા કરી આપે તેમ જ વિજ્ઞાન તેમ જ સંસ્કારિતાનાં દ્વાર સૌ કોઇને માટે ખુલ્લાં કરે એ સમાજમાં જ સ્ત્રીઓને સાચી સ્વતંત્રતા મળી શકે. આ મેળવવા માટે સ્ત્રીઓએ દેશના સર્વ પ્રાગતિક બળો સાથે જોડાઇ જવું જોઇએ અને પ્રત્યાઘાતી તત્વો પરાસ્ત થાય એ હેતુથી પ્રગતિના પલ્લામાં પોતાનું સર્વ વજન ઢાલવીને અન્ય દલિત વર્ગો સાથે સાચી અને સુદઢ એકતા સાધવી જોઇએ. આ રીતે જ આજની સમસ્યાનો તેઓ સામનો કરી શકશે અને દેશની રાષ્ટ્રીય પુનર્ઘટનામાં મહત્વનો ભાગ ભજવી શકશે.

સમાપ્ત — મૂળ લેખકઃ **શ્રીમતી કમલાદેવી.**

અનુવાદકઃ **પરમાનંદ.**

# સંઘ સમાચાર

**સામાન્ય સભાના ઠરાવોઃ**—શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા. ૬-૫-૪૪ ના રોજ મળી હતી જે વખતે નીચે મુજબ ઠરાવો કરવામાં આવ્યા હતા.

**પૂ. ગાંધીજીના છુટકારા વિષે**

મહાત્મા ગાંધીજીના લાંબા કાળના જેલવાસ પછી નાદુરસ્ત તબિયતના કારણે થયેલા એકાએક છુટકારાથી આખો દેશ આનંદ અને રાહતની લાગણી અનુભવી રહ્યો છે. તેઓ ગુમાવેલું આરોગ્ય સત્વર પાછું મેળવે અને દેશને આજની કટોકટીના વખતમાં સાચું માર્ગદર્શન આપે એવી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૬-૫-૪૪ ના રોજ મળેલી સામાન્ય સભા પ્રાર્થના કરે છે.

**સંઘના બંધારણમાં સુધારો**

સંઘના બંધારણની કલમ ૯ ધ (૩) નીચે મુજબ હતી "કાર્યવાહક સમિતિ માટે ચુંટવાના પંદર સભ્યોમાં ઓછામાં ઓછા ચાર સ્ત્રી સભ્યો, ચાર શ્વેતાંબર મૂર્તિપૂજક સભ્યો, ચાર સ્થાનકવાસી સભ્યો અને (દિગંબર સભ્યોનું સંખ્યા પ્રમાણ અતિ અલ્પ હોવાના કારણે) એક દિગંબર સભ્ય હોવા જોઇએ."

આને રદ કરીને તેના સ્થાને નીચે મુજબનો નિયમ મૂકવાનું ઠરાવવામાં આવે છે..

"કાર્યવાહક સમિતિ માટે ચુંટવાના પંદર સભ્યોને લગતા મતપત્રકો એવી રીતે ભરવા કે દરેક મતપત્રકમાં કુલ પંદર નામો હોવાજ જોઇએ અને તે મતપત્રકમાં ઓછામાં ઓછા ચાર સ્ત્રી સભ્યોનાં, ચાર શ્વેતાંબર મૂર્તિપૂજક સભ્યોનાં ચાર સ્થાનકવાસી સભ્યોનાં અને (દિગંબર સભ્યોનું સંખ્યાપ્રમાણ અતિ અલ્પ હોવાના કારણે) એક દિગંબર સભ્યનું નામ હોવું જોઇએ. આ નિયતથી અન્યથા ભરાયલું મતપત્રક રદ કરવામાં આવશે."

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

# શુભ અને શુદ્ધનું પ્રતિદ્વંદ્વ!

પ્રબુદ્ધ જૈનના છેલ્લા અકમાં 'વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય' એ મથાળાના લેખની શરૂઆતમાં દુધ અને દહીંનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે અને એ દૃષ્ટાન્તને એજ લેખના અન્ત-ભાગમાં લેખકે શુભ અને શુદ્ધના પ્રતિદ્વંદ્વ ઉપર ઘટાવ્યું છે. કોઇ પણ સ્થુળ દૃષ્ટાન્તને લઇને પોતાને ઇષ્ટ અનુમાન ઉપર શ્રોતાગણને કે વાચકગણને લઇ જવાની પદ્ધતિ પરાપૂર્વથી ચાલતી આવી છે. આ પદ્ધતિ જેટલી રોચક છે તેટલી જ ઉપર ઉપરથી સાંભળનાર વાંચનારને કદિ કદિ છેતરનારી નીવડવા સંભવ છે. ઘણી વખત દૃષ્ટાન્ત જ મૂળમાં બરોબર હોતું નથી અને તેથી તે ઉપરથી ઉપનય ઉતારવામાં આવે છે તે યુક્તિસંગત બની શકતો નથી. વિશેષમાં દૃષ્ટાન્ત એકદેશીય હોય છે જ્યારે સામાન્ય લોકો દૃષ્ટાન્તને સર્વદેશીય ગણીને તે ઉપરથી તારવવામાં આવેલા નિયમને એકાન્તિક સિદ્ધાન્ત તરીકે સ્વીકારી લેવાના ભ્રમમાં પડે છે. પ્રસ્તુત વિષયમાં લેખક દુધ અને દહીં પરસ્પર વિરોધી છે અને દુધ દુધપણું છોડે તો જ દહીંપણું જન્મે અને દુધ રહેતે રહેતે (એટલે કે દુધમાં મેળવણ નાંખ્યા વગર) દહીં થઇ શકે નહિ—આવી રીતે દુધ દહીંના દૃષ્ટાન્તને લગતી બાબતો સમજાવે છે. પ્રથમ તો આ દૃષ્ટાન્ત નિરૂપણ બરોબર નથી લાગતું. દુધનો સ્વાભાવિક વિકાસ જ દહીં છે અને દુધ પડયું પડયું સ્વાભાવિક રીતે દહીંમાં જ પરિણમે છે. દુધમાં મેળવણ નાંખવાનો હેતુ માત્ર ધાર્યે વખતે ધારી ખટાશવાળું દહીં બનાવવા માટે જ હોય છે. આ રીતે મૂળમાંથી વાંધા પડતા દૃષ્ટાન્ત ઉપરથી તારવવામાં આવતો કોઇ પણ નિયમ સ્વતઃ આધાર રાખવા લાયક બની શકતો નથી.

હવે દુધ અને દહીંના દૃષ્ટાન્તને શુભ અને શુદ્ધના દ્વંદ્વ ઉપર લાગુ પાડીને લેખકે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે શુભ અને શુદ્ધ પરસ્પર વિરોધી છે; જ્યાં શુભ હોય ત્યાં શુદ્ધ હોઇ ન શકે; જ્યાં શુદ્ધ હોય ત્યાં શુભ હોઇ ન શકે, આ એક રીતે સમજી શકાય તેવું છે. 'શુભ' અને 'અશુભ' કોઇ અમુક પ્રવૃત્તિનાં વિશેષણો છે, શરીરધારી માનવી માત્રને એક યા બીજા પ્રકારની પ્રવૃત્તિ લાગેલી જ છે. પ્રવૃત્તિ વિના પ્રાણધારણ શકય જ નથી. આ પ્રવૃત્તિઓમાંથી કોઇ શુભ હોઇ શકે, કોઇ અશુભ હોઇ શકે. સ્વપરને કલ્યાણકારી પ્રવૃત્તિ શુભ કહેવાય જ્યારે સ્વપરના કલ્યાણને બાધક પ્રવૃત્તિ અશુભ કહેવાય. બીજી બાજુએ શુદ્ધ સ્થિતિ એટલે કે જેમાં આત્મતત્વનું જ કેવળ ચિન્તન અથવા ધ્યાન છે એવી સ્થિતિ. આને લૌકિક ભાષામાં એક પ્રકારની માનસિક સ્થિતિ કહીએ તો ચાલે. આ ઉપરથી જોઇ સકાશે કે કોઇ પણ પ્રવૃત્તિ એક વસ્તુ છે; અમુક કોટિની માનસિક સ્થિતિ બીજી વસ્તુ છે, પણ આ ઉપરથી એમ અનુ-માન દોરવામાં આવે કે પ્રવૃત્તિયુકત માણસને આત્મનિષ્ટા શકય જ ન હોય અને આત્મનિષ્ટ માણસ માટે કોઇ પણ પ્રવૃત્તિ આવશ્યક ન હોય તો એ અનુમાન કોઈ પણ રીતે બુદ્ધિસંગત લાગતું નથી, શુભ પ્રવૃત્તિ અને શુદ્ધ આત્મસ્થિતિ એકમેકથી જુદા છે એ બરોબર પણ એકમેકથી વિરોધી છે એમ કહેવું બરોબર નથી. ઉલટું વાસ્તવિક અનુ-ભવ એવો છે કે શુભ પ્રવૃત્તિ અને શુદ્ધ સ્થિતિ એકમેકના પુરક અને પોષક હોય છે. આત્મનિષ્ટ પુરૂષની પ્રવૃત્તિ શુભ જ હોવાની. શુભ પ્રવૃત્તિમાં જે જોડાયલો હોય તેનામાં સ્વાભાવિક રીતે આત્મ-નિષ્ઠા કેળવાય જ.

ઘણી વખત કોઇ પણ વિચાર કે વિષય સ્પષ્ટ કરવા ખાતર સાધારણ રીતે એકમેક જોડાયલી વસ્તુઓને જાણે કે એકમેકથી તદ્દન સ્વતંત્ર અને નિરાળી વસ્તુઓ હોય એમ કલ્પવા તથા સમજાવવાની જરૂર પડે છે પણ આ ઉપરથી એ નિરાળા-પણા ઉપર જ ભાર દેવામાં આવે અને એમ કરીને એકને સિદ્ધ કરવા માટે અન્યનો સદંતર ત્યાગ કરવાનું કહેવામાં આવે ત્યાં જ એકાન્તિકતા પ્રવેશ કરે છે અને વિવેકબુદ્ધિનો લોપ થાય છે. પ્રસ્તુત વિષયના ઉપદેશકનું પણ એમ જ બનતું દેખાય છે. તેઓ જીવનની સામાન્ય પ્રવૃત્તિઓમાં રોકા-યલી ચિત્તવૃત્તિઓને ખેંચી લઇને આત્મતત્ત્વ ઉપર એકત્ર થવાનું કહેતે કહેતે અને આત્મા એ જ સત્ય છે—એને સમજો અને એનો સાક્ષાત્કાર કરો—એ બાબત ઉપર વધારે ને વધારે ભાર મૂકતાં મૂકતાં જાણે કે તેઓ સર્વ શુભ પ્રવૃત્તિઓના વિરોધી બની ગયા હોય અને સામાન્ય લોકોને પોતાની કૌટુંબિક તેમ જ સામાજિક સર્વ જવાબદારીઓની ઉપેક્ષા કરવામાં જ ધર્મપર્યાપ્તિ આવી રહેલી છે એમ ઉપદેશતા હોય એમ લાગે છે અને આ બાબત જ ભારેમાં ભારે વાંધા પડતી છે. અહિંસાનો આખો ખ્યાલ અન્ય જીવો સાથે પોતે કેમ વર્તવું એ વિચારમાંથી ઉદ્‌ભવ્યો છે. આનો અર્થ એ છે કે અહિંસાનો આખો વિચાર માનવી માત્રમાં વિશાળ અર્થમાં રહેલી સામાજિક બુદ્ધિ ઉપર રચાયલો છે. આ અહિંસા શબ્દાર્થમાં નકારાત્મક છે પણ ભાવાર્થમાં વિધાયક છે અને એથી જ તેનું મહત્ત્વ છે. જે અહિંસામાં સક્રિય ભાવે મૈત્રી, કરૂણા, દયા અન્તર્ગત નથી તે અહિંસાનો કશો પણ અર્થ જ નથી. કમનસીબે જૈન ધર્મના અથવા તો અહિંસા-ધર્મના આ વિશાળ અને વિધાયક સ્વરૂપને વિસારીને કેટલાક ધર્મપ્રરૂપકો તેની અમુક એક બાજુ ઉપર જ વધારે પડતો ભાર મૂકે છે અને એ રીતે તેમના હાથે જૈન ધર્મની ભારેમાં ભારે વિડંબના થઇ રહી છે. તેરાપંથીઓ જ્યારે અહિંસાનું કેવળ નકારાત્મક સ્વરૂપ રજુ કરે છે અને સમાજ સેવા અને પરોપકારી પ્રવૃત્તિઓનો વિરોધ કરે છે ત્યારે અથવા તો શ્રી કાનજી મુનિ શુભ પ્રવૃત્તિ છોડીને શુદ્ધ સ્થિતિમાં પ્રવેશવાનું કહે છે ત્યારે તેમના હાથે પણ જૈન ધર્મની આવી જ વિડંબના થઇ રહી હોય એમ લાગે છે. વિશેષમાં આવા ઉપદેશનું પરિણામ સામાન્ય લોકો ઉપર એ આવે છે કે તેમના નસીબે શુદ્ધ સ્થિતિનો તો અનુભવ સંભવતો જ નથી, પણ ઐહિક જીવનની જવાબદારીઓ અને સામાજિક રૂણની અવગણનાબુદ્ધિ જ તેમનામાં પોષાય છે. અને તેમનું સામાન્ય જીવન એક બાજુએ કેવળ સ્વાર્થી અને બીજી બાજુએ ગુરૂદ્વારા ઉછીની લીધેલી કેટલીક આધ્યા-ત્મિક ભ્રમણાઓ પાછળ ભટકતું બને છે. નથી તેમનો આ ભવ સુધરતો અને નથી તેમના આવતા ભવનું ઠેકાણું પડતું. શુભ અને શુદ્ધના કલ્પિત વિરોધનું આ સાર્વજનિક અનિષ્ટ પરિણામ તેના ઉપદેષ્ટાઓએ ધ્યાનમાં લેવું ઘટે છે.

**પરમાનંદ.**

## "વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય"—ભુલ સુધાર.

પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં પ્રગટ થયેલા ઉપરના લેખના પહેલા પાને પહેલ કોલમમાં લખ્યું છે કે "(૩) દુધમાં (તેનું દુધપણું ટાળવા માટે) મેળવણ નાંખ્યા વગર દુધ થઇ જશે એમ માનતા નથી."

આને બદલે નીચે પ્રમાણે વાંચવું "(૩) દુધમાં તેનું દુધપણું ટાળવા માટે) મેળવણ નાંખ્યા વગર દહીં થઇ જશે એમ માનતા નથી."

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


**પ્રબુદ્ધ જૈન**

सत्यपूतां वदेद्वाचम्

મે ૧૫ ૧૯૪૪


# ગાંધીજીનો છુટકારો

મે માસની છઠ્ઠી તારીખે ગાંધીજી પોણા બે વર્ષનો કારાવાસ ભોગવીને છુટા થયા એ બનાવથી આખા દેશમાં કોઈ અપૂર્વ આનંદ અને નિવૃત્તિની લાગણી ફેલાઇ રહી છે. ગાંધીજી છુટયા તે પહેલાં કેટલાક દિવસથી તેમની નાદુરસ્ત તબિયતના ખબર આવ્યા કરતા હતા અને લોકોનાં મન ભારે ચિન્તાવ્યગ્ર રહેતાં હતાં. પણ આ વખતે ગાંધીજીને ૧૯૪૨ ના ઓગસ્ટ માસની નવમી તારીખે પકડવામાં આવ્યા ત્યારથી આજ સુધી ગાંધીજી પ્રત્યે સરકારે જે એક સરખું સખ્તાઇભર્યું વર્તન અખત્યાર કર્યું હતું અને ગયા વર્ષે તેમના ૨૧ દિવસના ઉપવાસ દરમિયાન જ્યારે તેઓ જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાઇ રહ્યાં હતાં ત્યારે પણ તેમને નહિ છોડવાની બાબતમાં સરકારે જે એક સરખી મક્કમતા ધારણ કરી હતી તે જોતાં ગાંધીજીની તબિયત ગમે તેટલી નરમ હોય તો પણ સરકાર તેમને છુટા કરે એ વ્યવહારૂ કલ્પનાની દૃષ્ટિએ જરા પણ સંભવનીય નહોતું લાગતુ. આ રીતે તેમનો છુટકારો ભારે અણધાર્યો અને આશ્ચર્ય ઉપજાવનારો બન્યો છે. આ ઉપરાંત ગાંધીજી હસે છે, બોલે છે, કેટલાકને મળે છે તે ઉપરથી તેમનો છુટકારો ખરેખર શારીરિક નાદુરસ્તીના કારણે છે કે તે પાછળ કોઇ રાજકીય હેતુ રહેલો છે એ વિષે પણ કેટલીક ચર્ચાઓ ચાલી રહી છે. ગાંધીજી સાથે નિકટપણે જોડાયલા મિત્રોદ્વારા માલુમ પડે છે કે ગાંધીજીની તબિયત ખરેખર જ બહુ નાદુરસ્ત અને ચિન્તા કરાવે તેવી છે. લોહીનું દબાણ બહુ જ હળવું રહે છે; તેમના જ્ઞાનતન્તુઓ બહુ નુકશાન પામ્યા છે; તેમનું હૃદય પણ બહુ નાજુક બની ગયું છે. ગાંધીજી જેલમાં હોય અને તેમની જીંદગીને કાંઇ પણ જોખમ થાય એનાં પરિણામોની જવાબદારી સરકાર પોતાના માથે લેવાને તૈયાર નહોતી એટલા ખાતર જ સરકારે ગાંધીજીને મુકત કર્યા છે. આજે પણ ચર્ચામાં જરા લાંબો વખત રોકાતાં તેમનું મગજ થાકી જાય છે અને ગુંચવાઇ જાય છે, થોડું બોલતાં પણ તેમને થાક લાગે છે એટલું જ નહિ પણ કાઇને લાંબો વખત સાંભળતાં પણ તેમના મગજને ભારે શ્રમ પડે છે. કોઇ પણ વિષય ઉપર બે પારીગ્રાફ લખાવવા એ પણ તેમના માટે લગભગ અશકય બન્યું છે. આજે જેલમાંથી પાછા ફરેલા ગાંધી પોણાબે વર્ષ પહેલાના ગાંધી નથી. તે વખતના ગાંધી સમસ્ત રાષ્ટ્રમાં શરૂ થનાર આઝાદી જંગના સર્વસમર્થ અને સશકત સેનાની હતા; તેમના બાવડે બળ હતું: તેમની એક બાજુએ મહાદેવભાઇ હતા; બીજી બાજુએ કસ્તુરબા હતા. મહાદેવભાઇને તો તેમણે જેલ જવાની સાથે જ ગુમાવ્યા; બા થોડા દિવસ પહેલાં આ ફાની દુનિયામાંથી વિદાય થયાં. આમ આપણી વચ્ચે પાછા ફરેલા ગાંધીજી તો હૃદયથી તેમજ શરીરથી જર્જરિત–ગમે ત્યારે કાંઇ પણ થઇ બેસે એવી દહેશત આપતી અતિશય નાજુક શરીર સ્થિતિને ધારણ કરતાં–ગાંધી છે. અલબત આજે પણ તેમનું મનોબળ એટલું જ મજબુત છે, પણ ખોખરા શરીરમાં રહેલું મનોબળ કેટલું કામ લાગે છે તે તો હવે આપણે જોવાનું રહે છે. તેમણે આજ સુધીમાં અનેક વાર મૃત્યુ સાથે બાથ ભીડીને મૃત્યુને પરાજિત કર્યું છે અને આજે પણ આપણે એવી આશા કેમ ન રાખીએ? આમ છતાં પણ ગાંધીજીની શરીરસ્થિતિનો આજે આપણે હળવા દિલે વિચાર કરી શકીએ તેમ છે જ નહિ. તેમનું શરીર, મગજ અને મન માંગે છે સંપૂર્ણ આરામ, પણ પ્રખર કાર્યયોગીના મનને આરામ સંભવે શી રીતે? અને તેમના શરીર તેમજ મગજને આરામ મેળવવામાં પ્રજાએ શકય તેટલો સહકાર આપવો જ જોઇએ એમ છતાં પણ આજની ભયંકર દુર્દશા નજરોનજર જોઈ રહેલા જેલમુકત ગાંધીજી પોતાના શરીર અને મગજને કયાં સુધી આરામ આપી શકવાના હતા? જે શ્રદ્ધા ગાંધીજીને ઇશ્વરમાં છે એ જ શ્રદ્ધા આપણા દિલમાં આપણે ધારણ કરીએ અને માત્ર હિંદુસ્થાન ખાતર નહિ પણ આખી દુનિયાના ભલાની ખાતર ભગવાન તેમને આજની વિષમ શરીરસ્થિતિમાંથી ઉગારી લે અને ગુમાવેલી કાર્યશકિત તેમને પાછી સુપ્રત કરે એવી આપણે પ્રાર્થના કરીએ! આજની દુનિયાના ગુંચવાયલા કોકડાનો ઉકેલ કરવાનું સામર્થ્ય, જો કોઇ પણ એક વ્યકિત ધરાવતી હોય તો તે કેવળ ગાંધીજી છે. તેમનામાં આર્ષદૃષ્ટિ છે; વ્યવહારૂ બુધ્ધિ છે; 'આ મારૂં અને આ તારૂં' એવી સંકુચિતતાથી પર વિશ્વતોમુખી મૈત્રી જીવનભરની તપશ્ચર્યા વડે તેમણે સિદ્ધ કરી છે. દેશ અને દુનિયાની એક માત્ર આશા ગાંધી છે. સૌ કોઇના દિલમાં આજે એક જ પ્રાર્થના હો કે ગાંધીજી ઘણું જીવો! ગાંધીજી ઘણું જીવો!!!

પરમાનંદ

---

# કેટલાક સમાચાર અને નોંધ

## આજનું હિંદી રાજકારણ

છેલ્લા કેટલાય મહીનાઓથી કશા પણ ફેરફાર વિનાની રાજકીય પરિસ્થિતિમાં છેલ્લા મહીનામાં બનેલા કેટલાક બનાવોએ નવા રંગ પુર્યા છે અને નવી આશા અને કલ્પનાને વેગ આપ્યો છે. ૧૯૪૨ના ઓગસ્ટ માસથી અખત્યાર કરવામાં આવેલી સરકારી દમનનીતિ આજે પણ એટલા જ જોસમાં ચાલુ છે. રાષ્ટ્રની એક અને અજોડ સંસ્થા રાષ્ટ્રીય મહાસભાના બારણે આજે પણ તાળુ છે અને એના મુખ્ય આગેવાનો કંઈ કાળથી જેલમાં સડી રહ્યા છે. પ્રજા મુંગે મોઢે પોતા ઉપર આવતી પાર વિનાની આફતો સહી રહી છે અને સરકાર પોતાના યુદ્ધસંચાલનમાં રાષ્ટ્રના દ્રવ્યનો, સાધનસામગ્રીનો તેમ જ માનવ સંપત્તિનો ફાવે તેટલો ઉપયોગ કરી રહી છે. આ ઘટમાળ તો ચાલતી હતી એમનો એમ ચાલી રહી છે એમ છતાં પણ પંજાબમાં કાયદે–આઝમ ઝીણાને મળેલી શિકસ્ત અને ગાંધીજીનો એકાએક છુટકારો આ બે ઘટનાએ અનેક નવી શકયતાઓ ઉભી કરી હોય એમ લાગે છે.

ઉત્તરોત્તર જેનું વર્ચસ્વ વધતું જતું હતુ અને પોતાના માનીતા દીકરાની માફક જેને અંગ્રેજ સરકાર સીધી કે આડકતરી રીતે અનુમોદન આપી રહી હતી તે ઝીણાનો પંજાબના પ્રકરણમાં તેજોવધ થયો, તેની ધાકધમકી પંજાબના મુખ્ય પ્રધાનને પોતાના માંગ્યા મુજબ નમાવવામાં નિષ્ફળ નીવડી, સ્વર્ગસ્થ સર સીકંદર હયાતખાનના પુત્ર અને પંજાબ ખાતે ઝીણાના એક મોટા પક્ષકાર શૌકત હયાતખાનને પ્રધાનપદેથી હાંકી કાઢયા. આ બધી ઘટનાઓ ભવિષ્યમાં આથી પણ વધારે મહત્વના પરિણામો નીપજાવે એવી

સંભાવના ઉભી કરે છે. પંજાબ પ્રકરણમાં શ્રી ઝીણાને તુરત મળેલા પરાભાવથી કોઇએ બહુ મોટી કલ્પનાઓના ઘોડા દોડાવવાની જરૂર નથી. ઝીણા સામે લાંબા વખતે એક આગેવાન મુસલમાને માથું ઉંચકયું એ બીના જરૂર આનંદજનક છે. પણ આ તો પાશેરામાં પહેલી પુણી છે. જનાબ ઝીણા એમ ખીઝર હયાતખાનને નીરાંતે સુવા દે તેમ નથી. તેને દબાવવા અને પદભ્રષ્ટ કરવા અને પંજાબમાં યુનીયનીસ્ટ પાર્ટીને ધકકો મારીને તેના સ્થાને મોસ્લેમ લીગનું પ્રધાનમંડળ ઉભું કરવા અને એ રીતે પાકીસ્તાનનો વિજયધ્વજ લાહોરના સરકારી દફતર ઉપર ફરકાવવા જનાબ ઝીણા આકાશ પાતાલ એકઠા કરશે. ફઝલુલ હકકના હજુ ગઇ કાલે તેણે શા હાલહવાલ કર્યા તે કોણ નથી જાણતું ? સીંધમાં અલાબક્ષને ઝીણા સામે થવામાં આખરે તો પોતાનો જાન ગુમાવવાનો વખત આવ્યો એ બનાવ પણ તાજેતરના ઇતિહાસના પાને નોંધાયલો છે. પંજાબના મુખ્ય પ્રધાન આ મોસ્લેમ મુસોલીની સામે કયાં સુધી ટકી રહે છે એ તો હજુ જોવાનું રહે છે. સરકારે આજે જે ઝીણા વિરોધી વળણ દાખવ્યું છે તે વળણ કાયમ જ રહેશે એમ માનવાને કાંઈ પણ કારણ નથી. પંજાબના મુસલમાનો ઉપર ઝીણાનું પ્રભુત્વ કાંઇ જેવું તેવું નથી. આમ છતાં પણ સંભવ છે કે જેવી રીતે પંજાબમાં પોતાના મનની મુરાદ બર લાવવાની ધુનમાં ઉચિત મર્યાદાની બહાર જતાં બધી રીતે અનુકુળ બનવા માંગતા ખીઝર હયાતખાનને હાથે જ જનાબ ઝીણાએ પોતાના નાકનું ટેરવું કપાવ્યું તેવી જ ગફલતી અને પ્રમાણ બહારની ગુંડાગીરી અથવા તો દબડાવગીરી ચાલુ રહેતાં અન્ય મુસલમાન આગેવાનો ઉપર રહેલા તેના વર્ચસ્વનો એકાએક અન્ત આવે અને એમ બને તો અને ત્યારે જ કોમી એકતાનો ઉદય થવાની અને એ રીતે હિંદુસ્થાનના કમનસીબમાં પલટો આવવાની કાંઇક આશા રહે. પણ આ બધું અત્યારે તો મનને ભાવતું બધું શકય માની લેવા જેવું છે. આજે તો હજુ ઝીણાની હીટલરશાહીનાં નવાં કયા કયા પ્રકરણો ભજવાય છે તે જ આપણે જોવાનું રહે છે.

જનાબ ઝીણાનાં પંજાબ પરાભવના અનુસંધાનમાં ગાંધીજીનો છુટકારો–જો કે એ બન્ને ઘટનાને પરસ્પર કશો પણ રાજકારણી સંબંધ નથી એમ છતાં પણ–આપણી કલ્પનાને નવો ખોરાક પુરો પાડે છે. ગાંધીજીનો છુટકારો તેમની નાદુરસ્ત તબિયતને જ આભારી છે તેઓ સાજા થાય અને જરા પણ માથું ઉંચકે તો તેમને પકડીને જેલમાં બેસાડતાં આ સરકારને કાંઇ પણ વાર લાગે તેમ નથી–આ બન્ને વાત માની લઇએ તોપણ ગાંધીજી લોકોત્તર પુરૂષ છે અને ઇતિહાસ તેમને ઘડતો નથી પણ તેઓ ઇતિહાસને ઘડતા આવ્યા છે. જ્યાં બીજા માટે જીવવાની આશા નથી હોતી ત્યાં તેઓ મૃત્યુની મર્યાદાને ઓળંગીને આગળ ચાલે છે. જ્યાં મડાગાંઠનો કોઇ ઉકેલ દેખાતો નથી હોતો ત્યાં તેમની બુદ્ધિ કોઇ એવો માર્ગ શોધી કાઢે છે કે જે રાજા તેમજ પ્રજા–ઉભયને સ્વીકાર્ય અને આવકારદાયક બને છે અને પરિણામે સ્થંભિત બનેલા રાજકારણમાં અણધાર્યા અને અણકલ્પ્યા નવા આંદોલનો પેદા થાય છે. વળી તેમને પકડવા એ જેટલું સહેલું છે તેટલું જ તેમને પકડવા કે નહિ અને પકડવા તો કયારે પકડવા એ બાબતનો સતાધીશોને માટે નિર્ણય કરવાનું કામ ઘણી વખત બહુ જ કપરૂં બને છે. અને સરકારની આવી અનિશ્ચિત મનોદશાનો સૌથી વધારે લાભ ઉઠાવતાં માત્ર ગાંધીજીને જ આવડે છે. ગાંધીજી શરીરે ખરેખર જ નરમ છે અને તેમની તબિયત ખરેખર જ ખુબ ચિન્તાજનક છે એમ છતાં પણ તેમના છુટા થવાથી ઘનઘોર અંધકારમાં આશાનાં કિરણો ફુટવા લાગ્યા છે અને આપણા માટે જાણે કે કોઇ ઉજળો દિવસ નજીક આવતો હોય એવો સુખદ અનુભવ થઇ રહ્યો છે. આપણે ઇચ્છીએ કે સરકારને સન્મતિ સુઝે અને જેણે પ્રજાનો ચાલુ વિરોધ નોતરીને આજ સુધી કેવળ કડવાશ, કડવાશ અને કડવાશ વધારી છે તે સરકાર ગાંધીજીનો સાથ મેળવીને પ્રજાના દિલની અનુકુળતા સાધે અને આજની કટોકટીના સમયમાં પ્રજારક્ષણ અને પ્રજાસહકારનો જે એકજ માર્ગ છે તે રાષ્ટ્રીય સરકારની સત્વર સ્થાપના કરે.

## 'બચુલી' અને આજની શિક્ષાપદ્ધતિ

આ અંકમાં 'બચુલી' નામની પંદર વર્ષની એક બાળાની વાસ્તવિક ઘટના આપવામાં આવી છે. એ બચુલીએ પોતાના ધણીનું ખુન કર્યું છે અને એ ખાતર જન્મ ટીપ પામીને તે જેલમાં આવી છે એમ જાણવા છતાં બચુલીના કીસ્સાની બધી વિગતો જાણતાં તેના પ્રત્યે આપણા દિલમાં લેશ માત્ર ઘૃણા આવતી નથી, એટલું જ નહિ પણ તે આપણી દયા અને કરૂણાને પાત્ર બને છે. જેમ કોઇ એક બીલાડીને એક ઓરડામાં પુરીને તેને રંજાડવાનો કોઈ પ્રયત્ન કરે અને તેને પાર વિનાનો ત્રાસ આપે અને બીલાડી આખરે છટકવાનો બીજો કશો માર્ગ ન દેખતાં પોતાને રંજાડનાર ઉપરજ કુદી પડે અને તેને પીંખી નાખે તેવીજ રીતે બચુલીના હાથે તેના ધણીનું ખુન થયું છે અને તેથી ખુની બચુલી ખરેખરી રીતે ખુની નથી અને તેના જેવી ઉગતી, આશા આપતી અને લાવણ્યમયી બાળાને આજની ન્યાય પદ્ધતિ જન્મટીપની શિક્ષા કરે એમાં દંડાયેલુંજ જાણે કે વધારે દંડાયું હોય અને ન્યાયના નામે કોઈ ભારે અન્યાય થયો હોય એમ આપણી માનવતાની બુદ્ધિ પોકાર કરી ઉઠે છે. આ તો એક સૂચક દૃષ્ટાન્ત છે. પ્રાથમિક ગુન્હાઓના ઘણાખરા કીસ્સાઓ આવા પ્રકારના હોય છે. કોઇએ ક્ષણિક આવેગમાં તો કોઇએ અસહાય બનીને, કોઇએ ભુલમાં તો કોઇએ અન્યના અસહ્ય જુલમમાંથી પોતાની જાતને ઉગારી લેવાના કારણે, કોઇએ ભુખમરામાંથી બચવા માટે તો કોઇએ અન્યની ઉશ્કેરણીનો ભોગ બનીને એક યા બીજા પ્રકારના ગુન્હાઓ કર્યા હોય છે અને તે સર્વના આવા અંગત સંયોગોનો કશો પણ ખ્યાલ કર્યા સિવાય ફોજદારી કાયદાકાનુન મુજબ આજના ન્યાયાધીશો ઓછી વધતી મુદતની શિક્ષાઓ ફરમાવે છે. આવા ગુન્હેગારોનું ગુન્હાહિતપણું કેવળ આકસ્મિક અને ઉપરછલું હોય છે. તેમની દુષ્ટતા લેશ માત્ર પ્રકૃતિગત હોતી નથી. આમ છતાં પણ આવા 'નિર્દોષ' ગુનેહગારોને સરકારી જેલોમાં ધકકેલવામાં આવે છે અને ત્યાં તેઓ વર્ષોથી વસવાટ કરી રહેલા અઠંગ બદમાશોના સીધા સમાગમમાં આવે છે. જેલના અધિકારીઓનો વર્તાવ તેમ જ જેલના કાયદા કાનુન પાછળ જેલમાં આવેલાઓને સુધારવા, સારી કેળવણી આપવી, તેઓ બહાર જઇને સ્વાશ્રયી બને તેવા ઉદ્યોગો શિખવવા–આવા કોઇ આશયો હોતા નથી. તેમનું જેલજીવન કેમ વધારેમાં વધારે કષ્ટમય બને અને નવા આવેલા કેમ વધારે દબાયલા રહે એ આશયને આગળ રાખીને જ આખું જેલ મેન્યુઅલ ઘડાયલું હોય છે. આને લીધે જેલના નવા આગન્તુકો શરૂઆતમાં ખુબ છુંદાય છે અને કચડાય છે અને પછી ગુંડાઓ અને બદમાશોનો પરિચય તેમને જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તેમની દુષ્ટતાનો ચેપ તેમને લાગવા માંડે છે. પરિણામે જેલમાં આવ્યા હોય છે ત્યારે જેઓ ગભરૂ પારેવા જેવા હોય છે તેઓ પોતાની મુદત પુરી થતાં પોતાની પ્રકૃતિમાં દુષ્ટતાના અનેક અંશો સંઘરીને જેલની બહાર નીકળે છે. અને તેને લીધે તેમનું પછીનું જીવન એક પછી એક નાના મોટાં દુષ્કૃત્યો અને તેના પરિણામે

મળતી નાની મોટી શિક્ષાઓ-એ ક્રમમાં જ લગભગ પુરૂં થાય છે. આ અનિષ્ટ પરંપરા ઉભી થવાનાં મુખ્ય કારણો નીચે મુજબ છે.

(૧) આજની ન્યાયપદ્ધતિમાં કોઇ પણ ગુનાહના મૂળમાં જવાની અને ગુનેહગારના અંગત સંયોગો લક્ષ્યમાં લેવાની વ્યવસ્થા નથી.

(૨) જેલપદ્ધતિ પાછળ ગુનેહગારોને સુધારવાની અને સારા માનવી બનાવવાની કોઇ કલ્પના નથી.

(૩) નવા અને જુના ગુનેહગારોને અલગ રાખવાની કોઇ સગવડ નથી.

આ આખી ન્યાયપધ્ધતિ અને જેલપધ્ધતિમાં રશીઆએ પોતાના સામ્યવાદી રાજ્યવહીવટમાં ઉપરના ધોરણે કેટલાક મૌલિક સુધારાઓ કર્યા છે જે જેલ સુધારણાના પ્રશ્નમાં રસ લેનારાઓએ જ માત્ર નહિ પણ માનવજાતિની મૌલિક સુધારણામાં રસ લેનારાઓએ અભ્યાસ કરવા યોગ્ય છે અને તે મુજબ પોતાના રાજ્યતંત્રમાં જરૂરી સુધારાઓ દાખલ કરાવવાને લગતી પ્રવૃતિ હાથ ધરવાની ખાસ જરૂર છે.

## બીકાનેરમાં બાલદીક્ષા-પ્રતિબંધક બીલ

શ્રી. ચંપાલાલજી બાંઠીઆ જેઓ બીકાનેર રાજ્યની ધારા સભાના સભ્ય છે અને બીકાનેરના મ્યુનીસીપલ બોર્ડના ઉપપ્રમુખ છે તેમણે બીકાનેરની ધારાસભામાં બાલદીક્ષા પ્રતિબંધક બીલ રજુ કર્યું છે. સાધારણ રીતે એવી માન્યતા હતી કે નાના છોકરાઓને ભોળવવા, ભગાડવા, સંતાડવા, અને સંયોગ પ્રમાણે જાહેર યા ખાનગી રીતે દીક્ષા આપી દેવી-આવો ચસકો શ્વેતાંબર સંપ્રદાયના જ કેટલાક આગેવાન સાધુઓને લાગ્યો છે; પણ શ્રી ચંપાલાલજી મારફત મળેલી હકીકતો ઉપરથી માલુમ પડે છે કે તેરાપંથી સાધુઓ પણ ચેલાચેલીઓ વધારવાના મોહમાં એટલા જ બલ્કે એથી પણ વધારે ફસેલા છે અને એ બાજુએ પણ આજકાલ બાલદીક્ષાની અનેક અનિષ્ટ ઘટનાઓ બની રહી છે, કેટલાક કીસ્સાઓ તો આખા જૈન સમાજને ખરેખર શરમાવે એવા બની રહ્યા છે, કેટલાક માબાપો પૈસાના લોભે પોતાનાં બાળકોને વેચી દે છે; કેટલાક માબાપ લગ્ન વગેરેનો ખર્ચ થાય તેમાંથી બચવા માટે પોતાની નાની ઉમરની પુત્રીઓને સાધ્વી બનાવવામાં સંમતિ આપે છે. જૈન દીક્ષા એક આજીવન પાળવાનું અતિશય કઠણ સાધુવ્રત છે. કોઇ પણ વ્યકિત-નાની ઉમ્મરની કે મોટી ઉમ્મરની-દીક્ષા લીધા પછી સંસારમાં પાછી ફરી શકતી નથી અને એમ છતાં પણ ગુરૂની આમન્યા તોડીને ધારો કે કોઇ સાધુ સંસારમાં પાછો ફરે તો જૈન સમાજમાં ઉભા રહેવું તેના માટે અશકય થઇ પડે છે. તેને સમાજના લોકો હડધૂત કરે છે અને તેની સ્થિતિ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી થાય છે. જૈન દીક્ષા જેવું ગંભીર જીવનવ્રત પુરી સમજણ પૂર્વક લેવાવું જોઇએ. અપરિપકવ ઉમ્મરની કોઇપણ વ્યકિતને આવી દીક્ષા માટે યોગ્ય ગણી શકાય જ નહિ. આજે અપાતી બાળદીક્ષાઓ પાછળ અનેક અનર્થ ઘટનાઓ બનતી જોવામાં અવે છે. વસ્તુતઃ જૈન દીક્ષાનાં ઉમેદવાર માટે પૂર્વ તાલીમની પુરી વ્યવસ્થા હોવી જાઇએ, અને તે તાલીમમાંથી જે કોઇ પસાર થાય, અને દીક્ષાની સર્વ જવાબદારીઓ બરોબર સમજે તેવી યોગ્ય વ્યકિતનેજ સગીર અવસ્થા પુરી થયા બાદ દીક્ષા આપાવી જોઇએ. કંમનસીબે આપણા સમાજમાં આવી કોઇ વ્યવસ્થા છે જ નહિ. હાથમાં આવ્યો તો ચેલો બનાવતા બે ઘડિની પણ ઢીલ ન કરવી-આવી કેટલાક દીક્ષાઘેલા જૈન સાધુઓની મનોદશા હોય છે. મોટી ઉમ્મરના તો જલ્દી ન ભોળવાય, પણ નાની ઉમ્મરના છોકરાઓને દીક્ષા તરફ આકર્ષવા બહુ સહેલી વાત છે. માબાપ વિરૂદ્ધ પડે તો પૈસાથી તેનું મોઢું ભરી દેવું, એમ છતાં ન માને તો છોકરાને ભગાડવો અને કોઇ નાના ગામડાના ખુણે તેને મુંડી નાખવો. મા બાપ રોતા કકળતા આવે તો કશી દાદ ન આપવી તેમજ તેના છોકરાનો પત્તો ન આપવો. ગરીબ માબાપ રોઇ કકળીને બેસી રહે. તાલેવાન અને લાગવગ વાળો હોય તો તે વળી છોકરાનો કાંઇક પત્તો પામે. દીક્ષાઘેલા સાધુઓની આજકાલ આવી લીલા ચાલે છે. થોડા વખત પહેલાં જોધપુર રાજ્યના એક ગામડામાં મેજીસ્ટ્રેટનો મનાઇ હુકમ પહોંચે તે પહેલાં ભુવનવિજયજી નામના એક જૈન સાધુએ આવી રીતે એક નાના છોકરાને મુંડી નાંખ્યો હતો. શ્રી. ચંપાલાલજી બાંઠીઆના ઉપર જણાવેલ બીલનો આશય સમાજમાં ચાલી રહેલ આ અનર્થ પરંપરાને મૂળમાંથી અટકાવવાનો છે. જૈન સમાજના આગળ પડતા વિચાર ધરાવનારાઓ તેમ જ જાણીતી જૈન સંસ્થાઓ શ્રી. ચંપાલાલજી બાંઠીઆને પોસ્ટ ભીનાસર બીકાનેર એ સરનામે આ બાબતમાં પોતાની હાર્દિક અનુમતિ દર્શાવનાર તારો તેમ જ પત્રો વિના વિલંબે મોકલે એવી વિનંતિ કરવામાં આવે છે. શ્રી. ચંપાલાલજી પોતે ઉપાડેલ કાર્યમાં ફતેહમંદ નીવડે, ધારાસભા તેમનું બીલ પસાર કરે અને બીકાનેરનરેશ તે બીલને પોતાની સંમતિ આપે એવી આ બાજુના સમાજના સમસ્ત પ્રગતિશીલ જૈન વર્ગની અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના છે.

**પરમાનંદ.**

## સંઘની રાહત પ્રવૃત્તિમાં મદદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની રાહત પ્રવૃત્તિમાં નીચે મુજબ મદદ મળી છે. જે આભાર સ્વીકારવામાં આવે છે.

૬૦૦ શેઠ ભોળાભાઇ જેસંગલાલ દલાલ
૧૦૦ શ્રી મણિલાલ મોકમચંદ શાહ
૧૦૦ ,, ઘેલાભાઇ હાથીભાઇ (માત્ર બહેનોને મદદ આપવા માટે)
૫૦ ,, શંભુલાલ કલ્યાણજી
૫૦ ,, પ્રેમચંદ વેલજી
૧૦ ,, પ્રેમચંદ વસનજી, વેરાવળ

૯૧૦ રૂ.

## રેશન-રાહતની જેમને અપેક્ષા હોય તેમના માટે

મુંબઇના અગ્નિસંકટને અંગે સંઘની રાહત યોજનાનો લાભ લેનારાઓમાંથી કેટલાક વતન તરફ ચાલી ગયા અને કેટલાકને આવી મદદની જરૂર ન રહી-આ કારણોને લીધે સંઘની રાહત યોજનાનો લાભ લેનારાઓની સંખ્યામાં થોડો ઘટાડો થયો છે તો જે કોઇ જૈન કુટુંબને રેશન રાહતની અપેક્ષા હોય તેણે સંઘની રાહત-સમિતિના સભ્યને મળવું અથવા સંઘના કાર્યાલયમાં ખબર કાઢવી. રાહતની યોગ્યતા ધરાવનાર કુટુંબોને દીવાળી સુધી ૫૦ ટકા અને અસાધારણ કીસ્સામાં ૭૫ ટકા સુધી પણ રેશન રાહત આપનારાં કાર્ડો કાઢી આપવામાં આવશે.

**મંત્રી, રાહત સમિતિ**

ભુલ સુધારઃ ગયા અંકમાં જણાવેલ રૂ. ૫ શ્રી દીપચંદ શાહના પત્ની તરફથી નહિ પણ તેમનાં પુત્રી તારા બહેન તરફથી શ્રી મણિભાઈ સન્માન થેલીમાં મળ્યા છે એમ વાંચવું.

# બચુલી

( પંડિત જવાહરલાલનાં બ્હેન શ્રીમતી કૃષ્ણા હઠીસીંગે પોતાના આજ સુધીના જીવનનાં સારાં માઠાં અનેક સંસ્મરણો રજુ કરતું 'With No. Regrets' એ નામનું પુસ્તક પ્રગટ કર્યું છે. આ પુસ્તકમાંથી સુવિખ્યાત નહેરૂ કુટુંબ અને પંડિત જવાહરલાલના જીવનને લગતી અનેક નવી હકીકતો આપણને જાણવા મળે છે. વળી પુસ્તકની ભાષા બહુ જ સાદી, સરળ અને એમ છતાં પ્રસાદપૂર્ણ છે. એ પુસ્તકના એક પ્રકરણમાં ૧૯૩૦-૩૨ ની સત્યાગ્રહની લડત દરમિયાન પોતાનાં ભાગે આવેલ જેલવાસના કેટલાં સ્મરણો આપવામાં આવ્યાં છે. તેની અંદર 'બચુલી' નામની-જન્મટીપ પામેલી-એક પંદર વર્ષની બાળાનો રોમાંચક કીસ્સો છે જે આજની શિક્ષાપદ્ધતિને એક જુદા જ આકારમાં રજુ કરે છે. તે વિભાગનો નીચે અનુવાદ આપવામાં આવ્યો છે. પરમાનંદ)

બચુલી નામની છોકરી મને ખુબ ગમી ગઇ હતી.. એ ગોરી ભુરી આંખોવાળી ભરાવદાર છોકરી હતી. તેણે જાડાં વસ્ત્રો પહેરેલાં હતાં અને તેનો દેખાવ પણ બહુ સ્વચ્છ નહોતો. એમ છતાં પણ એ સુંદર લાગતી હતી. મેં એને પહેલ વહેલી જેલની ગમગીન દિવાલો આગળ ગુંથવાનું શીખવાનો પ્રયત્ન કરતી જોઇ. એની નાની વય અને નિર્દોષ દેખાવ જોઇ મને નવાઇ લાગી કે એ કયા કારણે જેલમાં આવી હશે? આ છેક બાળક સમી દેખાતી બાળાએ એવો તે કયો મહાન અપરાધ કર્યો હશે? જ્યારે હું એની પાસે ગઇ ત્યારે તે ઉત્તર હિન્દના પહાડોમાં ગવાતા ગંભીર ગીતને ગણગણી રહી હતી. મેં એને પૂછ્યું, "તારૂં નામ શું?" એણે મારી સામે શંકાભરી નજરે જોયું અને સભ્યતાથી પણ અચકાતાં સામો પ્રશ્ન કર્યો, "તમે કોણ છો અને અહિં કેવી રીતે આવ્યા છો?" "હું પણ કેદી છું." મે જવાબ આપ્યો, આ સાંભળી તે હસી પડી. "કયા કારણે?" એણે ફરી પૂછ્યું. મેં તેને કહ્યું કે "હું રાજદ્વારી કેદી છું." જો કે એણે માથુ હલાવ્યું છતાં, હું ધારૂં છું કે એ આનો અર્થ બરાબર સમજી નહોતી: ગમે તેમ પણ એને લાગ્યું કે હું જેલની કોઇ સત્તાધારી વ્યક્તિ નથી અને તેની સાથે મિત્રભાવે વર્તવા માગું છું, ત્યારે તેણે મને પોતાનું નામ કહ્યું. મીઠા હાસ્ય સાથે એણે શરમાતાં મારી સામે જોયું અને પછી નિશ્વાસ નાંખી તે પોતાનું કામ ફરી શરૂ કરવા લાગી. "તું કયા ગુન્હા માટે અહિં આવી છે બચુલી?" મેં પૂછ્યું. તેની એ ભોળી આંખોયે મારી આંખો સામે તાંકીને જોયું અને એણે સરળપણે જવાબ આપ્યો "ખુન માટે." "ખુન માટે?" મેં માન્યામાં ન આવતું હોય તેમ કહ્યુ. એણે પોતાનું માથું મક્કમતાથી હલાવ્યું. મારી આંખો અને કાન આ માનવા ભાગ્યેજ તૈયાર હતા. વીશ વર્ષની અંદરની આ બાળાએ કોઇનું ખુન કર્યું હોય એ માન્યામાં કેમ આવે? કંઇક ભૂલ હોવી જોઇએ. "બચુલી, તને શા માટે કોઇનું ખુન કરવાની જરૂર પડી?"- મેં પુછયું "તું નાની છે. કદાચ તું શું કરે છે તેનું ભાન તને નહિ હોય. કોઇ અકસ્માત બન્યો હશે!" એણે ધીમેથી પોતાનું માથું ઉચું કયું અને ફરી મારી સામે જોયું. એની આંખોમાંથી હાસ્ય અદ્રશ્ય થયું અને તેનું સ્થાન ભય અને ઘૃણાએ લીધું કે જેથી એનો હંમેશનો સૌમ્ય દેખાવ કઠોર બન્યો.

એની હકીકત આ પ્રમાણે છે:—

"મેં મારા પતિનું ખુન કર્યું." એણે ધીમેથી કહ્યું. "એ મારી સાથે ઘણી ક્રૂરતાથી વર્તતો અને ઘણીવાર મને મારતો અને પૂરી મૂકતો. ઘરમાં પુરતું ખાવાનું હોવા છતાં એ મને ભૂખે મારતો. મારા ભાગનું પોતે ખાઇ જતો યા ફેંકી દેતો. મને દુખી કરવાના નવા માર્ગો એ વારંવાર શોધતો. મેં એને ખુશી કરવા ઘણા પ્રયત્નો કર્યાં. એ દેખાવડો હતો. હું એને પરણી ત્યારે ફક્ત ચૌદ વર્ષની હતી, મને એ ગમતો અને મેં દેવી દેવતાઓની સાક્ષીએ પ્રતિજ્ઞા કરી હતી કે હું એક સારી પત્ની થઇશ અને એની સેવા કરીશ અને તેને આજ્ઞાધીન બનીને રહીશ. કારણ કે મારી માએ મને આ શિખામણ આપી હતી. પણ અમારા લગ્ન પછી થોડા જ મહીનામાં એણે ક્રૂરતા બતાવવા માંડી. મને પોતાથી બીતાં જોઇ એ ખુશી થવા લાગ્યો. એણે મને કહ્યું કે મને સંતાપવામાં એને ગમત પડતી હતી. આથી હું ખુબ ભયભીત બની. લગભગ એક વર્ષ સુધી હું તેનું ઘાતકી વર્તન સહેતી આવી. મારો પતિ મને મારા માબાપને ત્યાં પણ જવા દેતો નહિ. મેં એને મારા મા-બાપ પાસે જવા દેવા માટે વિનવ્યો. હું વધુ ને વધુ દુઃખી થવા લાગી. હું એને ગમું તે માટે મેં પ્રયત્નો કર્યા; પણ કશાથી એ ખુશી થયો નહિ. એક દિવસ એણે મને એટલા માટે ઝુડી કે જે કોટ એને પહેરવો હતો તે મેં ધોયો નહોતો. મને માર્યા પછી મને પીડાતી મૂકી એ બહાર જતો રહ્યો. થોડા કલાક પછી નવા કપડા પહેરી ગળાની આસપાસ લાલ રેશમી રૂમાલ વીંટાળી એ પાછો ફર્યો. હું કંઇક કામ કરતી હોવાથી મેં એ પાછો ફર્યો ત્યારે વળીને જોયું નહિ. એટલે એણે મને બોલાવી. "અહિં આવ મુર્ખી." એણે કહ્યું. "જો મારાં કપડાં? હું આમાં સુંદર લાગું છું કે નહિ?" મેં જવાબ આપ્યો નહિ. પણ મારા પોતાનાં વસ્ત્રો સામે જોયું કે જે મેલાં અને ફાટેલાં હતાં. "બોલે છે કે નહિ?"-એણે બરાડો પાડયો. "કે તને મારા કપડાંની અદેખાઇ આવે છે?" હું તોપણ શાંત રહી. એટલે એણે મારી નજીક આવી મારા મોં પર બે તમાચા માર્યા. અને મારૂં કાંડુ મરડયું. "મને છોડો." મેં ચીસ પાડી. "નહિ તો એક દિવસ હું તમને મારી નાંખીશ. હું શા માટે તમારાં કપડાંના વખાણ કરૂં. જ્યારે તમે આખો દિવસ ખાવ છો અને મને ભૂખે મારો છો. શા માટે……" અને હું આ પુરૂં કરૂં અને બીજું કંઇ કહું તે પહેલાં એણે લાકડી લઇ મને ગાળો આપતાં મારવા માંડી. ત્યાં સુધી મારી કે છેવટે હું લગભગ બેભાન બની ગઇ. પછી મને એક બાજુએ ફેંકી દીધી. "હવે મને મારી શકે તો માર." એમ કહી એણે પોતાની લાકડી દૂર ફેંકી દીધી અને શાંતિથી સુતો અને થોડીવારમાં ઉંઘી ગયો. થોડા કલાક પસાર થયા બાદ મેં હાલવાની કોશીષ કરી. પણ મારૂં આખું શરીર દુઃખતું હોવાથી હું પડી રહી. એકાએક મેં મારા પતિને ખૂણામાં સુતેલો જોયો. એણે પોતાનાં નવાં કપડાં ઉતારીને ટાંગી મૂકયાં હતાં. પરંતુ નવો રેશમી રૂમાલ એના ગળામાં વીંટળાયેલો પડયો હતો. મેં એની સામે જોયું. એના વિષે મને ખુબ ધિક્કાર છૂટયો અને એને મારી નાખી બધા દુઃખનો અંત આણવા હું અધીરી બની. પણ એ કેવી રીતે બને? મેં આસપાસ નજર કરી, પણ એવું કશું જોયું નહિ કે જેનાથી એને હું મારી નાખી શકું. મારી નજર પેલા ચમકતા લાલ રૂમાલ પર પડી. હું તરતજ ઉભી થઇ અને મારા પતિના ગળાની આસપાસ વીંટળાયેલા રૂમાલને વધારેને વધારે જોરથી બાંધવા લાગી. આ બધું કેમ બન્યું તે હું જાણતી નથી. પહેલું દબાણ આવતાં એ જાગી ઉઠયો, અને તેણે તરફડતાં બૂમ પાડવા પ્રયત્ન કર્યો, પણ મેં વધારે જોરથી રૂમાલ ખેંચવા માંડયો. છેવટે એના ડોળા બહાર નીકળી પડયા અને એ શાંત થઇ ગયો. મેં થાકીને મૂકી દીધું અને મારો પતિ ઉભા થઇ ફરી મને

મારે એની વાટ જોતી પડી રહી. પણ તેમ બન્યું નહિ. હલન ચલન કરવાની અશક્તિને કારણે હું એની બાજુમાં પડી રહી. બીજી સવારે કોઇએ અમને આ પ્રમાણે જોયા. એને ખબર પડી કે મારો પતિ મરણ પામ્યો છે એટલે એણે પોલીસને ખબર આપી અને આડોશપાડોશમાં પણ ખબર પહોંચાડી દીધી. હું હજી પણ તંદ્રામાં હતી અને એ માનવા તૈયાર નહોતી કે મેં મારા પતિને મારી નાંખ્યો હતો.

પોલીસના આવતાં સુધી કોઇ અમારી નજીક આવ્યું નહિ. પછી મને જેલમાં લઇ જવામાં આવી. સજા થયા પછી મને અહિં મોકલવામાં આવી અને તેથી હું અહિં છું. ફાંસીની સજા માટે હું નાની હતી અને બનતા સુધી સ્ત્રીઓને મોતની સજા કરવામાં આવતી નથી. મને જીવનભરની સજા થઇ છે. બસ આ મારી હકીકત છે.”

મેં ચુપ રહીને આ આશ્ચયભરી કહાણી સાંભળી. હું હજી પણ એની હકીકત માનતી નહોતી, છતાં એ ખરી હોવી જોઇએ કારણ કે એ જેલમાં હતી.

પોતાની હકીકત કહેતાં પણ એણે પોતાનું કામ ચાલુ રાખ્યું હતું. પોતાની હકીકતે મારા પર શી અસર કરી તે જાણવાની એને જીજ્ઞાસા નહોતી. એ આ ઘટનાને ભોળપણમાં અને સરળતાથી વિધિની ઇચ્છા માનતી હતી. એણે પોતાનું જીવન પ્રકૃતિના પ્રવાહને આધીન બનાવી દીધું હતું. જે વસ્તુ ફરી શકે તેમ નથી તેને માટે અફસોસ શો?

એના નતમસ્તકને જોતી વખતે મારૂં હૃદય એને માટે દુઃખી બન્યું. એ આટલી નાની હોવા છતાં એ ગુનેહગાર હતી. એના જીવનનું શું થશે? મેં વિચાર્યું કે આવા મુકદમાઓની તપાસ જુદી રીતે થવી જોઇએ અને એની સજા પણ જુદી રીતે થવી જોઇએ. જીવનભરની કેદ એ કોઇ મઝાક નથી. એનો અર્થ વધુ નહિં તો વીસ વર્ષ તો જેલની દિવાલો પાછળ ખરા જ તેણે પુરા કરવાના. એમાં તો કાંઇ મીનમેખ થઇ શકે જ નહિ. તો પણ બહારના જગતના કશા પણ જ્ઞાન વિના, ચારે તરફ ગુનેહગારો સિવાય કોઇ નહિ, અસભ્ય ભાષા સિવાય બીજુ કશું સાંભળવાનું નહિ, પ્રભુના સર્જેલા હલકી કોટીના પ્રાણીઓને જોવા સિવાય કશું જોવાનું નહિં, અને જે કોઇ બહારે બાર વર્ષમાં પણ ન શિખી શકે એવી લુચ્ચાઇઓ જેલની અંદર શિખવાની. બચુલી પંદર વર્ષની હતી. જેલમાંથી બહાર નિકળશે ત્યારે એ પાંત્રીસ વર્ષની થશે. પોતાની યુવાની જેલમાં પસાર કર્યાં બાદ એ આવી જ મીઠી અને નિર્દોષ રહી શકશે ખરી? અથવા તો એ એક રીઢી ગુનેહગાર બનશે કે જે પોતાના સાથીઓથી ત્યજાયલી પાછું એવું ખરાબ જીવન જીવશે કે જેથી તે પાછી જેલ તરફ જ પોતાનાં કમનસીબ પગલાં માંડશે.

મારા વિચારો ગુંચવાઇ ગયા હતા. મેં બચુલીનું માથું પંપાળી કહ્યું, “હું તને ફરી મળવાની આશા રાખું છું બચુલી” તું બરાબર કામ કરજે અને ઘણી માફી મેળવજે એટલે તુ જેલમાંથી કદાચ વહેલી છૂટીશ.” એના મુખ પર હાસ્ય ચમકી ઉઠ્યું. “હાજી” એણે કહ્યું, “તેઓ કહે છે કે જો હુ અહિંના લોકોને ત્રાસ આપીશ નહિ અને સખત કામ કરીશ તો હું જલદી છૂટીશ અને મને પુરી સજા ભોગવવી નહિ પડે. હું મારા મા-બાપ પાસે જઇશ. તેમને મળીને મને કેટલો આનંદ થશે? મારૂં ઘર પહાડોમાં છે. એ બહુ સુન્દર છે અને મને બહુ પ્યારૂં છે.” હું ઉદાસ બની એ આશા સાથે ચાલતી થઇ કે જેલ જીવનના લાંબા વર્ષો દરમ્યાન એની હિમ્મત અને આશા ડગમગે નહિ. વૃક્ષો, પુષ્પો અને ખુલ્લી હવાથી ટેવાયેલું આ પહાડનું બચ્ચું, આ યુવાન પ્રાણી કેવી રીતે શુષ્ક જેલજીવન અને ઉનાળાની અસહ્ય ગરમીને સહન કરી શકશે? આ શંકાઓ મને ઉદ્‌ભવી; પણ એ તો પુરેપુરી સંતુષ્ટ જણાતી હતી. એણે પોતાની જાતને ભાગ્યને સોંપી દીધી હતી. હું એની હિમ્મતને વખાણ્યા સિવાય રહી શકી નહિ.

મેં ફરી એકવાર ચારે તરફ જોયું અને એને પોતાના કામમાં સંપૂર્ણપણે તલ્લીન બનેલી જોઇ. નાનકડી બચલી સાથે એક વર્ષ જેલમાં પસાર થઇ ગયું. બહારની દુનિયા જોવા હું ઘણીવાર આતુર બનતી, પણ જ્યારે બહાર જવાનો દિવસ ઉગ્યો ત્યારે મેં ગમગીની અનુભવી. હવે પોતાના પહાડી ગીતો અને વાતોથી સમય ગાળવા માટે ચમકતી આંખોવાળી બચુલી મારી સાથે નહિ હશે. એને પાછળ મૂકી જવાના વિચારે હું વધુ દુઃખી બની. છેવટે એ દિવસ આવ્યો કે જે મારા જેલગૃહનો છેલ્લો દિવસ હતો. આસપાસ ફરી મેં મારા સાથીઓની વિદાય લેવા માંડી. બચુલીએ પોતાના બે હાથો એકાએક મારી આસપાસ વીંટાળ્યા અને મેં પ્રિય બચુલીને આંસુભરી આંખો સાથે મારી નજીક ચુપચાપ ઉભેલી જોઇ. હું એને ભેટી પડી અને એને મારી સામે ઉભી રાખી મેં કહ્યું, “બચુલી હિમ્મતવાન બનજે અને સુખી થવાના પ્રયત્ન કરજે. તું છૂટે ત્યારે મને જણાવજે અને જો મારી પાસે આવવાની ઇચ્છા થાય તો આવજે.” “બહારની મોટી દુનિયામાં દાખલ થઇને તમે મને ભૂલી નહિ જાઓને?” બચુલીયે પૂછ્યું. ‘કારણ કે અહિં બધા કહે છે બહારની દુનિયામાં ગયા પછી કોઇને ગુન્હેગારોને યાદ કરવાનું ગમતું નથી,” મેં એનું માથું પંપાળ્યું અને એને ખાત્રી આપી કે તેમ નહિ બને. વર્ષો વીતી ગયા છતાં એની સ્મૃતિ હજી એટલી જ તાજી છે અને લાંબા સમય સુધી એવીને એવી તાજી રહેશે.

અનુવાદક: **સરલાબહેન સુમતિચંદ્ર શાહ.**

## વાંચનાલય-પુસ્તકાલયનું ટ્રસ્ટડીડ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી સંઘના વાંચનાલય-પુસ્તકાલયને મળેલ રૂા. ૨૪૦૦૧ તથા સંઘનું વાંચનાલય-પુસ્તકાલય ઉભયનું ટ્રસ્ટડીડ કરવા સંબંધમાં સંઘની કાર્યવાહક સમિતિએ કરેલા ઠરાવને ટ્રસ્ટડીડને લગતા નકકી કરેલા મુદ્દાઓના એક મુદ્દામાં જે આગળના અંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે તેમાં થોડો ફેરફાર કરીને-બહાલી આપવામાં આવે છે.

## વાંચનાલય-પુસ્તકાલય સમિતિ

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયના પાંચ ટ્રસ્ટીઓનાં નામો શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી નીચે મુજબ જાહેર કરવામાં આવ્યા છે.

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ. શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ.
શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણી. શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી.
શ્રી. રમણલાલ મણિલાલ શાહ.

આ પાંચ ટ્રસ્ટીઓ અને નીચેના ચાર સભ્યો જેની સંઘની કાર્યવાહક સમિતિએ ચુંટણી કરી છે તેઓની વાંચનાલય-પુસ્તકાલય સમિતિ ઉપસ્થિત કરવામાં આવી છે.

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ. શ્રી. તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી.
શ્રી. દીપચંદ ટી. શાહ. શ્રી. મનસુખલાલ હિરાલાલ લાલન.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૬
અંક : ૩

મુંબઈ: ૧ જુન ૧૯૪૪ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૩

## સમાજમાં મારાં પાંત્રીસ વર્ષ:—

મારી છેતાળીશ વર્ષની વયમાંથી છેલ્લા પાંત્રીસ વર્ષનો સમાજનો ઇતિહાસ હજુ પણ મને જેમનો તેમ સાંભરે છે. અને જ્યારે તે સમયને આધુનિક સમય સાથે સરખાવું છું ત્યારે તે બન્ને વચ્ચે રહેલો તફાવત આશ્ચર્યચકિત કરી નાંખે છે. આ તફાવત એકદમ થયેલો નથી દેખાતો, પણ સમાજ ધીમે ધીમે અનેક જાતના સંજોગોમાંથી પસાર થતાં થતાં આજની સ્થિતિ સુધી પહોંચ્યો હોય તેમ લાગે છે.

આ વર્ષોમાં જગતના ઇતિહાસમાં અનેક અવનવા ફેરફારો થાય છે. પ્રજાનું માનસ પલટી નાંખે તેવા ભારે પલ્ટા સમયે લીધા છે. અગાઉ કદી પણ ન હતા તેવા પ્રશ્નો અને જટિલ સમસ્યાઓ જગતમાં નિત્ય ઉભાં થતાં જાય છે. માણસની ઇચ્છાશકિતની મર્યાદાઓ ક્ષિતિજને પેલે પાર પહોંચતી જાય છે. રાજ્યદ્વારી ક્રાન્તિ અને બધી ક્રાન્તિના મૂળમાં પડેલી સામાજિક ક્રાન્તિએ કોઇ નવીન માન્યતા, નવી સમજ, નવી વિચારસરણી અને નવું દ્રષ્ટિબિન્દુ જગતને આપ્યાં છે. માણસની દ્રષ્ટિને નરી સપાટી ઉપરથી વાળી લઇને જીવનજળના ઉંડાણમાં રોપી છે. આજે માનવી સંતોષથી કે નિરાશાથી કાર્યના પરિણામ માત્રથી હર્ષ કે ગ્લાનિ અનુભવવાને બદલે તે અસરના કાર્ય કારણના આંકડા ઉકેલતો થયો છે. આની અસરથી આપણું સામાજિક, ધાર્મિક અને રાજ્યદ્વારી જીવન પણ બકાત રહેલું નથી. આપણી માન્યતાઓ અને શ્રદ્ધાઓ, આપણી વિચારસરણી અને કાર્યપદ્ધતિ, આપણી જીવનરીતિ અને વ્યવહારો ખૂબ પલટી ગયા છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિ જીવનમાં પ્રવેશતી જાય છે, એટલે ગઇ કાલની શ્રદ્ધાને, ધર્મના કે સામાજિક ફરમાનને અને રૂઢિને આજનો યુગ વિજ્ઞાનની, ઉપયોગની અને સમયના પ્રવાહની કસોટીએ કસવા બેસે છે, નરીશ્રદ્ધા, નર્યા શાસ્ત્રવચનો કે ફરમાનો અને નરી રૂઢિનું જોઇએ તેટલું વર્ચસ્વ માનવજીવનમાં નથી રહ્યું. આ બધા પલ્ટાથી આપણે આજે કયી ભૂમિકા ઉપર ઉભા છીએ તે ઉપર દ્રષ્ટિ કરવાની એટલા માટે જરૂર છે કે એક જુનવાણી વર્ગ માને છે કે "પ્રજા ઉતરતી જાય છે, તેનામાંથી ધર્મપ્રીતિ, સમાજપ્રીતિ અને પોતાના ડાહ્યા પુણ્ય પૂર્વજો પ્રત્યેની પ્રીતિ પરવારતી જાય છે અને આધ્યાત્મિકતાને બદલે તે જડવાદ તરફ પ્રતિક્ષણે દોડતી જાય છે. આના પરિણામે જ આજની દુઃખદ સ્થિતિ જન્મી છે." જ્યારે બીજો નવો વર્ગ એમ માને છે કે "જગત્ જુનવાણી તત્વો, ક્રિયાકાંડી શૃંખલાઓ, અંધશ્રદ્ધા અને સંકુચિત વાડાઓમાંથી નીકળી, કપોળ-કલ્પિત ચમત્કારો અને સમજમાં પણ ન ઉતરે તેવી પરીકથાઓમાંથી છૂટી વધુ ઉદાત્ત, કાર્યશીલ, વિશાળ, વ્યવસ્થિત અને પ્રમાણિક બન્યું છે. તેનામાંથી સાંપ્રદાયિક ઝેર, કોમીવાદનો મોહ અને અંધશ્રદ્ધાનાં પડળ નાશ પામતા જાય છે. આથી એક દિવસે તેનામાં ખરી રાષ્ટ્રીયતા અને પછી માનવતા પ્રગટશે. આજની વેદના, પલટો કે અશાન્તિ અને અશ્રદ્ધા એ કોઇ દર્દ નથી, કોઈ પાપ નથી પણ ઉજ્વળ ભાવીના જન્મ પહેલાંની પ્રસવ વેદના છે!"

આ બન્ને અભિપ્રાયો બે ભિન્ન ભિન્ન છેડા ઉપરના છે. તે વચ્ચે પૂર્વ પશ્ચિમ જેટલું મોટું અંતર છે. એટલે મનમાં સહજ પ્રશ્નો ઉઠે છે કે "આ પરિવર્તનથી પ્રજાના જીવનમાં ધાર્મિકતા પ્રવેશી છે કે પરવારી છે? તેના જીવનમાં ક્રિયાકાંડની વધઘટ નહિ પણ સામાન્ય માનવજીવનની વ્યવસ્થા, અને કલ્યાણમય ભાવના સદા જાગ્રત રાખે તેવી પ્રેમવૃત્તિ દ્રષ્યમાન થાય છે કે નહિ? તે માનવતાની વધુ નજદીક આવ્યો છે કે નહિ? તેના જીવનમાં કોઇપણ વખતે અંતરમાં ઠંડક થાય તેવી પળો જન્મી છે કે નહિ? તેનું જીવન બીજા માટે પ્રેમનું, માનનું કે અનુકરણનું પાત્ર અને કોઇ પણ લક્ષ્ય ઉપર પોતાને ન્યોચ્છાવર કરી શકે તેવું પ્રબળ બન્યું છે કે નહિ? તે પોતાના વ્યકિતગત વાડામાંથી નીકળી સમષ્ટિ તરફ ઢળ્યો છે કે નહિ?"

આ બધા પ્રશ્નોના પ્રત્યુત્તરો કોઈ એક વ્યકિત આપે તે કરતાં પાંત્રીશ વર્ષનું જીવનપટ ક્રમશઃ આપણને આપે તો તે જવાબ વધુ સ્પષ્ટ અને સત્ય હશે અને તેમાંથી જોઇતો જવાબ કે જવાબ મેળવવાની ચાવી મળી રહેશે એવી ખાત્રી છે.

* * *

અગીયાર વર્ષની વય થઇ ત્યાં સુધીમાં કૌટુમ્બીક જીવનમાંથી પાડોશી જીવનમાં પ્રવેશ થઇ ચૂકયો હતો, પણ સમાજ કે ધર્મ સંબંધીનો ખ્યાલ તો અતિ અસ્પષ્ટ અને ઉપરછલ્લો જ હતો. ત્યારે તો કુટુંબ પાછળ રક્ષણ અને પ્રેમનો, પાડોશ પાછળ રમતગમતનો, ધર્મ પાછળ પ્રભાવના કે ઇનામનો અને જ્ઞાતિ સમાજ પાછળ સમુહ ભોજનનો જ ખ્યાલ હતો. આથી વધુ તો બહુ મોડું જાણ્યું!

ત્યારે અમારા પાડોશમાં લગભગ ૯૦ થી ૯૫ ટકા જેટલા માણસો તદ્દન સામાન્ય સ્થિતિના હતા, એટલે આનંદ પ્રમોદ માટે ખાસ કંઇ ખર્ચ કરવાની કોઇનો શકિત નહોતી એટલે વગર સાધને આનંદ મેળવવા માટે પાડોશીઓની સમુહભાવના, દીલના એકરંગ અને તનની તાકાતનો ઉપયોગ કરતા આમાંથી જ અમારી સમુહપ્રીતિ, સમાજપ્રીતિ ઘડાઈ હતી.

હમેશાંની રમતો કરતાં પણ કોઇ અનેરો આનંદ અમને તહેવારોમાં આવતો. તહેવારોની પહેલાના અને પછીના થોડાક દિવસો તૈયારી અને સ્મરણો માણવામાં જતાં. ઘરના સૌ આનંદ ઉજવતાં. સ્ત્રીઓ તે માટેની તૈયારી કરીને પુરૂષો પોતાની કમાણીમાંથી તે નિમિત્તે થોડુંક ખર્ચ કરીને અને બાળકો ખુશીમાં નાચી કુદીને! આ દિવસોમાં સમાજના અનેક માનવીઓનો પરિચય સધાતો અને અમે સૌ કોઇ એક જ સાંકળની

કરી જેવા છીએ તેમ સહજ લાગતું. શાહુકારો માટે તો બધાયે દિવસો કાયમ તહેવાર જેવાં જ હોય છે, પણ ગરીબોના સામાન્ય દિવસો અને તહેવારો વચ્ચે ઘણું અંતર હોય છે. એટલે અમને એમજ લાગતું કે સમાજના દીર્ઘદ્રષ્ટિવાળા પુરૂષોએ અમારા જેવાઓ માટે જીવનનો થાક ઉતારવા અને રંક અને ધનિક સૌને ભેગા મળી આનંદ લેવા માટે જ તહેવારો ગોઠવવામાં ભારે ડહાપણ અને દયા બતાવ્યા છે. આ નહોત તો જીવન નિરસ અને કંટાળા ભર્યું જ બની જાત. તહેવારો અમારા જીવનનો થાક ભૂલાવી દેતા, ઉદાસીનતા હરી લેતા અને સામાજીક પ્રીતિ તાજીને તાજી રાખતા. ગરીબ સમાજમાં અનેક જાતની આશા, આકાંક્ષા અને તૃપ્તિની સમયમર્યાદા આ તહેવારોમાં હતી. તહેવાર આવશે અને અમુક વસ્તુઓ પામશું, તહેવારો આવશે ને અમુક સ્વજનને મળશું, તહેવાર આવશે અને આખા વર્ષમાં નથી મળ્યું તેવું ખાવા, પીવા અને પહેરવા મળશે અને તહેવાર આવશે એટલે કંઇ ધરમ કરમ કરી હાથ હારશું—આ વૃત્તિ તો સામાન્ય છે. આટલાથી જ પતતું નહિ, પરન્તુ જે જાતનો તહેવાર હોય તે જાતનો રંગ તે પ્રસંગે જીવનને લાગતો, તે મય થઇ જવાતું. ધાર્મિક તહેવારોમાં ધાર્મિક ભાવ જીવનમાં વણાય જતો. દા. ત. પર્યુષણ પર્વમાં બધી જાતની ક્રિયાઓમાં ભાગ લેવાની, ત્યાગ, તપ આચરવાની અને સાધુસંતો તરફ ભક્તિભાવ બતાવવાની વૃત્તિ સહજ થતી. આ રીતે જ સમાજની ધાર્મિક પ્રીતિ, કૌટુમ્બીક પ્રીતિ, ગ્રામ પ્રીતિ અને દુ:ખભાર સહી લેવાની તાકાત ટકતી. આવું જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી ધર્મતરફ શ્રદ્ધા હતી, ધર્મકાર્યમાં પ્રીતિ હતી, સમાજ સાથે મમતા હતી અને તેની અસર અમુક અંશે જીવનના અન્ય વ્યવહારોમાં સચોટ દેખાતી. રમતદ્વારા જેમ પાડોશીનો તેમ તહેવારો દ્વારા જ સમાજનો ખ્યાલ બચપણમાં અમને આવતો, પણ આજે?—

તે સમયનું જીવન ઘણું સસ્તું—અને સંતોષી હતું. આવક પણ આજના પ્રમાણમાં ઘણી ઓછી હતી. પ્રજા પૈસા કરતાં આરામ, ખાવાપીવામાં સુખ અને શાન્તિમાં વધુ માનતી. રોજના થોડું થોડું કામ અને બાકીનો સમય ફુરસદ જ રહેતી. ઓછી જરૂરિયાત એટલે ઓછું ખર્ચ, ઓછું ખર્ચ એટલે ઓછું મેળવવાનું, ઓછું મેળવવાનું એટલે ઓછી દોડધામ, ઓછી ઉપાધી અને ઓછું પાપ. આવી સામાન્ય સ્થિતિ જનમાનસની હતી. આથી પ્રજામાં ન આવી હરિફાઇની વૃત્તિ કે ન આવી સાહસવૃત્તિ નવી શોધક વૃત્તિયે ય ન આવી. પણ ન આવી નિષ્ક્રિયતા, વાતોડીયાપણું, ઇર્ષા, અર્ધામાં સંતોષ માની બેસી રહેવાની સુસ્ત વૃત્તિ અને છેવટે માંગણવૃત્તિ કે શોષણવૃત્તિ! ત્યારે જનસંપર્ક આજ કરતાં ઘણો સંકુચિત હતો. વ્યવહાર ઓછો હતો. ભૌગોલિક સીમાઓ ટુંકી હતી. પોતાના સમાજ ગામ કે પ્રાંતમાં સૌની પોતાની સૃષ્ટિ સમાઇ જતી. આથી કંઇ નવું જોવાનું કે વિચારવાનું હોય તો તે કાંતો કોઇ વિદ્વાન માટે કે કોઇ સુધારક માટે!

સામાન્ય જનસમાજની આ સ્થિતિ હતી. જ્ઞાતિ કે ન્યાતની સ્થિતિ તો આથી પણ થોડી વધુ સંકુચિત હતી. પૂર્વજ કે પુરાણ, પોથી કે પાના કે ધર્મના અભિપ્રાય પ્રમાણેજ આખા સમાજની દોરવણી થતી. કોઇપણ માણસ ખાસ કરીને સામાજિક જીવન કે ધાર્મિક જીવનનો લાંબો ચૌડો ખ્યાલ કરતો જ નહિ. રાષ્ટ્રીય તત્ત્વ જેવું ખાસ કોઇ અલાયદું તત્ત્વ હસ્તિ ધરાવે છે તેવો ખ્યાલ તો ભાગ્યેજ કોઇને આવતો. સમાજમાં મોટા ઘરડાંઓ સમાજનું ગાડું ચલાવ્યે રાખતા. કુટુંબનો કોઇ ભેજાળો વડો બે પાંચ પેઢી સુધી તેના મરણ પછી પણ કુટુંબનો કે સમાજનો વડોજ રહેતો. વહીવટ તેની પ્રજા તેના નામે કરતી અને સ્થાપિત હક્ક ભોગવ્યા કરતી. વડાઇ વારસા હક્કની હતી. ત્યારે તો કોઇને તે સામે વાંધો ન હતો, પણ આમાં ધીમે ધીમે અનેક અનિષ્ટો પેસતા ગયા. એકહથ્થુ અબાધિત સત્તાથી સમાજમાં આપખુદી પેઠી. અન્યાયો પણ થવા લાગ્યાં. અને યોગ્યતા કે પાત્રતાનું તત્ત્વ સમાજમાં રહ્યું નહિ એટલે તેમાં કોઇપણ જાતની નવીનતા પ્રવેશી શકી નહિ. સમાજ પતનનું આ અતિ ગંભીર કારણ છે.

ધાર્મિક બાબતમાં તો "સાધુ વાકયમ્ પ્રમાણમ્" મનાતું. ત્યાં શંકા, કે દલીલ ન જ થાય. માથેથી પાઘડી ઉતારી નમન જ કરાય. આથી ધાર્મિક સંસ્થાઓના વડાઓ તરફ કોઇ એક જાતનું સ્થાપિત્ સન્માનજ રહેતું. "ભેખ સામું જોવાનું હોય, સંત કે સાધુને તવાય નહિ કે કોચવાવાય નહિ. પગે લાગીને માર્ગ અપાય." એવી દૃઢ માન્યતાને કારણે કોઇ સાધુ કે સાધુ સંસ્થાનો વિરોધ કરતું નહિ કે તેને જાણવાની વાતો બીજા કોઇ જાણવા પ્રયત્નેય કરતું નહિ. શ્રદ્ધાથી દેવ—સાધુને માથું નમાવી છુટતાં. આવી શ્રધ્ધા ભક્તિને કારણે સાધુઓ જરૂર ભદ્રિક બની રહેતા, તેનામાં એક જાતની મમતા સમાજ સાથે બંધાઇ રહેતી. થોડી ખુશામત વૃત્તિ પણ અરસ પરસ સાધુઓ અને સંસારીઓમાં રહેતી. સંસારીની ખુશામતને શ્રધ્ધાભક્તિના નામે અને સાધુની ખુશામતને સરળતા, નિખાલસતાના નામે પ્રજા ઓળખતી. આના પરિણામે ભલે થોડી ઘણી ધાર્મિકવૃતિ, સાંપ્રદાયીક પ્રીતિ અને સરળતા જળવાઇ હશે, પણ સમાજમાં યુગદ્રષ્ટિ રાષ્ટ્રદ્રષ્ટિ ન જ આવી. સાધુઓ વિદ્વાન અને ક્રિયાશીલ ન બન્યા. છેલ્લા સો બસો વર્ષોનો સાધુઓનો ઇતિહાસ એટલે નર્યો નિષ્ક્રિયતા અને પામરતાનો ઇતિહાસ છે. આ સમયમાં સાધુઓએ માત્ર પંથની પરંપરા અને સાધુના કેડવાને જીવતો રાખવા અને દૂર દૂરના માનવીઓ વચ્ચે સંબંધ સાંધી આપી સહધર્મીપણાની ભાવના જીવંત રાખવા ઉપરાંત કંઇ વધુ કાર્ય નથી કર્યું. અલબત સમાજની સાંકળને અખંડ રાખવાના મહત—કાર્ય માટે સાધુઓનો ઉપકાર કંઇ જેવો તેવો તો નથી છતાં પણ તેના ભેખ, ત્યાગ, સમાજે તેના ઉપાડેલ બોજ સંસ્થાના મૂળભૂત સિદ્ધાંતના પ્રમાણમાં ઘણું ઓછુ તેઓએ કર્યું છે.

ઘરના વડિલોમાં ધાર્મિક જીવન ખાસ કંઇ વિશેષ ન હતું. સાધુ મહારાજ હોય ત્યારે વ્યાખ્યાન કે જેને મોટે ભાગે વખાણ કહેવામાં આવે છે તેમાં હાજરી આપતા અને વાર તહેવારે બાધાઓ લઇને ગુરૂને અને પોતાના મનને રીજવતા. સશકતો તપશ્ચર્યા કરતા. સાધન સંપન્ન માણસો લાણા, પ્રભાવના સંવત્સરીઓ અને પારણા જમાડીને હાથ હારી કૃતકૃત્ય થઇ જતા.

મારી નાનકડી ઉમર સુધી તો મેં જોયું છે કે ધર્માલયમાં જવું, દીનભાવે, ભક્તિભાવે, શ્રધ્ધાથી સાધુ, દેવ કે ધર્મ-નામધારીને વંદવું, તેના નામે કે નામથી જે કંઇ કહેવામાં આવે તે સત્ય કરી માનવું. સાધુ માત્રને ગુરૂ જેવા માની તેને ગમે તે રીતે રાજી રાખવા અને તેમ કરતાં કોઇ કોઇ વખતે નાની નાની બાધાઓ પણ લેવી પડે તો તે લેવી અને તેમ કરીને પણ થોડો ઘણો ફરજિયાત સંયમ પાળવો. આટલું એટલે અમારી ધર્મપ્રીતિ!

ધાર્મિક જ્ઞાનને જીવનમાં જીવંત રાખવા જૈનશાળામાં જતાં. ત્યાં શાસ્ત્રને નામે પઢાવેલાં થોડાક ધાર્મિક પાઠો, ક્રિયાકાંડની વિધિઓ, દેવ, સાધુ આદિની પ્રશસ્તીઓ કંઠસ્થ કરતાં. ધાર્મિક જીવન જીવંત રાખવા કોઇ કોઇ વખતે સામાયક કરતાં, કંદમૂળ આદિનો ત્યાગ કરતાં અને ઇનામની લાલચે કે વખાણની લાલચે

ચોમાસામાં પ્રતિક્રમણ કરતાં. આ અમારૂં ધાર્મિક જીવન, ધાર્મિક જ્ઞાન અને ધર્મભાવના! આમાંથી જાણ્યે અજાણ્યે સમજવાળી કે સમજ વગરની શ્રદ્ધા કે અંધશ્રદ્ધા જન્મતી, ટકતી અને જીવનને દોરતી. આ વખતની કેટલીએક છાપ તો હજુ પણ મન ઉપર જેમની તેમ પડેલી છે, જેણે ભૂતકાળમાં ઘણી વખત નબળાઇમાંથી ઉગાર્યો છે અને સન્માર્ગે દોર્યો છે અને હજુ પણ દોરશે એવી શ્રદ્ધા છે. તે સાથે કેટલીએક શ્રદ્ધાના કે ક્રિયાના કડવા ફળ આજે પણ હું ભોગવું છું અને દુઃખ અનુભવું છું. આ અરસામાં જ ઝાડ ઉપર ન ચડવાની અને ઘુંટણ કરતાં વધુ ઉંડા પાણીમાં ન ઉતરવાની બાધા અમને ગુરૂએ આપેલી તેથી ઝાડ ઉપર ચડવાની અને તરવાની કળા જીવનમાં ન આવડી તે આજ દિન સુધી ન જ આવડી.

જે વખતે જીવનમાં ખરી સમજના પાયા નાંખવાના હતા ત્યારે બાળક બુધ્ધિ ગ્રહણ કરી શકે તેવા ધર્મના સિધ્ધાંતોને બદલે મૃત ભાષાના પાઠો ગોખાવી માર્યા. જેના પરિણામે સાચી વસ્તુ સમજવાને બદલ થોડાક શબ્દો જ કંઠસ્થ થયા. અને વધુ જ્ઞાન મેળવવાની વૃત્તિ ઉડી ગઇ. આ ખોટ આજ સુધી ચાલે છે અને આ ખોટમાંથી જ ઉગતી પ્રજાની ધર્મવિમુખતા જન્મી લાગે છે.

સાધુઓ પોથી પાનાંમાંથી અને કથાત્મક રાસાઓમાંથી અર્ધું સ્પષ્ટ અને અર્ધું અસ્પષ્ટ જુની શૈલીમાં સવારે વાંચતાં. કથાવાર્તાઓ કહેતા. બાધાઓ આપતા. વૃદ્ધો, વિધવાઓ અને બાળકોને રોકાયેલા રાખતાં. પોતે થોડું ઘણું દેહકષ્ટ સેવતા, પણ તે કરતાં વધુ બતાવતા અને સાધુનો માર્ગ દેહ કષ્ટનો, ખાંડાની ધાર ઉપર ચાલવા જેવો છે એમ ગણાવ્યા જ કરતાં અને વધુમાં વધુ સગવડતા માણતા! સાધુઓનો મોટો ભાગ લગભગ પોતાના પંડની કે ગુરૂની સેવા કરવાથી વિશેષ કંઇ કરતો નહિ. ગુરૂ તો નામના રહેતા. કાનમાં મંત્ર ફુંકયો એટલે તે ગુરૂ બની જતા અને તેના બદલામાં જીવે ત્યાં સુધી સેવા અને સન્માન પામ્યા કરતા અને તે પામવાનો પોતાનો અધિકાર છે એમ માન્યા જ કરતા. ટોળાના ટોળામાંથી એકાદ જણ સવારે કે બપોરે એકાદ કલાક કંઇ પ્રવચન કરે પણ બાકીનો આખો સાધુ સમાજ પરજીવી બની જીવન વીતાવે અને રંક સમાજને નીચોવી ખાય! આ સીવાય બીજું કંઇ પણ તેણે કરવા જેવું નહોતું! ખાસ ભદ્રિકતા અને પોતાના વાડાની મોહ મમતા સીવાય બીજી કંઇ વિશેષ્ય શકિત કે જ્ઞાન મોટા ભાગે તેનામાં નથી દેખાતા. છેલ્લા દોઢ બે સૈકા થયાં સાધુજીવન તદ્દન નિષ્ક્રિય થયું છે. તેણે નથી તો કરી કંઇ પ્રગતિ પોતાના જ્ઞાનમાં, સાહિત્યમાં કે જગતને અહિંસાનો સંદેશો સુણાવવાના કાર્યમાં. કે નથી કરી કંઇ સમાજની ઉપયોગી સેવા, પણ બનાવ્યા છે માનવીઓને મેંઢા અને તેજવીહીન સંસારીઓએ શ્રદ્ધાથી તેની બધી ત્રુટીઓ નીભાવી લીધી પણ વધુ તો બુરૂં એ થયું કે આ જાતની અંધશ્રદ્ધા, સાધુભકિત કે સાંપ્રદાયિક ભકિતને પ્રજાએ કે સાધુઓએ આધ્યાત્મિકતા, કે ભકિત ધાર્મિકતાના નામે ઓળખી!

સાધુઓ સંસારીની સામાજિક સ્થિતિ જોતા હતા. ત્યાં ખૂબ કાર્ય કરવાની જરૂર જાણતા હતા છતાં પણ તેઓ સમાજની સમશ્યાઓને–સુધારણાએ.ને–દેખીતી રીતે સ્પર્શ કરતાં નહિ. તે કરવામાં પાપ માનતા. છતાં પણ તેના ઘણા કલહો અને ભેદોમાં કારણભૂત બની રહેતા એટલે આ સાધુઓએ ધર્મ કરતાં પણ સંપ્રદાયને, ધાર્મિક જીવન કરતાં ક્રિયાકાંડને, શ્રદ્ધા કરતાં અંધતાને અને જ્ઞાન કરતા અજ્ઞાનને જીવતાં રાખ્યાં છે. જગત ઉપર સદીઓ થયાં જ્ઞાનના થરપર થર જામતા જાય છે, પ્રતિદિન તેમાં અનુભવ ઉમેરાતો જાય છે, અનેક નિગુઢ–પ્રશ્નોના ઉકેલ સહજમાં થાય તેટલી તિક્ષ્ણતા બુદ્ધિમાં આવી છે એટલે જરૂર કલ્પી શકાય કે જગત આગળ આવ્યું હશે. પણ અનુભવથી તેમ નથી દેખાતું: આનું કારણ શું? મધ્ય યુગમાં પેઠેલી વિષમતા, જડતાં, સંકુચિતતા અને નવું વિચારવાની શકિતનો અભાવ! આજે આપણે સમાજ કે ધર્મના સુંદર તત્વોથી બહુ જ વિમુખ છીએ. આનું પરિણામ એ આવ્યું કે જ્યારે આપણો વ્યવહાર વધ્યો, જન સંપર્ક વધ્યો, દેશનો વિસ્તાર વધ્યો, તેના પ્રશ્નો વધ્યા અને નવી પ્રજાની તુલનાત્મક બુદ્ધિ વધી ત્યારે કારમા ઘર્ષણો ઉત્પન્ન થયાં. જેણે નવી શ્રદ્ધા તો ન જન્મવા દીધી પણ જુની અંધશ્રદ્ધાનો પણ નાશ કર્યો. આજે આપણામાં નથી તો સાચી શ્રદ્ધા કે નથી અંધશ્રદ્ધા! બન્નેથી ખૂબ દૂર છીએ અને આપણો સાધુ સમાજ પણ મોટે ભાગે નથી રહ્યો ખરો જ્ઞાની, ઉપયોગી, ભાવિક, કે પ્રેમાળ! તે બન્યો છે પાકો મેલો મુત્સદ્દી, અને સંસારીઓના ભિન્ન ભિન્ન પક્ષોને અફાળી ખેલ ખેલનારો ખરો ખેલાડી! છતાં પણ આ ધર્મવિમુખતા માટે દોષ દેવાય છે આજની કેળવણીને, યુવક માનસને, નવા વિચારને!

જ્યાં સુધી હાઇસ્કુલમાં ભણવા નહોતો ગયો ત્યાં સુધી ધર્મ અને સમાજ માટે, ક્રિયાકાંડ, ગુરૂભકિત, બાધા, આખડી અને તેના જેવા બીજા બાલીશ ખ્યાલો જ હતા. ધર્મ અને નિત્યના જીવનને, સમાજ, ધર્મ અને રાષ્ટ્રને અને માનવ માનવ વચ્ચે કોઇ વધુ નિકટનો સબંધ છે અને અનેક માનવીઓને જોડનારી મધ્યસ્થ ભાવના ધર્મ અને સમાજમાંથી આવે છે તેવો ખ્યાલ પણ ન હતો. જ્ઞાતિ મહાજનોનો કંઇ વધુ ખ્યાલ તો નહોતો પણ તેઓ મને રાજા જેવી સત્તાવાળા ત્યારે તો લાગતા. તેઓ કોઇકોઇ વખતે મળતા, ગરમાગરમ ચર્ચા કરતા, કોઇને દંડતા અને વીખરાતા. સંવત્સરીના ભોજનમાં શાક કરવું કે નહિ તે માટે ચર્ચા પાછળ ખાસા ત્રણ કલાક બગાડતા–અને વિધવાની પુત્રીને, રંડીબાજ અને બાવણને ઘરમાં બેસાડનાર મુરતીયાથી ફારગતી આપવાની અરજીને અઢી અઢી વર્ષ સુધી ખોરંબે રાખી મુકવાના પ્રસંગો મેં જોયા છે.

કોઇ કોઇ વખતે નાતની વાડીમાં સહભોજનમાં કે વરઘોડામાં જતાં ત્યારે થોડોક ખ્યાલ આવતો કે એક બીજા વચ્ચેનું કોઇ સામાન્ય તત્ત્વ આજે ભિન્ન ભિન્ન ઘરના, કુટુંબના કે સ્થિતિના માનવીઓને એકજ પંગતમાં બેસાડે છે અને વરઘોડામાં ફેરવે છે. સાધુઓ કે ધર્મમાં રહેલો સૌનો સામાન્યભાવ આજે લોકોને એક સ્થાનમાં એકઠા કરે છે. તેથી વધુ કોઇ રાષ્ટ્રીયભાવ કે માનવતા જેવા ભાવો છે તે તો બહુ મોડું જાણ્યુ. હાઇસ્કુલમાં ગયો ત્યારે જાણ્યું કે જે ભાવ એક પંગતમાં બેસાડે છે; જે ભાવ એક વરઘોડામાં ફેરવે છે, જે ભાવ એક સ્થાનમાં એકત્રીત કરી ધર્મ પૂજા કરાવે છે તે જ ભાવ કોઇના છોકરા માટે ભણવાની સગવડતા પણ ઉભી કરે છે, પુસ્તકો મફત અપાવે છે અને બીજી રીતે મદદ કરે છે, આ ખ્યાલે મને ખરા સમાજનો, સમાજના ઉપયોગ અને હેતુનો અને સહધર્મીપણાનો ખ્યાલ આપ્યો. બીજી બાબતો તો ધીમે ધીમે જાણી. જેમ જેમ બીજાઓ સાથે પરિચય વધતો ગયો તેમ તેમ નવીન અનુકરણો અને અનુસરણો જીવનમાં પેસતા ગયા અને મૂળજીવનથી ખૂબ દૂર ખેંચતા ગયા. ઘરના એકજ જાતના ગુંગળાતા વાતાવરણથી દૂર થતા નવા વાતાવરણમાં આવ્યો. તેણે જીવનમાં નવા અને જુનાના મુકાબલા શરૂ કરાવ્યા, લાભ હાનીના આંકડા પેસાડયા, ઉપયોગ અને નિરર્થકતાના ખ્યાલો જન્માવ્યા, ખરાખોટાની કલ્પના દાખલ કરાવી. વધુમાં એ પણ બતાવ્યું કે ધર્મ, જીવન અને રાષ્ટ્ર એક બીજાના પ્રેરક છે અને શુદ્ધ રાષ્ટ્રીય ભાવના વિશ્વ બન્ધુત્વ, માનવતા પહેલાનું છેલ્લુ પગથીયું છે.

(અપૂર્ણ) વ્રજલાલ ધ. મેઘાણી.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુન ૧. ૧૯૪૪


## અધઃપતનની પરાકાષ્ટા

શ્રી કસ્તુરબા સ્મારક ફંડની યોજના અને ઉદ્દેશ એટલા સ્પષ્ટ છે અને એ યોજનાના મુખ્ય સંચાલકોની પ્રતિષ્ઠા અને પ્રમાણીકતા એટલી ઉજ્જવળ અને ઉચ્ચ કોટિની છે કે તે વિષે કોઈના દિલમાં કશી પણ આશંકા કે તર્કવિતર્કને સ્થાન જ હોઈ ન શકે એમ છતાં પણ થોડા સમય પહેલાં લંડનમાં નીકળતા "ટાઇમ્સ" પત્રના દીલ્હીના ખબરપત્રીએ કસ્તુરબા સ્મારક ફંડ એક પ્રકારનો છળ છે અને તેની પાછળ તો કોંગ્રેસી પ્રવૃત્તિઓને જ વેગ આપવાનો આશય છે એવો એક ગપગોળો ઉડાવ્યો અને એ રીતે કસ્તુરબા સ્મારક ફંડના કાર્યને ફટકો મારવાની હીલચાલ શરૂ કરી. તે વખતે આપણે માન્યું કે હિંદુસ્થાન, કોંગ્રેસ, ગાંધીજી અને દેશની એક યા બીજા પ્રકારની પ્રવૃત્તિને વિકૃત આકારમાં રજુ કરવી એ પરદેશી પત્રકારોનો આજે ધંધો થઈ પડયો છે અને એવો ગંદો પ્રચાર ખાસ કરીને ઇંગ્લાંડ તેમજ અમેરિકામાં ખુબ જ ચાલી રહેલો છે. તેથી ઉપરના ખબરપત્રીએ મોકલેલા સમાચારથી આશ્ચર્ય પામવાને કે તે વિષે ખાસ દુઃખ ચિન્તવવાને કશું જ કારણ નથી. પણ આવો જ હુમલો જ્યારે દેશની એક આગેવાન ગણાતી વ્યકિત તરફથી કરવામાં આવે છે ત્યારે આપણને ભારે આશ્ચર્ય તેમજ આઘાત થયા વિના રહેતો નથી. થોડા જ દિવસો પહેલાં હિંદુ મહાસભાના પ્રમુખ શ્રી વિનાયક દામોદર સાવરકરે એક ફતવો બહાર પાડયો છે અને તેમાં શ્રી કસ્તુરબા સ્મારક ફંડ કોંગ્રેસી ફંડ જ છે એમ જાહેર કરીને તેમાં કશું પણ નહિ ભરવા હિંદુ જનતાને આદેશ કર્યો છે. તેઓ વિશેષમાં જણાવે છે કે "કસ્તુરબા સ્મારક ફંડ ભરવું એટલે હિંદુ જનતામાં રહેલા એક એવા વર્ગને મદદ કરવા અને મજબુત બનાવવા બરોબર છે કે જેની નેમ અને પ્રતિજ્ઞા હિંદુ સંગઠ્ઠનનો નાશ કરવાની છે અને હિંદુઓના નામથી જ હિંદુઓના હક્કોને જતા કરવાની છે." તેઓ વિશેષમાં જણાવે છે કે "કસ્તુરબા સ્મારક ફંડ જે હિંદી સ્ત્રીઓએ દેશની ખાતર પોતાનું બલિદાન આપ્યું છે તેમનું સન્માન કરવા અને મદદરૂપ થવા માટે નથી. કોંગ્રેસે આવી સ્ત્રીઓના ધણીઓ અને ભાઈ ભાંડુઓને ધુતકારી નાંખ્યા છે અને આવી સ્ત્રીઓની જરા સરખી કદર કરવાની પરવા પણ કરી નથી." શ્રી વિનાયક સાવરકરનો કયાં ઉજ્જવળ અને રોમાંચપ્રેરક ભુતકાળ અને કયાં આજ તેમની કેવળ કોમીવાદી અને કોંગ્રેસ વિરોધી મનોદશા. અને આવી સ્થિતિ તો જનાબ ઝીણાની પણ છે. પણ તે પણ આ હદે ગયેલ નથી. આવી પ્રશસ્ય અને સ્ત્રી જાતિની કેળવણી અને ઉદ્ધાર અર્થે યોજાયલી પ્રવૃત્તિનો અને તે પણ જેના વિષે આખો દેશ ગૌરવ અને અભિમાન લઈ રહેલ છે અને જેણે અખંડ આત્મબલિદાનથી અને અપૂર્વ પતિપરાયણતાથી પૂર્વકાળની મહાસતીઓનું આ યુગમાં આપણને દર્શન કરાવ્યું છે એવા કસ્તુરબાના સ્મરણાર્થે યોજાયલી હીલચાલનો આવી રીતે વિરોધ કરીને શ્રી. સાવરકર ઝીણા મીંયાને પણ વટાવી ગયા છે. તેમણે આવું વળણ દાખવીને સામાન્ય સભ્યતા અને ખેલદીલીનું તો ઉલ્લંઘન કર્યું છે. એટલુંજ નહિ પણ જે હિંદુ જનતાના હકકોની જાળવણીનો જાણે કે પોતાને હસ્તક જ ઇજારો હોય એમ પોતે માની રહ્યાં છે તે હિંદુ જનતાને જ તેમણે પોતાના આ વિચિત્ર ફતવાથી ભારે હિણપત પહોંચાડી છે. કેવળ કોમીવાદ માણસને કંઇ કક્ષાએ ઘસડી જાય છે તેનું આ દિશા સૂચક દૃષ્ટાન્ત છે. શ્રી સાવરકરની ચેતવણીથી કસ્તુરબા ફંડને જરા પણ આંચ આવવાની નથી. કસ્તુરબાને દેશના હૃદયમાં જે સ્થાન મળેલું છે તે કોઇથી ટાળ્યું ટળે તેમ નથી અને તેના સ્મરણ અર્થે ઉઘરાવાતા ફાળામાં સૌ કોઇ ફુલ નહિ તો ફુલની પાંખડી આપવાના જ છે. પણ આવા પ્રસંગે આપણા જ દેશની એક યા બીજી અગ્રગણ્ય વ્યકિત જે વિકૃત મનોદશા પ્રદર્શિત કરે છે તે ભારે દુઃખ અને ગ્લાનિ ઉપજાવે છે અને આપણને એમ થઇ આવે છે કે આ દેશ એવો તે કેવો હીનભાગી છે કે જ્યાં ઝીણા અને સાવરકર જેવા કપુતોની પરંપરાનો છેડો જ આવતો નથી!

પરમાનંદ

---

## શ્રી પાટણ જૈન મંડળ.

### વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા પુસ્તકોની મદદ.

શ્રી પાટણ જૈન મંડળે ચાલુ વર્ષે માટે પાટણના જૈન વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ કે જેઓ મુંબઇમાં, પાટણમાં કે અન્ય સ્થળોએ ભણતા હોય, તેઓને સ્કુલ ફી તથા પુસ્તકોની મદદ આપવાનું નકકી કર્યું છે. તથા જેઓ કોલેજમાં ભણતાં હોય તેઓને હંમેશ મુજબ વગર વ્યાજે લોન આપી મદદ કરવાનું નકકી કર્યું છે. માટે જેઓ લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ તરત જ નીચેના સરનામે અરજી કરવી.

| | |
|---|---|
| ૩/૭ ધનજી સ્ટ્રીટ, | લી. |
| (ડાયમંડ મરચંટ, | **બાબુભાઈ મણીલાલ ચોકસી** |
| એસોસીએશનના ઉપર) | **કેસરીચંદ જેસીંગલાલ** |
| **મુંબઈ, નં. ૩.** | માનદ્ મંત્રીઓ. |

### રેશન–રાહતની જેમને અપેક્ષા હોય તેમના માટે

મુંબઇના અગ્નિસંકટને અંગે સંઘની રાહત યોજનાનો લાભ લેનારાઓમાંથી કેટલાક વતન તરફ ચાલી ગયા અને કેટલાકને આવી મદદની જરૂર ન રહી—આ કારણોને લીધે સંઘની રાહત યોજનાનો લાભ લેનારાઓની સંખ્યામાં થોડો ઘટાડો થયો છે તો જે કોઇ જૈન કુટુંબને રેશન રાહતની અપેક્ષા હોય તેણે સંઘની રાહત–સમિતિના સભ્યોને મળવું અથવા સંઘના કાર્યાલયમાં ખબર કાઢવી. રાહતની યોગ્યતા ધરાવનાર કુટુંબોને દીવાળી સુધી ૫૦ ટકા અને અસાધારણ કીસ્સામાં ૭૫ ટકા સુધી પણ રેશન રાહત આપનારાં કાર્ડો કાઢી આપવામાં આવશે.

**મંત્રી, રાહત સમિતિ**

### નર્સ થવા ઇચ્છનાર બહેનને શિષ્યવૃત્તિ

બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએસનનો અભ્યાસક્રમ લઇને નર્સ થવા ઇચ્છતી બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા ૧૦૦૦ મલ્યા છે. જે બહેનને ઉપરનો અભ્યાસક્રમ લઇને નર્સ થવાની ઇચ્છા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક પરિસ્થિતિની વિગતો સાથે સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ એ સરનામે તુરત અરજી મોકલવી, આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

# ગાંધીયુગનું ગૌરીશંકર

(ગૌરીશંકર એ હિમાલયનું ઉંચામાં ઉંચું શિખર છે. નીચેનો લેખ શ્રી દર્શક રચિત 'પ્રેમ અને પૂજા'ની સ્વામી આનંદે 'અતીત અને અવલોકન' એ મથાળાથી લખેલી પ્રસ્તાવનામાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. સ્વામી આનંદ ગાંધીજી સાથે વર્ષોથી જોડાયેલા એક જાણીતા કાર્યકર્તા છે અને રાષ્ટ્રની આઝાદીની લડત સાથેનો તેમનો સંબંધ તેથી પણ ઘણો જુનો છે. પ્રસ્તુત લેખમાં વર્ષોથી ચાલી રહેલ આઝાદી જંગને ગાંધીજીએ જે નવું વળણ આપ્યું અને રાષ્ટ્રયજ્ઞમાં પોતાની જાતને ઝંપલાવતા નવયુવાન કાર્યકર્તાઓને જે નવું માર્ગદર્શન આપ્યું તેનું સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે અને એ રીતે ગાંધીયુગનો જે મોટામાં મોટો ફાળો છે તેનો સ્વામી આનંદે પોતાની લાક્ષણિક શૈલિથી સરસ ખ્યાલ આપ્યો છે. પરમાનંદ)

૧૯૨૦–૨૧ ની ચળવળ વેળાએ ગૂજરાત–કાઠિયાવાડનો આ યુવકવર્ગ હજુ ઉગતો હતો. ૩૦ ની લડત વેળાએ એણે વિશેષ સમજ વગર નર્યા પુરૂષાર્થ–પરાક્રમના ખેંચાણના માર્યા, તેમજ ગાંધીજીના વિભૂતિમત્વથી અંજાઇને ઝોકાવ્યું હતું. લાલપીળા ભૌગોલિક ભેદોને એ ઓળખતા નહોતા. પ્રાંતિક સંકીર્ણતાની એમને સૂગ હતી. ભારતવર્ષ એમની આગળ એક અખંડ અવિભાજ્ય માતૃમૂર્તિ હતું. એની આઝાદીની ઝંખના એમનો શ્વાસોચ્છ્વાસ હતો. મંત્રમુગ્ધની જેમ જ્યાંથી હાકલ પડે ત્યાં ઉડીને જઇ પડવું એટલી એક જ એમને ગમ હતી. સાધનમાર્ગની સમજ એમને એ કાળે ખાસ નહોતી. એની એમને વિશેષ કશી પડી પણ નહોતી. ક્રાંતિ કૂચ કરી રહી છે, આપણે એના મશાલચીઓ છીએ, ગાંધીજીના સૈનિકો છીએ, એટલી જ એક ભાવનાથી તેઓ તરબોળ હતા. બંગાળ પંજાબ અને દખ્ખણના પુરોગામી ક્રાંતિકરોનાં ચરિત્રો તથા સાહસકથાઓની પારાયણો કરતા. તેમનાં વીરકર્મોની ગાથાઓ ભણવા અને ગાવા ગુંથવા પાછળ, તેમને લગતી ગમ્યઅગમ્ય મળે તેટલી માહિતી એકઠી કરવા પાછળ, તેમનાં જીવનની મળેલી કે કલ્પેલી અનેક ઝીણી મોટી વિગતોથી ભરેલાં તેમનાં કલ્પનાચિત્રો દોરીને કે અતિરંજીત કરીને તેમને પોતાની માનસપૂજાનાં આરાધ્ય બનાવવા પાછળ, તેઓ મસ્ત હતા.

આવી આવી સાધનામાં અને સ્વપ્નસૃષ્ટિમાં રંગાઇ રોળાઇને જે જુવાનોએ પોતાનું ખમીર પકવ્યું તેમણે '૩૨ની લડત વીત્યા બાદ પોતાના પુરૂષાર્થને સારૂ નવાં ક્ષેત્ર શોધવા માંડયાં. એમના સાથીદારોમાં જે કેટલાક હંગામી હતા તે તો આંદોલનની મોસમ વીત્યે શહેરમાં, નાનાં મોટાં વેપારવણજનાં કે નોકરીઓનાં ક્ષેત્રોમાં બેખટકે પેઠા ને થાળે પડી ગયા. એવા કેટલાકે પોતાની ત્યાગ–કુરબાનીની ટુંકી કારકીર્દી વટાવી પણ ખરી. પણ જેઓ બત્રીસા હતા તેમને જીવન જોડે એવી કશી હીણી માંડવાળ કરવાની કલ્પના છએ એમ નહોતું. જીવન તેમને મન એક અખંડ આજીવન સાધનારૂપે અંકાઇ ચૂકયું હતું. ખાનગી આયુષ્યનો ખ્યાલ એમને સ્પર્શી શકયો નહિ.

એટલે એમણે તો સેવાક્ષેત્રોજ શોધ્યાં. પોતે એક અદમ્યઆદર્શવાદને વરેલા છતાં એની સાધનાના ધોરી માર્ગ તરીકે તેમણે સ્વેચ્છાપૂર્વક અદના ગ્રામ્યસેવકનો દરજ્જો સ્વીકાર્યો; ને કયાંક ગામડાંનાં ગંદાગોબરાં બાળકોને ધોઇ નવડાવી ખેલવનારા અને વાર્તાઓ કહેનારા પંતુજીઓ તરીકે, તો કયાંક સફાઇસેવકો તરીકે, કયાંક ખાદીકેન્દ્રોમાં, તો કયાંક હરિજનવાસમાં, કયાંક દુબળા-ધારાળા વચ્ચે તો કયાંક કિસાન-મજૂરોના સેવકને નાતે,–જયાં અને ત્યાં, ભાંગ્યાના ભેરૂ તરીકે, અન્યાય અને આતંક હેઠળ ભીંસાતી કચડાતી રાંક જનતાના આલંબન-આશ્વાસન તરીકે, ગામડે ગામડે પોતાને રોપીને સુખનાં જીવતર એમણે સોંઘાં કરી મૂકયાં.

* * *

'૩૩ પછીનાં ૫–૭ વર્ષ ગાંધીજીના લડાયક, પ્રવર્તક તેમજ રચનાત્મક કાર્યક્રમોથી લદબદ હતાં. હરિજનોને હિંદુથી વેગળા કરવાના રાજ્યકર્તાઓના કૂડા કાવતરા સામે પોતાની જિંદગીને હોડમાં મૂકીને સલ્તનત સામે જે શાંત વિજય ગાંધીજીએ તાજો મેળવ્યો હતો તેણે એમની અહિંસક પ્રતિકાર–પ્રણાલિની શક્તિનું નવું દર્શન યુવકોને કરાવ્યું હતું. વળી ગુજરાત–કાઠિયાવાડનો યુવકવર્ગ હતો તો ગળા સુધી ક્રાંતિકર માનસવાળો, છતાં જે નવી હવામાં એ ઉછર્યો તેમાં જૂની ક્રાંતિકારી પરંપરાના વ્યક્તિગત હત્યા, રક્તપાત, ધાડ–ડકૈટી, અગર તો જૂઠ, ગુપ્ત ષડયંત્ર, દાવપેચ, ઇ. તેમને માન્ય નહોતાં ચાહે તેવા ઉચ્ચ આશયથી એનો આશ્રય લેવાયો હોય તો પણ એ વસ્તુઓ નિંદ્ય છે, નૈતિક મૂલ્યોની એવી શિથિલતા ચારિત્ર્યની દૃષ્ટિએ લપસણી છે, અને તેથી તે બધી પરિણામે માણસનો તેજોવધ કરનારી, તેના પૌરુષને હણનારી અને માણસાઇના તંતુને કમજોર કરનારી છે–એ માન્યતા એમને ઠસી ગઇ હતી. વળી ક્રાંતિકરોનાં ચરિત્રો, ઉદ્યમો, જહેમતો અને નિષ્ફળતાઓની કથાઓનો તેમણે પરાયણો કરી હતી તેમાંથી પણ એવી માન્યતાને દૃઢ કરનારી સામગ્રી તેમને મળી ગઇ હતી.

આમ આ નવા વર્ગના પુરુષાર્થ અને ક્રાંતિવાદનો પ્રત્યક્ષ અનુસરણીય આદર્શ તો સત્ય તથા સાધનશુદ્ધિના બારોબાર આગ્રહી એવા ગાંધીજી જ રહ્યા. એવા આગ્રહથી તેમજ ક્રાંતિકરો પ્રત્યેની અપરંપાર માયામમતાથી ઉભરાતો ગાંધીજીનો અવિરત કર્મયોગ' ૩૩ પછીનાં વર્ષો દરમ્યાન અખંડ ગતિએ ચાલી રહ્યો હતો. સર્વ જમાતો અને ફિરકાઓના ક્રાંતિકરો પ્રત્યેની ગાંધીજીની અટલ આશા, એ બધા જોડે એમની બિરાદરી અને ભેરૂબંધી, પોતાની ભૂમિકાપર અટલ રહીને તેમને હૂંફ અને સાથ આપવાની અગર તો પોતાનો સાધનમાર્ગ તેમને સમજાવવાની ગાંધીજીની હરહમેશ ઇંતેજારી, તેમનાં દુઃખે દુઃખી અને સુખે સુખી થવા સારૂ ચાહે તે હદ સુધી અંગત ભોગ આપવાની અથવા તો હજાર કામ પડતાં મેલીને તેમના કાર્ય પાછળ બેસી જવાની ને પોતાનું તમામ નૈતિક વજન ખરચી નાંખવાની એમની તૈયારી,–આ બધું છેક આંદામાનના ઉપવાસી ક્રાંતિકરો સુધી પહોંચી ગયું ને દેશ બધામાં ફેલાયું, તે આજ કાળમાં.

આમ ક્રાંતિકારોની આલમમાં સુદ્ધાં ગાંધીજીના સાધનમાર્ગ પ્રત્યે ઉપહાસ આથમી, તેની જગા જાણ્યેઅજાણ્યે આદર અને શ્રદ્ધાએ લેવા માંડી હતી. ઉપવાસી આંદામાનવાસી રાજદ્વારીઓ સારૂ તેમજ સમસ્ત બંગાળના નજરકેદીઓને સારૂ ગાંધીજીએ મધ્યસ્થી કરી અને બીનકોંગ્રેસવિરોધી મંત્રીમંડળવાળી સરકાર પાસેથી પણ પોતાની અજબ સમજાવટશક્તિ તથા અજાતશત્રુત્વને જોરે લગભગ આખા ક્રાંતિકર વર્ગનો એમણે છૂટકારો મેળવ્યો. પૃથ્વીસિંગ જેવા પણ છતા થઇને સ્વેચ્છાએ જેલ ગયા ને છૂટયા.

આ બધી ઘટનાઓની અસર પેલા સફાઇ, શિક્ષણ અને સંગઠનના કાર્યક્રમો લઇને ગામોગામ બેસી ગયેલા સેવકોપર થયા વગર રહે એ અશક્ય હતું. તેમના પુરૂષાર્થને અને તેમના ક્રાંતિવાદને ચોકકસ દિશા મળી ગઇ. આરંભે સાધનની શુદ્ધતા વિષે નિરાગ્રહી એવા આ સેવકો આમ ગાંધીજીનાં નૈતિક મૂલ્યાંકનો અને આગ્રહોને સમજતાં તેમજ અપનાવતાં શીખીને

(અનુસંધાન પૃષ્ટ ૨૬ જુઓ)

# અસંસ્કારીની સંસ્કાર ભૂખ.

આ દેશમાં ખેડૂતોને જેમ આકાશવૃત્તિ ઉપર આધાર છે તેમ અન્ય શ્રમજીવીઓને પણ કામ આપનારની કૃપા ઉપર જ જીવવાનું હોય છે. પંડનો પસીનો વહાવવા છતાંય તેને નથી હોતી સદાય કામ મળી રહેવાની સંભાવના કે નથી હોતી તેના હાથમાંનું કામ લાગવગથી અન્ય કોઈ નહિ પડાવી જાય તે વિષેની ખાત્રી. આથી હાથમાંનું કામ કાયમ ટકાવવા માટે માલીકને રાજી રાખવાની ચિંતા તેણે કાયમ રાખ્યા જ કરવાની હોય છે. ભંગીયણ લાખુ આ જ કારણે લોહીભર્યા મોંયે પણ બીજે જ દિવસે વાડીમાં કામ કરવા આવી હતી. હજુ તો સોળ કલાક પહેલાં જ તેનો ધણી સોમલો ભંગી આ ફાની દુનિયા છોડીને ચાલ્યો ગયો હતો. હજુ તો દસ કલાક પહેલાં જ જ્યારે નાતીલાઓએ દારૂ લીધા વગર તેની નનામી ઉપાડવાની ચોક્ખી ના પાડી ત્યારે પાડોશી ઢેઢની મદદથી કેડમાં છોકરો અને કાંધે નનામી લઇને ચોધાર આંસુએ રડતી રડતી તે સ્મશાને ગઇ હતી! અને હજુ તો આઠ કલાક પહેલાં જ પૂરતા બળતણના અભાવે અર્ધ બળી પતિ ચિત્તા મસાણમાં ધુંધવાતી મૂકીને તે આવી હતી. ત્યાં તો—આંખનાં આંસુ સુકાય તે પહેલાં તો ગગા રામલાને પાડોશીની બોખડી ગંગા પાસે મૂકીને તે બિચારી નિત્યના સમયે પોતાના કામે આવી હતી!

"લાખુ, સોમલો તો ગઇ કાલે જ મરી ગયો ત્યાં આટલામાં આજને આજ કામે શું કામ આવી? પંદર દિવસ ઘરે રહેવું હતું ને! શેઠ પગાર નહિ કાપે. માણસના ઘા તો રંક ધનિક સૌને સરખા વસમા લાગે. તું તારે જા. બીજા કોઇને બોલાવીને કામ કરાવી લઇશું."

"માળી દાદા, શેઠનો તો આધાર છે એટલે પગાર નયે કાપે. પણ અમારે ગરીબોએ પણ જોવું તો જોઇએ ને, કે કામ કર્યા વિના પગાર કેમ મળે? મારાથી મગાય પણ કેમ? બાકી તો આ જગમાં કામ કરીએ ત્યાં સુધી સૌને સારાં લાગીએ! મરનારો તો મરી ગયો પણ પાછળ પડેલાનાં પેટ થોડાં મર્યાં છે? ટાણું થયે માગી લેશે. કામ ન કરૂં તો તેને ક્યાંથી આપું? અમારી પાસે દોલત થોડી જ પડી છે કે વટાવીને ખાશું?"

"પણ દુઃખ ઇ દુઃખ! બે પાંચ દિવસ ઘરે રહે દિલનો ભાર જરા હલકો થાય અને છોકરો એના બાપને ભૂલી જાય. તેથી બે પાંચ દિવસ ઘરે રહેવામાં વાંધો નહિ, એમ હું તો સમજુ."

"દાદા, ગરીબને વળી દુઃખ શું અને સુખ શું? પશુ વરાહે જીવતર પૂરૂં કરવાનું હોય. અમારે તો મરણ અને જન્મ, વીવા કે વરસી બધું સરખું! દુઃખ આવે તો કામ કરતાં કરતાં રોઇ નાંખીયે અને લગન આવે તોય કામ કરતાં કરતાં માણી નાંખીયે; સુખ અને દુઃખ બધું કામમાં! દાદા, અમે થોડા તાલેવર છીએ કે ઘરનો ખુણો પકડીને દુઃખ માણીએ? જો અમે દુઃખને રડવા બેસી રહીએ તો ભૂખ્યા પેટને કોણ છાનું રાખે? ભૂખનું દુઃખ સૌથી મોટું છે. ભૂખ કરતાં ભાલાં ભલાં! શાહુકારોને ભૂખ ન લાગે તે એને મન મોટું દુઃખ ગણાય. જ્યારે અમને કુદરતી લાગેલી ભૂખ પણ વસમી લાગે તેવી દુઃખદાયક હોય છે.

અમારે તો જીવતા જીવની વળગણ! મુઆ પછી એ એને માર્ગે અને જીવનાર પોતાના માર્ગે! મર્યું ઇ છૂટ્યું. તેને સંભારીને થોડું બેસી રેવાય! કયા જોર પર બેસીએ? બચારો તમારો ભંગીયો કામ કરતાં કરતાં મુઓ. માંદા માંદા અને ખાંસી ખાતાં ખાતાં અનરવા શરીરે મુઆનામટ સુધી તેણે કામ ખેંચ્યું. જ્યારે ગાત્ર અટક્યાં ત્યારે ઢગલો થઇને પડ્યો. પાછો ઉભો ન થયો. દાદા, કાંઇ મરવા જેવડો નહોતો. મેમાં પલળ્યો એટલે શરદી ભરાઇને તાવ આવ્યો અને ટાઢમાં પલળેલો એટલે ટુંટીયુંવાળીને ખાધાપીધા વગરનો પડ્યો એમાં ન્યુમોનીઆ થઇ ગયો! બિચારાને તાવમાં ઘરે પહોંચવાના સોંકારા નોતા. હું બાજુવાળા શેઠની છોકરીનાં લગ્ન હતાં એટલે સવારની ત્યાં જ હતી. ખબર પડી એટલે છાનીમાની ભાગીને ઘરે આવી અને દોડી દાકતરને દવાખાને. એક કલાક ત્યાં તપ કરી દવા વગર જ જ્યારે ઘરે ગઇ ત્યારે મારા કરમ ફૂટી ગયાં હતાં. મારા હાથનું આખરનું પાવળું પાણી પણ બિચારો ન પામ્યો! આટલું દિલમાં ખટકે છે. એ બિચારો કામ કરતાં કરતાં મુઓ અને મારેય તેને કામ કરતાં કરતાં જ ભૂલવો રહ્યો!"

"એ તો છેજને! પણ થોડા દિવસ ઘરે રહે અને છોકરાને એના બાપનો હેડો ભૂલાવી દે. નીકર એ ગભરૂ રોઇ રોઇને અધું થઈ જશે."

"એય ખરૂં દાદા, એના બાપનો બઉ હેવાયો છે. બે દિવસ થયાં દેખતો નથી એટલે બાઘા જેવો થઇ ગયો છે. એ તો ધીમે ધીમે ભૂલી જશે. આજે નોકરીમાંથી પગ કાઢવો સારો નહિ. ઘણા ટાંપીને બેઠા હોય. વીસ સંડાસની આ એકલી વાડી માટે તો છોકરાના બાપે સો સવાસો રૂપીયાનું પાણી કર્યું હતું. મુઓ મુકાદમ તો ગાદ જોઇને જ બેઠો છે. હું મુકું એટલી જ વાર છે. આ કળજુગમાં ઓળખ માત્ર આંખની! આંખ વીંચાણી એટલે બધુ બંધ. સાંઇ જાય અને સાંઇની શરમ પણ જાય! કામ હશે તો દુઃખ પણ ભૂલાશે. દુઃખીયાને કામ મોટું આશ્વાસન છે. કામ કરતાં કરતાં દુઃખ રડી નાંખીશ અને રામલોય એના બાપને નહિ દેખે એટલે ધીમે ધીમે ભૂલી જાશે. રોજીમાં દુઃખનો ખરો ઉપાય છે. કામ આડે ગમે તેવા દુઃખ પણ કોઠે પડી જાય."

"સમજ્યો. ત્યારે એમ કર, તું સવાર સાંજ સંડાસ સાફ કરી જજે. વાડી હુંજ વાળી નાંખીશ. બહારનાનો પગ વાડીમાં નહિ ઘાલું બસ. પંદર દિવસ સુખે દુઃખે કાઢી નાખશું. સુખ દુઃખ સૌનાં સરખાં. નોકરીની ચિંતા કરીશ મા. આજે તારો વારો તો કાલે મારો. દયા હશે તો જીવાશે, નહિતર જાશું જંતર વગાડતા મારા બાપ પાસે કોઇ ભાવેય નહિ પૂછે!"

* * *

સોમલો લાખુનો બીજી વારનો ધણી હતો. તેનો આગલો ધણી ગકનો મોટર નીચે પીલાઇને મરી ગયા પછી થોડા વખતે તેણે સોમલા સાથે ફરી ઘર માંડ્યું. સોમલાની વહુ કાશી આઠમે મહીને કઠેરા વગરના કુવે પાણી ભરતાં ભારે શરીર હાથમાં ન રહ્યું એટલે પડી કૂવામાં અને ત્યાં જ રામશરણ પામી ગઇ. દશ કલાકે માંડ માંડ મુડદું કાઢ્યું હતું. આમાં પચાસ જેટલા રૂપિયાનું પાણી થયું અને આઠેક દિવસ પોલીસે હેરાન કર્યાં ઇ જુદો!

લાખુ દેશમાં "ઠક્કર બાપાની" નિશાળમાં થોડું ઘણું ભણી હતી. ત્યાં હરિજન સેવકોનો બોધ અને ગાંધીજીનું નામ અનેક વખત સાંભળ્યાં હતાં. એક બે વખત દર્શન પણ કર્યાં હતાં. ત્યારથી એને પોતાની ન્યાતમાંથી ઉંચે આવવાનું મન થયું હતું. તેને સમજાયું હતું કે "પેટ ખાતર કામ તો ગમે તે કરીએ પણ સંસ્કારમાં શું કામ નીચા રહીએ? મનથી હૈયા દુબળા શું

કામ થઈએ? સંસ્કાર કાંઈ શાહુકારનો ઇજારો નથી! થોડો વખત તો વાણીયા બ્રાહ્મણની પેઠે તેને બીજું ઘર કરવાનું ન ગમ્યું. પણ બીચારી કરે શું? ભંગીની જાત. રોજનું કમાઈને ખાનાર, તેમાં પણ ભીખ વિના પુરૂં પાધરૂં પેટ ભરાય નહી ત્યાં થોડા તેના વિચારો કે ભાવના કામ આવે છે! બાકી ગરીબોને પણ પ્રેમ હોય છે. તેનેય દિલમાં પોતાના માણસ માટે કોમળ લાગણી હોય છે; તેનેય તેનું સ્મરણ થતું હોય છે, છતાંય બધુંય ભૂલવું પડે છે. તેને ધણીની મૂકેલી મુડી ઉપર કે ધનિક સાસુ–સસરાના ઉભરાતા હેત ઉપર લાડકો રંડાપો ગાળવાનો હોતો નથી. જગતમાં ધણી તો ધનિક અને રંક બન્નેના કમભાગ્યે મરે છે ત્યાં દિલનું દુ:ખ પણ બન્નેને હોય છે. બન્નેના જીવનમાં ઘડીભર અંધકાર થઈ જાય છે. પણ એકનું દુ:ખ સાધન બળે વીસરાય છે, રોટીની નિશ્ચિંતતા આશાનો ચમકારો તેના અંધારા દિલમાં પ્રગટાવે છે, જ્યારે બીજીને બીજા જ દિવસથી કામ કરતાં કરતાં બે આંસુ પાડી દુ:ખ ભૂલવાનું અને રોજના શ્રમ ઉપર જ રોટીની આશા રાખવાનું હોય છે. તેને નથી તો ધનનું રક્ષણ કે નથી ધરમનું! ધનિકનું રક્ષણ–જતન તેનું ધન કરે છે–ધરમ કરે છે. એટલે તેને લાડકો રંડાપો પાળવો પરવડે, સતી ધર્મ તેને સુલભ બને. જ્યારે ગરીબોને રોટી માટે કામ જોઈએ, રક્ષણ માટે કોઈની આડશ જોઈએ, કોઈનો કોતાર જોઈએ કે જેને ભરૂસે તે જીવન પૂરૂં કરે!

* * * *

લાખુની એક સાંસારિક ભાગીદારી તૂટી, ક્રૂર કાળે તોડી નાંખી તો તેને ટકવા માટે બીજી ભાગીદરી બાંધવી પડી. સોમલો તેના જીવનનો ભાગી થયો અને લાખુના અંધારા જીવનમાં તેજ પૂરાયું. બન્ને એક બીજાથી સુખી હતાં. બન્ને મહેનતુ હતાં. લાખુને સોમલાનો ભોળીયો સ્વભાવ ગમતો તો સોમલાને ઠક્કર બાપાની નિશાળમાં ભણેલી લાખુ માટે માન હતું. "ભણેલું માણસ પણ ભાગ્ય હોય તોજ મળે." એમ તે માનતો. કામથી થાકી નવરા પડે ત્યારે તે ભણતરની ચમત્કારિક વાતો લાખુ પાસેથી સાંભળતો. તે લાખુને રાજી રાખવા તેના આડા આડા કામ કરતો. તેણે પોતાના જીવનમાં લાખુના આવ્યા પછી ઘણા ફેરફાર કર્યા. ખરાબ માણસોની સોબત તજી, વારતહેવારે રમાતો જુગાર તજ્યો, દારૂ તજી એ ભગત થયો! લાખુ આ બધું જોતી અને મનમાં કોઈ અજબ સંતોષ આ ગરીબીમાં માણતી! તેને લાગતું કે ઠક્કર બાપાની સંસ્કારની પ્રસાદી એળે નથી ગઈ!

હજુ તો આઠ દિવસ પહેલાં જ નાના રામલાને રમાડતાં રમાડતાં સોમલે જ્યારે લાખુને કીધું કે "લાખુ, હું તો કંઈ ભણ્યો નહિ અને વૈતરાં આડે આ ભવમાં હવે કાંઈ ભણાયેય નહિ. વળી મારામાં એવી અક્કલ પણ નથી કે નથી કોઈ ગુરૂનો પંજો કે પાકે ઘડે કાંઠા ચડે. પણ આ રામલાને ભણાવવો છે. એ ભણીને આપણા ભંગીની નિશાળમાં માસ્તર થાય અને પોપટની પેઠે રામાયણ જેવી મોટી મોટી ચોપડીયું કડકડાટ વાંચે તો મને ટાઢક થાય. આ સાવરણો અને સુંડલો હવે નથી ગમતાં. ટુટી મરીયે તોય જીવારો નહિ. અને ગામ આખાનો કચરો તથા ગંદવાડ કાઢી ફુલફટાક જેવું કરી દઈયે તોય આબરૂ નહિ. બે મીઠાં વેણની આશા નહિ. ઉલટાં સૌ કુતરાંની પેઠે હાડ હાડ કરે. તે કરતાં તો થોડું ભણે તો માથાઝીકમાંથી તો છૂટે! હું બધું કામ કરીશ. તારે બદલે વાડીયુંનું કામ પણ હું સંભાળીશ. તું તારે આ છોકરાને ભણાવીને બાલીસ્ટર જેવો પોપટ બનાવી દે. મારે એને ઝાડુ મારનારો 'મુકાદમ કે' સાબની ગાળ્યું ખાનારો ભંગીયો નથી બનાવવો, માણસ બનાવવો છે. આ મહીને પગાર આવવા દે એટલે એના સારૂ કોટ પાટલુન પણ લઈ આપું. આપણે આમેય ક્યાં પૈસા ભેળા થવાના છે!" લાખુના મોં ઉપર તેજ ચમકી ગયું. તેણે રામલાને ગાલે ચૂમી ભરી અને ગઝાકમાં સોમલાને જવાબ આપ્યો કે "ત્યારે તમે તો બાલીસ્ટરના બાપા થવાના એમને! બાપ દીકરો અમારી ઓળખાણ ત્યારે રાખજો." ત્યારે તેને ક્યાં ખબર હતી કે મોત એના બારણામાં ડોકીયાં કરતું હતું. એને ક્યાં ખબર હતી કે કુદરતે કંઈ બીજું જ ધારી રાખ્યું હતું!

છોકરાં સૌને ગમે છે. તે સારાં, આબરૂદાર અને સુખી થાય તેવી ભાવના પણ સૌને હોય છે. પણ ભાવનાની પૂર્તિ માટે સૌ પાસે સરખી સ્થિતિ કે સાધનો નથી હોતાં. ગરીબ બિચારો ભંગીયો! એને ભણેલી લાખુ ગમે છે. પોતે નથી ભણ્યો તેનું દુ:ખ ધરી મનોમન પ્રાયશ્ચિત કરે છે અને એનો રામલો ભણીને પોપટ જેવું કડાકડ બોલે અને મોટા સાબને પણ જવાબ આપે તેવો બાલીસ્ટર થાય તેય ગમે છે. પણ તેને તેવો બનાવવા તેની પાસે બીજું તો કંઈ નથી! નથી સાધન કે સહાય! પણ છે એક માત્ર શરીરનો શ્રમ! પસીનો પાડવાની હીંમત! સંસ્કારના મૂલ્યની કિંમત અને લાખુના જ્ઞાનમાં શ્રદ્ધા! તેથી જ લાખુને બદલે થોડું વધુ કામ ખેંચવું પડે તો તે ખેંચવા અને પોતે તો માગીને–આખો ભવ ચીંથરા શરીરે વીંટયાં છે પણ બાલીસ્ટર રામલાને કોટ પાટલુન લઈ આપવાની ભાવના તેને થાય છે. માનવીની આ સંસ્કાર ભૂખ! પણ કમભાગ્યે સૌની ભૂખ નથી સંતોષાતી. તેથીજ સ્થિતિ અને સંસ્કારોમાં જે ઉતર્યા છે તે મોટે ભાગે કાયમ ઉતરતા જ રહે છે. સંસ્કાર, તાલીમ અને સક્રિય સહાનુભૂતિ જ માણસને ઉચે લાવે. પણ આ સંસ્કાર અને તાલીમ ગરીબોલાવે ક્યાંથી? કેવી રીતે ખરીદે? મહેનતનું મહેનતાણું પણ જ્યાં પૂરૂં પાધરૂં ન મળે ત્યાં બીજી સહાનુભૂતિની તો આશા પણ કેમ રાખી શકાય? એટલે તે કાયમ નીચા જ રહે છે. ગરીબો પોતાની કાયમની પતિત દશાનું કારણ જાણે છે. તેનો કંઈ ઉપાય તેની પાસે નથી તે પણ જાણે છે. પોતાની પ્રજાની ઘોર ભાવી સ્થિતિ પણ તે સમજે છે, છોકરાંઓ તેના દુ:ખી જીવનમાં કંઈ ફેરફાર કરી શકે કે પોતે તેને જન્માવીને સુખી કે સંસ્કારી બનાવી શકે તેમ નથી દેખાતું એટલે પાછળ પ્રજા મૂકી જવામાં તેઓને આનંદ નથી હોતો. છતાં પણ દિલની એકાંત ભૂલવા માટે અને પોતાની પરંપરા ચાલુ રાખવાનો મિથ્યા મોહ પોષવા માટે જ છોકરાંઓ તેને જોઈએ છે. એટલે ગરીબ અને ધનિકના દિલની મમતામાં, છોકરાંની પાછળની ભાવનામાં અને તેઓના સાંસારિક જીવન અને સામાજિક પ્રશ્નોમાં આ કારણે મહાન અંતર હોય છે.

* * *

સોમલો ગયો. તેણે કંઈ ભલામણ નહોતી કરી. લાખુએ કેમ જીવવું, બીજું ઘર કરવું કે નહિ તે વાતની પણ તેને કંઈ નહોતી પડી. કારણ કે તેઓને રોજે રોજનું જીવન જ્યાં પસીનામાંથી જ સર્જાવવાનું રહ્યું ત્યાં બીજી ભલામણનો અર્થ પણ શું? સગવડતા હશે તેમ કરશે અને જીવીને એક કાળે તે પણ મરી જશે એમ જ તેણે માન્યું હશે! જગતની આંખમાં આબરૂ તો નહોતી એટલે "કુળની આબરૂ દીપાવજે" એટલે કે "રંડાપો પાળજે" એવી સદાચારની વાતો પણ નહોતી કરી, માત્ર એક જ વસ્તુ તેના દિલમાં હતી કે "છોકરાને ઉછેરજે અને ભણાવજે!" સંસ્કાર ભૂખ્યા અસંસ્કારી માનવીની આ એક વાતને લાખુ બરાબર સમજી હતી તેથી.

તેની આ આખરી ઇચ્છા પૂરી કરવાનું તેણે મનોમન નક્કી કર્યું.

તેને લાગ્યું કે જો તે ફરી બીજું ઘર કરે તો ત્યાં છોકરો બરાબર ઉજરે નહિ. તેને ભણાવાય નહિ. નવો ધણી કદાપી તેને રાખે તો તેય વૈતરૂં ખેંચવા માટે. પારકાનો જણ્યો કોને પાલવે? અને ગરીબ માણસ એવી અર્થ વગરની દયા પણ કેમ ખાઇ શકે? તેથી તેણે નિશ્ચય કરી લીધો કે હવે તો છોકરાની ખાતર તેણે બીજું ઘર ન જ કરવું. તેની ગરીબ આંખમાં સતી કે ફરી વખત પરણેલી વચ્ચે ખાસ કંઇ અંતર નહોતું. ખપ હોય તો પરણે. ખપ ન હોય તો ન પરણે. એમાં કંઇ માણસમાં ફરક નથી પડતો એટલું એ જાણતી. બીજી વખત ન પરણે તો સતી કહેવાય અને લગ્નની જરૂરીયાત હોય તો પણ જો લગ્ન કરે તો સતી ન રહેવાય તેવો ઉંડો ખ્યાલ પણ તેને ન હોતો, સતીત્વ એ સ્ત્રીના લગ્નની સંખ્યાનો વિષય નથી પણ તેના દિલની શુભ નિષ્ઠાનો Fidelity નો વિષય છે તેવી લગ્નજીવનની મીમાંસા પણ તે નહોતી જાણતી. પાંચ પતિની પત્ની બનેલી પાંચાલી, જુનાગઢના રા' માંડલિકને પરચો બતાવનારી પુનઃલગ્ન કરેલી સરસઇની આઇ નાગબાઇ કે વિભિષણ સાથે રાવણના મૃત્યુ પછી પરણેલી મંદોદરી શા કારણે સતી ગણાઇ હશે તે વાતનો તાગ પણ તેણે કદી કાઢ્યો નહોતો. લગ્ન વિષયક ગૂઢ વાતોનું તેને ખાસ કંઈ ભાન નહોતું. પણ એક જ દૃઢ ખ્યાલ હતો કે સોમલાએ કોઇ દિ, કંઇ કામ તેને ચીંધ્યું નથી કે કાંઈ કરવાનું કીધું નથી. પણ જીવ્યો ત્યાં સુધી બિચારે તેનાં બધાં કામ કર્યાં છે. તેણે કીધું તેમ કર્યું છે અને તેને રાજી રાખવા તપસી જેવો તપ પણ કર્યો છે. તો તેણે તેનું આખરનું એક કહ્યું કરવું—છોકરાને ઉછેરવો અને ભણાવવો. આ ભાવનાની પાછળ સતી બનવાનો ભ્રામક ભાવ કે ઘમંડ નહોતાં. પણ મરનારે અનેક ઉપકાર કર્યાં તો તેણે તેનું એક કાર્ય કરવું ઘટે એવું કર્તવ્ય ભાન જ તેના મનમાં હતું.

* * *

સગાંવહાલાંએ તેને બીજું ઘર માંડીને બેસી જવાનું કહ્યું. ઘણાયે સલાહ પણ આપી. કોઇ ઉમેદવાર પણ તૈયાર થઇ ગયા. પણ સૌને એક જ જવાબ મળ્યો કે સોમલાની આખરની એક પ્રસાદીનું જતન કરવું છે. જો ફરી લગ્ન કરૂં તો છોકરો ઉજરે નહિ, ભણેય નહિ અને મરનારનું વેણ પળે નહિ. મારો નિશ્ચય તો હીરની ગાંઠ અને માથે તેલનાં ટીપા જેવો સમજવો!!

ભોળી બિચારી લાખુ! તેને ક્યાં ખબર હતી કે એક વેણ કેવડું છે? તેની પાછળ શું શું પડ્યું છે? તેને ક્યાં ખબર હતી કે એક કહ્યું કરતાં જીવન આખું જલાવી નાંખવું પડશે, અગ્નિ પરીક્ષા આપવી પડશે. અને એકલું અટુલું આધાર વગરનું રંક જીવન જગતના અનેક આકરા ઝંઝાવાતમાં વહેતું મૂકતાં ખાડા ખરાબા સહવા પડશે!

...પણ લાખુ વજ્ર નિશ્ચયની હતી! **વ્રજલાલ ધ. મેઘાણી.**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયઃ**—તા. ૨૮—૫—૪૪ને રોજ મળેલ સામાન્ય સમિતિની અસાધારણ સભાએ "જૈન કન્યા છાત્રાલય શરૂ કરવા મુંબઇ તેમજ પરામાં યોગ્ય જગ્યા હાલ મળી શકે તેમ ન હોવાથી, કન્યા છાત્રાલય અંગેની પ્રવૃત્તિ હાલ તુરત માટે યોગ્ય બહેનોને છાત્રાવૃતિ આપીને શરૂ કરવી એવી શરતે કે જ્યારે કન્યા છાત્રાલય માટે મકાન મળે અને કન્યા છાત્રાલય શરૂ થાય ત્યારે તે બહેનોએ કન્યા છાત્રાલયમાં દાખલ થવું પડશે" આ ઠરાવ સર્વાનુમતે પસાર કરેલ છે આ મુજબના ઠરાવની રૂએ ૧૯૪૪—૪૫ માટે યોગ્ય બહેનોને છાત્રવૃતિ આપવામાં આવશે તે અંગેનું અરજી પત્રક ગોવાલીઆ ટેંક રોડ પરની સંસ્થાની ઓફીસેથી (તા. ૧૦મી જુન ૧૯૪૪ પછી) મળશે.

## ગાંધીયુગનું ગૌરીશંકર

(પૃષ્ઠ ૨૩ થી ચાલુ)

પેલી લપસણી સીડીથી બચવા પામ્યા. અને એ જ બીના એમના ચારિત્ર્યના પ્રવાહને જાણ્યેઅજાણ્યે પણ નિઃશ્રેયસ—કલ્યાણ ને પંથે આગળ લઇ જવામાં નિમિત્તરૂપ બની. તેઓ સત્યપરાયણ પારદર્શી સાધકો હતા; પારોપાર મુક્તિઉપાસક હતાં. અહંમન્ય સ્વયંમન્ય નહોતા. શક્તિના ઉપાસક હતા, પણ તેમણે જોયું કે શક્તિનું એક અવનવું દર્શન તેમને ગાંધીજી પાસેથી મળી રહ્યું છે. આ શક્તિ શિવના દેહ નીચે કચડી ખૂંદનારી ઉન્માદિની નથી, પણ એ શક્તિ છે જે સચરાચર સૃષ્ટિના પાયામાં પડેલા મૂલગત શ્રેય અને માંગલ્યરૂપી શિવની અટૂટ બેલડી અને સંસાર સમસ્તની ધાત્રી કલ્યાણી છે; ભયંકરી નહિ પણ શુભંકરી છે; જેને બળે ને આધારે ધાવાપૃથિવી સહિત વિશ્વનાં સમસ્ત બળો પોતપોતાને સ્થાને યથાતથ ટકી રહ્યાં છે.

સત્યનિષ્ઠા અને નીતિનિયમોની આવી વફાદારીની હાંસી ઉડાવનારાઓનો વર્ગ પણ તેમની વચ્ચે હતો. "દેશની મુક્તિનો પાવન ધર્મ આચરવામાં હિંસા—અહિંસા ને સત્યાસત્યના ચોખલિયાવેડા ન ચાલે; હેતુ સામું જુઓ, કૃત્ય સામું ન જુઓ; દેશસેવા પતિતપાવન ધર્મ છે, એમાં શુદ્ધ ભાવે કરેલી તમામ સારીનરસી ક્રિયાઓ ક્ષંતવ્ય છે; પાપપુણ્યના ખ્યાલ આજ દુનિયાને માટે હવે જરીપુરાણા થયા;' એવી એવી દલીલોવાળી એમની વિચારસરણી જાણીતી છે. આવા લોકો ચાહે તેવા અગ્રણી છતાં પોતે માનેલા દેશહિતની ગણતરીએ સત્યને અવગણવા જતાં, રાગદ્વેષના માર્યાં અંતે કેવી બેહુદી ભૂમિકા ઉપર જઇને ઉભે છે એનો આબેહુબ ચિતાર, એમને જે અનેક કોમીવાદીઓ, સામ્યવાદીઓ વગેરે આ અરસામાં ફાટી નીકળ્યા તેમણે પૂરો પાડ્યો. નરી વેરવૃત્તિથી શત્રુની શેતાનિયતનું જ રાતદિવસ કરેલું ચિંતવન બુરાઇ—ભલાઇના ઓછાવત્તા સંભાર સમા ખરા શત્રુને કોરે મેલી કીટ—ભ્રમર ન્યાયે અથવા તો પેલા જેકિલ—હાઇડ વાળા કિસ્સાની પેઠે તેવું ચિંતવન કરનારના જ અંતરમાં નરી નિર્ભેળ શેતાનિયતને કેવી સિફતથી આયાત કરે છે એની પ્રતીતિ એમને એ લોકોના વિવિધ પ્રવૃત્તિઓ અને કારવાઇઓમાંથી થઇ.

વળી એમણે જોયું કે વેરઝેરના ઉપાસકોની એ વૈરજન્ય વિચારસરણી દેશહિતઘાતક નીવડીને જ અટકી નહિ. વેરઝેરના માનસમાં દેશહિતની જગા જોતજોતામાં કોમહિતની ને પછી વર્ગહિતની દલીલોએ લીધી. વિદેશી જાલીમ રાજ્યકર્તાઓ સમેનો રોષની જગા ધીખતા કોમીવાદે કે વર્ગવિગ્રહના વિચારપ્રચારે લેવા માંડી. રાજ્યકર્તા સલ્તનતનાં પ્રજાહિતવિરોધી પડયંત્રોને ફોક કરી મેલવાની કારવાઇઓની જગા કોમી ધર્માન્ધોને કે ઘરના ગુંડા, શોષક કે ભાડુતી પીડકવર્ગને જેર કરવાનાં પડયંત્રોએ લીધી. અને 'શઠં પ્રતિ શાઠ્યં' ને ન્યાયે જુદા જુદા વાદ અને જુદી જુદી જમાતોના ઝનૂનોના જવાબ ઝનૂનથી, આગના બદલા આગથી, અપહરણના બદલા અપહરણથી અને છરાના જવાબ છરાથી વાળવાનાં મેલાં અંતરથ ઝેરવેરે પરાધીન પ્રજાજીવનને પગે પગલે બેવડું દોઝખ્યું કરી મૂક્યું ને કુટિલ રાજ્યકર્તાઓને કોઠે ટાઢક વાળી દીધી.

અપૂર્ણ **સ્વામી આનંદ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫—૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૬
અંક : ૪

મુંબઈ: ૧૫ જુન ૧૯૪૪ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૩

## સમાજમાં મારાં પાંત્રીસ વર્ષ:—

જ્ઞાતિ, ગામ કે પ્રાંત બહાર અગાઉ દૃષ્ટિ નહોતી પહોંચતી તેથી આવી ભારે વાતનો ખ્યાલ પણ નહોતો. કોઇ તેવો ખ્યાલ જન્માવે તેવું પણ ગામમાં, ધર્માલયમાં, કે શાળામાં નહોતું. એટલે આ નવા ખ્યાલે અમને આકર્ષ્યા. આજસુધી ધર્મમાં ક્રિયાકાંડ અને સાધુઓનું અને સમાજમાં રૂઢિ, બ્રાહ્મણ અને મહાજનનું જ સાંભળ્યું હતું પણ નવીન જીવનતત્ત્વ, રાષ્ટ્રત્વ, માનવતા અને તેની કસોટી માટે સત્ય, વિજ્ઞાન અને ઉપયોગ અને તેની સદ્ધરતા માટે સંજોગ, શકિત અને યુગપ્રવાહ વિગેરે તત્વો તો મોટા શહેરમાં જ્યારે ભણેલાઓએ બતાવ્યાં ત્યારે તેની પહેલી અસર તો એ થઈ કે ક્રિયાકાંડી ધર્મ અને સ્થિતિચુસ્ત સમાજ અતિ નાના લાગવા માંડયાં. તેની તરફ ઉપેક્ષિત વૃત્તિ આવી અને ઉદાસીન થઇ જવાયું. પણ જીવનમાં રહેલી જુનવાણીએ અને શ્રદ્ધાની ઉંડી ઉંડી જડે નવીન સૃષ્ટિમાં પૂરેપૂરો પ્રવેશ થવા દીધો નહિ, એટલે નવું પ્રાપ્ત થઇ શકયું નહિ અને જુનું જીવનમાં જળવાણું નહિ! આટલાથી અટકયું નહિ, પણ આવા મંથનકાળમાં યોગ્ય દોરવણીના અભાવે વિવેકબુદ્ધિ બધિર થઇ ગઇ અને જીવનમાં ટીખળવૃત્તિ, નાસ્તિકવૃત્તિ અને ચીડીયાપણું પ્રવેશતા ગયા. સામાન્યત: યુવકોની આજ સ્થિતિ હતી, આ વિષાદના અરસામાં બચપણમાં બહુમૂલી માનેલ બાધાઓમાં મારા મિત્રો અને મેં 'રજકો,' (એક જાતનું ઘાસ) શેવાળ કે થોર જેવી વસ્તુઓ ન ખાવાની બાધા લઇને બાધા આપનાર પૂજ્ય સાધુઓની અને પવિત્ર ધર્મની મજાક ઉડાડવી શરૂ કરી હતી! આવી સ્થિતિ હરકોઇ સમાજ માટે અક્ષમ્ય અને વિષમ જ ગણાય. અને જો છેલ્લા ચાર દાયકામાં બનેલા ઉગ્ર રાષ્ટ્રીય બનાવોએ પ્રજાનું લક્ષ્ય બીજી તરફ વાળ્યું ન હોત તો એ ભયંકર વિનિપાત કયાં જઇને અટકત તે કહેવું મુશ્કેલ છે. આ રાષ્ટ્રિય બનાવોની પ્રથમ અસરે સમાજની વિકૃતિ અને ખરો ઉપયોગ બન્નેને સ્પષ્ટ કર્યા. તેમાંથી સામાજિક સુધારણાની ભાવના થોડાક માનવીઓમાં જાગી. તે માટે થોડીક પરિષદો પણ મળી. આવી પરિષદોની પાછળ ગમે તે હેતુ કે ધારણા હોય પણ વ્યવહારિક પ્રસંગોના આર્થિક બોજાને હળવો કરવાની વિચારણા સિવાય બીજું કંઇ ઉપયોગી કાર્ય તેમાં થઇ શકયું નહિ. કન્યાવિક્રય અટકાવવાને બદલે હળવો કરીને કે બીજા ખર્ચ કમતી કરાવીને વ્યવહારિક પ્રસંગો સમાજની ગરીબીને બંધબેસતા બની શકે તે જાતના પ્રયાસો થયા હતા. જ્યાં જ્યાં આ શકય ન બન્યું ત્યાં ત્યાં એક અનિષ્ઠના પ્રતિકાર માટે બીજું અનિષ્ટ દાખલ કરવા જેવા બેહુદા પ્રયત્નો પણ થયા છે. ત્યાર પછી સમાજનું ધ્યાન ખેંચાયું કેળવણી તરફ. એટલે બીજી વખતે કેળવણીને નહિ પણ કેળવણી લેનારાઓને થોડીક સગવડતા મળે તે માટે થોડાંક છાત્રાલયો સ્થપાયાં. લોકોને કેળવણીનો સાચો ખ્યાલ નહોતો એટલે કેળવણી કરતાં કેળવાયેલાંઓ તરફ મમતા જાગી. આનો લાભ કે ગેરલાભ પાછળથી ભણેલાઓએ ખુબ લીધો અને ભયંકર વિકૃતિ ગરીબડા સમાજમાં પેસાડી જે વરવિક્રયના સ્વરૂપે આજે પણ મોજુદ છે.

ખર્ચાળ રીવાજો અને કેળવણી ઉપરાંત બીજા અનેક સામાજિક પ્રશ્નો છણાવટ માગતા હતા. પણ તેને સ્પર્શ પણ નહોતો થયો. આર્થિક પ્રશ્ને મુંઝવ્યાં ન હોત અને પરદેશના વ્યવહારે કેળવણીની જરૂરિયાત ઉભી કરી ન હોત તો આટલું પણ નજ થાત! એટલે ખરી રીતે જુની પરિષદોએ તો ખર્ચાળ પ્રસંગોના કાપ સિવાયની બીજી બધી કુરૂઢિ, કુધારા કે દુ:ખદ સ્થિતિને મુંગી બહાલી જ આપી છે. આ ઉપરથી એમ લાગે છે કે જ્યારે સમાજ ખરેખરો મુંઝાયો છે, ત્યારે જ તરસ લાગે, ત્યારે કુવો ખોદવા જેવા પ્રયત્નો તેણે આજ દિન સુધી કર્યા છે, પણ ભાવીનો વિચાર કરીને દીર્ઘદ્રષ્ટિથી સમાજમાં કે ધર્મમાં નવી રચના કે પરિવર્તનો કરવાનો વિચાર કર્યો નથી!

ધાર્મિક બાબતમાં સંસારીઓથી માથું મરાયં જ નહિ એવી રૂઢ માન્યતાની સામે થઇને પણ સાધુસંસ્થાની શિથિળતા, નિષ્ક્રિયતા, દંભ, પતન અને અજ્ઞાન સામે પધ્ધતિસર કલમ અને જબાન ચલાવી હોય તો તે સદ્‌ગત શ્રી. વાડીલાલ મોતીલાલ શાહે અને છેલ્લા દોઢ દાયકામાં યુવકોએ. શ્રી. વા. મો. શાહની શકિત અને ધગશ અજબ હતી. પણ ત્યારે સમાજ તૈયાર નહતો, જુનવાણી સ્થિતિચુસ્તોનું પ્રાબલ્ય અને સાધુઓનું વર્ચસ્વ સમાજમાં ઘણું હતું; છતાં પણ તે જવાંમર્દ એકલો એ સાધુઓ અને જડસુઓના પ્રતિકાર સામે વર્ષો સુધી ઝુઝયો, પણ વાતાવરણ કેળવાયાં સિવાય ખાસ કંઇ પરિણામ ન આવ્યું. આજની ઉગ્રતા અને નૈતિક હિંમત વાતાવરણમાંથી જન્મ્યા છે એટલું આજે પણ કહ્યા વિના ચાલે તેમ નથી.

બીજી જ્ઞાતિઓ અને ધાર્મિક સંપ્રદાયોમાં પણ આવું કે આથી પણ વધુ ખરાબ વાતાવરણ હતું. મહર્ષી સ્વામી દયાનંદ સરસ્વતીએ અને તેના આર્યસમાજે અને અમદાવાદના મહિપતરામભાઇએ અને તેમના મંડળે ઉત્પન્ન કરેલા ઝંઝાવાતે સ્થિતિચુસ્તતાના શાન્ત બંધિયાર જળમાં વમળો ઉત્પન્ન કર્યા. વિદુષી એની બિસન્ટે તે વખતના બાળ વિદ્યાર્થીઓ પાસે ધર્મનું, ખરા આર્યત્વનું દષ્ટિબિન્દુ રજુ કરવાના પ્રયત્નો કર્યા. ધાર્મિક પરીક્ષાઓ, સત્કર્મની નોંધ વગેરે રાખતા શીખવ્યા. આની અસર યુવક માનસ ઉપર તે વખતે ખૂબ હતી. તેણે "પ્રભુ અવતરશો કયારે?" અને "હતું તેવું ફરી ભારત બનાવી દે!" ની ઝંખના ત્યારથી વિદ્યાર્થીઓમાં જગાડી. તે નાબુદ થાય ત્યાં

તો આવ્યો પ્રચંડ રાષ્ટ્રયુગ! એણે તો સદીઓનું કામ એક દાયકામાં કર્યું. ન કલ્પી શકાય તેવી જાગ્રતિ અને સાર્વદેશીય પ્રગતિ કરી. આ ભાવનાની શરૂઆત વીસમી સદીની શરૂઆતથી જ થયેલ, પણ પૂર્ણ વેગથી તો ૧૯૧૮ પછી.

લાલ, બાલ અને પાલની ત્રિમૂર્તિ અને બંગભંગ, સ્વદેશીની ચળવળ અને તેની સામેના પરદેશીઓના દમનના દોરથી ઉત્પન્ન થયેલ બોંબ યુગના બંગાળ અને પંજાબના બળવાએ પ્રજા પાસે દેશની એક સમસ્યા જ્યારે રજુ કરી ત્યારે જ પ્રજાના મોટા ભાગે પોતાના નાનકડા વર્તુળમાંથી, મંદીરના ગભારામાંથી, કેળવણીના સ્થાનમાંથી અને સમાજિક કુંજ ગલ્લીઓમાંથી ડોકુ ઉંચુ કર્યું. ત્યારે જ પ્રભુ પ્રાર્થના જેવું જ પવિત્ર ઉન્નત "રાષ્ટ્રગીત" સાંભળ્યું–ત્યારે જ જન્મભૂમિ પણ જનની જેવી જ છે તે જાણ્યું. પહેલાં તો પસાર થતા એક બનાવ તરીકે જ તેને નિહાળ્યું; ત્યાં તો તુરતજ ૧૯૧૪ ના મહાયુધ્ધે પ્રજાની દૃષ્ટિને જગતવ્યાપી બનાવો તરફ ખેંચી અને તેમાંથી કંઇ મેળવી શકાય તેમ છે એમ માની પ્રજા એક યા બીજા કારણે તેના અંતર્ગત પ્રવાહોને સમજતા શીખી. આ સ્થિતિ પછી તો તેમાં ધીમે ધીમે પ્રતિદિન ઉમેરો થતો જ ગયો. લોકોનું મન ધર્માદિ બીજા પ્રશ્નોમાંથી ખસીને રાજકારણ અને અર્થશાસ્ત્ર તરફ ઢળ્યું. જે વખતે મુંઝાયેલી માનવજાતને સાચા ધર્મના આશ્વાસનની જરૂર હતી, જે વખતે તેને માર્ગ શોધવા માટે માનવતાના પ્રકાશનો ખપ હતો, જે વખતે પલટાતા જગતમાં સ્થિર રહે અને રાખે તેવા ઇશ્વરી આધારને દુનિયા ઝંખતી હતી અને જે વખતે સામાજિક, ધાર્મિક અને નૈતિક પુનર્ઘટના કરી શક્તિ કેળવવાની જરૂર હતી તે વખતે સમાજના સુત્રધારો, ધર્મના સંચાલકો અને ન્યાયનીતિવિશારદો પોતાના વાડામાંથી બહાર ન નીકળ્યા તેમજ પોતાની જુની જીવનરીતિનો નવી દૃષ્ટિએ વિચાર પણ ન કર્યો, પણ ભાન ભૂલી ઘરના ખૂણે ભરાઇ બેઠા. ત્યારે આકળી થયેલી પ્રજાએ પોતાનું સ્થાન ટકાવવા ધર્મ કરતાં અર્થને અને બીજા પ્રશ્નો કરતાં રાષ્ટ્રને વધુ યોગ્ય માન્યા. દેશના પ્રશ્નના નિરાકરણ સાથે બીજા પ્રશ્નો આપોઆપ ઉકેલાઇ જશે એમ પ્રજાને લાગ્યું. પૂ. મહાત્માજીના હિન્દમાં પુનરાગમને તો રાષ્ટ્રીય પ્રશ્નને દેશના ખૂણે ખૂણામાં પહોંચાડી દીધો. સમાજના બીજા બધા પ્રશ્નો તેમાં સમાઇ ગયા. આ કારણેજ હવે માણસનું માનસ નરી ધાર્મિક ક્રિયાકાંડી પ્રવૃત્તિ તરફ નથી વળતું. એક દિવસે ધર્મનાદ પ્રજાનો પ્રાણ હતો. આજે રાષ્ટ્રવાદ એક મહાન પ્રશ્ન, ધર્મ કે જીવન સમસ્યા પ્રજા માટે થઇ પડી છે; અને જેમ ક્રિશ્ચિયાનીટી કે જે ખરી રીતે તો યાહુદી રાષ્ટ્રની ઉત્થાનનીજ પ્રવૃત્તિ હતી, પરદેશી પાસેથી માતૃભૂમિના વિમોચનનીજ ચળવળ હતી, તેમાં માત્ર યાહુદી કોમની અસ્મિતા જાગૃત કરવાની પ્રેરણા હતી, પણ જેમ તેના નેતાની સરળતા, સદ્ચારિત્ર અને માનવ પ્રેમે તે ચળવળમાંથી એક નવો ધર્મ ઉભો કરી નાંખ્યો તેમ આજની આપણી રાષ્ટ્રીય ચળવળમાંથી, ચળવળની ગાંધીવાદની પદ્ધતિમાંથી, આપણા મહાન નેતાની મહત્તામાંથી કદાપિ જાતે કાળે એક નવો જ માનવધર્મ ઉભો થઇ જાય તો નવાઇ નથી. પણ ત્યાં સુધી તો નવી પ્રજામાંથી જુની શ્રદ્ધા અને જુની ધર્મ-પ્રીતિ ગયાં તે ગયાં જ! આજે વર્ષોના અનુભવ પછી લાગે છે કે જો ધર્મ, જીવન અને રાષ્ટ્રને એક બીજાના પ્રેરક માન્યા હોત અને ધર્માચાર્યોએ તે જાતની ભાવના પોષી ધર્મ, સમાજ અને રાષ્ટ્રીય વિકાસ માટે કોઇ સામાન્ય ભૂમિકા તૈયાર કરી હોત તો જેમ આજે રાષ્ટ્રીયતત્ત્વમાં ધાર્મિકતત્ત્વ તદ્દન દબાઇને વિસરાઇ ગયું છે તેવી ધર્મવિમુખતાની કપરી સ્થિતિ ન આવત, પણ કંઇ બીજી જ સુંદર સ્થિતિ હોત! અને રાષ્ટ્રત્વ જેમ આજે ધર્મને દોરવે છે તેમ ધર્મ રાષ્ટ્રને દોરતો હોત!–

માત્ર નવી પ્રજામાં જ આ જાતનો પલટો આવ્યો છે એમ તો નથી, પણ સામાન્યપણે માણસ વિશેષ ધર્મથી ધીમે-ધીમે દૂર થતો જાય છે. આનો અર્થ એમ નથી કરી લેવાનો કે તે ધર્મ વગરનો થઇ ગયો છે! જરૂર તે ક્રિયાકાંડ અને નિયમીત કરવામાં આવતી ક્રિયાઓ કરતો કાંતો અટકી ગયો છે અગર તો કમતી કરતો થયો છે અને માત્ર ઓળખ પૂરતો જ અમુક વિશેષ ધર્મનો અનુયાયી રહ્યો છે. બાકી તો તેમાં તેની શ્રદ્ધા નથી રહી એમ તો સ્પષ્ટ દેખાય છે!

હાઇસ્કુલમાં આવ્યા પછી જોયું કે લગભગ ઘણાખરા વિદ્યાર્થીઓની સમજ્યે કે અણસમજ્યે પણ નિત્ય થતી ક્રિયા અટકી ગઇ હતી. શાળામાં નીતિ અને ધાર્મિક શિક્ષણ ફરજિયાત અપાતું હતું: બોર્ડિંગના વડાઓ વારંવાર મુનિ મહારાજો પાસે લઇ જતા હતા. તહેવારો આવતા હતા છતાં પણ ધીમે ધીમે ધર્મપ્રીતિ પરવારતી ગઇ. દુઃખપૂર્વક કહેવું પડે છે કે આજે આટલા વર્ષે પણ તે પ્રીતિ પ્રમાણીકપણે કહું તો પાછી નથી આવતી! કોઇ કોઇ વખતે વ્યગ્ર મનને શાન્ત કરવા કે માનસિક આશ્વાસન મેળવવા પૂરાણી ધર્મપ્રીતિ જીવનમાં જગવવા પ્રયત્ન કરું છું પણ વરંવાર મન ડગી જાય છે અને દીલમાં ઘોર અંધકાર દેખાય છે! છેલ્લા ત્રણ દાયકામાં પ્રજાનું સામાન્ય વાતાવરણ આવું રહ્યું. કોઇ કોઇ વખતે વાણી પ્રવાહ અને સાધુની પ્રતિભા થોડીક અસર જન્માવતી પણ તે અલ્પજીવી જ રહેતી. આ રીતે જ આપણી પ્રીતિ ઘટી. આ રીતે જ આપણી જનસંખ્યા દિન પ્રતિદિન ઘટતી ચાલી. અને આ રીતે જ આપણી સાધુસંખ્યા ક્ષીણ થતી ગઇ! "સંસારી થઇને ક્યાં ધર્મ નથી થતો કે બાવા બનવું પડે! ઘર આગળ ક્યાં ધર્મ નથી થતો કે ધર્મ-સ્થાનકમાં જવું જ પડે! સંસાર વ્યવહારમાં સરળતા, નીતિ અને દયા રાખીએ તો તેથી ક્યાં ધર્મ નથી થતો કે વળી બીજો કોઇ ધર્મ ધારવો પડે!" આવી માન્યતા પ્રજામાં પેઠી. આપણા ધર્મપ્રેરક તહેવારોની ઝળક ઝાંખી થઇ ગઇ અને સાથે જ તે માટેની તાલાવેલી તુટી ગઇ અને આપણા સાધુઓમાં કંઇ શુક્કવાર વળે તેવું કે છાપ પડે તેવું જ્ઞાન, પ્રતિભા, ઓજસ કે તાલાવેલી ન દીઠી, તેનામાં દીર્ઘ દ્રષ્ટિ ન દીઠી કે ન દીઠી નવીનતા કે વિશાળતા. જ્યારે રાષ્ટ્રિય સેવકોને ભીષણ ભોગ આપતા દીઠા. તેજથી દુશ્મનને ડારતા દીઠા. પ્રેમથી પ્રજાને દોરતા દીઠા. પડેલાના ભેરૂ થઈ ટેકો આપતા દીઠા. અને દીઠા પૂર્વજોનાં પાપનું પ્રાયશ્ચિત કરતા અને રાષ્ટ્રની ખાતર વધસ્થંભ પર માથું મૂકતાં. એટલે પ્રજા તે તરફ આકર્ષાઇ. આ સ્થિતિ હજુ ચાલુ છે.

બહુ મોડું થઇ ગયા પછી પણ થોડાક ધર્મગુરૂઓ જાગ્યા. તેઓએ આ ધર્મ વિમુખતાની સ્થિતિ સુધારવાના પ્રયાસો પણ કર્યા. ધર્મ પરિષદો મળી. ધર્માચાર્યો એકઠા થયા. તેમાં દિન-ચર્યામાં ક્રિયાકાંડમાં ફેરફાર કરવાની, શાસ્ત્રોના અર્થોનો નિર્ણય કરવાની, તિથિ નિર્ણયોની કે ચેતન અચેતનની સામાન્ય વાતો સિવાય સાચું જીવન ઉભું કરવાની, જગતભરમાં શાન્તિ, અભય અને પ્રેમનું સામ્રાજ્ય કેમ સ્થપાય તેવી સાધુતાને કે ધર્મને શોભતી રૂડી વિચારણા ન થઇ:–અને વધું કંઇ બને ત્યાં તો કાંતો ગાદી માટે કે તેવા બીજા હકકોના પ્રશ્નો પર પરિષદો અને ચર્ચાઓ થંભી ગયા:–અને થોડાક સજાગ

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ જુઓ)

# અહંતા ટાળો

(પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલ 'વ્યવહાર સાધક નિશ્ચય સાધ્ય' અને 'શુભ અને શુદ્ધનું પ્રતિદ્વંદ્વ' એ બે લેખોમાં જે વિષયની ચર્ચા કરવામાં આવી છે તેના અનુસંધાનમાં શ્રી મુળજી ભગવાનજી ખારાએ મોકલેલ ચર્ચાપત્ર અહિં પ્રગટ કરવામાં આવે છે અને એ સાથે આ વિષયની ચર્ચા હાલ તુરત પ્રબુદ્ધ જૈન પુરતી બંધ કરવામાં આવે છે. —તંત્રી)

૧ વ્યવહાર અને નિશ્ચય અથવા સંસાર અને નિર્વાણ. મુક્તિગામી પુરૂષો જો સંસારના વિષયોને વળગી રહીને મુક્તિ મળશે એમ માને તો મુક્તિ મળવી અસંભવિત છે. આપણે પુનર્જન્મને માનીએ છીએ તે તો ચોક્કસ છે. હવે જ્યારે આપણા જીવે અનંતા ભાવો કર્યા તેમાં સારા શુભ પ્રવૃત્તિના ઘણા ભાવો કર્યા હશે. તેનાં ફળ પણ ચાખ્યાં હશે. છતાં હજુ આપણી મુક્તિ થઇ નથી તેજ આપણને બતાવે છે કે—મુક્તિના ઇચ્છુક જીવોએ તમામ સંસાર વિષયને લગતી પ્રવૃત્તિથી નિવૃત્ત થઇ કેવળ આત્મ—અભ્યાસી થવાની જરૂર છે. ત્યારે કેટલાક જીવો દયા, દાન, કરૂણા, સેવા વગેરેને અગ્રસ્થાન આપી રહ્યા છે.

૨ હવે જો તેટલાથી જ મુક્ત દશા થતી હોય તો આ જીવે પણ મુક્તિ મેળવી હોત. ત્યારે કાંઇક બીજી જરૂર રહે છે તેમ માનવું રહ્યું અને તે વિરક્તપણું. તે મેળવ્યા સિવાય કોઇ મુક્તિને પામ્યા નથી. વિરક્ત પંથી જીવોને સંસારના ઘણા પ્રસંગો આવે ત્યારે બધાં કામો કરવાં પડે છે, છતાં તે આત્માઓ તે કામો પોતાનાં માનતા નથી. ઉદાહરણ તરીકે કોઇ રોગીને દવા આપી સુશ્રુષા કરી તેને જીવાડે, કોઈ ભુખ્યાને અન્ન આપી તેની ભુખ મટાડે, છતાં "દરદી મારાથી જીવ્યો" કે ભૂખ્યાને મારાથી પોષણ મળ્યું" તેમ ન માને; પરંતુ તે મહા—આત્મા એમ જ માને કે હું તો માત્ર નિમિત્ત માત્ર છું. નિમિત્ત મુખ્ય વસ્તુ નથી પણ ગૌણ છે. ઉપાદાન પ્રાધાન્ય વસ્તુ છે. લીંડી પીપરને ખુબ પીસવાથી તેમાં તીખાશ આવી તેમાં પથ્થર એમ માને કે મારાથી આમાં તિખાશ આવી તો તે પથ્થરની માન્યતા હાસ્ય પાત્ર છે. તેમજ મહાન પુરૂષો પોતાને નિમિત્ત માને, પરંતુ મારાથી થયું કે મેં કર્યું તેમ ન માને તેમજ આવાં મહદ્ કાર્યો કરવાથી મને મુક્તિ મળશે એમ પણ ન માને.

૩ મુક્તિ મેળવવાના રસ્તામાં પોતે વીતરાગ દશા પ્રાપ્ત ન કરી હોય ત્યાંસુધી શુભ પ્રસંગો ઘણા આવે અને પોતે સંસારની દૃષ્ટિથી શુભ કામો કરતો દેખાય પણ ખરો પરંતુ પોતાનું ધ્યેય તો મુક્તિને લક્ષીનેજ હોય.

૪ સંસારનાં સુખ કે સ્વર્ગનાં સુખ મારે હવે જોઇતાં નથી તેમ માની શુભ કાર્યોમાં નિર્વાણ દશાને પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જોડાયેલો રહે. આવાં શુભ કાર્ય કરે અને તેનાં ફળ રૂપે તેને બીજા જન્મો પણ કરવા પડે.

૫ વિરક્ત પંથી જીવો શુભ કાર્યોને પણ પોતાના (આત્માના) માનતા નથી, ત્યાં અશુભ પ્રવૃત્તિ કે હિંસાને તો સ્થાન જ નથી. અંતર દશા અંશે વિરક્ત હોય અને બાહ્ય દેખાવે રાગવાળી દેખાતી હોય જેમકે—

૬ કોઇ શ્રીમંત વ્યાપારીનો મુનિમ પગાર લઇ શેઠનાં વ્યાપારનાં કાર્યો કરતો હોય છે. પોતે (મુનિમ) જે જે વ્યાપાર કરે છે તેમાં નફા નુકશાન વખતે તેના મન ઉપર જુદિ જુદિ અસર થાય છે. પોતે ખરીદેલ માલમાં સારો નફો મળતાં તેને આનંદ થાય છે અને કોઈ વખત નુકશાન જાય તો ગ્લાની અનુભવે છે. આમ છતાં તેના હૃદયમાં ચોક્કસ માન્યતા છે કે આ લાભ કે નુકશાન એકે પણ મારાં નથી. તેમજ મોક્ષગામી જીવો પોતાની શુદ્ધ પરિણતિ સિવાય બીજાને માનતા નથી.

કોઇ સારાં અને શુભ કાર્યો કરે તેને વખોડવાનો કે તેની ટીકા કરવાનો મારો લેશ માત્ર પણ આશય નથી. સારાં અને શુભ કાર્યો કરવાં તે પણ એક કર્તવ્ય છે. હિંસા અને અશુભથી બચવા માટે, મનુષ્યજન્મ સાર્થક કરવા માટે, શુભ કાર્યો કરવાં. મારૂં તો એજ કહેવાનું કે, "મેં આ કામ કર્યું, મારાથી આ સારૂં કામ થયું" એમ માનવું તે યોગ્ય નથી. કાંઇ પણ કાર્ય ન કરે તેના કરતાં સરખામણીમાં જરૂર અહંભાવ રાખીને પણ કાર્ય કરે તે સારો છે. પરંતુ કાર્યો કરનાર "હું પણું" બાદ કરે તો તેનું કર્તવ્ય બહુ જ વધારે પવિત્ર થાય છે. દાન આપનાર પોતાનું નામ આપીને હજારો કે લાખો રૂપિયાનું દાન આપે, તે દાતા, કાંઇ પણ દાન ન આપનાર કરતાં સારો છે, પરંતુ પોતાનું નામ ન આપે અને વધારે માણસો તે ન જાણે તે દાતા ઉત્તમ છે.

મૂળજી ભગવાનજી ખારા.

# સંઘ સમાચાર

### સંઘના સભ્યોના લવાજમ વિષે

સંઘના કાર્યાલયમાં માણસોની ફેરબદલીને લીધે આ વર્ષ દરમિયાન સભ્યોના લવાજમની ઉઘરાણી બહુજ ઓછી વસુલ થઇ શકી છે. આ વર્ષથી પુરૂષ સભ્યનું વાર્ષિક લવાજમ રૂા. ૪ અને સ્ત્રી સભ્યનું વાર્ષિક લવાજમ રૂા. ૩ નક્કી કરવામાં આવેલ છે જે બાબતની આગળ ઉપર જાણ કરવામાં આવી છે. જે જે સભ્યોએ હજુ સુધી પોતાનાં લવાજમ સંઘમાં ભર્યા ન હોય તેમને પોતપોતાનું લવાજમ વિના વિલંબે સંઘના કલાર્કની ઉઘરાણીની રાહ જોયા સિવાય—મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. તદુપરાન્ત જે જે સભ્ય પાસે સંઘનો કલાર્ક લવાજમ માટે આવે તે તે સભ્યોને પોતા ઉપર ચઢેલું લવાજમ તુરત જ ચુકવી આપવા અને કલાર્કને બીજે ત્રીજે ધક્કો ખાવાની મુશ્કેલીમાં નહિ મૂકવા ખાસ વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. સંઘના વહીવટી કામકાજમાં આ રીતે પુરો સાથ અને સહકાર આપવા દરેક સભ્યને અમારી પ્રાર્થના છે.

### 'પ્રબુદ્ધ જૈન'ના લવાજમ વિષે

પ્રબુધ્ધ જૈનના જે જે ગ્રાહકોના વાર્ષિક લવાજમ ચઢી ગયેલા હોય છે તેમને આગળથી ખબર આપવામાં આવે છે અને પછીના અંકે વી. પી. કરવામાં આવે છે. લવાજમ ચઢી જવાની ખબર મળતાં તે તે ગ્રાહક મહેરબાની કરીને મનીઓર્ડરથી લવાજમના વાર્ષિક રૂા. ૩ મોકલી આપે. જે ગ્રાહકની પત્રને ચાલુ રાખવાની ઇચ્છા ન હોય તે મહેરબાની કરીને અમને વખતસર જણાવે અને આ રીતે વી પી. ના નકામાં ખર્ચમાંથી સંઘને બચાવે. જેનું લવાજમ મનીઓર્ડરથી મળતું નથી તેમજ જેઓ પત્ર બંધ કરવાનું જણાવતા નથી તેઓ ઉપર પ્રબુદ્ધ જૈનનું વી. પી. કરવામાં આવે છે. સભ્યતા અપેક્ષા રાખે છે કે આ વી. પી. તેમણે સ્વીકારવું જ જોઇએ. આ અગત્યની બાબત પુરેપુરી ધ્યાનમાં લેવા પ્રબુદ્ધ જૈનના સર્વે ગ્રાહકોને અમારી ખાસ વિનંતિ છે.

### નર્સ થવા ઇચ્છનાર બહેનને શિષ્યવૃતિ

મુંબઇ પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ લઇને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃતિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦) મળ્યા છે. જે કોઇ જૈન બહેનને ઉપરનો અભ્યાસક્રમ લઇને નર્સ થવાની ઇચ્છા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક પરિસ્થિતિની વિગતો સાથે સંઘના મંત્રી ઉપર (૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩) એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃતિ આપવામાં આવશે.

મંત્રી મુંબઈ જૈન યુવક સંઘ.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુન ૧૫ ૧૯૪૪


# ગાંધીજીના બે પત્રો.

## કાયદે—આઝમ ઉપરનો પત્ર.

મે માસની ૧૯ મી તારીખના દૈનિક પત્રોમાં આજથી બાર માસ પહેલાં ગાંધીજીએ જેલવાસ દરમિયાન કાયદે આઝમ ઝીણા ઉપર જે પત્ર લખેલો અને જે પત્ર ઝીણાને પહોંચતો સરકારે અટકાવેલો તે પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે, તે અરસામાં મળેલી અખિલ હિંદ મોસ્લીમ લીગના પ્રમુખસ્થાનેથી નામદાર ઝીણાએ એવા આશયની શેખી કરેલી કે જો એકતા સાધવાની મી. ગાંધીની ખરેખર દિલની ભાવના હોય તો મને તેઓ જેલમાંથી કાગળ લખી શકે છે અને જો મને એ મુજબનો મી. ગાંધી કાગળ લખે તો એ પત્ર અટકાવવાની સરકારની કે કોઇની પણ મગદુર નથી. તે શેખીના ઉત્તર રૂપે ગાંધીજીએ એ પત્ર લખેલો જે સરકારે અટકાવ્યો અને એ અટકાયતનો કડવો ઘુંટડો કશો પણ વિરોધ દાખવ્યા સિવાય નામદાર ઝીણા ગળી ગયેલા, એટલું જ નહિ પણ સરકારના એ પગલાને તેમને પુરેપુરૂં અનુમોદન આપેલું. પ્રસ્તુત પત્રની વિગત નીચે મુજબ હતી:—

કારાવાસ તા. ૯-૫-૪૩.

પ્રિય કાયદે—આઝમ,

મારા પકડાયાને થોડો સમય વીત્યા બાદ મને કયા કયા સામાયિક પત્રોનો ખપ છે તેની યાદી જ્યારે સરકારે મારી પાસેથી માંગેલી ત્યારે તે યાદીમાં મેં 'ડૉન' (મોસ્લેમ લીગનું મુખપત્ર) નો સમાવેશ કરેલો અને ત્યારથી તે પત્ર મને લગભગ નિયમિત રીતે મળતું રહ્યું છે. જ્યારે તે પત્ર મારા હાથમાં આવે ત્યારે તે હું ધ્યાનપૂર્વક વાંચતો રહું છું. 'ડૉન'માં પ્રગટ થયેલ લીગના અધિવેશનની વિગતો હું જોઇ ગયો અને તમે મને પત્ર લખવાનું તેમાં જે નિમંત્રણ આપ્યું છે તે મારા વાંચવામાં આવ્યું અને તેથી જ આ પત્ર લખવાને હું પ્રેરાયો છું.

તમારા નિમંત્રણને હું આવકાર આપું છું. પત્રોદ્વારા આપણે ચર્ચા કરીએ તે કરતાં આપણે જાતે મળીએ એ વધારે પસંદ્જવા યોગ્ય છે એમ હું સૂચવું છું. પણ એ બાબતમાં હું બધી રીતે તમારા હાથમાં જ છું. હું આશા રાખુ છું કે આ કાગળ તમને પહોંચાડવામાં આવશે અને જો તમને વાંધો નહિ હોય તો સરકાર મને મળવાની તમને જરૂર સંમતિ આપશે.

એક બાબતનો હું અહિં ઉલ્લેખ કરી લઉં. તમારૂં નિમંત્રણ કાંઇક સરતી હોય એમ ભાસે છે. તમે એમ કહેવા માંગો છો કે મારા દિલનો પલટો થયો હોય તો જ મારે તમને કાગલ લખવો! માણસના દિલની તો માત્ર ઇશ્વરને જ ખબર હોય છે. હું જેવો છું તેવો જ મને સ્વીકારવા મારી વિનંતિ છે. આજના કોમી પ્રશ્નનો સર્વમાન્ય બને એવો કોઇને કોઇ ઉકેલ લાવવો જ છે એવા નિશ્ચયપૂર્વક આ કોમી પ્રશ્નનો હું અને તમે એકત્ર થઇને શા માટે વિચાર ન કરીએ અને એ રીતે શોધેલો ઉકેલ જે વર્ગોને આ પ્રશ્ન સાથે નિસબત છે અને જેમને આમાં ખાસ રસ છે તે સર્વ વર્ગો સ્વીકારે એ દિશાએ સાથે મળીને કામ કેમ ન કરીએ?

સ્નેહનિષ્ટ

**એમ. કે. ગાંધી.**

આ પત્ર ગાંધીજી જેલમાંથી છુટયા અને મુંબઇ આવીને કાંઇક સ્થિર થયા એ દરમ્યાન ઉપર જણાવેલ 'ડૉન' પત્રની માંગણી ધ્યાનમાં લઇને ગાંધીજીની અનુમતિથી તેમના મંત્રી શ્રી. પ્યારેલાલજીએ પ્રગટ કર્યો છે. એ પત્રનું આ રીતે થયેલું પ્રકાશન સૂચવે છે કે ગાંધીજી આજે પણ કોમી એકતા સંબંધમાં ઝીણાને મળવા એટલા જ આતુર છે. પણ કમનસીબે કોમી પ્રશ્નનો કોઇ પણ વ્યવહારૂ ઉકેલ અને કાયદે આઝમનું વિકૃત માનસ—બે વચ્ચે અસીમ અન્તર છે અને પરિણામે સરકારની આ દેશ ઉપરની હકુમત સદા સલામત છે.

* * *

## શ્રી. જયકર ઉપરનો પત્ર

જુહુથી તા. ૨૦—૫—૪૪ ના રોજ ગાંધીજીએ શ્રી. એમ. આર. જયકર ઉપર લખેલો અને આજકાલ ખુબ ચર્ચાઇ રહેલો પત્ર નીચે મુજબ છે:—

પ્રિય શ્રીયુત જયકર

દેશ મારી પાસેથી ઘણી આશા સેવી રહ્યો છે. મારા છુટકારા વિષે તમે શું ધારો છો તેના મને ખબર નથી. મને તેથી જરા પણ સુખ જેવું લાગતું નથી. મને ઉલટી શરમ આવે છે. મારે માંદુ પડવું જ જોઇતું ન હતું. મેં માંદા નહિ પડવા ઘણો પ્રયત્ન કર્યો પણ આખરે હું નિષ્ફળ નીવડયો. આજની શારીરિક નબળાઇ દૂર થઇ છે એવી જાહેરાત થવા સાથે મને તેઓ કેદ કરશે એમ મને લાગે છે અને જો તેઓ મને ન પકડે તો મારે શું કરવું? ઓગસ્ટનો ઠરાવ હું પાછો ખેંચી શકું તેમ છે જ નહિ. તમે બરોબર જણાવ્યું છે કે એ ઠરાવ નિર્દોષ છે. એ ઠરાવને લોકમતનો કેટલો ટેકો હતો કે છે તે વિષે મારી અને તમારી વચ્ચે મતભેદ હોઇ શકે છે. એ ઠરાવ મારે મન શ્વાસોચ્છવાસસમાન છે. ૨૯ મી તારીખ સુધી આ બાબત સંબંધે હું મૌન રહેવા ધારૂં છું. એ દરમ્યાન પ્યારેલાલને તમારી પાસે મોકલું? તેનો આધાર તમારી તબિયત ઉપર છે. તમારી તબિયત પણ બહુ સારી રહેતી નથી એ હું જાણું છું.

તમારો સ્નેહનિષ્ટ

**એમ. કે. ગાંધી.**

આ પત્ર કેટલાકને તદ્દન વ્યાજબી અને સ્વાભાવિક લાગ્યો છે; કેટલાકને વિચિત્ર અને વખત બદલાયો પણ પોતે ન બદલાવું એવી હઠીલાઇ દાખવતો લાગ્યો છે. ૧૯૪૨ ના ઓગસ્ટના ઠરાવ બાદ દેશની આન્તર્ગત પરિસ્થિતિમાં કેટલાયે ફેરફારો થયા છે. લોકોની દુર્દશા અને હાલાકીમાં પાર વિનાનો વધારો થયો છે. કદિ નહિ સાંભળેલો કે જોયેલો એવો ભયંકર ભુખમરો બંગાળાએ તેમજ દેશના અન્ય કેટલાક વિભાગોએ જોયો છે. હિંદી સંરક્ષણ ધારા નીચે ઓર્ડીનન્સોની પાર વિનાની શૃંખલાઓએ પ્રજાજીવનને એ તરફથી રૂંધી લીધું છે. પણ આ બધા ફેરફારો ૧૯૪૨ ના ઓગસ્ટ માસના ઠરાવ પછળ રહેલી માંગણીના વ્યાજબીપણાનું સવિશેષ સમર્થન કરે છે. તદુપરાન્ત એ વખતના અને આજના રાજકીય સંયોગોમાં તો કશો પણ ફેરફાર થયો જ નથી. એક ક્રીપ્સ ગયા પછી બીજો કોઇ ક્રીપ્સ આવ્યો નથી. હિંદી સરકારની કારોબારીમાં બે પાંચ સભ્યોની ફેરબદલી કે વધારો થયો હશે પણ વાઇસરોયની અને

તે દ્વારા હિંદી પ્રધાનની એકહથ્થુ સત્તા આજે એટલી જ કાયમ છે. જાપાનનો ભય આજે પણ દેશ ઉપર એટલો જ ઝઝુમે છે. યુદ્ધ પ્રયત્નમાં પુરી સફળતા મેળવવા માટે—જાપાન કે જર્મનીનો સામનો કરવા માટે—હિંદી પ્રજાના હાર્દિક સાથ અને સહકારની આજે પણ એટલી જ અપેક્ષા છે અને આ સાથ અને સહકાર સ્વાધીનતાભર્યું મધ્યવર્તી રાજ્યતંત્ર સ્થપાયા સિવાય બીજી કોઇ રીતે પ્રજા આપી શકે જ નહિ એવી કોંગ્રેસની અને ગાંધીજીની ચોક્કસ માન્યતા છે. આ પરિસ્થિતિ, વળણ અને માન્યતાને લઇને ૧૯૪૨ ના ઓગસ્ટ માસના ઠરાવ સંબંધે ગાંધીજીનું અન્યથા બીજું શું વળણ હોઇ શકે તે ગાંધીજીને જેઓ જાણે છે અને સમજે છે તેમની કલ્પનામાં આવી શકતું નથી. ગાંધીજીના પત્ર ઉપરથી આજની પરિસ્થિતિ આ રીતે સ્પષ્ટ થાય છે કે ૧૯૪૨ ના ઓગસ્ટનો ઠરાવ યોગ્ય હો કે અયોગ્ય—ગાંધીજીને એ ઠરાવથી વિખુટા પાડી શકાય તેમ છે જ નહિ. આજના વિષમ સંયોગોમાં સરકારને કે દેશના અન્ય આગેવાન વ્યક્તિઓ તેમ જ વર્ગોને ગાંધીજીના સાથ અને સહકારનો ખપ હોય તો તેમણે ઓગસ્ટના ઠરાવ સાથે ગાઢપણે સંલગ્ન એવા ગાંધીજીને જ સ્વીકાર્યે છુટકો છે. સરકાર એવી અપેક્ષા રાખતી હોય કે ગાંધી ગાંધી મટી જાય અને એમ છતાં પણ ગાંધીની પ્રતિષ્ઠાનો પોતાને લાભ મળે તો એ બાબતમાં સરકારે નિરાશ થવુંજ રહ્યું. કેટલીક આગેવાન ગણાતી વ્યક્તિઓ ગાંધીજીને કોંગ્રેસનો ઠરાવ પાછો ખેંચી લઇને સરકારને પુરો સાથ આપવાની સલાહ આપી રહેલ છે. જો સલાહ આપવી એ જ તેમનું કાર્યક્ષેત્ર હોય અને ખરેખર સાચી સલાહ આપવી એ તેમને ઇષ્ટ હોય તો તેમણે ઉલટ પક્ષે સરકારને સલાહ આપવી ઘટે છે કે વર્તમાન યુદ્ધપ્રયત્નમાં લોકોનો સાચા દિલનો સહકાર મેળવવા માટે તેમજ અનેક જખ્મોથી ઘવાયલા પ્રજાના દિલમાં રાહતની લાગણી ફેલાવવા માટે ગાંધીજીનું મન મનાવી તેમનો સાથ અને સહકાર સરકારે મેળવવો ઘટે છે અને દેશમાં રાષ્ટ્રીય સરકારની સ્થાપના કરીને પ્રજાના જીવનમાં સ્વાધીનતાની આબોહવા પેદા કરવી અને એ રીતે પ્રજાના દિલમાં ઉંડે ઘર કરી રહેલી નિરાશાને દૂર કરવી એ અત્યંત આવશ્યક છે. આંગણે ઉભેલું યુદ્ધ પ્રજાને પોતાનું નથી લાગતું. અનેક આધિ વ્યાધિ અને ઉપાધિઓથી ઘેરાયલી પ્રજાને ચાલુ યુદ્ધમાં કશો રસ નથી, કારણ કે યુદ્ધની આગળ પાછળ તેને પોતાના કશા પણ ઉદ્ધારની યત્કિંચિત આશા દેખાતી નથી. એની એ જ ગુલામી, એનું એ જ શોષણ, એની એ જ પ્રાણવિદારક દરિદ્રતા. આ સિવાય પ્રજાની આંખો બીજું કાંઇ દેખતી નથી. આમાંથી આશા અને ઉદ્ધારની પ્રેરણા આપવાની શક્તિ માત્ર ગાંધીજીમાં છે. માટે પોતાની વટ અને પ્રતિષ્ઠાના ખ્યાલને બાજુએ રાખીને સરકારે ગાંધીજીને અપનાવવા અને તેમની મદદથી આજની મડાગાંઠનો પ્રકાશપ્રેરક નિકાલ લાવવો એ અત્યંત જરૂરી છે.

પણ 'ઓ દિન કહાં કે મિયાકે પાંઉમેં જુતીયા' એ કહેવત મુજબ એ દિવસ ક્યાંથી કે હિંદુસ્થાનનું અને એ રીતે આખા જગતનું કલ્યાણ સાધવાનો સાચો માર્ગ અને દિશાએ ચાલવાની સન્મતિ સરકારને સુઝે! કારણ કે ગાંધીજી સંબંધમાં સરકારનું આજનું વળણ ખાસ આશાપ્રેરક નથી લાગતું. સંભવ છે કે તેમનું વળણ સરકારને પુરેપુરૂં અનુકુળ નહિ લાગતાં તેમનું સ્વાસ્થ્ય કાંઇક સુધર્યું છે એમ જણાતાંવેંત ગાંધીજીને જ્યાંથી છુટા કરવામાં આવ્યા છે ત્યાં જ પાછા લઇ જવામાં આવે. તેવા જ સંયોગની ગાંધીજી પોતાંના પત્રમાં પણ આગાહી કરી રહ્યા છે. સરકાર જર્મનીને નમાવી શકશે, જાપાનને નમાવી શકશે પણ જે સત્ય અને અહિંસાના પ્રખર બળ ઉપર મુસ્તાક છે તેવા ગાંધીજીને નમાવવાની કોઇ સરકારની તાકાત નથી. જો તેઓ કુસુમથી પણ મૃદુ છે તો વજ્રથી પણ તેઓ કઠણ છે. સોક્રેટીસ અને ઇશુ ખ્રીસ્ત, બુદ્ધ અને મહાવીર, કબીર અને રામકૃષ્ણ પરમહંસની પરંપરાના તેઓ વારસદાર છે. આખો દેશ તેમની સામે ટગર ટગર જોઇ રહ્યો છે. તેમના દિલમાં મુંઝવણનો પાર નથી. એક બાજુ લોકોની પારવિનાની દુર્દશા, બીજી બાજુ અતિશય જટિલ દમનચક્રોવડે ચાલતો સરકારી રાજ્યવહીવટ, ત્રીજી બાજુ દુનિયાને બાળી રહેલો માનવજાતે પ્રગટાવેલો વૈર વડવાનલ—આ ત્રિવિધ તાપ વચ્ચે પ્રજાને શું કહેવું અને શું માર્ગદર્શન આપવું અને પોતાને સ્પષ્ટ ભાસતું માર્ગદર્શન ગાંધીજી આપવા જાય તો સરકાર ગાંધીજીને તેમ કરવા દે ખરી કે—આ બધી મુંઝવણો ગાંધીજીના પત્રમાંથી પ્રગટ થાય છે. આપણે આશા તો ઘણી રાખીએ કે દુનિયાના આશાપ્રદીપ અને શાન્તિ અને સુલેહના પ્રમુખ જ્યોતિર્ધર ગાંધીજીને સરકાર ઓળખે અને તેઓ જે રાહ બતાવે તે રાહે પ્રજાના ભાવીનું નિર્માણ કરે. પણ એ આશા આજે તો હજુ સ્વપ્ન તરંગ જેવી લાગે છે. આપણે ઇચ્છીએ કે આપણી આ આશંકા ખોટી પડે અને સૌ કોઇને કલ્યાણકારક એવા કોઇ દિવ્ય રાહ ઉપર રાજા તેમજ પ્રજા—ઉભયનું ઐક્ય અને સહગમન શક્ય બને!

પરમાનંદ.

# કેટલાક સમાચાર અને નોંધ

## સ્વ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

સ્વ૦ ગોવિંદભાઇ દેસાઇનું નામ ગુજરાતની જનતાને સુપરિચિત છે. લાંબુ આયુષ્ય ભોગવી, પોતાની કારકીર્દીનો મોટો ભાગ વડોદરા રાજ્ય તથા પ્રજાની સેવામાં આપી થોડા સમય પર જ ગુજરાતના આ મહાપુરૂષ વિદેહ થયા છે.

સ્વ૦ ગોવિંદભાઇને પૂછીએ કે તમો પોલીસ ખાતાના અધિકારી થઇને કામ ઘણું કરી શક્યા, અને પછી ન્યાય ખાતામાં અનેક વર્ષો કામ કર્યું, ત્યાર પછી રાજ્યના અમલ ખાતામાં નાયબ દિવાન પદ સુધી કામ કર્યું—આ વિવિધ પ્રકારનાં ખાતામાં કામ કરવા માટેની તૈયારી—શક્તિ તમે કેવી રીતે પ્રાપ્ત કરી શક્યા? તો હસતા હસતા તેઓ જવાબ દેતા કે "તેમાં શું નવાઇ જેવું છે? આ કાંઇ અસાધારણ બાબત નથી." તેમની મહત્તા પાછળ તેમનું સૌજન્ય, નમ્રતા અને વિનય આ જવાબમાં દેખાઇ આવતો તે મુજબ તેમના સાથે પરિચય પામનાર દરેક વ્યક્તિને પ્રતિત થતો.

સ્વ. ગોવિંદભાઇનું જીવન વડોદરા રાજ્ય સાથે ગુંથાઇ ગયેલું હતું અને તે વખતે વડોદરા રાજ્ય એટલે સર સયાજીરાવ અને તેમના પ્રજા માટેના વિવિધ મનોરથો. આને યોગ્ય રીતે પાર ઉતારવાનું યશસ્વી કાર્ય વફાદારી તથા સમજણથી સ્વ. ગોવિંદભાઇએ કર્યું હતું. બાળદીક્ષા અઘટિત છે અને તેમાં પણ મા બાપ કે સમાજની સંમતિ વગર અનિષ્ટકારક થાય છે એવા અનુભવ ઉપરથી આવી બાળદીક્ષા ઉપર રાજ્યનું યોગ્ય નિયંત્રણ મૂકાય તે હેતુથી કાયદો ઘડવાના કાર્યમાં સ્વ. ગોવિંદભાઇની સલાહ તથા અનુભવ ખૂબ ઉપયોગી નિવડયા હતા. આવા નાજુક કાર્યમાં તેમની દક્ષતા, જૈન ધર્મના સાહિત્યનું ઉંડુ પરિશીલન તથા જૈન નેતાઓ માટેનો આદર ખૂબ મદદકારક થયાં હતાં. સ્વાભાવિકપણે આવા પ્રકારના પ્રબંધ સામે જૂનવાણી વર્ગ અને રીતરીવાજ પાછળ ઘેલા 'રહેનાર

વર્ગનો વંટોળ ઉઠે તેને પહોંચી વળવાનું સામર્થ્ય તેઓ દાખવી શકયા હતા.

સ્વ. ગોવિંદભાઇના મૃત્યુથી ગુજરાતે એક મહાન વ્યકિત અને સમાજ સેવક તથા સાહિત્ય સેવક ગુમાવ્યો છે. અને જૈન-સમાજના ઇતિહાસમાં અગત્યનો હિસ્સો આપનાર એક હિતસ્વી પુરૂષ અદ્રષ્ય થયો છે. તેમના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ!

## યુનીવર્સીટીની પરીક્ષાનાં પરિણામો

મે અને જુન માસના શરૂઆતના દીવસો દરમિયાન મુંબઇ યુનીવર્સીટીની પરીક્ષાઓનાં પરિણામો બહાર પડે છે અને જે જે વિદ્યાર્થી કે વિદ્યાર્થીની ઉંચુ પરિણામ પ્રાપ્ત કરીને નામના મેળવે છે તેની ઉપર જે જે વર્ગ કે વર્તુળ સાથે તેમનો સંબંધ હોય છે તેમના ધન્યવાદ અને અભિનંદનોનો વરસાદ વરસે છે. આ વર્ષે મેટ્રીકની પરીક્ષામાં બીજે નંબર આવેલા ભાઇ શાન્તિલાલ મોહનલાલ ચોકશીને જૈન સમાજના ખુબ ધન્યવાદ ઘટે છે. મેટ્રીકની પરીક્ષામાં આટલા ઉંચા નંબરે પસાર થવું એ ભાઇ શાતિલાલની અસાધારણ બુદ્ધિશકિતનો મોટો પુરાવો છે. બે વર્ષ પહેલાં તેમના મોટાભાઈ કાન્તિલાલ મેટ્રીકની પરીક્ષામાં પહેલા નંબરે પસાર થયા હતા. મોટાભાઇની પરંપરાને ભાઈ શાન્તિલાલે આ રીતે જાળવી રાખી છે એ ખરેખર આનંદજનક છે. આ બન્ને ભાઇઓ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં વિશેષ જાણીતા અને રાષ્ટ્રવાદી કાર્યકર્તા શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીના પુત્રો થાય. તદુપરાંત બન્ને ભાઇઓ શ્રી. પનાલાલ પુનમચંદ હાઇસ્કુલના વિદ્યાર્થીઓ છે. ઉપર જણાવેલ સુંદર પરિણામ મેળવવા માટે જેટલો યશ શ્રી. મોહનલાલ દીપચંદ ચોકશીને ઘટે છે તેટલો જ યશ પનાલાલ પુનમચંદ હાઇસ્કુલના પ્રીન્સીપાલ શ્રી. તેલંગને ઘટે છે. ભાઇ શાન્તિલાલની ભાવી કારકીર્દી ઉત્તરોઉત્તર વધારે ઉજ્જવળ બનતી રહે એવી તેમને જૈન સમાજની શુભેચ્છા છે.

એમ. બી. બી. એસ. ની છેલ્લી પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે શ્રી. સરલાબહેન લક્ષ્મીચંદ શેઠને તેમ જ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ કોઠારીને પણ અભિનંદન ઘટે છે. ભાઇ નવીનચંદ્ર શ્રી. મુંબાઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. રતીલાલ ચીમનલાલ કોઠારીના નાના ભાઇ થાય. એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં પસાર થવું આજ કાલ ખુબ કઠણ બન્યું છે. આ વખતે તે પરીક્ષામાં માત્ર આઠ ટકા જ પરિણામ આવ્યું છે.

## બીજો યુધ્ધ મોરચો

ચાલુ જુન માસની છઠ્ઠી તારીખે યુરોપના કોઇ પણ વિભાગ ઉપર જે બીજા મોરચાની કેટલાય સમયથી રાહ જોવાઇ રહી હતી તે બીજા યુધ્ધ મોરચાના મિત્ર રાજ્યોએ મંડાણ માંડયા છે અને ફ્રાન્સના ઉત્તર કીનારા ઉપર મિત્ર રાજ્યોએ મોટું સૈન્ય ઉતાર્યું છે અને જર્મની સાથે એ વિભાગમાં આજે ભારે તુમુલ યુધ્ધ ચાલી રહ્યું છે. હજારો એરોપ્લેનો અને ટેંકો સામસામા અથડાઇ રહ્યા છે અને બહુ મોટી સંખ્યામાં બન્ને બાજુએ જમા થયેલા સૈન્યો એકમેકનો સંહાર કરી રહ્યા છે. માણસ આજે મગતરાની માફક મરે છે અને માલ મીલકતની પારાવાર ખુવારી થઇ રહી છે. ફ્રાન્સની વિશાળ ભૂમિ ઉપર ભયંકર સંહાર તાંડવ ચાલી રહ્યું છે અને મહાકાળીના ખપ્પરમાં કેટલાંયે માનવ પ્રાણીઓ હોમાય રહ્યા છે. જર્મની એક બાજુ રશીઆનો સામનો કેટલાય મહીનાઓથી કરતાં પાછું હઠી રહ્યું હતું. બીજી બાજુએ ઇટલીમાં એવો જ એક પ્રબળ સામનો કરતાં કરતાં ફ્રાન્સની ભૂમિ ઉપર નવો યુધ્ધ મોરચો શરૂ થયો તે દરમિયાન રોમ છોડીને ઉત્તર દિશાએ મોટી પીછેહઠ કરી રહેલ છે ફ્રાન્સમાં આજે તત્કાળ શું સ્થિતિ છે, અને વધતું જતું યુધ્ધ કેવુ સ્વરૂપ ધારણ કરશે તે તરતમાં કહી શકાય તેમ નથી. પણ મિત્રરાજ્યોએ આટલા વખતમાં કરેલી ગંજાવર તૈયારી આગળ ટકી રહેવું અને સફળ સામનો કરવો એ જર્મની માટે અતિશય મુશ્કેલ કાર્ય છે. જીત આવે છે ત્યારે નહિ ધારેલાં કેન્દ્રો અને મથકો હાથમાં આવીને પડે છે. હાર આવે છે ત્યારે કલ્પનામાં ન હોય એવા સ્થળોએથી વિરોધના જ્વાળામુખીઓ ફાટવા લાગે છે. જર્મનીનો સીતારો આજે અસ્તાચળ ઉપર ઢળી રહ્યો છે એ વિષે આજે હવે બેમત નથી રહ્યા.

પણ જેમ એક બાજુ યુધ્ધની પરિસ્થિતિ મિત્ર રાજ્યો માટે વધારે અનુકુળ બનતી જાય છે તેમ બીજી બાજુએ મિત્ર રાજ્યોના અને ખાસ કરીને ઇંગ્લાંડના આગેવાન રાજ્યધુરીણોના માનસમાં પલટો આવવા લાગ્યો છે. લોકશાસન અને નાની નાની પ્રજાની આઝાદી અને દરેક પ્રજાનો આત્મનિર્ણય કરવાનો અધિકાર અને ફાસીઝમ, નાઝીઝમ અને સરમુખત્યારીની દુનિયામાંથી હંમેશાને માટે નાબુદી અને એવી બીજી આદર્શની વાતો ધીમે ધીમે ગૌણ બનતી જાય છે અને દુનિયા ઉપરથી જર્મની અને જાપાનની સત્તા કેમ નિર્મૂળ થાય અને દુનિયાની અંદર પોતે અને પોના સાથે જોડાયલા મુખ્ય રાજ્યોનું પ્રભુત્વ કેમ કાયમ રહે એ ધોરણે જ આજે બધો વિચાર અને યોજનાઓ ચાલી રહેલ હોય એમ ચર્ચહીલના તેમ જ અન્ય આગેવાન રાજકારણી પુરૂષોનાં નિવેદનો, ભાષણો અને સૂચનાઓ ઉપરથી માલુમ પડે છે. નવરચના અને નવી વ્યવસ્થા એ કેવળ તરંગલીલા હતી; વાસ્તવિક દુનિયા તો હતી તેવીને તેવી જ ચાલશે અને ચાલવી જોઇએ—શાહીવાદ અને નબળી પ્રજાનાં શોષણ એનાં એજ ચાલુ રહેવાનાં—આવું માનસ આજના સત્તાધીશો પ્રગટ કરી રહ્યા છે અને જો આમ જ બને અને આજની દુનિયા કશો પણ પલટો ન લે તો યુદ્ધ જીતાય તો પણ એ જીતાયાનો વિશાળ દુનિયા માટે—હિંદુસ્થાન અને ચીન જેવા પછાત દેશો માટે—કશો પણ અર્થ નથી. આમ એક બાજુએ સ્થુળ વિજય અને બીજી બાજુએ આદર્શચ્યુતિ તેમ જ ધ્યેય પરાભવ બન્ને એક સાથે નિર્માણ થતાં લાગે છે અને પરિણામે એક યુદ્ધના નિર્વાણ સાથે આગામી બીજા યુધ્ધની ભૂમિકા રચાતી ભાસે છે. આવી ભયંકર વૈતરણી ઓળંગ્યા બાદ પણ એની એ જ મનોદશા—એની એ જ નબળી પ્રજાઓને ખુંદી ખુંદીને સુખનું સ્વર્ગ મ્હાલવાની મનોવૃત્તિ! જો આમ જ બને તો એના જેટલી દુનિયાની બીજી કોઈ કમનસીબી નહિ લેખાય, ઠોકર ઉપર ઉપર ઠોકર આવે—પગ ભાંગે, હાથ ભાંગે તો પણ જેનામાં ડહાપણ ન આવે તે પછી તો આખરી વિનાશને જ નોતરે છે એમ કહેવું પડે. પણ ઘોર અંધારી રાત પછી અણધાર્યો ઉજાસ પ્રકટે છે. યુધ્ધની ગતિ ગૂઢ અને અણઉકેલ રહે છે. આવતી કાલે શું બનવાનું છે તે આજે કહી શકાય તેમ નથી. આજની સ્થિતિ દુનિયા માટે અસહ્ય છે. દુનિયા આજે કે કાલે પલટવી જ જોઇએ. પ્રજાનાં ઉત્થાનો અકળ રીતે ઉભાં થાય છે અને ચાલુ વ્યવસ્થાને ટકાવી રાખવા જાળવી રાખવા સત્તાધીશો ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ એકાએક પલટો પામે છે. આ યુદ્ધ પણ આખરે આવી જ કોઈ ભવ્ય અને કલ્યાણવાહિની ક્રાન્તિમાં પરિણમવું જોઇએ. તો જ દુનિયામાં સુખનો દિવસ ઉગશે અને શાન્તિનું સામ્રાજ્ય સ્થપાશે. ઘોર નિરાશા વચ્ચે પણ આપણે આશાને બળગી રહીએ અને દુનિયાની નવરચનાના સ્વપ્નને સાચું પાડવા પાછળ આપણાથી બને તેટલો ફાળો વિચાર, વાણી અને વર્તનદ્વારા આપીએ. **પરમાનંદ.**

# ગાંધીયુગનું ગૌરીશંકર

સ્વામી વિવેકાનંદ સંન્યાસને માનવતાનું મેરુપદ કહેતા અને એવા સંન્યાસના સામર્થ્યને લગતા પોતાનો આદર્શ સમજાવવા બળવા કાળના એક મૌની સંન્યાસીની વાત કરતા, જેણે રસ્તે મળેલા ગોરા કટકિયાએ ખામોખાં હુલાવી દીધેલ સંગીનનો જવાબ 'તુંયે નારાયણ' (તત્વમસિ) કહીને વાળ્યો હતો. વર્ષોના અખંડ મૌનપાલન પછી અચાનક ભેટેલા મૃત્યુને આવકારતાં ઉચ્ચારાએલા આ એકજ બોલ પાછળ જે મૂંગું આત્મબળ ઘૂઘવે છે તેના વિવેકાનંદ આજન્મ ઉપાસક રહ્યા. એ જ સંન્યાસ ધર્મના પ્રતિનિધિ બનીને જનહિતને કારણે જીવવાનો દાવો કરનાર એક ધર્મશાસ્ત્રપારંગત ભગવાંધારી ત્યાગી સંન્યાસીએ ટૂંક વર્ષોની વાત પર કોમી રમખાણોને પ્રસંગે એક મોટા શહેરમાં ગાંધીજી પ્રતિપાદિત ધોરણે સ્થપાઇ રહેલા શાંતિદળમાં જોડાવા અરજી કરેલી. બીજી બાજુ તેજ સમયે બીજા એક કાગળમાં તેમને શ્રદ્ધાભાવે માનનાર મિત્રને તેમણે અયાચિતપણે લખેલું:

"......ના! હિંદુઓનો જરા પણ વાંક કાઢી શકાય નહિ. તેમનું નાસી જવું બહુ અનુચિત નથી. શ્રી મહાદેવભાઇ અને બીજા કોંગ્રેસી કાર્યકરો હિંદુઓને મરી જવાનો બોધપાઠ આપે છે એ તદ્દન અયુક્ત છે, કાયમી શાંતિને માટે એક જ ઉપાય છે; અને તે છરાની સામે છરો, લાઠીની સામે લાઠી, આગની સામે આગ, ધર્માન્તરની સામે ધર્માન્તર... અહિંસાથી જે શાંતિની વાત થાય છે તે તો જગતના ઇતિહાસમાં લખાયેલી નથી, લખાશે પણ નહિ. 'મરો અને મારો;' 'જીવો અને જીવવા દો' આ બંને સુત્રો સાથે જ રહેવાના."

આમ આ લપસણી ભૂમિકા ઉપર ઊભનાર ઉપલા સંન્યાસીની જેમ જગતના ઇતિહાસક્રમની ભાવી શકયાતાઓ ઉપર પણ ઢાંકણ વાળી દેવા માંગશે અને તેમની આગળ અંતે જાલીમ રાજ્યકર્તા કે પીડિત પ્રજા વચ્ચે, હિંદુ મુસલમાન વચ્ચે, અરે! સાખપાડોશી, સગા ભાઇ કે સ્ત્રીપુત્રનો પણ ટાળો રહેશે નહિ; કોઇનો એને વિશ્વાસ નહિ રહે; કોઇ એનું મિત્ર કે સગું નહિ રહે, બસ 'આત્મૈવ રિપુરાત્મનઃ' નો જ એ નાદર નમૂનો બની રહેશે.

આ ચિતાર અતિરંજીત હોઇ શકે છે, પણ એવા નમૂનાથી આજના દુનિયા અપરિચિત નથી. કોમી–વિદ્વેષની ભૂમિકા ગળોગળ આકારી અને ધૃણાસ્પદ છે. એકજ ભૂમિનાં સંતાન, એકજ દેશમાં સદીઓથી વસનારા ને સરખાં જ હિતાહિતથી સંકળાએલા લોક, કુટિલ વિદેશીઓનાં કારસ્તાનો પાછળ આંધળાભીંત બનીને સદીઓથી ખમતા આવેલા એકબીજાના વાંકચોંક ખમી ખાવાની ના પાડે ને પોતપોતાની આગવી હિતરક્ષાને ખાતર એકબીજા સામે હળબંધી કરે, એ બીના આજના જમાનાના આત્મહત્યાની હિમાયત કરનારા suicide સંપ્રદાયોના જેટલી જ બાધી વિકૃત (morbid) અને કરુણ છે:

**જલચર વૃંદ જાલ અંતરગત, હોઈ સિમિટિ ઈક પાસા**
**એક હિ એક ખાત લાલચવસ, નહિ દેખત નિજ નાસા***

જીવલેણ ઝેરવેરની હેવાનિયતે આજની દુનિયાંને ઘેરી છે. એક એક પર સરસાઇ કરે એવા મહાન વારસાઓની વારસદાર પ્રજાઓ આજે એવાં ઝેરવેરની આગ રાતદિવસ હડહડતી રાખવામાં રોકાઇ ગઇ છે. આજના જગત વ્યાપી યુધ્ધમાં બેફાટ ઘૂમી રહેલા નિર્ઘૃણ કૌટિલ્યો, અગર તો પોતાની કટારોમાં આખી પ્રજાઓનાં ચારિત્ર્ય અને નીતિમત્તાની નિરપવાદ બે–લગામ નાલેશી કરીને પ્રજાના લોહીમાં રોજે રોજ વેરના ઝેર રેડનારા અનેક અગ્રણી પત્રકારો, ને વળી ભાડા ખાતર તેવી જાહેરાતો પોતાની કટારોમાં છાપનારા તેમના પામર સાગરીતો, પેલા આત્મઘાતી સંપ્રદાયોવાળાના માનસથી વેગળા છે એમ કોણ કહી શકશે?

માણસને હવા તેમ સ્વાતંત્ર્ય એ હરકોઇ પ્રજાનો શ્વાસ છે. છતાં એક મૂઠી જેટલી પ્રજા બીજી પ્રજાનું સ્વાતંત્ર્ય છીનવી લે, તેને પદદલિત કરે અને સદીઓ સુધી તેને પોતાની ઐહિક સુખસામગ્રી જોગવનારા ગુલામો કે વેઠિયાવેતરાની દશામાં રાખે, ને ઉપર વળી દુનિયા આખીને પાટા બંધાવે કે પોતે નબળી કોમોનું રક્ષણ કરી પરમાર્થ આચરી રહી છે,—એ ભૂમિકા જ એમાંના જાલીમ આક્રમણકારીને સદાય આરોપીના પાંજરામાં ઉભો રાખનારી છે. તેમાંય જ્યારે બદ્ધ પ્રજા કોટાનકોટિ હોય, મહાન મનુષ્યત્વના સંસ્કારોની વારસદાર હોય, ત્યારે તેને પોતાની બેડીઓ તોડવા સારૂ પોતાની પરંપરાને બેવફા થવાની, પોતાના વારસાને ફગાવીને ઠીંગુ થવાની, જરૂરજ ન હોય. એને તો માત્ર મોં ફેરવવાની, માત્ર નકાર ભણવાની, 'નથી રમતા' કહેવાની જ જરૂર હોય; શસ્ત્ર ઉગામવાની, 'કાવતરાં' કરવાની, છૂપાં સંગઠનોની, ઝનૂન કેળવવાની, ને વેરના વારસા આપલે કરવાની ન હોય. ભલે અપરાધી શત્રુ ચાહે તેટલાં ષડયંત્રો રચે, તેટલી પ્રવંચના અને ભેદનીતિ આચરે, ચાહે તેટલી ધૂળ ઉરાડે. ગુન્હો રાંક છે. જાલીમ મૂઓ જ પડયો છે. એનો પાયો જ જૂઠ, અન્યાય અને આક્રમણ ઉપર છે. એનું કુશળ હોય જ કેમ કરીને?

એટલે સામાની કરણી સામું જોઇને, એની નીતિરીતિ સામું જોઇ ને હું મારી માણસાઇનો ને મારી નીતિરીતિનો ગજ ટુંકો ન કરું. સ્વચ્છ જ રહું ને નિર્ભયપણે સત્યને વળગ્યો રહી સ્વચ્છ જ હથિયારોથી ખુલ્લમખુલ્લા પડકાર આપીને લડયે જાઉં. ચાહે તેવડું દેખીતું નુકશાન વેઠીને પણ સત્યના મારા આગ્રહમાં અણનમ રહું ને બીજી આળપંપાળમાં ન પડું. કારણ સત્ય એક જ શાશ્વત છે, એની હાની એજ સાચું નુકશાન છે, બીજાં તમામ નુકશાન અનિત્ય યાને જતાઆવતાનાં છે, આમ વિચારી સત્યનો આગ્રહી નર્યા નિર્ભેળ સ્વચ્છ સત્યાચરણનો જ પક્ષપાતી બનીને જીવશે અને કાયા વાચા મને નિર્વૈર અહિંસક રહી સત્યનો જ પક્ષ કરતો ને સત્યને જ પક્ષે લડતો મરશે. જૂઠ કે પાખંડ જોડે બાંધછોડ કે માંડવાળ નહિ કરે.

સત્યધર્મ કે નીતિના આવા પક્ષપાત અને આગ્રહને નિષ્ઠાપૂર્વક વળગી રહેવું અને પ્રાણાન્તે પણ એવા આગ્રહને ન છોડવો એને જ ગાંધીજીએ 'સત્યાગ્રહ' એવું રૂડું નામ આપ્યું ને એમણે જ એને સર્વ દેશકાળમાં સંમત અને માન્ય એવા શાસ્ત્રવચનની પ્રતિષ્ઠા આપી. એવા સત્યાગ્રહના અનેકવિધ પ્રયોગો એમણે આ દેશમાં ઠેર ઠેર અને ફરી ફરીને કરી બતાવીને દેશની કાર્યક્ષમ પ્રજાને ને દેશનાં અસંખ્ય ઉછરતાં યુવક યુવતિઓને કોઇ અજબ આકર્ષણથી પુરૂષાર્થ અને સેવાનાં વિવિધ ક્ષેત્રોમાં દોર્યા અને તરણાંના મેરૂ કરી દાખવ્યા.

* * *

જે નવાં મૂલ્યાંકનોની આટલે સુધી લંબાણભરી ચર્ચા કરી તે બધાં આજની ઘડીએ નાદાર નીવડેલાં લાગે અને તેના પ્રણેતા તેમજ હિમાયતીઓ પણ આજે હાયાલૂંટાયા જેવા ભાસે, એ શકયતા આ લખનારના ધ્યાનબહાર નથી. એ મૂલ્યાંકનોને તેમજ તેના પુરસ્કર્તાઓને યુધ્ધના ઓઠા હેઠળ જાલીમ બળોએ

* તુલસીકૃત 'વિનયપત્રિકા;' પદ ૯૨

(8)



આજે ગ્રહણે ગ્રસ્યાં છે એ બીનાનો ઇન્કાર કરવાનો આશય નથી. આમ છતાં સત્ય સદાકાળને સારૂ કદી રુંધાયું નથી, અને રુંધાવાનું નથી; એને રૂંધનારા છોભીલા છે ને સત્યની જ બોલબાલા છે; શિવ સુંદર સત્યના પાયા પર અધિષ્ઠિત એવાં એ નવાં છતાં પ્રાચીન મૂલ્યાંકનો જ આજનાં હિંસાબળોને પરાસ્ત કરી અંતસરવાળે સંસારને ગ્રહણમુકત કરશે. એ શ્રદ્ધા આજે પૃથ્વીભરનાં અસંખ્ય માનવ હૈયાઓમાં જાજ્વલ્યમાન છે, ને એ જ એમની પાસે આખરી મુકિતના પુરુષાર્થ કરાવશે, એ મારી અંતરગત આસ્થાનો ત્રિવાર ઉચ્ચાર કરવાની હું ધૃષ્ટતા કરૂં છું.

સમાપ્ત **સ્વામી આનંદ**

---

## સમાજમાં મારાં પાંત્રીસ વર્ષ

(પૃષ્ઠ ૨૮ થી ચાલુ)

માણસોનો પ્રયત્ન નિષ્ફળ ગયો:—આમ થવાનું કારણ એટલું જ કે ધર્મના નામે, નીતિના નામે, રૂઢિના નામે કે કોઇ ગુરૂ ઘંટાલના નામે જે કંઇ બતાવવામાં આવ્યું, આચરણ કરવાનું ફરમાવવામાં આવ્યું, માનવજીવન ઉપર લાદવામાં આવ્યું તે ચાલુ જીવનથી તદ્દન અસંગત લાગ્યું, દેશકાળ, સંજોગ અને તાત્કાલીક જરૂરિયાતને બંધ બેસતું, ચાલુ દુઃખદ સ્થિતિમાંથી મુકત કરનારૂં અને પક્ષપાત દૂર કરનારૂં ન જણાયું પણ તેથી તદ્દન ઉલટું રડ્યો ખડ્યો જીવન આનંદ હોય તો તે પણ તજાવનારૂં, હતોત્સાહ કરનારૂં નર્યું પરલોક પૂરતું જ લાગ્યું. અગર તો ક્રિયાકાંડમાં જ સમાઇ જાય તેવું સંકુચિત અને ગાદી, ગાદીપતિ અને સ્થાપિત માન્યતાઓ કે હકકોને પુષ્ટિ આપવા પૂરતું જ હોય તેવું લાગ્યું, જ્યારે વાસ્તવિક રીતે માનવીઓને જીવવું હતું આ સૃષ્ટિમાં સમાજમાં. ત્યાં દુઃખ હતું, દીનતા હતી, ગુલામી હતી, પરદેશીની ધુંસરી માથે પડેલી હતી, બેકારી હતી, સામાજિક અંધાધુંધી હતી, પતન અને પક્ષપાત હતો. અને પ્રતિક્ષણે તેનો વધ્ર હતો. તેના ઉપાય માટે સમાજે પ્રથમ પહેલાં તો દ્રષ્ટિ કરી ધર્મ તરફ! ધર્મ કોઇ માર્ગ કાઢશે, ધર્મ આ સ્થિતિના પ્રતિકાર માટે એકમયતા કરાવી આપશે, ધર્મ આ માટે શકિત આપશે અને ધર્મ કોઇ પતિતપાવનની કે સ્વાતંત્ર્યની ઉદાત્ત ભાવના જગવશે એમ માન્યું. પણ જ્યારે તે ન બન્યું અને સંસારના કાળા કોલસામાં પડવાની ધર્મના ઇજારદાર કહેવાતા ઉજળા સાધુઓ, આચાર્યો, મૌલવીઓ કે ગુરૂઓએ ધસીને ના પાડી ત્યારે જ સમજુ માણસો ત્યાંથી બીજી દિશામાં વળ્યા. ત્યાં રાષ્ટ્રીય નેતાઓએ એક નવી દૃષ્ટિ આપી, એક નવી કાર્યદિશા બતાવી. વાડા, સંપ્રદાય જ્ઞાતિ કે તેવા ભાગલાઓને પડતા મૂકી એક નવી વિશાળ કોમ ઉભી કરી નવું જોમ સરજાવ્યું અને એક નવું આકર્ષણ ઉભું કર્યું. પ્રજાએ તેમાં પોતાના દુઃખ, દર્દ અને ગુલામી ફેડવાની ચાવી દીઠી. તેમાં મુકિત દીઠી. તેમાં ઉજળું ભાવી દીઠ્યું. તેમાં સર્વ કંઇ દીઠું. પ્રજા ત્યાં વળી. આ રીતે જ ધર્મ કરતાં રાષ્ટ્રનો પ્રશ્ન બહુ જ આગળ નીકળી ગયો છે અને ધર્મ ઘણો પાછળ રહ્યો છે. આજે રાષ્ટ્ર અને રાષ્ટ્રનેતા તરફ પ્રજાને જેટલું આકર્ષણ છે તેટલું સાંપ્રદાયિક વાડાઓ કે તેના સંચાલકો તરફ નથી. લગભગ બધા સંપ્રદાયમાં આમ જ બન્યું છે. થોડાક સંપ્રદાયો કે ધર્મોમાં કે જ્યાં થોડી ઘણી જનસંખ્યા ખાસ રસ લેતી નજરે પડે છે તેમાં મોટે ભાગે કાં તો છે વૃધ્ધો, વિધવાઓ અને બીજી બધી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઇ ગયેલા અથવા તો ધર્મના આશરે જીવન નિર્વાહ કરનારા આશ્રિતો, ધર્મના નામે ચરી ખાતા ધર્મક્ષેત્રના પડછાયા અને થોડા સારા શુધ્ધ શ્રધ્ધાવાળા ભાવિકો.

આટલી હદે ધાર્મિક બાબતમાં આપણો સામાન્ય માનસ-પલટો કે વિનિપાત થયો છે. આપણે વિશેષ ધર્મ, ક્રિયાકાંડી ધર્મમાંથી ઘણા પાછા હઠ્યા છીએ, છતાં પણ માનવીઓના માનસમાં રાષ્ટ્રની અસ્મિતા, માનવધર્મની ભાવના, અને વિશાળતાની ઝંખના એક યા બીજા સ્વરૂપમાં જાગી છે. તે માત્ર ધર્મને જ માનવ ઉત્કર્ષનું સાધન નથી માનતો, પણ અર્થને પણ સાધન માનતો થયો છે, કારણ કે તેને જગતની સાથે આંકડા ભીડીને ચાલવું છે. તેથી આધ્યાત્મ કે ધાર્મિકતાના અચંળા નીચે પોતાની અંતરની છૂપી જડવાદની ભાવનાને ઢાંકી રાખવાને બદલે બન્નેના સમન્વયમાં તે વધુ માનતો થયો છે. તેનામાં કાર્યની સખ્તાઇ અને હૃદયની કોમળતા બન્ને એક સાથે આવ્યા છે. તે જેમ અર્થ મેળવે છે તેમ પ્રસંગ આવ્યે દુઃખીઆઓની અને પરપદદલિત કે પતિત જનોની પડખે ઉભો રહેવાનો પણ વિચાર કરે છે. માતૃભૂમિની ખાતર ભોગ આપનારા, સંયમી જીવન જીવનારા, સ્વેચ્છાપૂર્વક ગરીબી સ્વીકારી દુઃખની બરદાસ્ત કરનારા અને માનવતાના ઉત્થાન માટે દટાઇ જઇ કામ કરનારાની સંખ્યા પણ ઠીક ઠીક પ્રમાણમાં તૈયાર થતી જાય છે. ભિન્ન ભિન્ન વર્ણ વર્ગ કે ધર્મના ભેદ ભૂલી એક માનવતાની અખંડ સરણી તરફ પ્રજાના વિચારશીલ માનવીઓનું, મન વળતું જાય છે તે જોતાં તેનામાં ધર્મ નથી એમ તો ન જ કહી શકાય. માત્ર સાંપ્રદાયિકતા નથી એટલું જ આપણે કદાપી કહી શકીશું!

આ જાગ્રતિએ છેલ્લામાં થોડાક સાધુ અને આચાર્યોને પણ જગાડ્યા છે. ઉજ્જવળ ભાવીની શુભ આશા છે.

* * *

આ આજનું જગત; આજનું માનવજીવન; અંધશ્રદ્ધા અને નાસ્તિકતાની સીમા રેખા ઉપર ઉભેલું, સંક્રાન્તિ કાળમાં પ્રવેશેલું અને સુખ, શાન્તિ અને સ્વાતંત્ર્યના કિનારે પહોંચવા તોફાની સાગરમાં જીવન-મરણના પછાડા મારતું; તે દેખાય છે તો અશાન્ત, ઉગ્ર, બેચેન અને નાસ્તિક પણ ભરી છે તેમાં ભાવીની છલોછલ આશાઓ! નવીન જગત્ આજે તેના ગર્ભમાં પોષાય છે. એટલે તે દેખાય છે પ્રસવકાળની વેદનાથી અકળાયેલું બેચેન!

આવતી કાલનું જગત કેવું હશે તે તો નિત્ય પલટાતા સંજોગોમાં કોણ કહી શકે? છતાંય જો સમાજ, ધર્મ અને રાષ્ટ્રના ધુરિણો તેને માનવતાની નજદીક રાખ્યા કરશે તો તે વિકૃત તો નહિ હોય પણ સુરૂપ હશે એટલી તો ખાત્રી છે!

સમાપ્ત **વ્રજલાલ ધ. મેઘાણી.**

---

## આત્મનિરીક્ષણ

અપૂર્ણતા અન્ય તણી ગમે નહિં
નિહાળવું તો રહ્યું આપણી ભણી.
અપૂર્ણતા અન્યની હોય કલ્પિત,
અપૂર્ણતા આપણી કેરૂં બિંબ.

**શ્રી ભગીરથ મહેતા.**

Faye walkerના કાવ્ય ઉપરથી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૬
અંક : ૫

મુંબઈ: ૧ જુલાઈ ૧૯૪૪ શનિવાર.

લવાજમ
રૂપિયા ૩

## કેટલાક સમાચાર અને નોંધ

### સ્વર્ગસ્થ દામોદરદાસભાઈ

સ્થાનકવાસી વિભાગના એક બહુ જાણીતા શ્રાવક અને શાસ્ત્રજ્ઞ શ્રી. દામોદરદાસભાઈનું મે માસની ત્રીજી તારીખે આશરે પોણોસો વર્ષની વયે અવસાન થયું. શ્રી. દામોદરદાસભાઇ કાઠિયાવાડમાં આવેલ દામનગરના વતની હતા. તેઓ જૈન ધર્મના બહુ ઉંડા અભ્યાસી હતા. શ્વેતાંબર તેમજ દિગંબર ધર્મશાસ્ત્રોનું તેમણે તલસ્પર્શી અવગાહન કરેલું. ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ તેમજ મારવાડ તથા પંજાબના સાધુઓ તેમના જ્ઞાન વિષે ખુબ આદર ધરાવતા એટલું જ નહિ પણ તેમની પાસેથી ધર્મશાસ્ત્રોનું શિક્ષણ લેવા માટે આવતા. તેમનો સ્કુલનો અભ્યાસ ગુજરાતી ૭ ધોરણ સુધીનો હતો. પણ પાછળથી કામચલાઉ અંગ્રેજી જ્ઞાન તેમણે પ્રાપ્ત કરી લીધું હતું. ધર્મશાસ્ત્રનો રીતસર અભ્યાસ તેમણે ચાલીશ વર્ષની ઉમ્મર પછી શરૂ કરેલો. ત્યારબાદ તેમના ઉપર આવેલી સાંસારિક આફતોએ તેમના ચિત્તને વિશેષ અને વિશેષ વૈરાગ્યપરાયણ બનાવ્યું. સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાનો તેમણે બહુ સારો પરિચય હતો. ધર્મચર્ચા એ તેમના એકાન્ત શોખનો વિષય હતો. તેમનું વળણ વિશેષે કરીને સ્થિતિચુસ્તનું હતું. તેમનું જીવન ખુબ સાદું અને પવિત્ર હતું. તેમનો સ્વભાવ નિરભિમાન અને નમ્રતાથી ભરેલો હતો. પરમાત્મા તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ આપો.

### અધ્યાપક નવલરામ ત્રિવેદીનું શોકજનક અવસાન

ગયા મે માસમાં અમદાવાદ ખાતે થયેલા મહિલા પાઠશાળાના અધ્યાપક શ્રી નવલરામ ત્રિવેદીના અકાળ અવસાનની નોંધ લેતાં બહુ દિલગીરી થાય છે. ભાઇ નવલરામ અધ્યાપક તરીકે તો પુરા કુશળ હતા તેમજ વિદ્યાર્થિનીઓના અતિ પ્રીતિપાત્ર હતા, પણ એ ઉપરાંત ગુજરાતી સાહિત્યની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયલા હતા. તેઓ સૂક્ષ્મ વિવેચક, ઉચ્ચ કોટિના લેખક, તેમજ કુશળ વક્તા હતા. તેમની વાણી હંમેશા વિનોદ તેમ જ મર્મ વાક્યોથી ભરપુર રહેતી. અમદાવાદના જાહેર જીવનમાં પણ તેઓ રસપૂર્વક ભાગ લેતા. આજ સુધીમાં તેમણે અનેક નાના મોટા લેખો તેમજ પુસ્તકો લખ્યા છે. તેમનો મને ઘણા વર્ષોથી પરિચય હતો. હજુ હમણાંજ તેઓ વડોદરા ગુજરાતી સાહિત્ય સંમેલન પ્રસંગે મને મળેલા જ્યારે તેમના વિનોદી સ્વભાવનો મને ચિરસ્મરણીય પરિચય થયેલો. તેમને આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા મેં નિમંત્રણ આપેલું અને તેમણે બહુ ભાવથી સ્વીકારેલું. પણ વિધિને એ સંમત નહોતું. તેમના જવાથી ગુજરાતી સાહિત્યે એક નિષ્ટાવાન અને સતત અભ્યાસશીલ સેવક ગુમાવ્યો છે. તેમના વિશાળ મિત્રમંડળમાં કોઇ કાળે પણ ન પુરાય એવા એક સ્નેહવત્સલ સ્વજન અને વિનોદશીલ મિત્રની ખોટ પડી છે. સાહિત્યના ક્ષેત્રમાં ઉગી રહેલા આશાસ્પદ તારકનો એકાએક અસ્ત થયો છે. તેમના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ.

### સ્વ. આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉય.

આચાર્ય પ્રફુલચંદ્ર રૉયના અવસાનથી આખા દેશમાં ગમગીનીની છાયા ફેલાય ગઇ છે તેમના વિષે હું કાંઇ લખું એ કરતાં પ્રજાબંધુમાં પ્રગટ થયેલ તેમના વિષેની અવસાન નોંધ અહિં અવતરિત કરવી મને વધારે યોગ્ય લાગે છે, જે નીચે મુજબ છે:—

"આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉયના અવસાનથી હિન્દની એક પ્રોજ્જવલ વિજ્ઞાનજ્યોતિ વિલાઇ છે અને આ દેશના માત્ર વૈજ્ઞાનિક જ નહિ પણ રાજકીય અને સામાજિક ક્ષેત્રોનું પણ એક પ્રકાશકેન્દ્ર અદૃશ્ય થયું છે. હિન્દના વૈજ્ઞાનિક સંશોધનના એ આદ્ય પ્રણેતા માત્ર વિજ્ઞાન અને જનસેવાને જ પરણી બેઠેલા અને આજીવન કુંવારા રહેલા. વિજ્ઞાની તરીકે એમને 'માસ્ટર ઓફ નાઇટ્રેઇટ્સ'નું બિરુદ મળેલું અને હિન્દુ રસાયનશાસ્ત્રનો ઇતિહાસ લખીને પ્રાચીન ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિનું જગતને એમણે ભાન કરાવેલું.

"શ્રી અને શીલ બંનેનો વારસો પ્રાપ્ત કરનાર સ્વ. રૉય પોતાની યુવાવસ્થાથીજ 'ગરીબ જુવાન' તરીકે ખ્યાત હતા અને આજીવન ગરીબ જ રહ્યા હતા. પોતાને હાથે સ્થાપાયેલા મોટા મોટા ઉદ્યોગોમાંથી થોડો ઘણો હિસ્સો રાખત તોપણ તે લાખોપતિ બની જાત. એને બદલે એમની પોતાની જે સામાન્ય આવક રહેલી તે પણ તેમણે અસહાય વિદ્યાર્થીઓ ને વિધવાઓનાં કલ્યાણ પાછળ ખર્ચ્યે રાખેલી. જનહિતની આ કામના એમની ખરબચડી ચામડી નીચે ઢંકાયેલા કોમળ હૃદયમાં મૂળથી જ ભરી પડી હતી, અને રાષ્ટ્રકલ્યાણનું એવું એકે કાર્ય નહિ હોય જેમાં એમનો સક્રિય સાથ ન હોય. ઘણી વાર તો એવું બનતું કે એમનો ઉત્કટ રાષ્ટ્રપ્રેમ એમની સંશોધક પ્રતિભા પર પણ સવાર થઇ બેસતો. ચરખા અને ખાદીનો ગાંધીજીનો આદેશ ઝીલનાર કદાચ એ પ્રથમ હિંદી હતા અને શ્રી સતીશચંદ્ર દાસગુપ્તાને બાદ કરતાં ખાદી અને ચરખાનો એમના જેવો મહાન, સક્રિય અને વહેવારૂ પ્રચારક બંગાળને બીજો નથી મળ્યો. ઘણી વાર પોતાની વૈજ્ઞાનિક પ્રતિભાને આ રીતે યોજવા બદલ એમના શિષ્યો અને સ્નેહીઓ તરફથી ઉપાલંભ મળતો ત્યારે જીવનમાં ગહન અને આર્ષ ચિંતન સંચી બેઠેલા એ આજીવન આચાર્ય જવાબ આપતા: 'સંશોધન રાહ જોઇ શકે તેમ છે, ઉદ્યોગો

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ જુઓ)

# આપણું સ્ટર્લીંગ બેલેન્સ !

(આજની યુદ્ધપ્રવૃત્તિને અંગે અંગ્રેજ સરકારને હિંદુસ્થાનમાંથી જે મોટા પાયા ઉપર ચીજ વસ્તુની ખરીદ કરવી પડે છે તેમજ મિત્ર રાજ્યોના વિપુલ સૈન્યને નીભાવવા પાછળ જે પુષ્કળ ખર્ચ કરવો પડે છે તેનાં નાણાં હિંદી સરકારને અંગ્રેજ સરકાર પાઉંડમાં આપે છે અને તે પાઉંડ હાલ ઇંગ્લાંડમાં હિંદી સરકારને ખાતે જમે થાય છે. આ પ્રકારનું હિંદુસ્થાનનું લેણુ ૧૯૩૯ ના માર્ચની ૩૧ મી તારીખે ૫૫૫૦૦૦૦૦ પાઉંડ હતું તે વધતાં વધતાં આજે ૧૯૪૪ ના મે માસની આખરમાં ૭૪૫૦૦૦૦૦૦ થયું છે એમ ઈંગ્લાંડના ખજાનચી સર જોન એન્ડર્સન જણાવે છે. આ લેણું લડાઈ જેમ જેમ લંબાતી જાય છે તેમ તેમ કુદકે ને ભુસકે વધતું જવાનું છે. લેણદારને જેમ લેણાની ચિન્તા થાય અને દેણદાર દેવામાંથી છુટવાનો કોઇ માર્ગ છે કે નહિ તેનો વિચાર કરે–આવી કાંઇક પરિસ્થિતિ હિંદુસ્થાન અને ઇંગ્લાંડ વચ્ચે ઉભી થઇ છે. આ બાબતનું નીચેના લેખમાં વિશેષ પૃથક્કરણ કરવામાં આવ્યું છે. પરમાનંદ)

લડાઇ હજુ પુરી થઇ નથી અને ઈંગ્લેન્ડે લડાઇના રણ-માંથી છટકવાની વાતો શરૂ કરી છે.

લડાઇ પછી હિંદને સ્વતંત્ર બનાવશું તે અમારા શબ્દોમાં વિશ્વાસ રાખો તેવા લખાણની શાહી હજુ સુકાણી નથી; બલ્કે તે લખાણ ઘુંટાયા જ કરે છે ત્યારે ઈંગ્લન્ડના જવાબદાર અર્થ-શાસ્ત્રીઓ અને વર્તમાનપત્રો આ લડાઇનું હિંદનુ દેવું માંડી વાળવાની વાત ઉઘાડે છોગે કરે છે.

બર્મા, આફ્રિકા વગેરે હિંદ બહારના દેશોમાં સામ્રાજ્યને સાચવવા ઇન્ગલન્ડે યુદ્ધ કર્યા તેનું ખર્ચ હિંદના માથે ઓઢાડી ઇન્ગલન્ડે હિંદને પાંત્રીશ કરોડ પૌન્ડનું દેવાદાર બનાવ્યું હતું. લડાઈ પહેલા હિંદી મહાસભાએ માત્ર એટલો ઠરાવ કર્યો હતો કે આ દેણાના ગુણ–દોષ જગતના તટસ્થ પંચ સમક્ષ નક્કી કર્યા પછી જ તે દેણું હિંદ ભરશે. છતાં તે વખતે હિંદ સામે "બેવફાઇ" "વિશ્વાસઘાત" અને "વચનભંગ" જેવા આક્ષેપો કરનારા આજે તે દેવુ હિંદુસ્થાને ભરી આપ્યા પછી અને હિંદુસ્થાન લેણદાર થયા પછી હિંદનું લેણું માંડી વાળવાની વાત કરે છે.

આવી વાતોના સમર્થનમાં કેટલીયે બેહુદી દલીલો કરવામાં આવી છે. એક જુઠાણું સાબીત કરવા અનેક જુઠાણા ઉભા કરવા પડે છે તેમ. એટલે તે દલીલોના ગુણદોષમાં ઉતરવાનું મુનાસીબ નથી. તેના બદલે આ સ્ટર્લીંગનું દેણું શું છે તે વધુ સ્પષ્ટતાથી સમજી લેવું જરૂરી છે.

હિંદી પ્રજાની અનુમતિ વિના, બલ્કે હિંદી પ્રજાના જવાબ-દાર પક્ષોને જરા સરખી જાણ કર્યા વિના બ્રિટીશ સરકારના હિંદી આડતીયાઓએ હિંદને લડાઇમાં જોડાયેલું જાહેર કર્યું હતું. છતાં તેઓની ઇચ્છા અનુસાર હિંદુસ્થાન ઉપર લશ્કરી ખર્ચનો બોજો લાદવામાં આવે છે. પણ હિંદી સરકાર તરફથી થતું આ લશ્કરી ખર્ચ કરવેરા અને લોનથી જ પુરૂં કરવામાં આવે છે.

હિંદની બહાર જાપાન સામે જે યુદ્ધ લડાય છે અને હજુ લડવાનું છે તેનું કેન્દ્ર હિંદુસ્થાનને બનાવવામાં આવ્યુ છે. તે માટે મિત્ર રાજ્યો વતી હિંદમાં જે લશ્કરી ખર્ચ થાય છે તેમજ આજુબાજુના પ્રદેશોમાં હિંદમાંથી જે વસ્તુઓ જાય છે તે બધાનાં નાણાં મિત્રરાજ્યો હિંદી સરકારને લંડનમાં ચુકવે છે. લંડનમાં હિંદી સરકારને આ રીતે પૌન્ડ–સ્ટર્લીંગ મળે છે. તે સ્ટર્લીંગ લંડનમાં હિંદી સરકાર ખાતે જમા રહે છે અને અંહિ જે નાણું ચુકવવું પડે છે તે હિંદી સરકાર પેલા સ્ટર્લીંગ સામે નવી નોટ (ચલણી રૂપીયાનું કાગળનું નાણું) છાપીને–ફુગાવો કરીને ચુકવે છે.

આ રીતે હિંદમાંથી અનેક વસ્તુઓ બહાર જવાથી તેમજ લશ્કર માટે વધુ પડતી વપરાશથી હિંદમાં વસ્તુઓનો દુકાળ દેખાય છે. વસ્તુઓના આવા મનુષ્યકૃત દુકાળના પરિણામે લડાઇમાં ન મરે તેટલા માણસો હિંદમાં વગર લડાઇએ મર્યા છે.

અને તે સામે હિંદને મળ્યુ છે શું? લંડનમાં હિંદુસ્થાન ખાતે જમા થયેલા સ્ટર્લીંગ અને તે સ્ટર્લીંગ સામે હિંદમાં જોરથી છપાતા કાગળના નાણાનો ફુગાવો.

આ રીતે હિંદી લોકો અત્યારે મરીને જીવે છે; તે અંધકારમય ક્ષિતીજમાં આશાનું એકજ કિરણ હતુ કે લંડનમાં જમા થઇ રહેલા દસ અબજ રૂપીયાના સ્ટર્લીંગમાંથી મોટી ઉત્પાદક શક્તિ ધરાવતા કારખાના લડાઇ પછી ખરીદીને હિંદમાં લાવીશું અને હિંદુસ્થાનમાં સસ્તી વસ્તુઓ ઉત્પન્ન કરી લોકોનું જીવન ધોરણ ઉચે ચઢાવીશુ. અને એ રીતે હિંદુસ્થાનને આર્થિક દષ્ટિએ સ્વાવલંબી બનાવીશું.

એ હવાઇ કિલ્લા ચણતી વખતે આપણે એક મૂળ વાત જ ભૂલી ગયા હતા કે સમૃદ્ધિના શીખરે બેઠેલા ઇન્ગ્લેન્ડનું તે આર્થિક સ્થાન ગઇ લડાઇમાં જ ડગમગી ગયું હતુ; તે આ લડા-ઇમાં સાવ ભાંગી રહ્યું છે. જગતમાં આર્થિક સર્વોપરિતા ભોગવ-વાનો પ્રશ્ન ઇન્ગલન્ડ માટે રહ્યો જ નથી. સામાન્ય જીવન–ધોરણ ટકાવવા માટે ઇન્ગ્લન્ડને ફાંફા મારવાનો વખત આવી રહ્યો છે.

આ લડાઇ પહેલા ઇન્ગ્લેન્ડ નિકાસ કરતું હતું તેના કરતા ૩૮૮૦ લાખ પૌન્ડની વધુ આયાત કરતું હતું. એટલે આંતર-રાષ્ટ્રીય લેવડ–દેવડમાં ઇન્ગ્લેન્ડને વેપારમાં આટલો ખાડો રહેતો હતો.

વહાણવટામાંથી, વીમામાંથી અને પરદેશમાં પડેલી મિલ્કત કે મૂડીમાંથી વ્યાજ અને નફાની આવક જતાં ઇન્ગ્લેન્ડને ચોકખી ખાદ ચાર કરોડ પૌન્ડની રહેતી હતી અને તે ખાદ પુરવા પર-દેશમાં પડેલી જુની મુડી ચાવી જવી પડતી હતી અગર ઇન્ગ્લે-ન્ડમાંથી સોનું મોકલવું પડતું.

આ લડાઇ પછી ઇન્ગ્લન્ડ લેણદાર મટીને ઘણા દેશોનું દેણદાર બન્યું છે અને હજુ વધુ બનશે. બહારની મિલ્કતમાંથી વ્યાજ કે નફો ઇન્ગ્લેન્ડમાં આવવાને બદલે ઇન્ગ્લેન્ડમાંથી વસ્તુઓ દેવા પેટે પરદેશ મોકલવી પડશે.

વહાણવટુ અમેરિકાને એકહથ્થુ થઇ જાય તેટલો ગંજાવર દરિયાઇ સરંજામ અમેરિકા પાસે એકઠો થયો છે. કેટલાયે પછાત દેશો ઉદ્યોગીકરણમાં આગળ વધ્યા છે ત્યાં ઇન્ગ્લેન્ડની વસ્તુઓ જઇ શકશે નહિ.

આ સ્થિતિમાં પણ ઉંચા જીવન ધોરણથી જીવવાને ટેવાયેલી ઇન્ગ્લંન્ડની પ્રજા પોતાનું જીવન–ધોરણ જરાયે નીચું કરવાની ના કહે છે. બલ્કે લડાઇના મહાન કષ્ટો સ્વેચ્છાથી સહન કર્યાના ઇનામ બદલ ઇંગ્લન્ડની પ્રજા વધુ લાભની આશા રાખે છે. ઇન્ગ્લેંન્ડના પ્રત્યેક પ્રજાજનને કામગીરી મળવી જોઇએ તેવી ઇંગ્લન્ડની પ્રજાની એકમતી માંગણી છે અને સરકારે તેનો સ્વીકાર કર્યો છે. તે માટેની યોજના પણ તૈયાર થઈ રહી છે.

ઇન્ગ્લન્ડનું આર્થિક ભાવી આવું છે અને ત્યાં પરતંત્ર હિંદુસ્થાનની મોટી થાપણ પડી છે. સત્તાધીશ ચાહે તે કરી શકે છે. તેમાં દલીલો, નિવેદનો, આવેશ કે ઝનૂન શા કામના?

અમેરિકામાં જુલાઇની પહેલી તારીખે ભરાનારી આંતર-રાષ્ટ્રીય આર્થિક પરિષદના સંચાલકોએ પણ આવા દેણા વ્યવ-સ્થિત રીતે વસુલ થાય તેવી યોજના તૈયાર કરી હતી. પણ ઇન્ગલન્ડના આગ્રહથી અમેરિકા અને રશિયા જેવાને તે વાત પડતી મુકવી પડી. હવે તે પરિષદમાં જનારા હિંદી પ્રધાનો આ પ્રશ્ન ફરી ઉઠાવવાની આશા આપનારા જે નિવેદનો કરે છે તેની કેટલી કિંમત છે તે સમજી લેવા જેવુ છે. **બાબાલાલ દોશી.**

## કેટલાક સમાચાર અને નોંધ (મુખપૃષ્ઠ ચાલુ)

રાહ જોઇ શકે છે, પરંતુ સ્વરાજ રાહ જોઇ શકે તેમ નથી.' હિંદને સદીઓ સુધી મગરૂબ રાખે એવી આ વિજ્ઞાનજ્યોતિ આજે જ્યારે શાશ્વત જીવનમાં પ્રવેશી છે ત્યારે જ્ઞાનદીપકનો પ્રકાશ ફેલાવવાનો એમનો ચિત્તભાવ આપણે વિકસાવીને એમનાં લોકકલ્યાણરત કાર્યતત્પરતા તથા નિરાલસ્યને આત્મસાત્ કરીએ."

## સભ્યતાનું ભારોભાર દેવાળુ

તિથિચર્ચાને અંગે પુનાવાળા ડૉ. પી. એલ. વૈદ્યનું નામ બહુ જાણીતું થયું છે. તેમણે આપેલા ચુકાદાથી એક પક્ષ ખુબ રાજી થયો છે અને બીજો પક્ષ સ્વાભાવિક રીતે નારાજ થયો છે. નારાજ થયેલા પક્ષમાંના એક જૈન સાધુએ શ્રી. પી. એલ. વૈદ્ય ઉપર પોતાનો રોષ પ્રગટ કરતો એક પત્ર લખ્યો છે તેમાંના કેટલાક ઉતારા જે તા. ૧૨-૬-૪૪ના 'જૈન' પત્રમાં પ્રગટ કરવામાં આવ્યા છે તે નીચે આપવામાં આવે છે.

"(૧) તા. ૨૨-૬-૪૩ ના રોજ તેં જે પુનાના મોહનલાલનો ઉત્તર આપતો જારથી જન્મેલો, પોતાના બાપને ઓળખે તેમ શેઠ કસ્તુરભાઇને પૂછો તેમ કહીને અપલાપ કર્યો હતો એજ મોહનલાલ હવે તેં તા. ૩-૧-૪૪ ના કાગલથી જુદા બાપની માફક આગળ કર્યો.

(૨) તા. ૩-૧-૪૪ ના ટાઇપ થયેલો કે જે તેંજ લખાવેલ છે તે ઉપરથી તારૂં પડદાબીબીપણું સાબિત થવા સાથે શિઆળ કાગડા આદિની માફક ધૂર્તતા ચોખ્ખી થઇ જાય છે.

(૩) બુહારીના શ્રી સંઘના તારે અંગે થયેલ ત્રણ પ્રશ્નોનો સીધો ઉત્તર નહીં આપતા શેઠ કસ્તુરભાઇને ભળાવવાથી તારી પ્રતિષ્ઠામાતા રખડતી થઇ છે.

(૪) ધર્મહીન અને નવા મતના પક્ષપાતની ગળીમાં ડુબેલો છું એમ જાણ્યા છતાં તને શુધ્ધિ માટે કોઇ કુવા, હવાડા કે નદી તળાવ સંઘરતું નથી.

(૫) પદના લોપ અને પરાવર્તનના પાપનો મસીનો ચોલ્લો એવો ગાઢ તેં કર્યો છે કે તારાથી કે તારા બાપ મોહનલાલ કે સોસાયટીવાળા કોઇથી ભુસ્યો ભુસાય તેમ નથી.

(૬) સિદ્ધાન્ત વિપર્યાસના મેંસના કુચાથી તારૂં મોં એવું કાળું થઇ ગયું છે કે વાંદરાને પણ તને જોતાં ભય લાગે.

(૭) બદ્દાનતથી સહી કર્યા પછી તારૂં ભાન એટલું બધું ખસી ગયું કે યાનિ વિગેરે વાક્યો તારા સહીવાળા લેખમાં લખેલા તને સુઝયા નહિ.

(૮) કસ્તુરભાઇની કુખમાં કે સોસાયટીની સોડમાં કે મોહનલાલના મોંઢામાં તું ભરીને પડે તો પણ તારી કાજલ કીર્તિ મટે તેમ નથી.

(૯) શ્રાવણ મહીનામાં ફરીયાદ કરવા તૈયાર થયેલ તું કેમ ત્યારનો બેસી રહ્યો છું, માને પાછલે દ્વારે તો જન્મ્યો નથી ને? કારતક સુદ ૧૪ ના રોજ પણ તને તુંતરૂં અપાયું છતાંય કોર્ટમાં ન જતાં તારા કુળને અને તારા માબાપને કેમ લજવે છે?"

આ ઉતારા અહિં પ્રગટ કરતાં શરમ આવે છે. સાધુતા અને સાધુવેશની આથી વધારે ઘૃણાપાત્ર વિડંબના કલ્પી શકાતી નથી.

## શ્રી. સાગરાનંદસૂરીની મુંબઈમાં પધરામણી

શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના એક અગ્રગણ્ય આચાર્ય શ્રી સાગરાનંદસૂરીની મુંબઇમાં થોડા સમય પહેલાં મોટી ધામધુમથી પધરામણી થઇ છે. આ ચાતુર્માસ તેઓ મુંબઇ ખાતે પસાર કરવાના છે. આ આચાર્યશ્રી જૈન સમાજમાં અનેક રીતે જાણીતા છે. તેમના હાથે સૌથી મહત્વનું કાર્ય આગમ પ્રકાશનનું થયું છે. પાલીતાણામાં તેમણે લાખો રૂપીઆ ખર્ચાવીને એક ભવ્ય આગમ મંદિર ઉભું કર્યું છે. આગમના વિષયમાં તેઓ આજ એક પ્રમાણભૂત વ્યક્તિ લેખાય છે. આચાર્ય મહારાજના જીવનની આ એક બાજુ છે. ઉલટ પક્ષે જૈન સમાજના અનેક ઝગડાઓ સાથે તેમનું નામ એક યા અન્ય પ્રકારે જોડાયલું છે. અંતરિક્ષજીનો તથા કેશરીયાજીનો શ્વેતાંબર દિગંબર વચ્ચેનો ઝગડો, શાસન પક્ષ અને યુવક પક્ષનો ઝગડો, બાલદીક્ષાનો ઝગડો આજે ચાલી રહેલો તિથિપ્રકરણને લગતો ઝગડો—આવા અનેક ઝગડાઓને વધારવામાં તેમના પાંડિત્યે તેમજ ધર્મઝનુને સારો ફાળો આપ્યો છે. તેઓ પક્કા સ્થિતિચુસ્ત તેમજ સંપ્રદાયચુસ્ત છે. શિષ્યલોભથી તેઓ પણ આ બાબતમાં જાણીતા થયેલા અન્ય આચાર્યો માફક પુરેપુરા ગ્રસ્ત છે. સત્ય કરતાં ધર્મને એટલે કે પોતાના અંગત ધાર્મિક મન્તવ્યોને તેઓ આગળ રાખીને ચાલે છે. આ બધી હકીકતોના પરિણામે જે ગામ યા શહેરમાં તેઓ ચિરકાળ વસે છે તે ગામ અને શહેરને છોડીને તેઓ આગળ ચાલે તે દરમિયાન તે ગામ આ શહેરના સંઘમાં એક બે ઝગડા ઉભા ન થાય કે કોઇને દીક્ષા દેવા માટે ભગાડવા સંતાડવાના કીસ્સા ન બને તો તે એક આશ્ચર્યકારક બીના લેખાય છે. આજે તેઓ લાંબા વર્ષે મુંબઇ આવે છે. અનેક સાચાં ખોટાં વટાવીને તેઓ વૃદ્ધાવસ્થામાં ક્યારના પ્રવેશી ચુક્યા છે. આશા રાખીએ કે મુંબઇના તેમના નિવાસ દરમિયાન તેઓ તેમજ તેમનો વિપુલ શિષ્યવૃંદ કોઇને ભગાડવા, સંતાડવા કે છુપી રીતે મુંડી નાંખવાની પ્રવૃત્તિઓથી દૂર રહે, સંકટગ્રસ્ત મુંબઇમાં નવા કલહકજીઆનાં બીજ ન વાવે, જે આગમનું જીંદગીભર પરિશીલન કર્યાનો તેમનો દાવો છે તે આગમમાં ભરેલા અમૃતનું મુંબઇની જૈન જનતાને પાન કરાવે અને જે ભાવથી તેમનું મુંબઇની જનતાએ સ્વાગત કર્યું છે તેજ ભાવને તેઓ પોતાની સાધુ વાણી અને વર્તન વડે અખંડિત રાખે!

## ગાંધીજીનો પત્રવ્યવહાર

ગાંધીજીએ પોતાના જેલવાસ દરમિયાન કરેલા પત્રવ્યવહારનો ઘણો મોટો ભાગ છેલ્લા પખવાડીઆમાં જુદા જુદા દૈનિક પત્રોમાં પ્રગટ થયો છે. તે પત્રવ્યવહારનો સાર આપવાનું કે વિગતવાર સમાલોચના કારવાનું અહિં શકય નથી. ૧૯૪૨ ના ઓગસ્ટની નવમી તારીખ પછી દેશ ભરમાં બનેલી અનેક અનિષ્ટ ઘટનાઓની આખી જવાબદારી કોની છે તે વિષે ગાંધીજીએ તે બાબતને લગતી સરકારી પુસ્તિકાનો વિગતવાર ઉત્તર આપતાં ભારે વેધક પ્રકાશ પાડયો છે. ગાંધીજીના ઉપવાસ પ્રસંગે મધ્યસ્થ ધારાસભામાં સર રેજીનોલ્ડ મેકસવેલે આપેલા ભાષણનો પણ ગાંધીજીએ આપેલો મુદ્દાવાર જવાબ ગાંધીજી બેરિસ્ટર પણ છે એ હકીકતનું સ્મરણ કરાવે છે. પૂજ્ય કસ્તુરબાની માંદગીને લગતો પત્રવ્યવહાર એક બાજુએ ગાંધીજીની ચિન્તાવિવ્હલતા અને બીજી બાજુએ સરકારે જે કાંઇ સગવડો આપી તે પણ મોડી મોડી—જાત જાતની આડખીલોથી ભરેલી અને પ્રસાદવિહોણી (withont any grace)—આ બન્ને બાજુઓ આબાદ રીતે રજુ કરે છે અને કસ્તુરબા ગયા તે તો ગયા પણ સરકારે બધું વખતસર કર્યું હત અને જરૂરી અનુકુળતાઓ પુરી પાડી હત તો કદાચ કસ્તુરબા હજુ પણ આપણી વચ્ચે હોત અથવા તે સંબંધે સરકાર સામે આપણા દિલમાં

**પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને વાર્ષિક લવાજમ મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.**

જે ઉંડો ડંખ રહી ગયો છે તે રહેવા ન પામત એમ આપણને લાગ્યા વિના રહેતું નથી. આ પ્રકરણને લગતો પત્રવ્યવહાર ગાંધીજી પણ આખરે માનવી છે અને આવા અંગત અસાધારણ પ્રસંગે તેઓ પણ કંઇક વિકળ બને છે અને પોતાનું સ્વજન કોઇ પણ ઉપાયે બચવું જોઇએ એવી કાંઇક વધારે પડતી અધીરાઇ અનુભવે છે આવી છાયા આપણા મન ઉપર ઉભી કર્યાં વિના રહેતો નથી. નહિ તો 'Quit India' નો સૂત્રધાર ડાકટરો અને વૈદ્યો મોકલવા માટે સરકાર ઉપર આટલા દબાણથી લખે અને છેવટે કસ્તુરબા તથા મહાદેવભાઇનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે તે જગ્યાને પ્રજા માટે અનામત રાખવા સરકારને વિનંતિ કરે—એ હકીકતોનો મેળ મેળવવો મુશ્કેલ પડે છે.

જેમને આપણી આઝાદીની લડતમાં રસ છે અને જેઓ ગાંધીજીના ચરિત્રનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરી રહ્યા છે તેમણે ગાંધીજીનો આખો પત્રવ્યવહાર બારીકીથી વાંચી જવો જરૂરી છે. આ પત્રવ્યવહારે સુતેલા રાજકીય મુદ્દાઓ જાગ્રત કર્યા છે અને છેલ્લા અઢી વર્ષની રાજકીય પરિસ્થિતિને સમજવાનું નવું દૃષ્ટિકોણ રજુ કર્યું છે અને એ ઉપરાંત પ્રજાના દિલમાં નવો આતશ અને ચેતના પેદા કરી છે. જે સમય ગયો તે કરતાં પણ આગામી દિવસોના ગર્ભમાં ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ ભરી હોય એમ ભાસે છે. આકાશમાં વાદળાઓ એકઠાં થવા લાગ્યા છે. શું બનશે તે સૌ કોઇ ચકિતપણે નિહાળી રહ્યા છે.

## સંઘ સમાચાર

### નવો 'પેપર કંટ્રોલ ઓર્ડીનન્સ' અને પ્રબુદ્ધ જૈન

સાધારણ રીતે પ્રબુદ્ધ જૈન જેટલી વાંચનસામગ્રી પુરી પાડતું હતું તેથી અર્ધ કરતાં પણ ઓછી વાંચનસામગ્રી આપીને સંતોષ માનવાની ઉપર જણાવેલ નવો ઓર્ડીનન્સ ફરજ પાડે છે. આ ઓર્ડીનન્સે માત્ર સામયિકો જ નહિ પણ અન્ય પ્રકાશનો, પાઠ્યપુસ્તકો, તેમ છાપખાનાવાળાઓ માટે પાર વિનાની મુશ્કેલી ઉભી કરી છે, આખો ઓર્ડીનન્સ એટલો બધો જટિલ અને ગુંચવણોથી ભરેલો છે કે તેના વ્યવહારૂ અમલનો ઓર્ડીનન્સ ઘડનારાઓએ લાંબો વિચાર કર્યો લાગતો નથી. સામાન્ય જ્ઞાન ધરાવનારને આ ઓર્ડીનન્સ નીચે શું કરવાનું અને શું નહિ કરવાનું તેની જલ્દિ સુઝ પડતી નથી અને એકને પૂછવા જતાં તેને એક જવાબ મળે છે અને બીજાને પૂછવા જતાં તેને બીજો જવાબ મળે છે. આ ઓર્ડીનન્સે જ્ઞાનપ્રચાર અને વિચારપ્રચાર સામે અસહ્ય અને અક્ષમ્ય કાપ મુકયો છે અને આખા દેશમાં આ સામે ભારે પોકાર ઉઠયો છે. સરકારની ઓર્ડીનન્સ ફેકટરી પાર વિનાના ઓર્ડીનન્સો જન્માવી રહી છે તેમાં પણ આ ઓર્ડીનન્સ જેટલો કઢંગો અને કદરૂપો બીજો કોઇ ઓર્ડીનન્સ જોવામાં આવ્યો નથી. તે સામે ચોતરફ ચાલી રહેલ હીલચાલના પરિણામે આપણે આશા રાખીએ કે સરકાર આ ઓર્ડીનન્સની કેટલીક સખ્ત કલમોને હળવી કરીને પત્રકારો તેમજ પ્રકાશકોના કાર્યને સરળ બનાવશે.

નવા ઓર્ડીનન્સ નીચે મંજુર થયેલા કદ મુજબ નીકળતા પ્રબુદ્ધ જૈનમાં હવે બહુ વાંચવા જેવું નથી આવતું એમ પ્રબુદ્ધ જૈનના વાંચકોને અવશ્ય લાગવાનું. અમને પણ આટલો નાનો અંક શું પ્રગટ કરવો—તેમાં શું આપવું અને શું ન આપવું —એવો પ્રશ્ન થઇ આવે છે. તેના આજના કદમાં વધારો મંજુર કરાવવા અમો મહેનત કરીએ છીએ. તેમાં અમે નિષ્ફળ નીવડીશું તો પછી દર પખવાડીએ આટલો નાનો અંક પ્રગટ કરવાને બદલે દર માસે ચાલુ કદનું પ્રબુદ્ધ જૈન પ્રગટ કરવું એ વધારે યોગ્ય લાગે છે. તેથી જુલાઇ માસની પંદરમી તારીખનો અંક કદાચ પ્રગટ ન પણ કરવામાં આવે તો તે બદલ પ્રબુદ્ધ જૈનના વાચકો તેમજ ગ્રાહકો અમને ક્ષમા આપશે એવી અમો આશા રાખીએ છીએ.

**તંત્રી, 'પ્રબુદ્ધ જૈન.**

### રાહતની અપેક્ષા ધરાવનાર જૈન કુટુંબો માટે

આજના વિષમ સમયમાં એવાય કેટલાય કુટુંબો છે કે જેમને પોતાના જીવન નિર્વાહ વિષે પાર વિનાની મુઝવણ હોય છે. મુંબઇ તથા પરાઓમાં વસતા આવા જૈન કુટુંબોને તેમના રેશનના બીલમાં પચાસ ટકા સુધી અથવા તો રોકડ દ્વારા મદદ આપીને જરૂરી રાહત પહોંચાડવાની યોજના શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કેટલાય માસથી હાથ ધરવામાં આવી છે. જે જૈન કુટુંબને આવી મદદની અપેક્ષા હોય તેણે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

### નર્સ થવા ઇચ્છનાર બહેનને શિષ્યવૃત્તિ

બોંબે પ્રોવીન્શીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ લઇને નર્સ થવા ઇચ્છતી જે કોઇ જૈન બહેનને રૂ. ૨૦ ની શિષ્યવૃત્તિની અપેક્ષા હોય તેણે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રો ઉપર લખીને તે વિષે વિગતો મંગાવવી. આવેલ અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપર જણાવેલ અભ્યાસક્રમ પુરો થતાં સુધી ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

### સંઘને મલેલી મદદ

તા. ૧૫-૫-૪૪ થી આજ સુધીમાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના રાહત કાર્યમાં નીચે મુજબ આર્થિક મદદ મળી છે.

| | | |
|---|---|---|
| ૩૦૦) | શ્રી | ડાહ્યાભાઈ ત્રીભોવનદાસ |
| ૨૦૧) | ,, | દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી (દીપચંદ એન્ડ કું.વાળા) |
| ૨૦૦) | ,, | મણિલાલ મોકમચંદ શાહ |
| ૧૦૦) | ,, | મણિલાલ મોકમચંદ શાહ (સુનર રાહત માટે) |
| ૫૦) | ,, | શંભુલાલ કલ્યાણજી |
| ૫૦) | ,, | પ્રેમચંદ વેલજી મહેતા |
| ૨૫) | ,, | માણેકલાલ મગનલાલ |
| ૧૫) | ,, | રતીલાલ એલ. શાહ |
| ૧૦) | ,, | હુસન |
| ૯૫૧) રૂ. | | |

**મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ.**

### પ્રકીર્ણ સમાચાર

બહેન વાસન્તી હીરાલાલ અમૃતલાલ શાહ એમ્. એસ્ સી. ની પરીક્ષામાં પસાર થયા અને ફીઝીકસને લગતા કોઇ પણ વિષયમાં ડોકટરેટ મેળવવા માટે થોડા સમયમાં અમેરિકા જનાર છે. તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા!

બાબુ પનાલાલ પુનમચંદ હાઇસ્કુલના ૨૬ વિદ્યાર્થીઓ આ વખતે મેટ્રીકની પરીક્ષામાં બેઠેલા તેમાંથી ૨૫ વિદ્યાર્થીઓ પસાર થયા. આ માટે હાઇસ્કુલના પ્રીન્સીપાલ શ્રી. તેલંગને ધન્યવાદ ઘટે છે.

**સંઘના સભ્યોને વાર્ષિક લવાજમ ભરી જવા વિજ્ઞપ્તિ છે.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

Regd. No. B. 4266

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

લવાજમ રૂપિયા ૩

તંત્રી :— મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ ૬ ] મુંબઈ : ૧૫ જુલાઈ ૧૯૪૪ શનિવાર [ અંક ૬

## કેટલાક સમાચાર અને નોંધ

### ‘રૂ. ૩૦૦૦ નહિ મોકલાવો ત્યાં સુધી રોટલો મળશે પણ ઓટલો નહિ મળે’

### અભણ બ્હેનોના અસહકારની એક રોમાંચક કહાણી

મુંબઈનું ભાટીઆ સ્ત્રી મંડળ એક બહુ જ જાણીતી સ્ત્રી સંસ્થા છે. તે સંસ્થા તરફથી મુંબઈમાં જુદા જુદાં સ્થળોએ બાળમંદિરો ચલાવવામાં આવે છે તેમ જ બ્હેનો થોડું ઘણું દ્રવ્યોપાર્જન કરી શકે તેવા કેટલાક ગૃહઉદ્યોગોની પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. છેલ્લા એપ્રીલ માસની ૧૪ મી તારીખે મુંબઈમાં નીપજેલા ભીષણ અગ્નિકાંડ દરમિયાન આ સંસ્થા તરફથી ચાલતા બાળમંદિરની સર્વ સામાન સામગ્રી નાશ પામી હતી. સદ્‌ભાગ્યે એક પણ બાળક કે શિક્ષકને ઇજા થવા પામી નહોતી. ત્યારબાદ અઢી મહીનાના ટુંકા ગાળામાં એ સંસ્થા બાળ મંદિર તો સજીવ કરી શકી છે, એટલું જ નહિ પણ એ બાળ મંદિર જેમાં અન્તર્ગત કરવામાં આવ્યું છે એવી એક હિન્દુ પ્રાથમિક શાળા ઉઘાડવાને પણ ભાગ્યશાળી થઈ છે. આ માટે ભાટીયા સ્ત્રી મંડળના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે.

આ તો એક આનુષંગિક વાત થઈ. પ્રસ્તુત પ્રાથમિક શાળાનું ઉદ્‌ઘાટન કાર્ય તા. ૮–૭–૪૪ ના રોજ સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસના હાથે કરવામાં આવ્યું હતું. એ ઉદ્‌ઘાટન પ્રસંગે સર પુરૂષોત્તમદાસે પોતાના વ્યાખ્યાન દરમિયાન સુરત જીલ્લાના એક ગામડાની અભણ બહેનોએ પુરૂષવર્ગ સામે અસહકાર કરીને પણ એક મહાન કાર્ય કરી બતાવેલું. એ આખી ઘટના નોંધવા લાયક લાગવાથી તેમના જ શબ્દોમાં નીચે આપવામાં આવે છે:—

“સુરત જીલ્લામાં અરબ્બી સમુદ્રના કીનારે એક નાનું સરખું ગામડું છે. ત્યાં કોળી લોકોની જ મોટે ભાગે વસ્તી છે. આ લોકો દક્ષિણ આફ્રીકા જોડે વર્ષો જુનો સંબંધ ધરાવે છે. ગામમાં રહેતા પુરૂષો આફ્રીકા જાય, ત્યાં વેપાર કરે, મજુરી કરે, નોકરી કરે, ત્રણ ચાર વર્ષે દેશમાં પાછા આવે, પાંચ છ મહીના કુટુંબ સાથે રહે, વળી પાછા આફ્રીકા જાય. ત્યાં વસતી પ્રજાનો આવો ક્રમ ચાલ્યા કરે છે. જ્યારે મારી સુરત જીલ્લામાં સો નિશાળોના મકાનો બંધાવી આપવાની યોજના બહાર પડી અને તેની ચોતરફ જાહેરાત થઇ ત્યારે તે માટે ગામેગામથી માંગણીઓ આવવા માંડી. ઉપર જણાવેલ ગામડામાં મોટે ભાગે સ્ત્રીઓ જ રહેતી હતી. તેમના દિલમાં થયું કે આપણે ત્યાં આવી નીશાળ ઉભી કાં ન થાય? નિશાળોના મકાનો બાંધી આપવાની મારી યોજના એ પ્રકારની હતી કે નિશાળનું પાકું મકાન બાંધવા પાછળ આશરે રૂ. ૯૦૦૦નો ખર્ચ થાય. તો જે ગામવાળા ઓછામાં ઓછા રૂા. ૩૦૦૦ એકઠા કરી આપે તેમને બાકીની રકમ મેં કાઢેલા ફંડમાંથી આપીને તે ગામને નિશાળનું મકાન બંધાવી આપવું. આ યોજનાનો અમલ કરવા માટે સુરત જીલ્લામાં એક કમીટી નીમી હતી. આ યોજના મુજબ રૂ. ૩૦૦૦ જોઇએ. પણ આ રકમ એ ગામની બાઇઓ કયાંથી લાવે? તેમણે આફ્રીકામાં વસતા પોતાના પુરૂષ વર્ગને રૂા. ૩૦૦૦ તુરતાતુરત મોકલી આપવા કાગળ લખ્યો. કાગળ તો પહોંચ્યો, પણ રૂા. ૩૦૦૦ કોણ એકઠા કરે અને કોણ મોકલે? દિવસો અને મહીનાઓ પસાર થવા લાગ્યા. પણ એ રકમ તો આવી જ નહિ. સો મકાનની મારી યોજના લગભગ પુરી થવા આવી છે એવા બાઇઓને ખબર મળ્યાં અને પોતાનું ગામ રહી જશે એ બાબતની એ બાઇઓને—એ અભણ કોળણોને—ચિન્તા પેઠી. કાગળ ઉપર કાગળ લખાયા, પણ રૂા. ૩૦૦૦ તો આવ્યા જ નહિ. બધી બાઇઓ એકઠી થઇ અને ઠરાવ કર્યો કે હવે પછીથી પોતાના ભાઇભાંડુ, બાપ, દીકરો કે ધણી જે કોઇ આફ્રીકાથી આવે તેને—આફ્રીકાથી જ્યાં સુધી રૂા. ૩૦૦૦ આવે નહિ ત્યાં સુધી—પોતાના ઘરમાં સુવા દેવો નહિ. ગામબહાર એક અલાયદી જગ્યા રાખવી અને ત્યાં તેના માટે સુવાની વ્યવસ્થા કરવી. આ બાબતની બધી બહેનોએ ગંગાજળ મૂકીને ઇશ્વર સાક્ષીએ પ્રતિજ્ઞા લીધી. પછી તો કોઇનો ભાઇ આફ્રીકાથી આવ્યો. કોઇનો ધણી આફ્રીકાથી આવ્યો. તેને ઘરમાં આવકાર આપે, જમાડે, પણ રાત પડે એટલા ઘરમાં સુવાનું સ્થાન ન મળે. ગામની બાઇઓ આ રીતે નવા આવનાર માણસની ચોકી કરે અને ગામબહાર નક્કી કરેલ સ્થાન ઉપર તેને રાત્રી ગાળવાનું ફરમાવવામાં આવે. રૂા. ૩૦૦૦ આફ્રીકાથી લઇ આવો પછી ઘરમાં સુવા દેવામાં આવશે એમ ઘરના જ માણસો મોઢે ચઢીને કહે. આમ એક બે ત્રણ પુરૂષોની બાબતમાં બન્યું અને તેમના દિલમાં ચોંટ પેઠી તેઓ પહેલી સ્ટીમરે આફ્રીકા જવા ઉપડયા અને એક મહીનામાં રૂા. ૩૦૦૦ તેમણે એકઠા કર્યા. મારી ઓફીસ ઉપર કશા પણ બીજા સમાચાર સિવાય રૂા. ૩૦૦૦ નો ડ્રાફ્ટ આવ્યો. એ સાથે કશો કાગળ કે પત્ર ન મળે મને આશ્ચર્ય થયું કે આ ડ્રાફ્ટ શેનો આવ્યો? પેલા ગામમાં ઉપર જણાવેલ ધમાલ ચાલી રહી હતી તેની મને ખબર હતી, તેથી મને તર્ક આવ્યો અને મેં તપાસ કરાવી. એટલામાં સામેથી એ બાઇઓ તરફથી મારી કમીટી ઉપર પુછાવટ આવેલી કે આફ્રીકાથી એમના પુરૂષો તરફથી હજુ સુધીમાં કોઇ રકમ આવી છે કે નહિ? એ બાઇ-ઓના આ પરાક્રમથી મને તેમના માટે ભારે માન ઉપજ્યું અને પોતાનાં છોકરાંઓ અભણ રહી ન જાય એટલા માટે આવી કેવળ અભણ કોળણો આટલું કરી શકે છે તો આપણો સંસ્કારી અને ઉપલા થરનો સ્ત્રી વર્ગ જો ધારે તો શું ન કરી શકે એવો આપણા સ્ત્રી વર્ગની કાર્યશક્તિ માટે ગૌરવભર્યો ખ્યાલ મારા દિલમાં પેદા થયો પછી તો બાકીની રકમની પુરવણી થઇ અને નીશાળનું મકાન બંધાઇ ગયું. તે ઉઘાડવાનો સમય આવ્યો અને એ જ અરસામાં મારે બીજી ગોળમેજી પરિષદમાં જવાનું માથે આવીને ઉભું. એ મકાન મારે હાથે ઉઘડે એવો એ બ્હેનોનો આગ્રહ હોવા છતાં મારે ના લખવી પડી. તેના જવાબમાં તેમનામાંની અગ્રેસર બાઇએ કહેવરાવ્યું કે ‘મકાન ઉઘાડવા માટે તમારે આવવું જ પડશે. જ્યાં સુધી તમે નહિ આવો ત્યાં સુધી અમારા છોકરાં બહાર બેસી રહેશે, પણ નીશાળની અંદર ભણવા નહિ જાય’. આ કાગળ મને શનીવારે મળ્યો અને બીજા શનિવારે તો મારે અહિંથી વિલાયત ઉપડવાનું હતું. માથા ઉપર માર વિનાનો કામનો બોજો હતો. એમ છતાં પણ આ બાઇઓની ટેક, દૃઢતા અને પોતાના છોકરાંને ભણેલા જોવાની આતુરતા ઉપર હું એટલો મુગ્ધ હતો કે તેમની ઇચ્છા અને આગ્રહને હું ઠેલી ન શકયો અને એ ગાળામાં ગમે તેમ કરીને એક દિવસ કાઢીને તે મકાનની ઉદ્‌ઘાટન ક્રિયા હું કરી આવ્યો અને એ બાઇઓના પવિત્ર દર્શનથી હું ધન્ય બન્યો.”

### ‘એ ભગવાન એના એ!’

હજુ ગયા અંકમાં મુંબઇ ખાતે શ્રી. સાગરાનંદ સૂરીના આગમન સંબંધે ચેતવણીનો સુર કાઢવામાં આવ્યો હતો અને મુંબઇનું આ ચાતુર્માસ તો શાન્તિથી પસાર થશે એવી આશા સેવવામાં આવી હતી. એવામાં જન્મભૂમિના જુલાઇ તા. ૧૦–૧૧ તથા ૧૨મી તારીખના અંકમાં શ્રી. રતિલાલ માણેકચંદ નામના માંગરોળ નિવાસી એક

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


**પ્રબુદ્ધ જૈન**

सत्यपूतां वदेद्वाचम्

જુલાઈ ૧૫ ૧૯૪૪


# મુનિશ્રી નાનચંદજીનું રાત્રીપ્રવચન

કાઠિયાવાડના સ્થાનકવાસી જૈન સમાજમાં છેલ્લા એક વર્ષમાં સમાજને ખળભળાવી મૂકે તેવા બનાવો બન્યા છે. એક તો જુના સમાજમાં પ્રાગતિક તત્ત્વ તો નહોતું, પરંતુ તે પોતાની રીતે જુની ઘરેડમાં ચાલ્યો જતો હતો. અલબત જેમ તેમાં અકળાવી મૂકે તેવી અશાન્તિ નહોતી તેમ તેમાં થનગનતું ચેતન પણ નહોતું. જુની મુડી ઉપર, જુના ઇતિહાસ ઉપર તે નભ્યે જતો હતો. તેને પોતાનો નવો ઇતિહાસ રચવાની કે જીવનનો નવી દૃષ્ટિએ વિચાર કરવાની કંઇ પડી નહોતી. આવા જીવનમાં પ્રથમ ખળભળાટ મચાવ્યો શ્રી કાનજી મુનિના નવા મોક્ષ માર્ગના વિધાને. સમાજના એક નાનકડા ભાગ સીવાય જુના નવા સૌએ તે કાલ્પનિક મોક્ષ માર્ગનો વિરોધ કર્યો. તેનો બહિષ્કાર પોકારવા જેવી સ્થિતિ પણ કોઇ કોઇ સ્થળે ઉભી થઇ. આ ઝઘડો હજુ શમ્યો નથી. આ તો બન્યું પ્રગતિનો માર્ગ, માનવજીવનનો માર્ગ મોક્ષના નામથી રૂંધાતો હતો તે ભીતિએ. ત્યારે તો જુના નવા સૌને લાગ્યું હતું કે માનવોચિત ધર્મને, પ્રગતિને કે માનવ સમાજને ઉવેખીને થતી નરી મોક્ષની કલ્પના સમાજઘાતક છે. એટલે એ સમાજ–રીપુ સામે સમાજરક્ષકોએ સંયુક્ત મોરચો માંડયો. જે વાત તો જુની થઇ ગઇ. આ વખતે જ સમાજે પોતાના ચાલુ જીવનનો વિચાર કરી તેની સાફસુફી કરી વધુ પ્રગતિશીલ અને ઉપયોગી રાખવા આવશ્યક પરિવર્તન કરવું જોઇતું હતું. યુગબળ તો ક્યારથી સમાજને ચેતાવતી હતી જ. પણ તેવી કોઇ નક્કર યોજના વિચારવાનું કંઇ ન બન્યું ત્યારેજ સત્ય સમજાયું કે જુનવાણી સમાજ સમાજઉત્કર્ષની દ્રષ્ટિએ વિરોધ કરવા નહોતો નીકળ્યો, પણ પોતાના અચલાયતન માર્ગમાં ચલિત તત્ત્વ દાખલ થયું તેટલા માટેજ તેનો વિરોધ હતો. આ માર્ગ સાચો નહોતો. જેમ શ્રી કાનજી મુનિનો માર્ગ સમાજની પ્રગતિ માટે ઉપયોગી નહોતો તેમ જુનવાણી સ્થિતિચુસ્તોનો પુરાણો માર્ગ પણ વાજબી નહોતો. જુનો વર્ગ સમાજના જીવન માટે લડતો નથી, પણ પોતાની તુટતી પરંપરા માટે લડે છે. એ નક્કી થયું. આ સત્ય યુવકોએ જોયું અને જાણ્યું.

જુના અને નવા બન્નેને હૈયે સમાજનું હિત છે એમ આપણે માની લઇએ. પણ તે હિતની રક્ષાના બન્નેના માર્ગ જુદા છે. જુનો વર્ગ માને છે કે ‘ જુનું એટલું સોનું ’ એટલે જુના નક્કી થયેલા માર્ગને જરા પણ પલટયા સીવાય વર્તે જવું અને બીજાને વર્તાવવાની ફરજ પાડવી તે જ સમાજ હિતનો માર્ગ છે, જ્યારે યુવકો–નવો યુગ–માને છે કે સમાજની પ્રગતિ અને શાન્તિ માટે સમય અને સંજોગ જે જે પરિવર્તનો સુચવે–જરૂરના લાગે–તે કરીને પણ સમાજને યુગની સાથે રાખવાથી સમાજનું હિત જળવાશે. નવો યુગ કોઇ પણ અમુક યુગ કે કાળને જ ડહાપણનો ઇજારો હતો અને આ યુગમાં ડહાપણ અને દીર્ઘદૃષ્ટિનો સદંતર અભાવ છે એમ માનવા તૈયાર નથી. યુગે યુગે ડાહ્યાના ડહાપણ સંભવે છે અને તેનું સન્માન થવાનું જ છે, એટલે આજના યુગનું નિયંત્રણ આજના યુગનું ડહાપણ કરે તેમાં જરાય ખોટું કે ધર્મલોપ નથી એવી તેની પાકી ખાત્રી છે. સમાજમાં દરેક ક્રાન્તિકારે આ ભ્રમનો પડદો તોડવાનું જ કાર્ય કર્યું છે. બુદ્ધ ભગવાન મહાવીરથી માંડીને આજના યુગના પ્રત્યેક ક્રાન્તિકારે!

સ્થાનકવાસી સમાજમાં છેલ્લા દાયકામાં આ ભ્રમનો પડદો ચીરવાનો પ્રયાસ કર્યો પાંચ છ વર્ષ પહેલાં શ્રી સંતબાલે. તેણે ચાલુ જીવનના કેટલાયેક વિધિ વિધાનો અને મર્યાદાઓ સામે વિરોધ કરી જીવનમાં થોડું પરિવર્તન કર્યું. આ પરિવર્તનની પાછળ શીથિળતા નહોતી, સુખશીલીયાપણું નહોતું કે નહોતી કોઈ જાતની નબળાઇ! પણ સમાજને વધુ સારી રીતે ઉપયોગી થવાય તેટલા માટે સગવડતા, સરળતા મેળવવાની વૃતિ હતી. છતાં પણ ક્રાન્તિકારી મહાવીરને પૂજનારા ભકતોએ એની નાનકડી ક્રાન્તિનો પ્રચંડ વિરોધ કર્યો. તેનો ‘રોટલો ઓટલો’ બંધ થયા! આજે અનુભવથી જાણી શકાય છે કે તે પોતાની રીતે તજાયેલ પછાત સમાજની ઠીક સેવા કરી રહેલા છે—અને સમાજનો ઉત્કર્ષ સાધી રહેલા છે. જો સમાજને સમાજના ઉત્કર્ષની પડી હોત તો વર્ષો પછી પણ ‘સંતબાલ’ના સબંધમાં પોતાનું વળણ બદલ્યું હોત! તે તો ન બન્યું, પણ જ્યારે મુનિશ્રી નાનચંદજીએ થોડીક છૂટ લીધી ત્યારે આખો જુનવાણી વર્ગ ચોંકી ઉઠયો. અરે! જૈન સાધુ દીવાના પ્રકાશમાં રાત્રીપ્રવચન કરે અને તે પણ સ્ત્રીઓની હાજરી હોય તેવી મેદની સામે! અગ્નિકાયની હિંસા અને નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યનો ભંગ કેમ સાંખી લેવાય! સમાજે આમાં ધર્મનાશ દેખ્યો. છૂટ લેનારમાં કોઇ અધર્મ ભાવ દેખ્યો! મહાવીરના માર્ગથી વિરુદ્ધ વર્તન દેખ્યું! યુવકોએ તદ્દન જુદું દેખ્યું. તેને સાધુના નિષ્ક્રિય જીવનમાં આથી ઉપયોગી પ્રવૃત્તિના દર્શન થયાં. સમાજને જાગૃત કરવાનો સાચો માર્ગ તેણે તેમાં જોયો. આમ બે ભિન્ન માન્યતાઓ, દૃષ્ટિઓ આજે લડી રહી છે જેમાં જુના અને નવા બન્ને આકરા અને આકળા થઇ ગયા છે.

જ્યારે જ્યારે સમાજમાં ચાલુ પ્રણાલિકાથી ભિન્ન પ્રકારનું વર્તન વિચારણા કે માન્યતા દાખલ થાય છે, ત્યારે ત્યારે હમેશાં અલ્પકાળ માટે તો જરૂર સમાજની શાન્તિ ડોળાઇ જાય છે. તેમાં નવા જુનાના બે પક્ષો પણ બંધાઇ જાય છે. જો તેમાં વિવેક બુદ્ધિનો ઉપયોગ કરવામાં ન આવે તો પરિણામે નવા જુના બન્નેના કદાગ્રહમાં સમાજ પોતેજ ભીંસાય જઇ મુડદાલ થઇ જાય છે. આ સત્ય બન્નેએ જાણવું ઘટે.

મુનિશ્રી નાનચંદજી જો કે શ્રી સંતબાલની માફક મોટું પરિવર્તન કરી બેઠા નથી, પણ થોડીક છુટ માત્ર તેમણે લીધી છે. અને તે એ કે તેઓ રાત્રે મ્યુનિસિપાલિટીના ફાનસના અજવાળામાં સ્ત્રીઓ અને પુરૂષોના સમુહ પાસે પ્રવચન કરે છે. આ અધર્મીય–અશાસ્ત્રીય અને અસાધુ વર્તન સામે આખો રાજકોટનો રૂઢિચુસ્ત વર્ગ ચોંકી ઉઠયો છે અને તેમાં સમાજના કેટલાએક પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ ધર્મલોપ માન્યો છે અને તેથી સંપ્રદાયની રક્ષા માટે તેના ઉપકરણો ખૂંચવી લેવા સુધીની ધમકી આપવાની વાત પણ બની સંભળાય છે. સાધુ અને શ્રાવક વચ્ચેની સહજ મર્યાદાનો ત્યાગ કરવામાં આવ્યો હોય તેવું અપમાનીત વળણ તે મહાનુભાવોએ લીધેલું પણ સંભળાય છે. આની સામે યુવક વર્ગ ઉશ્કેરાયો છે અને સમાજ કલહની ભઠ્ઠીમાં હોમાય તેવાં સ્પષ્ટ ચિન્હો દેખાય છે. આ અતિ શોચનીય વાત છે.

આ પ્રશ્ન શ્રી નાનચંદજી મુનિનો અંગત નથી રહેતો પણ સાધુઓની જીવનચર્યાનો બની જાય છે. તે રાજકોટ કે કાઠિયાવાડનો પણ નથી રહેતો પણ જૈન સમાજનો બને છે.

આ પ્રશ્નનો તેના ગુણદોષ પુરતો વિચાર કરીએ. કેટલાએક આ પ્રશ્નનો ઉકેલ શાસ્ત્રોના પાનામાં શોધવામાં પડયા છે, તો કોઇ કોઇ બીજા પ્રાંતોમાં ચાલતી પ્રથાના આધારે તેની વાસ્તવિકતાનો નિર્ણય કરવા માગે છે. કદાચ આમાંથી ખરો જવાબ મળે કે ન મળે તે વાતને અતિ મહત્વ આપવા કરતાં સાચો નિર્ણય ઉપયોગની દૃષ્ટિએ, તેમાં સમાયેલ હેતુની દૃષ્ટિએ થાય તો વધુ ઇષ્ટ છે.

જે વખતે પ્રજા ફુરસદવાળી હતી ત્યારે સવારે કે બપોરે ઉપદેશ, ધર્મવાર્તા સાંભળવા આવતી, પણ આ અતિ વ્યવસાયી યુગમાં જીવન નિર્વાહનો પ્રશ્ન જ્યાં ઉગ્ર બન્યો છે ત્યાં માણસ ઉપદેશ માટે દિવસનો વખત ફાજલ પાડી શકે તેમ નથી. તેથી રાત્રે પ્રવચન જો કરી શકાય તો ખરેખર ઇષ્ટ ગણાવું જોઇએ. તેને બદલે તેનો ધર્મના નામે

અહિંસા બુધ્ધિ પણ વગોવાય છે. આપણે આશા રાખીએ કે હજુ પણ આ આચાર્યો સમયને ઓળખે અને શિષ્યો વધારવાના મોહથી મુક્ત બનીને અંદર વધતો જતો સડો સાફ કરે કે જેથી સાધુ સંસ્થા તરફ લોકોનો વધતો જતો અનાદર ઘટે અને ધર્મ પ્રત્યેનો આદર વધે.

**વૃદ્ધલગ્નનો ઘૃણાજનક કીસ્સો**

કેટલાક સમય પહેલાં ખંડવા મુકામે ગંભીરમલજી નામના આશરે ૭૦ વર્ષના એક વૃદ્ધ જૈન શ્રીમાનનું શ્રી લક્ષ્મીબાઇ નામની એક નાની ઉમ્મરની કન્યા સાથે લગ્ન થયેલું એ ઘટના વિષે વર્તમાન પત્રોમાં ખુબ ચર્ચા આવેલી. લગ્ન બાદ લક્ષ્મીબાઇ બાપને ઘેર ચાલી ગઇ અને તેને પાછી મેળવવા માટે ગંભીરમલજીએ અદાલતમાં દાવો માંડયો. બાઇપક્ષે કાયદેસરના લગ્નની હકીકતનો ઇનકાર કરવામાં આવ્યો. સ્થાનિક અદાલતે પોતાના ચુકાદામાં લગ્ન થયાની હકીકત પુરવાર થયેલી ગણી જે સામે ઉપલી કોર્ટમાં અપીલ નોંધવવામાં આવી છે. આમ લગ્નની હકીકત વિવાદાસ્પદ હોઇને તેમ જ તે કજીયો કોર્ટે ચઢેલો હોવાથી તે વિષે ચર્ચાને અવકાશ નથી. પણ આ બાબતમાં ગંભીરમલજી માત્ર કોર્ટે જઇને સંતોષ માની બેઠા નથી, પણ એ ઉપરાંત બાઇને પાછી મેળવવા માટે શકય તેટલી ગુંડાગીરીનો પણ સાથે સાથે ઉપયોગ કરી રહ્યા હોય એમ લક્ષ્મીબાઇએ છાપાજોગ પ્રગટ કરેલા પત્રથી માલુમ પડે છે. તદુપરાન્ત લગ્નની હકીકત સ્વીકારી લેવામાં આવે તો પણ તે લગ્ન લક્ષ્મીબાઇને કોઇ રીતે મંજુર નથી એ પણ તેના પત્ર ઉપરથી માલુમ પડે છે. તે પત્રમાંથી કેટલાક ઉપયોગી ઉતારાઓ નીચે આપવામાં અવે છે.

"હું આપને નમ્રતાપૂર્વક જણાવવા માગું છું કે મારો વિવાહ તમારી સાથે નથી થયો. હું તમને મારા ધર્મપિતા માનું છું. મને તમે તમારી એક પુત્રીતુલ્ય જ લેખજો. હું તમારી સ્ત્રી બની છું એમ કહેતાં તમારે શરમાવું જોઇએ.

"મને કોઇએ ઉશ્કેરી કે ચડાવી નથી. હું મારી સ્થિતિ બરાબર સમજું છું. કોઇ પણ સમજુ બાળા તમારા જેવા વૃદ્ધની સાથે લગ્ન કરી પોતાની જીંદગી બરબાદ કરવા તૈયાર થાય ખરી? તમે પોતે જ છાતી ઉપર હાથ મૂકીને કહી શકશો કે હું જો તમારી પુત્રી હોઉં તો મને સીત્તર વર્ષના વૃદ્ધ સાથે પરણાવો ખરા? તમારે પુત્રીઓ છે. આજ સુધીમાં કોઇ ડોસા સાથે યુવાન કન્યાને તમે પરણાવી છે?... ... ... ...કૃપા કરીને ધનનો મદ મૂકી દો. પરલોક સુધારવા પ્રયત્ન કરો.

"મહેરબાની કરીને મારા મકાન ફરતા ગોઠવેલા ગુંડાઓને પાછા બોલાવી લો. તા. ૧૮ મીએ સાંજે તમે ૧૫-૨૦ તોફાનીઓને લઇને આવેલા અને મને ઉપાડી જવા સારૂ મારા ઘરનાં બારણાં તોડવા ફાંફા મારેલા એ બધું હું જાણું છું. તમે બેવાર તો મારા પિતાજીને મારેલા પણ ખરા. હજુ પણ તમે એવા જ પ્રપંચ ખેલી રહ્યા છો. આ ઠીક નથી થતું. જિનેંદ્ર ભગવાન તમને સદ્‌બુદ્ધિ આપે એમ પ્રાર્થું છું. આપનું જીવન ધર્મકરણીમય વીતરાગતા તરફ વળે તો તમે તમારૂં અને સમાજનું પણ કલ્યાણ કરી શકો". વગેરે.

આ પત્ર દ્વારા એક પુરૂષની પીશાચી વૃત્તિ, એક સ્ત્રીની કરૂણાપૂર્ણ અસહાયતા અને આસપાસ વસતા સમાજની કેવળ કર્તવ્ય મૂઢતા—આ ત્રણ બાબતોનું આપણને ભાન થાય છે અને આપણા દિલમાં આવા પુરૂષો પ્રત્યે અને તેવાઓને ગુંડાબાજી ખેલવા દેતા નિષ્ક્રિય સમાજ પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર ઉદ્દભવે છે. આવી એક લગ્ન પ્રપંચમાં ફસાયેલી નિર્દોષ બાળાને કે તેના માબાપને ત્યાંનો જૈન સમાજ કશું પણ રક્ષણ આપી શકતો નથી તેમ જ મદમત્ત ગંભીરમલજીની સાન ઠેકાણે લાવવાની દિશાએ પણ કશું જ કરી શકતો નથી એ ભારે દુઃખજનક છે. ત્યાંના યુવાનો પણ શું કેવળ જડતા અને નિષ્ક્રિયતાના ગુલામ બની બેઠા છે?

લક્ષ્મીબાઇની કથા પ્રગટ થઇ અને દુનિયાએ જાણી, પણ આવી અનેક લક્ષ્મીબાઇઓ ગુંગળાઇ રહી છે, પુરૂષોના જુલમ નીચે છુંદાઇ રહી છે અને આખરે ઝેર કે કોઇ જળાશય મારફત પોતાનો છુટકારો શોધી રહી છે. આનું પુરૂષજાતિને કેટલું પ્રાયશ્ચિત કરવું પડશે તેની કોઇ કલ્પના આવતી નથી. આવી લક્ષ્મીબાઇઓને બચાવવી, ઉગારવી, પુરૂષપિચાશના પંજામાંથી છોડાવવી—એ આજના યુવકોનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. આજે ચાલી રહેલા સામાજિક અન્યાયો રાજકીય અન્યાયોથી ઓછા ભીષણ કે ભયાનક નથી. આવા સર્વ અન્યાયો અને અત્યાચારોનો સબળ સામનો—એ એક જ આજનો યુગધર્મ છે.

પરમાનંદ.

## સંઘ સમાચાર

**શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય-પુસ્તકાલય ટ્રસ્ટ**

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી સંઘના વાંચનાલય-પુસ્તકાલયને માટે રૂા. ૧૦૦૦૦ ની રકમ ભેટ આપવામાં આવી હતી અને ત્યારબાદ રૂ. ૧૩૮૩૩ ની થેલી સંઘ તરફથી એકઠી કરીને શ્રી મણિલાલ મોકમચંદ શાહને અર્પણ કરવામાં આવેલી જેમાં બાકીની રકમની પુરવણી કરીને રૂ. ૧૪૦૦૧ સંઘના વાંચનાલય પુસ્તકાલયના ઉપયોગ માટે તેમના તરફથી સંઘને પાછા સુપ્રત કરવામાં આવ્યા હતા. આ રીતે એકઠી થયેલી કુલ રકમ રૂ. ૨૪૦૦૧ નું અને આજ સુધીમાં એકઠી થયેલી સંઘના વાંચનાલય પુસ્તકાલયની મીલ્કત એકત્ર કરીને એ સર્વનું એક સ્વતંત્ર ટ્રસ્ટ કરવામાં આવ્યું છે અને તે ટ્રસ્ટના પાંચ ટ્રસ્ટીઓ અને સંઘની કાર્યવાહક સમિતિએ ચુંટેલા ચાર સભ્યોની એક સમિતિ આ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયનો હવેથી વહીવટ કરે એવી ગોઠવણ કરવામાં આવી છે. ઉપર જણાવેલ ટ્રસ્ટના પાંચ ટ્રસ્ટીઓનાં નામ અને સમિતિના અન્ય ચાર સભ્યોનાં નામ અનુક્રમે નીચે મુજબ છે.

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ**
**,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી**
**,, અમીચંદ ખેમચંદ શાહ** } ટ્રસ્ટીઓ
**,, રમણીકલાલ મણિલાલ શાહ**
**,, રતિલાલ ચીમનલાલ કોઠારી**

**શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ**
**,, મનસુખલાલ હીરાલાલ લાલન**
**,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી**
**,, દીપચંદ ~~લક્ષ્મીચંદ~~ સંઘવી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આ પ્રમાણે એક સ્વતંત્ર અને સ્વાધીન સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય સંઘની એક વિશિષ્ટ વ્યક્તિ શ્રી. મણિલાલ મોકમચંદ શાહના નામ સાથે જોડીને મુંબઇની જનતાને અર્પણ કરે છે. મુંબઇની જનતા તેને અપનાવે, દ્રવ્યદાન અને પુસ્તકો વડે વિશેષ સમૃદ્ધ કરે અને વિકસાવે એવી મુંબઇની જનતાને સાદર પ્રાર્થના કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

**રાહતની અપેક્ષા ધરાવનાર જૈન કુટુંબો માટે**

આજના વિષમ સમયમાં એવાય કેટલાય કુટુંબો છે કે જેમને પોતાના જીવન નિર્વાહ વિષે પાર વિનાની મુંઝવણ હોય છે. મુંબઇ તથા પરાઓમાં વસતા આવા જૈન કુટુંબોને તેમના રેશનના બીલમાં પચાસ ટકા સુધી અથવા તો રોકડ દ્વારા મદદ આપીને જરૂરી રાહત પહોંચાડવાની યોજના શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કેટલાય માસથી હાથ ધરવામાં આવી છે. જે જૈન કુટુંબને આવી મદદની અપેક્ષા હોય તેણે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તપાસ કરવી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬ ] મુંબઈ : ૧ ઓગસ્ટ ૧૯૪૪ મંગળવાર [ અંક ૭

## કેટલાક સમાચાર અને નોંધ

### શ્રી. બહાદુરસિંહજી સીંધીનું ખેદજનક અવસાન

કલકત્તા ખાતે જુલાઇ માસની સાતમી તારીખે શ્રી. બહાદુરસિંહજી સીંધીનાં અવસાનથી જૈન સમાજે એક સંસ્કારી શ્રીમાન આગેવાનને ગુમાવ્યો છે જેની ખોટ પુરાવી મુશ્કેલ છે.

શ્રી. બહાદુરસિંહજી સીંધીનું નામ કેટલાય વર્ષથી મુનિશ્રી જિનવિજયજી મારફત ચાલતી સીંધી ગ્રંથમાળાદ્વારા વિદ્વાનો તેમજ સાહિત્ય સંશોધકોમાં બહુ જ જાણીતું હતું. આ ગ્રંથમાળાના પ્રકાશન પાછળ તેમણે રૂા. ૫૦૦૦૦ લગભગ ખર્ચ્યા હતા. આજથી દોઢેક વર્ષ પહેલાં એ આખી ગ્રંથમાળાનું પ્રકાશન તેમણે મુંબઇમાં ચાલતા ભારતીય વિદ્યાભુવનને સુપ્રત કર્યું હતું અને સાથે સાથે ભારતીય વિદ્યાભુવનની વ્યાખ્યાનશાળા સાથે તેમનું નામ જોડવાની સરતે રૂા. ૧૦૦૦૦ની રકમ ભેટ આપી હતી. કવિવર ટાગોરની વિશ્વ ભારતીમાં જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરાવનારી શાખા ખોલાવીને તેમાં તેમણે બહુ સારી મદદ કરી હતી. મુંબઇમાં ૧૯૨૬ માં ભરાયેલ જૈન મૂર્તિપૂજક શ્વેતાંબર કોન્ફરંસના તેઓ પ્રમુખ હતા. તેમણે આજ સુધીમાં અનેક સંસ્થાઓ તેમજ સાર્વજનિક પ્રવૃત્તિઓને ઉદાર આર્થિક મદદ વડે નવાજી હતી. અનેક જૈન તેમજ જૈનેતર સંસ્થાઓ સાથે તેઓ એક યા બીજા અધિકારથી જોડાયલા હતા. બંગાળા કે કલકત્તા ખાતે જૈન સમાજના તેઓ એક અગ્રગણ્ય પુરૂષ હતા. સાહિત્ય તેમજ કળાનો તેમને ભારે શોખ હતો. બંગાળા ઉપર ગયા વર્ષે જ્યારે ભીષણ ભુખમરાએ આક્રમણ કર્યું હતું ત્યારે તેમણે જે જીલ્લામાં પોતાનો નિવાસ અને જાગીર હતી ત્યાં અડધાથી પણ ઘણા ઓછા ભાવની–અનાજની દુકાનો કાઢીને રૂ. ૩,૨૦૦૦૦ ની ખોટ ખાધી હતી અને જો સરકાર અનાજ મેળવવાની સગવડ આપે તો હજુ પણ એ પ્રવૃત્તિ પાછળ ત્રણ ચાર લાખ રૂપીઆ ખરચવાને તેઓ આતુર હતા.

આમ અનેક રીતે ઉજ્જવળ, યશસ્વી અને પરોપકારપૂર્ણ તેમજ સાહિત્યોપજીવી જીવન ગાળીને ૫૯ વર્ષની વયે બહોળું કુટુંબ તેમજ સ્નેહ સંબંધીઓનો મોટો પરિવાર મૂકીને જે હૃદય રોગ તેમને વર્ષોથી હેરાન કરી રહ્યો હતો તેનાજ ભોગ બનીને તેઓ આ વિનશ્વર સંસારમાંથી વિદાય થયા છે. તેમના વિષે જૈન સમાજ, જેટલું ગૌરવ ચિન્તવે તેટલું ઓછું છે. તેમના પવિત્ર આત્માને પરમાત્મા શાન્તિ અર્પો !

### કસ્તુરબા સ્મારક ફાળો

આજે દેશભરમાં સદ્દગત પૂજ્ય શ્રી. કસ્તુરબાના સ્મારકને અંગે ફાળો ઉઘરાવાઇ રહ્યો છે. આ ફાળામાં એકઠા થતા નાણાંનો શું ઉપયોગ કરવામાં આવશે તે વિષે પહેલાં થોડી અસ્પષ્ટતા હતી પણ પુનામાં થોડા સમય પહેલાં આ બાબતમાં મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા નીચે મળેલી સભાએ પુરી સ્પષ્ટતા કરી છે કે કસ્તુરબા ફંડ નિમિત્તે એકઠા કરવા ધારેલ ૭૫ લાખ રૂપીઆનો ઉપયોગ ગામડાંમાં વસતી બહેનોના સર્વ પ્રકારના લાભાર્થે નાતજાતના કશા પણ ભેદભાવ સિવાય કરવામાં આવશે. પૂજ્ય કસ્તુરબા જેવી પતિભક્ત, ધર્મપરાયણ અને તપસ્વિની સન્નારી, ગાંધીજી જેવા પ્રસ્તુત સ્મારક પ્રવૃત્તિના સૂત્રધાર અને સ્મારકનિધિનો આવો ઉદાત્ત લોકકલ્યાણવાહી ઉદ્દેશ–આ ત્રણે બાબતો ધ્યાનમાં લઇને કોંગ્રેસવાદી હો કે કોંગ્રેસવિરોધી, હિંદુ હો કે મુસલમાન, ગાંધીવાદી હો કે સરકારવાદી–સર્વ કોઇની ફરજ આ ફાળામાં યથાશકિત એટલે કે જેટલું વધારે બની શકે તેટલું નાણું ભરવાની અચુક ફરજ છે. આવા ફાળાને પુરો પાર પાડવો એમાં આખા દેશનું ગૌરવ છે, કસ્તુરબાનું ભવ્ય સ્મારક કરવું એમાં હિંદની સ્ત્રી જનતાની પ્રતિષ્ઠા રહેલી છે. ગાંધીજી પ્રત્યે જે કોઇ પોતાને આદર કે સદ્દભાવ હોવાનો દાવો કરે છે તેને માટે આ કાર્યને અપનાવી લેવાની વિશિષ્ટ ફરજ બને છે. ૭૫ લાખ પુરા થશે કે નહિ એ પ્રશ્ન કોઇ પૂછે છે ત્યારે જરા આશ્ચર્ય થાય છે. હિંદવ્યાપી આવા મહાન કાર્ય માટે ૭૫ લાખ કાંઇ બહુ મોટી રકમ નથી; હિંદી પ્રજાની દ્રવ્ય આપવાની તાકાત આજે પહેલાં કરતાં ઘણી વધેલી છે. આ બધું હોવા છતાં ધારો કે ૭૫ લાખ ન થાય અને ૫૦ લાખ થાય તો પણ શું ? જેટલી રકમ થશે તેટલું કાર્ય થશે અને તેથી સ્ત્રી જાતિનું ભલું જ થશે. વસ્તુતઃ ૭૫ લાખ થશે કે નહિ એ પ્રશ્નને બાજુએ રાખીને જેને આમાં રસ છે અને જે આ કાર્યને પાર પહોંચાડવાને પોતાનો ધર્મ લેખે છે તે પોતાથી વધારેમાં વધારે જે કંઇ રકમ આપી શકાય તે જો આપી છુટશે તો ૭૫ લાખ પુરા થવા રમત વાત છે. આજે ચોતરફ આ બાબતની વિજ્ઞાપના થઇ રહી છે તેમાં પ્રબુદ્ધ જૈનની નાની પપુડીનો બહુ અર્થ નથી. એમ છતાં પણ પ્રબુદ્ધ જૈને આ પ્રશસ્ય પ્રવૃત્તિને પોતાથી બનતો વેગ આપવો જ રહ્યો. પ્રબુધ્ધ જૈનના સંખ્યાબંધ વાંચકોને કસ્તુરબા સ્મારક નિધિમાં પોતાનો ફાળો સત્વર મોકલી આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

### અપરિમેય ઈશ્વરસ્વરૂપ

જે પરમ ચૈતન્ય તત્ત્વ સમસ્ત વિશ્વને વ્યાપીને રહેલું છે એટલું જ નહિ પણ જે વિશ્વની સર્વ મર્યાદાથી પર છે, જેને સત્–ચિત્–આનંદમય તરીકે વર્ણવવામાં આવે છે અને દિશાકાળથી અમર્યાદિત, અનન્ત જ્ઞાનની મૂર્તિસમાન, અને આત્માનુભવદ્વારા જ જેની પ્રતીતિ શકય છે એવા 'શાન્ત તેજ' તરીકે જેનું કવિ ભર્તૃહરિ વર્ણન કરે છે તેવા અપરિમેય ઇશ્વર સ્વરૂપનું નીચેની કથામાં બહુ સુંદર રૂપક આપવામાં આવ્યું છે.

વેદપુરાણની માન્યતા અનુસાર ભગવાન કૃષ્ણને એક ઇશ્વર અવતાર તરીકે લેખવામાં આવે. એ ભગવાન કૃષ્ણની બાળલીલાનાં અનેક મનોહર દૃષ્ટાન્તો ભાગવતમાં તેમ જ અન્યત્ર જોવામાં આવે છે. તેમાંનું એક દૃષ્ટાન્ત નીચે મુજબ છે.

બાળકૃષ્ણ માતા યશોદાને ખૂબ પજવતા હતા, મિષ્ટાન્ન ખાઇ જાય, દુધ પી જાય, માખણ ચોરી જાય, ઠામ વાસણ ભાંગી ફોડી નાંખે. માતા યશોદાને તેની પાછળ પાછળ જ ભટકવું પડે. તેમને કોઇ રીતે નિરાંત વાળીને કૃષ્ણ બેસવા ન દે. એક દિવસ યશોદાજી ખૂબ અકળાયા, મુઝાયા, કંટાળ્યા અને બાળકૃષ્ણને પકડીને પાસે પડેલી દોરડી વડે ઉખળ (ખાણીઆ) સાથે બાંધવા લાગ્યા. બાંધતાં બાંધતાં દોરડી ટુંકી પડી, એટલે બીજી દોરડીનો સાંધો કર્યો. તે પણ ટુંકી પડી એટલે ત્રીજી દોરડીનો સાંધો કર્યો. તે પણ ટુંકી પડી એટલે ચોથી, પાંચમી, છઠ્ઠી એમ ઘરમાં હતી એટલી બધી દોરડી વડે કૃષ્ણને બાંધવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ દોરડી પુરી થાય નહિ અને કૃષ્ણ બાંધ્યા બંધાય જ નહિ. 'આ તે બાળકૃષ્ણ છે કે કોઇ અગમ્ય વિભૂતિ છે !' એવા વિસ્મયપૂર્વક બાળકૃષ્ણને બાંધવામાં આખરે નિષ્ફળ નિવડેલાં યશોદાજી ગોપીઓને પણ આશ્ચર્યચકિત કરી રહેલા બાળકૃષ્ણની સામે ટગર ટગર જોઇ રહ્યાં !

આપણા દોરે ભગવાન શી રીતે બંધાય ? આપણી વાણીથી ભગવાન શી રીતે વર્ણવાય ? આપણી બુધ્ધિ ભગવાનની અપાર લીલાને શી રીતે પહોંચી શકે ? આપણી કલ્પનામાં ચરાચરવ્યાપી અને તેથા

(અનુસંધાન પૃષ્ઠ ૪૫ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓગસ્ટ ૧ ૧૯૪૪


## દેશનું પલટાતું જતું રાજકારણ.

સાધારણ રીતે દેશમાં બનતા અગત્યના રાજદ્વારી બનાવો સંબંધે પ્રબુદ્ધ જૈનના વાંચકોને વખતસર માર્ગદર્શન આપતા રહેવું એ પ્રબુદ્ધ જૈનનો ચાલુ શિરસ્તો છે. એ ધોરણે રાજદ્વારી પરિસ્થિતિને અંગે ન્યુઝ ક્રોનીકલના ખબરપત્રી શ્રી સ્ટુઅર્ટ ગેલ્ડરને ગાંધીજીએ આપેલી મુલાકાતના પરિણામે પ્રગટ થયેલાં નિવેદનોની તેમજ હિંદુ મુસલમાન પ્રશ્ન પરત્વે ગાંધીજીની અનુમતિપૂર્વક શ્રી. રાજગોપાલાચાર્યે બહાર પાડેલ યોજનાની ગયા અંકમાં સમાલોચના આવવી જોઇતી હતી, પણ આ બન્ને વિષયમાં ગાંધીજીનું અમુક જ વળણ અને અમુક જ માન્યતા હોઇ શકે એવા પુર્વાપર બનેલી ઘટનાઓ ઉપરથી બંધાયલા ખ્યાલો સાથે સરખાવતાં ઉપર જણાવેલાં નિવેદનો બહુ જુદા પ્રકારના લાગવાથી મારા જેવા કેટલાયને અણધાર્યો આંચકો લાગ્યો હતો. આવી મનોદશામાં પ્રસ્તુત વિષયની સમાલોચના કરવા જતાં મારાથી ગાંધીજીને રખે અન્યાય થઇ બેસે અને તેમના વિષે કોઇ પણ પ્રકારની ગેરસમજુતી ફેલાવવામાં રખેને હું નિમિત્ત થઇ બેસું એ ભીતિથી ગયા અંકમાં એ બન્ને બાબતો વિષે મૌન ધારણ કરવું ઉચિત ધાર્યું હતું. ત્યારપછીના પખવાડીઆમાં ગાંધીજીએ છુટાછવાયાં નિવેદનોમાં ઘણી સ્પષ્ટતા કરી છે. એ સ્પષ્ટતાના પ્રકાશમાં ગાંધીજીનાં આજનાં મન્તવ્યોની સમાલોચના કરવામાં હવે કશું જોખમ કે નુકસાન થવાનો સંભવ નથી એમ સમજીને નીચેની વિચારમાળા રજુ કરૂં છું.

सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पंडितः।

ગયા મે માસની છઠ્ઠી તારીખે અતિ નાદુરસ્ત તબિયતના અંગે ગાંધીજીને સરકારે જેલવાસથી મુકત કર્યા; ત્યારબાદ મેની વીસમી તારીખે ગાંધીજીએ શ્રી. જયકરને એક પત્ર લખ્યો જેમાં તેમણે જણાવ્યું કે ઓગસ્ટનો ઠરાવ તેઓ પાછો ખેંચી શકે તેમ છે જ નહિ....તે ઠરાવ તેમને શ્વાસોચ્છવાસ સમાન છે. ત્યારબાદ કારાવાસ દરમિયાન સરકાર સાથે થયેલો ગાંધીનો આખો પત્રવ્યવહાર બધા દૈનિક પત્રોમાં પ્રગટ થયો જેની અંદર "૧૯૪૨ ની કોંગ્રેસની ભાંગફોડ" એવા મથાળાથી સરકારે કેટલાક વખત પહેલાં કોંગ્રેસ ઉપરના એક મોટા તહોમતનામા સમી પુસ્તિકા બહાર પાડેલી તેમાંના દરેક મુદ્દાનો ગાંધીજીએ બહુ જ સખ્ત અને સચોટ જવાબ આપેલો. આ બન્ને ઘટનાઓ આપણને એક જ અનુમાન ઉપર ખેંચ્યે જતી હતી કે ૧૯૪૨ ના ઓગસ્ટ માસની ૮ મી તારીખે દેશના રાજકરણ પરત્વે 'કવીટ ઇન્ડીઆ'—'હિન્દ છોડી જાઓ'—એ ઉદ્‌ઘોષણાદ્વારા વ્યકત થતું ગાંધીજીનું જે મક્કમ તેમ જ ઉદ્દામ વળણ હતું તેવું ને તેવું જ વળણ અને માનસ આજે પણ ગાંધીજીનું છે. તેમાં વળી ગાંધીજીએ જરા નીચે ઉતરીને નામદાર વાઇસરાયને મળવાની માંગણી કરી અને વાઇસરાય સાહેબે એ માંગણીને નકારી ત્યાર પછી તો બીજી કોઇ વાટાઘાટ કે બાંધછોડનો માર્ગ રહેતો જ નથી અને જેવી પોતાની તબિયત સારી થાય કે તુરત જ પોતાને જ્યાંથી લાવ્યા ત્યાં પાછા લઇ જવાનું સરકારને કહેવરાવવાનું જ માત્ર ગાંધીજી માટે અવશેષ રહે છે એવી છાયા આપણા સર્વના મન ઉપર ઉભી થઇ હતી.

આમ આજે કેટલાક સમયથી હિંદી રાજકારણમાં ઉભી થયેલી મડાગાંઠના ઉકેલની કોઇ પણ શકયતા નજરે પડતી નહોતી. યુદ્ધનું પાસું બદલાતાં સરકારનું વળણ વધારે ને વધારે અક્કડ બનતું જતું હતું. બીજી બાજુએ 'કવીટ ઇન્ડીઆ'ની ઉદ્‌ઘોષણા કરનાર ગાંધીજી ૧૯૪૨ ના ઓગસ્ટની આઠમી તારીખના ઠરાવમાં કાના માત્રાનો પણ ફેરફાર કરવાને તૈયાર નહોતા. તો પછી સરકાર માંગે છે તેમ તે ઠરાવ પાછો ખેંચવાનું તો શકય જ કેમ બને? આમ બંને બાજુએ પાકી મડાગાંઠ ઉભી થયેલી જોવામાં આવતી હતી.

આવા તિમિર અંધકાર વચ્ચે ગાંધીજીએ એકાએક જાહેરાત કરી કે ૧૯૪૨ ના ઓગસ્ટનો ઠરાવ તો એમનો એમ જ રહેશે પણ પોતે કારાવાસી થયા ત્યારથી તે ઠરાવદ્વારા પોતાને અપાયલી દેશભરમાં સવિનય ભંગની લડત ચલાવવાની સર્વસત્તાધીશ તરીકેની સત્તા ખલાસ થઈ છે. એટલે એ ઠરાવ તો એમનો એમ રહ્યો, પણ સરકારની દૃષ્ટિએ તે ઠરાવમાં રહેતો ડંખ ગાંધીજીએ દૂર કર્યો. ત્યારબાદ 'ન્યુઝ ક્રોનીકલ'ના ખબરપત્રી શ્રી સ્ટુઅર્ટ ગેલ્ડરને તેમણે લાંબી મુલાકાત આપી અને તે મુલાકાતનો સાર તેણે એકાએક અણધારી રીતે બહાર પાડયો જેને ગાંધીજીએ ત્યારબાદ બહાર પાડેલાં નિવેદનોથી સમર્થન મળ્યું. આ નિવેદનો દ્વારા ગાંધીજીએ કેટલીક એવી માંગણીઓ રજુ કરી કે જેનો સરકાર સ્વીકાર કરે તો આજની મડાગાંઠનો તુરતમાં અન્ત લાવી શકાય. એ માંગણીઓ ટુંકાણમાં નીચે મુજબ છે.

૧. સંપૂર્ણ સ્વાધીનતાની સ્પષ્ટ અને તાત્કાલિક જાહેરાત કરવામાં આવે. એ જાહેરાતનો અમલ યુદ્ધ સમાપ્તિની સાથે આપોઆપ શરૂ થઇ જાય.

૨. યુદ્ધકાળ દરમિયાન સંપૂર્ણ અને નિરપવાદ દીવાની (Civil) સત્તા જેના હાથમાં સુપ્રત થએલી હોય એવી રાષ્ટ્રીય સરકાર ઉભી કરવામાં આવે. પ્રધાન મંડળની નિમણુક વડી ધારાસભા કરે. એ નિમણુક બધા અગત્યના રાજદ્વારી પક્ષોમાંથી થાય. વાઇસરોયની સ્થિતિ એ રાષ્ટ્રીય પ્રધાન મંડળ પરત્વે બ્રિટિશ કેબીનેટ પરત્વે બ્રિટનના રાજવીની જે સ્થિતિ છે તેવીજ બરોબર રહે. વટહુકમોનું રાજ્ય બંધ થાય અને જવાબદારીવાળા પ્રધાન મંડળનું રાજ્ય એના સ્થાને આવે. આમાં રક્ષણ ખાતાનો પણ સમાવેશ થાય છે.

૩. હિંદની ધરતી ઉપર જે હિંદી તેમજ સાથી સૈન્યો લડી રહ્યાં હોય તેમની સરદારી વાઇસરાય અને હિંદના સર સેનાધિપતિના હાથમાં રહે. યુદ્ધનું સંચાલન તેઓ કરે પણ રક્ષણ ખાતું જવાબદાર હિંદી પ્રધાન મંડળને હસ્તક હોઇને યુદ્ધ સંચાલનને અંગે રાષ્ટ્રીય સરકાર સૂચનાઓ તેમજ ટીકાઓ કરી શકે.

૪. યુદ્ધ માટે જરૂરી એવાં હવાઈ મથકો, બંદરો, ખુશ્કી થાણાંઓ, સેતુઓ વગેરેનો ઉપયોગ યુધ્ધકાળ પુરતો રાષ્ટ્રીય સરકાર સર સેનાધિપતિને કરવા આપે એટલે કે યુધ્ધ ખતમ થતાં એ કબજો આપોઆપ વિસર્જન થાય.

૫. હિંદની ધરતી ઉપર લડાતાં સાથી રાજ્યોના યુદ્ધના ખર્ચનો બોજો સાથી રાજ્યો ઉપાડે.

૬. પ્રાંતોમાં યુદ્ધારંભ પૂર્વે પ્રજાકીય પ્રધાનમંડળો હતાં તેવા ફરી પાછાં અસ્તિત્વમાં આવે અને આજે ચાલી રહેલા ગવર્નર—રાજ્યનો અન્ત આવે.

આ સાથે ગાંધીજીએ વિશેષતઃ સ્પષ્ટ કર્યું છે કે ઓગસ્ટના ઠરાવની રૂઇએ પોતાને મળેલી સત્તા તો ખતમ થઇ છે એમ છતાં પણ હિંદી જનતા ઉપરના પોતાના પ્રભુત્વને લક્ષ્યમાં લઇને પોતે ધારે તો સવિનય ભંગની લડત શરૂ કરી શકે તેમ છે પણ હાલતુરત તેમનો તેવો કશો ઇરાદો નથી કારણ કે ૧૯૪૨ ની અને આજની પરિસ્થિતિમાં ઘણો ફેર પડી ગયો છે અને તેથી ૧૯૪૨ ની સ્થિતિનું આજે પુનરાવર્તન કરવું શકય નથી. આ સ્થિત્યન્તર કયા પ્રકારનું છે એ મુદ્દાને સ્પષ્ટ કરતાં ગાંધીજી જણાવે છે કે "એક તફાવત એ છે કે એ વખતે કોંગ્રેસવાદી અને બીનકોંગ્રેસવાદી લોકો આઝાદીના સંગ્રામમાં કેટલો અને કેવો ફાળો આપશે તેનો મને પુરો ખ્યાલ નહોતો. અત્યારે આ બાબતનો મને સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે. જે લોકોએ આ લડતમાં ભાગ લીધો તેમણે બતાવેલી બહાદુરી અને વેઠેલી

યાતનાઓ તેમ જ આપેલાં બલિદાનોના જેટલા વખાણ કરવામાં આવે તેટલા ઓછા છે. પણ સત્ય અને અહિંસાના ગજથી માપતાં લોકોએ પોતાના આવેગનું જે પ્રદર્શન કર્યું છે તેમાં સ્પષ્ટપણે દેખાય તેવી કેટલીક ત્રુટિઓ હતી અને હું એટલું જ માત્ર કહી શકું કે આ ત્રુટિઓને લીધે હિંદુસ્થાન પોતાના સ્વાભાવિક લક્ષ્યને હાંસલ કરી ન શક્યું.... બીજો તફાવત એ છે કે દેશમાં ઉત્તરોત્તર વધતો જતો ભયંકર ભુખમરો ચાલી રહ્યો છે. આ ભુખમરો ઇશ્વરી કોપને લઇને છે કે સત્તાધીશોના શિથિલ અથવા તો બીનઆવડતભર્યાં વહીવટને લીધે છે કે વર્તમાન વિશ્વવિગ્રહનું સર્વ સામાન્ય પરિણામ છે તે બાબત અહિં પ્રસ્તુત નથી.”

ઉપર જણાવેલ મહદ્ સ્થિત્યન્તર લક્ષ્યમાં લઇને ગાંધીજીએ પોતાનું ઉદ્દામ વળણ મ્યાન કર્યું છે અને ઉપરની માંગણીઓ રજુ કરી છે. એ માંગણીઓ જો સરકાર સ્વીકારવાને તૈયાર હોય તો ગાંધીજી જણાવે છે તેમ તેઓ તેથી સંતોષ માનવા અને કોંગ્રેસની કાર્યવાહક સમિતિના સભ્યોને મળવાની સગવડ મળતાં આ બાબતનો તેમની પાસે સ્વીકાર કરાવવાની દિશાએ પોતાથી બનતો પ્રયત્ન કરશે.

ગાંધીજીની માંગણીઓનું ધોરણ ક્રીપ્સની યોજનાને તદ્દન મળતું નથી. એમ છતાં પણ એ યોજનાથી બહુ દૂર પણ જતું નથી. ક્રીપ્સ સાથેની વાટાઘાટ વાંઇસરોયની હિંદી પ્રજા મંડળ પાસે બ્રીટનના રાજવી જેવી અને જેટલી જ સત્તા રહેવી જોઇએ એ મુદ્દા ઉપર ભાંગી પડી હતી. આ મુદ્દાને આગળ ધરીને ગાંધીજીએ તે ઉપર ખાસ ભાર મૂકયો છે. ક્રીપ્સની યોજના મુજબ યુદ્ધ સમાપ્તિ બાદ હિંદના આગેવાન રાજકીય પક્ષો એકત્ર થઇને જે બંધારણ રજુ કરે તે અંગ્રેજ સરકારે કબુલ કરવાનું હતું. ગાંધીજીની યોજના મુજબ યુદ્ધ પુરૂં થતાં વેંત હિંદને બધી રીતે સ્વાધીન અને સ્વતંત્ર બનાવવાની અંગ્રેજ સરકારે આજથી જ પાકી બાંહ્યધરી આપવાની રહે છે. આટલી બાબતો બાદ કરીએ તો ક્રીપ્સ સાથેની વાટાઘાટ ચાલતી હતી તે કક્ષા ઉપર જ આજે ગાંધીજી હિંદી રાજકારણને લાવીને મૂકે છે. ક્રીપ્સના જવા બાદ ‘ક્વીટ ઇન્ડીઆ'ની ગાંધીજીએ ઘોષણા શરૂ કરી અને ઓગસ્ટની આઠમીનો અંગ્રેજ સરકારને પડકાર કરતો કોંગ્રેસનો ઠરાવ થયો. એ હકીકતો ધ્યાનમાં લેતાં આજે ગાંધીજીએ કોઇપણ રીતે સરકાર સાથે સમાધાની કરવા ખાતર થોડી પીછેહઠ કરી છે એમ કબુલ કર્યા વિના નહિ ચાલે. એક પત્રકારે હમણાં જ તેમને સૂચવેલું કે કેટલાક ટીકાકારો આપની છેલ્લી દરખાસ્તોને મોટી પીછેહઠ જેવી ગણે છે. તેના જવાબમાં ગાંધીજીએ જણાવેલું કે “કોઇ પણ પાછા પગલાં ભરવાથી આઝાદીની પ્રાપ્તિ શકય બનતી હોય તો તેવી પીછેહઠ કરવામાં હું જરાપણ સંકોચ કરૂં નહિ.” વળી સરકાર તરફથી તેમજ તેમના પ્રતિનિધિઓ તરફથી અવારનવાર જાહેર કરવામાં આવ્યું છે કે ક્રીપ્સ પાછો ગયો પણ તેની યોજના તો ઉભી જ છે. આવી જાહેરાતો પાછળની નિષ્ઠા સ્વીકારીને જો અંગ્રેજ સરકાર આજની રાજકારણી મડાગાંઠનો નિકાલ લાવવાને ખરેખર તત્પર હોય તો તરત જ પકડી લઇ શકાય એ રીતે ગાંધીજીએ પોતાનો હાથ લંબાવ્યો છે. કેટલાકને ગાંધીજીની પીછેહઠથી બહુ જ આઘાત લાગ્યો છે અને દેશના આઝાદીજંગને ગાંધીજીએ આ રીતે ભારે ફટકો માર્યો છે એમ તેઓ માને છે. આમ વિચારનારા અને માનનારાઓ પાસે દેશની આજની વાસ્તવિક પરિસ્થિતિનું સાચું માપ નથી એમ કહ્યા વિના નહિ ચાલે. રાષ્ટ્રીય રાજકારણના સૂત્રધારે પ્રજાના બળાબળનો અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિનો પુરેપુરો ખ્યાલ રાખીને ચાલવું જોઇએ અને સમગ્ર સંયોગોનો ખ્યાલ કરતાં બે ડગલાં પાછા હઠવું પડે તો તેમ કરતાં જરા પણ સંકોચાવું ન ઘટે. ગાંધીજીની આ આખી હીલચાલ પાછળ રાષ્ટ્રને સ્વાધીન બનાવવું એટલો જ માત્ર ગાંધીજીનો ઉદ્દેશ નથી, પણ આજે ચાલી રહેલા વિશ્વયુદ્ધમાં હિંદનું નસીબ જે પક્ષ સાથે જોડાયલું છે તે પક્ષને હિંદ પોતા તરફથી પુરેપુરો સહકાર કેમ આપી શકે એટલું જ નહિ પણ તે પક્ષને મોટામાં મોટી નૈતિક પ્રતિષ્ઠા કેમ મળે અને આવા મહાન યુદ્ધનો અંત માનવજાતના પરમ કલ્યાણ અને ઉન્નતિની દૃષ્ટિએ કેમ વધારે સફળ અને સાર્થક બને—એ પણ ગાંધીજીની એટલી જ ચિંતાનો વિષય છે. એ ઉપરાંત કોંગ્રેસી ભાંગફોડની સરકારી પુસ્તિકાનો ગાંધીજીએ જે ઉત્તર આપ્યો છે તે વધારે બારીકીથી વિચાર કરતાં માલુમ પડે છે કે ઓગસ્ટની આઠમીએ ગાંધીજીએ જ્યારે અખિલ હિંદ મહાસભા સમિતિ પાસે પોતાને દેશભરમાં સવિનય ભંગની લડત ચલાવવાની સત્તા આપનારો ઠરાવ કરાવ્યો ત્યારે તુરતમાં જ લડત શરૂ કરવાની ગાંધીજીને કોઇ કલ્પના જ નહોતી. વાઇસરોયને મળીને કોઇ પણ યોગ્ય સમાધાનીનો માર્ગ જરૂર હાથ લાગશે અને સવિનય ભંગની લડતમાં દેશને ધસડવાની જરૂર નહિ પડે એવી તેમને શ્રદ્ધા હતી. સવિનય ભંગ તો કેવળ આખરનો ઉપાય હતો. એટલે દેશ જ્યારે લડતની તમન્ના સેવી રહ્યો હતો ત્યારે ગાંધીજી તે વખતે પણ સમાધાનીના પ્રકારો જ ચિન્તવી રહ્યા હતા અને તે પણ મિત્ર રાજ્યોને બને તેટલા મદદરૂપ થવાના હેતુથી. કેટલાકનો એવો આક્ષેપ છે કે રાજગોપાલાચાર્ય, ભુલાભાઇ, મુનશી જેઓ આ લડત વિષે મૂળથી અલગ રહ્યા હતા તેમના જેવા નરમ અને વિનીત પ્રકૃતિના આગેવાનો સાથેની ચર્ચાને લીધે ગાંધીજી ઢીલા પડયા છે અને તેથી આવી માંડવાળ કરવાને તેઓ લલચાયા છે. આમ જેઓ આક્ષેપ કરે છે તેઓ ગાંધીજીની રાજકારણી બુદ્ધિનો ખરેખર બહુ જ નબળો આંક આંકે છે. શું ગાંધીજી એટલા બધા મંદબુધ્ધિ અને દેશને શું દોરવણી આપવી તે સંબંધમાં કેવળ પરબુદ્ધિનું અવલંબન લઇને ચાલનારા છે કે ગરમ માણસ ગાંધીજીને ગરમ બનાવી શકે અને નરમ માણસ ગાંધીજીને નરમ બનાવી શકે? ગાંધીજી જેલમાં બેઠાં બેઠાં પણ દેશની પરિસ્થિતિથી સારી રીતે વાકેફગાર હતા. વળી છુટા થયા બાદ દેશની આજે શું સ્થિતિ છે તેનો વાસ્તવિક ખ્યાલ તેમના જેવા અનુભવી દૃષ્ટાને આવતાં કેટલીવાર લાગે? તેમની આંખ સામે દેશનું દર્શન સદા જીવતું અને જાગતું છે. મુનશી અને ભુલાભાઇના દોરવાયા ગાંધીજી દોરાશે ત્યારે ગાંધીજી ગાંધીજી નહિ રહે. નક્કર હકીકત તો, દેશની તેમજ દુનિયાની આજની પરિસ્થિતિ, હિંદી જનતાની પાર વિનાની દુર્દશા અને આપણા સર્વના બળાબળને લગતા સાચા ભાનમાંથી ગાંધીજીએ આજે શું શકય છે અને શું શકય નથી, શું યોગ્ય છે અને શું યોગ્ય નથી તેનો સાર તારવી કાઢયો છે અને આજે જે માંગણીઓને કોઇ પણ સમજદાર માનવી—આ દેશનો કે પરદેશનો—અવગણી કે ઠેલી ન શકે તેવી માંગણીઓ રજુ કરીને ડેમોક્રસી, આત્મનિર્ણય ક્રિપ્સની યોજના, આટલાન્ટિક ચાર્ટર, વગેરેની ઉદ્ઘોષણાઓ કરનાર અંગ્રેજ સરકારને કસોટીના ચક્ર ઉપર તેમણે ચઢાવેલ છે. હિંદભરમાં ગાંધીજીની માંગણીઓના વ્યાજબીપણા વિષે બેમત છે જ નહિ. સૌ કોઇ એક અવાજે પોકારીને સરકારને કહી રહ્યા છે કે ગાંધીજીની વાત કબુલો અને મડાગાંઠનો અન્ત આણો. આ બાબતમાં અંગ્રેજ સરકારનું શું વળણ છે તેની હજુ ખબર પડી નથી. ખાસ આશાજનક ચિહ્નો તો હજુ દેખાતા નથી એમ છતાં પણ પાર્લામેન્ટમાં થનારી ચર્ચા સુધી આપણે રાહ જોઇએ. ગાંધીજીની માંગણીઓને ન ઠેલવાની ભગવાન ત્યાંના સત્તાધીશોને સદ્બુદ્ધિ આપે?

(અપૂર્ણ) **પરમાનંદ.**

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા.

દર વર્ષ માફક આ વર્ષે પણ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળા તા. ૧૬-૮-૪૪ બુધવારથી તા. ૨૩-૮-૪૪ બુધવાર સુધી ચાલશે. શરૂઆતના સાત દિવસ સી. પી. ટેંક ઉપર આવેલ હીરાબાગની વ્યાખ્યાનશાળામાં જુદા જુદા વિદ્વાન વ્યાખ્યાતાઓ તરફથી હંમેશા ૮ થી ૧૧ સુધીમાં બબ્બે વ્યાખ્યાનો આપવામાં આવશે. વ્યાખ્યાન અંગેની વિગતવાર માહીતી તેમજ આઠમા દિવસના સમય અને સ્થળની સૂચના આવતા અંકમાં આપવામાં આવશે.

મંત્રીઓ, **મુંબઇ જૈન યુવક સંઘ.**

## કેટલાક સમાચાર અને નોંધ

(મુખપૃષ્ઠથી)

પણ પર એવા ભગવાન શી રીતે સમાય? આપણું સર્વ સાન્ત અને પરિમિત; ભગવાન એક જ અનન્ત અને અપરિમેય. એ પરમાત્મસ્વરૂપની તો ઝાંખી જ માત્ર માનવીને શક્ય છે. માનવીની પરિમિત બુધ્ધિને તેનો સંપૂર્ણ સાક્ષાત્કાર શક્ય જ ન હોય. તે માટે તો પરા દૃષ્ટિ જોઇએ, અને પારમિતા પ્રજ્ઞા જોઇએ. એને માટે ઇશ્વરી પ્રસાદ જોઇએ. એ તેને મળે કે જેની તે માટે અખંડ સાધના હોય અને અનન્ય તત્ત્વનિષ્ટા હોય. આવી સાધના અને તત્ત્વનિષ્ટા જ માનવી-જીવનનું અન્તિમ લક્ષ્ય છે એ સત્ય અનેક પ્રકારના સાંસારિક કાર્યો કરતાં આપણાથી કદિપણ વિસરાવું ન ઘટે.

### દેવદ્રવ્યને મુક્તિ!

શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં એક એવી પરંપરાગત રૂઢ માન્યતા છે કે દેવમૂર્તિ કે દેવમંદિર ખાતે જે આવક થઇ હોય—જેને 'દેવદ્રવ્ય' તરીકે ઓળખવામાં આવે છે—તે આવક અથવા તો દેવદ્રવ્યનો ઉપયોગ મૂર્તિ યા મંદિર પાછળ જ થવો જોઇએ. તેવા દ્રવ્યનો બીજો કોઇ સાર્વજનિક ઉપયોગ થઇ ન શકે. દિગંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં પણ દ્રવ્યને લગતી આવી જ માન્યતા પ્રચલિત છે એવો મારો ખ્યાલ છે. આ દેવદ્રવ્યના ખાતાથી અલગ એવું એક સાધારણ ખાતું હોય છે. આ સાધારણ ખાતામાં જે કાંઇ આવક થાય તેનો ઉપયોગ કોઇ પણ સાર્વજનિક કાર્યમાં થઇ શકે છે. આમ સાધારણ ખાતાની આવકનો ઉપયોગ વધારે વ્યાપક અને સામાજિક કાર્યોને મદદકર્તા હોવા છતાં મંદિર અને મૂર્તિ પાછળની ઘેલછા અને અનેક વહેમોથી ભરેલી માન્યતાઓના પરિણામ દેવદ્રવ્યનો ભંડાર છલોછલ ભરેલો રહે છે અને સાધારણ ખાતું હંમેશાં લગભગ ખાલી હોય છે.

આ તો દેવદ્રવ્ય શું અને સાધારણ દ્રવ્ય શું તેની સમજુતી આપી છે. આજના યુવક વર્ગનો દેવદ્રવ્યના ઉપર જણાવેલ અતિશય મર્યાદિત ઉપયોગ સામે મોટો વાંધો છે અને એ દ્રવ્યનો વ્યાપક અને સાર્વજનિક ઉપયોગ થવો જોઇએ એવી તેમની માંગણી છે. દેવદ્રવ્યનો આજે ચાલુ ઉપયોગ મૂર્તિઓના આંગી આભૂષણો બનાવવા પાછળ અને મંદિરો બંધાવવા તેમજ શણગારવા પાછળ મુખ્યત્વે કરીને થાય છે. પણ આ શોભા અને શણગાર પાછળ તો પ્રમાણમાં બહુ થોડું દ્રવ્ય ખરચાય છે જ્યારે બાકી રહેલા દ્રવ્યનું જ્યાં ત્યાં રોકાણ કરીને તેની વ્યાજ અથવા ભાડા મારફત વૃદ્ધિ કરવા પાછળ જ દેવદ્રવ્યના ટ્રસ્ટીઓનું લક્ષ્ય રહે છે. આ રીતે આ દેવદ્રવ્યનો સંગ્રહ, વૃદ્ધિ અને સરવાળે નાશ એટલો જ તેનો ઉપયોગ હોય છે. દેવદ્રવ્યના કોઇ પણ પ્રકારના સાર્વજનિક ઉપયોગને હજુ સુધી કશો પણ અવકાશ છે જ નહિ.

હમણાં હમણા આ બાબતમાં બહુ ધ્યાન ખેંચે તેવો એક ચુકાદો મુંબઇની હાઇકોર્ટે આપ્યો છે. મુંબઇના માંડવી લત્તામાં અનન્તનાથજીનું મંદિર છે. તે મંદિરની આવકમાંથી કાઝી સૈયદ સ્ટ્રીટમાં આવેલી એક મીલ્કત ખરીદવામાં આવી હતી. આ મીલ્કતનું ૧૮૬૭ માં ટ્રસ્ટડીડ કરવામાં આવ્યું હતું. એ ટ્રસ્ટડીડમાં જણાવ્યા મુજબ પ્રસ્તુત મીલ્કત દેવમંદિરના ભંડારમાં એકઠા થયેલા દ્રવ્યમાંથી ખરીદવામાં આવી છે અને એમ છતાં પણ તે મીલ્કતની આવકનો ઉપયોગ એવા હેતુઓ પાછળ કરવાનો છે કે જે હેતુઓ સાધારણ ખાતાના હેતુઓને બરોબર મળતા આવે છે. ત્યારપછી ૧૮૯૧ માં એ મીલ્કતને લગતું બીજું ખત કરવામાં આવેલું જેને 'ડીડ પોલ' કહેવામાં આવે છે, તે વડે તે મીલ્કત અને તેની આવકને દેવદ્રવ્ય જ લેખવી એમ ઠરાવવામાં આવ્યું હતું. મુંબઇની હાઇકોર્ટમાં ઉપર જણાવેલ દાવાથી તેને સાધારણ ખાતામાં લઇ જવું એવી શ્રી. કરમશી પાચારીઆ અને બીજા પ્રતિવાદીઓ તરફથી માગણી કરવામાં આવી હતી. કચ્છી કોમનાં નાના સરખા વર્ગે આ માંગણીનો વિરોધ કર્યો હતો, પણ નામદાર કોર્ટે ઉપર જણાવેલ મીલકતને સાધારણ ખાતાની હોવાનું જાહેર કર્યું હતું.

આ કેસની કેટલીક ઝીણવટો છે જેની અહિં ચર્ચા કરવાને અવકાશ નથી પણ આ કેસ ઉપરથી એમ અનુમાન કરવાને મજબુત કારણ મળે છે કે દેવદ્રવ્યનું કાયદાની મદદ વડે પણ કોઇ કળે સાધારણ દ્રવ્યમાં રૂપાન્તર થઇ જ ન શકે એવી માન્યતા પ્રચલિત છે તે કેવળ ભૂલ ભરેલી છે. આ કેસમાં દેવદ્રવ્યને સાધારણ ખાતામાં લઇ જવાનો ચુકાદો અમુક કારણોને લઇને મળ્યો છે, તેવી જ રીતે કોઇ પણ સંઘ ઠરાવ કરે કે દેવદ્રવ્યના નામે એકઠી થયેલ રકમને સાધારણ દ્રવ્ય તરીકે લેખવી અને તે રીતે તેનો સાર્વજનિક ઉપયોગ કરવો તો સંભવ છે કે આજની અદાલતો એવા ઠરાવને અનુમોદન આપે. આ આખો પ્રશ્ન નિરૂપયોગી રીતે જકડાઇ રહેલા દેવદ્રવ્યને છુટું કરવાનો અને આજની અનેક અનિવાર્ય સામાજિક જરૂરિયાતોને પહોંચી વળવાની દિશાએ તેને ઉપયોગમાં લેવાનો છે. આ બાબતમાં ઉપર જણાવેલ હાઇકોર્ટનો ચુકાદો અમુક રીતે માર્ગદર્શક અને આવકારદાયક બને છે. સમયના વહેણને પારખનાર સુજ્ઞ જૈન બંધુઓ આ બાબતમાં સત્વર પ્રવૃત્ત બને અને મોક્ષ પામેલા દેવોના કહેવાતા દેવદ્રવ્યને મુક્તિ અપાવે અને જનકલ્યાણના માર્ગે વાળે એવી તેમને સાદર પ્રાર્થના કરવામાં આવે છે.

**પરમાનંદ.**

### સ્વ. ગોદડભાઈ ઝવેરી

મુંબઇના એક અગ્રગણ્ય મોતીના વેપારી અને પાલણપુર રાજ્યના વતની ઝવેરી ગોદડભાઇ ડોસજીના અવસાનના સમાચાર આપતાં અમને ખેદ થાય છે. સદ્‌ગતના ઉચા ખ્યાલો, સાદુ જીવન કોઇને પણ પ્રેરણાદાયક હતાં. ભર જુવાનીમાં લક્ષ્મીસંપન્ન અને પુત્રહિન છતાં એમનાં પ્રથમવારનાં પત્નિના અવસાન પછી, બીજી વારનાં લગ્ન માટે સગાં વહાલાંના ખૂબ દબાણ છતાં ફરીવાર પરણ્યા ન્હોતા અને જીવનમાં ખૂબ સંયમ અને સાદાઇ છેવટ લગી સાચવ્યાં હતાં. એમના વતનમાં એઓ દર વર્ષે ત્રણથી ચાર હજાર રૂપીયા ગરીબોને કપડાં વગેરે આપતા હતા. તેમજ ગુપ્તદાન પણ કરતા. મરતી વેળાયે એક લાખ રૂપીયાની સખાવત તેમણે જાહેર કરી હતી.

**જૈન મંદિરની મીલ્કત એકમાંથી બીજા ફંડમાં ટ્રાન્સફર કરવાની અરજી**—મુંબઇ, તા. ૧૯-૭-૪૪ ના અંકમાં નીચેના સમાચાર પ્રસિદ્ધ થયા છેઃ—કાઝી સૈયદ સ્ટ્રીટમાંની એક ચોક્કસ મીલ્કત જે શ્રી અનંતનાથજી મહારાજ મંદિરના દેરાસર ફંડને લગતી છે તે સાધારણ ફંડમાં ત્રાન્સફર કરવાની પરવાનગી હાઇકોર્ટે આપી છે.

આ બંને ફંડના ટ્રસ્ટીઓ ડો. પુનશી હીરજી અને બીજાઓએ દાવો માંડયો હતો, તેને પરીણામે આ હુકમ થયો છે.

આ મંદીર ૧૮૩૨ માં કચ્છી દશા ઓશવાળ જૈનોએ બંધાવ્યું હતું. આ મંદિરના બે ફંડો છે જેમાંથી દેરાસર ફંડનો ઉપયોગ ફક્ત મંદિરના જ કામ માટે થાય છે. જ્યારે સાધારણ ફંડનો ઉપયોગ મંદિર ઉપરાંત બીજાં જૈન ધાર્મિક અને સખાવતી કામો માટે પણ થાય છે. કાઝી સૈયદ સ્ટ્રીટવાળી મીલ્કત જે દેરાસર ફંડમાં છે, તેનો વધુ વિશાળ હેતુથી ઉપયોગ કરવા માટે આ ટ્રાન્સફરની માગણી કરવામાં આવી હતી.

કોમનો એક લઘુમતી વર્ગ આ ટ્રાન્સફરની વિરૂદ્ધ હતો અને તેમના વિચારો એડવોકેટ જનરલે કોર્ટ સમક્ષ રજુ કર્યા હતા.

ના. જજે મજકુર મીલ્કત સાધારણ ટ્રસ્ટની હોવાનું જાહેર કર્યું હતું.

## સાજન ક્યારે આવશે?

ક્યારે અરે સાજન આવશે ઘરે, અમીની વર્ષા કરવા હૈયા પરે?
આમંત્રવા સજનને સખિરિ, કર્યું હશે સાહસ કર્મ તેં યદિ,
આકર્ષવા જીગરજાન સ્નેહીને, શૃંગાર સજ્યા અતિ ભવ્ય તેં હશે,
અંબોડલે પ્રેમની વાટિકાના, ચૂંટેલ પુષ્પો યદિ હોય શોભતાં,
ઉલ્લાસથી નિત્ય કરેલ કર્મ, લૈ જીંદગી પુષ્પ તણી સુવાસ,
સાદાઇ જો જીવનમાં વણાઇ, સ્વતંત્ર જો હોઇ વિચાર વાણી,
તો દોડતો સાજન આવશે ઘરે, અમી લઈઃ ને અજવાળવાને.

**ભગીરથ મહેતા.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬ ] મુંબઈ : ૧૫ ઑગસ્ટ ૧૯૪૪ મંગળવાર [ અંક ૮

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે તા. ૧૬–૮–૪૪ બુધવારથી તા. ૨૩–૮–૪૪ સુધી નીચે જણાવ્યા મુજબ વ્યાખ્યાનોની યોજના કરવામાં આવી છે. શરૂઆતનાં સાત દિવસ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદ-ભુવનની વ્યાખ્યાનશાળામાં સવારના ૯ થી ૧૧ સુધી હંમેશાં બે વ્યાખ્યાનો આપવામાં આવશે અને આઠમા દિવસે તા. ૨૩–૮–૪૪ બુધવારના રોજ કાલબાદેવી રોડ ઉપર આવેલ ભાંગવાડી થીએટરમાં સવારના ૯॥ થી ૧૧॥ સુધી વ્યાખ્યાન સંમેલન ભરવામાં આવશે. પ્રત્યેક દિવસનાં વ્યાખ્યાનો વખતસર શરૂ કરવામાં આવશે. અણધાર્યા કારણોસર વ્યાખ્યાતા તેમજ વ્યાખ્યાનોમાં જરૂરી ફેરફાર કરવાને અવકાશ રહેશે. સર્વે ભાઇ બહેનોને વખતસર હાજર રહેવા અને વ્યાખ્યાનો ચાલતા હોય તે દરમિયાન પુરી શાન્તિ અને શિસ્ત જાળવવા પ્રાર્થના કરવામાં આવે છે. વ્યાખ્યાનક્રમ નીચે મુજબ ગોઠવવામાં આવ્યો છે.

| સમય ૯ થી ૧૧ | સ્થળ: આનંદ ભુવન | ૧૬–૮–૪૪ થી ૨૨–૮–૪૪ સુધી. |
|---|---|---|
| તા. ૧૬ બુધવાર | પંડિત સુખલાલજી | પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ રહેલી દૃષ્ટિ |
| ,, ,, | પંડિત દરબારીલાલજી | પ્રણમ્ય |
| તા. ૧૭ ગુરૂવાર | શ્રી ઝીણાભાઇ દેસાઇ ( સ્નેહરશ્મિ ) | મારાં અને અન્યનાં કાવ્યો |
| ,, ,, | પંડિત દરબારીલાલજી | શબ્દ અને અર્થ |
| તા. ૧૮ શુક્રવાર | પંડિત સુખલાલજી | ધાર્મિક શિક્ષણ |
| ,, ,, | શ્રી મનુભાઇ વૈદ્ય | ધર્મ અને રાષ્ટ્રીયતા |
| તા. ૧૯ શનીવાર | શ્રી કનૈયાલાલ મા. મુનશી | આર્ય સંસ્કૃતિમાં જૈનોનો ફાળો |
| ,, ,, | શ્રી ઈન્દુમતીબહેન મહેતા | યુગ ધર્મ |
| તા. ૨૦ રવિવાર | શ્રી મોતીચંદ ગી. કાપડીઆ | ગણધરવાદ |
| ,, ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | સોક્રેટીસ |
| તા. ૨૧ સોમવાર | શ્રી ઇન્દુમતીબહેન મહેતા | ધાર્મિક જીવન |
| ,, ,, | શ્રી કૃષ્ણલાલ વર્મા | અહિંસા અને અમારો ધર્મ |
| તા. ૨૨ મંગળવાર | શ્રી હરભાઇ ત્રિવેદી | માનસિક સ્વાસ્થ્ય |
| ,, ,, | શ્રી શ્યામબહાદુરસિંહ ઠાકુર | જૈન સંતો અને હિંદી |
| **સમયથી ૯॥ થી ૧૨** | **સ્થળ: ભાંગવાડી થીએટર.** | **તા. ૨૩–૮–૪૪** |
| તા. ૨૩ બુધવાર | શ્રી ગણેશ વાસુદેવ માવળંકર | અહિંસાની પ્રાપ્તિ અને તેની વ્યવહાર મર્યાદાઓ |
| ,, ,, | શ્રી ઝવેરચંદ મેઘાણી | જૈનોનો સુવર્ણયુગ |

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

**તા. ક.**–તા. ૨૦–૮–૪૪ રવિવારના રોજની પર્યુષણની વ્યાખ્યાનસભા આનંદભુવનને બદલે ગોવાળીયા ટેંક રોડ ઉપર આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં મળશે.

---

### સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લેવા માટે આવતા સંઘના સભ્યોને આ વર્ષનું ચઢેલું લવાજમ સાથે લેતા આવવા આગ્રહ-પૂર્વક વિનંતિ કરવામાં આવે છે. કેટલાક અનિવાર્ય સંયોગોને લીધે સભ્યોનાં ચાલુ વર્ષનાં લવાજમો બહુ જ ઓછાં વસુલ થયાં છે. આ વર્ષ પુરૂં થવા આવ્યું છે. સંઘનો ક્લાર્ક ઘણા ખરા સભ્યોથી અજાણ્યો છે. જો ચાલુ લવાજમો વખતસર વસુલ ન થાય તો સંઘના ચાલુ વહીવટમાં મોટી ખોટ આવે અને તેનું પરિણામ સંઘની અનેક-વિધ પ્રવૃત્તિઓને સંકેલવામાં આવે. સંઘના સભ્યો પોતપોતાનાં લવાજમો પર્યુષણ દરમિયાન ભરી દઇને અમારી આ બાબતની ચિંતા હળવી કરે એ જ વિનંતિ. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

### પ્રબુદ્ધ જૈનનું સાંકડું કદ

સરકારી વટહુકમે પ્રબુદ્ધ જૈનને ઠીંગણું બનાવી દીધું છે અને પોતાના વિશાળ વાંચક વૃંદને વિવિધ વાંચન સામગ્રીથી પ્રબુદ્ધ જૈન જે સંતોષ આપી શકતું હતું તે અશક્ય બનાવી દીધું છે. ન્યુસપ્રીન્ટ ઉપર પ્રબુદ્ધ જૈન છાપવાની પરવાનગી મેળવવાની તજવીજ ચાલુ છે અને એવી પરવાનગી મળ્યે મૂળ કદ મુજબ પ્રબુદ્ધ જૈન છાપવાનું શક્ય બને તેમ છે. આ અમારી તજવીજનું હજુ પરિણામ આવ્યું નથી પણ થોડા સમયમાં અમારો પ્રયાસ સફળ થવા ધારણા છે. પ્રબુદ્ધ જૈનના વાંચકોને અને ગ્રાહકોને આજે ખમવી પડતી ખોટનો બદલો વર્તમાન બંધનોથી મુકત થયે પુરા પ્રમાણમાં આપવાની અમારી ધારણા છે. તેથી આજે અમારી અસહાય સ્થિતિને પુરા સદ્ભાવથી નિભાવી લેવા પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને અમારી નમ્રભાવે પ્રાર્થના છે.

**તંત્રી, પ્રબુદ્ધ જૈન**

### શેઠ નેમચંદ અભેચંદનો સ્વર્ગવાસ

મોતીના ધરમના કાંટાના પ્રમુખ અને ગોડીજીના મંદિરના ટ્રસ્ટી શેઠ નેમચંદ અભેચંદના અવસાનની ખેદપૂર્વક નોંધ લેવામાં આવે છે. તેઓ સુરતના વતની હતા. તેમનો સ્વભાવ ભારે મીલનસાર હતો અને તેમના સર્વ વ્યવહારમાં ઉંચા પ્રકારની સુજનતા તરી આવતી હતી. તેમના અવસાનથી મુંબઇના જૈન સમાજને એક આગેવાન સુપ્રતિષ્ઠિત ગૃહસ્થની ખોટ પડી છે. તેમના આત્માને પરમ શાન્તિ મળો !

**તંત્રી.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓગસ્ટ ૧૫ ૧૯૪૪


# દેશનું પલટાતું જતું રાજકારણ.

## ‘ કજીઆનું મોં કાળું ’

( ગતાંકથી ચાલુ )

જેવી રીતે રાજકારણી સમાધાનનો માર્ગ સૂચવતા ગાંધીજીનાં નિવેદનોએ કેટલાકને અણધાર્યો આંચકો આપ્યો છે તેવી જ રીતે શ્રી. રાજગોપાલાચાર્યે ગાંધીજીની સહમતી મેળવીને બહાર પાડેલ કોમી પ્રશ્નના સમાધાનને લગતી યોજનાએ પણ કેટલાયને એ થડિ વિચારગ્રસ્ત બનાવી દીધા છે; કારણ કે ઘણું ખરૂં ૧૯૪૨ ના જુન માસના ‘હરિજન’ના એક અંકમાં ગાંધીજીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે “જો પાકીસ્તાન એ કાયદે–આઝમ ઝીણાને મન ધાર્મિક માન્યતાનો એક સિદ્ધાન્ત હોય તો અખંડ હિંદુસ્થાન મારે મન પણ એવી જ એક ધાર્મિક માન્યતાનો સિદ્ધાન્ત છે.” આ ઉપરથી ગાંધીજી હિંદુસ્થાનના ભાગલા પડવાનો સંભવ હોય એવી કોઇ પણ યોજનાને પોતાની અનુમતિ આપે એ સામાન્ય કલ્પનાની બહાર હતું. ‘મારા જીવમાં જીવ હશે ત્યાં સુધી હિંદુસ્થાનના હું ભાગલા નહિ થવા દઉં’ અથવા તો ‘મારા મૃતદેહ ઉપર જ હિંદુસ્થાન ટુકડા થઈ શકશે’–આવા મતલબના ઉદ્‌ગારો પણ ગાંધીજીએ અવારનવાર ઉચ્ચાર્યા હતા. આ વિચાર ભૂમિકા સાથે રાજાજીની યોજનાનો મેળ મેળવવો બહુ જ મુશ્કેલ બને છે. આ અતિશય ચર્ચાસ્પદ બનેલી રાજાજીની યોજના નીચે મુજબ છે.

(૧) આઝાદ હિંદના બંધારણ સંબંધમાં નીચે જણાવેલી સરતોને અધીન રહીને મુસ્લીમ લીગ હિંદની આઝાદીની માંગણીનું સમર્થન કરે છે અને વચગાળાના સમય દરમિયાન કામચલાઉ સરકારની રચનાના કાર્યમાં રાષ્ટ્રીય મહાસભાને સહકાર આપવાનું કબુલ કરે છે.

(૨) હિંદની પૂર્વ તથા વાયવ્ય બાજુએ જે જિલ્લાઓની મુસ્લીમ વસ્તી સંપૂર્ણ બહુમતી ધરાવતી હોય તેવા પરસ્પર અડોઅડ રહેલા જીલ્લાઓની સરહદ નક્કી કરવા માટે વર્તમાન વિગ્રહનો અન્ત આવ્યા બાદ એક તપાસ સમિતિ (કમીશન) નીમવું અને આ રીતે નક્કી કરાવલા પ્રદેશોમાં વસતા રહેવાસીઓના પુખ્ત મતાધિકાર અથવા તો એવા જ કોઇ બીજા વ્યવહારૂ ધોરણે તેમણે હિંદુસ્થાનથી છુટા પડવું કે નહિ એ પ્રશ્ન ઉપર મત લેવાની ગોઠવણ કરવી અને એ મત ગણતરીના પરિણામે જો એ પ્રદેશોમાં વસતા રહેવાસીઓની બહુમતી હિંદુસ્થાનથી જુદું રાજ્ય ઉભું કરવાના પક્ષમાં પોતાનો નિર્ણય આપે તો આ પ્રમાણે ઉભા થતા બે રાજ્યમાં કોઇ પણ રાજ્યમાં સ્વેચ્છા મુજબ જોડાવાનો તે તે રાજ્યની સરહદ ઉપર આવેલા જીલ્લાઓના અધિકારને વાંધો ન આવે એ રીતે ઉપર જણાવેલા નિર્ણયનો અમલ કરવામાં આવે.

(૩) મતગણતરી થયા પહેલાં દરેક પક્ષને પોતપોતાના દૃષ્ટિબિન્દુનો પ્રચાર કરવાની છૂટ રહે.

(૪) જો અલગ થવાનું નક્કી થાય તો દેશરક્ષણ, વ્યાપાર–વ્યવહાર તેમજ અન્ય જરૂરી બાબતો સંબંધમાં પરસ્પર કોલકરારો કરવામાં આવે.

(૫) વસ્તીની કોઇ પણ ફેરબદલી તદ્દન ઐચ્છિક ધોરણે કરવામાં આવે.

(૬) હિંદના રાજતંત્રની સંપૂર્ણ જવાબદારી અને બધી સત્તા બ્રીટન હિંદીઓને સુપ્રત કરે ત્યાર પછીજ આ યોજના બંધનકર્તા ગણાય.

જેમ રાજદ્વારી ક્ષેત્રમાં તેમજ આ બાબતમાં ગાંધીજીએ આવી પીછેહઠ કેમ કરી છે એ પ્રશ્ન અહિં ઉભો થાય છે, કારણ કે ઉપરની યોજનામાં સૂચવાયલા જીલ્લાઓ આર્થિક તેમજ આત્મરક્ષણની બાબતમાં પોતા ઉપર નિર્ભર બનીને ટકી શકે એમ લગભગ અશક્ય હોવાથી તે તે જીલ્લાવાસીઓની મતગણતરીનું પરિણામ પાકીસ્તાન ઉભું કરવામાં જ આવે એમ માની લેવાને કશું કારણ નથી, એમ છતાં પણ પ્રસ્તુત યોજનામાં બહુ મોટી મુસ્લીમ બહુમતીવાળા પ્રદેશોનો હિંદુસ્તાનથી છુટા પડવાનો હક્ક તેમજ એવી શકયતા સ્વીકારવામાં આવી છે એ વિષે કોઈથી ના કહી શકાય તેમ છે જ નહિ. ગાંધીજી તરફથી આ રીતે પાકીસ્તાનના મુદ્દાને મળતી અનુમતિ તેમના આગળ ઉપર જણાવેલા વિચારો સાથે બંધ બેસતી લાગતી નથી. પણ આ પ્રશ્ન સંબંધમાં ગાંધીજીના અમુક વિચારોને એકાન્તપણે ગ્રહણ કરવા તે યોગ્ય નથી. જેમ તેમણે પાકીસ્તાનની કલ્પનાનો સખ્ત વિરોધ કર્યો છે તેમ તેમણે એમ પણ જણાવ્યું છે કે ‘કોઇ પણ કોમને કે કોઇ પણ પ્રાન્તને તેની ઇચ્છા વિરૂદ્ધ બળજબરીથી આખા દેશની કોઇ સમવાયી યોજનામાં રહેવાની કે દાખલ થવાની ફરજ પાડી શકાયજ નહિ.’ આ ઉપરાંત ‘કોઇ પણ પ્રાદેશિક એકમ (યુનીટ) ને ત્યાં વસતી પ્રજાની નિશ્ચિત અને પ્રગટ થયેલી ઇચ્છાની વિરૂદ્ધ થઇને હિંદી સમવાયી તંત્રમાં ફરજિયાત જોડી રાખવાના ધોરણે હિંદના કોઇ પણ ભાવી બંધારણનો આ સમિતિ વિચાર કરશો નહિ’ આવી મતલબનો ૧૯૪૨ ના ઓગસ્ટ માસના પ્રારંભમાં મળેલી કોંગ્રેસની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો હતો અને તે ઠરાવનું ત્યારબાદ મળેલી અખિલ હિંદ મહાસભા સમિતિએ સમર્થન કર્યું હતું. વર્તમાન યુધ્ધે તો પુરવાર કરી આપ્યું છે કે આજના વખતમાં પોતાનું અસ્તિત્વ અને આઝાદી ટકાવી રાખવાનું કોઇ પણ નાના દેશ માટે બહુજ મુશ્કેલ અને લગભગ અશક્ય જેવું બની ગયું છે. હિંદુસ્થાનના ભાગલા હિંદુસ્થાનને હાનિરૂપ જ નિવડે અને હિંદુસ્થાનની સહીસલામતીને હંમેશાને માટે જોખમમાં મૂકે. ન તેથી હિંદુઓને લાભ થાય કે ન તેથી મુસલમાનોને લાભ થાય. એક, અખંડ અને અવિભાજ્ય હિંદુસ્થાનમાં જ હિંદની સહીસલામતી અને શાશ્વત કલ્યાણની ચાવી રહેલી છે. આ વાત દીવા જેવી સ્પષ્ટ છે. એમ છતાં પણ આજની આપણી વાસ્તવિક પરિસ્થિતિ આવી એકતાને ભારે પ્રતિકુળ બની બેઠી છે. આજના આપણા સત્તાધીશો દેશમાં વ્યાપી રહેલા કોમી મતભેદોને આગળ ધરી ધરીને સ્વાધીન રાજ્યવહીવટથી આપણને હંમેશને માટે અળગા રાખવાની પેરવી કરતા જોવામાં આવે છે. અને આપણામાં કોમી એકતા નથી એ હકીકતનો પણ આપણાથી ઓછો જ ઇનકાર થઈ શકે તેમ છે? શ્રી. મહમદઅલી ઝીણાએ અને મોસ્લેમ લીગે પાકીસ્તાનનું તુત ઉભું કરીને આખી મુસ્લીમ જનતાને ચકડોળે ચડાવી છે, અને હિંદુ–મુસલમાન વચ્ચે ખુબ વૈમનસ્ય ઉભું કર્યું છે. દેશના આવા વર્તમાન સંયોગો વચ્ચે પાકીસ્તાનના અમુક અંશને સ્વીકાર્યા સિવાય આજના કોમી પ્રશ્નનો નિકાલ લાવવો શક્ય નથી એમ સ્પષ્ટપણે ગાંધીજીને ભાસ્યું હોય અને તેથી જ તેમણે રાજાજીની યોજનાને ટેકો આપ્યો હોય એમ લાગે છે.

શ્રી. ઝીણા ગમે તેવા મોટા પડકારો અને ઘોષણાઓ કરે તો પણ તેમને દેશની આઝાદીની કશી પણ પડી હોય એમ તેમના આજ સુધીના ચિત્રવિચિત્ર વર્તન વ્યવહાર ઉપરથી જરા પણ દેખાતું નથી. ‘હું અને મારૂં પ્રાકીસ્તાન’ એ જ તેની ધુન છે અને તેની પાછળ આખી મોસ્લેમ લીગ અને તે પાછળ મુસલમાન પ્રજાનો બહોળો વિભાગ ઉભેલો છે. સરકાર પણ દુનિયા સામે હિંદુસ્થાનના કોમી ઝેરવેરને આગળ ધરતી રહે છે. જ્યાં સુધી હિંદુ અને મુસલમાનો વચ્ચે કોઇ પણ પ્રકારની વ્યવહારૂ એકતા સ્થાપિત ન થાય ત્યાં સુધી આ શાહીવાદી સરકારનો નમાવી શકાય અને આ

ભૂમિ ઉપરથી તેને સદાને માટે રૂખસદ આપી શકાય એવું સંગઠિત બળ આપણે ઉભું કરી શકવાના નથી. દેશની આ વાસ્તવિક પરિસ્થિતિનું સચોટ ભાન થવાના પરિણામે જ રાજાજીની યોજનાને ગાંધીજીએ અનુમતિ આપી છે અને દેશની આઝાદીના અમૃતને હસ્તગત કરવાના હેતુથી જ આ હલાહલ ઝેર હસતા મોઢે પી જવાનું પસંદ કર્યું છે. આ રીતે વિચારીએ તો જ ગાંધીજીના પૂર્વાપર વિરૂદ્ધ દેખાતા કોમી પ્રશ્નને લગતા વળણનો આપણને કેટલોક ખુલાસો મળી રહે છે.

રાજાજીની આ યોજના શી રીતે ઉદ્દભવ થવા પામી તે વિષે થોડા સમય પહેલાં રાજા મહેશ્વર દયાળ તરફથી બહાર પડેલું નિવેદન એક નવો જ પ્રકાશ પાડે છે. તે નિવેદન મુજબ ૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં કોંગ્રેસના આગેવાનો જેલમાં પુરાયા બાદ રાજા મહેશ્વર દયાળે હિંદુ મહાસભાવતી શ્રી. ઝીણા સાથે સંપર્ક સાધ્યો હતો અને પાકીસ્તાનની તેમની માંગણીને વધારે સ્પષ્ટ કરવા વિનંતિ કરી હતી, જેના પરિણામે શ્રી. ઝીણાએ પોતે પાકીસ્તાનના મુખ્ય મુદ્દાઓ લખી આપ્યા હતા. ત્યાર બાદ તેજ વર્ષના ડીસેંબર માસમાં સર તેજબહાદુર સપ્રુને ત્યાં શ્રી. રાજગોપાલાચાર્યને મળવાનું બનતા રાજા મહેશ્વર દયાલે ઉપર જણાવેલ યોજનાની નકલ રાજાજીને આપી હતી. ત્યાર બાદ ફેબ્રુઆરી માસમાં ગાંધીજીના ઉપવાસ આવ્યા તે દરમિયાન રાજગોપાલાચાર્યે શ્રી. ઝીણાએ લખી આપેલી યોજના ગાંધીજીને બતાવી અને ગાંધીજીએ તે યોજનાને અનુમતિ આપી હતી. ત્યાર બાદ માર્ચ માસમાં આ બાબતમાં ફરીથી ઝીણાને પુછવામાં આવતાં એ યોજના પોતાને મંજુર નથી એમ તેમણે જણાવ્યું હતું. આ રીતે રાજાજીની આજે પ્રગટ થયેલી યોજના ખરી રીતે મૂળમાં ઝીણાએ પોતે જ લખી આપેલી અને પાછળથી પોતેજ ના મંજુર કરેલી યોજના છે એમ રાજા મહેશ્વર દયાળના નિવેદન ઉપરથી માલુમ પડે છે. આ નિવેદન ઘણા ખરા વર્તમાનપત્રોમાં પ્રગટ થયું છે અને શ્રી. ઝીણા તરફથી તેનો કશો પણ ઇનકાર આજ સુધીમાં કરવામાં આવ્યો નથી. તેથી તે નિવેદનમાં રજુ કરવામાં આવેલી હકીકતોના પ્રામાણ્ય વિષે કશી શંકા કરવાનું કારણ રહેતું નથી.

હવે ઉપરની હકીકતોના આધારે વિચાર કરતાં પ્રશ્ન એ થાય છે કે ઝીણાએ પોતે જ લખી આપેલી માંગણીઓ છ એક મહિના બાદ પોતેજ કેમ નામંજુર કરી હશે? 'અબી બોલા અબી ફોક' એમ કેમ બન્યું હશે? ગાંધીજીએ પોતાની આટલી માંગણીઓ મંજુર કરી છે એમ માલુમ પડયા બાદ 'આટલું તો આપણા ખીસ્સામાં આવી ગયું–હવે એટલાથી સંતોષ પકડીને બેસી રહે એ બીજા–આપણને મોઢું પહોળું કરતાં કોણ અટકાવે તેમ છે?' આવી જે તેમની હંમેશની રાજનીતિ અને કાર્ય પદ્ધતિ છે તેઅનુસાર જ પોતાનું મોં ફેરવવાનું અને આજસુધીની અણનમ સ્થિતિને વળગી રહેવાનું શ્રી ઝીણાને વધારે લાભદાયી લાગ્યું હોય એમ બનવા જોગ છે. શ્રી ઝીણા આપણા દેશના તો 'ફુહરર' જ છેને? ઉપરના પ્રશ્નનો આ રીતે ખુલાસો થઇ શકે તેમ છે. શ્રી રાજગોપાલાચાર્યની ગાંધીજીએ સંમત કરેલી યોજનાનો આ સાર અને ઇતિહાસ છે.

## 'રાઈના પાડ રાતે ગયા'

આમ ગાંધીજીએ એક બાજુએ પોતાની રાજકીય માંગણીઓ હળવી કરીને સરકાર પ્રત્યે કેવી રીતે હાથ લંબાવ્યો અને બીજી બાજુએ રાજગોપાલાચાર્યની યોજનાને ટેકો આપીને શ્રી. ઝીણા પ્રત્યે કેવી રીતે હાથ લંબાવ્યે તે આપણે વિચારી ગયા. હવે આ બન્ને પક્ષોએ ગાંધીજીને ઉત્તર રૂપે શું પરખાવ્યું છે તે જોઇએ. ગાંધીજીના રાજકારણી યોજના ઉપર બ્રીટીશ પાર્લામેન્ટમાં ખુબ ચર્ચાઓ અને લાંબાં ભાષણો થઇ ગયાં; કેટલાકે ટીકાઓ કરી, કેટલાકે સહાનુભૂતિનો વરસાદ વરસાવ્યો. ક્રીપ્સની યોજના તો એમની એમ હજુ ઉભી છે એમ પણ જાહેર કરવામાં આવ્યું. પણ બધી ચર્ચાને સમેટતાં છેવટે હિંદી વઝીરે ચુકાદો આપી દીધો કે "ગાંધીજીની દરખાસ્તોમાં એવી કશી ભૂમિકા જોવામાં આવતી નથી કે જે ઉપર લોર્ડ વેવલ કે કોંગ્રેસના જેલવાસી નેતાઓને ચર્ચા કરવાની રજા આપવામાં આવતાં કશું પણ લાભદાયી પરિણામ આવવાની આશા રાખી શકાય." આમ હાલ તુરત સરકારે તો આપણને છેવટનું પાણીચું પકડાવી દીધું છે. બીજી બાજુએ ગયા જુલાઇ માસની ૩૦ મી તારીખે મળેલી ઓલ ઇન્ડીઆ મોસ્લેમ લીગની બેઠકમાં નામદાર ઝીણાએ પ્રમુખ સ્થાનેથી ભાષણ કરતાં ગાંધીજીએ પાકીસ્તાનનો મુદ્દો સ્વીકાર્યો છે એ હકીકત પકડી લીધી છે અને એમ છતાં પણ ગાંધીજીની અને રાજગોપાલાચાર્યની સંયુકત યોજના સંબંધમાં જણાવી દીધું છે કે "પાકીસ્તાનના નામે મી૰ ગાંધી જે આપે છે તે કેવળ ફોફાં અને ફોતરાં છે; તે સાચું પાકીસ્તાન નથી, પણ તેનું ભાંગ્યું તુટ્યું, જરીપુરાણું અને ઉધઇ લાગેલું ખોખું છે અને આવા બનાવટી પાકીસ્તાનને સાચા પાકીસ્તાન તરીકે વટાવવા મી. ગાંધી પ્રયત્ન કરી રહ્યા છે." આમ આ બાજુએથી પણ આપણને કેવળ નિરાશા જ પ્રાપ્ત થઇ છે. ગાંધીજીએ શ્રી. ઝીણાને મળવાની માંગણી કરી છે અને શ્રી. ઝીણા ઓગસ્ટની અધવચમાં મુંબઇ પધારે ત્યારે પોતાના નિવાસ સ્થાન ઉપર ગાંધીજીને પોતે મળી શકશે એમ તે નામદારે ગાંધીજીને જણાવવા કૃપા કરી છે અને જ્યારે આમ બન્ને મળવાના છે તો ત્યાં સુધી કોઇએ કોઇનો વિરૂદ્ધ અવળો પ્રચાર ન કરવો એવી ઝીણા સાહેબે પત્રકારો પાસે માંગણી કરી છે. આમ ગાઢ નિરાશામાં એક આશાતન્તુ ઉભો થયો છે એમ માનવા દિલ એઘડિ લલચાય છે, પણ જે તુમાખી, તેછડાઇ અને ઘમંડથી ભરેલું ભાષણ ઝીણા સાહેબે પ્રમુખસ્થાનેથી કર્યું છે અને જે રીતે પોતાના વ્યાખ્યાનમાં રાજગોપાલાચાર્યની અને ગાંધીજીની ઠેકડી અને અપમાન કર્યાં છે તે જોતાં ગાંધીજીનું શ્રી. ઝીણા સાથે થનારૂં મીલન ગાંધીના દિલમાં વધારે શલ્યો ભોંકનારૂં ન બને તો સારૂં એવી. આશંકા પણ અનેકનાં દિલને ચિંતાગ્રસ્ત બનાવી રહી છે. કારણ કે કલિકાળ–કાયદે–આઝમ શું કરે અને શું ન કરે એ આજે કોણ કહી શકે તેમ છે? આ રીતે દેશની આજની પરિસ્થિતિ ઘનઘેરી અનેક નિરાશાઓથી આકુળવ્યાકુળ બની ગઇ છે. હિંદનો ભાગ્યવિધાતા હજુ હિંદની પ્રજાને કોણ જાણે કેટલીયે કસોટીઓમાંથી પસાર કરવા ધારે છે? આજે તો જ્યાં સત્ય છે અને ધર્મ છે ત્યાં જ આખરે વિજય છે એ આશા અને શ્રદ્ધા વડે જ આપણે આપણું નાવ હંકારવું રહ્યું.

**પરમાનંદ**

પરિશિષ્ટ: ઉપરના લેખમાં જણાવ્યા મુજબ રાજા મહેશ્વર દયાલને જનાબ ઝીણાએ કોમી સમાધાનને અંગે જે શરતો ૧૯૪૨ ના ઓગસ્ટ માસના અંત ભાગમાં લખી આપેલી તે નીચે મુજબ છે.

૧. મુસ્લીમ બહુમતીવાળી વાયવ્ય અને ઇશાન હિંદના વિસ્તારોની હદ નક્કી કરવા માટે યુદ્ધ પછી એક કમીશન નીમવું. (હિંદુ મહાસભાની ખાસ સમિતિના પ્રમુખ ડો. શ્યામપ્રસાદ મુકરજી ૧૯૪૨ ના સપ્ટેંબર મહીનામાં જ્યારે જનાબ ઝીણાને મળ્યા હતા ત્યારે જનાબ ઝીણાએ જાતે કહેલું કે બહુમતી એટલે માત્ર ૫૧ ટકા જ નહિ પણ બહુમતી એટલે તે ૫૫ ટકાથી વધુ હોવી જોઇએ.)

૨. આ બે વિસ્તારોમાં સાર્વત્રિક મતગણતરી કરાશે. અને જો વસતિની બહુમતી અલગ સાર્વભૌમ રાજ્યની તરફેણમાં મત આપે તો એવું અલગ રાજ્ય સ્થાપવામાં આવશે.

૩. જો આવા ભાગલા પડે તો મુસ્લીમો હિંદુસ્થાનમાંની મુસ્લીમ લઘુમતી માટે સલામતીઓની માંગણી નહિ કરે. બે દેશો (પાકીસ્તાન અને હિંદુસ્થાન) પોતપોતાના રાજ્યોમાંની ધાર્મિક લઘુમતીઓની સલામતી માટે પારસ્પરિક વ્યવસ્થા કરી શકશે.

૪. વાયવ્ય અને ઇશાન હિંદ વચ્ચે આવવા જવા માટેનો કોઇ પટ્ટી પ્રદેશ [કોરીડોર] નહિ હોય, પરંતુ આ બન્ને વિસ્તારો એક જ સાર્વભૌમ રાજ્યરૂપ બની રહેશે.

૫ દેશી રાજ્યો સંબંધમાં કોઇ વિચારણા નહિ ચલાવાય.

૬ સ્વેચ્છાના ધોરણે વસતીની ફેરબદલી કરવામાં યોગ્ય સગવડો આપવા માટે એક સરકારી તંત્રની જોગવાઇ કરાશે.

# કેટલાક સમાચાર અને નોંધ

## શ્રી ધીરજલાલ તુરખીયાનો પરિચય

શ્રી ધીરજલાલ તુરખીયા સ્થાનકવાસી જૈન સમાજના એક બહુ જાણીતા સેવક અને કાર્યકર્તા છે. તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓ લક્ષ્યમાં લઇને તેમના પ્રશંસકો તરફથી રૂા. ૨૦૦૦૦ ની થેલી અર્પણ કરવાની યોજના કરવામાં આવી છે. આ ભાઇ ધીરજલાલ તુરખીયા કોણ?

શ્રી. ધીરજલાલ તુરખીઆ એક કાળે મુંબઇમાં વસતા હતા અને 'જૈન જાગ્રતિ' નામના પત્રનું સંપાદન કરતા હતા અને શ્રી. રત્નચિન્તામણિ મંડળને પોતાની સેવાનો લાભ આપતા હતા. આત્માર્થી મુનિશ્રી મોહનૠષિની પ્રેરણાથી તેમણે આજથી ૨૫ વર્ષ પહેલાં મુંબઇના અતિ વ્યવસાયી જીવનનો ત્યાગ કર્યો અને શરૂઆતમાં જૈન ટ્રેઇનીંગ કોલેજને તેમણે પાંચ વર્ષ સુધી પોતાની સેવાનો લાભ આપ્યો. ત્યાર બાદ સં. ૧૯૮૯ માં બ્યાવરના જૈન ગુરૂકુળનું સુકાન તેમને સોંપવામાં આવ્યું, જે આજ સુધી તેઓ પુરી કુશળતાપૂર્વક સંભાળી રહ્યા છે. આ ઉપરાંત સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના આજ સુધીનાં અનેક અધિવેશનો પાર પાડવામાં તેમણે બહુ જ મહત્વનો ફાળો આપ્યો છે. અજમેરમાં ભરવામાં આવેલ બૃહત્સાધુ સંમેલન ભરવા પાછળ તેમણે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો હતો. બીજી અનેક સાર્વજનિક તેમજ કેળવણી વિષયક પ્રવૃત્તિઓ સાથે પણ તેઓ ગાઢપણે સંકળાયેલા છે.

વ્યાપારનાં અનેક પ્રલોભનોથી દૂર રહીને આમ ૨૫ વર્ષ સુધી તેઓ જૈન સમાજને અનેકવિધ અમૂલ્ય સેવાઓ આપી રહ્યા છે અને આવું તેમનું સેવાપરાયણ જીવન એકસરખું ચાલુ રાખવાનો તેમનો મનોરથ છે. આજે તેમણે ૫૦ વર્ષ પુરા કરીને વનપ્રવેશ કર્યો છે. આ તેમના વનપ્રવેશને લક્ષ્યમાં લઇને તેમના પ્રત્યે આદરભાવ ધરાવતા કેટલાક ભાઇઓએ તેમને રૂ. ૨૦૦૦૦) ની થેલી એકઠી કરીને અર્પણ કરવાની એક યોજના હાથ ધરી છે અને તેમાં રૂ. ૧૦૦૦૦) ભરાઇ ચુકયા છે. શ્રી. ધીરજલાલ તુરખીયા પ્રત્યે સદ્‌ભાવ અને આદરબુદ્ધિ ધરાવતાં ભાઇ બહેનોને ઉપરની થેલીમાં પોતાનો યથાશક્તિ ફાળો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

**વ્રજલાલ ધરમચંદ મેઘાણી.**

## ભાંગફોડ અને અહિંસા

૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં કરવામાં આવેલી દેશનેતાઓની ધરપકડ બાદ આખા દેશમાં જે ભાંગફોડ (Sabotage) ના છુટાછવાયા બનાવો બનવા પામ્યા હતા તે સંબંધમાં ગાંધીજી જણાવે છે કેઃ—

"છુપી રીતે ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓને હું સંમત કરૂં છું કે નહિ તે પ્રશ્ન મને મળવા આવનારાઓ સાથે સૌથી વધારે ચર્ચવાનું બન્યું છે. આની અંદર ભાંગફોડ, ગેરકાયદેસર પ્રગટ કરવામાં આવતી પત્રિકાઓ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. મને એમ સુચવવામાં આવ્યું છે કે કેટલાક કાર્યકર્તાઓએ છુપા રહીને કામ કર્યું ન હોત તો કશું પણ થઇ શક્યું ન હોત. કેટલાકે એમ દાવો કર્યો છે કે માણસના જાનની સહીસલામતીને વાંધો ન આવે તે રીતે જો તાર ટપાલ કે રેલ્વેનો વ્યવહાર ખેરવવા માટે જરૂરી લાગે તેવો માલમીલ્કતનો નાશ અહિંસક જ લેખાવો જોઇએ. આઝાદીની પ્રાપ્તિ અર્થે આવી પ્રવૃત્તિઓ ચલાવતાં અને તેથી પણ આગળ જતાં જરા પણ પાછું વાળીને ન જોયું હોય એવાં ભિન્ન ભિન્ન રાષ્ટ્રોનાં અનેક દૃષ્ટાંતો મારી સામે ટાંકવામાં આવ્યાં છે. મારો તેમને એ ઉત્તર છે કે ખ્યાલપૂર્વક સત્ય અને અહિંસક સાધનો વડે આઝાદી પ્રાપ્ત કરવાનો પ્રયોગ કર્યો હોય એવો બીજો કોઇ પણ દેશ હજુ સુધી મારા જાણવામાં આવ્યો નથી. એ ધોરણે વિચારતાં હું બેધડક કહું છું કે જો કે સ્વરૂપથી નિર્દોષ એમ છતાં પણ છુપી રીતે ચલાવવામાં આવતી હોય એવી પ્રવૃત્તિઓને અહિંસાના પ્રદેશમાં કશો પણ અવકાશ હોઇ ન જ શકે. ભાંગફોડ અને મીલ્કતના નાશનો જેમાં સમાવેશ થાય છે એવી—ભાંગફોડ શબ્દથી સુચિત થતી—સર્વ પ્રવૃત્તિઓ કેવળ હિંસા જ છે. જો કે આવી પ્રવૃત્તિઓએ લોકકલ્પના ખુબ ઉત્તેજના આપી છે એમ દર્શાવી શકાય તેમ હોય તોપણ આવી પ્રવૃત્તિઓએ આખી હીલચાલને સરવાળે ઘણું નુકસાન પહોંચાડયું છે એ વિષે મને જરાપણ શંકા નથી.

"મને તો રચનાત્મક કાર્યક્રમનો જ કેવળ આગ્રહ છે. આ કાર્યક્રમની વિગતો અહિં હું ફરીથી ગણાવી જાઉં.

(૧) કોમી એકતા (૨) અસ્પૃશ્યતા નિવારણ (૩) મદ્યનિષેધ (૪) ખાદી (૫) અન્ય ગ્રામોદ્યોગ (૬) ગ્રામઆરોગ્ય (૭) નૂતન અથવા તો પાયાની કેળવણી (૮) પ્રૌઢ શિક્ષણ (૯) સ્ત્રીજાતિનો ઉદ્ધાર (૧૦) કહેવાતા આદિવાસીઓની સેવા (૧૧) આરોગ્ય અને સ્વચ્છતાનું શિક્ષણ (૧૨) રાષ્ટ્રભાષા પ્રચાર (૧૩) માતૃભાષા પ્રેમ (૧૪) આર્થિક-સમાનતા-સાધક પ્રવૃત્તિ.

"આ કાર્યક્રમમાં મને જે શ્રદ્ધા છે તે શ્રદ્ધા કમનસીબે કાર્યકર્તાઓએ પોતામાં કેળવી નથી. આ કાર્યક્રમની અગત્ય ઉપર હું જેટલો ભાર મૂકું તેટલો ઓછો છે. અને જો આખું હિંદુસ્થાન આ કાર્યક્રમ પાછળ પુરા દિલથી લાગી જાય તો આપણા ધ્યેયને આપણે બહુ જ ટુંકી મુદતમાં પહોંચી વળીએ."

## જૈન સમાજને ગૌરવપ્રદ ઉદારતાનો વહી રહેલો પ્રવાહ

જૈન સ્થાનકવાસી સમાજના આગેવાનોએ ઉપાડેલા પ્રયાસના પરિણામે ઉભી કરવામાં આવેલ જૈન એજ્યુકેશન સોસાયટીને પોતાની કેળવણી પ્રચાર વિષયક પ્રવૃત્તિઓ ચલાવવા માટે સર ચુનીલાલ ભાઇચંદ મહેતાએ ત્રણ લાખ રૂપીઆની રકમનું દાન કર્યું છે, જેના પરિણામે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ માટે જેવું મહાવીર જૈન વિદ્યાલય ચાલે છે તેવી સ્થાનકવાસી સમાજ માટે એક ભવ્ય સંસ્થા તેમજ ઉચ્ચ શિક્ષણ આપતી જૈન હાઇસ્કૂલ ઉભી કરવામાં આવશે. આવી ભવ્ય સખાવત કરવા માટે સર ચુનીલાલ ભાયચંદ મહેતાને જૈન સમાજના હાર્દિક ધન્યવાદ ઘટે છે.

તળાજા ખાતે ઉભું કરવામાં આવેલ જૈન વિદ્યાર્થી ગૃહ માટે મુંબઇ અને અમદાવાદ ખાતે મળીને કુલ રૂા. ૧૨૧૦૦૦ ની રકમ એકઠી કરવામાં આવી છે જેમાંની મુખ્ય રકમોની યાદી નીચે મુજબ છે.

૨૫૦૦૦ શેઠ મોહનલાલ તારાચંદ
૧૦૦૦૦ ,, ભોગીલાલ મગનલાલ
૫૦૦૦ ,, જાદવજી નરસી
૫૦૦૦ ,, દુલ્લભદાસ ઝવેરચંદ
૫૦૦૦ એક ગૃહસ્થ

આ ઉપરાંત કેટલાક ગૃહસ્થોએ બબ્બે હજારની રકમો આપી છે. તળાજા જેવા એક નાના સ્થળના વિદ્યાર્થીગૃહને આવડો મોટો ટેકો મળે તે તે સ્થળનું જ જાણે કે ભાગ્ય ખુલ્યું છે એમ કહી શકાય. આટલું મોટું ફંડ એકઠું થયું તે ભાવનગરની મહાલક્ષ્મી મીલવાળા શ્રી. ભોગીલાલ મગનલાલ તથા શ્રી. ખાંતીલાલ અમરચંદ વોરાના સ્તુત્ય પ્રયાસનું શુભ પરિણામ છે. આ માટે તેમને અનેક અભિનન્દન આપવામાં આવે છે.

મોહન પીકચર્સવાળા શ્રી. મોહનલાલ તારાચંદ જેમણે ઉપર જણાવ્યા મુજબ તળાજાના જૈન વિદ્યાર્થી ગૃહને રૂા. ૨૫૦૦૦ નું દાન આપ્યું છે તેમણે બેંગલોરની જૈન પાઠશાળાને રૂ. ૧૦૦૦૦ ની રકમ ભેટ આપી છે. શ્રી મોહનલાલભાઇને આવી આદરણીય ઉદારતા માટે ખરેખર ખુબ ધન્યવાદ ઘટે છે

**પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266.
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬ ]　　મુંબઈ : ૧ સપ્ટેમ્બર ૧૯૪૪ શુક્રવાર　　[ અંક ૯

## સંઘ સમાચાર

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા સફળતાપૂર્વક પાર પડી ગઇ. ગયા અંકમાં આ વ્યાખ્યાનમાળાનો જે કાર્યક્રમ પ્રગટ કરવામાં આવ્યો હતો તેમાં મુંબઇ અમદાવાદ વચ્ચેનો રેલ્વે વ્યવહાર તુટી જવાના કારણે શ્રી હરભાઇ ત્રિવેદી, શ્રી ગણેશ વાસુદેવ માવળંકર અને શ્રી ઝવેરચંદ મેઘાણી એમ ત્રણ વ્યાખ્યાતાઓ મુંબઇ આવી ન શકયા અને તેમનું સ્થાન અન્ય વકતાઓને આપવું પડયું. વળી તા. ૨૨ મી મંગળવારના રોજ બપોરના મહાસતીજી શ્રી. ઉજ્જવળ કુમારીજીનું એક વિશેષ વ્યાખ્યાન યોજવામાં આવેલું. આ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન નીચે મુજબ કુલ ૧૭ વ્યાખ્યાનો અપાયાં.

| | |
|---|---|
| પંડિત સુખલાલજી | પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ રહેલી દૃષ્ટિ |
| પંડિત દરબારીલાલજી | પ્રણમ્ય |
| શ્રી. ઝીણાભાઇ દેસાઇ (સ્નેહ રશ્મિ) | મારાં અને અન્યનાં કાવ્યો |
| પંડિત દરબારીલાલજી | શબ્દ અને અર્થ |
| પંડિત સુખલાલજી | ધાર્મિક શિક્ષણ |
| શ્રી મનુભાઇ વૈદ્ય | ધર્મ અને રાષ્ટ્રીયતા |
| શ્રી. કનૈયાલાલ મા. મુનશી | આર્ય સંસ્કૃતિમાં જૈનોનો ફાળો |
| શ્રી. ઇન્દુમતી મહેતા | યુગધર્મ |
| શ્રી. મોતીચંદ ગી. કાપડીઆ | ગણધરવાદ |
| શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ | સોક્રેટીસ |
| શ્રી. ઇન્દુમતી મહેતા | ધાર્મિક જીવન |
| શ્રી. કૃષ્ણલાલ વર્મા | અહિંસાધર્મ અને આપણું જીવન |
| ડો. તારાપોરવાળા | મહર્ષિ જરથુસ્ત અને તેમનો ધર્મ |
| શ્રી. શ્યામબહાદુરસિંહ ઠાકુર | જૈન સંતો અને હિંદી |
| મહાસતી ઉજ્જવળકુમારી | સર્વધર્મસમભાવ |
| શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ | ભગવાન મહાવીર |
| પંડિત દરબારીલાલજી | સત્યની ઉપાસના |

મુંબઇ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં કોઇ જૈન સાધુ કે સાધ્વી વ્યાખ્યાતા તરીકે ભાગ લે એ આ વખતે પહેલીવાર જ બન્યું. અમારા નિમંત્રણને માન આપી મહાસતીજી શ્રી. ઉજ્જવળકુમારીજીએ ‘સર્વધર્મસમભાવ’ ઉપર વ્યાખ્યાન આપવા સ્વીકાર્યું અને તે વ્યાખ્યાન કાંદાવાડીમાં આવેલા સ્થાનકવાસી ઉપાશ્રયમાં ગોઠવાયું હતું. આ વ્યાખ્યાન પ્રસંગે શ્રોતાસમુહ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયો હતો અને ઉપાશ્રયની વિશાળ વ્યાખ્યાનશાળા ભાઇઓ અને બહેનોથી ખીચોખીચ ભરાઇ ગઇ હતી. મ. ઉજ્જવળ કુમારીજીનું વ્યાખ્યાન રોચક, વિચારપ્રેરક તેમજ અપૂર્વ વિશાળતાથી ભરેલું હતું. આ વખતની વ્યાખ્યાનમાળામાં શ્રી. કનૈયાલાલ મુનશી અને ડો. તારાપોરવાળા જેવી વિશિષ્ટ વ્યકિતઓએ પહેલી જ વખત ભાગ લીધો હતો. પંડિત દરબારીલાલજીનાં કુલ ૩ વ્યાખ્યાન થયાં, પંડિત સુખલાલજીએ, શ્રી. ઇન્દુમતી બહેન મહેતાએ તથા શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે ૨ વ્યાખ્યાન આપ્યાં. પર્યુષણ દરમિયાન રવિવારની વ્યાખ્યાન સભા મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં ભરવામાં આવી હતી. તા. ૨૨ મી મંગળવારની સભામાં બોંમ્બે ટોકીઝના પદ્યકાર અને જાણીતા હિંદી કવિ શ્રી. નીલકંઠ તીવારીએ પોતાનાં રચેલાં કેટલાંક કાવ્યો ગાઈ સંભળાવ્યાં હતાં અને તેમના મધુર કંઠે અને અર્થમનોહર પદ્યરચનાએ સભાજનોને મુગ્ધ કર્યાં હતા. છેલ્લા દિવસની સભા ભાંગવાડી થીએટરમાં ભરવામાં આવી હતી અને તેમાં લગભગ ૧૫૦૦ ભાઇ બહેનોએ હાજરી આપી હતી. દેશી નાટક સમાજના માલીકોએ ભાંગવાડી થીએટર કશું પણ ભાડું લીધા સીવાય વાપરવા આપ્યું તે માટે તેમનો તેમજ બહારગામથી આ કાર્ય માટે જ ખાસ આવેલા તેમજ મુંબઇમાં વસતા ભિન્ન ભિન્ન વ્યાખ્યાતાઓએ જુદા જુદા વિષયો ઉપર જે વિદ્વત્તાપૂર્ણ તેમ વિચારપ્રેરક વ્યાખ્યાનો આપીને આ વખતની પર્યુષણ વ્યાખ્યાન માળાને સફળ તેમજ સાર્થક બનાવી તે માટે તે સર્વ વ્યાખ્યાતોઓનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ ઉપરાંત પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના ખર્ચને પહોંચી વળવા માટે નીચેના ગૃહસ્થોએ મુંબઇ જૈન યુવક સંઘને નીચે મુજબ આર્થિક મદદ આપી હતી.

૧૦૦) શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી હ. ચંદુલાલ
૧૦૦) ,, શાન્તિલાલ સી. શાહ
૫૦) ,, વી. એસ. બ્રધર્સ
૫૦) ,, ચીમનલાલ પી. શાહ
૨૫) ,, એસ. પી. મહેતા
૨૫) ,, ગીરધરલાલ ઝવેરી

૩૫૦)

આ રીતે સંઘની આ વિશિષ્ટ પ્રવૃત્તિને મદદરૂપ થવા માટે તે તે ગૃહસ્થોનો પણ અહિં સાદર ઉપકાર માનવામાં આવે છે.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળા પ્રવૃત્તિ પરત્વે પંડિત સુખલાલજી પ્રત્યે સંઘ સૌથી વધારે રૂણ ધરાવે છે. આ પ્રવૃત્તિની શરૂઆતથી આજ સુધી પોતે જ્યાં હોય ત્યાંથી વ્યાખ્યાનમાળા પ્રસંગે એક કે બે વર્ષ બાદ કરતાં દર વર્ષે મુંબઇ આવી પહોંચવાનું તેઓ કદિ ચુકયા નથી એટલું જ નહિ પણ અધ્યક્ષસ્થાન સ્વીકારીને તેમ જ અનેક મહત્વના વિષયો ઉપર ચિન્તનપ્રેરક વ્યાખ્યાનો આપીને આ પ્રવૃત્તિને સફળ કરવામાં તેમજ લોકપ્રિય બનાવવામાં તેમણે ઘણો મોટો ફાળો આપ્યો છે. આ વર્ષે પણ તેઓ આ કાર્ય માટે જ અમદાવાદથી ખાસ અહિં આવ્યા હતા અને અધ્યક્ષસ્થાનની જવાબદારી તેમણે સ્વીકારી હતી અને તે ઉપરાંત બે વ્યાખ્યાનો આપ્યાં હતાં. સંઘ પ્રત્યે તેમનો પક્ષપાત તો છે જ, પણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને તો તેમણે પોતાની જ ગણીને અપનાવી છે. તેમની આ સેવા માટે સંઘ પ્રજ્ઞાચક્ષુ પંડિતજીનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે.

### વીંછીઆ સંઘબહિષ્કાર પ્રકરણ

કેટલાક સમય પહેલાં કાઠિયાવાડમાં આવેલા વીંછીઆ મુકામેથી ૫૮ સ્થાનકવસી ભાઇઓની સહીથી સંઘના મંત્રી ઉપર એક પત્ર આવ્યો હતો. આ પત્રમાં વીંછીઆના સ્થાનકવાસી સંઘમાં શ્રી. કાનજી મુનિના અંગે પડેલી ફાટફુટ અને કાનજી મુનિ પ્રત્યે આદર ધરાવતા કેટલાક ભાઇઓનો આડકતરી રીતે કરવામાં આવેલા સંઘબહિષ્કાર સંબંધે કેટલીક વિગતો જણાવવામાં આવી હતી. આ બાબત તા. ૨૮–૮–૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં રજુ કરવામાં આવી હતી અને તેને લગતી ચર્ચામાં બોટાદ મુકામે પણ ઉભી થયેલી આવી ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પ્રશ્ન સંબંધે લાંબી ચર્ચાના પરિણામે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતેલ

“વીંછીઆ મુકામેથી શ્રી પ્રેમચંદ લક્ષ્મીચંદ તરફથી આવેલ ૫૮ સ્થાનકવાસી ગૃહસ્થોની સહીવાળાં પત્રની શ્રી. મુંબઇ જૈન યુવક

(અનુસંધાન પૃષ્ઠ ૫૩ જુઓ.)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

સપ્ટેમ્બર ૧ ૧૯૪૪


## જીવનજ્યોતિ તપ

ઓગસ્ટ માસની તારીખ ૨૫ મીની સવારે મુંબઇ ખાતે એક ભાઇના જીવનનો લાંબી તપસ્યાને પરિણામે અંત આવ્યો છે. આ વસ્તુની નોંધ લેતાં આપણું મન અનેકવિધ લાગણીઓથી ઘેરાય છે. એ મગનલાલ જીવણજી નામના ભાઇ બારડોલીના વતની હતા અને મુંબઈમાં દલાલીનો ધંધો કરતા હતા. તેમણે પર્યુષણ દરમ્યાન ૪૫ જેટલા લાંબા ઉપવાસ કર્યા હતા. પારણા પછી બીજે દિવસે ગોડીજીના ઉપાશ્રયમાં જ તેમનું દુઃખદ અવસાન થયું. ઉપવાસ દરમ્યાન અને પારણા પછી પણ તેમનો ભાવ ઉજ્જવલ રહ્યો હશે, પરિણામની ધારા નિર્મળ રહી હશે એમ માનીને આપણે સૌ એવી જ ધારણા રાખીએ કે તેમનો સદ્‌ગત આત્મા ચિરશાન્તિ અનુભવે. એમ તો જૈન પરંપરામાં જ્યારે દેખો ત્યારે અને જ્યાં જ્યાં જોવા ઇચ્છો ત્યાં ત્યાં કોઇને કોઇ એક અથવા બીજા પ્રકારનું તપ કરનાર મળી જ આવશે. પણ જ્યારે વાર્ષિક ધર્મપ્રાણ પર્યુષણ પર્વ આવે છે ત્યારે તો આખા જૈનસમાજની નાડીમાં અનેરી તપભાવનાના ધબકારા પૂર જોશથી શરૂ થાય છે. જેમ કોઇની ભીડ જોઇ ખરા શૂરવીરની નાડી શૌર્યથી ધબકી ઉઠે છે, તેમ જૈન સમાજમાં નાના કે મોટા, સ્ત્રી કે પુરૂષ બધાનું માનસ કાંઇને કાંઇ તપ કરવા પ્રેરાય છે. તે વખતે વાતાવરણ જ એવું સર્જાય છે કે તપના પ્રચલીત પ્રકારોમાંથી પોતાની જાતને મુક્ત રાખવી એ કુટુંબ અને સમાજમાં ઉપહસનીય કસોટી બની રહે છે.

માત્ર જૈન પરંપરામાં જ તપની ભાવના વર્તે છે એમ નથી. ઇસ્લામમાં રોજા અને બીજા તપોનું વિધાન છે. ઇશુ ખ્રીસ્તનું અનુકરણ કરી ચાલીસ ઉપવાસ કરવાની પ્રથા ખ્રીસ્તીઓમાં જાણીતી છે. હિન્દુ ધર્મની બધી શાખાઓમાં તપ ઉપર ભાર અપાયો છે. બૌદ્ધો તપપક્ષપાતી નથી એમ કહેવાય છે, પણ ખરી રીતે તેઓ સુધ્ધાં તપનું મહત્ત્વ સ્વીકારે છે. આમ છતાં પણ એકંદરે તપની બાબતમાં જૈન પરંપરાની તોલે આવે એવી બીજી એકે ધર્મ પરંપરા હોય તો તે હું નથી જાણતો. જૈન પરંપરાએ વિવિધ તપનો વિધિ સ્વીકાર્યો છે તેના ઉપર આધ્યાત્મિક દૃષ્ટિએ બહુ ભાર આપ્યો છે. તેનું ચરિત્રપ્રધાન ધર્મ સાહિત્ય મુખ્યપણે તપની જ પુષ્ટિ કરે છે અને હજારો વર્ષ થયાં જૈન પરંપરાનો જીવનપ્રવાહ પણ એ જ દિશામાં વહેતો આવ્યો છે. તેથી જૈન પરંપરાની કોઇ પણ વ્યક્તિને તપનો નાદ લગાડવો એટલો સહેલો છે કે જેટલો યુદ્ધજીવી પશ્ચિમના રાષ્ટ્રોમાં કોઇને પણ શસ્ત્ર-સજ્જ થઇ રણાંગણમાં પ્રેરવો. જ્યાં તપની પ્રથા આટલી બધી પ્રાચીન હોય, જ્યાં ધાર્મિક અનુષ્ઠાન તદ્દન હરહંમેશ બનતી ઘટના હોય, ત્યાં જ એ પ્રથાની સમાલોચના કરવી તે વધારે સંગત છે, જેથી તે પ્રથાના સારા અંશો અને મૂળ ધ્યેય લોકોના ધ્યાન ઉપર આવે.

બહુ લાંબા વખત સુધી ઉપવાસો કરવા, સખત ટાઢ અને તાપમાં નગ્ન રહેવું, પંચાગ્નિ તપ કરવું વગેરે અનેક પ્રકારના કાયક્લેશોની જ્યારે ભારે પ્રતિષ્ઠા હતી અને તેમાં તપના અર્થની ઇતિશ્રી સમજાતી, ત્યારે ભગવાન મહાવીરે તથા તેમના જેવા બીજા વિચારકોએ પોતાના આચરણ દ્વારા લોકોને એમ ઠસાવવાનો પ્રયત્ન કર્યો કે માત્ર કાયક્લેશ એ ગમે તેવો ઉગ્ર હોય છતાં જો તેની પાછળ કોઇ ઉદાત્ત હેતુ ન હોય તો તે ખરૂં તપ કહેવાય નહિ. ગીતાની ભાષામાં કહીએ તો એ તામસ તપ છે. એવું તપ કરનાર અને પ્રતિષ્ઠા પામનાર પહેલાં પણ હતા અને આજે પણ છે, પરંતુ તેમને મહાવીરે તાપસ કહ્યા છે. તાપસ અને તપસ્વી એ બે શબ્દોનો સામાન્ય અર્થ એક જ છે. જે ઉગ્ર તપ કરે તે જ તાપસ અને તપસ્વી. પણ મહાવીરે તપના અર્થને વિશેષ વિસ્તારીને એમ કહ્યું કે જેઓ કોઇ સદ્‌હેતુથી કાયક્લેશ કરે તે તપસ્વી એટલે કે સુતપ આચરનાર અને જેઓ માત્ર દેખાદેખીથી કે બીજા કોઇ હેતુથી કાયક્લેશ સહે તે તાપસ. આ વસ્તુ ભગવાને પોતાના જીવનથી સાબીત પણ કરી હતી, તેથી જ તેઓ તપસ્વી તરીકે પ્રસિદ્ધ છે. તેમને કોઇ તાપસ કહે તો આપણે જૈનો તેમાં અપમાન માનીએ છીએ અને આપણે જૈનો માત્ર કાયક્લેશ સહનારને તાપસ કહી તપસ્વીનું સ્થાન ઉંચું આંકીએ છીએ. વસ્તુસ્થિતિ અને આપણી સમજણ આવી છે તેમ છતાં સમાજનો પ્રવાહ કઇ રીતે વહી રહ્યો છે તે આપણાથી અજ્ઞાન નથી. સમજદાર ગણાતા ત્યાગી અને ગૃહસ્થ-ધુરંધરો આ વસ્તુસ્થિતિ જાણતાં છતાં તેમાં કશી જાતનું પરિવર્તન સૂચવતાં ડરે છે. તેમને એમ થાય છે કે રખે સદ્‌હેતુ સાચવવા ઉપર ભાર આપવા જતાં સ્થુળ તપની જે પ્રથા ચાલે છે તે પણ ઢીલી પડી જશે અને ઉચ્ચ હેતુ તો સધાશે જ નહિ. તેથી તેઓ મહાવીરના તપનો આત્મા શો છે એ જાણવા છતાં એવા આત્માથી વિહીન તપ વિષે કશું કહેવા કે સાંભળવા ઇચ્છતા નથી અને મનને મનાવી લે છે કે કાંઇ નહિ તો ભલે દેહદમન જ થતું, પણ તેથી લાભ તો છે જ. આવી દૃષ્ટિ સર્વત્ર સામાન્ય રીતે બંધાઇ ગઇ છે. જે વસ્તુને આચરવામાં તાપસ-પણું દેખાતું તે જ વસ્તુને આચરી તપસ્વીપણાના ખોટા ખ્યાલથી સંતોષ માનીએ છીએ અને તેની જ પુષ્ટિપ્રભાવનામાં બધી શક્તિઓ વાપરીને છેવટે કોઇ ઉચ્ચ શક્તિ કે ઉચ્ચ ધ્યેય સાધવાને બદલે આપણે વધારે અશક્ત અને નિર્માલ્ય થતા જઇએ છીએ એ બીના શું ધ્યાનમાં લેવા જેવી નથી?

તપનો ઉદાત્ત હેતુ એ જ અભ્યંતર તપ છે. જ્યારે જૈનો એ ઉદાત્ત હેતુ ભૂલી માત્ર બાહ્ય તપમાં તણાયા ત્યારે બૌદ્ધો અને બીજા સમકાલીન જૈનતરો જૈનોના તપનો પરિહાસ કરવા લાગ્યા. તે પ્રસંગે વિચારક જૈન વિદ્વાનોએ તપ વિષેનું જૈન દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય સમંતભદ્રે કહ્યું કે ખુશીથી અત્યંત દુઃસહ એવું પણ બાહ્ય તપ આચરો, પણ સરત એ છે કે તેના દ્વારા સદ્‌ગુણોની પુષ્ટિ થવી જ જોઇએ. સમંતભદ્રે કઠોર ઉપવાસાદિ બાહ્ય તપની ના તો ન પાડી, પણ એક માત્ર અભ્યંતર તપની પુષ્ટિમાં જ સાર્થકપણું છે એમ જરૂર કહ્યું છે. બીજા એક વિચારક જૈન વિદ્વાને એમ પણ કહ્યું કે યથાશક્તિ તપ કરવું. આમ કહીને તેમણે જેઓ શક્તિ અશક્તિનો વિચાર કર્યા સિવાય પ્રતિષ્ઠાના પ્રવાહમાં તણાઇ જાતને ઘસી નાખતા હતા તેમને વાર્યા છે. ત્રીજા એક તર્કપટુ વિચારકે બીજી રીતે આ સત્ય પ્રગટ કર્યું. તેણે કહ્યું કે જો રાગદ્વેષ ઘટાડી ન શકાય તો તપનો અર્થ શો? અને બીજી રીતે પણ એ ઘટાડી શકાય તો માત્ર કાયક્લેશ ઉપર જ આટલો બધો ભાર શાને? આ વિચારણા એટલું સમજવા માટે બસ છે કે તપની સાર્થકતા દોષ, ખામી અને ત્રુટિઓ દૂર કરી તેનું ખાલી સ્થાન સદ્‌ગુણોથી ભરી મૂકવામાં જ છે. આરોગ્ય અને સહનશીલતાનો હેતુ એ પ્રતિષ્ઠા, ધનલાભ કે વાહવાહના હેતુ કરતાં ઉચ્ચ છે, પણ તેમાંય સુક્ષ્મ વિવેક અને જાગ્રતિની આવશ્યકતા રહે છે. જ્યારે આત્માની મલીનતા કે પ્રમાદ જેવા દોષ ઘટાડવાના હેતુથી તપ કરવું હોય ત્યારે તો તેથી વધારે વિવેકની આવશ્યકતા રહે છે અને દોષોના ઘટાડા સાથે સદ્‌ગુણોના બીજ આત્મામાં પોષવા હોય ત્યારે તો તેથી પણ વધારે વિવેક અને જાગૃતિની જરૂર રહે છે. ખરી રીતે તપ એ એક પ્રકારનો યોગ જ છે. પતંજલિએ તો તેને ક્રિયાયોગ કહ્યો જ છે. તે સતત્ સાવધાની અને વિવેકની અપેક્ષા રાખે છે. આ દૃષ્ટિએ આપણે વિચાર કરીએ તો સ્પષ્ટ જણાશે કે તપની આટલી બધી પ્રતિષ્ઠા છતાં આપણામાં કોઇ ખરો તપસ્વી ભાગ્યે જ મળે.

તપના ઉદ્દાત હેતુઓમાં સ્વાધ્યાય અને ધ્યાનનું મહત્ત્વ વધારે છે. પણ જ્યારે આપણે ઉપવાસાદિ તપ આચરીએ છીએ ત્યારે આહાર

નિહારની ઉપાધિ ન હોવા છતાં આપણે સ્વાધ્યાય કે ધ્યાન શુદ્ધાં ભાગ્યે જ આચરીએ છીએ. જેટલું વધારે તપ, તેટલું જ સ્વાધ્યાય અને ધ્યાનનું વધારે બળ હોવું જોઇએ. પણ આખા સમાજની સામાન્ય સ્થિતિ આપણને ઉલટો જ પૂરાવો આપશે. જે વધારે તપસ્વી તે વધારે અજ્ઞાન કે શુષ્ક ક્રિયાકાંડી અથવા તો સૂક્ષ્મ વિચાર કરવામાં અને ઉદારતા કે ક્ષમામાં વધારે અસમર્થ. ધ્યાન અને યોગમાર્ગને જૈન પરંપરાએ માત્ર નામથી સાચવ્યાં છે. આમ બન્યું છે તેનું કારણ એ છે કે આપણે માત્ર ઉપવાસ, આયંબિલ આદિ બાહ્ય તપમાં જ ઇતિશ્રી માની લઇએ છીએ, અને તેનાથી શો હેતુ સાધવાનો છે તેમજ એ હેતુ ન સધાય તો આપણું તપ નિરર્થક છે એ વાત ભૂલી જઇએ છીએ.

જ્યારે કોઇ ઉપવાસ કરે ત્યારે તે ખાવાની વૃત્તિ ઉપર અંકુશ મૂકે એટલું જ બસ નથી, પણ ભૂખનું ખરું દુઃખ બીજાઓને કેવું થતું હશે એનો તે વખતે જાત અનુભવ કરે. જ્યારે કલેશપ્રધાન કોઇ પણ જાતનું તપ બીજાના દુઃખનો અનુભવ કરાવે ત્યારે જ તે સદ્ગુણોને જન્મ આપી શકે. બીજાની ભૂખજન્ય દુઃખના સાચા અનુભવ સિવાય બીજાઓ પ્રત્યે મૈત્રી કે સમભાવ ખરા અર્થમાં પ્રગટી જ ન શકે. અને તે સિવાય સાચા અર્થની સેવાવૃત્તિ પણ આવી ન શકે. સમાજ કે રાષ્ટ્રના ધારણપોષણ માટે આવી મૈત્રી અને આવો સમભાવ જ આવશ્યક છે અને એ જ તપનું ઉદાત્ત ધ્યેય છે. જો આ ધ્યેય સાધવાની દિશામાં તપ ઉપયોગી ન થતું હોય તો ઉપવાસાદિ તપ કરીએ તેટલી વાર ઉપશાન્ત અને સુષુપ્ત રહેલી વાસનાઓ પાછી પારણા પહેલાથી જ સળકવા લાગે છે અને ઘણી વાર તો ત્યારબાદ બમણા વેગથી ફાટી પણ નીકળે છે.

જૈન પરંપરાએ પોતાના તપની સાચી પ્રતિષ્ઠા સ્થાપવી હોય અને તપસ્વી વ્યકિતએ પોતાના મન તેમજ આત્માને ઉન્નત બનાવવો હોય તો તેણે તપને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શકિત મેળવવાનું એક સાધન માનવું જોઇએ. અત્યારે એમ બને છે કે તપ કરનાર તપ કર્યે જાય છે, તેની શારીરિક નિર્બળતા વધતી જાય છે અને તેની અનિવાર્ય જરૂરીઆતોનો ભાર બીજા ઉપર આવી પડે છે. આમ છે તો પછી તપસ્વીએ કુટુમ્બ, સમાજ, રાષ્ટ્ર અને માનવસમાજને બીજા કરતાં વધારે ઉપયોગી થવું જોઇએ એ વાત કયાં અને આજની તેની પોતાની પરાવલંબિત સ્થિતિની વાત કયાં? તપથી શારીરિક દોષો ટળી ઉત્તરોત્તર શરીરશુદ્ધિ અને સ્વાસ્થ્ય વધી ન શકે તો એ તપ તેટલે અંશે વંધ્ય લેખાવું જોઇએ. જ્ઞાન, વિચાર વિવેક અને શીળને લગતી માનસિક કે આત્મિક ગુણો થોડે ઘણે અંશે પણ પોષી ન શકાય તો એ તપ તામસ તપ નહિ તો બીજું શું છે? જેમ ઉપવાસની સંખ્યા મોટી તેમ તે મોટો તપસ્વી એવી માન્યતાને બદલે જે ગમે તે જાતનું અને ગમે તેટલું નાનું તપ કરીને અથવા તો કર્યા સિવાય પણ બીજે માર્ગે એવા ગુણો કેળવે તો તે પણ તપસ્વી જ છે એવી માન્યતા વિચારક માણસે પોષવી જોઇએ. એનો અર્થ એ નથી કે બાહ્ય તપનું જીવનમાં સ્થાન જ નથી. પણ એનો અર્થ એ છે કે તે માત્ર શકિતસંચયનું સાધન જોઇએ અને ત્યારે જ તે તપ નામને પાત્ર બને. તપનો અર્થ જાતને તાવણીમાં મૂકવી એટલો જ નથી, પણ એ તાવણી દ્વારા નબળાઇઓનાં મેલને ગાળી શકિતસંચય કરવો એ છે.

પ્રાચીન કાળથી આજ લગી તપનો મુખ્ય હેતુ આધ્યાત્મિક મોક્ષ માનવામાં આવ્યો છે. પણ એ ભૂલી જવાય છે કે જે શરીર, મન અને આત્માથી નિર્બળ હોય તેનો મોક્ષ ઇશ્વર પણ સાધી ન શકે. આજે તો આ ચાલુ જીવનમાં જ મોક્ષ સાધવાની સમસ્યા ઉભી થઇ છે. તપમાં એવી પણ શકિત છે જે સામાજિક અને રાષ્ટ્રીય ગુલામી દૂર કરવામાં કામ લાગે. આપણે ગાંધીજીના તપનો શા માટે આદર કરીએ છીએ એ પ્રશ્નનો જો કોઇ વિચાર કરશે તો તેને સમજાયા સિવાય નહિ રહે કે તેમણે દેહદમનનો વ્યકિત કે રાષ્ટ્રના સદ્ગુણો પોષવાના એક સાધન તરીકે વિચાર અને ઉપયોગ કર્યો છે. કાળે કાળે વસ્તુનાં મૂલ્યાંકનો બદલાય છે. જે વસ્તુઓ કયારેક માત્ર આધ્યાત્મિક ઉપરાંત સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્ય પણ ધરાવતી થઇ છે, તેવી સ્થિતિમાં દીર્ઘદર્શી આચાર્યો અને વિચારકોનું એ કર્તવ્ય થઇ પડે છે કે જીવનના બધા જ અંશો ઉપર પ્રકાશક' જ્યોતિ પાથરવાની શક્તિ ધરાવનાર તપનાં હજારો વર્ષથી ઉતરી આવેલ સામાજિક સંસ્કારોને માત્ર રૂઢિમાં જ વિલય પામવા ન દેતાં, તેના વિકાસ અને ઉપયોગની દિશા બદલવી. આ દિશાનું સામાન્ય સૂત્ર એટલું જ હોઇ શકે કે તપસ્વી અશકત, જડ કે નિર્માલ્ય ન હોય; વિશેષ સૂત્ર એ કે જે બીજાઓની અગવડનો ભાગીદાર બને, અને સાથે જ પોતાની સુખ સગવડ બીજાઓના વાસ્તે મુક્ત કરવાની શકિત ધરાવે તે તપસ્વી.

પંડિત સુખલાલજી.

---

## સંઘ સમાચાર (મુખપૃષ્ઠથી ચાલુ)

સંઘની કાર્યવાહક સમિતિ નોંધ લે છે. વિચારભેદના કારણે જ સંઘ કે સમાજમાંથી કોઇ વ્યકિતનો બહિષ્કાર થાય તે સામે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો હંમેશાં વિરોધ રહ્યો છે. કોઇ વ્યકિત શ્રી. કાનજી મુનિના વિચારોને વધારે આવકારે છે તે જ કારણે તેનો સંઘ બહિષ્કાર થાય તેવો આશય સ્થાનકવાસી કોન્ફરન્સની રાજકોટ મુકામે મળેલી બેઠકના નિવેદનનો નથી. તેથી આટલા જ કારણે વીંછીઆ કે અન્ય કોઇ સ્થળે ચાલતી સંઘ બહિષ્કારની પ્રવૃત્તિ ગેરવ્યાજબી છે અને તે અટકાવવામાં સમાજહિત છે. તેથી લાગતાવળગતાઓને શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ આવી સંઘબહિષ્કારની પ્રવૃત્તિ અટકાવવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

### સંઘની રાહતપ્રવૃત્તિને મળેલી મદદ

સંઘની રાહત પ્રવૃત્તિ પૂર્વવત્ ચાલી રહી છે અને ૬૫ કુટુંબોને સારા પ્રમાણમાં આર્થિક રાહત અપાઇ રહી છે. એ ઉપરાંત સુતર કંતામણ ચાલુ દરથી બમણું આપવાની યોજના પણ ચાલે છે, જો કે આ યોજનાનો લાભ બહુ ઓછી વ્યકિતઓ લે છે. આ પ્રવૃત્તિને અંગે તા. ૧-૭-૪૪ થી આજ સુધી સંઘને નીચે મુજબ આર્થિક મદદ મળી છે જેની સાભાર નોંધ લેવામાં આવે છે.

૨૦૦) એક મિંત્ર તરફથી (સુતર કંતામણ રાહત માટે)
૧૭૫) શ્રી. ઘેલાભાઇ હાથીભાઇ ઝવેરી (રૂા. ૧૦૦ બીપીનના સ્મરણમાં અને રૂા. ૭૫ તે પહેલા મળેલા-બંને રકમ બહેનોને મદદ આપવા માટે)
૧૦૦) શ્રી. શંભુલાલ કલ્યાણજી
૧૦૦) શ્રી. પ્રેમચંદ વેલજી મહેતા
૫૧) શ્રી. કાન્તાબહેન મંગળદાસ તલસાણીયા

રૂા. ૬૨૬)

### શ્રી. મ. મો. શાહ વાંચનાલય-પુસ્તકાલય

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયની પ્રવૃત્તિનો મુંબઇની જનતા બહોળા પ્રમાણમાં લાભ લઇ રહી છે. વાંચનાલયમાં હંમેશા ૧૦૦ થી ૧૨૫ ભાઇઓ વાંચવા આવે છે. પુસ્તકોનો ઉપાડ પણ બહુ જ સારો રહે છે. પુસ્તકો ખરીદવા માટે પુસ્તકાલય સમિતિએ રૂા. ૧૦૦૦ મંજુર કર્યા છે જેમાંથી રૂા. ૫૦૦ લગભગની કીંમતનાં પુસ્તકો ખરીદાઇ ચુકયાં છે. પુસ્તકાલયને નીચે મુજબ પુસ્તકો ભેટ મળ્યાં છે.

૧૭ શ્રી. વૃંદાવન નથ્થુભાઇ
૫ ,, જીવણલાલ જેઠાભાઇ
૩ ,, નગીનદાસ દામોદરદાસ
૨ ,, મનસુખલાલ હીરાલાલ
૧ ,, સાંકળચંદ સોભાગમલ

આ ગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે.

મંત્રી, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

# સાર્વભૌમ સત્તાનો હુંકાર

મહાત્માજીએ મી. ગેલ્ડરને આપેલી મુલાકાત અખબારોમાં પ્રસિદ્ધ થઇ જવા પામી હતી અને તેમાં વ્યકત થએલી ગાંધીજીની એકાદ વિનંતિ પણ વાઇસરોય માન્ય રાખે તો તે આશીર્વાદ સમાન થઇ પડશે એવી મતલબનો પત્ર ગાંધીજીએ ગઇ તા. ૧૫ મી જુલાઇએ પંચગનીથી વાઇસરોય પર લખ્યો હતો. વાઇસરોયે તા. ૨૨ મી જુલાઇએ જવાબ આપતાં ગાંધીજીને પોતાની નક્કર રચનાત્મક દરખાસ્તો રજુ કરવા જણાવ્યું હતું અને ગાંધીજીએ તા. ૨૭ મી જુલાઇએ દરખાસ્તો રજુ કરતો પત્ર લખ્યો હતો જેનો તા. ૧૭ મી ઓગસ્ટે પ્રકટ થયેલો વાઇસરોયનો તા. ૧૫ મી ઓગસ્ટનો જવાબ નીચે મુજબ છે:—

"પ્રિય મી. ગાંધી, તમારા ૨૭ મી જુલાઇના પત્ર માટે આભાર માનું છું. તમારી દરખાસ્તો નીચે પ્રમાણે છે:—

(૧) (અ) "૧૯૪૨ ના ઓગસ્ટના ઠરાવમાં જે રજુ કરવામાં આવ્યો હતો તે સામુદાયિક સવિનયભંગ પલટાયેલા સંજોગોની દૃષ્ટિએ અમલમાં મુકી શકાય નહી એવી" અને (બ) "મહાસભાએ યુદ્ધ—પ્રયાસોમાં સંપૂર્ણ સહકાર આપવો જોઇએ" એવી સલાહ કારોબારીને આપવાનું તમે માથે લેશો.

(૨) પરંતુ એ શરતે કે શાહી સરકાર (અ) "હિંદની આઝાદીની તાત્કાળિક જાહેરાત કરે" અને (બ) "હિંદને શિરે જરા પણ આર્થિક બોજો લાદ્યા વિના અત્યારે ચાલે છે તે પ્રમાણે યુદ્ધકાળ દરમ્યાન લશ્કરી પ્રવૃત્તિઓ ચાલુ રહે એવી જોગવાઇ સહિત મધ્યસ્થ ધારાસભાને જવાબદાર એવી રાષ્ટ્રીય સરકાર રચે."

હિંદી પ્રશ્નના ઉકેલ માટે શાહી સરકાર ખૂબ જ આતુર છે. પરંતુ વાટાઘાટોની ભૂમિકા તરીકે તમે રજુ કરેલી દરખાસ્તો શાહી સરકારને તદ્દન અસ્વીકાર્ય છે અને જો તમે ૨૮ મી જુલાઇએ આમસભામાં મી. એમરીએ કરેલું નિવેદન વાંચ્યું હશે તો આ બાબત તમારા સમજવામાં આવી હશે ૧૯૪૨ના એપ્રિલમાં સર સ્ટેફોર્ડ ક્રીપ્સને મૌલાના અબુલ કલામ આઝાદે કરેલી દરખાસ્તો જેવી જ એ દરખાસ્તો છે અને ત્યારે શાહી સરકારે જે કારણોસર એ દરખાસ્તોનો અસ્વીકાર કર્યો હતો તેજ કારણો આ દરખાસ્તોના અસ્વીકાર માટે છે.

એ બધાં કારણોનો વિગતવાર સારાંશ કહ્યા વિના મારે તમને એ યાદ દેવડાવવું જોઇએ કે શાહી સરકારે તે વખતે એ સ્પષ્ટ કર્યું હતું કે:—

(અ) દુશ્મનાવટના વિરામ બાદ હિંદના રાષ્ટ્રીય જીવનના મુખ્ય તત્ત્વો સહમત બની બંધારણ ઘડી કાઢે અને શાહી સરકાર સાથે આવશ્યક સંધિની યોજનાઓ માટેની વાટાઘાટ કરે એ શરતોએ નિર્ભેળ આઝાદીની તેમણે દરખાસ્ત કરી હતી.

(બ) શત્રુવટના સમય દરમ્યાન બંધારણમાં કોઈ ફેરફાર કે જેનો અર્થ તમે સૂચવ્યા મુજબ મધ્યસ્થ ધારાસભાને જવાબદાર બનાવી શકાય એવી માત્ર રાષ્ટ્રીય સરકાર થાય છે તેવો ફેરફાર અશકય છે.

આ શરતોનો હેતુ કોમી તથા ધાર્મિક લઘુમતીઓ અને દલિતવર્ગોના તેમજ દેશી રાજ્યો સાથેના કોલકરારોનાં હિતોનું રક્ષણ કરવાની તેમજ ફરજ પુરી કરવાની ખાત્રી આપવાનો છે.

ઉપરોક્ત કારણોને અંગેજ શાહી સરકારે અસ્તિત્વ ધરાવતા બંધારણ હેઠળ કાર્ય કરનારી એક વચગાળાની સરકારમાં ભાગ લેવા માટે હિંદી નેતાઓને આમંત્ર્યા હતા. મારે એ તદ્દન સ્પષ્ટ કરવું જોઇએ કે જ્યાંસુધી યુદ્ધનો અંત ન આવે ત્યાં સુધી સંરક્ષણ અને લશ્કરી પ્રવૃત્તિઓ માટેની જવાબદારીને સરકારને બીજી જવાબદારીઓમાંથી જુદી પાડી શકાય નહિ અને જ્યાં સુધી દુશ્મનાવટનો અંત ન આવે તેમજ નવું બંધારણ અમલમાં ન આવે ત્યાં સુધી શાહી સરકારે તથા ગવર્નર જનરલે સમગ્ર જવાબદારીઓ છોડી દેવી ન જોઇએ. યુદ્ધમાંના હિંદના ફાળાના પ્રશ્નને લાગેવળગે છે ત્યાં સુધી એક બાજુ શાહી સરકાર અને બીજી બાજુ હિંદી સરકાર વચ્ચેની આ એક આવશ્યક બાબત છે, અને અત્યારની નાણાકીય વ્યવસ્થા માટેની વાટાઘાટો એક યા બીજાના કહેવાથી જ ફરી ચાલુ કરી શકાય.

આ સંજોગોમાં એ સ્પષ્ટ છે કે તમે સૂચવેલી ભૂમિકા ઉપર વાટાઘાટો કરવાથી કશોજ અર્થ સરશે નહિ. ગમે તેમ પણ જો કામ ચલાઉ સરકારમાં સહકાર આપવા હિંદુઓ, મુસ્લિમો અને અગત્યની લઘુમતીઓના નેતાઓ ઇચ્છતા હોય તો તે રચાય તે પહેલાં તેમાં સફળ થવા માટે નવા બંધારણને ઘડવા માટે હિંદુઓ, મુસ્લિમો અને બધાં અગત્યનાં તત્વો વચ્ચે સમજુતી થવી જોઇએ. આ સમજુતી હિંદીઓની પોતાની જ બાબત છે. જ્યાં સુધી અત્યારે છે તે કરતાં હિંદી નેતાઓ વધુ નજીક નહિ આવે ત્યાં સુધી હું જાતે કશી સહાય કરી શકીશ કે કેમ તેની મને શંકા છે. એ બાબત પ્રત્યે પણ તમારૂં લક્ષ્ય દોરૂં છું કે લઘુમતીના પ્રશ્નો સહેલા નથી. તે સાચા છે અને માત્ર પરસ્પર સમાધાન અને સહનશીલતા વડે જ ઉકેલી શકાય તેમ છે.

દુશ્મનાવટના અંત પછીના સમયનો આધાર નવું બંધારણ કેટલી ઝડપે તૈયાર થાય છે તેના ઉપર રહેશે. હિંદી આગેવાનો એ હેતુ માટે સહકાર આપવા તૈયાર થાય કે તુર્તજ એ બંધારણ ઉપરનું પ્રારંભિક કામકાજ શું કામ શરૂ ન થાય તેનું કારણ હું જોતો નથી. બંધારણ ઘડવા અંગેની પદ્ધતિ અંગે જો તેઓ સારી સમજુતી પર આવી શકશે તો યુદ્ધ પછી આખરી નિર્ણયો પર આવતાં અને સંધિ કરતાં બીનજરૂરી સમય જશે નહિ."

* * *

વાઇસરોયના જવાબ અંગે એ. પી. એ લીધેલી મુલાકાતમાં મહાત્માજીએ જણાવ્યું હતું કે "જાહેર થએલો પત્રવ્યવહાર દર્શાવી આપે છે કે વાઇસરોયની માંગણીઓને મંજૂર રાખવામાં મેં એકકે પ્રયત્ન બાકી રાખ્યો ન હતો. સરકારનો જવાબ એ બાબતનો નિશ્ચિત પૂરાવો આપે છે કે જાહેર જનતાનું પીઠબળ મેળવવાનો બ્રિટીશ સરકારનો ઇરાદો નથી. હું કોંગ્રેસ પૂરતો જ મર્યાદિત નથી કેમકે કોંગ્રેસની મુખ્ય માંગણીને તો લગભગ બધાય રાજદ્વારી પક્ષોએ ટેકો આપેલો છે. યુદ્ધના સૈદ્ધાન્તિક વિજયને લાગેવળગે છે ત્યાં સુધી તો સરકારને એવા ટેકાની જરૂર જ નથી અને નૈતિક ટેકાને તે ધિક્કારતી જણાય છે. ટુંકાણમાં વાઇસરોયની દરખાસ્તનો અર્થ એવો છે કે જ્યાંસુધી ભાવી બંધારણ અંગે સઘળા મુખ્ય પક્ષો એકમત ન થાય અને બ્રિટીશ સરકાર તથા મુખ્ય પક્ષો વચ્ચે એકમતી ન થાય ત્યાંસુધી બંધારણીય સ્થિતિમાં ફેરફાર થનાર નથી અને હિંદી સરકાર હાલની જેમ ચાલુ રહેનાર છે. સરકારના જવાબમાં પક્ષોનાં અપાયલાં નામ માત્ર ઉદાહરણરૂપ છે. પ્રસંગો આવતાં જાદુગરની કોથળીમાંથી નીકળે તેમ બીજા વધુ પક્ષોનેય રજુ કરવામાં આવશે તે વિષે મને શંકા નથી અને બ્રિટીશ સરકાર અંકુશ સુપ્રત કરી દેવા કેવી રીતે અને કયારે તૈયાર થશે તેય કોણ જાણે છે? દીવા જેવું સ્પષ્ટ છે કે ચાલીસ કરોડ લોકો પરનો પોતાનો અંકુશ બ્રિટીશ સરકાર છોડી દેવા માંગતી નથી, સિવાય કે એ ચાલીસ કરોડ લોકો અંકુશ આંચકી લેવા જેટલી તાકાત કેળવે. સંપૂર્ણતઃ નૈતિક સાધનોથી જ હિંદ એમ કરશે એવી આશા હું કદિ ગુમાવીશ નહિ.

દરમિયાન ખોરાકનો પ્રશ્ન અણઉકલ્યો રહે છે. મેં કલ્પી છે તેવી રાષ્ટ્રીય સરકાર જ તેનો ખરેખરો ઉકેલ લાવી શકે. બીજી કોઇ પણ સરકાર મૃગજળ સમાન બનશે.................

અમારા ઉકેલથી અસર પામનારા સર્વ પક્ષોને હું ખાતરી આપવા માંગું છું કે અમે એવી શરતો પર નહિ આવીએ કે જેથી એક પણ હિતને જોખમ પહોંચતું હોય. અનેક શીખ હિંદુ મિત્રોએ સૂચવ્યા મુજબ રાજાજીની યોજનામાં ખામીઓ છે અને એવી ખામીઓ માલૂમ પડે તો એ યોજનામાં સુધારા કરી શકાય તેમ છે. વ્યાજબી ન હોય અને હિંદની સમગ્ર જનતાને સ્વીકાર્ય ન હોય તેવો કોઇ પણ ઉકેલ ન જ ટકી શકે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬ ]  મુંબઈ: ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૪ શુક્રવાર  [ અંક ૧૦

## રામાનંદ અને ચમાર

નિયત્ર પ્રમાણે **રામાનંદ** ગંગા કિનારે પહોંચી ગયા. ગંગાના નિર્મળ જળમાં તેઓ ઉભા રહ્યા. પુણ્ય–સલીલા–ભાગીરથીનો પ્રવાહ પોતાના અંતરને ભીંજવીને પવિત્ર કરી દેશે એની રાહ જોતા એ ઉભા રહ્યા.

પરંતુ આજે તો એમ । અંતરમાં એ પ્રવાહનો પાવનકારી પ્રભાવને પ્રેમ પ્રગટતો નથી!

સૂર્યનારાયણ પણ કિનારે કાંઠે આવી પહોંચ્યા અને એના કિરણો ગંગાના પ્રવાહ સાથે રમવા લાગ્યા. પરંતુ રામાનંદના હૃદયમાં હજી કંઇ પ્રકાશ જાગતો નથી. જીવનના સત્યનું દર્શન હજી એને થતું નથી. દીન ભાવે રામાનંદ યાચી રહ્યા છે કે એ પ્રકાશ એના જીવનના અંધકારને ક્યારે દૂર કરશે!

પરંતુ હજી એ પ્રકાશ પડતો નથી. અંધારના વાદળો હજી વીખરાતા નથી.

રામાનંદ હજી કિનારે ઉભા જ છે. માછીઓ મછવાઓ લઇને આવી પહોંચ્યા. દૂધવાળી બજારમાં દૂધ વેચવા ચાલી નીકળી. રામાનંદ ચેત્યા અને પાછા ફર્યા.

રસ્તામાં પેલો ચમારવાડો આવ્યો. એની ગલીમાં એ પેઠા. ચામડા–માંસની દુર્ગંધ વાસ આ ગલીમાં પ્રસરી રહી હતી. કુતરાઓ વિખરાયેલા માંસનો ટુકડાઓ અને હાડકાને ચુંથી રહ્યા હતા.

**ભજન** આમલીના પુરાણા ઝાડ નીચે પોતાની ઝુંપડી પાસે બેઠો હતો. ઉંટના ચામડાને એ પીંખી રહ્યો હતો.

રામાનંદ ગુરૂને જોતા જ એ એકદમ ઉભો થઇ ગયો. અને બોલ્યો.

"અરેરે! પવિત્ર ગંગાનાં સ્નાન કરી તમે આ મેલા લત્તામાં આ મેલી ઝુંપડી આગળ ક્યાં આવી પહોંચ્યા?"

રામાનંદ કશું બોલ્યા નહિ અને ભજનને ભેટી પડયા. ભજન કંઇ સમજી શકયો નહિ. ગદ્‌ગદિત કંઠે અશ્રુ ભીની આંખે એ બોલ્યો.

"ગુરૂજી આમ કરી તમારા જીવનને કેમ ભ્રષ્ટ કરી રહ્યા છો?"

રામાનંદ બોલ્યા ભજન! જ્યારે આજે હું ગંગા નદીને કિનારે સ્નાન કરવા ચાલ્યો જતો હતો ત્યારે મેં તારા આ વાસ મારતા વાસને છોડી દીધો હતો અને શું ખબર કે એ વાસ પ્રતિના મારા તિરસ્કારમાં હું ગંગા માતાનો પ્રેમ પણ ખોઇ બેસું છું! ગંગામૈયા તો જગત-જનની છે અને ચમારો પણ એના જ બાળકો છે એ હું સાવ ભૂલી ગયો.

ગંગા કિનારે હું ગયો તો ખરો, પરંતુ સ્નાન કર્યાં છતાં મારા હૃદયમાં પ્રસન્નતાની શન્તિ ન પ્રગટી. હું ચેત્યો અને ગંગામૈયાના મૂક ઠપકાનો મર્મ સમજી ગયો. સીધો તારા વાસમાં આવ્યો અને કેટલો આનંદ મારામાં પ્રગટી ઉઠયો! તું પણ ગંગામૈયાનો જ પુત્ર છે અને મેલા વાસ મારતા તારા ઝુંપડામાં પણ આખરે તો એ પાવનકારી ગંગામૈયાના આશીર્વાદો જ ઉતરે કંને! તારા સ્પર્શ માત્રથી મારા હૃદયમાં પાછા પ્રસન્નના જાગી ઉઠી. તારામાં મેં એ દિવ્ય વિભૂતિના દર્શન કર્યા છે અને આજે તો મારે મંદિરમાં જવાની પણ જરૂર નથી.*

**દિલખુશ બ. દિવાનજી**

* ટાગોરના કાવ્ય પરથી સૂચિત

## મારા જીવનનો હેતુ

(અમેરીકન વિદ્વાન શ્રી. વીલડ્યુરેન્ટે મહાત્મા ગાંધીજી, બર્નાર્ડ શો, પંડિત જવાહરલાલ નહેરૂ અને બીજા જગતના ત્રીશેક જેટલા મહાપુરૂષોને પોતપોતાના જીવનહેતુને સ્પષ્ટ કરવા વિનંતિ કરેલી તેમાં પંડિત જવાહરલાલ નહેરૂએ જે ઉત્તર આપેલો તેનો અનુવાદ 'ગુજરાતી પંચ'ના તા. ૧૮–૬–૪૪ ના અંકમાંથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

અમે હિંદુ લોકો મોટા વેદાંતપ્રિય મનાઇએ છીએ પણ હું તો વેદાંતથી હંમેશાં ચાર માઇલિ દૂરનો દૂર જ રહ્યો છું, કેમકે પહેલેથી જ મને લાગ્યું છે કે વેદાંતથી મારી બુદ્ધિનો ગોટાળો અધિક વધશે અને તેમાંથી મને મનઃશાંતિ કે કાર્યપ્રેરણા મળશે નહિ. ધર્મની મારા મન ઉપર કદી દૃઢ અસર પડી નથી. પાંડિત્ય મેળવવા માટે અને દેખાડવા માટે આપણે બધા કરીએ છીએ તેમ, મેં પણ ઘણાં ભૌતિક શાસ્ત્રોમાં માથું માર્યું અને તેમાં મેં થોડું મન પરોવ્યું એટલે મારી દૃષ્ટિ વ્યાપક થઇ; પણ તેથી મારી બુદ્ધિ સ્થિર થઇ નહિ. મારા મનમાં અનેક શંકાઓ રહી ગઇ; હું નાસ્તિક જ રહ્યો છું. અને જેના સ્પષ્ટ સ્વરૂપની ઝાંખી નહોતી થઇ એવી સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં મેં મારૂં મન પરોવ્યું, અને ધીમે ધીમે જેમ નાની નદીઓ મોટા સાગરમાં વિલીન થઇ જાય તેમ હિંદુસ્તાનનું સ્વાતંત્ર્ય એ જ મારૂં મોટામાં મોટું જીવનધ્યેય બની ગયું.

હિંદુસ્તાનનું સ્વાતંત્ર્ય એટલે કેવળ રાજકીય શાસનનો અધિકાર એમ હું માનતો નથી. મારાં કરોડો બંધુ–ભગિનીઓને દુઃખ અને ગુલામગીરીમાંથી મુક્ત કરવા માટે મારા દેશને સ્વતંત્ર કરવો જોઇએ એમ મને લાગ્યું છે અને મારો દેશ જગતભરના પીડિતોનું એક પ્રતીક જ છે એમ મને લાગવાથી મેં દેશાભિમાનને માનવજાતિના અભિમાનનું સ્વરૂપ આપીને સર્વ દેશોના ગરીબોનું જ આ કાર્ય છે એમ ગણીને પ્રયાસ આરંભ્યો.

પણ આ કાર્યમાં શંકા, કુશંકા, નિરાશા એવા ઘણા અનુભવો થવા લાગ્યા. મથી મથીને જે કાંઇ યોજના ઘડીએ તેમાં પારાવાર વિઘ્નો આવવાં લાગ્યાં અને જો કર્તવ્ય ગણીને તેને વળગી ન રહ્યો હોત તો મન ગોટાળે ચડી જાત.

પણ ત્યાં મને ગાંધીજીની દોસ્તી થઇ અને અત્યાર સુધી મારા દિલમાં જે ભાવના અને મહત્ત્વાકાંક્ષા હતી તેને માર્ગ મળ્યો અને મને હું જે સમાધાન શોધતો હતો તે મળ્યું.

મને સમજાયું કે **ખરૂં માનસિક સમાધાન સતત કામ કરવામાં** છે. તેને સિદ્ધ કરવાને અવિશ્રાંત પરિશ્રમ કરવામાં છે. વિચાર કે વેદાંતમાં આ સમાધાન નથી. અવિરત ઉદ્યોગ એ માનસિક શાંતિ અને સમાધાનનો અખૂટ ઝરો મારે માટે થઇ પડયો છે.

અને તેમાં મને જે માનસિક સમાધાન પ્રાપ્ત થયું તેથી મને જીવનમાં કંઇક હેતુ છે, અર્થ છે એમ દૃઢ વિશ્વાસ બેઠો અને મારા જીવનનો જો હેતુ હોય તો બીજાના જીવનનો શા માટે ન હોય?

હું તો સિપાઇ છું. ઉદ્યોગ અને કષ્ટ ઉપાડવાનું મળે તો ભયો ભયો, એવી પ્રકૃતિના માણસોમાંનો એક છું, તેથી તર્કશાસ્ત્ર કે ભૌતિક-શાસ્ત્રથી સિદ્ધ થાય એવો જવાબ દેતાં મને આવડતું નથી. શાસ્ત્ર, ન્યાય તર્કબુદ્ધિ–બધાની કિંમત હું જાણું છું, પરંતુ તે બધાનું પાંગળા-પણું પણ મેં જોયું છે, અને તેથી તેનાથી જેટલા છેટા એટલી વધુ શક્તિ જીવનક્રમ ચલાવવામાં રહેશે એમ મને લાગ્યું છે. આ પ્રેરણા-શક્તિને તમે સ્વયંપ્રેરણા કહો અંતઃપ્રેરણા કહો, કે બીજું ગમે તે

(અનુસંધાન પૃષ્ઠ ૯૯ક્સે)

# કેટલાક સમાચાર અને નોંધ

## ગાંધી–ઝીણા મીલન

એ ચિર-અપેક્ષિત ગાંધી–ઝીણા મીલન સપ્ટેંબરની નવમી તારીખથી શરૂ થયું તે આજ સુધી ચાલી રહ્યું છે. આ પત્ર પ્રગટ થાય તે પહેલાં એ મીલનનું પરિણામ બહાર પડી ચુકયું હશે અને એ સંબંધમાં પ્રબુદ્ધ જૈનના વાચકો સમક્ષ માર્ગદર્શક સમાલોચના રજુ કરી શકાશે એવી મેં આશા રાખી હતી. પણ એ ઐતિહાસિક મીલન હજુ પુરૂં થયું નથી અને એ બે મહાજનોની મંત્રણાઓનો કશો પણ સાર આપણને જાણવા મળ્યો નથી. દૈનિક છાપાઓમાં આ વાટાઘાટો વિષે જાતજાતનાં અનુમાનો પ્રગટ થઇ રહ્યાં છે. એક દિવસ આશાઓ આપતી તો બીજે દિવસ નિરાશાભરી કલ્પનાઓ અને તર્કવિતર્કો જોવામાં આવે છે. પણ એ વાટાઘાટોનો ગૂઢ પડદો હજુ સુધી કોઈ ચીરી શકયું નથી. આ મીલન જેટલું અદ્દભુત તેટલું જ રોમાંચક છે. દેશમાં એકતા અને આઝાદી સ્થાપવાની એકધારી તમન્નાથી માનાપમાનના કડવા ઘુંટડા ગળી જઇને ગાંધીજી વાઇસરોયનું બારણું ખખડાવી રહ્યા છે અને ઝીણાના ઉંબરે પગનાં તળીયાં ઘસી રહ્યા છે. માત્ર ગાંધીજીનાં જ નહિ પણ કોમી એકતા અને રાષ્ટ્રની આઝાદીના એકાન્ત પ્રતિપક્ષી સમા અને અસૌજન્યની મૂર્તિસમા કાયદેઆઝમની પ્રકૃતિમાં યુગો બાદ કાંઇક નરમાશ અને સભ્યતાની થોડી સુંવાળપ આજે દૃષ્ટિગોચર થઇ રહી છે. જે આશા અને શ્રધ્ધાથી ગાંધીજી કડવામાં કડવા ઘુંટડા હસતા મોઢે પી રહ્યા છે તેનું કાંઇક શુભ પરિણામ આવે અને આર્યાવર્તના ઘનઘોર આકાશમાં એકતા અને આઝાદીની આગાહી આપતાં ઉજ્જવળ કિરણો ફૂટે એવી આશા લાખો નરનારીઓ સેવી રહ્યા છે અને એવી પ્રાર્થના હરઘડિ સૌ કોઇ ચિન્તવી રહ્યા છે. પરમાત્મા સૌ કોઇને સન્મતિ અને સાચી દોરવણી આપે અને ભારતની એકતા અને આઝાદીની રક્ષા કરે!

## યુરોપમાં સંકેલાતો વિગ્રહ

યુરોપમાં આજથી પાંચ વર્ષ પહેલાં પ્રગટેલો વિગ્રહ–દાવાનળ હવે થોડા વખતમાં શમન પામવાનો હોય એવાં ચિહ્નો નજરે પડે છે. વિગ્રહના પ્રારંભમાં સાર્વભૌમ બની બેઠેલું જર્મની આજે હારતું અને પોતાના સીમા પ્રદેશમાં પ્રવેશ કરતું નજરે પડે છે. સંભવ છે કે આજ સુધીમાં પણ જોવામાં ન આવ્યું હોય એવું ઘનઘોર યુદ્ધ હવે પછીના દિવસોમાં જોવાનું અને લાખો માણસોને કપાઇ મરતા સાંભળવાનું આપણા નસીબમાં હોય, પણ એ આગામી સંપૂર્ણ પરાજયનો પુરોગામી ભયંકર ભડકો જ હશે. આખરે જર્મનીનો જ પરાજય થવાનો એ હવે નિશ્ચિત નિર્માણ લાગે છે. અને જર્મની પડે પછી જાપાન કયાં સુધી ટકી શકશે? તેણે પણ આખરે જર્મનીના પરાજયમાં જ ભાગીદાર બનવાનું રહ્યું. આમ આ વિગ્રહનો અન્ત બહુ નજીકના ભવિષ્યમાં દેખાઇ રહ્યો છે. પણ આવા અન્ત સાથે દુનિયામાં સુખના દિવસો શરૂ થઇ જશે એવી ભ્રમણામાં પડવાની જરા પણ જરૂર નથી. લડાઇ પહેલાં જે રચના હતી એની એ જ રચના સાથે લડાઇ પછીની દુનિયા પોતાનો વ્યવહાર શરૂ કરશે. હિંદની દશા એની એ જ કાયમ રહેશે. અને –એની એ જ મુડીવાદી જીવન વ્યવસ્થા ગરીબોનું–ખેડુતો અને મજુરોનું શોષણ કર્યા કરશે. આ પૂર્વકાળની પરિસ્થિતિમાં હજુ સુધી કોઇ મોટો ફેરફાર દૃષ્ટિગોચર થતો નથી. સૌ કોઇ હતા ત્યાંના ત્યાં જ એવો જ કોઇ વિચિત્ર વિશ્વક્રમ આપણા માટે નિર્માયલો હોય એમ આજે તો ભાસે છે.

## ફીલીપ્સ પ્રકરણ

ફીલીપ્સ પ્રકરણે હિંદ, બ્રીટન અને અમેરિકાની દુનિયામાં નાનો સરખો ક્ષોભ ઉપસ્થિત કર્યો છે અને તે દ્વારા બ્રીટનની આપખુદ રાજનીતિ, સત્તામદ અને અસહિષ્ણુતા વિશેષતઃ પ્રકાશમાં આવ્યા છે. અમેરિકન પ્રમુખના અંગત પ્રતિનિધિએ હિંદુસ્થાનમાં આવીને જે નજરે જોયું અને અનુભવ્યું તે તથાપ્રકારે પોતાના અધિકારસ્વામીને જણાવ્યું અને એ અંગ્રેજ સરકારને ખુબ ખુચ્યું. હિંદુસ્થાનમાં અંગ્રેજ સરકારની શીળી છત્રછાયા નીચે રામરાજ્ય જ પ્રવર્તે છે–એથી અન્ય પ્રકારની વાત કોઇ પણ કરે તે સરકારથી સહી શકાતું નથી અને ખાસ કરીને પરદેશમાં આવો પ્રચાર જરા પણ અવકાશ ન પામે તેની અંગ્રેજ સરકાર બને તેટલી ચોકી રાખે છે. આમ છતાં પણ વાત તો વા પણ લઇ જાય છે અને હિંદી પ્રજાનો તીવ્ર અસંતોષ આજે કોઇ પણ રીતે છુપાવ્યો છુપી શકે તેમ નથી. ફીલીપ્સ અહિં એ વખતે આવેલ કે જયારે જર્મની એશીઆ તરફ ધસી રહ્યું હતું અને જાપાની ધસારો દેશની પૂર્વ સરહદ ઉપર ટમટમી રહ્યો હતો. તે એ વખતે અહિં આવેલ કે જ્યારે સરકારે કોંગ્રેસ સામે જેહાદ પોકારી હતી, રાષ્ટ્રીય નેતાઓને અને ગાંધીજીને કારાવાસમાં પુર્યા હતા અને દેશમાં એક મોટી રાજકીય મડાગાંઠ ઉભી કરી હતી. આવે વખતે પ્રજાના સહકાર વિના હિંદમાં યુધ્ધપ્રવૃત્તિને સારો વેગ મળવો શકય નથી એમ કહેવામાં ફીલીપ્સે શું ખોટું કહ્યું હતું કે જે સામે અંગ્રેજ પ્રજા અને પત્રકારો આટલો મોટો બળાપો કરી રહેલ છે? હિંદી લશ્કર ભાડુતી (mercenary) છે એવો વીલીયમ ફીલીપ્સે એક બીજો આક્ષેપ કર્યો હતો. આ સૈન્યે રણક્ષેત્ર ઉપર ગમે તેટલી શુરવીરતા દાખવી હોય, પણ પરાધીન હિંદમાં શાહી લડત લડવા માટે ઉભું કરવામાં આવેલ લશ્કરના દિલમાં દેશની આઝાદીની તમન્ના હોવાનો કશો પણ સંભવ હોઇ ન જ શકે. એ તો બહુ જ જાણીતી વાત છે કે લશ્કરના આખા તંત્રને રાજકારણથી બને તેટલું અલિપ્ત રાખવામાં આવે છે. એનો બીજો અર્થ એ છે કે દેશની આઝાદીની કોઇ પણ ચળવળ સાથે આજના હિંદી લશ્કરને જરા પણ નિસબત નથી. કારણ કે હિંદી રાજકારણ એટલે આજે દેશને પારકી સત્તાની ધૂંસરીમાંથી મુક્ત કરવાનો નિઃશસ્ત્ર પ્રજાનો પ્રયત્ન. એ સિવાય આજના રાજકારણનો બીજો કોઇ અર્થ છે જ નહિ. કહેવાય છે કે આ લશ્કર હિંદનું રક્ષણ કરવા અર્થે નિર્માયલું છે, પણ એ હિંદ તે કોઇ સ્વતંત્ર અને સ્વાધીન હિંદ છે કે અંગ્રેજ હકુમત તળે અનેક રીતે રૂંધાતું હિંદ છે? એટલે પૃથક્કરણ કરતાં હિંદનું રક્ષણ એટલે આજના સંયોગોમાં તો હિંદમાં વર્ષોથી સ્થાપિત થયેલ અંગ્રેજી હકુમતનું જ રક્ષણ સમજવાનું રહ્યું. હિંદી સૈનિકના શૌર્યને હીણપત લાગે એવું કશું પણ કોઇએ કહેવાની કે સૂચવવાની જરૂર નથી, પણ એ સૈનિકમાં શકય તેટલું શૌર્ય દાખવવાની બળવાન પ્રેરણા જાગે એવી માનસિક ભૂમિકા આજે આપણા દેશમાં અસ્તિત્વ ધરાવતી નથી એ વિષે બે મત હોઇ ન જ શકે. જે આવેગ, મમત્વ અને શુદ્ધ બલિદાનની ભાવનાથી અંગ્રેજ સૈનિક આજે રણભૂમિ ઉપર લડતો હશે તે આવેગ, મમત્વ અને બલિદાનની ભાવના હિંદી સૈનિકમાં શી રીતે સંભવે? હિંદી સૈનિકના દિલમાં આવો માનસિક પલટો નિપજાવવો વર્તમાન યુદ્ધના સફળ સંચાલન માટે અતિ આવશ્યક છે એમ કહેવાનો આશય વીલીયમ ફીલીપ્સનો હતો અને એવો જ આશય ગાંધીજીની રાજકીય માગણીઓ પાછળ રહેલો છે. વળી ફીલીપ્સે કરેલા હિંદી સૈન્ય ઉપરના આક્ષેપના ઉત્તરમાં સરકારી પક્ષકારો તરફથી એમ જણાવવામાં આવે છે કે હિંદી સૈનિકો હિંદી લશ્કરમાં કેવળ સ્વેચ્છાથી જોડાયલા છે. કોઇના ઉપર આ માટે કશો બળાત્કાર કરવામાં આવતો નથી. આ બચાવને શબ્દે શબ્દ આપણે સ્વીકારી લઇએ તોપણ હિંદમાં વ્યાપક ભુખમરાએ તેમ જ લશ્કરી નોકરીના આર્થિક લાભોએ લશ્કરની ભરતીમાં ઘણો મોટો ફાળો આપ્યો છે એ પણ આપણા ચાલુ અનુભવનો વિષય છે. અંગત સંયોગોનું ભાન કોઇ વ્યક્તિને લશ્કર તરફ ખેંચે એ એક વસ્તુ છે અને માતાનું આવ્હાન થાય અને લાખો હિંદીઓ સ્વયંસ્ફુર્તિથી પોતાના પ્રાણનું બલિદાન આપવા રાષ્ટ્રધ્વજ નીચે એકઠા થાય એ બીજી જ વસ્તુ છે. અને એ તો જે દેશમાં આઝાદી હોય અને જે પ્રજાની નાડીમાં સ્વાધીનતાનું–સ્વાયત્ત શાસનનું–રૂધિર વહેતું હોય ત્યાં જ શક્ય હોઇ શકે. હિંદની આજની વસ્તુસ્થિતિ વિષે પરદેશીઓની આંખ ફીલીપ્સ પ્રકરણથી કાંઇ ઉઘડવા પામી હોય તો હિંદે તો એટલા પુરતું ફીલીપ્સનું રૂણ સ્વીકારવું જ રહ્યું.

## સાહિત્યકારોની બનાવટ

ઘણી વખત એવું બને છે કે કોઇ પણ સાહિત્ય કૃતિ કેવી છે તેનું માપ અથવા તો મૂલ્યાંકન તે કૃતિ પોતે કેવી છે તેના ગુણદોષ વિવેક ઉપરથી કાઢવામાં આવતું નથી પણ એ સાહિત્ય કૃતિનો કર્તા **કોણ છે એ ઉપરથી** જ તે કૃતિ સારી છે, ઉત્કૃષ્ટ છે, મૌલિક છે કે અન્યથા એવા અભિપ્રાયો સાહિત્ય વિવેચકો તરફથી બહાર પાડવામાં આવે છે. દાખલા તરીકે કોઇ પણ નમાલી વાર્તા મુનશીના નામ સાથે બહાર પાડવામાં આવે તો તે વાર્તાને અદ્ભુત, સર્જનશીલ, મૌલિક આદિ અનેક વિશેષણોથી નવાજવામાં આવે અને તેથી અન્ય પ્રકારે કોઇ ખરેખર ઉત્તમ કોટિની વાર્તા કે કવિતા કોઇ અજાણ્યા નામ સાથે જોડાયલી હોય તો તેની કોઇ નોંધ સરખી પણ ન લે. સામાન્ય જનતાની જ નહિ પણ કહેવાતા શિષ્ટ વિવેચકોની વિવેચના અથવા તો કદર પણ કેટલીક વાર આ પ્રકારની હોય છે. આવા વિવેચકોની પાકી બનાવટ કરતો એક કીસ્સો થોડા સમય પહેલાં ઓસ્ટ્રેલીયામાં બન્યો હતો.

ત્યાંની એ કોઇ એક જાણીતી પ્રકાશન સંસ્થા તરફથી 'અર્લ મેલે'ના નામથી એક કાવ્યસંગ્રહ બહાર પાડવામાં આવ્યો હતો અને ઓસ્ટ્રેલીઆના ઉગતા કવિઓએ અને સાહિત્ય વિવેચકોએ તે કાવ્યસંગ્રહને કળાની એક સુન્દર કૃતિ તરીકે વધાવી લીધો હતો. આમ તે સંગ્રહ ઉપર ચોતરફથી પ્રશસ્તિઓની વર્ષા વરસી રહી હતી તે દરમિયાન એવી હકીકત બહાર પડી કે આ કાવ્યસંગ્રહના રચનાર બે ઓસ્ટ્રેલીયન સૈનિકો હતા અને તેમનો આશય ઓસ્ટ્રેલીયાના સાહિત્યકારોની કેવળ બનાવટ કરવાનો હતો. આ બન્ને સૈનિકો એક દિવસ બપોરે ઓકસફર્ડનો અવતરણ સંગ્રહ તેમ જ બીજા કેટલાંક પુસ્તકો લઇને બેઠા અને બે લીટી અહિંથી અને ચાર લીટી બીજેથી એમ મનમાં આવ્યું તેમ વિવિધ સામગ્રી એકઠી કરીને તેમાંથી અર્થ વિનાની કેટલીક કવિતાઓ તેમણે વણી કાઢી અને સંગ્રહ રૂપે બહાર પાડી. એક ચોક્કસ કાવ્યની ત્રણ લીટીઓ તો મચ્છરો ઉત્પન્ન કરતાં સ્થળોની સફાઇ સંબંધે કરવામાં આવેલ અમેરીકન રીપોર્ટમાંથી જ સીધેસીધી ઉધ્ધૃત કરવામાં આવી હતી. આ કાવ્યસંગ્રહને હર્ષપૂર્વક વધાવી લેનારા કેટલાક વિવેચકોમાં ઓસ્ટ્રેલીઆના એક જાણીતા સાહિત્યવિવેચક પત્રના અધિપતિ 'એંગ્રી પેંગ્વીન' પણ હતા, જેમણે પ્રસ્તુત કવ્યસંગ્રહને અસાધારણ બુદ્ધિપ્રતિભાના સર્જન તરીકે વર્ણવ્યો હતો. એ સંગ્રહ ઉપરના વિવેચનમાં તેણે જણાવ્યું હતું કે તેમણે મેલેને ઓસ્ટ્રેલીઆના બે સમકાલીન સાહિત્ય ધુરંધરોમાંના એક તરીકે તુરત જ ઓળખી કાઢયો હતો.

## 'શુભ કર્મ તે ધર્મ નથી'!

શ્રી કાનજી મુનિના અનુયાયીઓ તરફથી કેટલાક વખતથી **આત્મધર્મ** નામનું એક માસિક નીકળે છે અને તેમાં શ્રી કાનજી મુનિના સિદ્ધાન્તોનું વિવરણ તથા સમાલોચના તેમજ આધ્યાત્મિક જીવનને લગતા અનેક પ્રશ્નોની ચર્ચાઓ પ્રગટ કરવામાં આવે છે. એ માસિકની ભૂમિકા ઉંચી રહે છે અને સાધારણ રીતે વ્યક્તિગત ટીકા કે કટાક્ષોથી ભરેલું કોઇ પણ લખાણ તેમાં જોવામાં આવતું નથી. તેમાંની કેટલીક લેખસામગ્રી અધ્યાત્મમાર્ગીઓને દિશાસૂચક બને તેવી હોય છે.

આ બધું હોવા છતાં તેમાં વારંવાર 'શુભ કર્મ એ ધર્મ નથી' એ વિચાર ઉપર ખાસ ભાર મૂકતાં કેટલાક લખાણો જોઇને આશ્ચર્ય થાય છે અને એમ પ્રશ્ન થાય છે કે આ માસિક પ્રગટ કરવા પાછળ રહેલા અનેક આશયોમાં શુભ કર્મનો વિરોધ કરવો શુભ કર્મ વિષે અમુક પ્રકારની ધૃણા કેળવવી—એ પણ શું એક આશય રહેલો છે. ખરો?

'શુભ કર્મ એ ધર્મ નથી' એ પ્રતિપાદનનો ભાવ એ છે કે શુભ એટલે પરનું કલ્યાણ કરનારૂં હોય એમ છતાં જે કર્મ આત્મલક્ષી ન હોય એ કર્મ ધર્મ નથી એટલે કે આત્મપ્રાપ્તિનું કદિ સાધક બની શકતું નથી. આ વિચિત્ર પ્રતિપાદન એક બાજુએ શુભ શબ્દના અર્થની મર્યાદા બાંધે છે અને બીજી બાજુએ ધર્મ શબ્દની મર્યાદા બાંધે છે; કારણ કે પરકલ્યાણલક્ષી તેવું જ રીતે આત્મકલ્યાણલક્ષી અથવા તો આત્મ પ્રાપ્તિમાં ઉપકારક કર્મ પણ શુભ કર્મ જ લેખવામાં આવે છે. પણ આવા આત્મપ્રાપક કર્મને શ્રી કાનજી મુનિ શુધ્ધ કર્મના નામે ઓળખાવે છે. બીજી બાજુએ જેવી રીતે આત્મસાધક પ્રવૃતિનો સમાવેશ ધર્મ્ય પ્રવૃત્તિમાં થાય છે તેવી જ રીતે સમાજ કલ્યાણસાધક સર્વ પ્રવૃત્તિઓને ધર્મ્ય પ્રવૃત્તિના નામથી જ ઓળખવામાં આવે છે. આમ છતાં પણ અહિં શુભ અને ધર્મ બંને શબ્દોનો પ્રયોગ મર્યાદિત અર્થમાં જ કરવા આવે છે અને એમ કરીને જાણે કે પરસ્પર વિરોધી હોય એમ છતાં પણ કોઇ મહાન સત્યને આગળ ધરતું હોય એવા ગૌરવપૂર્વક પ્રતિપાદન કરવામાં આવે છે કે 'શુભ કર્મ એ ધર્મ નથી.'

આ તો આ એક વિશિષ્ટ વાકયની શાબ્દિક સમાલોચના થઇ. પણ અહિં મુખ્ય પ્રશ્ન તો એ છે કે શુભ કર્મની આમ વારંવાર અવહેલના કરવાનો અર્થ શું છે? તેથી લાભ શું છે? અધ્યાત્મ માર્ગને પુષ્ટ કરવા માટે આવો અવળો માર્ગ શા માટે અખત્યાર કરવામાં છે? અધ્યાત્મની ભાવનાને જરૂર પુષ્ટ કરો. આજના જડવાદથી વ્યાકુળ દુનિયાનું આત્મતત્ત્વ તરફ જરૂર ધ્યાન ખેંચો. સામાન્ય જનતાને બને તેટલી આત્મલક્ષી બનાવો. પણ સર્વ શુભ પ્રવૃત્તિઓના ભોગે આવા અધ્યાત્મપ્રચાર કરવાની તે એવી શી જરૂર ઉભી થઇ છે? શું લોકો શુભ પ્રવૃત્તિઓમાં એટલા બધા તલ્લીન થઇ ગયા છે કે એ તલ્લીનતાના કારણે જ તેઓ આત્મતત્વને ભૂલવા લાગ્યા છે? શું આપણે ત્યાં સમાજહિત સાધક પ્રવૃત્તિઓ એટલી બધી વધી પડી છે કે હવે તેની સામે લાલબત્તી ધરવાની જરૂર ઉભી થઇ છે?

વસ્તુતઃ આપણે ત્યાં નથી એવી કોઇ શુભ પ્રવૃત્તિઓની હીલચાલ કે નથી કોઇ એની આત્મલક્ષી પ્રવૃતિઓનો સંચાર. આપણામાં નથી સાચી સામાજિક ભાવનાનું અસ્તિત્વ કે નથી કોઇ આત્મપ્રાપ્તિની તમન્ના. આમાં પણ સાધારણ રીતે જૈનધર્મનું સ્વરૂપ નિવૃતિલક્ષી હોવાને લીધે તેમ જ ધર્મગુરૂઓનું ધ્યાન ક્રિયાકાંડ અને પરલોકસાધના ઉપર જ કેન્દ્રસ્થ હોવાને લીધે આપણા સમાજમાં સામાજિક ભાવનાનો બહુ જ ઓછો વિકાસ થયો છે અને સામાજિક ધર્મોનું આપણને બહુ જ ઓછું ભાન હોય છે. આવી પરિસ્થિતિમાં શુભ કર્મ હેય કે ઉપેક્ષાયોગ્ય વસ્તુ નથી પણ વિશેષે કરીને આદરણીય તેમ જ વિચારણીય વસ્તુ છે. આમ હોવા છતાં શ્રી કાનજી મુનિ શુભ કર્મના મહત્વની માત્ર ઉપેક્ષા જ નહિ પણ જાણે કે કોઇ ત્યાજ્ય વસ્તુ હોય એવો ખ્યાલ શુભ કર્મ સંબંધમાં પોતાના અનુયાયીઓમાં તેમજ સામાન્ય જનતામાં ફેલાવી રહ્યા છે તે દુઃખદ છે. આવા ઉપદેશનું તેમના અનુયાયી વર્ગ અથવા તો તેમના વિષે આદર ધરાવતા વર્ગ ઉપર મોટે ભાગે એક જ પરિણામ આવે કે જે આત્મતત્વને તેઓ આગળ ધરે છે તે તો હજારમાંથી એકને લભ્ય બનતું હોય તો આનંદની વાત છે; પણ બાકીના લોકો આત્મતત્વની પ્રાપ્તિની દિશાએ તો જ્યાં હોય છે ત્યાંના ત્યાં જ રહે છે અને સામાજિક હિત કે ઉત્કર્ષની પ્રવૃત્તિઓ વિષે કેવળ ઉદાસીન બને છે, આવી કોઇ બાબતમાં મદદ કરવાને અધર્મ લેખતા થાય છે, માત્ર ગુરૂ મહારાજ જે પ્રવૃત્તિઓ ચલાવતા હોય છે—પછી તે સમુહ જમણની હોય, મંદિર બાંધવાની હોય, કે સમયસારની નાની મોટી સુશોભિત આવૃત્તિઓ છપાવવાની હોય તેમાં જ પૈસો ખરચવામાં કૃતકૃત્યતા અનુભવે છે. પરિણામે અનુયાયી વર્ગમાં કેવળ સાંપ્રદાયિક અને સંકુચિત મનોદશા કેળવાય છે અને તેનો જીવન વ્યવહાર કેવળ સ્વાર્થલક્ષી બને છે. આ રીતે જે પરિણામ તેરાપંથના અનુયાયીઓમાં આવે છે તેવું જ પરિણામ ઉપર જણાવેલ શુભકર્મવિરોધી પ્રવચનોનું આમજનતા ઉપર નિપજ્યા વિના રહે નહિ. જેવી રીતે શ્રી કાનજી મુનિના અનુયાયીઓ શુભ કર્મ એ ધર્મ નથી એમ કહેવામાં ધર્મનું જ પોતે કોઇ વિશિષ્ટ ગૌરવ કરતા હોય એમ માને છે તેવી જ રીતે તેરાપંથીઓ પણ 'દયા એ અહિંસા નથી' એવી ઉદ્ઘોષણા કરીને પોતાના સંપ્રદાયનું મહત્વ આગળ ધરી

શકે છે; કારણ કે તેમને મન પણ અહિંસા કોઈ વિધાયક ધર્મ નથી. કારણ કે અહિંસાને વિધાયક સ્વરૂપ આપવા જતાં સક્રિયતા આવે, પ્રવૃત્તિ આવે, આરંભ સમારંભ આવે અને પરિણામે હિંસા આવે. આવી વિચારસરણિ સ્વીકારીને તેઓ અહિંસાને આગળ ધરશે, પણ દયાને ધક્કો મારશે. આવી જ રીતે શ્રી કાનજી મુનિ શુધ્ધ કર્મને આગળ ધરે છે પણ શુભ કર્મને ધક્કો મારે છે, પણ વિશેષ વિચાર કરતાં માલુમ પડશે કે દયા વિનાની અહિંસા એ અહિંસા નથી. પણ અહિંસાનું હાડપિંજર છે. તેવી રીતે માણસ અને સમાજ એવી રીતે ઓતપ્રોત છે અને એકમેકના કર્મો અને વળણનાં અન્ય ઉપર એવા સ્વાભાવિક આઘાત પ્રત્યાઘાત પડતા રહે છે કે શુભ કર્મથી છુટાછેડા પામેલું શુદ્ધ કર્મ શોધવું એ માનવના ગુમાવીને આત્માના મૃગજળને હસ્તગત કરવા જેવું છે. શુભ કર્મ અને શુધ્ધ કર્મનો ભેદ કલ્પનાથી વિચારી શકાય છે, ચર્ચી શકાય છે, એકને પ્રધાન્ય આપી અન્યને ગૌણપદે સ્થાપી શકાય છે. પણ શુભ કર્મનો સર્વથા ત્યાગ કરવામાં આવ્યો હોય અને શુધ્ધ કર્મથી જ માત્ર ભરેલું હોય એવું કોઇ જીવતા માનવીનું જીવન કલ્પી શકાતું નથી. માનવીના માનસમાં સામાજિક તેમજ સ્વાર્થપર અથવા તો ઉંચી ભાષામાં કહીએ તો આત્મલક્ષી વળણો એવી રીતે તાણાવાણાની માફક ગુંથાયલા છે કે શુભ કર્મો તેને શુદ્ધ બનાવે છે અને શુદ્ધ કર્મો તેના જીવનને શુભ બનાવે છે. શુભ અને શુદ્ધ કોઇ કાળે એકમેકના વિરોધી નથી, પણ એકમેકના પોષક અને પુરક છે, માટેજ શુદ્ધ કર્મ ઉપરનો આગ્રહ સમજી શકાય છે પણ શુભ કર્મની અવહેલના સમજી શકાતી નથી. તેવી અવહેલનાથી સામાજિક નુકસાન તો થાય જ છે પણ આત્મપ્રાપ્તિ પણ દૂરની દૂર નાસે છે.

## ધર્મગુરૂઓ અને નિરક્ષરતાનિવારણ

હમણાં એક મિત્ર કે જેમનો બ્રહ્મદેશમાં યુદ્ધપૂર્વે લાંબા કાળનો વસવાટ હતો તેમણે બ્રહ્મદેશ સંબંધમાં અનેક બાબતો જણાવતાં એક એ બાબત જણાવી કે "આપણા દેશમાં નિરક્ષરતા નિવારણ જેમ એક મોટી સમસ્યા છે તેવી પરિસ્થિતિ બ્રહ્મદેશની છે જ નહિ. બ્રહ્મદેશની પ્રજાનો ૮૫ થી ૯૦ ટકા વિભાગ વાંચતાં લખતાં જાણે છે." મને આ હકીકત જાણીને આશ્ચર્ય થયું અને મેં પ્રશ્ન કર્યો કે "આમ કેમ હોઇ શકે? પ્રજાવ્યાપી નિરક્ષરતા સંબંધમાં સાધારણ રીતે ઉદાસીન એવી અંગ્રેજ સરકાર જેમ અહિં છે એમ બ્રહ્મદેશમાં પણ છે અને સરકાર આ નિરક્ષરતા નિવારણનું ભગીરથ કાર્ય પોતા માથે ન લે ત્યાં સુધી કેવળ પ્રજા પ્રયત્નથી આવું મહાન કાર્ય સિદ્ધ થવું શક્ય છે જ નહિ." તેના જવાબમાં તેમણે જણાવ્યું કે "બ્રહ્મદેશ મોટે ભાગે બૌદ્ધધર્મી છે. શહેરે શહેરે અને ગામડે ગામડે બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓના મઠો હોય છે અને આ ભિક્ષુઓ તેમ જ ભિક્ષુણીઓ ગામેગામ નિશાળો ચલાવે છે અને ઉછરતી સમગ્ર પ્રજાને વાંચતાં લખતાં શિખવે છે. આ આખા કામની સર્વ જવાબદારી પોતા માથે જ છે એમ તેઓ માને છે અને પરિણામે આખા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ બહુ જ અલ્પ છે." આ સાંભળીને એક બાજુએ જેમ મને આનંદ થયો તેમ જ બીજી બાજુએ હિંદુસ્થાનના ધર્મગુરૂઓ—હિંદુ તેમજ મુસલમાન—ની નિષ્ક્રિયતા અને તેમનું મોટા ભાગે સમાજ ઉપર કેવળ ભારરૂપ હોવાપણું ધ્યાન ઉપર આવતાં ચિત્તને ભારે ગ્લાનિ થઇ. આપણી નજીકમાં રહેલ જૈન સાધુઓનો મોટો વર્ગ આજે શું કાર્ય કરે છે? તેઓ સમયનો કેટલો ભારે અપવ્યય કરે છે? સંસારત્યાગના બહાના હેઠળ તેમણે શ્રમત્યાગ અને નિરૂદ્યમીપણાની જ દિક્ષા લીધી હોય એમ નથી લાગતું? હિંસા—અહિંસા અને આરંભ—સમારંભના ઓઠા હેઠળ તેમણે કેવળ નિષ્ક્રિયતાનું જ વ્રત અંગીકાર કર્યું હોય એમ નથી ભાસેતું? સાધુથી સેવા ન થાય, રેંટીઓ ન કંતાય, ભણાવવા ન જવાય, કશું જ ન થાય. માત્ર નિવૃત્તિ માર્ગ આગળ ધરીને નિરૂદ્યમી બનવાનો અને પુરૂષાર્થથી હંમેશા પાછા હઠતા જવાનો પોતાના અનુયાયીઓને ઉપદેશ આપવામાં જ કૃતાર્થતા અનુભવાય. આજનો સમસ્ત સન્યાસી વર્ગ ભલે બીજું કાંઇ ન કરે, પણ પ્રજાની ઘનઘોર નિરક્ષરતા દૂર કરવા પાછળ લાગી જાય અને તે દ્વારા પ્રજામાનસમાં ધર્મસંસ્કાર અને જ્ઞાનપ્રેમ જાગ્રત કરવાનું કામ માથે લે તો દેશની તેમજ માનવતાની કેટલા ઓછા શ્રમે કેવડી મોટી સેવા કરી શકે? અને દેશની આ એક મોટી સમસ્યાનો કેટલી સહેલાઇથી નિકાલ આવે? આજે ધર્મગુરૂઓ વારે તહેવારે કેવળ વ્યાખ્યાનો આપે અને જરીપુરાણી વાતો વિસ્તારી વિસ્તારીને કહે તેથી સમાજનો લેશમાત્ર અભ્યુદય થવાનો નથી કે પ્રગતિના માર્ગે સમાજ બે ડગલાં પણ આગળ ભરી શકવાનો નથી. સાધુઓને સમાજ પોષે છે અને અન્ન વસ્ત્ર અને વસતિસ્થાનની ચિંતાથી મુક્ત રાખે છે. તેમણે સંસાર છોડયો એટલે કે જીવનના કોઇ વિશિષ્ટ ધ્યેય ખાતર સગાંવહાલાં અને સંસારની અપેક્ષાએ ગણાતા સ્વજનોનો સાથ છોડયો તો ભલે છોડયો, પણ તેનો અર્થ તેમણે સમાજ ત્યાગ કર્યો છે એમ છે જ નહિ. એ ઇષ્ટ પણ નથી, શક્ય પણ નથી. તેઓ સમાજમાં રહે છે, સમાજના શ્રમોત્પાદન વડે પોષાય છે, સમાજના ઉત્કર્ષ અપકર્ષ સાથે તેમનું જીવન ગાઢપણે જોડાયેલું છે. જે સમાજના આશ્રય વડે તેઓ જીવનનિર્વાહની નિશ્ચિન્તતા હસ્તગત કરી શકયા છે તે સમાજને એક યા બીજા આકારમાં સેવા આપીને પોતાના માથે એકત્ર થતું સામાજિક રૂણ તેમણે ફેડવું જ રહ્યું. પ્રસ્તુત સામાજિક રૂણ તેઓ અનેક રીતે ફેડી શકે છે, જેમાનો એક ઉપાય પ્રજાવ્યાપી નિરક્ષરતા નિવારણની પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ ગમે તેવા કઠણ સાધુવ્રતને જરા પણ બાધ ન આવે તેવી છે. આજના આખા પરિવ્રાજક સમુદાયને અને ખાસ કરીને જૈન સાધુ સમાજને આ બાબત ધ્યાન ઉપર લેવા મારી નમ્ર ભાવે વિજ્ઞપ્તિ છે.

**પરમાનંદ.**

---

**સંઘની રાહત પ્રવૃત્તિ:**—સંઘ તરફથી છેલ્લા બાર મહીનાથી જે રાહતપ્રવૃત્તિ ચાલી રહી છે તે આવતી દીવાળીથી બંધ કરવાનો સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો છે.

---

(મુખપૃષ્ઠથી ચાલુ)

## મારા જીવનનો હેતુ

નામ આપો—પણ ભૌતિક કે તર્કશાસ્ત્રોના ચોકઠામાં તે નહિ બેસે એ વાત ચોક્કસ.

અનેક સમર્થ અવતારી પુરૂષોના આગમન છતાં માનવજાતની પાપવૃત્તિ નષ્ટ થઇ નથી. તેના ઉપર નવાં નવાં સંકટો ચાલુ છે એ વિચાર આવતાં મન ઘડીભર નિરાશાથી વ્યાકુળ થઇ જાય છે. પણ તરત વિશ્વાસ આવે છે કે મારા દેશ માટે અને દુનિયા માટેનો ઉજળો દિવસ દૂર નથી, મારો શ્રમ નિષ્ફળ જવાનો નથી. મારૂં ધ્યેય મને જલદી પ્રાપ્ત થાય તે માટે મને ખૂબ ઉતાવળ હતી, પણ ધ્યેય પ્રાપ્ત થયા પછી મારા પરિશ્રમનાં ફળ બદલ મને જરા પણ ફિકર નથી. મારો પરિશ્રમ સાચી દિશામાં છે એટલી ખાતરી જ મારી સર્વ શાંતિ અને સમાધાનનું મૂળ છે.

હિંદ અને સારી દુનિયામાં સમાજવાદી તંત્ર સ્થપાય તે જોવા હું તલસું છું, પણ જગતનાં બધાં અનિષ્ટો દૂર ન થાય તો શું થાય તેની પણ હું હવે ફિકર કરતો નથી. મને તો આજે જ કરવા જેવી જે વસ્તુ લાગે છે તેની પાછળ પૂરા શ્રમથી હું મંડી પડું છું. જગત પૂર્ણાવસ્થાએ પહોંચશે કે કેમ તેની હું ચિંતા કરતો નથી, પણ હું તે માટે કાંઇ પણ કરતો રહું છું અને તેમાં મંદતા આવવા દઇશ નહિ એટલું મારે માટે બસ છે.

**પંડિત જવાહરલાલ નહેરૂ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬ ] મુંબઈ : ૧ ઑકટોબર ૧૯૪૪ રવિવાર [ અંક ૧૧

## કેટલાક સમાચાર અને નોંધ

### ગાંધી–ઝીણા મંત્રણાનો આવેલો અન્ત

૯ મી સપ્ટેંબરની સાંજે શરૂ થએલી ગાંધી–ઝીણા મંત્રણાનો ૨૭ મી તારીખની સાંજે છેડો આવ્યો છે અને કોમી સમાધાનની કશી પણ યોજના હાંસલ કર્યા સિવાય બન્ને પ્રજાનાયકો છુટા પડયા છે. વાટાઘાટો દરમિયાન પરસ્પર ચાલેલો જે પત્રવ્યવહાર પ્રગટ કરવામાં આવ્યો છે તે ઉપરથી બન્નેની ભૂમિકા એકમેકથી કેટલા જુદા પ્રકારની હતી તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે અને આવી મહદ્ અન્તરવાળી ભૂમિકા ઉપર ઉભા રહેલા આગેવાન પુરૂષો વચ્ચે કશું પણ સમાધાન શકય જ હોઇ ન શકે એ પણ આપણને સ્પષ્ટપણે ભાસે તેમ છે. ગાંધીજીને મન હિંદુસ્થાન એક દેશ છે; ઝીણાને મન હિંદુસ્થાન એક ખંડ છે. ગાંધીજીને મન હિંદુ–મુસલમાન એક માતાના સન્તાનો–ભાઇ ભાંડુ–છે; ઝીણાને મન હિંદુ અને મુસલમાન એ કેવળ ભિન્ન પ્રજાઓ છે. હિંદની સમગ્ર પ્રજાનું કલ્યાણચિન્તન ગાંધીજીનો શ્વાસોચ્છવાસ છે. ઝીણાની દુનિયા મુસલમાન અને બીનમુસ્લીમોની બનેલી છે અને હિંદના મુસલમાનો સિવાય બીજા કોઇને તેના હૃદયમાં સ્થાન નથી. ગાંધીજી સમગ્ર પ્રશ્નોનો આખા હિંદુસ્થાનની દૃષ્ટિએ જ વિચાર કરે છે; ઝીણા આગળ પાકીસ્તાન સિવાય બીજું કોઇ ધોરણ કે દૃષ્ટિબિન્દુ છે જ નહિ. તેથી પોતાના પાકીસ્તાનની કલ્પનાનો અમલ કરવા જતાં આખા હિંદુસ્થાનની શી સ્થિતિ થાય તે વિચારવાની ઝીણાને જરા સરખી દરકાર નથી. આજ કારણે આખા હિંદુસ્થાનની આઝાદી એ ગાંધીજીની મુખ્ય ચિન્તાનો વિષય છે, 'પહેલાં આઝાદી પ્રાપ્ત કરીએ અને પછી દેશના જે વિભાગોને આખા દેશાના મધ્યવર્તી તંત્રથી છુટા રહેવું હશે તેને છુટા રહેવાની સગવડ આપી શકાશે' એવો તેમનો આગ્રહ છે, જ્યારે ઝીણાને હિંદુસ્થાનના પાકીસ્તાન અને હિંદુસ્થાન એમ બે ભાગલા હમણાં ને હમણાં જ જોઇએ છીએ. આઝાદી કાલે આવો કે કાળાન્તરે આવો તેની તેને ચિન્તા છે જ નહિ. તેની આઝાદીની આરાધના કેવળ ઉપરછલ્લી છે. આટલી બધી ભિન્ન જેમની વિચારભૂમિકા છે તેમની વચ્ચે આટલા મોટા ભગીરથ પ્રયત્ને પણ એકતા સધાઇ ન શકી તો તેમાં કોઇએ આશ્ચર્ય પામવાની જરૂર છે જ નહિ. ઉલટું એકતા સાધી શકાઇ હોત અને કોમી પ્રશ્નનો આવી બે વ્યક્તિઓ દ્વારા કોઇ સંતોષકારક નીકાલ આવી શકયો હોત તો તેજ એક ખરેખર આશ્ચર્યકારક ઘટના બની હોત એમ કહી શકાત.

ગાંધી–ઝીણા પત્રવ્યવહારની વિગતવાર સમાલોચના અત્રે સ્થળ-સંકોચને લીધે શકય નથી. આપણે બે ત્રણ મુખ્ય બાબતો વિચારીશું અને ચર્ચીશું. સૌથી પ્રથમ તો રાજાજીની યોજનાને ફેંકી દઇને ૧૯૪૪-માં લાહોર ખાતે મળેલ અખિલ હિંદ મુસ્લીમ લીગની બેઠકે પસાર કરેલ ઠરાવ ગાંધીજી સ્વીકારે એટલું જ નહિ પણ એ ઠરાવનો જે અર્થ-વિસ્તાર આજે ઝીણા સૂચવી રહ્યા છે તે અર્થવિસ્તારના સ્વીકાર સાથે એ ઠરાવ ગાંધીજી સ્વીકારે એવો ઝીણાનો આગ્રહ હતો. ગાંધીજી માટે એ શકય નહોતું; કારણ કે ગાંધીજીના અભિપ્રાય મુજબ એ ઠરાવ બહુ જ અસ્પષ્ટ હતો અને એ ઠરાવનો જે અર્થવિસ્તાર ઝીણા સૂચવી રહ્યા હતા તે અર્થવિસ્તાર ગાંધીજીથી કોઇ રીતે કબુલ થઇ શકે તેમ નહોતો. ઝીણાએ સૂચવેલા અર્થવિસ્તારમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

(૧) હિંદના મુસલમાનો હિંદના હિંદુઓથી એક તદ્દન જુદી જ પ્રજા છે.

(૨) હિંદના મુસલમાનોને એક અલગ પ્રજા તરીકે આત્મનિર્ણયનો હક્ક છે જે સૌ કોઇએ સ્વીકારવો જ જોઇએ.

(૩) હિંદના પાકીસ્તાન અને હિંદુસ્થાન એમ બે વિભાગ કરવા અને પાકીસ્તાનમાં હિંદની વાયવ્ય બાજુએ સિંધ, બલુચીસ્તાન, વાયવ્ય પ્રાન્તો અને પંજાબનો સમાવેશ કરવો અને ઇશાન બાજુએ બંગાળા અને આસામનો સમાવેશ કરવો.

(૪) આ પાકીસ્તાન અને હિંદુસ્થાન બધી જ બાબતોમાં કેવળ અલગ, સર્વસત્તાધીશ રાજ્યો બને એવી રીતે બન્નેનું રાજ્યબંધારણ નક્કિ કરવું. તે બન્નેની સમાન હકુમત નીચે પરદેશી રાજનીતિ, જગાત, તાર ટપાલ કે ગમનાગમન વ્યવહાર જેવા કેટલાંક અગત્યનાં ખાતાંઓ રહે એવી કોઇપણ વ્યવસ્થા સ્વીકારી નહિ શકાય.

(૫) પાકીસ્તાન નીચે આવતી લઘુમતીઓના હક્કોનું કેવી રીતે સંરક્ષણ કરવું એ પાકીસ્તાનના વહીવટદારો સંભાળી લેશે. એમાં બહારના કોઇએ માથું મારવાની જરૂર નથી.

(૬) પાકીસ્તાનનો પ્રદેશ નક્કી કરવા માટે ત્યાં વસતી પ્રજાના મતનિર્ણયની કશી જરૂર છે જ નહિ અને એમ છતાં એવી જરૂર સ્વીકારવામાં આવે તોપણ ત્યાં વસતા બીનમુસ્લીમ વર્ગોનો આ પ્રશ્ન ઉપર મત લેવાનો હોય જ નહિ.

આ મુદ્દાઓ તો નિર્દેશ પુરતા છે. આમાં હજુ બીજા મુદ્દાઓનો સમાવેશ કરવાને ખુબ અવકાશ છે. મુસ્લીમ લીગના ૧૯૪૦ ના ઠરાવ પરત્વે શ્રી ઝીણાનું આ ભાષ્ય ગાંધીજી સ્વીકારી શકે તેમ હતું જ નહિ અને તેથી વાટાઘાટોને આગળ ચલાવવાનો કશો અવકાશ રહેતો નહોતો. ઉલટ પક્ષે ગાંધીજીનું એમ કહેવું હતું કે શ્રી. ઝીણાએ સૂચવેલો અર્થવિસ્તાર ૧૯૪૦ ના લીગના ઠરાવમાં ફલિત થતો નથી. તેમનું તો એમ કહેવું છે કે રાજાજીની યોજના જ એ ઠરાવને બરોબર મૂર્ત સ્વરૂપ આપે છે અને એ રીતે ૧૯૪૦ લીગના ઠરાવને પોતે સ્વીકારવાને તૈયાર છે. પણ ગાંધીજીનો આ દાવો ઝીણાને સ્વીકાર્ય નહોતો. પરિણામે આવડી મોટી આશાઓ આપતી વિશિષ્ટ પુરૂષોની મંત્રણાઓ આજે નિરાશાજનક નિષ્ફળતામાં પરિણમી છે.

આને અંગે પ્રગટ થયેલો પત્રવ્યવહાર વાંચતાં કોઇ પણ રાષ્ટ્રપ્રેમી હિંદીને તીવ્ર વેદના થયા વિના રહે તેમ નથી. એક બાજુએ ગાંધીજીની નમ્રતા, બીજી બાજુએ ઝીણાની તુમાખી અને મુરબ્બીવટ; એક બાજુએ ગાંધીજીની ઝીણાના હૃદયને–તેનામાં રહેલા કોઇ માનવતાના તત્ત્વને–સ્પર્શવાની તાલાવેલી, બીજી બાજુએ ઝીણાની હૃદયવિહોણી કેવળ શબ્દોની દલીલબાજી; એક બાજુ આખા હિંદુસ્થાનનો સમગ્રપણે વિચાર કરવાની ગાંધીજીની વિનવણી, બીજી બાજુ મરચન્ટ ઓફ વેનીસના શાઇલોકના 'હું અને એન્ટોનીઓનું એક રતલ માંસ'ની માફક ઝીણાનું 'હું અને હિંદુસ્થાનનો અંગવિચ્છેદ'; એક બાજુ કોઇ પણ ચોક્કસ ઐકય યોજના ઉપર ઝીણાને ઉતારવાનો ગાંધીજીનો અનવરત પ્રયત્ન અને બીજી બાજુએ કોઇ એક ખીલે બંધાવાની ઝીણાની ના, ના અને ના; એક બાજુ હિંદુ મુસલમાન–હિંદુસ્તાન પાકીસ્તાન–ઉભયની આઝાદીની રૂકાવટ કરનાર ત્રીજા પક્ષને આ દેશમાંથી કાઢી મૂકવાની ગાંધીજીની ઝંખના અને બીજી બાજુએ 'મને તો મારૂં પાકીસ્તાન જોઇએ અને એમ કરતાં પરદેશી સત્તાની ગુલામી વર્ષો પર્યંત લંબાતી હોય તો તેની મને કશી પરવા નથી' એવું વળગુ પૂદે પદે રજુ કરતું ઝીણાનું માનસ—આ વસ્તુસ્થિતિ આખો પત્રવ્યવહાર વાંચતાં આપણી આંખો સામે વારે વારે તરી આવે છે અને 'આ તે આપણા દેશની કેવી કમનસીબી !' એવું તીવ્ર સંવેદન ચિત્તને વિકળ બનાવે છે અને

આંખોને અશ્રુભીની કરે છે. એમાં પણ 'તમે મારી પાસે વ્યક્તિગત સ્થતિમાં આવ્યા છો—તમે કોઇના પ્રતિનિધિ નથી—તમારી સાથે હું શું કામ ચર્ચા કરૂં—એમ છતાં પણ તમે સમજવા આવ્યા છો તો મહેરબાનીની રાહે તમને સમજાવું છું—એમ છતાં પણ તમે કોઇના પ્રતિનિધિ નથી એ હકીકત હું ભુલી શકતો નથી—અને તમારા ધ્યાન બહાર પણ એ હકીકત રહેવી ન જોઇએ' આ રીતની એકની એક બાબત એક એક પત્રમાં જ્યાં ને ત્યાં ઝીણાને ઘુંટયા કરતા જોઇને દિલમાં એક પ્રકારની ધૃણા છુટે છે અને પ્રશ્ન થાય છે કે 'આ તે કોઇ માણસ છે!'

ગાંધી–ઝીણા મંત્રણા અને તેને લગતા પત્રવ્યવહાર પરત્વે ચિત્ત ઉપર ઉદ્‌ભવતા આ કેટલાક અંગત પ્રત્યાઘાતો છે. આ મંત્રણાએ કેટલીક સ્પષ્ટતા કરી છે, ગાંધીજી અને ઝીણાના માનસને સમજવામાં કેટલીક મદદ કરી છે; ગાંધીજી વિષેની કેટલીક ગેરસમજુતીઓ દૂર કરી છે અને હિંદી રાજકારણમાં ઝીણા અને તેનું પાકીસ્તાન કેટલું ભયંકર અને ભયાનક ઘટનાઓની આગાહી આપતું બીહામણું તત્ત્વ છે તેનો કાંઇક ખ્યાલ આપ્યો છે. દેશમાં આજે વ્યાપી રહેલી નિશાશાની છાયા આથી વધારે ઘનઘેરી બની છે. હિંદના પ્રતિપક્ષિઓને આનંદ માનવાનો અવસર ઉપસ્થિત થયો છે. 'અમે તો ક્રીપ્સની દરખાસ્તો કયારની આગળ ધરી છે, હિંદને સ્વાધીન બનાવવાને અમે તો કયારના તત્પર છીએ, પણ બે મુખ્ય કોમના આગેવાનો એકમત થઇ શકતા નથી ત્યાં અમે શું કરીએ અને કોને સત્તા સુપ્રત કરીએ ?' એવા દાવા સાથે સરકારી સત્તાનો આખા દેશ ઉપર વધારે ને વધારે મજબુ તદોર જામવાનો. પરદેશમાં આ મંત્રણાના પરિણામે અનેક ગેરસમજુતીઓ ફેલાવાની. આ બધું હોવા છતાં ગાંધીજી રાજકારણી તેમજ કોમી મડાગાંઠ ઉકેલવા શકય તેટલું કરી ચુકયા છે, તેમણે તેમ કરવામાં નથી રાખ્યો કોઇ પ્રતિષ્ટાનો ખ્યાલ કે નથી દાખવ્યો કોઇ મતનો આગ્રહ. આજે ગાંધી કોણ છે અને કયાં છે અને ઝીણા કોણ છે અને કયાં છે એ બાબત વિષે માત્ર હિંદુઓના જ દિલમાં નહિ પણ સમજુ મુસલમાનોના તેમજ વિચક્ષણ પરદેશીઓના દિલમાં પણ સાચો ખ્યાલ ઉગ્યા વિના રહે તેમ નથી. એ સાચી સમજણમાંથી સાચો પ્રયત્ન ઉભો થશે, કોમ કોમ વચ્ચે એકતા સ્થપાશે, સ્થાપિત સત્તા સામે બળવાન અને સુવ્યવસ્થિત સામનો કરી શકાશે અને દેશમાં એક કાળે આઝાદીની જ્યોત જરૂર પ્રગટશે. આ આશા અને શ્રદ્ધા સાથે આજે આપણા ભાગે કોમી એકતા અને આઝાદીની પ્રાપ્તિની દિશાએ જે કાંઇ કર્તવ્યકર્મ સુઝે તે આપણે કરવાનું રહ્યું. સૌને માથે ભગવાન છે. એ એક દિવસ આપણી જરૂર સંભાળ લેશે અને આપણું નાવ પાર ઉતારશે!

## ગાંધી–ઝીણા પત્રવ્યવહારનું અમુક પત્રોએ કરેલું અકાળે પ્રકાશન

મહાત્મા ગાંધીજી અને કાયદે આઝમ ઝીણા વચ્ચે વાટાઘાટો ચાલી રહી હતી એ દરમિયાન તા. ૨૭–૯–૪૪ ના નૂતન ગુજરાત અને લોકશક્તિમાં તા. ૧૫–૯–૪૪ થી ૨૬–૯–૪૪ સુધીમાં ગાંધીજી અને ઝીણા વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર પ્રગટ થયેલો જોઇને સૌ કોઇને ભારે આશ્ચર્ય થયું છે અને એ બન્ને પ્રજાનાયકોની અનુમતિ સિવાય શંકાસ્પદ ઉપાયો વડે પ્રાપ્ત થયેલ આવું અતિ અગત્યનું અને દેશના ગંભીરમાં ગંભીર પ્રશ્નને સીધી રીતે સ્પર્શતું પત્રસાહિત્ય પ્રગટ કરવું યોગ્ય છે કે નહિ તે પ્રશ્ન વિચારણા યોગ્ય બન્યો છે.

કેટલાકનો એવો મત છે કે ગમે તે રીતે અને ગમે તે પ્રકારે અગત્યની ખબરો મેળવવી અને બને તેટલી તાકીદે જાહેર જનતાને પહોંચાડવી એ જ માત્ર છાપાવાળાઓનું એક અને અનિવાર્ય કર્તવ્ય છે. કોણ કેટલી વહેલી ખબર મેળવી શકે છે અને પ્રગટ કરી શકે છે એમાં જ પત્રકારની ખરી કુશળતા રહેલી છે. અગત્યની ખબર મેળવવી અને તત્કાળ પ્રગટ કરવી એ જ માત્ર સાધ્ય; સાધન ગમે તે ચાલે. સીધી રીતે ખબર ન મળે તો આડકતરી રીતે; મફત ન મળે તો પૈસા ખરચીને; લાગવગથી ન મળે તો લાંચ રૂશ્વતનો ઉપયોગ કરીને અથવા તો ઉઠાઉગીરીથી–કોઇ પણ રીતે અગત્યની ખાનગી ખબરો મેળવ્યે જ છુટકો. આનું નામ પત્રકારિત્વનું નીતિશાસ્ત્ર ગણવામાં આવે છે. જેવી રીતે શુદ્ધ નીતિશાસ્ત્ર એ જુદી વસ્તુ છે અને વ્યાપારીનું નીતિશાસ્ત્ર જુદા પ્રકારનું લેખવામાં આવે છે, જેવી રીતે શુદ્ધ પ્રમાણીકતા એક વસ્તુ છે અને વ્યાપારીની પ્રમાણીકતા કોઇ જુદા પ્રકારની કલ્પવામાં આવે છે, તેવીજ રીતે પત્રકારના આચાર, વ્યવહાર અને શિષ્ટતાને સામાન્ય જનોના આચાર, વ્યવહાર અને શિષ્ટતાનું ધોરણ લાગુ પડતું નથી. આ ધોરણ સ્વીકારીએ તો નૂતન ગુજરાત કે લોકશકિતએ ગાંધી–ઝીણા પત્રવ્યવહાર હાથ કર્યો અને અકાળે પ્રગટ કર્યો તેમાં કશું વિચારવાપણું રહેતું જ નથી.

પણ વસ્તુતઃ આ ધોરણ જ વાંધા પડતું, ખોટું અને ખોટી વસ્તુને સાચી દેખાડવાના પ્રયત્નરૂપ છે. જેમ ગમે તે રીતે દ્રવ્યોપાર્જન કરવું એ કાંઇ આદર્શ વ્યાપારનીતિ ન જ ગણાય તેમ ગમે તે રીતે સમાચારો મેળવવા અને મળેલા સમાચારો આસપાસની પરિસ્થિતિ અને વિવિધ સંયોગોનો જરાપણ વિચાર કર્યા સિવાય જેમ તેમ જલ્દિથી જાહેર જનતા સમક્ષ મૂકવા એ કાંઇ પત્રકારની સાચી નીતિ ન ગણાય. ખબરો મેળવવા એ અગત્યની વસ્તુ છે, પણ તે ખબરો મેળવવાનાં સાધનો અમુક વિવેકની અને નીતિમર્યાદાની અપેક્ષા રાખેજ છે. તેવીજ રીતે પત્રકારનું કાર્ય એટલી મોટી જવાબદારી ભર્યું છે અને સમાજ તેમજ રાષ્ટ્રને લાભ નુકશાન કરવાની તેની તાકાત એટલી મોટી છે કે પોતાને પ્રાપ્ત થયેલી ખબરો કયારે, કેવી રીતે અને કેવા આકારમાં રજુ કરવી તે પણ એટલા જ દુરંદેશી વિવેકની અપેક્ષા રાખે છે. આ ધોરણે વિચારતાં નૂતન ગુજરાત અને લોકશકિતના સંચાલકોએ ગાંધી ઝીણા પત્રવ્યવહાર ગમે ત્યાંથી હાથ કર્યો એને એક મોટું પરાક્રમ કહેવું હોય તો ભલે કહો, પણ જ્યાં સુધી ગાંધીજી અને ઝીણાની વાટાઘાટો ચાલે ત્યાં સુધી કોઇ પણ પત્રકારે જાહેર જનતા સમક્ષ ફાવે તેવાં અનુમાનો રજુ ન કરવા અને અકસ્માતે પણ પોતાને મળતી ખબરો પ્રગટ ન કરવી એવો તેમનો ખાસ આગ્રહ અને આદેશ હતો એ ખાસ હકીકત ધ્યાનમાં લેતાં યેન કેન પ્રકારેણ પ્રાપ્ત થયેલો પત્રવ્યવહાર નૂતન ગુજરાત અને લોકશક્તિએ આગળથી પ્રગટ કરી નાંખ્યો એ એક ગંભીર ભૂલ થઇ છે અને તે તે પત્રના પ્રણેતાઓએ સામાન્ય શિસ્તનો ભંગ કર્યો છે એમ કહ્યા વિના ચાલતું નથી. એ પ્રકાશન વિશેષતઃ દુઃખદ તો એટલા માટે છે કે નૂતન ગુજરાત અને લોકશક્તિ પ્રજાના માનીતાં પત્રો છે, બન્નેની નીતિ ગાંધીજી અને કોંગ્રેસ પ્રત્યે પક્ષપાત ધરાવતી છે આવો અગત્યનો પત્રવ્યવહાર હાથ લાગ્યા પછી તેને પ્રગટ કરવાનું પ્રલોભન ખાળવું સાધારણ પત્રકાર માટે અતિશય મુશ્કેલ છે, પણ જેમની જીંદગીનાં અનેક વર્ષો પત્રકારિત્વ પાછળ ખરચાયાં છે તેમની પાસેથી આટલી ખામોશની કોઇ પણ જરૂર આશા રાખે. તેઓ બચાવમાં એમ કહી શકે કે જે પત્રવ્યવહાર બે દિવસ પછી પ્રગટ થવાનો જ હતો તે બે દિવસ વહેલો પ્રગટ થયો એમાં ખોટું શું થયું? પણ ઉલટ પક્ષે એમ પણ પૂછી શકાય કે આ બાબતને લગતા સર્વ સંયોગો ધ્યાનમાં લઇને બે દિવસ ખામોશ પકડવામાં આવી હોત તો દેશના કયા હિતને નુકસાન પહોંચી જવા સંભવ હતો? વળી પ્રસ્તુત પત્રો ગાંધીજી અને ઝીણા વચ્ચેની અંગત ચોખવટને લગતા હોઇને તેઓ બન્ને મળીને બહાર ન પાડે ત્યાં સુધી આખો પત્રવ્યવહાર કેવળ અંગત અને ખાનગી જ ગણાય. તેથી આવા પત્રોનું આવી રીતનું પ્રકાશન ઔચિત્ય અને શિષ્ટજનસંમત સભ્યતાનું સ્પષ્ટ રીતે ભંગ કરનાર જ લેખાય. વળી દેશના આ અતિ નાજુક પ્રશ્ન ઉપરની વાટાઘાટો જ્યારે ચાલતી હોય ત્યારે જ્યાં સુધી એ જાહેર રીતે તુટી ન પડે ત્યાં સુધી એને તુટી પડેલી જાહેર કરવી અને તેને લગતી વિગતો એકાએક બહાર પાડી દેવી તેમાં કોઇ વખત આખા દેશને ભારેમાં ભારે નુકશાન પહોંચવાનો પણ સંભવ રહે છે. આ બધું વિચારતાં પ્રસ્તુત પ્રકાશન બીનજરૂરી, ઉતાવળીયું, ગેરડહાપણભર્યું અને જાહેર

(અનુસંધાન પૃષ્ટ ૬૨ જુઓ)

('પ્રબુદ્ધ જૈન' માટે ખાસ)

# ગાંધીજીની છોંતરમી વર્ષગાંઠ

(તા. ૨ ઑક્ટોબર, ૧૯૪૪)

ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગજાવો જયો જયો!
—ગગન ગજાવો જયો જયો!

પૂજ્ય બાપુજી જુગ જુગ જીવે એ વર માગો ભયો ભયો!
ભરતભૂમિનાં૦—

ચાલીશ કોટિના દેવ આપણા બાપુ,
ચાલીશ કોટિનાં દીન હૃદયનું માપું;
ચાલીશ કોટિના સંત, મહાત્મા, સ્વામી;
ચાલીશ કોટિના વીર પ્રતાપી નામી:
રે સત્ય અહિંસા સ્નેહતણો પથ જેણે સંતત ચહ્યો ચહ્યો
—જેણે સંતત ચહ્યો ચહ્યો:
ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગજાવો જયો જયો!–૧

રામે દાખ્યો સદ્ધર્મ પ્રજા રાજાનો,
કૃષ્ણે ગાયો વર મર્મ પરમ ગીતાનો,
મહાવીર ભણ્યા કલ્યાણ, બુદ્ધ ઉરશાંતિ,
ગાંધીનો અહિંસા મંત્ર કરે જગક્રાંતિ:
નિર્બળમાં બળ સ્ફુરવવા જેણે જુલમ જગતનો સહ્યો સહ્યો:
—જુલમ જગતનો સહ્યો સહ્યો:
ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગૂંજાવો જયો જયો!–૨

લડી લડીને રાજા પ્રજા ગયાં સહુ થાકી,
નહિ પામ્યાં સુખ કે શાંતિ, રહ્યાં એ બાકી;
સત્તા ને દોલત કાજ રૂધિર રેલાયાં,
પશુનાં પશુ માનવ રહ્યાં, તિમિર ઉર છાયાં:
માનવની અંધ કરૂણતા પર એ જે નિશદિન રહે દહ્યો દહ્યો:
—જે નિશદિન રહે દહ્યો દહ્યો:
ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગજાવો જયો જયો!–૩

અણુગણ તારક રૂહે ફૂટી દેવગંગાથી,
અણુગણ પ્રાણી લે જન્મ પ્રકૃતિજંઘાથી;
એવી ફૂટે નવશક્તિ સત્ય આદર્શે,
પામ્યાં જીવનકલ્યાણ કૈંક પદસ્પર્શે;
ઝીલો ઝીલો એ અમી અનેરાં, કાળ જશે આ વહ્યો વહ્યો:
—કાળ જશે આ વહ્યો વહ્યો:
ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગજાવો જયો જયો!–૪

ઝીલો તો ચખનાં પડળ ઉઘડશે સઘળાં,
ઝીલો તો મનનાં દ્વાર ઉઘડશે સવળાં;
ઝીલો તો બનશો વીર અબળ માનવના,
ગાશો તોડી જંજીર ગીત ગૌરવનાં:
એ ઝીલશે પૂરૂં તે જ જાણશે માનવ સાચો થયો થયો:
—માનવ સાચો થયો થયો:
ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગજાવો જયો જયો!–૫

પણ ઓ રે મારાં હિંદી બંધુ ને બ્હેનો!
શું જયો જયોનાં માત્ર ગજવશો વેણો?
પૃથ્વી થંભે તો થાય કદી શું સવારૂં?
કરશે દરિયે ઉભું નાવ શું બંદરબારૂં?
રે હજી ન છૂટયા દંભ પ્રપંચો: શો સંદેશો લહ્યો લહ્યો?
—શો સંદેશો લહ્યો લહ્યો?
ભરતભૂમિનાં વીરજનો! શું માત્ર ગજવશો જયો જયો?–૬

બાપુજી કરે ઉપવાસ, તમે મિષ્ટાન્નો:
બાપુજી ઢાંકતા રંક, લૂંટો તે છાનો:
બાપુજી પાથરે સ્નેહ, તમે રહો લડતા:
બાપુજી તણી લઈ ઓથ ખીસાં રહો ભરતા!
રે લાલમલાલ બની સહુ ફરતા એ તન તાવી રહ્યો રહ્યો:
—એ તન તાવી રહ્યો રહ્યો
ભરતભૂમિનાં સ્વાર્થીજનો! શું એમ ગજવશો જયો જયો?–૭

બાપુજીને કારાવાસ, તમોને છક્કા:
બાપુજી સેવે અપમાન, તમોને સક્કા:
જોઈ જોઈ આ ઘરડી આંખ રડી રૂહે ઊંડું,
આ રુધિરતણા વ્યાપાર કરે શું રૂડું?
પ્રભુના આશિષ શું એમ ઊતરશે? અવસર મોંઘો ગયો ગયો:
—અવસર મોંઘો ગયો ગયો:
ભરતભૂમિનાં ગાંધીજનો! શું એમ લજવશો જયો જયો?–૮

આપ્યા વીરોએ જાન, મયા તે મિથ્યા;
બંધન રુંધનના ભોગ વીરશિર વીત્યા;
બાપુજીને પાયાં ઝેર તમારે હાથે,
આપીને તમે બે ચાર ભરો બધું બાથે:
એ અંતર ચીરી જુઓ જરા, છે ખરો ગાંધીજન કયો કયો?
—ખરો ગાંધીજન કયો કયો?
ભરતભૂમિનાં જન શું હજી આ કરતાં રૂહેશે જયો જયો–૯

બાપુજીએ સુણી એ શબ્દ, શબ્દ ને શબ્દો,
સિત્તર ઉપર પણ પાંચ પૂર્ણ કીધ અબ્દો;
શું જશો સદા મંદિરે મૂકી ફળફૂલો?
નવ રીઝે દેવો એમ, તમે કાં ભૂલો?
એ દેવોના દેવત્વતણો કદી પંથ તમે શું ગ્રહ્યો ગ્રહ્યો?
—પંથ તમે શું ગ્રહ્યો ગ્રહ્યો?
ભરતભૂમિનાં જન રે! કયારે કરશો સચ્ચો જયો જયો?–૧૦

લઈ જશો શું આજે ભેટ બાપુજી કાજે?
સદીઓથી પૂજ્યું પેટ;—ન આત્મા લાજે?
જરી સાચા દિલથી પૂછો તમારા મનને:
સાહ્યું નિજ સ્વાર્થી જીવન કે હિંદવતનને?
રે ઊઠો! કરો તે શબ્દ સફળ જે બાપુજીએ છે કહ્યો કહ્યો!
—બાપુજીએ છે કહ્યો કહ્યો!
ભરતભૂમિના વીર ખરા જે તે જ ગજાવે જયો જયો!–૧૧

ચાલીશ કોટિના દેવ, આપણા બાપુ,
માગે સહુ પાસે આજ દિવ્ય નિજ દાપું!
ચાલીશ કોટિના સંત ઊભા લઈ ઝોળી:
આપો, આપો રે સર્વ, આતમા ખોલી!
બાપુજીની કર્મસફળતા પર આ દુનિયા બનશે ભયો ભયો!
—દુનિયા બનશે ભયો ભયો!
ભરતભૂમિનાં વીરજનો! સૌ અહલ ગજાવો જયો જયો!–૧૨

ભરતભૂમિનાં વીરજનો! સૌ ગગન ગજાવો જયો જયો!
—ગગન ગજાવો જયો જયો!
પૂજ્ય બાપુજી જુગ જુગ જીવે એ વર માગો ભયો ભયો!

અરદેશર ફરામજી ખબરદાર.

(1)


Regd. No. B. 4266

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

લવાજમ રૂપિયા ૩

તંત્રી :— મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ ૬ ] મુંબઈ: ૧૫ ઑક્ટોબર ૧૯૪૪ રવિવાર [ અંક ૧૨


## વ્યાવહારિક અનેકાંત

### આજના પ્રશ્નોનો ઉકેલ.

જૈનો અનેકાન્તવાદી છે. અનેકાન્તને આપણે બે ભાગમાં વહેંચી શકીએ. શાસ્ત્રીય અનેકાન્ત અને લૌકિક અથવા વ્યાવહારિક અનેકાન્ત. તત્ત્વ—વસ્તુના સ્વરૂપને ટૂંકી દૃષ્ટિએ નહિં પણ સર્વસંગ્રાહી વ્યાપક દૃષ્ટિએ જોવું તે શાસ્ત્રીય અનેકાંત. એને તાત્ત્વિક અનેકાન્ત પણ કહી શકાય. અને પ્રતિદિનના વ્યવહારમાં ટૂંકી દૃષ્ટિએ નહિં પણ વ્યાપક દૃષ્ટિથી કામ લેવું તે વ્યાવહારિક અનેકાન્ત.

શાસ્ત્રીય અનેકાન્તના મૂળમાં અહિંસા, સમભાવ આદિ ગુણોને સ્થાન નથી એમ તો ન કહેવાય. પણ તેમાં મુખ્યપણે સમન્વય દૃષ્ટિ કામ કરે છે. એ સમન્વય દૃષ્ટિનો ઉદ્ભવ તો અહિંસામાંથી જ થયેલો હોય છે. પણ પ્રત્યેક બાબતના વિચાર વખતે આપણી સામે અહિંસા ન આવતાં સમન્વય દૃષ્ટિ આવે છે અને એ સમન્વય દૃષ્ટિથી તત્ત્વ—વસ્તુવિષયક ઝીણી ઝીણી વિગતોની પરીક્ષા કરીએ છીએ અને એ વિગતોને યથાસ્થાને ગોઠવીએ છીએ. આ ગોઠવણી વખતે હિંસા—અહિંસાનો પ્રશ્ન ગૌણ બની જાય છે. પણ રજુ થયેલી હકીકતો સત્ય વસ્તુની કેટલી નજીક છે તેજ તપાસવાનું હોય છે. એટલે કે કોઇ પણ એક તત્ત્વ—વસ્તુ વિષેના જે અનેક વિચારો જેમકે આત્મા એક છે કે અનેક, તે નિત્ય છે કે અનિત્ય, ચેતન છે કે જડ આદિ—જગતમાં પ્રવર્તતા હોય તેનો મેળ બેસાડવાનું કામ શાસ્ત્રીય અનેકાન્તનું છે. ટૂંકમાં તત્ત્વજ્ઞાન તેનું ક્ષેત્ર કહી શકાય.

અહિં એટલું સમજી લેવું જોઇએ કે બધાજ વિચારોનો મેળ બેસી જ શકે છે એમ તો ન કહી શકાય. મેળ બેસાડવાની પણ મર્યાદાઓ હોય છે અને તે એ કે કોઇ પણ વિચાર કેમ ન હોય પણ તે વસ્તુના સત્ય સ્વરૂપ તરફ લઇ જતો હોય તોજ તેનો મેળ બેસાડવાનો પ્રયત્ન થાય છે. પણ જો તેથી વિપરીત હોય તો તેવા વિચારને ફેંકી દેવો એજ તેનો મેળ બેસાર્યો કહેવાય. તાત્પર્ય એ કે સમન્વયકર્તાની સામે ધ્રુવ તારો સત્ય છે અને તેની આસપાસ જ સમન્વય દૃષ્ટિ કામ કરે છે.

આ સમન્વયમાંથી જે વિચારો, જે નિર્ણયો સ્થિર થાય છે તે ત્રિકાલાબાધિત હોય છે. તે ત્રણે કાળમાં સત્ય હોય છે. એ નિર્ણયો ફેરવવા ખુદ સમન્વેતા પણ સમર્થ નથી. કોઇ નવી દૃષ્ટિ સામે આવે ત્યારે બીજો એક નવો નિર્ણય થાય, પણ પૂર્વના નિર્ણયને આ નવો નિર્ણય ઉથાપી શકે નહિં. બન્ને નિર્ણયો એક સાથે સમબળે પ્રવર્તે છે. પર્યાય દૃષ્ટિએ કોઇ આત્માને અનિત્ય કહે તો તે સદાને માટે તે દૃષ્ટિએ અનિત્યજ કહેવાનો. દ્રવ્ય દૃષ્ટિવાળો પુરૂષ આવીને આ પર્યાય દૃષ્ટિવાળાને કહે કે "ભાઇ આત્મા તો નિત્ય છે." તો પણ જવાબમાં તે એટલુંજ કહેશે 'ભાઇ તેની હું કયાં ના પાડું છું ? પણ મને જેવો દેખાય છે તેવો હું કહી રહ્યો છું. તમને દેખાય તેવો તમે કહો. મને તેમાં વાંધો જ નથી.' આમ બન્ને નિર્ણયો સમાનબળે વર્તે છે, પણ તે સત્યની ભૂમિકા પર ઉભા હોય તો, અન્યથા નહિ. આમ બન્ને દૃષ્ટિઓ પોતપોતાની રીતે સત્યની શોધ કરે છે અને એ બન્નેની શોધો ત્રણે કાળમાં અબાધિતજ રહે છે.

લૌકિક અનેકાન્તમાં આ દ્રવ્ય—પર્યાય દૃષ્ટિનો ઉપયોગ નથી. અહિં તો કાળ દૃષ્ટિની આસપાસ—કયારેક વ્યક્તિવાદ, કયારેક સમાજવાદ, કયારેક રાષ્ટ્રવાદ—એમ નવી નવી દૃષ્ટિઓ ખડી થાય છે અને આજના નિર્ણયને કાલે ત્યાજ્ય ઠરાવી દે છે. આજે જે નિર્ણય થયો તે આજ માટે સાચો હોય, ઉચિત હોય, સત્ય હોય પણ એજ નિર્ણયને આવતી કાલે ઠોકરે મારવામાં આવે છે. ગઇ કાલના નિર્ણયને કચરીનેજ આજનો નિર્ણય ઉભો હોય છે. નવો નિર્ણય થયો એટલે જૂનો નિર્ણય રદ થઇ જાય છે. આમ હંમેશા પરિવર્તનમાં રાચવું એ આ અનેકાન્તની વિલક્ષણતા છે. જો કોઇ પણ એક નિર્ણય પકડી રાખવાનો આગ્રહ કરવામાં આવે તો તે લૌકિક અનેકાન્તની દૃષ્ટિમાં મિથ્યાવાદ જ ગણાય. એટલે પરિવર્તન, બસ પરિવર્તન એજ કૃત્ય થઇ પડે છે. વ્યાવહારિક અનેકાન્તનો પ્રદેશ તો એટલો બધો વિશાળ છે કે તેમાં જેમ ઉંડા ઉતરીએ અને જેમ જેમ તેના વિષે વધુને વધુ વિચાર કરતા જઇએ તેમ આપણને એ નવું ને નવું જ ક્ષેત્ર બતાવતો જાય છે. સમયનો પ્રવાહ જો અટકે અને તેનો અન્ત આવે તો આ લૌકિક અનેકાન્તના પ્રદેશનો અન્ત આવે. આ સમયે અનેકાન્ત દૃષ્ટિએ અમુક આચાર વિષે એક નિર્ણય કર્યો, પણ આવતી કાલે સમયની ગતિ ફરી જવાથી અને નવું વાતાવરણ પેદા થવાથી તે બદલવો જ પડે છે અને તે પણ અનેકાન્ત દૃષ્ટિથી જ, એટલે એમ કહેવું જોઇએ કે આ અનેકાન્તમાં કાળની આસપાસ બધું ફરતુ હોવાથી કોઇ નિર્ણય ત્રિકાલાબાધિત ન જ હોઇ શકે. શાસ્ત્રીય અનેકાન્તથી આ લૌકિક અનેકાન્ત અહિંથી જ જુદો પડે છે. શાસ્ત્રીય નિર્ણય ત્રિકાલાબાધિત હોય છે, જ્યારે આનો નિર્ણય ત્રિકાલાબાધિત નથી જ હોતો.

પણ અહિં પ્રશ્ન થશે કે આ લૌકિક નિર્ણય સાચો છે કે ખોટો છે, ઉચિત છે કે અનુચિત છે તે તપાસવાની કોઇ કસોટી છે કે નહિ ? આનો જવાબ ટૂંકામાં જ આપી દઉં છું કે અહિં નિર્ણયોને તપાસનાર કસોટી અહિંસા છે. લૌકિક અનેકાન્તથી થનારા બધા નિર્ણયો અહિંસા ઉપર દૃષ્ટિ રાખીને જ ઘડાવા જોઇએ. જે જે નિર્ણય અહિંસાને સામે રાખીને કરવામાં આવ્યો હોય તે આની દૃષ્ટિમાં ઠીક છે અને જે નિર્ણય હિંસા તરફ લઇ જતો હોય તે આની દૃષ્ટિમાં મિથ્યા છે. એટલે કે લૌકિક અનેકાન્તમાં ધ્રુવ તારો અહિંસા છે અને તેની આસપાસ બધું અવિરોધીપણે ગોઠવાઇ જાય છે.

પ્રાચીન જૈનાચાર્યોએ આ બીજા પ્રકારના લૌકિત અનેકાન્ત પાછળ જ મુખ્યપણે પોતાનું ધ્યાન રોકયું હતું તે શાસ્ત્રપાઠીથી અજાણ્યું રહે તેમ નથી. પણ પછીના સમયમાં દાર્શનિક સંઘર્ષ વધી ગયો તેની સાથે સાથે જૈનાચાર્યોએ પણ પોતાની દિશા બદલી અને તાત્ત્વિક અનેકાન્તમાં પોતાની બધી શક્તિનો ઉપયોગ કરવા લાગ્યા. સ્થિતિ એ આવી કે શાસ્ત્રીય અનેકાન્તમાં પંડિત ગણાતા જૈનાચાર્યો પણ આચરણમાં એકાન્તી જ થઇ ગયા. છેલ્લા તેરસો—ચૌદસો વર્ષના પ્રયત્ને જૈનાચાર્યોએ શાસ્ત્રીય અનેકાન્તને તેમનાથી જેટલો શકય હતો તેટલો વિકસાવ્યો છો અને દાર્શનિક ક્ષેત્રમાં જેટલા વાદો તેમની સામે આવ્યા તે બધાનો સમન્વય યથાશકય તેમણે કર્યો છે અને એ રીતે તેમણે પોતાની બધી શક્તિનો ઉપયોગ શાસ્ત્રીય સમન્વયમાં કર્યો છે એમ કહેવું જોઇએ.

પણ જમાનો બદલી ગયો છે. હવે વળી પાછા એ લૌકિક અનેકાન્ત તરફ વળવાની જરૂર ઉભી થઇ છે અને પહેલાના કોઈ પણ જમાના કરતાં આ જમાનામાં જ વ્યવહારમાં વ્યાપક દૃષ્ટિનો ઉપયોગ વધારેમાં વધારે છે. આ ગાંધીયુગ વિચાર કરતાં આચારને જ વધારે

# કેટલાક સમાચાર અને નોંધ

## નૂતન વર્ષના મંગળ પ્રભાતે

शिवमस्तु सर्वजगतः,
परहितनिरता भवन्तु भूतगणाः।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखीभवन्तु लोकाः॥

**"સર્વ જગતનું શ્રેય થાઓ! સર્વ પ્રાણીઓ અન્યના હિતમાં નિમગ્ન થાઓ! સર્વ દોષો નાશ પામો! લોકો સર્વત્ર સુખી થાઓ!"**

બેસતા વર્ષના મંગળ પ્રભાતે આ પ્રાર્થના સૌના અન્તરમાંથી પ્રગટ થાઓ! આ પ્રાર્થનાનું ઔચિત્ય કોઇ પણ સ્થળે કોઇ પણ કાળે અબાધિત છે. એમાં પણ જ્યારે આ દુનિયા અનેક કલેશ, કંકાસ અને હિંસાપૂર્ણ યુદ્ધથી આકુળવ્યાકુળ છે, જ્યારે માનવતાનો લોપ થઇ રહ્યો છે અને કેવળ પશુબળનું સામ્રાજ્ય ચોતરફ પ્રવર્તી રહ્યું છે, જ્યારે અશાન્તિ અને અનવસ્થા માનવજીવનના સર્વ અંગોને કોરી રહી છે ત્યારે ઉપરની પ્રાર્થનાનું ઔચિત્ય સવિશેષ સિદ્ધ થાય છે. અનેક યાતનાઓ અને અવમાનનાઓથી ભરેલું એક વર્ષ વિદાય થાય છે. બંગાળાના જીવલેણ ભુખમરા સાથે એ વર્ષનો પ્રારંભ થયો હતો અને ત્યાર બાદ એ ભુખમરો દેશના બીજા ભાગોમાં ફેલાયો. વચગાળે પૂજ્ય કસ્તુરબાનું અવસાન થયું અને ગાંધીજીની ગંભીર માંદગીએ લોકોને ચિન્તાગ્રસ્ત બનાવ્યા. ગાંધીજી છુટયા અને દેશના રાજકારણમાં નાનો સરખો વિપ્લવ આવ્યો. ચીજોની અતિશય મોંઘવારી અને અછતે લોકજીવનને કેવળ દુઃખપ્રાય બનાવી દીધું. પાછળના ભાગમાં અતિવૃષ્ટિએ ગુજરાતના કેટલાક ભાગો ઉપર તેમ જ ખાનદેશ ઉપર કાળો કેર વર્તાવી દીધો તેમ જ અનેક બીમારીઓએ બીહારને મરણોન્મુખ બનાવી દીધું. આમ કેવળ દુઃખ, દુઃખ અને દુઃખમાં ૧૯૯૯નું વર્ષ ગયું, ૨૦૦૦નું વર્ષ પણ પસાર થયું અને આગામી ૨૦૦૧ના ગર્ભમાં શી શી યાતનાઓ અને વિટંબણાઓ ભરી છે તેની આજે કોણ કલ્પના કરી શકે તેમ છે? વિશ્વયુદ્ધ હજુ ચાલી જ રહ્યું છે; માનવસંહારનો હજુ કશો છેડો દેખાતો નથી; દેશનો વ્યાપાર ચોતરફથી રૂંધાઇ બેઠો છે; લોકજીવન અનેક પ્રકારના વટહુકમોના પરિણામે ચારે બાજુથી જકડાઇ રહ્યું છે; કોલેરા, મેલેરીયા, ઇન્ફ્લુએન્ઝા વગેરે વ્યાધિઓએ ગયા વર્ષમાં બીહાર તેમજ અન્ય પ્રાન્તોમાં હજારો જીંદગીઓનો ભોગ લીધો હતો તે બીમારીઓનો કાલકરાળ પંજો દેશના અન્ય વિભાગો ઉપર ફેલાઇ રહ્યો છે. વિશ્વયુદ્ધને લીધે સર્વ પ્રજાઓ ત્રાહી ત્રાહી પોકારી રહી છે અને આ યુધ્ધનો કેમે કરીને અન્ત આવે એમ સૌ કોઇ અન્તરના ઉંડાણથી પ્રાર્થી રહ્યું છે. જર્મની ધીમે ધીમે હતપ્રભાવ બનતું જાય છે. યુરોપના વિગ્રહનો પાંચ છ મહીનામાં અન્ત આવશે એમ સૌ કોઇ કલ્પી રહ્યું છે. પછી જાપાને પણ હારવાનું જ રહ્યું એમ સૌ કોઇ માની રહ્યું છે. આગામી વર્ષ દરમિયાન યુદ્ધ–અજગરના વિરાટ મુખમાં સપડાયલું જગત્ મુકિત પામે, ઘનઘોર અંધકાર વ્યાપેલો છે ત્યાં શાન્તિ અને સ્વાસ્થ્યનાં કિરણો ફુટે, જ્યાં કેવળ 'મારો મારો'ના પોકારો ચાલી રહ્યા છે ત્યાં વિશ્વબંધુત્વનો સૂર્ય ઉદય પામે થાય એમ આપણે અન્તઃકરણથી ઇચ્છીએ અને જગન્નિયન્તાને પ્રાર્થના કરીએ!!!

## શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુસમાજમાં રોગચાળો

શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુસમાજમાં મુખ્ય ગણાતા આચાર્ય સમ્રાટો વચ્ચે કોઇ પણ નાની કે મોટી બાબત વિષે મતભેદ થતાં પોતાના મતનું સચોટ પ્રતિપાદન કરવા માટે અને અન્યના મતનું ખંડન કરવાના હેતુથી એકમેકને ઉતારી પાડનારૂં અને અંગત આક્ષેપો તથા કટાક્ષોથી ભરેલું જે ગંદુ સાહિત્ય આજકાલના સામયિકોમાં પ્રગટ થતું જોવામાં આવે છે તે જોતાં તે આખા વર્ગમાં એક પ્રકારનો રોગચાળો ફાટી નીકળ્યો હોય એમ લાગ્યા વિના રહેતું નથી. કેટલાક સમય પહેલાં તિથિચર્ચા ઉગ્રપણે ચાલી રહી હતી. હાલ તે કાંઇક શમી તો ગ્રહણ, સૂતક વગેરે પ્રશ્નો ઉપર ચર્ચાપત્રોની ઝડીઓ વરસી રહી છે. આ બધું જોતાં એમ જ લાગે કે ચર્ચાનો કે મતભેદનો કયો વિષય છે એ બંને પક્ષોને મન ગૌણ વસ્તુ છે. બંનેના દિલમાં રાગદ્વેષની ચિત્રવિચિત્ર ગ્રંથિઓ ઘર કરી રહેલી છે. એકમેક પ્રત્યે ઇર્ષ્યા અને તેજોદ્વેષ ભરેલાં છે. દિલમાં રહેલા આ વેરઝેર બહાર પ્રગટ થવાને કોઇ ને કોઇ નિમિત્ત જોઇએ છીએ અને આવી નાની મોટી બાબતો પરત્વે રજુ થતા મતભેદો આવાં નિમિત્ત પુરા પાડે છે. આ આચાર્યોની સાઠમારીઓ આખા જૈનસમાજને કેટલું નુકસાન કરી રહી છે, સામાજિક એકતાને કેટલી છિન્નભિન્ન કરી રહી છે અને અંદર અંદર કેટલો કલહકંકાસ વધારી રહી છે તેનું નથી તેમને ભાન કે નથી તેમના અનુયાયીઓને ભાન. આમાં કોણ સાચું કે કોણ ખોટું એવો વિવેક કરવાને કશો અવકાશ રહેતો જ નથી. કારણ કે શાસ્ત્રીય દૃષ્ટિએ અમુક વિચાર કે મન્તવ્યને આપણે પ્રમાણભૂત ગણીએ તો પણ તેમાં રહેલું સત્ય તે પક્ષની ઝેરીલી પ્રતિપાદનશૈલિથી ખરી જાય છે અને બન્ને પક્ષકારો એક જ કોટિ ઉપર આવીને ઉભા રહે છે. બન્ને પક્ષો પોતાનાં મન્તવ્યોને સાચી જુઠી દલીલોથી પુરવાર કરવા પાછળ જ હોય છે.

અહિં સહજ પ્રશ્ન થશે કે તો પછી શું ચાલુ પરંપરામાં કોઇ પણ ભુલ ચાલ્યા કરતી હોય તે તરફ જૈન આચાર્યોએ જૈન સમાજનું ધ્યાન જ ન ખેંચવું અને જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવું? સમાજમાં ખળભળાટ પેદા થશે એ ભયથી સત્ય વસ્તુનો ઢાંકપીછોડો કરવો? જે સમાજમાં વિચારક્રાન્તિ પેદા કરવા માગે છે અને સમાજને અરુચિકર થાય એમ છતાં પણ અન્તિમ સામાજિક કલ્યાણનું ઓવાદક હોય તેવા સત્યને નિડરપણે અને સચોટપણે રજુ કરવું જ જોઇએ અને એમ કરતાં ગમે તેટલો સામાજિક ક્ષોભ થવા સંભવ હોય તેની લેશમાત્ર પરવા કરવી ન જોઇએ એવી કર્યનીતિ જેને ઇષ્ટ અને

---

મહત્ત્વ આપે છે. વળી અત્યારનું જીવન માત્ર ગૃહસંતોષી નથી રહ્યું. અત્યારે તો તાર અને ટેલીફોને સમસ્ત વિશ્વને આપણા ટેબલ પર લાવીને ખડું કર્યું છે. આ જમાનામાં કોઈ ગુફાવાસી થઇ એકલો રહેવા માગે તે સાવ અશકય થઇ પડયું છે. પોતે જગતથી સાવ વિખુટો થવા માગે અને ગુફામાં ચાલ્યો જાય, પણ ત્યાં પણ તેના એકાકીપણાનો યાત્રીઓ ભંગ કરે છે અને પોતાના સુખદુઃખનો ભાગી બનવા આહ્વાન કરે છે અને નવા નવા આદર્શો–જેનો આપણા પૂર્વજોને કલ્પના પણ ન હતી–આપણી સામે આવી ઊભા રહે છે. માર્ગ કાઢવા જતાં મતિ મૂંઝાઇ જાય છે અને ગભરામણ પેદા થાય છે. જૂના અને નવા વચ્ચે અથડામણ શરૂ થાય છે. સારૂં કે નરસું બધું જ જાણે એકસરખું સારૂં જ હોય તેવી રીતે આપણી સામે રજુ થાય છે. આ દેશ કે પરદેશના વાતો ભુલાઇ વિશ્વૈકયની વાત સામે આવે છે ત્યારે 'આ આપણું' 'આ પારકાનું' એવા ભેદો ભુલવા જ પડે છે, અને કોને સારૂં કહેવું અને કોને ખરાબ કહેવું, શું કરવું અને શું ન કરવું–તેનો તોડ કાઢવા જતાં શાસ્ત્રીય અનેકાન્તમાં કુશળ બુદ્ધિવાળો પુરૂષ પણ મુંઝાઇ જાય છે અને સૌ પોતપોતાની ઢબે જુદા જુદા સુર આલાપે છે અને પરિણામ એ આવે છે કે વ્યાવહારિક આચારના પ્રશ્નનો નિકાલ આપણે અનેકાન્ત દૃષ્ટિએ લાવી શકતા જ નથી.

જીવ એક છે કે અનેક, દ્રવ્ય નિત્ય છે કે અનિત્ય, દ્રવ્ય અને પર્યાયનો ભેદ છે કે અભેદ, ઇત્યાદિ શાસ્ત્રીય ચર્ચાઓ તો અત્યાર સુધી ખૂબ થઇ છે અને તેમાં આપણી પ્રગતિ પણ ખૂબ જ થઇ છે. પણ એ ચર્ચામાં નિષ્ણાત વિદ્વાનને પણ મૂંઝવી નાખે તેવા પ્રશ્નો તો આપણા વૈયકિતક, સામાજિક, રાષ્ટ્રીય અને સાર્વજનિક વ્યવહારમાં ઊભા થવા લાગ્યા છે અને તેનો ખરો ઉકેલ ન મળવાથી જીવનમાં એક જાતની અસ્વાભાવિકતા આવી ગઇ છે.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

આદરણીય છે તે ઉપરના પ્રશ્નોને સંમતિ ન જ આપી શકે. પણ એ સાથે કોઇ પણ સમાજસુધારક પોતાની પ્રવૃત્તિ ચલાવતાં સમાજ–સ્વાસ્થ્યની કે સમાજકલ્યાણની ફાવે તેમ ઉપેક્ષા કરે એ પણ ચલાવી ન જ શકાય. સમાજની ચાલુ પરંપરાઓ વિના કારણ તોડવાથી પરિણામે સમાજનો જ હ્રાસ થાય છે અને સામાજિક બળ નરમ પડે છે. દાખલા તરીકે તિથિની આખી ચર્ચા વિચારો. તેમાં જે પરંપરા ચાલતી હતી તેમાં ધારો કે શુદ્ધ શાસ્ત્રીય દૃષ્ટિએ અમુક ક્ષતિ દેખાતી હોય તો પણ એવા એક ચિરપ્રચલિત રૂઢક્રમમાં ફેરફાર કરવાથી સમાજને શું લાભ થવાનો હતો કે એવી તે કઇ ધાર્મિકતાની વૃદ્ધિ થવાની હતી? આજે સૂર્ય કે ચંદ્ર ગ્રહણ થાય ત્યારે મંદિરો બંધ રાખવાં કે ખુલ્લાં રાખવાં અથવા તો ધાર્મિક ક્રિયાઓ કરવી કે નહિ, પ્રસૂતિનું સૂતક અમુક રીતે પળાય છે તે યોગ્ય છે કે અયોગ્ય–આવી બાબતોમાં રૂઢ પરંપરા અને માન્યતાઓ અમુક કાળથી ચાલી આવે છે. તેમાં ફેરફાર કરવાથી કયા મોટા લાભ કે સમાજશ્રેયની આશા કે અપેક્ષા રાખવામાં આવે છે? અને આમ છતાં પણ આવી બાબતોની શાસ્ત્રીય ચર્ચા વિદ્વાન આચાર્યો માત્ર સત્યશોધનની દૃષ્ટિએ સંયમપૂર્ણ ભાષામાં કરે અને ચાલુ રીતરસમમાં જરૂરી ફેરફાર કશા પણ ઘર્ષણ સિવાય સરળતાથી નીપજાવે તો તેમાં કોઇને જરા પણ વાંધો નથી. પણ આજે તો સત્યશોધનના નામે કેવળ વિષવમન ચાલી રહ્યું છે અને અંદર અંદરના વેરઝેર ઠલવાઈ રહ્યા છે. સમાજના સમજુ વર્ગે આ સામે પોતાનો સખ્ત વિરોધ ઉઠાવવો જોઇએ, અને સામાજિક સ્વાસ્થ્ય સાથે આમ ફાવે તેવી રમત રમવાની વૃત્તિનો અને મનોદશાનો સખ્ત સામનો કરવો જોઇએ. આ બાબતમાં જો જૈનસમાજ વખતસર નહિ ચેતે તો પોતાના જ હાથે પોતાનો મૃત્યુઘંટ વગાડનાર જૈનસમાજ કોઇના સદ્‌ભાવ કે સહાનુભૂતિને પાત્ર નહિ રહે.

## પૂર્ણિમા અને અમાવાસ્યા

ગયા પખવાડીઆમાં મુંબઇ ખાતે બે વિશિષ્ટ વ્યાખ્યાનો થયાં. એક ઓકટોબર માસની બીજી તારીખે ગાંધી જયન્તી નિમિત્તે મહાસતી શ્રી ઉજ્જવળ કુમારીનું ભગિની સમાજ બાળમંદિરમાં ગાંધીજી વિષે અને બીજું તા. ૯-૧૦-૪૪ રવિવારના રોજ આગમોધ્ધારક આચાર્યશ્રી સાગરાનંદ સૂરિનું બ્લેવાટ્સ્કી લોજમાં 'શ્રી હેમચંદ્રાચાર્ય અને વિશ્વધર્મ' ઉપર. બન્ને જાહેર વ્યાખ્યાનો હોવા છતાં એક સભામાં શ્રોતા વર્ગ મોટે ભાગે જૈનેતર બહેનો હતી; બીજી સભામાં ઘણે મોટે ભાગે જૈન સમાજ હતો. સાગરાનંદ સૂરિનું નામ બહુ જ જાણીતું છે અને આગમપ્રકાશન તેમ જ પાલીતાણામાં ઉભું કરવામાં આવેલ આલીશાન આગમ–મંદિર સાથે તેમની ખ્યાતિ જોડાયલી છે. શ્રી સાગરાનંદજી શ્વેતાંબર સંપ્રદાયના એક વયોવૃદ્ધ પંડિત આચાર્ય છે. શ્રીમતી ઉજ્જવલ કુમારીને મુંબઇની તેમજ બહારની જનતા હજુ બહુ જાણતી નથી. ૨૫-૨૬ વર્ષની ઉમ્મરનાં તેઓ સ્થાનકવાસી સંપ્રદાયનાં એક સાધ્વી છે આ સાધ્વીની ભાત અન્ય સાધ્વીઓ કરતાં બહુ જ જુદી પડે છે. પંદર કે સોળ વર્ષે તેમણે જૈન દીક્ષા અંગીકાર કરેલી. ત્યારથી આજ સુધીનો ઘણો ખરો સમય તેમણે અભ્યાસમાં, તેમજ સંસ્કૃત, પ્રાકૃત તથા અંગ્રેજી ભાષાસાહિત્યનું જ્ઞાન સંપાદન કરવામાં ગાળ્યો છે. તેમની તબિયત બહુ નાજુક છે, આંખોએ પીડા રહે છે. ભગિની સમાજના બાળમંદિરની ગાંધી જયન્તી નિમિત્તે એકત્ર થયેલી બહેનોની સભામાં તેઓ નિયત સમયે આવ્યાં; બધી બહેનો સાથે જમીન ઉપર બેઠાં અને પ્રમુખની આજ્ઞા થતાં ગાંધીજી વિષે તેમણે એક સુન્દર પ્રવચન કર્યું. ગાંધીજી વિષે તેઓ અત્યન્ત આદર ધરાવે છે. ગાંધીજી વચગાળે મુંબઇ રહી ગયા ત્યારે હંમેશાં તેમની સાથે અડધો કલાક ગાળવાનું તેમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. તેથી ગાંધીજી સાથેના સીધા પરિચયમાંથી પણ કેટલીક બાબતો ટાંકીને ગાંધીજીની મહત્તા, અહિંસા ધર્મની વિશેષતા અને જીવનશુદ્ધિની અગત્ય સંબંધે તેમણે પોતાના કેટલાક ખ્યાલો વિશદ ગુજરાતી ભાષામાં રજુ કર્યા. શ્રીમતી ઉજ્જવળકુમારી વિષે સૌથી વધારે આકર્ષક વસ્તુ હોય તો તે તેમની નમ્રતા અને ચિત્તની વિશાળતા છે. તેમની ભાષા પણ એટલી જ સંસ્કારી અને મુલાયમ છે.

શ્રી. સાગરાનંદસૂરિ માટે બ્લાવાટ્સ્કી લોજમાં સ્ટેજ ઉપર બેસવાની ખાસ ગોઠવણ કરવામાં આવી હતી અને તેમની બેઠકને આસપાસ કસબી ચંદરવાથી સુશોભિત કરવામાં આવી હતી. તેઓ નિયત સમયે પોતાના બહોળા શિષ્ય સમુદાય સાથે આવી પહોંચ્યા અને પોતાના વિશિષ્ટ સ્થાન ઉપર આરૂઢ થયા. ત્યારબાદ સર ચુનીલાલ ભાઇચંદ મહેતાએ શ્રી સાગરાનંદજીનો પરિચય કરાવ્યો અને જેમને સાંભળવા તેઓ કેટલાય વખતથી આતુર હતા તેમને સાંભળવાની આ અણધારી તક પોતાને સાંપડી એ વિષે પોતે સંતોષ દર્શાવ્યો (જો કે શ્રી સાગરાનંદજીને સાંભળવાની આ અમુલ્ય તકનો લાભ લેવાને તેઓ પાંચ-દશ મીનીટથી વધારે રોકાઇ શકયા નહોતા). શ્રી સાગરાનંદજીનું પ્રવચન એક રીતે અલૌકિક હતું, એટલે કે આપણે આજ કાલ જાણીતા વ્યાખ્યાનકર્તાઓ પાસેથી સાધારણ રીતે જે ઢબનાં વ્યાખ્યાનો સાંભળીએ છીએ તેથી ભાષા તેમજ શૈલીની દૃષ્ટિએ તદ્દન જુદા જ પ્રકારનું હતું. તેમનું વ્યાખ્યાન અનેક પ્રસ્તુત–અપ્રસ્તુત બાબતોની ખીચડી જેવું હતું. બોલવાની રીત કોઇ વિચિત્ર પ્રકારની હતી અને ભાષા બહુ જ સામાન્ય પ્રકારની હતી. તેમણે એક કલાકે તો વિષયની માત્ર ભૂમિકા પુરી કરી. એ હિસાબે એ વ્યાખ્યાન ઓછામાં ઓછું ત્રણ કલાક ચાલવું જોઇતું હતું. પણ શ્રોતા મંડળી હવે તો ખુબ કંટાળી છે એમ માલુમ પડતાં તેમને પોતાનું કથન એકાએક સમેટવું પડયું. તેમનાં કેટલાંક વિધાનો ભારે વિસ્મય પમાડે તેવા હતાં. દા. ત.

(૧) હિન્દુ શબ્દનો મૂળ અર્થ કેટલાક લોકો સિન્ધુ ઓળંગીને આવેલા એ ઉપરથી હિન્દુ તરીકે ઓળખાવા લાગ્યા એમ કરે છે એ ખોટો છે, પણ ભગવતી સૂત્રમાં ગતિવાચક હિન્દ્ શબ્દ છે એટલે કે હિંડવું, ચાલવું, ભ્રમણ કરવું, ભવભ્રમણ કરવું; એક ભવમાંથી બીજા ભવમાં ભટકવું. એ ઉપરથી એક ભવમાંથી બીજા ભવમાં ભ્રમણ કરે તે હિંદુ અર્થાત્ ભવભ્રમણના સિધ્ધાન્તને સ્વીકારે તે હિન્દુ. આવો તેમણે હિન્દુ શબ્દનો અર્થ સમજાવ્યો. આ વ્યુત્પત્તિ અર્થ સ્વીકારીએ તો ભવભ્રમણ તો હિંદુ મુસલમાન, ખ્રીસ્તી, ઘોડા, ગધેડા કીડી મંકોડા બધાં જ કરે છે તેથી મૂળ અર્થમાં તો આ બધા જ હિંદુ કહેવાયને?

(૨) મેવાડ, માળવા, મારવાડ અને ગુજરાત એ ચાર દેશો ઉપર હેમચંદ્રાચાર્યનું પ્રભુત્વ પડયું જેના પરિણામે એ ચારે દેશની સમસ્ત પ્રજા નિરામિષાહારી બની. આ પ્રતિપાદનોને વાસ્તવિકતા સાથે કશો સંબંધ છે ખરો?

(૩) અહિંસા એટલે પોતે જાતે કોઇ પ્રાણીની હિંસા ન કરવી તે અને 'અમારી' એટલે પશુઓ તો શું પણ કીડી મંકોડીની પણ આખી પ્રજા પાસે અહિંસા પળાવવી તે. અહિંસામાં 'અમારી' અન્તર્ગત નથી થતી તે આજે જ સાંભળ્યું!

(૪) સિદ્ધાન્ત કોનું નામ કહેવાય? જે તે બાબતને સિધ્ધાન્ત ન કહેવાય. જે વિધવા પોતાના પતિની શય્યાને કદિ છોડતી નથી તે સ્વર્ગની અધિકારી બને છે. આનું નામ સિદ્ધાન્ત કહેવાય.

ઘણા દિવસે શ્રી. સાગરાનંદસૂરિનાં દર્શન થયાં અને આજે કાંઇક નવું જાણવા સાંભળવાનું મળશે, જેમણે જીંદગીનો આવડો મોટો ભાગ જૈન આગમના પરિશીલન પાછળ વ્યતીત કર્યો છે તેમની પાસે આજે વિશાળ જનસમાજને કહેવા જેવું કેટલુંયે એકઠું થયું હશે એવી આશાએ હું ગયેલો, પણ કેવળ નિરાશ બનીને પાછો ફર્યો. વિષાદની વાત તો એ છે કે હેમચંદ્રાચાર્યની પણ જે ખરી મહત્તા છે તે પણ યોગ્ય આકારમાં તેઓ રજુ કરી ન શકયા અને વિશ્વધર્મ ઉપર તો તેમને કશો નવો પ્રકાશ પાડવાનો હતો જ નહિ. કીડી મંકોડીની જતના કરે તે જ સાચો વિશ્વધર્મ–એ સિવાય તેમના વ્યાખ્યાનમાંથી વિશ્વધર્મની બીજી કોઇ વ્યાખ્યા મને હાથ ન લાગી. આવાં વ્યાખ્યાનો ઉપાશ્રયમાં જ પુરાઇ રહે એમાં જ જૈન ધર્મ અને સમાજની વધારે શોભા છે.

પરમાનંદ

# સંઘ સમાચાર

## સંઘ રાહત પ્રવૃત્તિ ચાલુ રાખે છે.

આજથી એક માસ પહેલાં સંઘની છેલ્લાં ચૌદેક મહિનાથી ચાલતી વિવિધ પ્રકારની રાહત પ્રવૃત્તિ દીવાળીથી બંધ કરવામાં આવશે એવો સંઘની કાર્યવાહક સમિતિનો નિર્ણય 'પ્રબુદ્ધ જૈન'માં જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ સંઘની રાહત પ્રવૃત્તિમાં રસ ધરાવનાર અનેક ભાઈ બ્હેનો તરફથી આ પ્રવૃત્તિ કોઇ પણ રીતે ચાલુ રાખવાનો ચાલુ આગ્રહ થઇ રહ્યો હતો, જેના પરિણામે તા. ૭-૧૦-૧૯૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં આ પ્રશ્ન પુનઃ વિચારણા માટે રજુ કરવામાં આવ્યો હતો અને કેટલીક ચર્ચા બાદ નીચે મુજબ નિર્ણય કરવામાં આવ્યો હતો.

(૧) સંઘ તરફથી સુતર કંતામણ દ્વારા અપાતી સાર્વજનિક રાહત પ્રવૃત્તિનો ધાર્યા પ્રમાણમાં બહુ ઓછો લાભ લેવતો હોવાથી તે પ્રકારની રાહત આપવાનું દીવાળીથી બંધ કરવું.

(૨) કશા પણ ફીરકા ભેદ સિવાય જન સમાજના કેટલાક કુટુંબોને તાત્કાલિક જરૂરીયાતની રાહત આપવામાં આવે છે તેમ જ તેમના માસિક રોકડ તથા રેશનના બીલમાં સાધારણ રીતે પચાસ ટકા અને ખાસ કીસ્સાઓમાં ૭૫ ટકા સુધી મદદ આપવામાં આવે છે તે ૨૦૦૧ ના કાર્તક સુદ ૧ થી ૭ માસ સુધી ચાલુ રાખવી.

(૩) ચાલુ રાહત સમિતિના સભ્યોનું સંખ્યાપ્રમાણ બહુ મોટું હોવાથી તે સમિતિને આસો વદ ૦)) થી વિસર્જન કરવી અને તેની જગ્યાએ નીચે મુજબના સભ્યોની નીમવામાં આવેલી રાહત સમિતિએ સંઘની રાહત પ્રવૃત્તિ ચલાવવી.

### સભ્યોનાં નામો.

(૧) ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી, રામનિવાસ નવરોજ લેન, ઘાટકોપર.

(૨) શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન, મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, સીલ્વર મેન્સન ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ.

(૩) શ્રી. હરિલાલ શંભુલાલ, ઠે૦ લલિતકુંજ, બીજે માળે, ચંદાવર્કર ક્રોસ લેન, માટુંગા. (જી. આઇ. પી.)

(૪) શ્રી. જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ, બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ, B બ્લોક ચોથે માળે, ગીરગામ ટ્રામટરમીનસ પાસે. ટે. નં. ૪૪૫૯૩.

(૫) શ્રી. કાળીદાસ હરજીવનદાસ, ૧૯૫, સેમ્યુલ સ્ટ્રીટ.

(૬) શ્રી. મેનાબહેન નરોતમદાસ, ૨૬૬/૧૭૦, ફ્રીઅર રોડ, ત્રીભોવન કેશવજીનો માળો.

(૭) શ્રી. રતિલાલ સી. કોઠારી, ડાયમન્ડ મરચન્ટસ એસોસીએશન, ધનજી સ્ટ્રીટ, ટે. નં. ૨૩૦૬૫. મંત્રી.

આ પ્રમાણે સંઘની ચાલુ રાહત પ્રવૃત્તિ બીજા ૭ મહીના લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ રાહત પ્રવૃત્તિની શરૂઆત સં. ૧૯૯૯ ના આસો મહીનામાં કરવામાં આવેલી. શરૂઆતમાં આ પ્રકારની મદદનો લાભ લેતાં લોકોએ બહુ જ સંકોચ દાખવ્યો. પણ ધીમે ધીમે આ રાહત પ્રવૃત્તિની જેમ જેમ વિશેષ જાણ થતી ગઇ અને તેની ગુપ્તતા વિષે લોકોને પ્રતીતિ વધતી ગઇ તેમ તેમ આવી રાહતનો લાભ લેતં જૈન કુટુંબોની સંખ્યા એક વખત લગભગ ૧૧૫ સુધી પહોંચી ગઇ અને સંઘ તરફથી દર મહીને આ પ્રવૃત્તિને અંગે રૂ. ૮૦૦ થી ૯૦૦ ની વહેંચણી થવા લાગી. ચાલુ વર્ષમાં ગયા ચૈત્ર માસમાં મુંબઇમાં ભયંકર અગ્નિસ્ફોટ થયો અને તેના પરિણામે કેટલાંકનાં જીવન એકદમ અસ્થિર બની ગયાં અને કેટલાંક કુટુંબોને મુંબઇ છોડી જવાની ફરજ પડી. આને લીધે સંઘ પાસેથી મદદ લેતા જૈન કુટુંબોની સંખ્યા ઘટવા લાગી. આજે સંઘ તરફથી ઉપર જણાવ્યા મુજબ ૬૭ કુટુંબો વચ્ચે દર મહીને આશરે રૂ. ૬૦૦ વહેંચવામાં આવે છે. આ મદદ આજની ભયંકર મોંઘવારીમાં ટકી રહેવાની મુશ્કેલી અનુભવતા કોઇ પણ જૈન કુટુંબને મળી શકે તેમ છે. જેને આ મદદનો લાભ લેવાની ઇચ્છા હોય તેણે ઉપર જણાવેલા સભ્યોમાંથી કોઇને પણ મળવું અને મદદ યોગ્ય હશે તેને રાહત પ્રવૃત્તિની યોજના અનુસાર જરૂરી મદદ મળી શકે એવો પ્રબંધ કરી આપવામાં આવશે.

## જૈન સમાજને વિજ્ઞપ્તિ

જે સમાજની આ રીતે સેવા કરવાનો ઉદ્દેશ છે તે સમાજનો પુરો સહકાર મળશે એવા વિશ્વાસ ઉપર આ પ્રવૃત્તિ ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તો સમાજના દાનપરાયણ ગૃહસ્થોનો આવતી કાલે શું ખાશું અને પહેરશું એવી મુંઝવણમાં રાત દિવસ પસાર કરતાં અનેક ભાઇ બહેનોને પોતાના સુખચેનમાં ન ભૂલવા અને સંઘે યોજેલી રાહત પ્રવૃત્તિદ્વારા તેમને બને તેટલા મદદરૂપ થવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. આજ સુધીમાં જૈન સમાજે સંઘને આ પ્રવૃત્તિને ચલાવવા માટે લગભગ રૂા. ૯૦૦૦ આપ્યા છે અને તેમાંથી આસો વદ અમાસ સુધીમાં લગભગ રૂા. ૮૦૦૦ અપાયા છે. આજે આ યોજનાનો લાભ ખરેખર પાત્ર કુટુંબોને મળે તેની બને તેટલી ચોકસી કરવામાં આવે છે અને કેટલાય જૈન કુટુંબોને આ યોજના આશીર્વાદરૂપ થઇ પડી છે. આ યોજનાદ્વારા સાધારણ રીતે એક કુટુંબને સરેરાશ રૂા. ૧૧ ની માસિક મદદ મળે છે, અને મદદ લેનાર એવા પણ કુટુંબો છે કે જેમને માસિક રૂા. ૨૨ થી ૨૫ સુધીની મદદ પણ આપવામાં આવે છે. તો આ પ્રવૃતિના ફાળામાં યોગ્ય લાગે તે રકમ મોકલી આપવા તેમજ આવી રાહતની યોગ્યતા ધરાવનાર જૈન કુટુંબોને આ યોજનાનો લાભ લેવાની ખાસ ભલામણ કરવા જૈન સમાજના સુસ્થિત ભાઇ બહેનોને વિનંતિ કરવામાં આવે છે.

## રાહત પ્રવૃત્તિમાં ભરાયલી રકમો

તા. ૬-૯-૪૪ થી આજ સુધીમાં સંઘની રાહત પ્રવૃત્તિમાં નીચે મુજબ રકમો મળી છે. આ રીતે રાહત પ્રવૃત્તિને ટેકો આપનાર ગૃહસ્થોનો ઉપકાર માનવામાં આવે છે.

| | |
|---|---|
| ૨૦૦) | શ્રી. ડાહ્યાલાલ ત્રીભોવનદાસ |
| ૨૦૦) | ,, મણીલાલ મોકમચંદ શાહ |
| ૫૦) | ,, શંભુલાલ કલ્યાણજી |
| ૫૦) | ,, પ્રેમચંદ વેલજી મહેતા |
| ૫૦૦) | |

## 'પ્રબુદ્ધ જૈન'ને દીવાળીની બોણી

દર વર્ષે દીવાળીની ટાણે પ્રબુદ્ધ જૈનના વિવિધ પ્રશંસકો તરફથી નાની મોટી રકમો પ્રબુધ્ધ જૈનને ભેટ મોકલવામાં આવે છે તે મુજબ આ વખતે પણ યોગ્ય લાગે તે રકમ મોકલી આપવા વિનતિ કરવામાં આવે છે. પ્રબુદ્ધ જૈનને સરકારી કાયદાને આધીન રહીને ટુંકાવવું પડ્યું છે તે બાબતનું અમને ભારે દુઃખ છે અને તે મર્યાદામાંથી મુક્તિ મેળવવા અમે બનતો પ્રયત્ન કરી રહ્યા છીએ. સાધારણ રીતે સંઘના મંત્રી શ્રી મણિભાઇ જાતે મહેનત લઇને અને સ્થળે સ્થળે ફરીને દીવાળીની બોણી નિમિત્તે સારી રકમ એકઠી કરતા હતા. આજે તેમને તેવી તકલીફથી આપણે બચાવવા જોઇએ. તે કારણે જ પ્રબુદ્ધ જૈનના પ્રશંસકોને આ ખાસ વિજ્ઞપ્તિ કરવાની જરૂર ભાસી છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬ ]  મુંબઈ: ૧ નવેમ્બર ૧૯૪૪ બુધવાર  [ અંક ૧૩

## વ્યાવહારિક અનેકાન્ત

### આજના પ્રશ્નોનો ઉકેલ

(ગતાંકથી ચાલુ)

જૂનો આદર્શ છે કે વ્યકિત પોતાના આત્માનું જ કલ્યાણ કરે. પોતાના કલ્યાણ માટે બીજાની સેવા કરવી જ જોઈએ એ કાંઇ આવશ્યક મનાયું નથી. માત્ર જ્યારે તેને એવી કલ્યાણની ભૂખ જાગે ત્યારે માતા-પિતા, પતિ–પત્ની સૌ કોઇને છોડીને એકલો નીકળી પડે અને નિવૃત્તિવાળું પ્રવૃત્તિશૂન્ય જીવન ગાળે; પણ અત્યારે તો આપણી સામે નવો જ આદર્શ મૂકવામાં આવે છે કે તમારી શક્તિઓનો ઉપયોગ કુટુંબની ભલાઇમાં તો કરો જ, પણ સાથે સાથે જાતિ, દેશ અને પરિણામે વિશ્વની ભલાઇમાં પણ કરો જ. અત્યારના પ્રવૃત્તિમય સમાજ–જીવનમાં જૂનો આદર્શ યથાર્થ રીતે પાળી શકાતો નથી તેમ તેના પાશમાંથી છુટાતું પણ નથી. નવો આદર્શ લાગે છે તો સારો પણ સ્વીકારવા જતાં સંસ્કાર ના પાડે છે. આમ જીવનમાં દ્વન્દ્વ જામે છે.

જૈનધર્મમાં જ્ઞાતિબંધન નથી જ. જૈન ધર્મે જ્ઞાતિબંધન ફેંકી દીધું તે જ તો તેની હિન્દુ ધર્મથી વિશેષતા છે. આમ દિન રાત જૈન આપણે ધર્મની વિશેષતા ગણાવીએ છીએ છતાં પોતાની પુત્રી અથવા પુત્ર અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તે તો સાંખી શકાતું જ નથી. પુત્રને સારી પત્ની મળે તેમ ચાહીએ છીએ, છતાં પુત્ર સ્વેચ્છાથી પત્ની શોધી લેતો હોય તો આડે આવવાની ફરજ સમજીએ છીએ. આમ પુત્ર અને પિતાનું દ્વન્દ્વ–યુદ્ધ જામે છે, પણ માર્ગ કાઢી શકાતો નથી.

જૈન ધર્મે તો બધા મનુષ્યોને સરખા જ ગણ્યા છે. કોઇને ઊંચું નીચું સ્થાન માત્ર જન્મના કારણે જૈન ધર્મમાં છે જ નહિં. હિન્દુ ધર્મમાં ઊંચ–નીચની ભાવના પેસી ગઇ હતી તેને મહાવીરે દૂર કરી અને સમભાવનો પ્રચાર કર્યો. આમ એક બાજુ જૈન ધર્મ અને મહાવીર વિષે મોટી મોટી વાતો કરીએ છીએ અને બીજી બાજુ કોઇ હરિજન મંદિર કે ઉપાશ્રયમાં દાખલ થવા આવે તો મોટો શોર મચાવી મૂકીએ છીએ અને બચાવ કરીએ છીએ કે ભાઇ! ધર્મ અને વ્યવહાર બન્ને તદ્દન જુદા જ છે. જે ધર્મમાં સાચું હોય તે વ્યવહારમાં ન પણ ચાલી શકે. અને સુધારકોને ચૂપ કરવા બેસી જઇએ છીએ–કે 'ભાઇ! તમને ધર્મ સમજતા હજી વાર લાગશે.' જે રૂઢિ આપણા વડવા કરી ગયા છે તે શું મૂર્ખ હતા? આમ સુધારક અને રૂઢિચુસ્તના ઝઘડા ચાલ્યા જ કરે છે પણ બન્ને નક્કી નથી કરી શકતા કે રૂઢિ સાચી કે ધર્મ?

લગ્નજીવનમાં પતિ–પત્નીને બનતું જ ન હોય, ભવિષ્યમાં પણ બને એવો સંભવ ન હોય, છતાં રૂઢિ ખાતર બન્નેએ સાથે રહેવું જ જોઇએ. એટલે પતિ પોતાની પત્નીને સારી રીતે રાખી પણ શકતો નથી તેમ છોડી પણ શકતો નથી અને સ્ત્રી પણ પૂર્ણ દુઃખી હોવા છતાં પતિથી જુદા રહેવાની હિમ્મત કરી શકતી નથી. આ બધું જ્ઞાતિના મોવડીઓ જોઇ રહ્યા હોય છતાં કોઇ છૂટાછેડાની વાતો કરે તો તે તેમને પસંદ નથી પડતી. કોઇ સરકારદ્વારા કાયદેસરની છૂટ લેવા હીલચાલ કરે તો તે પણ પસંદ નથી. પણ કોઇ છૂટાછેડા કરી જ નાખે તો થોડા દિવસ હોહા થઇ બધું શાંત પડી જાય છે. આવી બાબતોમાં સાધુ–સાધ્વીને પૂછવામાં આવે તો જવાબ મળે–ભાઇ, તમારી સાંસારિક બાબતોમાં અમારાથી ન પડાય. પણ જો આવું દુઃખીયારૂં કોઇ દીક્ષા લેવા તૈયાર થતું હોય તો પડાપડી થાય ખરી અને સૌ કોઇ સલાહ આપવા મંડી જાય કે ભાઇ, ખરૂં કલ્યાણ તો સંસાર છોડવામાં જ છે. સમાજને જ સારા સંસારની જરૂર નથી કે માત્ર બધા દુઃખનો છૂટકારો દીક્ષામાં જ શોધવાનો રહ્યો? શ્રી ભગવાને તીર્થમાં સદ્‌ગૃહસ્થને સ્થાન નથી જ આપ્યું?

કેશી અને ગૌતમ પોતાના જુદા જુદા આચાર છતાં એક ઠેકાણે બેસી એકબીજાની વાતને સમજ્યા અને છેવટે ભગવાન મહાવીર અને ભગવાન પાર્શ્વનાથના સંઘનો સમન્વય કર્યો. આ તેમનું જૈનધર્મના ઇતિહાસમાં કેવું નમુનારૂપ કાર્ય છે? આમ કેશી અને ગૌતમની અને તેમના કાર્યની પ્રશંસા કરવા છતાં અત્યારના સંપ્રદાય–ભેદોને ઉત્તરોત્તર વધારતા જ જવા અને એ ભેદોને જે સૌથી વધારે સારી રીતે પોષે તેજ મહાન આચાર્ય ગણાય–એ વૃત્તિને પોષવી અને એમ કરી એકતાના કાર્યને અશકય બનાવી મૂકવું એટલું જ નહિં પણ જેઓ સમન્વય કરવાની કોશિષ કરતા હોય તેમને વગોવવાનો રીતસરનો ધંધો લઇ બેસવું અને તેમાં જ ધર્મપ્રભાવના માની રાચવું–આ અત્યારના ધાર્મિક સમાજની સ્થિતિ છે. અન્તર્દષ્ટિ પુરૂષ બાહ્ય પ્રવૃત્તિ કરે જ નહિ. અને કરે તો તેને અન્તર્દષ્ટિ કહેવાય જ નહિ.–આ ઓઠા નીચે કોઇ પણ જવાબદારીનું કામ જૈન સાધુ સ્વીકારતા જ નથી. એટલે તેમને ભાગે સામાજિક કે દેશકાર્ય કરવાનું આવતું જ નથી. પણ આ જમાનામાં તો આવશ્યકતા જ એવી ઊભી થઇ છે કે દેશકાર્ય કરનારની પ્રતિષ્ટા વધે છે. તેથી પરિણામે સાધુઓને ભાગે બાહ્ય દૃષ્ટિ જીવોની નિંદા કરવાનું જ બાકી રહે છે. જો કોઇ જરા ડાહ્યો સાધુ હોય તો પોતે નિંદા તો નહિં કરે, પણ આસપાસ વાતાવરણ એવું જ ઊભું કરશે કે જેથી પોતાના મંડળમાં પ્રતિષ્ઠા પોતાની જ બની રહે. પણ આ ઢાંકપીછોડો લાંબા કાળ સુધી ચાલી શકતો નથી. એ જ્યારે દેશકાર્ય કરનારની સ્વતઃસિદ્ધ પ્રતિષ્ઠાથી અંજાઇ જાય છે ત્યારે તેના પોતાના દિલમાં મૂંઝવણ ઊભી થાય છે કે સાચું તે શું? દેશકાર્ય કે આત્મકાર્ય?

વીતરાગની મૂર્તિને ધનની જરૂર નથી છતાં તેની પાછળ એટલું બધું ધન એકઠું થાય છે કે એથી ચોરને ચોરી કરવાનું મન થઇ જાય છે. છતાં રૂઢ સમાજને એ વિચારવાની દરકાર નથી કે આ તે આપણે આ બધું એ મૂર્તિને નામે શા માટે ચડાવીએ છીએ? મૂર્તિને તો જરૂર જ નથી. મંદિરો પણ એટલાં બધાં છે કે હવે તેને પૂજનારાનો જ તૂટો છે. ત્યારે આ સ્થિતિમાં સમજદાર વર્ગ નવો વિચાર આગળ ધરે કે એ દેવદ્રવ્યનો ઉપયોગ સમાજના ગરીબ લોકોના ભલા માટે કરો તો તે પણ રૂઢ લોકોને ગમતું નથી. આ સ્થિતિમાં એ ધન શું એમને એમ પડી રહેવા દેવું કે તેના ઉપયોગનો પણ કોઇ માર્ગ કાઢવો એ વિચારવું શું જરૂરી નથી?

સાંવત્સરિક એકતા જેવા પ્રશ્નમાં સાધુઓને પૂછવામાં આવે તો તેઓ શાસ્ત્રને આગળ ધરી 'અમને શાસ્ત્રની બીક છે માટે અમુક તિથિએ અમે સંવત્સરી ન કરી શકીએં' એવો ખુલાસો કરે છે, પણ એજ સાધુને તેના શાસ્ત્રવિરૂદ્ધ બીજા કોઈ આચાર વિષે પૂછવામાં આવે તો જવાબ મળે છે કે 'શું કરીએ પાંચમો આરો કઠણ છે!' તેમના પરિગ્રહને કોઇ સીમા હોતી નથી. સાધુ માટે શ્રાવકનું ઘર એક પ્રકારની બેંકનુંજ કામ આપે છે, છતાં કોઇ સાધુને રેંટીઓ કે તકલી રાખવાનું કહેવામાં આવે તો તરત શાસ્ત્રકાર મહારાજની મદદ લઇ કહી દેવામાં આવશે કે એવાં પ્રવૃત્તિના કાર્યમાં સાધુથી પડી શકાય નહિં. પરસ્પર લડાઇ કરવામાં શાસ્ત્રને બાજુએ રાખવું અને એમ છતાં એકતાની વાત કોઇ કહે તો શાસ્ત્રની દુહાઇ દઇ કહેવું કે 'અમે

# કેટલાક સમાચાર અને નોંધ

## ગાંધીજીના આગામી ઉપવાસ

થોડા દિવસ પહેલાં જ પ્રગટ થયેલ ગાંધીજીના એક નિવેદને જનતાના દિલમાં ભારે ચિંતા પેદા કરી છે અને આ ઉમ્મરે અને આવી શારીરિક નબળાઇઓ વચ્ચે રખેને તેઓ લાંબા દિવસોનો કોઇ મુદતી અથવા તો આમરણાન્ત ઉપવાસ શરૂ કરવાનું જાહેર કરે એવી વ્યાકુલતા સૌ કોઇના દિલને પીડી રહી છે. તેઓ મુદતી ઉપવાસ જાહેર કરે તોપણ છેલ્લા ૨૧ દિવસના ઉપવાસ માફક આ ઉપવાસ પણ તેમના અસ્તિત્વને જોખમાવ્યા વિના રહે જ નહિ અને તે જોખમ છેલ્લા ઉપવાસ કરતાં પણ આ વખતે વધારે ચિંતાજનક જ હોય.

ગાંધીજી જણાવે છે તેમ આ ઉપવાસ વિષે હજુ તેમણે છેવટનો નિર્ણય કર્યો નથી, પણ સાથે સાથે તેઓ એમ પણ જણાવે છે કે આ બાબત તેમના મનમાં ઘોળાઇ રહી છે અને દિનપ્રતિદિન મૂર્ત સ્વરૂપ લઇ રહી છે અને કોઇ મોટા ઉપવાસ તરફ ખેંચી રહી છે. આ બાબતમાં તેઓ મિત્રો અને શુભેચ્છકો પાસેથી પ્રકાશ અને દોરવણી માંગી રહ્યા છે. આ વળી ઉપવાસની બાબત ક્યાંથી આવી એમ સૌ કોઇ ચોંકી ઉઠયા છે અને જેમને જેમને ગાંધીજી સાથે પત્રવ્યવહારનો કે મળવાનો સંપર્ક છે તેઓ પોતપોતાની રીતે તેમને આવા ઉપવાસથી વારી રહ્યા છે અને પોતાને સુઝે તેવી દલીલો આગળ ધરી રહ્યા છે. આ સમજાવટ અને દલીલબાજી ગાંધીજીને આગામી ઉપવાસથી દૂર લઇ જાય છે કે સમીપ ખેંચી રહી છે તે એક પ્રશ્ન છે. સંભવ અને ભય તો એવો છે કે એ બધા પ્રયાસો ઉપવાસને કેવળ સમીપ જ લાવી રહેલ છે.

જો આપણે આ બાબતમાં શું ઇચ્છીએ છીએ અને ધારીએ છીએ એ જાણવાની અને તે મુજબ વર્તવાની ગાંધીજીની ઇચ્છા હોય તો આપણે સૌ એકી અવાજે અને બને તેટલા ભારપૂર્વક કહી શકીએ તેમ છે કે "બાપુજી ! આપનું બધું અમને સમજાય છે, પણ આપનો આ ઉપવાસનો નાદ અમને જરા પણ સમજાતો નથી. આપની દોરવણીની—આપના લંબાય તેટલા લાંબા આયુષ્યની—અમને પુરી જરૂર છે. આપ એક વખત અમને છોડી જવાના છો એ અમે બરોબર સમજીએ છીએ, પણ એ તો વિધિની ઇચ્છા હશે એમ થશે અને આપના અભાવે અમારૂં પણ થવાનું હશે તે થશે; પણ કૃપા કરીને આ રીતે આપના જીવનને જોખમાવો નહિ અને આમ આપનો અકાળે અન્ત આવે એવું પગલું ભરો નહિ." પણ આ આપણી વિનવણી બાપુજી ઓછી જ લક્ષ્યમાં લેવાના છે? તેઓ તો આખરે તેમનો અન્તરનો અવાજ જેમ કહેશે તેમ જ કરવાના છે !

પણ આ અન્તરના અવાજની પણ જરા ઉંડાણથી સમીક્ષા કરવાનું બાપુજીને આપણે કહી ન શકીએ? ચોતરફ અસત્યભર્યો વર્તાવ અને હિંસાત્મક આચરણ આજે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. તે જ અનુભવ અને તેમાંથી નિપજતું માનસિક સંવેદન બાપુજીને ઉપવાસની પ્રેરણા આપી રહ્યું હોય એમ કાંઇક તેમના નિવેદન ઉપરથી લાગે છે. આપણે તો સામાન્ય માનવીઓ અને આપણે એટલા બધા સ્વાર્થરત છીએ કે આપણને દુનિયામાં—દૂર તેમજ નજીક—ક્ષણે ક્ષણે અનુભવગોચર થતાં અસત્યો અને હિંસાત્મક કૃત્યો એટલાં બધાં ન ડંખે એ સ્વાભાવિક છે; પણ આજે અહમદનગરમાં કે અન્યત્ર પુરાયલા કેટલાક પવિત્ર સત્યનિષ્ટ અને અહિંસાપ્રણત આત્માઓ છે. તેમનાં દિલ પણ ચોવીશે કલાક આ બધું જોઇને પુષ્કળ બળ્યા જ કરે છે. શું તેમને કોઇ અંતરનો અવાજ નથી? અથવા તો તેમનામાં રહેલો અંતરનો અવાજ ચોતરફ ચાલતા ઘોર પાપાચરણ સામે વિરોધ દાખવવા માટે અથવા તો તે વિષે દિલમાં સળગી રહેલા હુતાશનના પ્રશમન અર્થે એક દિવસનો પણ ઉપવાસ કરવાની પ્રેરણા કેમ આપતો નથી? પણ કમનસીબે આ બાબતમાં ગાંધીજીનું માનસિક ઘડતર અન્ય વિશિષ્ટ વ્યક્તિઓ કરતાં કોઇક વિલક્ષણ પ્રકારનું લાગે છે અને તેથી જ્યારે અન્ય કોઇ વ્યક્તિ ચોતરફનો દાવાનળ બુઝાવવા શકય હોય તે પ્રયત્ન કરે અને જ્યાં તત્કાળ અસહાયતા જેવું લાગે ત્યાં ધીરજ ધરી ઇશ્વરમાં શ્રદ્ધા રાખી બેસી રહેવાનું પસંદ કરે ત્યારે અને ત્યાં ગાંધીજીનું માનસ આવી અસહાયતા સ્વીકારી શકતું નથી અને એકાએક કોઇ લાંબા ઉપવાસ ઉપર જ તેમનું મન દોડે છે. આ ગાંધીજીની સ્વાભાવિક પ્રકૃતિ થઇ પડી હોય એમ લાગે છે અને તેને રોકવાને કોણ સમર્થ છે? આ બાબતમાં આપણે પણ ગાંધીજી પુરતી એક પ્રકારની અસહાયતા અનુભવીએ છીએ. માત્ર આપણામાં અને ગાંધીજીમાં ફરક એટલો જ છે કે ગાંધીજી વિષયક આપણે સૌ જે અસહાયતા અનુભવી રહ્યા છીએ તે અનુભવ આપણામાં કોઈ લાંબા ઉપવાસ ઉપર જવાની વૃત્તિ જન્માવતો નથી. આપણી શક્તિ અને મર્યાદા પોકાર કરવા પુરતી જ છે કે "બાપુજી ! આ ઉપવાસની વાત કૃપા કરીને પડતી મૂકો. આજે ચોતરફ ઘનઘોર અંધકાર ભર્યો છે અને અમે સૌ જ્યાં ત્યાં ગોથાં ખાઇએ છીએ. અમારા દિલમાં નિરાશા ભરી છે અને અમારી કાર્યશક્તિ કુંઠિત થઇ ગઇ છે. પ્રકાશના અધિકારી આપ છો અને અમર આશા પણ આપને વરી છે. આપના ઉપવાસ અને તેમાંથી સંભવિત મૃત્યુ અંધકાર કે નિરાશાને ખુબ વધારશે—ઘટાડશે નહિ. આપ અમને દોરવણી આપો. અમે ડગમગતે પગલે આપની પાછળ પગ ઉપર પગ માંડી રહ્યા છીએ. આપના અમૂલ્ય જીવનને આપ કૃપા કરીને આમ જોખમમાં નાંખવાનો વિચાર ન કરો. હિંદુસ્થાનની—બલ્કે માનવી—જગતની—લાખો નરનારીઓની—આપને અતિ નમ્ર ભાવે છતાં અત્યંત આગ્રહપૂર્વક આ પ્રાર્થના છે, અરજી છે, વિજ્ઞાપના છે. અમો સર્વના અંતરનો આ અવાજ છે, પોકાર છે." એ અવાજ એ પોકાર શું ગાંધીજીને નહિ જ સ્પર્શે?

## ક્યાં આદર્શ? ક્યાં આજની વાસ્તવિકતા?

પંચ પ્રતિક્રમણ સૂત્રમાં જૈન ગુરૂનું વર્ણન નીચે મુજબ કરવામાં આવ્યું છે. "પાંચ ઇંદ્રિયનો સંયમ કરનાર, નવવિધ બ્રહ્મચર્યનું પાલન કરનાર, ચાર પ્રકારના કષાયથી મુક્ત, પાંચ મહાવ્રતને ધારણ કરનાર, પાંચ પ્રકારનો આચાર પાળવામાં સમર્થ, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી યુકત એવા મારા ગુરૂ છે" ચાર પ્રકારના કષાયમાં એક કષાય ક્રોધનો છે. પાંચ મહાવ્રત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે અને તેમાં સત્ય વચનની વ્યાખ્યા 'સત્ય, પ્રિય અને પથ્ય વચન' એમ કરવામાં આવી છે. પાંચ સમિતિમાં એક ભાષા—સમિતિ છે. ત્રણ ગુપ્તિમાં એક વચનગુપ્તિ છે. આ રીતે જૈન સાધુના આચારમાં વચનશુદ્ધિ ઉપર ખુબ જ ભાર મૂકવામાં આવ્યો છે. આ એક આદર્શ છે, કલ્પનાચિત્ર છે.

---

એવી એકતા ખાતર શાસ્ત્રવિરાધનાનું પાપ વહોરી શકીએ જ નહિ.'

સટ્ટો અગર વ્યાજનો ધંધો નિરવધ, પણ અનાજનો વ્યાપાર પાપમય. મીલમાલીક હોય છતાં પ્રથમ પંક્તિનો શ્રાવક ગણાય અને ખેતી કરી પોતાના ગુજરાન સાથે બીજાની આવશ્યકતાની પૂર્તિ કરનાર પાપી! રેંટીયામાં વાયુકાયની હત્યા અને નેનકલાકના ફટફડાટમાં જાણે વાયુકાયની રક્ષા જ ન હોય?

આમ શું સાધુજીવનના કે શું સાંસારિક જીવનના અનેક પ્રસંગો એવા છે જે સાફ વ્યાપક દૃષ્ટિએ ઉકેલ માંગે છે અને એ ઉકેલ શાસ્ત્રીય અનેકાંત આપણને નથી આપી શકતો. એટલે હવે તો બધું બુદ્ધિબળ આ વ્યાવહારિક જીવનના પ્રશ્નોની પાછળ વ્યાવહારિક અનેકાંત દૃષ્ટિથી વાપરવું જોઇએ અને જ્યાં સુધી આમ નહિં બને ત્યાં સુધી આપણું જીવન પાંગળું અને વિસંવાદી જ બની રહેવાનું. જીવનને આમ પાંગળું રાખવું એ તો કોઇ બુદ્ધિમાનને પાલવે નહિં એટલે હવે શાસ્ત્રીય અનેકાંતને થોડીવાર બાજુએ રાખી લૌકિક અનેકાંતને—જીવનના અનેકાંતને—વિકસાવવો એ જ આપણું ધ્યેય હોવું જોઇએ.

સમાપ્ત

હસમુખ માલવણિયા.

હવે આજે પ્રસ્તુત વચનશુદ્ધિ પરત્વે વાસ્તવિક પરિસ્થિતિ શું છે તેનો એકાદ દૃષ્ટાંત ઉપરથી આપણે વિચાર કરીએ. આજે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના બે પ્રમુખ આચાર્યો શ્રી. સાગરાનંદસૂરિ અને શ્રી. વિજયરામચંદ્રસૂરિ (તેમનાં મૂળ નામ તો મુનિ આનંદસાગરજી અને મુનિ રામવિજયજી છે, પણ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં જ્યારે કોઇ સાધુ આચાર્ય બને છે ત્યારે તેમનાં નામ ઉલટાવવામાં આવે છે. એ પરંપરા મુજબ આ આચાર્યોને સાગરાનંદસૂરિ અને વિજયરામચંદ્રસૂરિ તરીકે ઓળખવામાં આવે છે અને આવા સાધુઓ આચાર્ય થયા બાદ સાધારણ રીતે બે પગ ઉપર ચાલવાને બદલે માથા ઉપર ચાલતા માલુમ પડે છે.) વચ્ચે તિથિના પ્રશ્ન ઉપર કેટલાક સમયથી બહુ મોટો મતભેદ ઉભો થયો છે એ બહુ જાણીતી વાત છે. એક આચાર્ય તિથિ સંબંધમાં ચાલુ પરંપરા જ શાસ્ત્રસંમત છે એમ માને છે અને જણાવે છે, જ્યારે અન્ય આચાર્ય શાસ્ત્રદૃષ્ટિએ તિથિઓને લગતી ચાલુ પરંપરામાં ચોક્કસ ફેરફારો સૂચવે છે એટલું જ નહિ પણ પોતાના અનુયાયી વર્ગ પૂરતો એ ફેરફારનો અમલ પણ તેમણે શરૂ કરી દીધો છે. તાજેતરમાં શ્રી. સાગરાનંદસૂરિના અભિપ્રાય મુજબ તેમના શિષ્યોએ તૈયાર કરેલું અને શ્રી રમણલાલ વાડીલાલના નામથી પ્રગટ કરવામાં આવેલું લગભગ ફુલસ્કેપના કદનું અને બન્ને બાજુએ છાપેલું એક પંચાંગ પ્રસિદ્ધ થયું છે. આ પંચાંગમાં માત્ર તિથિ તારીખોને લગતી જ હકીકતો મૂકવામાં આવી હત અને પોતાના અભિપ્રાય મુજબ તિથિઓને ગોઠવવામાં આવી હત તો કોઇને કશું કહેવાપણું કે વિચારવાપણું રહેત નહિ, પણ આ પંચાંગમાં તિથિ તારીખ વારની વિગતો ઉપરાંત 'વાંચો, વિચારો, સમજો અને સમજાવો' એ મથાળા નીચે તિથિઓ સંબંધે પોતાના મતનું ત્રણ કલમમાં સંક્ષિપ્ત પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને ત્યાર બાદ નીચેના મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે:—

"૪. આગમશાસ્ત્રોને જુઠ્ઠાં અને અપ્રમાણ માનનારી રામટોળી તો શાસનપતિત જ છે.

"૫. શાસનપક્ષે રામટોળીની હરામી દેખીને જ શેઠ કસ્તુરભા-ને સાવચેત કર્યા હતા અને તે હરામીના લખાણને અમાન્ય કર્યું હતું.

"૬. હરામી કરનારી રામટોળી તો પોતે જ આઠમ ચૌદશના ક્ષયે સાતમ તેરસનો ક્ષય કરવાનું કહીને અને વૃદ્ધિમાં બીજી જ ઉદયવાળી છે છતાં પંચાંગમાં તેમ નથી કરતી.

"૭. પુના આદિના કાગળો પકડાઇ જવાથી રામટોળીની હરામીમાં શંકા નથી."

આ ઉપરાંત બીજું પણ એવું કેટલુંક લખાણ પ્રસ્તુત પંચાંગમાં ભર્યું છે પણ વસ્તુનિર્દેશ માટે ઉપરનું અવતરણ પુરતું છે. ઉપરના અવતરણને કઇ કોટિમાં મૂકવું તે સમજાતું નથી. કોઇ એમ ન સમજે કે આવાં અશિષ્ટ લખાણો એક જ બાજુએ સંભવે છે. અન્ય પક્ષ પણ ગલીચ ભાષાના પ્રયોગમાં એટલો જ કુશળ છે. તેમની મારફત ચાલતા સામાયિકોની ફાઇલોમાં આવું લખાણ ઢગલાબંધ ભર્યું છે. એ સમજુ માણસો પણ પોતાના મતભેદો રજુ કરતાં આવા ગંદા શબ્દ પ્રયોગો ન કરે તો સાધુઓ વિષે તો કહેવું જ શું? પોતાના જ પ્રતિપક્ષીને 'હરામી'નું વિશેષણ આપવું અને પોતાના પ્રતિપક્ષને રામટોળી તરીકે ઓળખ વવો—આ તે કયા પ્રકારની ભાષા સમિતિ અને કેવી જાતની વચનગુપ્તિ સમજવી? પ્રતિપક્ષના આગેવાન આચાર્ય અને તેમના અનુયાયી વર્ગને આમ ભાંડવાથી આખરે તો સાધુસંસ્થા જ વગોવાય છે અને દુનિયાની નજરમાં હલકી પડે છે એટલું પણ આ પંચાંગના રચયિતાના ધ્યાનમાં આવતું નહિ હોય? કોઇ પણ પ્રશ્ન ઉપર આચાર્યો વચ્ચે ગમે તેવો મતભેદ હોય પણ દરેક પક્ષને આવી ગલીચ ભાષા વાપરતા અટકાવવા જ જોઇએ અને આવું જંગલીપણું ચલુ રાખનાર સાધુ કે આચાર્યને યોગ્ય નસીયત થવી જોઇએ. દરેક પક્ષ સાથે લાગવગ ધરાવતા આગેવાન શ્રાવકોનું આ ખાસ કર્તવ્ય છે. ઉપર આપેલ લખાણ સંબંધે સંભવ છે કે એવો બચાવ કરવામાં આવે કે એ લખાણ કોઇ સાધુનું લખેલું હોવાનો આક્ષેપ અસત્ય અને બીનપાયાદાર છે, પણ આવા બચાવથી કોઇ રખે ભરમાય. આ બાબતનો પાકો પુરાવો છે અને આ કાંઇ પહેલો જ બનાવ નથી. જ્યારે જ્યારે કોઇ પણ પ્રશ્ન ઉપર આગેવાન જૈન આચાર્યો વચ્ચે મતભેદ ઉભો થયો છે ત્યારે ત્યારે તે તે આચાર્ય અથવા તો તેમના શિષ્ય સમુદાયના હાથે લખાયલી અને એમ છતાં કેવળ બનાવટી નામે પ્રગટ કરાયલી કેટલીયે પત્રિકાઓ મારા જોવામાં આવી છે. અપ્રગટ રહીને ગાળો આપવાનો કેટલાંક સાધુઓનો આ ધંધો કંઇ કાળથી ચાલતો આવ્યો છે. આવી ગલીચ પ્રવૃત્તિથી સાધુવેશ લાજે છે, સાધુતા લાજે છે અને જે ધર્મના પ્રતિનિધિ બનીને જૈન સમાજનાં સન્માન અને પ્રતિષ્ઠા તેઓ માણે છે તે ધર્મ પણ લાજે છે. આ સામે સમસ્ત જૈન સમાજે સખ્ત પોકાર ઉઠાવવો જોઇએ અને જૈન ધર્મ અને સાધુ સંસ્થાને ભારેમાં ભારે હીણપત પહોંચાડતી આવી પ્રવૃત્તિને મૂળમાંથી અટકાવવી જ જોઇએ. 'જે કાંઇ વિચારો સમાજ સમક્ષ મૂકવા જરૂરી લાગે તે જરૂર મૂકો, પણ યોગ્ય ભાષામાં અને યોગ્ય રીતે મૂકો. વિચારની રજુઆતના નામે ગંદવાડનો ફેલાવો અને કેવળ દ્વેષ મત્સરનો પ્રચાર સમાજ હવે ચલાવી લે તેમ છેજ નહિ' એવી આણ ચોતરફ ફેલાવવી જ જોઇએ અને એવી આમન્યા સ્વીકારવાની પ્રત્યેક સાધુને ફરજ પાડવી જોઇએ. સમાજના આગેવાનો આ બાબતમાં સખત પગલાં લેશે અને વધતા જતા અનર્થને અટકાવશે એવી આશા રાખવામાં આવે છે.

## આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિની જન્મજયન્તી

શ્વે. મૂ. સમાજના સુવિખ્યાત આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિએ ૭૫ વર્ષ પુરાં કર્યાં. તેમની જન્મ જયન્તીનો એક ભવ્ય સમારંભ બીકાનેર ખાતે યોજવામાં આવ્યો હતો અને આ સમારંભમાં નજીક દૂરના અનેક જૈન ભાઇઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત અવસરના અનુસંધાનમાં મુંબઇ ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં જૈનોની એક જાહેર સભા મુંબઇ ઇલાકાના માજી વડા પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે મળી હતી અને તે પ્રસંગે ખેરસાહેબે આચાર્યશ્રીની આજ સુધીની જીવનચર્યાની અને ઉજ્જવળ કારકીર્દીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી અને એ સાથે જૈનધર્મના મર્મને બહુ સુંદર રીતે રજુ કર્યો હતો. પ્રસ્તુત પ્રસંગે મુંબઇ જૈન યુવક સંઘે પણ આચાર્યશ્રીએ કેળવણી પ્રચારના ક્ષેત્રમાં જે મોટો ફાળો આપ્યો છે તેની પ્રશંસા કરતો, તે માટે તેમને ધન્યવાદ આપતો અને તેમને દીર્ઘાયુષ ઇચ્છતો એક તાર આચાર્યશ્રી ઉપર મોકલ્યો હતો.

જૈન સમાજમાં અને ખાસ કરીને શ્વે. મૂ. સમાજમાં આચાર્ય પદને વરેલા સાધુઓની સંખ્યા કાંઇ નાનીસુની નથી. એ બધા આચાર્યોમાં આ આચાર્યની કારકીર્દી એક જ કારણે અન્યથી જુદી તરી આવે છે. અન્ય સર્વ આચાર્યોની દૃષ્ટિ ભૂતકાળ ઉપર છે અને આવતા ભવને કેમ સુધારવો તે બાબત ઉપર જ તેઓ પોતાના ઉપદેશમાં અત્યન્ત ભાર મૂકે છે, ઐહિક જીવનના કે ગૃહસ્થ જીવનના ઉત્કર્ષની તેમને લેશમાત્ર પડી નથી, જ્યારે શ્રી. વિજયવલ્લભસૂરિ જ એક એવા આચાર્ય છે કે જેઓ બદલાયલા દેશકાળના મર્મને કાંઇક પરખી શક્યા છે અને આજની કેળવણી લીધા સિવાય જૈન સમાજને ટકવાનો કે આગળ વધવાનો બીજો કોઇ માર્ગ જ નથી એ હકીકત જેમના દિલમાં સચોટપણે ઉગેલી છે. આ ભાવના તેમણે વિચાર પુરતી જ માત્ર સેવી નથી, પણ સ્થળે સ્થળે ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છતા શ્વે. મૂ. વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો ઉઘડાવીને તેમજ પંજાબમાં એક જૈન કોલેજ ઉભી કરીને પોતાની ભાવનાનો તેમણે શક્ય તેટલો અમલ કર્યો છે અને તે માટે તેમને જૈન સમાજ જેટલા ધન્યવાદ આપે તેટલા ઓછા છે.

આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિજીની ઘણી ખરી પ્રવૃત્તિ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ સાથે જોડાયલી છે. જેમ એક બાજુએ કેળવણીના પ્રશ્ન પરત્વે તેઓ ઉદારમતવાદી છે તેમ બીજી બાજુએ જૈનેતરોને જૈન બનાવવાની અને સ્થાનકવાસીઓને મૂર્તિપૂજક બનાવવાની તેમની

પ્રવૃત્તિ તેમનામાં રહેલી સાંપ્રદાયિક સંકીર્ણતાને પ્રગટ કર્યા વિના રહેતી નથી. ઉચ્ચ કેળવણીનો જૈનોમાં કેમ વધારે ને વધારે પ્રચાર થાય તે બાબતના તેમના આગ્રહને લીધે અને તેને લગતી તેમની સતત પ્રવૃત્તિને લીધે જૈન સમાજના રૂઢિચુસ્ત વર્ગનો તેમજ સાધુસમુદાયનો તેમને ખુબ સામનો કરવો પડયો છે અને વિરોધ સહેવો પડયો છે. બીજી બાબતોમાં તેમનું વળણ વિનીતો જેવું અને સાધારણ રીતે રૂઢિચુસ્તો તરફ ઢળતું રહ્યું છે. આનું પરિણામ એ આવ્યું છે કે રૂઢિચુસ્તોએ તેમને સુધારક સાધુ તરીકે વગોવ્યા છે અને સુધારકોને કેળવણી પ્રચાર સિવાયની બીજી કોઇ બાબતમાં તેમની તરફથી સ્પષ્ટ માર્ગદર્શન કે નવી દોરવણી મળી નથી. આમ છતાં પણ તેમનું અખંડ અને ઉજ્જવળ ચારિત્ર્ય આવી કેટલીક નાની મોટી બાબતોને ગૌણ બનાવી દે છે અને સમસ્ત જૈન સમાજના દિલમાં તેમના માટે અસાધારણ આદર અને સન્માનની લાગણી પેદા કરે છે. તેમના હાથે હજુ પણ અનેક સેવાઓ થયા કરે અને અખંડ સેવા અને નિરવદ્ય ચારિત્ર્યના પરિણામે તેમને આજે જે ભવ્ય સ્થાન અને પ્રતિષ્ટા મળ્યાં છે તેનો લાભ માત્ર શ્વે. મૂ. સમાજને નહિ પણ વિશાળ જૈન સમાજને તેમજ ભારતવર્ષની સમસ્ત પ્રજાને મળે એવી આપણી પ્રાર્થના છે. આજે તેમની ઉમ્મર ૭૫ વર્ષની થઇ છે. તેમણે ઘણું જોયું છે, અનુભવ્યું છે. ગુજરાત કે કાઠિયાવાડના એક ખુણે ભરાઇ નહિ રહેતાં તેમણે ગુજરાતથી પંજાબ અને પંજાબથી ગુજરાત એમ ચાલુ પરિભ્રમણ અને વિહારથી પોતાના સાધુ જીવનને સમૃદ્ધ કર્યું છે, કૃતાર્થ બનાવ્યું છે. આજે સમાજની અનેક સમસ્યાઓ તેમણે બારીકીથી તપાસી છે, વિશાળ સમાજનો તેમણે પણ ઠીક ઠીક સંપર્ક સાધ્યો છે. તેઓ આજે લોકભયને બાજુએ રાખીને સમાજને પોતાના અનુભવના સાર રૂપ સ્પષ્ટ સ્પષ્ટ વાતો સંભળાવે, અને સમાજના ભાવીનો દુરંદેશીથી વિચાર કરીને વર્તમાન સમાજને સાચો રાહ દર્શાવે, સાંપ્રદાયિક કવચ ભેદીને વિશાળ જૈન સમાજની એકતા તરફ સૌ કોઇનુ લક્ષ્ય કેન્દ્રિત કરે અને એ એકતાને વધારનારી અને આખા જૈન સમાજની પ્રગતિને પોષનારી પ્રવૃત્તિઓ જ હાથ ધરે એટલું જ નહિ પણ આખા દેશમાં જે પાર વિનાનું અજ્ઞાન અને પાષાણહૃદયને પણ પીગળાવે એવી કંગાલીયત ઘર ઘાલી બેઠાં છે તેનું શક્ય તેટલું નિવારણ કરવામાં પોતાની સર્વ શક્તિ અને લાગવગનો ઉપયોગ કરે એમ આપણે ઇચ્છીએ. 'તેઓ માત્ર જૈન આચાર્ય નહોતા પણ ભારતવર્ષની પ્રજાના એક ભીડભંજક હતા' એમ કહીને જ્યારે તેઓ આ દુનિયામાં ન હોય ત્યારે ભાવી પ્રજા તેમનું સન્માન કરે અને તેમનાં યશોગાન ગાય એ આકાંક્ષા સાથે તેમને આપણે દીર્ઘ આયુષ્ય ઇચ્છીએ! **પરમાનંદ.**

## શ્રી. જૈન કેળવણી મંડળ, મુંબઈ.

શ્રી. જૈન કેળવણી મંડળની સ્થાપનાને બાર મહીના થયા. તેટલા સમયમાં તેણે ઘણી સારી પ્રગતિ કરી છે. મંડળનો મુખ્ય ઉદ્દેશ સ્થાનકવાસી જૈનોમાં ધાર્મિક અને વ્યવહારિક કેળવણીનાં પ્રચાર માટે સાધનો અને સંસ્થાઓ ઉત્પન્ન કરવાનો છે. સ્થાનકવાસી સમાજ તરફથી મંડળને જે સહકાર મળ્યો છે તે જોતાં મંડળ સમાજની એક મોટી ખોટ પૂરી પાડે છે એમ જણાય છે. એક વર્ષમાં મંડળ લગભગ સવાછ લાખ જેટલી રકમ મેળવી શકયું છે જેમાં લેડી તાપીબાઇ ચુનીલાલ મહેતા તરફથી વિદ્યાલય માટે રૂા. ત્રણ લાખની રકમ મળી છે. મંડળનું તાત્કાલિક ધ્યેય એક હાઇસ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય ઉભું કરવાનું છે. તે બન્ને માટે લગભગ રૂા. સાડા પાંચ લાખની કીંમતના બે મકાનો મંડળે ખરીદ્યા છે. સદ્‌ભાગ્યે બન્ને મકાનો મધ્ય સ્થળે અને સુંદર મળી ગયા છે. પરંતુ કમનસીબે આ મકાનોના ભાડુતો પાસેથી હજુ કબજો મળી શકયો નથી. પ્રયત્ન ચાલે છે. સ્થાનકવાસી સમાજની હિંદભરની કેળવણી વિષયક બધી પ્રવૃત્તિઓ અને સંસ્થાઓને કેન્દ્રિત કરી વ્યવસ્થિત અને વેગવાન બનાવવાનું આ મંડળનું ધ્યેય છે. આ ધ્યેય સફળ બનાવવા સમાજની પ્રત્યેક વ્યક્તિએ પોતાથી બનતો તન મન ધનનો ફાળો આપવો રહ્યો. **ચીમનલાલ**

## કોડિયું

(શ્રી. ઝવેરચંદ મેઘાણી તરફથી કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કેટલાક ગીતોનો અનુવાદ 'રવીન્દ્રવીણા' નામથી બહાર પડનાર છે. તેમાંથી નીચેનું કાવ્ય સાભાર ઉધ્ધૃત કરવામાં આવ્યુ છે.)

**અસ્ત જાતાં રવિ પૂછતા અવનીને**
**સારશો કોણ કર્તવ્ય મારાં ?**
**સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ**
**મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં.**
**તે સમે કોડિયું એક માટી તણું**
**ભીડને કોક ખૂણેથી બોલ્યું:**
**'મામુલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ**
**એટલું સોંપજો, તો કરીશ હું.'**

## સંઘની રાહતપ્રવૃત્તિ

મુંબઇ જૈન યુવકસંઘની રાહત પ્રવૃત્તિ ચાલુ છે. આજે ૬૫ જૈન કુટુંબોને રાહત આપવામાં આવે છે અને દર માસે આ અંગે લગભગ રૂા. ૬૦૦ વહેંચવામાં આવે છે. રાહતની અપેક્ષા ધરાવતા જૈનભાઇઓને આ યોજનાનો લાભ લેવા ભલામણ કરો. આ પરોપકારની પ્રવૃત્તિમાં આવતો ફાળો મોકલી આપો.

**રતિલાલ કોઠારી**
**મંત્રી રાહત સમિતિ.**

## સંઘ સમાચાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ હસ્તક ચાલતી જુદી જુદી પ્રવૃત્તિઓમાં નીચે મુજબ મદદો મળી છે.

### પ્રબુદ્ધ જૈનને મળેલી દીવાળીની બોણી

૫૦-૦-૦ મેસર્સ કાંતિલાલ ભોગીલાલની કું.
૨૫-૦-૦ મેસર્સ દીવાન બ્રધર્સ
૨૫-૦-૦ શ્રી ડાહ્યાલાલ ત્રીભોવનદાસ
૨૫-૦-૦ શ્રી મોતીલાલ કલ્યાણદાસની કું.
૨૫-૦-૦ શ્રી નથુભાઇ નેમીદાસ પારેખ

૧૫૦-૦-૦

### રાહતપ્રવૃત્તિમાં ભરાયલી રકમો

૧૦૦-૦-૦ શ્રી નથુભાઇ નેમીદાસ પારેખ
૫૦-૦-૦ મેસર્સ કાંતિલાલ ભોગીલાલની કું.
૧૦-૦-૦ સૌ. રમણબહેન પાનાચંદ ઝવેરી

૧૬૦-૦-૦

### શ્રી. મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય પુસ્તકાલયને મળેલી મદદ

૫૦-૦-૦ મેસર્સ કાંતિલાલ ભોગીલાલની કું.
૫૦-૦-૦ શ્રી મોતીલાલ કલ્યાણદાસની કું.
૨૫-૦-૦ શ્રી આશાલાલ છગનલાલ
૨૫-૦-૦ મેસર્સ દીવાન બ્રધર્સ

૧૫૦-૦-૦

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુબઇ.
મુદ્રણસ્થાન : સૂયકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266

લવાજમ રૂપિયા ૩

તંત્રી :— મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ ૬ ] મુંબઈ: ૧૫ નવેમ્બર ૧૯૪૪ બુધવાર [ અંક ૧૪

## બંગાળાનું માનવ–વેરાન

(અખિલ હિંદ મહિલા પરિષદના પ્રમુખ શ્રીમતી કમળાદેવીએ બંગાળામાં જાતે ફરીને જે કાંઇ જોયું તેનો હૃદયદ્રાવક ચિતાર તેમણે પોતાની લાક્ષણિક શૈલીથી નીચેના લેખમા આપ્યો છે. મળ લેખ અંગ્રેજીમાં છે. તેનો અનુવાદ તા. ૫-૧૧-૪૪ ના પ્રજાબંધુમાંથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. તંત્રી]

હિંદમાં દુકાળો એ દાદીમાની વાતો જેવા થઇ પડયા છે. હાલની પેઢીના મને તો એ અનંતકાળથી ચાલતી આવતી પ્રક્રિયા જેવાજ બની ગયા છે. ઉનાળાને અંતે ગાજવીજ કે ચોમાસામાં વરસાદના જેવીજ તદ્દન સ્વાભાવિક અને અનિવાર્ય રીતે નવી પેઢી એમને સ્વીકારતી થઇ હોય તો તેમાં નવાઇ નથી. પરંતુ એ લાંબી દુકાળ-પરંપરામાં બંગાળનો દુકાળ તો શકવર્તી બની ગયો છે. એણે સર્જેલા આતંકનાં આંદોલનોએ તો ઘડીભર યુદ્ધની ભીષણતાને પણ કોરે મુકી દીધેલી. સામાજિક કાર્યકરો અને કુતૂહલપ્રેરિત પ્રવાસીઓનાં ટોળાં આ ઐતિહાસિક પ્રાંતમાં આવી ચડેલાં—કેટલાંક એ અકુદરતી ઉપસ્થિતિ સામે હિંમતપૂર્વક બાથ ભીડવાને તો કેટલાંક તેમાં ડોકિયું કરીને ક્ષણિક સનસનાટી અનુભવવાને. ચિત્રાત્મક કલમો દ્વારા તે પર નિવેદનો, લેખો, પુસ્તિકાઓ, પુસ્તકો વગેરે બહાર પડયે જ રહ્યાં હતાં. એમણે સર્જેલું ચિત્ર એવું સાક્ષાત્કારક હતું કે કોઇના પણ મનમાં દૃઢપણે જડાઇ રહે. પરંતુ આમ છતાં એ વિષે ખરેખર આપણે કેટલું ઓછું જાણીએ છીએ તેની પ્રતીતિ તો ત્યાંની રૂબરૂ મુલાકાતથીજ થઇ શકે. તુતંખ–આમનની આરામગાહને ભવ્યતા અર્પતાં તેનાં રેખાલાવણ્ય, રંગશોભા અને મનોહારી પ્રભાવનો જેમ જાતે અનુભવ કરવાનો રહે છે એવું જ બંગાળને માટે છે.

સત્તાધિકારીઓ તો અનાજના પુષ્કળ જથ્થા પર પતરાજી કરતાં કદી થાકતા જ નથી, પરંતુ આપણે એમનું કથન ગળણે ગાળીને જ સ્વીકારવા ટેવાએલા હોઇને એ બાબતમાં શંકાશીલ રહીએ છીએ. આપણામાં કશો વિશ્વાસ પ્રેરાતો નથી. ખરેખરી વસ્તુ સ્થિતિ તો આપણે એથીયે ઓછે અંશે માનવા પ્રેરાઇએ તેવી છે. મને ભેટતું હરકોઇ પૂછે છે, 'મને લાગે છે કે તંગી ઉભી થઇ છે—શું બીજો દુકાળ ઉભો થવાનો છે?' અને મારી સામે પડેલું કાર્ય કેવું અશક્ય છે તેનો ખ્યાલ મને આવે છે. અનાજ પુષ્કળ છે, વસ્તુતઃ એટલું બધું છે કે સડતા અનાજની ગંધ તમારા નસકોરાં ભરી દે છે. આખાયે ચોમાસા દરમિયાન કલકત્તાનાં બોટેનિકલ ગાર્ડન્સમાં તાડપત્રીના ઢાંકણ હેઠળ ખુલ્લામાં જ રહેવા દેવામાં આવેલું ૯૦,૦૦૦ ટન અનાજ જ્યારે પોતાની બદબો ફેલાવે છે ત્યારે લગભગ એકેએક રાહદારીનું માથું ફરી જાય છે. દુકાળની તપાસ માટેના કમિશનને પણ પોતાના નાકને હાથમાંનાં રૂમાલમાં સંતાડી દેવાં પડયાં હતાં અને દુકાળનો દોર નજરે જોવા જનારાઓને દિવસો સુધી એ વેડફાએલી સમૃદ્ધિ લારીઓમાં ભરી ભરીને નદીમાં ઠલવાતી જોઇ રહેવી પડી હતી. જ્યાં ત્યાં એવું સાંભળવામાં આવતું કે સરકારી સંઘરામાંનો દોઢ લાખ મણ આટો માણસોને ખાવા માટે નકામો બની જતાં બજારમાં વેચાણ મૂકવામાં આવ્યો હતો. ખુલ્ના રેલવે કોલોનીમાં ચોખા અને આટાની સડી રહેલી હજારો ગુણીઓની વાતો પણ સાંભળવામાં આવતી. 'ન્યૂ ઓરીસા'માં તાજેતરમાં નીચેના સમાચાર છપાએલા: 'બિહાર સરકારે ગયા વર્ષે બંગાળ મોકલવા માટે ગોદામોમાં ભરી રાખેલો કુલ ૧,૧૭,૭૮૬ મણ જેટલો અનાજનો જથ્થો હવે છૂટો કર્યો છે.'

કોઇને પણ સહેજે સવાલ થાય કે બંગાળમાં અભૂતપૂર્વ તંગી ઊભી થવા પામેલી છતાં એ અત્યંત આવશ્યક જથ્થાની બંગાળમાં નિકાસ શા માટે કરવામાં ન આવી અને સડવા માંડયો ત્યાં સુધી એમનો એમ રાખી મૂકવામાં આવ્યો? ખાદ્ય તરીકે એ તદ્દન નકામો બની ગયો ત્યારે જ શા માટે નીચી જીવનશક્તિ ધરાવતા બિહારીઓની જીવનશક્તિને હજુ યે નીચી આણવા તેમના પર ફટકારવામાં આવ્યો? આ અવિશ્વસનીય ઘટનાઓ કોણ સમજાવી શકે તેમ છે? પૂર્વના જિલ્લાઓમાંથી પસાર થતી વખતે મેં મીઠાની તંગીએ ઊભી કરેલી આફતની સંતાપયુકત કથનીઓ સાંભળી. કાળાં બજારોમાં દોઢથી બે રૂપિયે શેર લેખે મીઠું વેચાતું હતું. માણસો નહિ પણ ઢોરો સુદ્ધાને એથી સોસવું પડયું હતું. એ જ જિલ્લાના ત્રીજા પેટાવિભાગમાં પહોંચતાં ત્યાંના અધિકારીને પહેલો જ પ્રશ્ન મેં કર્યો, 'તમારે મીઠાની તંગી ભોગવવી પડે છે?' 'મીઠાની તંગી?' એણે ઉદ્‌ગાર કાઢયા, 'અમારે ત્યાં તો ૯૦,૦૦૦ ટન જેટલો જથ્થો ઝડપભેર ઓગળતો જાય છે.' એ સ્થાનની સામાન્ય જરૂરિયાત ૧૦,૦૦૦ ટનની હતી, છતાં આજુબાજુના સઘળા પ્રદેશમાં મીઠાની તંગી વચ્ચે અહીં મીઠાનો જબરો જમાવ થએલો. પ્રસંગોપાત મારા જાણવામાં આવ્યું કે એ જથ્થો આખા પ્રાંતને માટે મુકરર થએલો, પરંતુ કોઇએ કોઇક સ્થળે કરેલી ગફલતને કારણે યોગ્ય વ્યક્તિને યોગ્ય સૂચના થવી રહી ગએલી.

આ છતવાળા પ્રદેશમાંથી હું વાંકાચૂકાં નદીનાળાં અને ઉચાં તાડનાં ઝુંડથી ઢંકાએલાં દૂર દૂરના ગામડાઓમાં ગઇ. નિરભ્ર વ્યોમમાં તારાઓની માફક જ હોડીઓથી એક વખત ખીચોખીચ ભરેલી નદીઓના વક્ષઃસ્થળ અત્યારે સૂનાં પડયાં હતાં અને માતાએ ગુમાવેલા ધાવણા બાળક જેવી તેમની દશા હતી. એક સમયના એ જલવિસ્તારોના સમ્રાટો સમા માછીમારો પડી ગએલે ચહેરે ટૂંટિયું વાળીને બેઠા રહેલા. એક વખત કંચનવરણી જલક્ષિતિજનું પ્રતિબિંબ પાડતી એમની ઊંડી ઊતરેલી આંખોમાંથી જિંદગીનું નૂર વિલાઇ ગયું હતું. પોતાનાં ખેતરો ગુમાવી બેઠેલા ખેડૂતો જેવા જ એ નિર્વ્યવસાયી બની ગએલા. થોડાંઘણાં પ્રાપ્ય રહેલાં દેશી હોડકાં ખરેખર છટકાં જેવાં બની ગએલાં. એનાં ચીચાટ કરતાં પાટિયાં પર પગ દેતાં જ ઢીંચણ સુધીનો અને કવચિત આખો પગ તેમાં ગરક થઇ જતો એટલી હદે એ કોહવાઇ ગએલાં. લાંબો વખત સુધી પાણીની દયા પર જ એમને છોડી દેવામાં આવ્યા પછી એમને 'રીકન્ડીશન્ડ' કરીને ફરી ઉપયોગમાં લેવામાં આવ્યાં હતાં, પરંતુ આ જળમય વિસ્તારમાં એમની સંખ્યા અલ્પ એટલી જ બીનકામચલાઉ હતી.

હું પ્રાંતના કોઠાર સમા પૂર્વ બંગાળમાં હતી, પરંતુ સ્મિતકલ્લોલભર્યું એકે ગામડું નજરે ભાળ્યું નહોતું દેખાતું. નાખી નજર પહોંચે ત્યાં સુધી સઘળું ઉજ્જડ બની ગએલું. કશોક અભિશાપ ઊતર્યો હોય તેમ કુટુંબોનાં કુટુંબો વિલાઇ જવા આવેલાં. કોઇ અજાણ્યાને પોતાના તરફ આવતું જોઇને, કેળનાં પાકાં પાંદડાં પેઠે સર્વત્ર જરી ગએલાં વસ્ત્રોએ દેહને સંતાડતું એકાદ ઝાડ નીચે જમા થએલું સ્ત્રીવૃન્દ ઊભું રહેતું. પોતાનાં મસ્તક તેઓ શરમથી નીચાં ઢાળી દેતી, કેમ જાણે એ શરમથી જ એમનાં ઉઘાડાં અંગોનું રક્ષણ થવાનું ન હોય? એમનો દેખાવ ભાગ્યે જ મનુષ્ય સમો રહ્યો હતો. એક કાળે તેઓ પોતાનાં ઘરમાં રહીને કુટુંબનાં વૃદ્ધિઉછેર પાછળ રોકાએલા રહેતા તેને એટલો સમય વીતી જવા આવ્યો હતો કે તેમને મન તો એ એમના યુવાકાળનું એક સ્વપ્ન બની ગયું હતું. પૃથ્વી જેટલી એ જગ્યા પુરાણી લાગતી હતી, અને એજ એમના આશ્રયરૂપ હોઇને તેને જીવસટોસટ વળગી રહી હતી. તેમનાં ઘર એ તેમને માટે સચેત કે અચેત માનસના ઊંડાણમાં ભંડારાએલી સ્મૃતિઓ રૂપ રહ્યાં હતાં. એક કાળનાં

(અનુસંધાન પૃષ્ઠ ૭૪ જુઓ)

# ઉપવાસ તરફ ગાંધીજીને ખેંચી જતી પાંચ બાબતો

અલહાબાદ યુનીવર્સીટીના અધ્યાપક ડૉ. વેણીપ્રસાદે ગાંધીજી જે કારણોને અંગે એક લાંબી મુદતના ઉપવાસ તરફ આકર્ષાઇ રહ્યા છે તે કારણોની સ્પષ્ટતા કરતું એક નિવેદન બહાર પાડયું છે. તેમને ઓકટોબર માસના અન્ત ભાગમાં ગાંધીજી સાથે ઉનરોત્તર ચાર વખત મળવાનું બન્યું હતું અને આજની પરિસ્થિતિ સંબંધે ગાંધીજી સાથે લંબાણથી ચર્ચા થઇ હતી. તેમના અભિપ્રાય મુજબ ગાંધીજીને ખાસ કરીને નીચેની પાંચ બાબતો ખુબ જ અકળાવી રહી છે અને તેની વેદનામાંથી કોઇ લાંબા ઉપવાસનો વિચાર મૂર્ત સ્વરૂપ લઇ રહ્યો છે. એ પાંચ બાબતો નીચે પ્રમાણે છે.

"(૧) સૌથી પહેલું તો આજની દુનિયા જે હિંસાની ચુડમાં ફસાઇ બેઠી છે તેનું તેમને પારાવાર દુઃખ છે. દુનિયાની આજની પરિસ્થિતિમાં કશો પણ ફેરફાર કરવાનું હિંદુસ્થાનમાં રહેલા આપણા લોકો માટે શક્ય નથી એ તેઓ કબુલ કરે છે, એમ છતાં પણ નૈતિક તેમ જ આધ્યાત્મિક ભાવનાને નવો વેગ મળે એવું તો કંઇક જરૂર થઇ શકે એમ તેમને લાગે છે. આજનું સામાજિક વિજ્ઞાન જે કેવળ જડવાદ ઉપર ઉભું છે તેને ત્યાંથી ખસેડીને આધ્યાત્મિક ભૂમિકા ઉપર સ્થાપિત કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે. દુનિયામાં ઘર કરી રહેલા આજના વિચારને નવો આકાર આપવાની દિશાએ હિંદુસ્થાનના બુદ્ધિશાળી લોકો સક્રિય બની શકે છે.

(૨) હિંદુસ્થાનમાં સામાજિક સુધારણા જોઇએ તેટલા વેગથી આગળ વધતી નથી. અસ્પૃશ્યતા જેને ગાંધીજી એક પાપ તરીકે વર્ણવે છે તેને નિર્મૂળ કરવા માટે એક પ્રચંડ આન્દોલન ઉભું થવું જોઇએ. દલિત વર્ગોના ઉદ્ધાર માટે એક પ્રજાવ્યાપી હીલચાલ હાથ ધરવાની અસાધારણ આવશ્યકતા ઉભી થઇ છે.

(૩) આજે દેશભરમાં ચાલી રહેલ લાંચરૂશ્વત, સંઘરાખોરી અને નફાખોરી કે જેને લીધે બંગાળામાં તેમ જ અન્યત્ર આવડો મોટો ભુખમરો સંખ્યાબંધ માનવીઓનો ભોગ લઇ રહ્યો છે તે જોઇને ગાંધીજી પુષ્કળ વ્યથા અનુભવે છે. દેશમાં અનાજની ખરેખર જ તંગી છે એમ છે જ નહિ, પણ આજની નૈતિક ભ્રષ્ટતાએ હજારો માનવીઓ માટે અનાજને દુર્લભ બનાવી દીધું છે. આજે સરકારી નોકરોમાં લાંચરૂશ્વતનો ધંધો ચાલી રહ્યો છે અને વ્યાપારીઓમાં નફાખોરીએ ઘર ઘાલ્યું છે તેનો સામનો કરવો અને તે ઉપર બને તેટલો અંકુશ મૂકવો તે સર્વ કોઇ સમાજશ્રેયની ચિંતા ધરાવતા માનવીઓની ખાસ ફરજ છે.

(૪) કોમ કોમ વચ્ચેના અને ખાસ કરીને હિંદુ મુસલમાનો વચ્ચેનાં ચાલુ સંબંધો વધારે ને વધારે હાર્દિક બનવા જોઇએ. રાજકારણી બાબતોમાં કોમી સમાધાન ઢીલમાં પડયું છે એ ઉપરથી આપણા સામાજીક સંબંધો સુધારવાની તેમજ મજબુત બનાવવાની બાબતમાં આપણે જરા પણ શિથિલ બનીએ એ યોગ્ય નથી.

(૫) ગાંધી-ઝીણા મંત્રણા ભાંગી પડી એ અંગે પ્રગટ થતી કેટલીક ટીકાઓમાં ખુબ કડવાશ જોવામાં આવે છે, આ બાબતમાં સુધારો થવો જ જોઇએ. એ ઉપરાંત પ્રસ્તુત મંત્રણા ભાંગી પડી એ ઉપરથી રાજકારણી બાબતોમાં કોઇપણ પ્રકારની મન્દતા આવવી ન જોઇએ. ઉલટું દેશના આગેવાન લોકોએ ફરી ફરીને વિચારણા ચલાવવી જોઇએ, આખી પરિસ્થિતિની પુનઃ પુનઃ સમીક્ષા કરવી જોઇએ અને કોમી સમાધાન હાંસલ કરવા માટે સર્વ કોઇ ઉપાયો અજમાવવા જોઇએ.

આમાંના કોઇ પણ હેતુ માટે વ્યક્તિગત કે સામુદાયિક સવિનય ભંગનો ગાંધીજી વિચાર કરતા નથી, એમજ પોતા પુરતો પણ એવો કોઇ સવિનયભંગ કરવાનું ગાંધીજી ચિન્તવતા નથી. આજની વ્યાપક મન્દતા અથવા તો જડતા તેમના દિલમાં એક પ્રકારની અસહાયતાની લાગણી પેદા કરી રહી છે અને સત્યાગ્રહીના અન્તિમ આધારસમા અને આત્મશુદ્ધિ અને પ્રકાશપ્રાપ્તિના અમોઘ સાધનસમા ઉપવાસ તરફ તેમને ખેંચી રહેલ છે. ગયા ઓકટોબરની ૨૭ મી તારીખે ગાંધીજીએ દેશના કાર્યકર્તાઓને ઉદ્દેશીને રચનાત્મક કાર્યક્રમને લગતી કેટલીક સૂચનાઓ પ્રગટ કરી છે અને શિક્ષણ-વિકાસ, વૈદકીય મદદ, ખેતી અને ખેડુતને લગતા સુધારા અને મજુરોના ઉદ્ધારકાર્યને લગતો એક વ્યાપક કાર્યક્રમ રજુ કર્યો છે. હું સત્તાપૂર્વક કહી શકતો નથી, પણ મને લાગે છે કે આ રચનાત્મક કાર્યક્રમને પ્રજા કેવો અને કેટલો ઝીલે છે તે તેઓ બારીકીથી જોઇ રહ્યા છે. જો તે સંતોષકારક માલુમ પડે અને પરિણામે ઉપર જણાવેલ દોષોનું નિવારણ કરવાની દિશાએ કાંઇકને કંઇક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે તો ઉપવાસ હંમેશાને માટે મુલતવી રહે અને એમ ન બને તો પણ આગામી ઉપવાસ બહુ ટુંકી મુદતના બને એવો સંભવ છે. આવા કોઇ પણ સંયોગમાં પ્રજાએ જો ગાંધીજીએ પ્રરૂપેલા રચનાત્મક કાર્યક્રમને જોશભેર ઉપાડી લીધો હશે તો ગાંધીજીના દિલમાં અસાધારણ ઉત્સાહ તો જરૂર આવશે જ અને આગળ ઉપર પોતાના માટે તેઓ જે કાંઇ તિતીક્ષાક્રમ નક્કી કરે તેને સહીસલામત પાર ઉતરવામાં તે જરૂર બહુ મદદરૂપ નીવડશે.

એ કબુલ કરવું જોઇએ કે ગાંધીજીના માનસિક બંધારણમાં બુદ્ધિથી પણ ઉપરનું એક તત્વ જેને 'અન્તઃપ્રેરણા' અથવા તો 'અંદરનો અવાજ' અથવા તો 'ઇશ્વરી આદેશ'ના નામથી ઓળખવામાં આવે છે—તે રહેલું જ છે, પણ સાથે સાથે એ પણ યાદ રાખવું જ જોઇએ કે ગાંધીજી આ અંતઃપ્રેરણા અને તર્કપ્રધાન બુદ્ધિનો હંમેશા મેળ મેળવતા રહે છે અને તે ઉભયનો સમન્વય દર્શાવતો વિચાર અને આચાર પ્રજા સમક્ષ રજુ કરે છે. પ્રજા આઝાદી સમીપ લઇ જતા સર્વ પ્રકારના કાર્યક્રમ ઉપાડી લેવા માટે કટિબધ્ધ છે અને ફરીથી કુચકદમ ઉઠાવી રહેલ છે એવી પ્રતીતિ ગાંધીજીના માનસ ઉપર બળવાન અસર નીપજાવે એવો પુરેપુરો સંભવ છે. તેથી જેઓ ગાંધીજી વિષે ચિંતા અનુભવી રહ્યા છે તેમણે પ્રજાવ્યાપી હીલચાલ ઉપાડી લેવી જોઇએ અને સધાતી પ્રગતિના ચોક્કસ અને પ્રમાણભૂત સમાચાર ગાંધીજીને સેવાગ્રામ પહોંચાડતા રહેવું જોઇએ.

દુનિયાની આજની વિચાર-શ્રેણીમાં પરિવર્તન નીપજાવવાનું કામ વિદ્વાનો અને વિચારકો ઉપર આપણે છોડીએ; રાજકારણની ગુંચો ઉકેલવાનું કામ દેશના આગેવાનોને આપણે સુપ્રત કરીએ; પણ એમ છતાં પણ બાકી રહેતા કાર્યનું ક્ષેત્ર એટલું વિસ્તૃત છે કે જેમાં સૌ કોઇ ભાગ લઇ શકે છે અને પોતાનો ફાળો આપી શકે છે. ગાંધી-ઝીણા મંત્રણા સંબંધેની ચર્ચા સંયમપૂર્ણ અને વિનયયુક્ત બનવી જોઇએ અને એવી ચર્ચા કરનારે સૌથી વધારે અગત્યના આ ખ્યાલની જરા પણ ઉપેક્ષા કરવી ન જોઇએ કે કોમી સમાધાન આજે ગમે તેટલું મુશ્કેલ લાગતું હોય તો પણ એક કાળે સાધ્યે જ છુટકો છે, અને જુદી જુદી કોમો એકતાના ઉપાયો શોધે અને અજમાવે તેમાં જ આપણો આખરી ઉદ્ધાર રહેલો છે. કોમ કોમના આગેવાનોએ નાના નાના મતભેદોમાંથી ચિરકાલીન વિદ્વેષ ન કેળવાય તેની પુરી સંભાળ રાખવી જોઇએ. હવે પછીથી આ પ્રશ્નને લગતી સર્વ ચર્ચાઓ ઘાતક નહિ પણ વિધાયક બનવી જોઇએ.

ઉપવાસથી દૂર રહેવાની માંગણીઓ, વિનવણીઓ અને ચેતવણીઓની આજ સુધીમાં ગાંધીજી ઉપર કાંઇ પણ અસર નીપજી હોય એમ લાગતું નથી. ગાંધીજી આખરે કયા હેતુથી પ્રેરાશે અને કેવો નિર્ણય કરશે તેની કોઇને કશી ખબર નથી. તેઓ પોતે જ હજુ આ બાબત વિષે જાણે કે અંધારામાં જ ભ્રમણ કરી રહ્યા છે. ન સમજી શકાય એવું કોઈ તત્વ તેમને ઉપવાસ તરફ ધકેલી રહ્યું છે. હિંસા તો આપણે ચોતરફ નજરો નજર નિહાળી રહ્યા છીએ. અહિંસાનું પરિણામ આપણી નજરે દેખાતું નથી. ગાંધીજીને સ્પષ્ટ પ્રતીતિ છે કે અહિંસા પોતાનું કાર્ય કરે છે અને હિંસાના વિસ્તારને રોકે જ છે.

અહિંસાની આ સાધનામાં પોતાનું શું સ્થાન છે? પોતાનો શું ઉપયોગ છે? આપણે શું કરવું જોઇએ? જાહેર જનતા શી રીતે મદદ કરી શકે? આ પ્રશ્નના સમાધાનરૂપ મેં ઉપર કેટલાક માર્ગો દર્શાવ્યા છે.”

ગયા અંકમાં ‘ગાંધીજીના આગામી ઉપવાસ’ એ મથાળાની નોંધમાં સામાન્ય જનતાનું દૃષ્ટિબિન્દુ રજુ કરવામાં આવ્યું હતું. ઉપરના અવતરણમાં ગાંધીજીનું દૃષ્ટિબિન્દુ અથવા તો દુનિયાની તેમજ આપણા દેશની વર્તમાન પરિસ્થિતિ પરત્વે ગાંધીજીના દિલમાં સમગ્રપણે ઉભું થયેલું સંવેદન વિશદ રીતે રજુ કરવામાં આવ્યું છે. ગાંધીજી ઉપવાસ કરે એ આપણને ગમતું નથી; આવા ઉપવાસથી અહિંસાના પ્રચારને કે દેશના કોઇ કાર્યને લાભ થશે એમ આપણું દિલ કબુલ કરતું નથી. ઉલટું તેથી નુકસાન થવા સંભવ છે એમ કેટલાએક લોકો માન્યતા ધરાવે છે. આમ છતાં પણ આપણી સર્વદેશીય મન્દતા, નિષ્ક્રિયતા અને અસહાયતા કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી અને ગાંધીજી આ બધું જોઇને અપાર વેદના અનુભવતા હશે તે પણ આપણે બરોબર કલ્પી શકીએ છીએ. ગાંધીજીની વેદના હળવી કરવી એ અવશ્ય આપણી ફરજ છે. તદર્થે તેમજ ખરી રીતે આપણા પોતાના જ ઉદ્ધાર અર્થે તેમણે જે કાર્યક્રમ આપણી સમક્ષ રજુ કર્યો છે તેની પરિપૂર્તિ અર્થે આપણે શકય તેટલું કરી છુટવા કટિબધ્ધ થવું જ જોઇએ. તેટલું પણ નહિ કરીએ તો ગાંધીજીના અનુયાયી થવાની કે કહેવરાવવાની આપણામાં યોગ્યતા નહોતી એટલી કાળી ટીલી આપણા કપાળે રહી જ જવાની. **પરમાનંદ.**

## મંગળવચન

(એક મિત્રની પુત્રીના શુભ લગ્નપ્રસંગે રચાયલું)

૧

જેણે બંસરીસૂરથી પ્રણયનાં પૂરો વહાવ્યાં સદા,
ગોપીગોપ રસાળ બાળ વ્રજનાં તે પૂરને માણતાં,
ખેલ્યાં રાસલીલા અને ઉભયને ત્યાં મધ્યમાં સ્થાપિયાં,
તે **રાધાધનશ્યામનું** યુગલ આ કુર્યાત્ સદા મંગલમ્.

૨

ખેલી તાંડવનૃત્ય એકલ મચ્યા સંહારના ઉત્સવે
ધ્રૂજાવ્યું ભયત્રસ્ત આ જગતને રૂદ્રે અધિકું રૂડું
સૃષ્ટિસર્જનના પ્રતીક સરખું આ લાસ્યનું નૃત્ય જે
કીધું તે, સહનર્તકો **શિવશિવા** કુર્યાત્ સદા મંગલમ્.

૩

પૃથ્વીનાં અણુએ અણુમહિં વસ્યાં કોટાનકોટી સહુ
નારી ને નર અંતરે સ્ફુરિત થૈ, જેણે સ્વયં સૃષ્ટિને
સર્જી તે રસપંથના ચિરયુવા યાત્રી **રતિકામ** જે
પેટાવો રસસ્નેહદીપ તમનો કુર્યાત્ સદા મંગલમ્

૪

સૃષ્ટિ પંચમહાભૂતો વિભુતણી પંચેન્દ્રિયો છે વડી,
તેમાં ભવ્ય ઉદાર જોડી મળી છે **આકાશપૃથ્વી**તણી,
આકાશે ગુરૂ છાયું છત્તર અને ધારે ધરિત્રી સહુ,
આપે આશિષ એવું આ જુગલ તે કુર્યાત્ સદા મંગલમ્.

૫

સારી માનવજાતના સુખદુ આ કલ્યાણના પુંજને
સાથોસાથ મળી સ્વયં જીવનમાં ઊતારવા જે મથ્યાં,
સાધુસાધ્વી અને ગૃહસ્થી યદપિ એ કીર્તિ કામ્યાં મહા,
તે ‘**બાબાપુ**’ની વિશ્વવંદ્ય વિભૂતિ કુર્યાત્ સદા મંગલમ્.

૬

હિંદુ સંસ્કૃતિનાં મહા યુગલ એ દાંપત્યનો માર્ગ જે
નિર્દેશે તમને અહો વરવધુ! તેમાં પ્રવેશી સુખે
ચાલ્યાં જાવ સમસ્ત મંગળ અને માધુર્ય હૈયે ધરી
હસ્તેહસ્ત ગ્રહી તમે જીવનમાં, કુર્યાત્ સદા મંગલમ્.

ફાલ્ગુન કૃષ્ણ પ્રતિપદા, શનિવાર **હીરા ક. મહેતા.**
તા. ૧૧-૩-૪૪

# જૈન સાધુઓ અને ગલીચ લખાણો

પ્રબુધ્ધ જૈનના ગયા અંકમાં ‘કયાં આદર્શ અને કયાં આજની વાસ્તવિકતા’ એ મથાળા નીચે જે નોંધ લખાઇ હતી તેથી પ્રેરાઇને એક જૈન બંધુએ પત્ર લખ્યો છે તે જેવો મળ્યો તેવો જ નીચે પ્રગટ કરવામાં આવે છે.

“જય જિનેન્દ્ર સાથે લખવાનું કે શ્રી પ્રબુદ્ધ જૈનમાં આપનો જૈન સાધુઓ માટેનો લેખ વાંચી આ પત્ર હું લખી રહ્યો છું. મને શુદ્ધ ગુજરાતીનો અભ્યાસ નહિ હોવાથી જે કાંઈ ત્રુટી થઇ જાય તે બદલ ક્ષમા યાચું છું.

(૧) સિદ્ધાન્તો અને વિચારોમાં મતભેદ હોવા છતાં આજકાલના કેટલાક જૈનાચાર્યો અને તેમના શિષ્યો અને ભકતો ગલીચ ભાષામાં અંગત દ્વેષને વશ થઇ એક બીજાને હલકા પાડવા માટે જે પ્રકારનો હલકટ અને ઝેરી પ્રચાર આદરી રહ્યા છે તે અયોગ્ય, અસભ્ય, જૈન સમાજને લજાવનારો અને ઇર્ષ્યા પેદા કરાવનારો છે એમ આપે જે નિર્દેશ કર્યો છે તે બરોબર છે અને એ અટકાવવા માટે આપે જે અવાજ ઉઠાવ્યો છે તેની હું કદર કરૂં છું.

(૨) આ અસભ્ય અને જંગલી ઉચ્ચારણોના દૃષ્ટાન્ત તરીકે આપે આચાર્યદેવ સાગરાનંદસુરીજી મારફત નીકળેલા પંચાગમાંનો ઉતારો રજુ કર્યો છે અને સાથે સાથે એમ પણ સ્પષ્ટ જણાવ્યું છે કે આચાર્ય મહારાજશ્રી વિજયરામચંદ્રસુરીજી તરફથી ચાલતા સામયિકોમાં પણ એવી જ રીતે ગલીચ અને અસભ્ય લખાણ લખાય છે તો કૃપા કરી તેવા લખાણોનો પણ એકાદ નમુનો જાહેરમાં મૂકવાની ખાસ જરૂર છે કારણ કે કલ્યાણકારી આત્માઓ આવા દ્વેષભર્યા લખાણો અને સમાજમાં દાવાનળ પેદા કરનારા વાતાવરણમાંથી સામયસર સમજીને બચી શકે.

(૩) જ્યારે એક તરફ આપ આવી દુષ્ટ પ્રવૃત્તિ પ્રત્યે ઘૃણા અને તિરસ્કારના ઉદ્‌ગાર કાઢો છો અને સમાજને આ અઘટિત પ્રવૃત્તિથી અટકાવવાની અને એવા કાર્યોમાં અસહકાર બનાવવાની સૂચના કરો છો (જે બીલકુલ વ્યાજબી અને સરાહનીય છે) ત્યારે બીજી તરફ આપની દેખરેખ નીચે ચાલતા શ્રી. મણિલાલ મોકમચંદ શાહ પુસ્તકાલયમાં ‘શાસન સુધાકર’ નામનું પત્ર ચાલુ રીતે આવે છે જે કેવળ પ્રતિપક્ષીઓની નિંદાથી ભરપુર અને અસભ્ય ભાષા, ગાલીગલોચ અને પારકાઓની ક્ષુદ્રતા જોવામાં સદૈવ તત્પર હોય છે. એટલે આપને જો ખરેખર આ સાધુઓની સામસામા ભાંડવાની નીતિ અને બીજાઓને ફોલી ખાવાનું કાર્ય હૃદયપૂર્વક ન ગમતું હોય તો મારી આપને નમ્ર ભલામણ છે કે ‘શાસન સુધાકર’ જેવા પતિત અને નિન્દનીય છાપાઓને આપના પુસ્તકાલયમાંથી વહેલામાં વહેલી તકે રૂખસદ મળવી જોઇએ. એટલું જો આપ બરાબર ધ્યાન આપી અને વિચાર કરીને કરશો તો હું આપનો અંતઃકરણથી આભાર માનીશ અને સમજીશ કે આપે જે જાતિનો આ સાધુઓની અસભ્ય ભાષા પ્રત્યે અણગમો બતાવ્યો છે તે સમાજહિતને માટે વાસ્તવિક છે. આશા છે કે આપ આ બાબતમાં યોગ્ય કરી મને જાણ કરશોજી. મારો આ પત્ર લખવાનો હેતુ કેવળ નિષ્પક્ષપાત છે અને પુસ્તકાલયના વાંચકોને આવા ગંદા અને અહિતકર વાંચનથી દૂર રાખવાનો છે.”

આ પત્રના ઉત્તરમાં જણાવવાનું કે અન્ય પક્ષના નિયંત્રણ નીચે ચાલતા સામયિકોમાંથી અસભ્ય લખાણોના થોડાક નમુના તારવીને આગળ ઉપર અવકાશે આ પત્રમાં પ્રગટ કરવામાં આવશે. બીજું ‘શાસન સુધાકર’ વિષે ધ્યાન ખેંચવા બદલ પત્ર લખનાર બંધુનો ઉપકાર માનવામાં આવે છે. એ પત્ર વાંચનાલયના ટેબલ ઉપર નહિ મૂકવાની સુચના આપવામાં આવી છે.

આવી જ રીતે જૈન સાધુઓથી લખાતા અથવા તો પ્રેરાતા ગંદા, અસભ્ય અને દ્વેષ મત્સરથી ભરેલા લખાણો સામે જૈન સમાજ ચોતરફથી પોકાર ઉઠાવશે અને આવા મલીન સાહિત્યને પ્રગટ થતું મૂળમાંથી અટકાવવાની હીલચાલને પુરો ટેકો આપશે એવી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ.**

(૪)



## બંગાળાનું માનવ વેરાન

(પૃષ્ઠ ૭૧ થી ચાલુ)

પોતાનાં સુખી આવાસોનો અને જીવનના દુર્દૈવનો યંત્રવત આંગળી ચીંધીને એ નિર્દેશ કરતી. આ માનવવેરાનમાં વદતોવ્યાઘાત સમું લાગે છતાં ત્યાંના ટીંબાઓ પર એક કાળે કેળનાં ઝુંડનાં ઝુંડ ઊભેલાં. પોપટી અને સોનેરી રંગનાં ફળો ી એ કેળ લચી પડતી. ભાગ્યચક્રે પાછો પલટો ખાધો હતો. એ વેરાનમાં પડેલાં બી પાછાં ઊગી નીકળ્યાં હતા, અને એ ટુકડાઓના જૂના માલેકો આ ઉપહાસયુકત ચમત્કારને વ્યથા અને મૂગા આશ્ચર્યભાવ સાથે તાકી રહ્યા હતા. એ પોતે ભૂખે મરી રહ્યા હતા જ્યારે એમનાં દટાએલાં ઘરબાર પર વૃક્ષો પોષણ મેળવી રહ્યાં હતાં. ભૂખનું દુઃખ એમને આટલું સતાવી રહ્યું હતું, તો પણ એમની નજીક છતાં એમનાથી કેટલેય દૂર વૃક્ષો ફળી રહ્યાં હતાં. છેલ્લો કોળિયો પામવા માટે તેમણે જમીનના ટુકડાથી માંડીને વાસણકુસણ અને કપડાંલત્તા સુદ્ધાં વેચી નાખ્યાં હતાં અને હવે તેઓ, લાખોની સંખ્યામાં, અનાથ બન્યાં હતાં. મેં તેમને પૂછ્યું, 'તમે શું કરો છો?' એ કશું કરી શકે તેમ જ નહોતા. એમનામાંથી સઘળો પ્રાણ ઉડી ગયો હતો. એમનાં શરીર ખવાઇ ગયાં લાગતાં હતાં, જ્વરગ્રસ્ત બની ગયાં હતાં. આ પ્રદેશમાં સહેજે સેંકડે ૯૦ ટકા મેલેરિયાનો ભોગ બની ગએલાં જ્યારે ક્વીનાઇનનો જથ્થો માંડ ૨૦ ટકાને પહોંચે તેટલો હતો.

'તમે શું ખાઓ છે.?' મેં પૂછ્યું, 'ચોખાનું ઓસામણ' જવાબ મળ્યો. લંબાએલા સ્વરની માફક ફરી ને ફરી એ જ ધ્વનિ કાને પડવા લાગ્યો. આટલો બધો ખોરાક બગડતો અને કોહવાતો જતો હતો ત્યારે આ લોકો શા માટે ભૂખે મારતા હતા–શા માટે? આ પ્રશ્નાર્થનો પડઘો પાછા પછડાતા અવાજની પેઠે મારા મનમાં પછડાતો રહ્યો હતો. પંડિત કુંઝરૂનું જ વક્તવ્ય અહીં ઉતારવું કદાચ ઠીક પડશેઃ 'મેં જે પ્રદેશોની મુલાકાત લીધેલી તેમાં કોઇ સ્થળે તેર રૂપિયે મણ કરતાં ઓછા ભાવે ચોખા નહોતા વેચાતા. ચિતાગોંગ સિવાયના અછતવાળા પ્રદેશોમાં જાડા ચોખાના ભાવો પણ ચૌદથી સોળ રૂપિયે મણના રહેલા અને છતવાળા પ્રદેશોમાં સોળ કરતાં ઓછો ભાવ નથી, અને હજુ વધુ ઊંચ ભાવો તરફ ગતિ રહેલી છે. જ્યાં જ્યાં હું ગયો ત્યાં ત્યાં મને કહેવામાં આવ્યું કે યુદ્ધ પહેલાંના સવા સાત રૂપીઆના ભાવે ચોખા વેચવામાં નહિ આવે ત્યાં સુધી ભૂખમરો ચાલુ રહેશે અને લોકોની ખરીદવાની અશક્તિને લઇને અનાજનો સરકારી જથ્થો સડતો રહશે.' મેં ઉત્સાહી લાગતા એક જિલ્લા અમલદારને આ બાબતમાં સવાલ કર્યો. એણે જણાવ્યું કે મંજૂરી મળવાની અપેક્ષાએ પોતાના અંગ પર એ એવું સાહસ ખેડવા તૈયાર થયો હતો, પરંતુ સસ્તા ચોખા માટેનાં ખાસ કૂપનો માટે જોઇતો કાગળ તેને ઉપરથી હજુ સુધી પુરો પાડવામાં આવ્યો નથી અને પરિણામે તે યોજના હજુ એમની એમ ઉભી છે. અવિશ્વસનીયમાંથી વધુ અવિશ્વસનીય પ્રદેશમાં અમે ઉતરી પડયા હોઇએ એમ લાગ્યું. હું કશું દુઃસ્વપ્ન તો નથી જોતીને એની ખાતરી કરવા હું વારંવાર આંખો ચોળતી કે મારે શરીરે ચુંટી ખણી જોતી.

ખાધખોરાકીનો પ્રકાર એ બીજી મુસીબત હતી. પંડિત કુંઝરૂ એ ચોકસાઇ અને તારતમ્યબુધ્ધિના એક આદર્શરૂપ હોઇને એમનું જ વકતવ્ય હું અહીં ઉતારીશઃ 'લોકોની ફરિયાદ છે કે ઘણીયે વાર એમને દેખીતી રીતે જ બગડી ગએલા ચોખા ખરીદવા પડતા. …'રીકન્ડીશન્ડ' કરીને એટલે કે બગડેલા ચોખાને મિલમાં ફરીથી છડીને, ખાવા માટે તદ્દન અયોગ્ય એવા એ ચોખા વેચવામાં આવતાં. લોકો કચવાતે મને કહી રહ્યા હતા કે એમને આપવામાં આવતો ખોરાક મચ્છરો જેટલો જ જાહેર તંદુરસ્તીને માટે ભયરૂપ હતો. બારીસાલ ખુલ્ના સિવાયના શહેરોમાં આટા વિષેનો અસંતોષ એથી પણ જબરો છે અને એમાં જીવાત હોવાની ફરિયાદ તો સર્વસામાન્ય છે. મને દેખાડવામાં આવેલો નમૂનો એમની ફરિયાદોને વાજબી ઠરાવે છે.' કેવા કેવા દુશ્ચક્રમાં અમે ઘુમી રહ્યાં હતાં? મેં "ચોખા"નો એક નમૂનો જોયો જેમાં બાજરી, કઠોળ વગેરે બીજાં અનેક ધાન્યોનું જબરૂં પ્રમાણ રહેલું. ખરબચડા ગુણીના કાપડને મેં ત્યાં કામળા તરીકે વહેંચાતું જોયું. પોતાની ચીમળાઈ ગએલી ચામડી સિવાય આવતા શિયાળાની ઠંડી સામે જેમને કશું રક્ષણ નહોતું એવા લોકો સામેની એ ક્રૂર મશ્કરી તો નહોતીને, એમ મને એ લોકોએ દેખાડયા પછી લાગ્યું. 'રાહત' માટેનો માલ કાળાં બજારોમાં પહોંચતો હોવાની અવારનવાર પડતી રહેલી બૂમો વાસ્તવિક સંતાપના કરતાંયે વધુ દર્દ પ્રેરી રહેતી.

સરકારી કે બીનસરકારી રાહતપ્રક્રિયામાં લાંબા ગાળાની વિચારણા અને પુનર્વ્યવસ્થાની યોજના ભાગ્યે જ નજરે પડતી. ચાંદપુરમાં નિરાશ્રિત સ્ત્રીબાળકો માટે ઊભા કરવામાં આવેલા આશ્રયસ્થાન જેવા ક્વચિત કોઇ લાગણી અને દીર્ઘદૃષ્ટિવાળા અમલદારના વ્યક્તિગત પ્રયાસો નજરે પડતા, બાકી તો આશ્રયસ્થાનો એ કશી યોજના કે દોરવણી વિના માણસોને પૂરવાની પાંજરાપોળો જેવાં જ હતાં.

શારીરિક અને આર્થિક રીતે બરબાદ બનેલાં માનવતાનાં આ અંગોની પુનર્વ્યવસ્થાની યોજના એ અત્યારે સૌથી મહત્ત્વની વસ્તુ છે. એમને ડાકટરી સારવાર આપીને ધંધારોજગારમાં પરોવવા જોઇએ છે, એમનાં આવાસસ્થાન એમને ફરી વસાવી આપવાં જોઇએ છે, એમનાં સ્વમાન અને આત્મગૌરવ પુનર્જાગ્રત કરવાં જોઇએ છે. સરકાર એકલી આ બાબતમાં કશું કરી શકે તેમ નથી, અને તત્પર હોય તો પણ લોકોએ એમનામાંનો વિશ્વાસ ગુમાવી દીધો છે. એની મુખ્ય કાર્યપ્રેરણા લોકોની સંસ્થાઓમાંથી જ ઉદ્ભવવી જોઇએ છે.

પરંતુ પંડિત કુંઝરૂએ યોગ્ય રીતે જ નિર્દેશ કર્યો છે તે મુજબ, સામાન્ય કરતાં આ વખતનો પાક ૨૦ લાખ ટન જેટલા વિપુલ પ્રમાણમાં અધિક ઉતર્યો હોવા છતાં અને હિંદ સરકાર તરફ ી અપાતી સહાય છતાં, પરિસ્થિતિ અનિશ્ચિત અને ઉદ્વેગકારક છે; કારણકે બંગાળ સરકાર પોતાની પુનર્વ્યવસ્થા અને પુનર્ઘટનાની યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કરે તે પર જ સઘળો આધાર છે; આજે પ્રજાના વિશ્વાસ અને સહકાર વિના તેનાથી તે બની શકે તેમ નથી.

---

## પ્રકીર્ણ સમાચાર

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી એલ્ફીન્સ્ટન રોડ ઉપર આવેલા ગોકુલભાઇ મુળચંદ હોસ્ટેલમાં આશરે ૪૦ વિદ્યાર્થીઓ રહી શકે એવી ગોઠવણ કરવામાં આવી છે અને તેની ઉદ્ઘાટન ક્રિયા તા. ૧૨–૧૧–૪૪ રવિવારના રોજ શ્રી સુરચંદ પુરૂષોત્તમદાસ બદામીના હાથે કરવામાં આવી છે. આ વિષે વિશેષ હવે પછી.

જૈન કેળવણી મંડળને બોરીબંદર પાસે આવેલા અને વિદ્યાર્થીગૃહ માટે ખરીદાયલા મકાનનો કબજો મળી ગયો છે અને ત્યાં સ્થાનકવાસી વિદ્યાર્થીઓ દાખલ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે.

તા. ૧૨–૧૧–૪૪ના રોજ ઘાટકોપર ખાતે શ્રી રત્નચંદ્રજી જૈન કન્યાશાળાનો શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠના પ્રમુખપણા નીચે મેળાવડો કરવામાં આવ્યો હતો જે વખતે સંસ્થાને પોતાનું કાર્ય આગળ વધારવા માટે રૂ. ૨૦૦૦૦ ની જરૂર છે એમ જણાવવામાં આવતાં તેજ પ્રસંગે જુદા જુદા ગૃહસ્થો તરફથી રૂા. ૨૦૦૦) ની રકમ ભરી આપવામાં આવી હતી

પાટણ ખાતે જૈન ગ્રંથો પ્રગટ કરવા માટે બે લાખ રૂપીઆનું ફંડ એકઠું કરવામાં આવ્યું છે. આ કાર્ય મુનિ પુણ્યવિજયજીની દેખરેખ નીચે ચાલી રહ્યું છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(૧)

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266

લવાજમ રૂપિયા ૩

તંત્રી :– મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ ૬ ] મુંબઈ: ૧ ડીસેમ્બર ૧૯૪૪ શુક્રવાર [ અંક ૧૫

## કસ્તુરબા ફંડનો ઉપયોગ અને પાયાની કેળવણી

### ગાંધીજી સાથેનો વાર્તાલાપ

(શ્રી કસ્તુરબા સ્મારકનિધિનો ઉપયોગ હિંદુસ્થાનના ગામડાઓમાં વસતી સ્ત્રીઓ બાલિકાઓ અને સાત સુધીની ઉમ્મરનાં સર્વ બાળકોનો સર્વદેશીય ઉદ્ધાર કાર્ય પાછળ થવાનો છે એવો કસ્તુરબા ફંડનો ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉદ્ધાર કાર્યમાં કેળવણીનો પણ સમાવેશ થાય છે. આ કેળવણી કયા પ્રકારની રહેશે તથા તેનો કોને કોને લાભ મળશે–આને લગતી જુદી જુદી બાજુઓ થોડાક સમય પહેલાં તાલીમી સંઘના કાર્યવાહકો અને પ્રતિનિધિઓ સાથે ગાંધીજીએ વિગતવાર ચર્ચી હતી. ગાંધીજી સાથેનો આ વાર્તાલાપ મૂળ કેટલાક અંગ્રેજી છાપાઓમાં પ્રગટ થયો હતો. તે વાર્તાલાપને વ્યવસ્થિત આકારમાં ગોઠવીને તૈયાર કરવામાં આવેલો લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

### પાયાની કેળવણી–Basic Education

પાયાની કેળવણી–નવી તાલીમ–અથવા તો નૂતન શિક્ષણ આજે ગાંધીજી માટે સૌથી વધારે ચિન્તનનો વિષય બન્યો છે. કસ્તુરબા ફંડની યોજનાના વિગતવાર વિચારે આ પ્રશ્નને એકદમ આગળ ધકેલ્યો છે. થોડા દિવસ પહેલાં આ સંબંધમાં તાલીમી સંઘના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરતાં ગાંધીજીએ નીચે મુજબ વિચારો પ્રદર્શિત કર્યા હતા :–

“શિક્ષણ વિષેની મારી કલ્પના સર્વગ્રાહી છે. મારી કલ્પના મુજબનો અભ્યાસક્રમ હસ્તોદ્યોગદ્વારા માનવીના સર્વતોમુખી વિકાસને પહોંચી વળવાનો મનોરથ સેવે છે. તેથી તેની અંદર અ. ભા. ચરખા-સંઘ તથા અ. ભા. ગ્રામોદ્યોગ સંઘના પ્રદેશ નીચે આવતા સર્વ ઉદ્યોગો તેમજ ખેતીવાડીનો સમાવેશ થાય છે. તાલીમી સંઘે સાતથી ચૌદ વર્ષની ઉંમરના બાળકોનું શિક્ષણકાર્ય શિક્ષણ પ્રયોગના પ્રથમ પગથીઆ તરીકે સ્વીકાર્યું છે. આ નવી તાલીમની શકયતા વિષે મેં છેલ્લા કારાવાસ દરમિયાન ખુબ વિચારો કર્યા છે. મારૂં મન આ વિષયમાં ખુબ અધીરૂં બન્યું છે. આજ સુધીમાં આ દિશાએ જે કાંઇ થઇ રહ્યું છે તેથી આપણે સંતોષ માનીને બેસી રહેવું ન જોઇએ. આપણે બાળકોના ઘરની અંદર પ્રવેશ કરવો જોઇએ. આપણે બાળકોનાં માબાપોને કેળવવા જોઇએ. પાયાની કેળવણી ખરી રીતે સમગ્ર જીવનની કેળવણી બનવી જોઇએ.

### કસ્તુરબા ફંડ અને પાયાની કેળવણી

“કસ્તુરબા સ્મારક નિધિ સમિતિનું અધ્યક્ષ સ્થાન તે ફંડના યોગ્ય ઉપયોગ સંબંધમાં જરૂરી દોરવણી આપવાના હેતુથી મેં સ્વીકાર્યું છે. આ ફંડનો હેતુ હિંદુસ્થાનનાં ગામડાંઓમાં વસતી બહેનો અને બાળકોની કેળવણી અને આરોગ્યને લગતા પ્રશ્નોને પહોંચી વળવાનો છે. આ હેતુ પાયાની કેળવણીથી જેટલો સિદ્ધ થઇ શકશે તેટલો અન્ય કોઈ ઉપાયથી સિદ્ધ થઇ નહિ શકે; કારણ કે આ કેળવણી માત્ર તેમનાં મન અને બુદ્ધિને સંસ્કાર આપે છે એટલું જ નહિ પણ તેમને પોતાના પગ ઉપર ઉભા રહેવાની તાકાત આપે છે. તેથી મેં સૌ કોઇને આ બાબત સ્પષ્ટ રીતે જણાવી દીધી છે કે મારૂં જ્યાં જ્યાં ચાલશે ત્યાં ત્યાં કસ્તુરબા સ્મારક નિધિ તળે આપાતું શિક્ષણ પાયાની કેળવણીના ધોરણે જ અપાશે”.

આ સાંભળીને તાલીમી સંઘના પ્રતિનિધિઓ તરફથી એમ સૂચવવામાં આવ્યું કે કસ્તુરબા ફંડ નીચે અપાતું શિક્ષણ પાયાની કેળવણીના ધોરણ અનુસાર જ રહેશે આવી સ્પષ્ટ દોરવણી કસ્તુરબા ફંડ સાથે લાગતા વળગતાઓને મળે તે માટે તે ફંડના ટ્રસ્ટડીડમાં પાયાની કેળવણી (Basic Education) નો સ્પષ્ટ નિર્દેશ થવો જોઇએ. આ સંબંધમાં ગાંધીજીએ જણાવ્યું કે “આ બાબતનો તમારો આગ્રહ હું સમજી શકું છું, પણ એમાં ટ્રસ્ટીઓ પાસે દબાણથી હું કશું કરાવવા નહિ ઇચ્છું. વળી કોઇ અમુક કેન્દ્રના સંચાલકો પાયાની કેળવણીનું ધોરણ સ્વીકારવા ન માંગતા હોય તો બોર્ડ મંજુર કરે તેવી અન્ય કોઇ પણ શિક્ષણપદ્ધતિ સ્વીકારવાની તેમને છુટ હોવી જોઇએ. આમ છતાં પણ તાલીમી સંઘને વિશ્વાસ હોવો જોઇએ કે તેમની પોતાની પદ્ધતિ કરતાં વધારે સારી કોઇ પદ્ધતિ ટ્રસ્ટીઓને ભાગ્યે જ મળી શકશે. પાયાની કેળવણી તેનામાં રહેલી મૌલિક વિશેષતાઓના કારણે જ સર્વત્ર સ્વીકારાવાની છે. હું જાણું છું કે આ સુધારો માત્ર દલીલો કરવાથી આગળ વધવાનો નથી. તેના સફળ પ્રયોગો જાતે જોઇને જ પ્રજા તેને અપનાવવા માંડશે. જો તમે આ નવા શિક્ષણ-પ્રયોગને સફળ સાબીત કરી શકશો અને તે પણ માત્ર એક જ ગામડા પુરતું પુરવાર કરી શકશો તોપણ તમારૂં કાર્ય પચ્ચાસ ટકા સફળ થયું લેખાશે. આમ હોવાથી આ બાબતમાં જરા ધીમી ગતિએ ચાલવાનું હું વધારે પસંદ કરૂં છું. આ ફંડનો ઉપયોગ માત્ર ગામડામાં વસતી બહેનો અને બાળકોના કલ્યાણ માટે કરવાનો છે એ ધ્યેય અને ક્ષેત્ર-મર્યાદા કસ્તુરબા ફંડના ટ્રસ્ટીઓએ સ્વીકારી છે એ જ પુરતું છે.

### સ્ત્રીજાતિનો ઉદ્ધાર

“તમારે તમારૂં કામ મોટા ભાગે બહેનો વચ્ચે રહીને કરવાનું છે. સ્ત્રીજાતિની સેવા કરવાનો મને હંમેશા ખુબ મોહ રહ્યો છે. હું હિંદુસ્થાનમાં આવ્યો ત્યારથી બહેનોએ મને પોતાનો મિત્ર અને સેવક માન્યો છે. તેમનામાંનો જ હું એક હોઉં એવા ભાવથી તેઓ મને જોતી આવી છે. તેમનાં બંધનો કે જેને તેઓ ભૂલથી શોભારૂપ માની બેઠેલ છે તેમાંથી તેમને મુક્તિ અપાવવાની બાબતમાં હું ઉદ્દામ વિચારો ધરાવતો આવ્યો છું. આ વિષયમાં મારૂં સંશોધનકાર્ય પુરૂં થયે ઇશ્વરની ઇચ્છા હશે તો મારા નિર્ણયો પ્રજા સમક્ષ એક દિવસ રજુ કરવાની હું ઉમેદ રાખું છું. મારા અનુભવે મને પ્રતીતિ કરાવી છે કે બહેનોની પ્રગતિ તેમના પોતાના પ્રયત્નો વડે જ થઇ શકવાની છે. આમ હોવાથી કસ્તુરબા ફંડ નીચે યોજાતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સંખ્યાબંધ બહેનો પ્રેરાય અને એ કાર્યમાં રોકાય એ જોવાને હું ખુબ આતુર છું.”

### કસ્તુરબા ફંડે પ્રાથમિક શિક્ષણ સંબંધમાં સ્વીકારેલી મર્યાદા

તાલીમી સંઘ તરફથી બીજી એક એવી સૂચના કરવામાં આવી કે “કસ્તુરબા ફંડની યોજનામાં છોકરાઓ સંબંધે સાત વર્ષ સુધીની ઉમ્મરની મર્યાદા બાંધવામાં આવી છે તે વધારીને બાર વર્ષ સુધીની કરવી જોઇએ.” આ સુચનાના ઉત્તરમાં ગાંધીજીએ જણાવ્યું કે “એ બાબતમાં કસ્તુરબા ફંડના યોજકોનો નિર્ણય મને બરોબર લાગે છે. છોકરીઓનો ઘરકામમાં ઉપયોગ થઇ શકતો હોવાથી માતાઓ છોકરી-ઓને ભણાવવાની બાબતમાં બહુ મંદોત્સાહ હોય છે, અને તેથી છોકરા છોકરીઓને કેળવણી સંબંધમાં સરખી સગવડ આપવા જતાં માતાઓ છોકરાઓને જ ભણવા મોકલશે અને છોકરીઓને ઘરકામમાં રોકી રાખશે. પરિણામે આ યોજનાનો છોકરાઓને ઘણો વધારે લાભ મળશે અને છોકરીઓ ભણતી રહી જશે. આપણા સમાજની આ ખાસ પરિસ્થિતિ મારા ધ્યાન ઉપર લાવવામાં આવી અને તેથી જ

( અનુસંધાન પૃષ્ટ ૭૮ જુઓ )

# કેટલાક સમાચાર અને નોંધ

## દીક્ષા આપવાની ઘેલછા

અમદાવાદના ડીસ્ટ્રીક્ટ જજ મી. વ્યાસ સમક્ષ કાળુશાની પોળમાં રહેતા શ્રી. તારાચંદ દલીચંદે નીચે મુજબના સારાંશની તા. ૨૧-૧૧-૪૪ ના રોજે અરજી કરી હતી.

"હું અને મારા પીત્રાઇ ભાઇ ચંદનમલ અસલ જોધપુર તાબાના ખીમાંડી ગામના રહેવાસી છીએ. ચંદનમલ છેલ્લા પાંચ માસથી અમદાવાદમાં પોતાનાં બાળ-બચ્ચાં સાથે રહે છે. મારી અને ચંદનમલના ચાર વરસના છોકરા કુંદનમલના નામની મદ્રાસમાં કુંદનમલ તારાચંદના નામથી પેઢી ચાલે છે. અમદાવાદ આવ્યા પછી ચંદનમલ ધાર્મિક વ્યાખ્યાનો સાંભળી એટલો બધો ધાર્મિક મનોવૃત્તિ વાળો થઇ ગયો છે કે પોતાના દીકરા કુંદનમલ અને પોતાની બે દીકરીઓ-શાન્તા જે ૧૦ વર્ષની છે અને વાસંતી જે ૮ વર્ષની છે તેમના સર્વ પ્રકારના હિતો ભુલી ગયો છે અને ધર્મઘેલછામાં પોતાની બે દીકરીઓને દીક્ષા આપવા તૈયાર થયો છે. આ બે દીકરીઓ પૈકી શાન્તાનું સગપણ પણ થયેલ છે. જો આ છોકરીઓને દીક્ષા આપવા અગર અપાવવામાં આવે તો તેમની કુમળી વયને લીધે તેમને સંસાર તરફનું કાંઇ પણ ભાન નહિ હોવાથી આવું કૃત્ય તેમના હિતની તદ્દન વિરૂધ્ધ છે. આ છોકરીઓને તેમનાં માબાપ કેળવણી વગેરે આપવાની ફરજમાંથી ચુકે છે. માટે આવી દીક્ષા અપાતી અટકાવવા માટે કોર્ટે યોગ્ય ફરમાન કરવું જોઇએ." આ ઉપરથી કોર્ટે ઉપર જણાવેલ ચંદનમલ જેઠાજી અને તેની સ્ત્રી બાઇ જતન ઉપર એ મતલબનો કામચલાઉ મનાઇ હુકમ કાઢયો છે કે તે બન્નેમાંથી કોઇએ ઉપર જણાવેલ શાન્તા તેમજ વાસન્તીને કોર્ટની પરવાનગી સિવાય દીક્ષા આપવી નહિ, આ કોર્ટની હકુમત બહાર સદરહુ બન્ને છોકરીઓને ખસેડવી નહિ કે ખસેડાવવી નહિં અગર તો દીક્ષા આપવા કે અપાવવા માટે બીજી કોઇ વ્યક્તિને આ છોકરીઓ સોંપવી નહિ અને આ મનાઇ હુકમ છોકરીઓના માબાપને રાત્રીના વખતે પહોંચાડવામાં આવ્યો છે.

દીક્ષા આપવાની ઘેલછાને લગતો બીજો એક કીસ્સો મુંબઇ ખાતે તા. ૨૫-૧૧-૪૪ ના રોજ બની ગયો. મારવાડમાં આવેલ વાંકલી ગામના રહેવાસી અને હાલ મુંબઇમાં વસતા ભાઇશ્રી ડાહ્યાલાલના વીશ વર્ષની ઉમ્મરના એકના એક દીકરા સુરતીંગમલને શ્રી. વિજયરામચંદ્ર સુરિના શિષ્ય મુનિ મંગળવિજયજીએ લાલબાગના ઉપાશ્રયમાં એકાએક છુપી રીતે દીક્ષા આપી દીધી છે. સુરતીંગમલનો બાપ માંદગીના બીછાને છે. સુરતીંગમલને કેટલાક સમયથી દીક્ષા લેવાની ધૂન લાગેલી અને અમદાવાદ ખાતે શ્રી. વિજયપ્રેમસુરિ પાસે તે દીક્ષા લેવા તૈયાર થયેલો. પણ છોકરાના લાગતા વળગતાઓએ છોકરાના બાપની બીમાર હાલત વગેરે બાબતો શ્રી. વિજયપ્રેમસુરિ પાસે રજુ કરી અને તેના પરિણામે તે છોકરાને હાલ દીક્ષા આપવામાં નહિ આવે તેમ તેમણે જણાવેલું. પછી તે છોકરો મુંબઇ આવ્યો અને પોતાના બાપની સાથે રહેવા લાગ્યો. શ્રી. વિજયપ્રેમસુરિનો કેટલોક શિષ્યપરિવાર લાલબાગના ઉપાશ્રયમાં રહે છે. ૨૫ મીની સવારે શ્રી. ભાયખલા ખાતે શ્રી લક્ષ્મણીને દીક્ષા આપવાનો ભવ્ય સમારંભ યોજાયો હતો. આ માટે ઉપર જણાવેલ શિષ્યપરિવાર લાલબાગથી વાજતે ગાજતે ભાયખલા જવા નીકળે છે. તે પરિવારમાંથી ત્રણ સાધુઓ અડધા રસ્તેથી લાલબાગ પાછા આવે છે. બીજી બાજુએ ઉપર જણાવેલ સુરતીંગમલ કોઇને કહ્યા વગર છુપી રીતે લાલબાગ આવી ચઢે છે અને તેને કેવળ ખાનગી રીતે મુંડી નાંખવામાં આવે છે. આ મંગળવિજયજી તે શ્રી. વિજયપ્રેમસુરિના શિષ્ય શ્રી વિજયરામચંદ્રસુરિના શિષ્ય થાય. સુરતીંગમલના લાગતાવળગતાઓ સુરતીંગમલની શોધમાં લાલબાગના ઉપાશ્રયમાં આવી ચઢે છે અને સુરતીંગમલને સાધુના વેશમાં બેઠેલો જોઇને આશ્ચર્યચકિત થાય છે. સુરતીંગમલ કેવળ અભણ અને ગમાર છોકરો છે. ધાર્મિક જ્ઞાન પણ તે કશુ ધરાવતો નથી. ગઇ કાલનો એ બદામનો સુરતીંગમલ આજે આંખના પલકારામાં જૈન સમાજનો વંદનીય સાધુ બની બેસે છે. પાંચમા આરાની આ અનુપમ ઘટના છે !

એ ભારે ખેદજનક છે કે આવી અઘટિત દીક્ષાઓ સામે આટલાં વર્ષોથી ઝુંબેશ ચાલવા છતાં અયોગ્ય દીક્ષા દેવાવાના અને અટકાવાયાનાં કીસ્સાઓ બન્યા જ કરે છે. દીક્ષા લેનારની ઉમ્મર કે યોગ્યતાનો વિચાર કરવાની કોઇને જરૂર લાગતી જ નથી. કોઈ આવ્યું, ભોળવાયું કે મુંડાયું. જ છે. દીક્ષા આપનાર કોઇને પણ જવાબદાર છે જ નહિ. આવી દીક્ષાઓના પરિણામે એક બાજુએ મોટા ભાગે ગમાર ઘેટાંઓની પાંજરાપોળ ઉભરાતી જાય છે અને બીજી બાજુએ જૈન જૈનેતર સમાજમાં જૈન દીક્ષા પ્રત્યેની ઘૃણા ખુબને ખુબ કેળવાતી જાય છે. આવા દીક્ષાયેલા સાધુઓ જૈન સમાજ અને જૈન ધર્મને સૌથી વધારે નુકસાન કરી રહ્યા છે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ક્ષેત્રવિસ્તાર

મુંબઇમાં એલ્ફિન્સ્ટન રોડ સ્ટેશનની સમીપમાં શ્રી. ગોકુળભાઇ મુળચંદ હોસ્ટેલનું ભવ્ય મકાન આજ કેટલાય સમયથી કશા પણ ઉપયોગ વિના ખંડિયેર સ્થિતિમાં પડયું હતું. મૂળ તો તે મકાનનો ઉપયોગ મેટ્રીક પછીનાં કોલેજના ધોરણોમાં ભણતા જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપવા માટે કરવામાં આવતો હતો. પછી થોડો સમય તે સાર્વજનિક વિદ્યાર્થી ગૃહ જેવું બની ગયું હતું, પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી તે મકાનનો કશો પણ ઉપયોગ કરવામાં આવતો નહોતો અને હવા, તાપ અને વરસાદને લીધે જીર્ણતાને પામી રહ્યું હતું.

છેલ્લાં કેટલાંક વર્ષથી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે સંખ્યાબંધ અરજીઓ આવતી હતી અને જગ્યાના અભાવે કેટલાક વિદ્યાર્થીઓને દાખલ કરી શકાતા નહોતા. ગયા જુન માસમાં તો આ રીતે વિદ્યાર્થીઓની ઘણી મોટી સખ્યાને વિદ્યાલયમાં પ્રવેશ આપી શકાયો નહોતો અને આ નકારવી પડેલી અરજીઓમાં મેટ્રીકની પરીક્ષામાં કે તે ઉપરની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં અથવા તો બહુ ઉંચી કક્ષાએ પસાર થયેલા વિદ્યાર્થીઓનો બહુ મોટા પ્રમાણમાં સમાવેશ થતો હતો. આવા વિદ્યાર્થીઓને ના લખવા સિવાય બીજો કશો ઉપાય નહોતો એમ છતાં પણ સંસ્થાના વ્યવસ્થાપકોને આ બાબતનું બહુ દુઃખ હતું

આમ વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઉપર જણાવેલ શ્રી. ગોકુળભાઇ મુળચંદ હોસ્ટેલનું મકાન મેળવવાની છેલ્લા દોઢ બે વર્ષથી તજવીજ ચાલતી હતી. કેટલીએક સમજાવટના પરિણામે શેઠ ગોકુળભાઇ મૂળચંદના વંશવારસોએ મહાવીર જૈન વિદ્યાલયને પાંચ વર્ષ માટે એ હોસ્ટેલને ઉપયોગમાં લેવાની સંમતિ આપી. વિદ્યાલયે એ મકાનની અત્યન્ત જરૂરી એવી મરામત પાછળ આશરે રૂા. ૧૩૦૦૦ ખરચ્યા અને આજે લગભગ ૪૦ વિદ્યાર્થીઓ રહી શકે એવી સગવડ ઉભી કરી. આ વિદ્યાર્થીગૃહની તા. ૧૨-૧૧-૪૪ ના રોજ જૈનોના એક જાણીતા આગેવાન શ્રી. સુરચંદ પુરૂષોત્તમદાસ બદામીના હાથે ઉદ્ઘાટન ક્રિયા કરવામાં આવી. શ્રી. મહાવીર જૈન વિદ્યાલયે આ રીતે એક નવું સાહસ ખેડીને શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીઓ માટે નવી સગવડ ઉભી કરી એ માટે તે સંસ્થાના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. વિદ્યાલયનું કાર્યક્ષેત્ર તો અતિ વિશાળ છે. કન્યા છાત્રાલય ઉઘાડવાનું તો વિદ્યાલયે છેલ્લા બાર મહિનાથી નક્કી કર્યું છે પણ યોગ્ય મકાન મળવાના અભાવે તે યોજનાનો અમલ હજુ થઇ શકયો નથી. વિદ્યાર્થીઓની જરૂરિયાત ચોતરફ ખુબજ વધી રહી છે. કઇ કોલેજમાં દાખલ થવું અને કયાં જઇને રહેવું એ પ્રશ્ન આજના વિદ્યાર્થીગણને સૌથી વધારે પીડી રહ્યો છે. આ દિશાએ શકય તેટલી રાહત આપવા માટે મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાઓ જેટલું કરે તેટલું ઓછું છે.

સદ્‌ભાગ્યે જૈન સમાજનું અને તેમાં પણ સમાજના સ્થિતિચુસ્ત વર્ગનું વળણ આવી કેળવણી પ્રચારની પ્રવૃત્તિ પ્રત્યે વધારે ને વધારે અનુકુળ બનતું જાય છે. પ્રસ્તુત ઉદ્‌ઘાટન પ્રસંગ આ બાબતમાં બહુ સૂચક પુરાવો રજુ કરે છે. શ્રી. સુરચંદભાઇ આમ તો એક વિદ્વાન, સુચરિત અને ધર્મપરાયણ સજ્જન છે પણ ધાર્મિક બાબતોમાં તેમનું વળણ એક કટ્ટર સ્થિતિચુસ્તનું છે. આગમોદ્ધારક સુરિસમ્રાટ શ્રી. સાગરાનંદજી તો સ્થિતિચુસ્તતા અને સાંપ્રદાયિક સંકીર્ણતાના પ્રતીક સમા છે. સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ સાધારણ રીતે સમાજની પ્રગતિશીલ કોઇ પણ પ્રવૃત્તિનો કાં તો વિરોધી હોય છે અથવા તો તે પ્રત્યે ઉદાસીનતા ધરાવતો હોય છે. આમ હોવા છતાં પ્રસ્તુત વિદ્યાર્થીગૃહના ઉદ્‌ઘાટનના પ્રસંગે શ્રી. સાગરાનંદસુરિ સંસ્થાના મકાનમાં આવે, વ્યાખ્યાન આપે અને સંસ્થાને પોતાના આશીર્વાદથી ટેકો આપે તેમજ સુરચંદભાઇ જેવા સમારંભનું પ્રમુખસ્થાન સ્વીકારે એ ખરેખર બહુ સુચક અને પ્રોત્સાહક ઘટના ગણાય. આવી જ રીતે શેઠ અમૃતલાલ કાળીદાસ જે જૈન સમાજમાં બહુ લાગવગ ધરાવતી વ્યકિત છે તેમણે પણ આ પ્રસંગે હાજર રહીને સંસ્થાનું ખુબ અભિનંદન કર્યું અને આવા કાર્યોને આગળ વધારવા બહુ ભારપૂર્વક જણાવ્યું અને એ રીતે વિદ્યાલય જેવી સંસ્થા પ્રત્યેના તેમના વળણ વિષે કેટલીક બાજુએથી શંકાઓ દાખવવામાં આવતી હતી તે શંકાનું તેમણે સચોટ રીતે નિરસન કર્યું. આ બધું એક જ વાત પુરવાર કરે છે કે ધાર્મિક પ્રશ્નો સંબંધે જુદી જુદી વ્યકિતઓનાં ભલે જુદાં જુદાં વળણ હોય પણ આપણી ઉગતી પ્રજાને ઉચ્ચ કેળવણીમાં બને તેટલી રીતે આપણે આગળ વધારવી જ જોઇએ એ વિષે સમાજમાં હવે બે મત રહ્યા જ નથી. આવી આશાસ્પદ ઘટના ઉપર વિશ્વાસ રાખીને શ્રી મહાવીર જૈન વિદ્યાલય પોતાના કાર્યને ઉત્તરોત્તર ખુબ અને ખુબ વિસ્તારતું રહે, કન્યાછાત્રાલય તો બહુ જલ્દિથી ઉઘડે એવી યોજના કરે, જૈન શાસ્ત્ર તેમજ સાહિત્યનું સંશોધન કરતું એકાદ વિદ્યાભવન કાઢે, તેમજ આજે છે તેમ માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની જ નહિ પણ સમગ્ર જૈન સમાજની એક કેંદ્રસ્થ કેળવણી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય બની રહે અને એ રીતે 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' એ નામને સર્વાંગી અર્થમાં સિદ્ધ અને સાર્થક કરે એવી આપણે આ એક નાના અને એમ છતાં પણ અમુક રીતે મહત્વભર્યા પ્રસંગે આપણા અન્તરની શુભેચ્છા અને આકાંક્ષા પ્રદર્શિત કરીએ !

## અખિલ હિંદ વીરશાસન પરિષદ

નવેંબર માસના પ્રારંભમાં કલકત્તા ખાતે ભગવાન મહાવીર પ્રરૂપિત જૈન શાસનને ૨૫૦૦ વર્ષ પુરાં થયાં તે ઘટનાના ઉદ્યાપન અર્થે વીરશાસન પરિષદ મળી હતી. આ પરિષદનું ઉદ્‌ઘાટન હિંદુ મહાસભાના પ્રમુખ કાર્યકર્તા બાબુશ્યામપ્રસાદ મુકરજીએ કર્યું હતું. પરિષદના સ્વાગત પ્રમુખ દિગંબર સમાજના આગેવાન શ્રી. શાન્તિપ્રસાદ સાહુ હતા અને પ્રમુખસ્થાને રાવરાજા સર હુકમીચંદ બીરાજય હતા. આવી પરિષદ ઉપસ્થિત કરવાનો સૌથી પ્રથમ ખ્યાલ પંડિત શ્રી જુગલકિશોર મુખ્તારજીને આવ્યો હતો અને તેમણે તેમજ તેમના સહકારીઓએ ખુબ શ્રમ ઉઠાવીને અનેક મતમતાન્તરોનું સમાધાન કરી પરિષદના નાવને ખુબ સફળતાપૂર્વક પાર ઉતાર્યું હતું. આ પરિષદ પ્રસંગે જુદા જુદા ગૃહસ્થો તરફથી અઢી લાખ રૂપીઆની નાની મોટી સખાવતો જાહેર થઇ હતી. આ સંબંધમાં 'જૈન' પત્ર જણાવે છે કે "મોટા ફંડફાળા કે વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાનો એ જ ઉત્સવની જમે બાજુ રહેવી ન જોઇએ, અર્થાત્ સફળતાની પારાશીશી જ એ છે એ મનોદશા ટળવી જોઇએ. જૈન સમાજ ગર્જે જાણે છે તેટલો વરસી જાણતો નથી એમ કહેવાય છે. અહિં તો ગર્જના અને વરસાદનો પણ સાથ મળ્યો છે. પરંતુ ભેખધારી જેવા કાર્યકર્તાઓ બહાર ન આવે અને યોજનાને આગળ ન ધપાવે ત્યાં સુધી સારા પાકની આશા ન રાખી શકાય." આ ટીકા તદ્દન સાચી અને જૈન સમાજે ધ્યાનમાં ઉતારવા જેવી છે. **પરમાનંદ.**

# સંઘ સમાચાર

## શ્રી. હંસાબહેન મહેતા સંઘના કાર્યાલયમાં

તા. ૪-૧૧-૪૪ શનિવારના રોજ મુંબઇની ભગિનીસમાજના પ્રમુખ શ્રી. હંસાબહેન મહેતા, શ્રી. જયશ્રી બહેન રાયજી તથા શ્રી. લીલાવતી બહેન બેંકર સંઘના નિમંત્રણને માન આપીને સંઘના કાર્યાલયમાં આવ્યા હતા અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોને તેમની સાથે પરિચય સાધવાની અને વિચારવિનિમય કરવાની તક સાંપડી હતી. હસ્તોદ્યોગ રાહતના નાના સરખા કાર્યદ્વારા મુંબઇ જૈન યુવક સંઘનો ભગિની સમાજ સાથે સંપર્ક ઉભો થયો હતો. પ્રસ્તુત મીલન પ્રસંગે ભગિની સમાજની તેમજ મુંબઇ જૈન યુવક સંઘની કેટલીક પ્રવૃત્તિઓ વિષે અને તેના અનુષંગમાં આપણી બહેનોની આજની સ્થિતિ અને સ્વાશ્રય, કાયદામાં બહેનોને મળવી જોઇતી સમાનતા, સીનેમામાં બહેનો જોડાય તેમાં રહેલું ઔચિત્ય–અનૌચિત્ય, ખાદીકાર્યને લગતી આજે ચર્ચાતી નવી યોજના વગેરે અનેક બાબતો વિષે ચર્ચા થઇ હતી. ભગિની સમાજની વિવિધ પ્રવૃત્તિઓને સંઘ તરફથી હંમેશા સાથ અને સહકાર મળશે એ મુજબ સંઘના અધિકારીઓ તરફથી જણાવવામાં આવ્યું હતું અને એ રીતે લગભગ બે કલાક આનંદમય વિનોદ અને વાર્તાલાપમાં પસાર થયા હતા.

## શ્રી નાનાભાઈ ભટ્ટ સંઘના કાર્યાલયમાં

તા. ૧૫-૧૧-૪૪ બુધવારના રોજ આંબલાના ગ્રામ દક્ષિણા મૂર્તિવાળા શ્રી નાનાભાઇ ભટ્ટ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં આવ્યા હતા જે પ્રસંગે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તરફથી તેમને આવકાર આપવામાં આવ્યો હતો. ૧૯૪૨ના ઓગસ્ટ માસમાં સરકારે અખત્યાર કરેલી દમનનીતિના તેઓ પણ ભોગ થઇ પડયા હતા અને તેના પરિણામે લગભગ પોણા બે વર્ષ જેલવાસ ભોગવીને તેઓ પાંચેક મહીના પહેલા છુટયા હતા. ઉપર જણાવેલ પ્રસંગે તેમણે જેલવાસના કેટલાક અનુભવો રજુ કર્યા હતા. તે ઉપરાંત આપણી સાર્વજનિક સંસ્થાઓ તેમજ જાહેર કાર્યકર્તાઓની વિકટ પરિસ્થિતિ, કાઠિયાવાડના પ્રશ્નો, સમાજવાદ અને ગાંધીવાદ તેમજ ગાંધીજીના આગામી ઉપવાસ તથા અન્ય અનેક પ્રાસંગિક બાબતો ઉપર લગભગ દોઢ કલાક સુધી વિવેચન કર્યું હતું. અને તેમના અનુભવપૂર્ણ વિચારો સાંભળીને સૌ કોઇને બહુ આનંદ થયો હતો.

શ્રી યુવકસંઘ હસ્તક ચાલતી જુદી જુદી પ્રવૃત્તિઓમાં નીચે મુજબ મળેલી રકમોનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

## રાહત પ્રવૃત્તિમાં ભરાયેલી રકમો

૫૦૦) શ્રી ખુબચંદ સ્વરૂપચંદ હા. શ્રી કાંતિભાઇ, ૧૦૧) શ્રી વીઠુલદાસ કાળીદાસ, ૧૦૦), શ્રી ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ, ૫૧) એક ગ્રહસ્થ તરફથી હા. શ્રી હરિભાઈ, ૫૦) એક ગૃહસ્થ તરફથી હા. શ્રી હરિભાઇ, ૫૦) શ્રી પ્રેમચંદ વેલજી મહેતા, ૫૦) બોંમ્બે મશીન ટુલ્સ એજન્સી હા. શ્રી સારાભાઇ, ૫૦) શ્રી ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ, ૨૫) શ્રી હરગોવિંદદાસ રામજી, ૧૦) શ્રી રમણબહેન પાનાચંદ ઝવેરી.

## પ્રબુદ્ધ જૈનને મળેલી દીવાળીની બોણી

૨૫) ધી બોંમ્બે મશીન ટુલ્સ એજન્સી હા. શ્રી સારાભાઈ, ૨૫) શ્રી હરગોવિંદદાસ રામજી.

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય પુસ્તકાલયને મળેલી મદદ

૨૫) ધી બોમ્બે મશીન ટુલ્સ એજન્સી હા. શ્રી સારાભાઇ, ૨૫) શ્રી ડાહ્યાલાલ ત્રીભોવનદાસ, ૨૫) શ્રી પારેખ ટ્રેડીંગ કું. ૨૫) શ્રી હરગોવિંદદાસ રામજી.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

## કસ્તુરબા ફંડનો ઉપયોગ અને પાયાની કેળવણી

(મુખપૃષ્ટથી ચાલુ)

પ્રસ્તુત યોજનાનો લાભ સાત વર્ષ સુધીની ઉમ્મરના છોકરાઓને મળવો જોઇએ એ વાત મેં કબુલ રાખી. આમ હોવા છતાં પણ જે સ્થળે છોકરીઓ પુરતી સંખ્યામાં ભણવા માટે બહાર નહિ આવે ત્યાં સાત વર્ષની ઉપરની ઉમ્મરના છોકરાઓને પણ દાખલ કરવામાં આવશે પણ તે એ સરતે કે એક તો તે સ્થળમાં ભણવા માટે વધારે છોકરીઓ આવતાં છોકરાઓએ તેમને જગ્યા કરી આપવી પડશે. અને બીજું સાત વર્ષ ઉપરની ઉમ્મરના છોકરાઓએ પોતાના ભણતર માટે નક્કી કરેલી ફી આપવી પડશે. આવી મર્યાદા બાંધવાનો હેતુ સાત વર્ષની ઉપરના છોકરાઓને ભણતા અટકાવવાનો નથી પણ આ સ્મારક ફંડ ઉપર છોકરાઓ બોજારૂપ ન બને તે છે. તાલીમી સંઘે માત્ર બહેનો માટે એકત્ર કરવામાં આવેલ ફંડ ઉપર જ આધાર રાખીને ચાલવું ન જોઇએ. આ બાબતમાં મારી ચિન્તા એટલી જ છે કે કસ્તુરબા ફંડ છોકરીઓના ભોગે સાત વર્ષ ઉપરના છોકરાઓ પાછળ વપરાઇ જવું ન જોઇએ." કોઇએ પૂછ્યું કે "જ્યાં છોકરા છોકરીઓ બન્ને માટે સગવડ થઇ શકે તેમ ન હોય ત્યાં માત્ર છોકરીઓ માટે જ નિશાળો કાઢવામાં આવે એ ઇચ્છવા યોગ્ય છે?" ગાંધીજીએ જવાબ આપ્યો કે "મને તેમાં કશું ખોટું લાગતુ નથી. પણ તમે એમ પૂછશો કે ધારો કે કરોડો છોકરાઓ આપણી પાસે કેળવણી લેવા માટે આવે તો સગવડના અભાવે શું તમે તેમને પાછા કાઢશો? હું કહું છું કે ના, હું તેમ નહિ કરૂં. હું જરૂર પડશે તો તેમને ઝાડના છાયા નીચે બેસાડીશ, તેમના હાથમાં વાંસની તકલીઓ આપીશ, અને એ રીતે તુરત જ તેમને ભણાવવાનું શરૂ કરી દઇશ.

### પ્રૌઢ શિક્ષણ

"પ્રૌઢ શિક્ષણનો પ્રશ્ન વિચારતાં મને સ્પષ્ટ થયું છે કે પાયાની કેળવણીનો પ્રદેશ આપણે વિસ્તૃત કરવો જોઇએ. પાયાની કેળવણીમાં જીવનની દરેક કક્ષાએ ઉભેલા દરેક માનવીની કેળવણીનો સમાવેશ થવો જોઇએ. પાયાની કેળવણી આપનાર શિક્ષકે સૌ કોઇના શિક્ષક બનવાનું છે. કોઇ પણ સ્ત્રી કે પુરૂષ, જુવાન કે ઘરડા માણસનો સમાગમ થતાં તેણે પોતાની જાતને એ પ્રશ્ન પૂછવો જોઇએ કે "હું આ માણસને શું આપી શકું તેમ છું." તમે કહેશો કે "આમ વિચારવું એ એક પ્રકારની અહંતા નથી?" હું કહું છું કે "એમાં અહંતા જેવું કશું જ નથી. ધારો કે મને એક ઘરડા માણસનો ભેટો થાય છે. તે ગંદો અને અભણ છે. તેની દુનિયા તેના ગામડામાં જ સમાયલી છે. આવા માણસને સ્વચ્છતા શિખવવી, તેનું અજ્ઞાન દૂર કરવું અને તેની માનસિક સૃષ્ટિને વિશાળ બનાવવી એ મારૂં કર્તવ્ય બનશે. હું તેનો શિક્ષક બનવા માંગું છું એમ તેને કહેવાની કશી જ જરૂર નથી. હું તેના મન સાથે સંપર્ક સાધવાનો અને તેનો વિશ્વાસ સંપાદન કરવાનો પ્રયત્ન કરીશ. સંભવ છે કે તે મારી પ્રત્યે અણગમો બતાવે. હું એથી નિરાશ નહિ થાઉં, પણ તેની સાથે મૈત્રી સધાય ત્યાં સુધી હું મારો પ્રયત્ન ચાલુ રાખીશ. એક વખત તેની સાથે દોસ્તી થઈ પછી તો બાકીનું બધું જરૂર થવાનું જ.

### જન્મકાળથી કેળવણીનો પ્રારંભ

"વિશેષતઃ હું તો બાળક જન્મે ત્યારથી તેની તરફ નજર રાખવા માંડું. હું તો એથી પણ એક ડગલું આગળ વધીને એમ કહીશ કે કેળવણીનું કાર્ય બાળકના જન્મ પહેલાંથી પણ શરૂ થાય છે, દાખલા તરીકે કોઇ સ્ત્રી સગર્ભા થઇ તો આશાદેવી તેની પાસે જશે અને કહેશે કે "જેમ તમે માતા થવાના છો તેમ હું પોતે પણ એક માતા છું. તમારે તમારી પોતાની અને તમારા ભાવી બાળકની તબિયત જાળવવા માટે શું કરવું જોઇએ તે માતા તરીકેના મારા અનુભવ ઉપરથી હું તમને કહી શકુ તેમ છું." એજ રીતે આશાદેવી તેના ધણીની તેની પત્ની પ્રત્યે શું ફરજ છે અને ભાવી બાળક સંબંધમાં તેણે શું સંભાળ લેવી જોઇએ અને શું કરવું જોઇએ તે વિષે તેના ધણીને પણ યોગ્ય રીતે બે શબ્દો જરૂર કહેશે. આ રીતે પાયાની કેળવણીનો શિક્ષક જીવનના સર્વ પ્રદેશોને પહોંચી વળવાનો પ્રયત્ન કરશે. આમ હોવાથી તેની પ્રવૃત્તિમાં પ્રૌઢ શિક્ષણનો સ્વાભાવિક રીતે જ સમાવેશ થઇ જાય છે. પ્રૌઢ શિક્ષણ સંબંધે આજે કેટલાક સ્થળોએ કેટલીક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ કાર્ય મોટે ભાગે મીલમજુરોમાં અને મોટા શહેરોમાં ચાલે છે. કોઇએ હજુ ગામડાંઓ સાથે સંપર્ક સાધ્યો જ નથી. માત્ર વાંચતાં, લખતાં અને ગણતાં શિખવ્યું અને રાજકીય બાબતો વિષે થોડાંક તીખાં-તમતમતાં ભાષણો આપ્યાં એટલાથી મને સંતોષ નહિ થાય. મારી કલ્પના મુજબના પ્રૌઢ શિક્ષણના પરિણામે તો સ્ત્રીઓ અને પુરૂષો બધી રીતે વધારે કુશલ નાગરિકો બનવા જોઇએ. પ્રૌઢ શિક્ષણનો આવો અભ્યાસક્રમ તૈયાર કરવો અને તેનો અમલ કરવો તે છોકરાઓ માટેનો સાત વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કરવા કરતાં વધારે કઠણ કામ છે.

"પ્રાથમિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ ઉભયમાં રહેલો મધ્યવર્તી વિચાર ગ્રામોદ્યોગ દ્વારા કેળવણીની યોજના કરવાનો રહેવાનો. પાયાની કેળવણી નીચે યોજાયેલાં પ્રૌઢ શિક્ષણમાં કૃષિવિજ્ઞાન મહત્વનો ભાગ ભજવશે. અક્ષરજ્ઞાન પણ ત્યાં હોવાનું જ. ઘણી માહિતી મોઢેથી આપવામાં આવશે. ચોપડીઓની જરૂર પડવાની પણ તેનો ઉપયોગ શિખનાર કરતાં શિખવનારે વધારે કરવાનો રહેશેઃ બહુમતી વર્ગોએ લઘુમતી વર્ગો સાથે કેમ વર્તવું અને તેથી ઉલટ ક્રમનો પણ પરસ્પર વર્તાવ કેવો હોવો જોઇએ તે આપણે શિખવવું જોઇશે. જે પ્રૌઢ શિક્ષણ પડોશી ધર્મ શિખવશે અને અસ્પૃશ્યતાને અને કોમી ભાવનાને મૂળમાંથી છેદી શકશે તેજ સાચું પ્રૌઢ શિક્ષણ કહેવાશે.

"કેળવણીના માધ્યમ તરીકેના ચોક્કસ ઉદ્યોગની પસંદગી પ્રત્યેક સ્થળના સ્થાનિક સંયોગો મુજબ નક્કી કરવામાં આવશે. દાખલા તરીકે અમુક ગામડાના લોકો તમને એમ કહે કે અમને ખેતીવાડીમાં રસ છે પણ રેંટીઆમાં અમને રસ નથી. આમ હોય ત્યાં તમારે ખેતીવાડીને કેળવણીના માધ્યમ તરીકે સ્વીકારવું જોઇશે. આની શરૂઆત તમે તે સ્થળના ઢોરનું વસ્તીપત્રક બનાવવાનું કાર્ય ઉપાડી લઇને કરી શકશો.

### (બહેનો સાથે ન્યાયથી વર્તો)

"વળી સ્ત્રી પુરૂષોનો પરસ્પર કેવો વ્યવહાર હોવો જોઇએ તેને લગતા સાચા સિદ્ધાંતો આપણે તેમના દિલમાં બરોબર ઠસાવવા જોઇએ. એક જ સરખા કામ માટે સ્ત્રીઓ કરતાં પુરૂષોને બમણું મહેનતાણું મળે છે. ઘણી વખત પુરૂષો ઘરમાં નવરા બેસી રહે છે અને બીડીઓના ધુમાડા કાઢે છે જ્યારે સ્ત્રીઓ આખો દિવસ મજુરી કરે છે. લોકોને ભાન થવું જોઇએ કે આ બંને બાબત અયોગ્ય છે અને આવી અસમ પરિસ્થિત દૂર થવી જ જોઇએ. જો પાયાની કેળવણીનો પ્રદેશ વિસ્તૃત કરવો જોઇએ એ બાબતમાં તમે મારી સાથે એકમત થતા હો તો તમારા આખા બંધારણમાં મહત્વના ફેરફારો કરવાના રહેશે."

અનુવાદક **પરમાનંદ**

### સંઘની રાહત પ્રવૃત્તિ

**સંઘની રાહત પ્રવૃત્તિ ચાલુ છે. રાહતની અપેક્ષા ધરાવતા ભાઈઓ આ રાહતનો વિના સંકોચે લાભ લઈ શકે છે. આ સેવા કાર્યમાં બને તેટલો આર્થિક ફાળો મોકલી આપવા સારી સ્થિતિના જૈન ભાઈઓને વિનંતિ કરવામાં આવે છે.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

Regd. No. B. 4266

(1)

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

લવાજમ રૂપિયા ૩

તંત્રી :– મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ ૬ ] મુંબઈ: ૧૫ ડીસેમ્બર ૧૯૪૪ શુક્રવાર [ અંક ૧૬

## કેટલાક સમાચાર અને નોંધ

### કોલ્હાપુરનું દેવસ્થાન બીલ

કોલ્હાપુર રાજ્યે તાજેતરમાં 'દેવસ્થાન બીલ ઓફ ૧૯૪૪' નામનું એક બીલ પોતાના દરબારી ગેઝેટમાં પ્રગટ કર્યું છે. તા. ૧૦–૧૨–૪૪ નું 'જૈન' પત્ર જણાવે છે તે મુજબ કોલ્હાપુરના રાજવીઓએ ભૂતકાળમાં હિંદુ મુસલમાન વગેરે કોમના જે જે ધર્મસ્થાનકોમાં જમીન રોકડ કે સાલીયાણા તરીકે ભેટ ધરવામાં આવી હોય તેનો તેમજ કોઇ પણ ધર્મસ્થાનકની સારસંભાળ લેનાર કોઇ પણ રહ્યું ન હોય તેવા મંદિરો વગેરેનો બહીવટ ચલાવવા માટે દેવસ્થાન મંડળની સ્થાપના કરી હતી. આ મંડળની પુનઃ રચનાના બહાને રાજ્ય તરફથી ઉપર જણાવેલ દેવસ્થાન બીલ રજુ કરવામાં આવ્યું છે. આ બીલની મુખ્ય કલમો નીચે મુજબ છે:–

૧ દેવસ્થાનની પૂર્વની વ્યાખ્યાને વિસ્તૃત કરી ધાર્મિક પુજાસ્થાન કે જેની પાસે રોકડ સિક્યુરીટી અથવા સ્થાવર મિલ્કત હોય એ ઠગવીને જૈનોના દેરાસરો, ઉપાશ્રયો, તથા સર્વ ધર્મના મંદિરો અને યાત્રાળુઓને ઉતરવાની ધર્મશાળાઓ, કુવા, વાવ વગેરેને પણ દેવસ્થાન બીલ લાગુ પાડી નવા સુધારાથી દેવસ્થાન મંડળના કાબૂ હેઠળ મુકવામાં આવનાર છે.

૨ ઇલાકા પંચાયતમાંના બાર સભ્યો કે જેમાં ઓછામાં ઓછા બે હરિજન, એક મુસલમાન, એક સ્ત્રી હોવા જોઇશે અને રાજ્ય તરફથી બીજા ચાર સભ્યોની તેમાં નિમણુક કરવામાં આવશે આ રીતે સોળ સભ્યોનું દેવસ્થાન મંડળ થશે.

૩ દેવસ્થાન બીલના આધારે સઘળાય દેવસ્થાનો અને બીજી ધાર્મિક સંસ્થાની મિલ્કતોને આ દેવસ્થાન મંડળની માલીકીની ગણવામાં આવશે અને તેનો વહીવટ સત્તા વગેરે આ દેવસ્થાન મંડળના હસ્તક રહેશે.

૪ દેવસ્થાન મંડળ પોતાના કાબુમાં આવેલી દેવસ્થાનો વિગેરેની મિલ્કતમાંથી નિત્ય નિયામક ખર્ચ કરશે અને તેના વધારામાંથી પ્રથમ દેવસ્થાન મંડળ ચલાવવા માટે રોકેલા સ્ટાફ વિગેરેનો ખર્ચ બાદ કરતાં બાકી જે બેલેન્સ રહેશે તેમાંથી ૪૦ ટકા શિક્ષણ ફંડને મદદ આપશે. ૨૦ ટકા પ્રાથમિક નિશાળોનાં મકાનો માટે અને ૨૦ ટકા સાર્વજનિક ઉપયોગ માટે વાપરશે.

૫ દેવસ્થાન મંડળ પોતાના ઉદ્દેશને પહોંચી વળવા માટે કોલ્હાપુર રાજ્યમાં આવેલા દેવસ્થાનો અને મિલ્કતો તથા બહારના દેવસ્થાનો કે જેમની મિલ્કત કોલ્હાપુર રાજ્યમાં આવેલી હશે તે બધા ઉપર હવે પછી ઠરાવાશે તે મુજબ ટેક્સ નાંખશે.

દેવસ્થાનોમાં નિરર્થક એકત્ર થતી અને મંદિરોના તેમજ મૂર્તિઓના બીનજરૂરી શોભાશણગાર પાછળ વેડફાતી મીલ્કતનો તેમજ આવકનો જનકલ્યાણના તેમજ અજ્ઞાન નિવારણના કાર્યોમાં ઉપયોગ થાય એ જેટલું આવકારદાયક છે તેટલું જ આવશ્યક છે પણ જે રીતે તે વિચારનો અમલ ઉપર જણાવેલ દેવસ્થાન બીલમાં સૂચવવામાં આવ્યો છે તે રીતે નહિ. આ બીલ પાછળ જુદા જુદા સંપ્રદાય અને દેવસ્થાનોની મીલ્કત ઉપર કોલ્હાપુર દરબારની હકુમત સ્થાપવાનો આશય રહેલો હોય એમ લાગે છે અને આવા આશયથી પ્રેરાયલું બીલ અત્યન્ત વાંધા ભરેલું અને વિરોધ કરવા યોગ્ય બને છે. મંદિરોની મીલ્કત અને આવક ઉપર તે તે સંપ્રદાય સિવાય અન્ય કોઇનો પણ હક્ક લાગી ન શકે અને તે મીલ્કત કે આવકનો તે તે સંપ્રદાયના લોકોના ભલા માટે કે સર્વસામાન્ય પ્રજાના કલ્યાણ માટે ઉપયોગ કરવાની મુનસફી તે તે વર્ગને જ રહેવી જોઇએ. પણ આ બીલમાં તો રાજ્યની નીમેલી એક કમીટીને જ બધો વહીવટ તેમ જ વ્યયની સત્તા સોંપવામાં આવી છે. આ કેવળ અનુચિત આક્રમણ જ કહેવાય.

પ્રસ્તુત બીલની આખી નકલ હાથ ઉપર નહિ હોવાથી તેની વિગતવાર આલોચના કરવી શકય નથી. બીલની કલમો મુસલમાનોની મસજીદોને તેમ જ તેમનાં અન્ય ધર્મસ્થાનકોને લાગુ પડે છે કે નહિ એ સમજી શકાતું નથી. બીલની કલમોમાં મુસલમાનોના ધર્મસ્થાનકોનો કોઈ ઠેકાણે ઉલ્લેખ નથી. આમ છતાં પણ દેવસ્થાન મંડળમાં ઓછામાં ઓછો એક મુસલમાન હોવો જોઇએ એમ જણાવવામાં આવ્યું છે. જો આ બીલ મુસલમાનોને લાગુ પડતું ન હોય તો દેવસ્થાન મંડળમાં મુસલમાનોને શા માટે અવકાશ હોવો જોઇએ એ સમજી શકાતું નથી. આ બાબતમાં રાજ્યે તુરત જ ખુલાસો કરવો જોઇએ.

આ બીલ જેમ અન્ય વર્ગોને તેમજ જૈનોને અને તેમનાં દેવસ્થાનોને લાગુ પડે છે. કોલ્હાપુર રાજ્યમાં જૈનોનું કુંભોજ તીર્થ આવેલું છે અને એ ઉપરાંત અનેક મંદિરો તેમજ ઉપાશ્રયો પણ અસ્તિત્વ ધરાવે છે. આ કારણે આ બીલ ઉપર જૈન સમાજે પણ પુરો વિચાર કરીને તેમાં રહેલા અણઘટતા મુદ્દાઓ સામે પોતાનો અવાજ મજબુત પણે રજુ કરવાની ખાસ જરૂર છે.

પણ સાથે સાથે આવા બીલના ઉદ્‌ભવ ઉપરથી અન્ય સમાજે તેમજ જૈન સમાજે દેવદ્રવ્યના નામે ખડકાતા અને કશાપણ ઉપયોગમાં નહિ આવતા દ્રવ્યના ગંજના ગંજ વિષે દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવાની પણ એટલીજ જરૂર છે. દેવદ્રવ્ય સંબંધે લાંબા કાળથી ચાલી આવતી પ્રથા દેવદ્રવ્યના કોઇ પણ પ્રકારના સાર્વજનિક ઉપયોગની વિરૂદ્ધ છે. આ દ્રવ્યમાંથી થોડોઘણો વ્યય બે રીતે થાય છે. (૧) મંદિર તેમજ મૂર્તિના શોભા શણગાર વધારવા પાછળ, અને (૨) મંદિરો બંધાવવા પાછળ. પણ મોટે ભાગે તો એકઠું થતું દેવદ્રવ્ય જુદી જુદી સીકયોરીટી, સરકારી લોન તેમજ સોના ચાંદીમાં તેમજ બીજી રીતે વ્યાજ વધે તેમ રોકવામાં આવે છે અને દેવદ્રવ્યના ટ્રસ્ટીઓનું લક્ષ્ય આ દ્રવ્યને બને તેટલું વધારવા પાછળ જ હોય છે. આવી રીતે રોકાયેલું દેવદ્રવ્ય ઘણી વખત ડુબી જાય છે અથવા તો ખવાઇ જાય છે, પણ તેમાંથી સમાજહિતપોષક કશું પણ કાર્ય થઇ શકતું નથી.

દેવદ્રવ્યનો સંગ્રહ કરવાની મનોદશા ધરાવતા વર્ગે ઉપર જણાવેલ બીલ ઉપરથી ખુબ ધડો લેવાની જરૂર છે. તેમણે સમજી લેવાની જરૂર છે કે આવો નિરર્થક સંગ્રહ નથી આગામી કોઇ રાજ્યવ્યવસ્થા સહી શકવાની કે નથી આગામી કોઇ સમાજરચના ટકવા દેવાની. જો તમે એ દ્રવ્યના સદુપયોગના માર્ગો વહેતા નહિ કરો તો એ સમય બહુ જલ્દિથી ચાલ્યો આવે છે કે જ્યારે સમાજ અથવા તો રાજ્ય તમારા દેવદ્રવ્યના ભંડારો ઝૂંટવી લેશે અને પોતાને ફાવશે તેવો તેનો ઉપયોગ કરશે. માટે સંઘ અને સમાજના અગ્રેસરો વખતસર ચેતે અને દેવભંડારો સ્વેચ્છાથી સમાજ ઉપયોગ માટે ખુલ્લા કરે.

કોલ્હાપુરનું દેવસ્થાન બીલ અનેક દૃષ્ટિબિંદુઓથી વાંધા પડતું છે. સાંપ્રદાયિક સંસ્થાઓ ઉપર કોઇ પણ રાજ્યનો આવો હસ્તક્ષેપ કોઇ પણ રીતે સ્વીકારી શકાય જ નહિ. આમ છતાં પણ દેવસ્થાનકમાં એકઠા થતા દ્રવ્યના ઉપયોગ સંબંધમાં આજે નહિ તો આવતી કાલે

ચોક્કસ નિયમન કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. તે કાં તો સમાજ પોતે કરે અને દેવદ્રવ્યના રક્ષકોને ફરજ પાડે, અથવા તો રાજ્ય કરે. મંદિરના નિભાવ માટે જરૂરી દ્રવ્ય રાખીને બાકીના દ્રવ્યને લોકકલ્યાણકારી કાર્યો માટે મોકળું કરવું જ જોઈએ. દેવદ્રવ્યનો સાર્વજનિક કશો પણ ઉપયોગ થઇ ન શકે એ જૈનસમાજમાં લાંબા કાળથી ચાલી આવતી પ્રથા છે અને તેને શાસ્ત્રના અનેક ઉલ્લેખોનો ટેકો છે. જે સમાજમાં સમજણ, વિવેક અને દીર્ઘદૃષ્ટિ હોય તે સમાજ તો નિરૂપયોગી પ્રથાને કોઇ દિવસ વળગી રહેવાનું પસંદ ન જ કરે. પણ જ્યાં પ્રથાની જડ બહુ જ ઉંડી ઉતરેલી હોય અને જ્યાં ધર્માચાર્યો દેશકાળ પરત્વે કેવળ વિચારબધિર હોય ત્યાં આખરે રાજ્યનું અનુશાસન જ ચાલુ પ્રથાનું મૂળ છેદવા સમર્થ બને છે અને સમાજને નવા રાહ ઉપર લઇ જઇ શકે છે. આજે કોલ્હાપુરનો કાયદો જે સ્વરૂપમાં આવ્યો છે તે સ્વરૂપમાં જરૂર વિરોધ કરવા યોગ્ય છે. પણ જો સમાજ અને તેના આગેવાનો પ્રથાજડ બની દેવદ્રવ્યનો જનકલ્યાણના માર્ગે વહેતું કરવામાં મંદતા જ દાખવ્યા કરશે તો આવા જ કાયદાઓ આવતી કાલે આવકારદાયક બનવાના છે એ સૌ કોઈ સમજી લે. આવા કાયદાઓ થતા અટકાવવાનો માર્ગ પણ એક જ છે કે દેવદ્રવ્યને લોક સંગ્રહાર્થે છુટું કરવું, મંદિરો અને મૂર્તિઓનો ભાર હળવો કરવો અને સમાજને વિવિધ પ્રકારે સંવર્ધિત કરવી. જેઓ આ સમજશે તેઓ જ દેવદ્રવ્યને બચાવી શકશે. બીજાઓના હાથમાં છતાં એ દ્રવ્ય ગયેલું જ છે, ગયેલું જ છે.

## સત્યાર્થપ્રકાશ ઉપર સીંધ સરકારનો પ્રતિબંધ

સત્યાર્થપ્રકાશ સ્વામી દયાનંદ સરસ્વતીએ રચેલો ધર્મગ્રંથ છે. સ્વામી દયાનંદ આધુનિક કાળના એક પ્રખર ધર્મપુરૂષ હતા. તેઓ નૈષ્ટિક બ્રહ્મચારી હતા, સંન્યાસી હતા તેમ જ નિડરતાની મૂર્તિ હતા. તેમના દિલમાં દેશદાઝ પણ પારવિનાની ભરી હતી. હિંદુજનતાની મૂર્તિપૂજા વિષયક ઘેલછા તેમને ખુબજ સાલતી હતી. હિંદુધર્મના તેઓ પરમ ઉધ્ધારક હતા. આર્યસમાજના તેઓ સંસ્થાપક હતા. તેમણે રચેલ સત્યાર્થપ્રકાશના ચૌદમા ઉલ્લાસમાં જેમ અન્ય ધર્મોની તેમ જ ઇસ્લામી ધર્મ સંબંધમાં કેટલીક ટીકા આવે છે. તેમની શૈલિ હિંદુ અથવા તો આર્ય ધર્મનું મંડન કરવાની તેમજ અન્ય ધર્મોનું ખંડન કરવાની હતી. તે મુજબ તેમણે જેમ અન્યધર્મોનું તેમજ મુસલમાનોના ધર્મનુ ઉપર જણાવેલ ગ્રંથના ચૌદમાં ઉલ્લાસમાં પોતાની સ્વાભાવિક કાંઇક ઉગ્ર ભાષામાં ખંડન કર્યું છે. આ પુસ્તક પ્રગટ થયાને આજે સાઠ વર્ષ થવા આવ્યા. જેવી રીતે શિખો ગ્રંથ સાહેબને, ખ્રીસ્તીઓ બાઈબલને, મુસલમાનો કુરાનને, બ્રાહ્મણો વેદને તેમજ જૈનો આગમને પ્રમાણભૂત ધર્મગ્રંથ તરીકે સ્વીકારે છે તેવીજ રીતે દેશ ભરમાં પથરાયલા આર્યસમાજીઓ તેમજ સંખ્યાબંધ હિંદુઓ આ સત્યાર્થપ્રકાશ પ્રત્યે અત્યન્ત ભક્તિ અને આદરથી જુએ છે. આ ગ્રંથના ચૌદમા ઉલ્લાસમાં મુસલમાન ધર્મવિષે કેટલાક વાંધા પડતા ઉલ્લેખો છે એ બહાના હેઠળ તે ઉલ્લાસના પ્રકાશન કે પ્રચાર સામે સીંધની મુસ્લીમ લીગની સરકારે પ્રતિબંધ મૂકયો છે અને આવા વિચિત્ર પ્રતિબંધથી સમસ્ત હિંદુજનતામાં અસાધારણ ખળભળાટ અને રોષ પેદા થયો છે.

સાઠ વર્ષ સુધી જે ગ્રંથ સામે કોઇએ વાંધો ન ઉઠાવ્યો તે સામે ચાર દિવસના ચાંદરણા જેવી જરા જેટલી રાજસત્તા મળી છે તેના જોરે સીંધની સરકાર પ્રતિબંધ જાહેર કરે એ ધૃષ્ટતાની ખરેખર પરાકાષ્ટા છે. પ્રત્યેક ધર્મસાહિત્યમાં સ્વધર્મનું મંડન અને પરધર્મોનું ખંડન ભરેલું જ હોય છે. આ ખંડન સૌમ્ય પણ હોય છે અને ઉગ્ર પણ હોય છે; જેવી લેખકોની મનોદશા તેવી ખંડનની ભાત હોય છે. આમ સર્વત્ર જોવામાં આવે છે. આ ઉપરથી કોઇ પણ અમુક ધર્મગ્રંથ કે ધર્મપુસ્તક ઉપર કદિ પ્રતિબંધ મુકાયો આજ સુધીમાં કદિ સાંભળ્યો નથી. જો આવા પ્રતિબંધની પરંપરા શરૂ થાય તો પાર વિનાનું ધાર્મિક સાહિત્ય પ્રતિબંધિત કરવું પડે અને લોકોની એદીલી ઘટવાને બદલે અનેકગણી વધી પડે. વસ્તુતઃ ધાર્મિક સાહિત્ય તે તે ધર્મના અનુયાયી વર્ગની બહાર ભાગ્યેજ ફેલાવા પામે છે અને તેથી અન્ય સાહિત્ય વિષે આ બાબતમાં જેવી કાળજી અને ચોકીની જરૂર રહે છે તેવી ચોકી ધાર્મિક કોટિના લેખાતા સાહિત્ય માટે આવશ્યક મનાતી નથી.

આમાં પણ આજ સુધી નિરૂપદ્રવી મનાતા સત્યાર્થપ્રકાશ ઉપર સીંધ સરકારે મુકેલા અંકુશની જરૂરિયાત કેમ ઉભી થઇ તે કલ્પનામાં જ આવતું નથી. સંભવ છે કે સત્યાર્થ પ્રકાશમાંના કોઇ કોઇ ઉલ્લેખો વાંચીને કોઇ મુસલમાન ભાઇઓનું દિલ દુખાયું હોય. પણ આવું તો પ્રત્યેક ધર્મના સાહિત્યમાંથી મળવાનું છે. આટલા જ કારણે આવો પ્રતિબંધ આવા મહત્વના ગ્રંથ ઉપર મૂકવામાં આવે તેમાં નથી ન્યાય, નીતિ કે ડહાપણ.

સીંધની સરકાર મુસ્લીમલીગના આશ્રય નીચે યોજાયલી છે. જો આજે બનતો બનાવ ભવિષ્યની ઘટનાની કાંઇક આગાહી આપતો હોય તો સીંધ સરકારનું આ પગલું ભવિષ્યના પાકીસ્તાનની કાંઇક ઝાંખી કરાવે છે અને પોતાની નીચે રહેલા લઘુમતી વર્ગો સાથે કેવો વર્તાવ કરવામાં આવશે તેનું કાંઇક સૂચન આપે છે. સત્તાના મદમાં ભરાયલા આ પગલાએ કલ્પનાગત પાકીસ્તાનને વધારે અળખામણું અને ઘૃણાપાત્ર બનાવ્યું છે.

સીંધ સરકારના આ પગલાને આજે ચોતરફથી વખોડી નાંખવામાં આવ્યું છે. આ પગલામાં હિંદુ ધર્મ અને હિંદુ જનતાનું ભારેમાં ભારે અપમાન રહેલું છે અને તેથી જૈન જૈનેતર સૌ કોઇ હિંદુ બહેનો તેમ જ ભાઇઓએ આ બાબતને લગતો પોતાનો રોષ સખ્ત રીતે અને સચોટપણે પ્રગટ કરવો જોઇએ અને આ ઘોર અન્યાયભર્યું પગલું પાછું ખેંચી લેવા સીંધ સરકારને ફરજ પાડવી જોઇએ.

## આબુ ઉપર કતલખાનું?

શિરોહી રાજ્યે આબુ પર્વત ઉપરની અમુક જમીન સરકારને અમુક સરતો સાથે પટ્ટાથી આપેલી છે. આ સરતોમાં એક એક એવી સરત છે કે આ સ્થળે ગોવધ થઇ શકશે નહિ. વિશેષમાં એમ પણ સાંભળવામાં આવ્યું છે કે આ તીર્થસ્થાન ઉપર મ્યુનીસીપાલીટીની હદમાં સરકાર એક કતલખાનું ઉભું કરવા ધારે છે. આબુ જૈનોનું એક મહાન તીર્થ સ્થાન છે એટલું જ નહિ પણ અન્ય સંપ્રદાયનાં પણ ત્યાં અનેક વિશિષ્ટ દેવસ્થાનો આવેલાં છે. આબુ પ્રત્યે સૈકાઓથી સમસ્ત હિંદુ જનતા અતિશય આદર અને ભક્તિભાવ ધરાવતી આવી છે. આવા સ્થળ ઉપર કતલખાનું ઉભું થવાની કલ્પના પણ આપણા હૃદયને સખ્ત આઘાત પહોંચાડે છે. ઘણાં વર્ષો પહેલાં સમેત શિખરના પહાડ ઉપર આવી કોઇ કારખાનાની યોજના સરકાર તરફથી વિચારવામાં આવેલી પણ પછી જૈન સમાજમાં આ બાબત વિષે અસાધારણ ક્ષોભ ઉભો થવાથી સરકારે એ યોજના પડતી મુકેલી. થોડા સમય પહેલાં ઘાટકોપરમાં આવું જ એક કતલખાનું શરૂ કરવાનો સરકારનો વિચાર હતો અને તે માટે મકાન પણ લગભગ તૈયાર થયેલું પણ મુંબઇની જનતાએ તે સામે સખ્ત વિરોધ ઉપસ્થિત કરેલો અને પરિણામે એ વિચાર સરકારને પડતો મુકવો પડયો હતો. આવી જ રીતે આબુ જેવા પવિત્ર સ્થળ ઉપર સરકારનો આવો કોઇ વિચાર હોય તો તે પડતો મુકાવો જોઇએ. આ બાબતનું ઉગ્ર આન્દોલન ચોતરફથી ઉભું કરવાની જરૂર છે. કમનસીબે આ દેશમાં અંગ્રેજ સરકાર દોઢસો વર્ષથી રાજ્ય કરે છે પણ આ પ્રશ્નના સંબંધમાં કે ગોવધના સંબંધમાં ખાસ કરીને હિંદુ પ્રજાના દિલમાં કેટલી તીવ્ર લાગણી છે તેનું આ સરકારને કશું ભાન જ નથી. જરૂરિયાત મુજબ જેમ બે ફેકટરીઓ ઉભી કરવામાં આવે છે તેમજ જરૂર જણાતાં ઠીક પડે ત્યાં કતલખાનું પણ ઉભું થઇ શકે છે એમ આ પરદેશી સરકાર માનતી લાગે છે. આ ઉપરાંત ગોવધ સંબંધે જો સરકારને હિંદુ પ્રજાની કેવી લાગણી છે તેનું ભાન હોત એટલું જ નહિ પણ હિંદી અર્થરચનામાં ગોધનને કેટલું અસાધારણ મહત્વનું સ્થાન છે એનો આ સરકારને લેશ માત્ર ખ્યાલ હત તો આજે

લશ્કરી જરૂરીયાતના કારણે સંખ્યાબંધ દુધાળા ઢોરોની ઠેક ઠેકાણે જે કતલ ચાલી રહી છે તે કદિ સંભવતે જ નહિ. ચોખા ઉપર નિભર રહેલી પ્રજાને ઘઉં બાજરી ખાવાની ફરજ પાડી શકાય છે પણ કમનશીબે લશ્કરી સીપાઇઓને બીજો કોઈ વિકલ્પ સુચવી શકાતો જ નથી.

આબુનો પહાડ તો આખરે શિરોહી રાજ્યની હકુમત નીચે છે. શિરોહી રાજ્ય હિંદુ રાજ્ય છે અને ત્યાંના રાજાની પણ ફરજ છે કે પોતાની હકુમત નીચે આવેલા આવા પવિત્ર તીર્થસ્થાન ઉપર આવો કશો પણ અનર્થ થવા ન પામે. આ બાબતમાં શિરોહી રાજ્ય ઉપર ત્યાંની પ્રજાએ ખુબ દબાણ લાવવું જોઇએ અને તે ઉપરાંત હિંદુ સમાજના સર્વ વર્ગોએ અને ખાસ કરીને જૈન સમાજે આ બાબતમાં પોતાનો સખ્તમાં સખ્ત વિરોધ દાખવવામાં જરા પણ શિથિલતા દાખવવી ન જોઇએ.

## શ્રમણબેલગોડા અને માઈસોર રાજ્ય

માઇસોર રાજ્યમાં શ્રમણબેલગોડા નામનું એક ભવ્ય જૈન તીર્થ છે. આ તીર્થ સ્થાનમાં આવેલી ગોમટેશ્વરની ભવ્ય પ્રતિમા આજના જગતનું એક અદ્દભુત આશ્ચર્ય છે. આ તીર્થસ્થાનને દિગંબર સમાજ સૌથી વધારે મહત્ત્વ આપે છે. દર દશ વર્ષે ત્યાં મહાબિષેક કરવામાં આવે છે ત્યારે સંખ્યાબંધ દિગંબર ભાઇ બહેનો ત્યાં યાત્રાર્થે જાય છે અને આ પ્રસંગે ત્યાંના તીર્થસ્થાનને બહુ સરી આવક થાય છે. આવો જ સમારંભ બે વર્ષ પહેલાં ત્યાં ઉજવાયો હતો અને તે વખતે બહુ મોટી આવક જમા થઇ હતી. આ બાબત તરફ માઇસોર રાજ્યનું લક્ષ્ય ખેંચાતાં તે રાજ્ય તરફથી કેટલાક સમય પહેલાં એવી મતલબનો હુકમ કાઢવામાં આવ્યો છે કે ઉપર જણાવેલ મહાબિષેક પ્રસંગે થયેલી આવક પ્રસ્તુત તીર્થ રાજ્યની હદમાં હોવાથી રાજ્યની ગણાશે અને તેની સારસંભાળ રાજ્યના અધિકારીઓ રાખશે અને તે ઉત્પન્ન થયેલ રકમ ખરચવા સંબંધમાં રાજ્ય સર્વ સત્તા ધરાવશે. દિગંબર સમાજના આગેવાનો આ બાબતમાં લડત ચલાવી રહ્યા છે પણ એ સંબંધમાં હજુ કશો નીકાલ આવ્યો નથી.

તીર્થસ્થાનની આવક ઉપર રાજ્યની આવી કુદૃષ્ટિનો આ કંઇ પહેલો બનાવ નથી. કેશરીયાજી પરત્વે ઉદેપુર રાજ્યના સંબંધમાં લગભગ આવી જ સ્થિતિ છે. પાલીતાણા રાજ્યને મુંડકા પેટે દર વર્ષે રૂા. ૫૮૦૦૦ આણંદજી કલ્યાણજીની પેઢી આપે છે તે પણ આખરે તો યાત્રાળુઓ દ્વારા થતી આવકમાંથી જ અપાય છે. કોઈ અમુક તીર્થ સ્થાનમાં જે સંપ્રદાયના લોકો તરફથી જે કાંઇ આવક થતી હોય તે આવક ઉપર તે સંપ્રદાયના લોકોનો અને તે તીર્થનો જ હક્ક હોઇ શકે અને તે આવક તે તીર્થના નિભાવ, અને વિકાસ પાછળ તેમ જ તે સંપ્રદાયની જરૂરિયાતો તથા ઉત્કર્ષ પાછળ જ ખર્ચાવી જોઇએ. અમુક રાજ્યમાં અમુક તીર્થ આવ્યું એટલા ખાતર એ રાજ્ય એ તીર્થની આવકમાં ભાગ પડાવે એની પાછળ બળીયાના બે ભાગ સિવાય બીજી કોઇ નીતિ જોવામાં આવતી નથી. આમેય તે અનેક યાત્રાળુઓના ગમનાગમનને લીધે તે રાજ્ય તેમ જ પ્રજાને અનેક પ્રકારની આવક હોય જ છે. આ સિવાય ભોળા ભાવે કેવળ ધર્મશ્રદ્ધાથી જે નાણું તીર્થસ્થાનમાં ધરવામાં આવે તે સામે કોઇ પણ પ્રકારનો રાજ્ય હક્ક કરી શકે જ નહિ. માઇસોરની સરકાર ઉદાર અને ન્યાયપ્રિય હોવાનું કહેવાય છે. તેને આવી દુર્બુદ્ધિ ક્યાંથી સુઝી હશે તે કલ્પનામાં આવતું નથી. આશા રાખીએ કે માઇસોર મહારાજા આવું અન્યાયભર્યું પગલું પાછું ખેંચી લેવામાં વિલંબ નહિ કરે!

## વીરમગામની વૈતરણી

વીરમગામ મારફત કચ્છ કાઠિયાવાડ જતા આવતા લોકોને જગાત તપાસના કારણે ભોગવવી પડતી વર્ષો જુની હાડમારીઓમાં કેટલાક સમયથી અખત્યાર કરવામાં આવેલી દાણ તપાસની નવી પદ્ધતિને લીધે પાર વિનાનો વધારો થયો છે. આ બાબતનો પોકાર છાપાઓ દ્વારા તેમજ લોકસભાઓ દ્વારા ઠેર ઠેર સંભળાઇ રહ્યો છે. એક તો યુદ્ધના કારણે પ્રવાસ વધ્યો અને ટ્રેનો ઓછી થઇ. તેથી રેલ્વેમાં જગ્યા મેળવવાની અસાધારણ અગવડો તો સૌ કોઇને ભોગવવી પડતી જ હતી. તેમાં ટ્રેનના ડબ્બાઓ કલાક કલાક સુધી બંધ રહે, બધા જ મુસાફરોને ઉભી કરવામાં આવેલી માત્ર ત્રણ બારીઓમાંથી પસાર થવું પડે, મજુરીના અતિશય ભારે દર ભરવા પડે, અને આમ કરતાં પણ કેટલાક મુસાફરો એમના એમ સ્ટેશન ઉપર રહી જાય. બહેનો તેમ બાળબચ્ચાંઓની હેરાનગતીનો કોઇ છેડો જ નહિ. પાર વિનાની ભીડ અને ધક્કાધક્કીમાંથી સૌએ પોતાનો માર્ગ કરવાનો. પોલીસ ગુંડાગીરીને પણ પુષ્કળ અવકાશ મળે. આપણી કલ્પનામાં ન આવે એવી યાતનાઓથી ભરેલી ઘટનાઓ આજે વીરમગામની જતી આવતી ટ્રેનોના વખતે હરહંમેશ બની રહી છે.

આ બધું શેના માટે અને કોના વાંકે? કચ્છ કાઠિયાવાડના દેશી રાજ્યોના બંદરો સંબંધમાં સરકાર અને દેશી રાજાઓ વચ્ચે કેટલાક મતભેદો ચાલે છે અને તેનું કશું સમાધાન થઇ શકતું નથી. દેશી રાજ્યના બંદરો ઉપર સરકાર સંપૂર્ણ સ્વામિત્વ માંગે છે અને રાજાઓ તે માંગણી મંજુર કરતા નથી. આવાં કેટલાંક કારણો વીરમગામની નરકબારીઓના બચાવ રૂપે જણાવવામાં આવે છે. બંદરોની આંટીઘુંટીમાં આપણે બહુ સમજતા નથી. તે સંબંધમાં સરકાર અને દેશી રાજાઓ ઠીક પડે તેમ કરે પણ તેમાં બીચારી ગરીબ પ્રજા ઉપર આવો જુલમ શા માટે લાદવામાં આવે છે તે સમજાતું નથી. એમ કહેવામાં આવે છે કે યુરોપમાં પણ એક રાજ્યની સરહદમાંથી બીજા રાજ્યની સરહદમાં જવાનું હોય ત્યારે આવી જ તપાસમાંથી સૌ કોઇને પસાર થવું પડે છે. પણ આપણે ત્યાં એક બાજુ કચ્છ કાઠિયાવાડ અને બીજી બાજુ સરકારી હિંદ એમ પરસ્પર ભિન્ન કોટિના કોઇ સ્વાધીન અને સ્વતંત્ર રાજ્યો નથી. બન્ને વિભાગો ઉપર સર્વભૌમ સત્તાનું એક સરખું જ વર્ચસ્વ અને સ્વામિત્વ વર્તે છે. આમ છતાં પણ અમુક દેશી રાજાઓ ઉપરની દાઝને લીધે સરકારે કચ્છ કાઠિયાવાડને પાકીસ્તાન જેવા અલગ પ્રદેશો બનાવી દીધા છે અને ત્યાંથી જતા આવતા લોકો માટે વીરમગામની વૈતરણી ઉભી કરી છે.

કોઈ પણ દેશની પ્રજા આવો ત્રાસ કોઇ કાળે સહન કરેજ નહિ. પણ હિંદુસ્થાનની અને તેમાં પણ દેશી રાજ્યની પ્રજાની સહનશક્તિને કોઇ સીમા નથી એમ સરકાર માનતી લાગે છે અને તેથી આટલી બધી ત્રાસ ભરી લાઇનદોરી પ્રજાના માથે ઠોકી બેસાડવાની હિંમત ધરે છે. લાઇનદોરીની કનડગત વર્ષોજુની છે. તેમાં પણ નવી પદ્ધતિએ જુની કનડગત અને ત્રાસને ભુલાવી દીધા છે. આ બાબતમાં દેશી રાજાઓ અવાજ સરખો ઉઠાવતા નથી કે અમારી પ્રજા ઉપર આ શો જુલમ? પ્રજાનો અવાજ આજના સર્વદમન રાજ્યવહીવટમાં અરણ્યરૂદન જેવો બની ગયો છે. નીતિ, ન્યાય અને દક્ષતા માંગે છે કે જેનો જોટો શોધ્યો જડે તેમ નથી એવી આ લાઇનદોરીનો મૂળમાંથી ઉચ્છેદ થવોજ જોઇએ. પ્રજાની સહનશક્તિની હદ આવી રહી છે. આજે આ સંબંધમાં ઉઠી રહેલ શોરબકોરથી સરકારની આંખ નહિ ઉઘડે તો સરકારે સમજી લેવું જોઇએ કે સરકારને આજે બને ત્યાં સુધી મુંઝવવી નહિ એ મર્યાદાને વળગી રહીને ચાલતી વિરોધી હીલચાલ વિકૃત સ્વરૂપને ધારણ કરશે અને દેશની અન્તર્ગત શાન્તિ જોખમમાં મુકાશે. આપણે આશા રાખીએ કે આ બાબતના તીવ્ર પ્રજામતની સરકાર લાંબો સમય ઉપેક્ષા નહિ કરે અને વીરમગામની લાઇનદોરી કદાચ એકાએક ઉપાડી ન લે તો પણ એનો અમલ એકદમ હળવો બનાવવામાં જરા પણ વિલંબ નહિ કરે.

## કસ્તુરબા સ્મારક ફંડનું ટ્રસ્ટડીડ

છેલ્લા ચાર વર્ષમાં હિંદી પ્રજા ખુબ ગૌરવ લઇ શકે એવો કોઇ પણ એક બનાવ બન્યો હોય તો તે લગભગ એક કરોડ અને બાવીશ લાખ સુધી પહોંચેલ કસ્તુરબા સ્મારક ફાળો છે એમ જો આપણે કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ છે જ નહિ. આ

ડનું ટ્રસ્ટડીડ થઇ ગયું છે અને આ ફંડના ઉપયોગની ક્ષેત્ર મર્યા
કકી કરવામાં આવી છે. મજકુર ફંડના આજીવન હોલ્ડીંગ ટ્રસ્ટીઓનાં
ામ નીચે મુજબ છે.

ર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ (મુંબઇ) શેઠ ઘનશ્યામદાસ બીરલા (દીલ્હી)
ી. જે. આર. ડી. ટાટા (મુંબઇ) શેઠ શાન્તિકુમાર મોરારજી (મુંબઇ)
ોઠ અંબાલાલ સારાભાઇ (અમદાવાદ) શેઠ કસ્તુરભાઇ લાલભાઇ (અમદાવાદ)

ટ્રસ્ટનાં ફંડો, રોકાણો તેમજ મીલ્કતો આ ટ્રસ્ટીઓનો નામ
ઉપર જ રહેશે.

આ ઉપરાંત બીજા ટ્રસ્ટીઓનાં નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| | શ્રી. જાનકીદેવી બજાજ |
| મહાત્મા ગાંધી | શ્રી. આશાદેવી આર્યનાયકમ |
| સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્ | શ્રી. મૃદુલાબહેન સારાભાઇ |
| ડૉ. કે. એન. કટ્જુ | શ્રી. રહીનાબહેન તૈયબજી |
| લેડી પ્રેમલીલા વીઠ્ઠલદાસ ઠાકરશી | શ્રી. જી. વી. માવલંકર |
| શ્રી. કે. એમ. મુનશી | શ્રી. ગોશીબહેન કેપ્ટન |
| શ્રી. દેવદાસ ગાંધી | શ્રી. મંગળદાસ પક્વાસા |
| શ્રી. સી. રાજગોપાલાચાર્ય | શ્રી. એસ. જે. કટ્જુ |
| શ્રી. સરોજિની નાઇડુ | બાબુ લક્ષ્મીનારાયણ |
| ડૉ. ઝકીર હુસેન | શ્રી. ગુલઝારીલાલ નંદા |
| શ્રી. અમૃતલાલ વી. ઠક્કર | |

આ ફંડની કાર્યવાહક સમિતિ નીચેના સભ્યોની નક્કી કરવામાં
આવી છે.

| | | |
|---|---|---|
| મહાત્મા ગાંધી | પ્રમુખ | શ્રી. દેવદાસ ગાંધી |
| સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ | ઉપપ્રમુખ | શ્રી. જી. વી. માવલંકર |
| શ્રી. અમૃતલાલ વી. ઠક્કર | મંત્રી | શ્રી. મૃદુલાબહેન સારાભાઇ |
| | | શ્રી. આશાદેવી આર્યનાયકમ |
| શ્રી. એસ. કે. જાજુ | | |

આ ટ્રસ્ટના હેતુઓ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા છે.
હિંદના ગામડાંઓમાં રહેતી ગરીબ અને મદદની જરૂરિયાત
ધરાવતી બહેનો અને બાળકોનું કલ્યાણ થાય અને તેમની સ્થિતિ
સુધરે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી અને આગળ ધપાવવી.
ગામડાંની સ્ત્રીઓ તેમજ બાળકો માટે ઇસ્પીતાલ, દવાખાનાં, સુવા-
વડખાનાં, બાલહિતવર્ધક કેન્દ્રો તથા આરોગ્યભુવનો ખોલવા તેમજ બહેનો
તથા બાળકો માટે હિંદના ગામડાંઓમાં આશ્રયસ્થાનો ઉઘાડવાં. ગામડાંની
બહેનો તેમજ બાળકોને આરોગ્યવર્ધક અને સ્વચ્છતાપોષક સગવડો
આપવી તેમ આવતા દર્દોની અટકાયત કરનારા ઉપાયો હાથ ધરવા.
ઉપર જણાવેલ પ્રવૃત્તિઓનો અમલ કરવા માટે બહેનોને જરૂરી
તાલીમ આપવી અને સ્થળે સ્થળે સ્ત્રીકાર્યકર્તાઓ ઉભી કરવી.
ઉપર જણાવેલ હેતુઓ બર લાવતી દેશની સંસ્થાઓને ગ્રાન્ટ
આપીને તેમજ એક સાથે રકમ આપીને મદદ કરવી તેમજ વિકસાવવી.
આ ટ્રસ્ટડીડ નીચે એકત્ર થયેલી અને હવે પછી એકત્ર થતી
રકમોની નીચે મુજબ વહેંચણી કરવામાં આવશે.
આખા ફંડમાંથી ૨૫ ટકા મધ્યસ્થ ફંડને સુપ્રત કરવામાં આવશે
અને તેનો હિંદુસ્થાનના કોઇ પણ ગ્રામ વિભાગોમાં ઉપયોગ કરી શકાશે.
બાકીના ૭૫ ટકા જે પ્રાન્તમાંથી જેટલી રકમ એકઠી થઇ હશે તેના
પ્રમાણમાં તે તે પ્રાન્તને સુપ્રત કરવામાં આવશે.
મોટા શહેરોમાંથી જે નાણાં એકઠાં થયાં હશે તેમાંથી ૨૫ ટકા
કરતાં પણ વધારે પ્રમાણ મધ્યસ્થ ફંડમાં જમે કરવાની ટ્રસ્ટીઓને
સત્તા રહેશે અને આ રીતે જમે થયેલ ફંડનો ઉપયોગ જે પ્રાન્તમાં
તે શહેર આવ્યું હોય તેથી ઇતર પ્રાન્તોમાં પણ થઇ શકશે.
જુદા જુદા પ્રાન્તને ૭૫ ટકા પ્રમાણે સોંપાયલી રકમમાંથી જે
કોઇ પ્રાન્તમાં તે આખી રકમનો અથવા તો તેમાંના અમુક હીસ્સાનો
ઉપયોગ થવાની શકયતા નહિ હોય અને નિરર્થક પડી રહી છે એમ
ટ્રસ્ટીઓને માલુમ પડે તે રકમ અથવા તો તે માંનો અણવપરાયલો
હીસ્સો મધ્યસ્થ ફંડને હવાલે કરવાની ટ્રસ્ટીઓને સતા રહેશે.

પરમાનંદ

# જૈન સાહિત્યસંસ્થાઓનાં ઉદ્ઘાટન

('પ્રજાબંધુ'માંથી સાભાર ઉદ્ધૃત)

તાજેતરમાં ત્રણ જૈન સંસ્થાએ એવી સ્થપાઇ છે કે જેથી જૈન
તત્ત્વજ્ઞાનના અભ્યાસ તથા પ્રાચીન જૈન સાહિત્યના સંશોધન–સંપાદનાદિને
સાચી દિશામાં વેગ મળવા પામે. પહેલી સંસ્થા 'જૈન–સંસ્કૃતિ–સંશોધન-
મંડળ' (બનારસ) છે જેના પ્રમુખ ડૉ. બૂલચંદ છે. આ સંસ્થાનો
ઉદ્દેશ જૈન તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સાંસ્કૃતિક સાહિત્યનું અન્વેષણ,
જૈન સંપ્રદાયોનો ઇતિહાસ તથા તેના પારસ્પરિક મતભેદ અને મૌલિક
એકતાના આધારે અન્વેષણ, સંશોધનાત્મક સાહિત્યનું પ્રકાશન અને એ
અન્વેષણાદિને પ્રગતિશીલ બનાવવાનો ઉચિત પ્રયત્ન કરવો એ પ્રમાણે
છે. આ ઉદ્દેશની સિદ્ધિ અર્થે તેણે પ્રારંભમાં જૈનાગમોના પ્રામાણિત
સંપાદન પ્રકાશનનું કાર્ય શરૂ કર્યું છે. તે ઉપરાંત સન્મતિસાહિત્યમાળા
તેણે આરંભી છે જેમાં જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્તોનું નૂતન નિરૂપણ,
જૈન સંસ્કૃતિ તથા સાહિત્યનો ઇતિહાસ અને તીર્થંકરો, આચાર્યો તથા
તેમના અનુયાયીઓનાં ઐતીહાસિક ચરિત્રલેખન સમાવિષ્ટ થશે. પં. શ્રી
સુખલાલજી તેની કાર્યકારિણી સમિતિમાં છે. એકંદરે એ સંસ્થા
અસાંપ્રદાયિક અથવા વિશાળ અર્થમાં કહેતાં જૈન સંસ્કૃતિપ્રચારક
સંસ્થા બની છે. બીજી સંસ્થા 'શ્રી જિનાગમ પ્રકાશિની સંસદ'
(પાટણ) છે જે હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમદિરને અંગે સ્થપાઇ છે.
હૈમસારસ્વત સત્ર પ્રસંગે સ્થપાયલા જ્ઞાનમંદિર અંગેની પ્રવૃત્તિ
આ રીતે આશાસ્પદ બનવા પામી છે. આ સંસ્થાનું કાર્ય મૂર્તિ-
પૂજક જૈન સાહિત્ય સંશોધન–પ્રકાશનાદિમાં પરિબદ્ધ રહેશે. એટલું
કહેવું પ્રાપ્ત થાય છે કે જૈન સૂત્રસાહિત્ય જુદી જુદી સંસ્થાઓ
દ્વારા સંશોધિત કે સંસ્કારિત બનતું રહે અને પ્રકાશિત થયા કરે તેથી
એ સંસ્થાઓની શકિત એક જ દિશામાં વપરાઇ જવા પામે છે. આગ-
મોદય સમિતિએ એ દિશામાં ઠીક કામ કર્યું છે. બીજી સંસ્થા પણ
એ જ દિશામાં કાર્ય કરે તો તેથી પહેલી સંસ્થાના કાર્યમાં રહેલી
ત્રુટિઓનું નિવારણ થાય એ ખરૂં, પરંતુ બીજી વધુ આવશ્યક દિશા-
ઓમાં થવી જોઇતી પ્રગતિ એથી કુંઠિત થવા પામે છે. બધી સંસ્થાઓ
સહકાર કરીને સૂત્રસાહિત્યની એક જ સુંદર–સંપૂર્ણ આવૃત્તિ પ્રકાશિત
કરે એ વધુ ઇષ્ટ છે, છતાં એમ ન થઇ શકતું હોય તો ઓછામાં
ઓછી ત્રુટિઓવાળા સંસ્કરણથી ચલાવી લઇને નવી સંસ્થાઓ ઇતર
અપ્રકટ સાહિત્યનું સંશોધન–પ્રકાશન હાથ ઉપર લે એ શું વધુ ઇચ્છવા-
યોગ્ય નથી? જૈન સાહિત્યના અભ્યાસ, અધ્યાપન, અને પ્રકાશનના
ઉદ્દેશવાળી એક વધુ સંસ્થા અમદાવાદમાં થોડા દિવસ પહેલાં સ્થપાયલું
'જૈન પ્રાચ્ય વિદ્યાભવન' છે અને તેનું કાર્ય બહુધા સાંપ્રદાયિક રહેશે.
આવી બધી સંસ્થાઓ પોતાની પ્રવૃત્તિવડે એક જ દિશામાંના કાર્યને
ન બેવડાવે તે વધારે ઇષ્ટ છે.

---

**ખેદજનક અવસાન:** ભાઇશ્રી અમુલખ હરગોવિંદ જેણે
સંઘના કલાર્ક તરીકે ચાર વર્ષ નોકરી કરી હતી અને ત્યારબાદ શ્રી.
અમૃતલાલ દલપતભાઇ શેઠની ચાંદીવલી એસ્ટેટને લગતા કામકાજમાં
જેઓ જોડાયા હતા તેમનું ૩૫ વર્ષની નાની ઉમ્મરે તા. ૩–૧૨–૪૪
ના રોજ અકાળ અવસાન થયું છે. બે વર્ષ પહેલાં જ તેમનું લગ્ન
થયું હતું આ કારણે તેમનું અવસાન વિશેષ દુઃખદ બને છે. સંઘનું
કામ તેમણે ઉંડા નિષ્ઠા અને કર્તવ્યપરાયણતાથી કરેલું અને સંઘના
અધિકારીઓને પોતાના કાર્યથી પુરો સંતોષ આપેલો. તેમના આત્માને
પરમાત્મા પરમ શાંતિ આપો! **મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.**

ઉપર જ સ્થળ: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨